विद्योतितप्रवलसूरिपदप्रभावः ॥ १२ ॥

सूरीश्वरःसमभिजात इह प्रसिद्ध(*)-
स्तत्पट्टपूर्वगिरिभानुसमः पृथिव्यां ।
श्रीपुण्यसागरगुरुर्वहुसिद्धमन्त्रः
शास्त्रार्थसार्थविदनुत्तरतत्त्वबोधः ॥ १३ ॥

तेषां गुरू(*)णामुपदेशमाप्य
प्रासादनिर्माणविधिः त्कृ(कृ)तोऽयं ।
यदीयशोभां बहुधा निरीक्ष्य
स्वर्वासिनो विस्मयमाप्नुवंति ॥ १४ ॥

श्रीमाघमा(*)सस्य शितौ सुपक्षे
भृगौ तृतीयादिवसे प्रतिष्ठां ।
संप्राप्तवानद्भुततत्त्व विद्धिः (?)
संभावितोत्तुंगयशःप्रकाशः ॥ १५ ॥

इतश्च-

श्रीमालवं(*)शीयविशालगोत्रः
श्रद्धालुतां श्रीजिनधर्मव(त)त्त्वे ।
सूराभिधानः किल संदधानो
निजं कुलं दीपयति स्म दीप्रः ॥ १६ ॥

तदीयवंशप्रभ(*)नाय जातः क्षेमाभिधानः खलु पुत्ररत्नं ।
यदीयधर्म(र्मा)र्थसमर्थतायाः श्लाघां तनोति स्म गुरुः सुराणाम् ॥ १७ ॥

तद्वंशमालमु(*)कुटोपमपुत्रभावं
प्राप्तः परं सुकृतसंततिसंग्रहाद्यः ।
यो राजसागरगुरोर्मुखतः प्रपेदे
धर्मप्रबोधमतुलं जयताभिधानः* ॥ १८ ॥

तस्यान्वयेऽजनि सुतोऽमयचंद्रनामा

पुत्रैश्चतुर्भिरभितः परिशोभमानः ।
जूटा-कपूर-जसराज-सुमेघजीति
सन्नाम(*)भिः प्रथितकीर्त्तिभिरद्भुतश्रीः ॥ १९ ॥
सभ्येन झूटासुतजीवनेन सन्न्यायमार्गाप्तपवित्रलक्ष्म्या ।
युग्माधिकाविंशतियु(*)ग्मसंख्याः कारापिताः स्वाकृतयो जिनानां
सत्संगतिप्रीतिधरो समृद्धो(द्धः) कर्पूरनामा वणिजां वरेण्यः ॥
पुत्रस्त(*)दीयो सियवंतसंज्ञः संवा(रा)जमानः सुकृतप्रभावैः ॥२१॥
कारापितानि विम्बानि द्विचत्वारिंशदुत्तमात् ।
सत्पुण्यशालिना नि(*)त्यं जयवंतेन धीमता ॥ २२ ॥
प्रसिद्धिभाक्सर्वजनेषु नित्यं सन्मार्गणानां किल कल्पवृक्षः ।
वणिग्वरोऽभूज्जसराजनामा पु(*)त्रस्तदीयोऽजनि देवजीति ।.२३॥
देवजीशिशुना पुण्यशालिना सत्कलावता ।
मूलजीकेन जैनानि विंबानि निजद्र(*)व्यतः ॥ २४ ॥
द्वाविंशतिमितान्युच्चैस्तानि कारापितान्यथ ।
पादुकाः श्रीजिनेंद्राणां तथा च गुरुपादुका ॥ २५ ॥
कारा(*)पिताः संति तेन धर्मकर्मविधायिना ।
शाखसके(?) ततः साक्षात् गुरुदर्शनसत्फलाः ॥ २६ ॥
मेघजीति त्रिविधार्थको(*)शलधारयन्नगिनबुद्धिवैभवः ।
जन्मसागरतरंडसन्निभं जैनधर्मसमुपासनं व्यधात् ॥ २७ ॥
संति पुत्रास्त्रयस्तस्य(*) मोतीचंद्र इति स्फुटं ।
प्रथमोऽथ द्वितीयो सत् दानसिंहो महायशाः ॥ २८ ॥
तृतीयो धनराजाख्यस्तत्त्वज्ञानागुनार्णव(:) ।
यस्यः बुद्धिस्तरीतुल्या नित्यं सन्मति मज्जनिः ॥ २९ ॥
श्रीमोतीचंद्रसद्दानसिंहश्रीधनराजकाः ।
इमे कारापि(*)तापातुर्वान्धवा पर्पशालिनः ॥ ३० ॥

विंबान्यष्टादशयोच्चैः कान्तिकान्तानि साविनां (?)।
कामिताधिकदत्वेन कल्पद्रु(*)साधिकान्यपि ॥ २१ ॥
कारापितैर्भिर्विविधप्रकारैर्विधाय संघस्य चतुर्विधस्य।
अतुच्छवात्सल्यमुदारयुक्त्या विंबप्रति(*)ष्ठा बहुभावपूर्वं ॥२२॥
देशस्य सर्वस्य जनान् समग्रा-
नाकार्य सादरममीभिरकारि भक्तिः।
चतुर्विधाहारसुवस्त्रदानै(*)-
रानंदितांतःकरणाः कृतास्ते ॥ २३ ॥
सुविज्ञाताः सत्त्वैः शुचिबहुप्रतिष्ठार्थकथकैः।
प्रतिष्ठाया ग्रंथैः कृतपरिचयाः(*) सूरिपतयः।
मुनीनां सद्ज्ञानश्रवणरसिकानां प्रियतमाः
समाजे लेखानां भवति खलु येषां गुणकथाः ॥२४॥
गुरुभिस्तै(*)र्मुदा शास्त्रपारगैः सत्त्वसागरैः।
सूरीणां सेव्यतां यातैः सूरिभिः पुण्यसागरैः ॥ २५ ॥
वस्वंबैकार्द्धशशिसंमितवत्सरे श्री(*)-
मत्फा(ल्गु)ने प्रवरमासि वलक्षपक्षे।
शुक्रे सदा विजयदेवरेवतिभे
लग्ने वृषे वहति मंगलमालिकाढ्ये ॥ २६(*) ॥
द्वितीयायां तिथौ जैनविंबानां सुप्रतिष्ठिता।
प्रतिष्ठा विहिता न्यासध्यानमुद्रापुरस्सरं ॥ २७ ॥
श्रीमतः शां(*)तिनाथस्य चैत्ये सर्वाण्यपि श्रिये।
स्थापितानि जिनेशानां विंबानि विधिपूर्वकम् ॥ २८ ॥
आचन्द्रार्कमिमाश्चि(*)रं चिरतरं जीयासुरुल्लासदाः
श्रीजैनेश्वरमूर्त्तयो मतिमतां मिथ्यात्वविध्वंसकाः।

यत्रोद्योतितदिङ्मु(*)खाः खलु इमा तिष्ठंति सोऽपि स्वयं
   प्रासादः स्थिरतां भजत्वभिमतां स्वर्णाद्रिवत्सर्वदा ॥ ३९ ॥
धात्रीतले धन्य(*) तमं गुणानामानन्दकृत् राधननामधेयं ।
पुरं सदा यत्र जिनधर्मो राज्यं चकारीदतनुश्चकार ॥४०(*)॥
      पुण्यसागरसूरीणां शिष्यैरमृतसागरैः ।
      कृता प्रशस्तिः शस्तेयं चिरंसन्तसर्वमंगला । श्रियः सं०

(४६१)

(1) गुलचाणाक्य ॥ द० ॥ महं० विजयेन स्वजायासहु-
   डादेव्याः मूर्ति
(2) ॥ भ्रातृ–मदन । सल्पणसीह । देवसीह प्रभृ० संपत्रिका-
(3) नां मूर्तिसहिता स्वीया मूर्ति कारिता ॥ शिवमस्तु ॥
   सं. १३०९ ।

(४६२)

(1) ॥ द० ॥ ठ० विजकुयेन स्वपितुः महं० श्रीराणिगदेवस्य
   मूर्ति भ्रा—
(2) ॥ ठ० ठ० अजयसीह । सोम । संग्रामसीह । प्रभृति सक-
   लभ्रातॄणां मूर्तयः
(3) ॥ तथा ठ० स्वणादेव्याः मूर्तिश्च कारयांचक्रे ॥ शिव-
   मस्तु ॥ सं. १३०९ । स्वश्रेयसे ॥

(४६३)

   श्रीब्रह्माणगच्छे श्रीजसोभद्रसूरिभिः स्वपितुर्देव-
नागस्य श्रेयसे मन्दिरादि...कारितः
सं. ११२४ ।

(४६४)

सं. ११२४ श्रीब्रह्माणगच्छे श्रीजसोभद्राचार्यो जसोवर्द्धनवैरसिंहजज्कप्रभृतैः पथरिनागदेव्यो पितृमात्रोर्निमित्त कारितेयं प्रतिमा ।

(४६५)

ई० ॥ संवद् १३१६ वर्षे वैशाख वदि..................
श्रीब्रह्माणगच्छे श्रीमालज्ञातीय रांतयजग्रामवास्तव्यश्रेष्ठिराजडसुत व्यव० लखमाश्रेयोर्थं सुत० हरिपालेन श्रीमहावीरदेवस्य बिंबं कारितं॥ प्रतिष्ठितं श्रीविमलसूरिभिः। भद्रं भवतु॥

(४६६)

९ संवत् ११५७ वैशाख सुदि १० श्रीथारापद्रीयगच्छे श्रीशालिभद्रसूरौ सुभद्रासुतया ठ० रघुकया स्वात्मदुहितुः सूहवायाः श्र (श्रे)योर्थं रांतइजस्थ ॥ छ ॥ श्रीसुपार्श्वदेवबिंबं कारितमिति ॥

(४६७)

९ संवत् ११५७ वैशाख सुदि १० श्रीथारापद्रीयगच्छे श्रीशालिभद्रसूरौ..............................श्रेयोर्थं रांतइजस्थपार्श्वनाथबिंबं कारितमिति ॥ छ ॥

(४६८)

संवत् ११७० वर्षे वैशाख सुदि ७ श्रीब्रह्माणगच्छे श्रीशालिभद्राचार्येषु। गोवर्द्धन श्रावकेण निजजनश्रेयोर्थं..........
...........मंगलं महाश्री ॥

(४६९)

ई०॥ संवत् १३०२ वर्षे ज्येष्ठ वदि २ गुरौ सलखणपुरे श्रीशांतिनाथदेवचैत्ये पंडितश्रीरायकीर्तिश्रेयोर्थं पंडितरामच-न्द्रेण श्रीपार्श्वनाथबिंबं सपरिकरं कारितं । मंगलं महाश्रीः ॥

(४७०)

ई० सं० १३२८ चैत्र वदि [—] शनौ श्रीब्रह्माणगच्छे सलषणपुरे श्रीशांतिनाथचैत्ये श्रीजगपालश्रेयोर्थं सुतगोलाकेन श्रीसुपासबिंबं कारितं । प्रतिष्ठितं श्रीजजगसूरिभि : ॥

(४७१)

ई० ॥ संवत १३२६ वर्षे माघ वदि २ रवौ श्रीपत्तन-पटीवास्तव्य श्रीश्रीमालज्ञातीय श्रे० यशोधवलांगजपितृ श्रे० वीशलश्रेयोर्थं तत्पु० कुमरसिंहेन श्रीशांतिनाथबिंबं कारितं प्रतिष्ठितं श्रीनागेंद्रगच्छे श्रीसोमप्रभसूरिभिः ॥ ॥ मंगलं महाश्रीः ॥ ॥ ॥

(४७२)

सं० १३३० वर्षे चैत्र वदि ७ शनौ श्री ब्रह्माणगच्छे भ्रातृरत्नश्रेयोर्थं दो० पद्मेन बिंबं कारितं । प्रतिष्ठितं श्रीवीरसूरिभिः ॥

(४७३)

सं० १३४९ चैत्र वदि ६ रवौ श्रीब्रह्माणगच्छे श्री श्रीमालज्ञातीय श्रे० जगवीरेण मातृश्री — — श्रेयसे श्रीनेमिनाथबिंबं कारितं । प्रतिष्ठितं श्रीजजगसूरिभिः ॥

(४७४)

सं० १३३० चैत्र वदि ७ शनौ श्रीहारीजगच्छे व्य० उदय-पालसुत व्य० धणपालसुतजयपालेन लघुभ्रातृ पाता श्रेयोऽर्थं सलक्षणपुरे देवश्रीशांतिनाथचैत्ये श्रीमहावीरबिंबं कारितं प्रतिष्ठितं श्रीगुणभद्रसूरिशिष्येन ॥ छ ॥

(४७५)

सं० १३४७ ज्येष्ठ वदि २ श्रीब्रह्माणगच्छे श्री-श्रीमालज्ञातीय.................. श्रेयोऽर्थं .... श्रीनेमिनाथबिंबं कारितं ॥

(४७६)

९ सं० १३३० वर्षे चैत्र वदि ७ शनौ सलषणपुरे श्रीश्रीमालज्ञातीय ठ० पद्मश्रेयोर्थं सुत पाल्हणेन श्रीनमिनाथ-बिंबं कारितं प्रतिष्ठितं श्रीवीरसूरिभिः ॥

(४७७)

सं० १३५५ वर्षे वैशाख वदि........श्रीहारीजगच्छे पल्लीवालज्ञातीय श्रे० जड्ताश्रेयोऽर्थं सुत........श्रीचन्द्रप्रभबिंबं कारितं प्र० श्रीसूरिभिः ॥

(४७८)

सं० १३३० वर्षे चैत्र वदि ७ शनौ सलखणपुरे श्रीशां-तिनाथचैत्ये श्रीश्रीमालज्ञातीय श्रे० माणिकभार्या श्रे० सोनू श्रेयोऽर्थं सुत..........................श्रीसुमतिनाथबिंबं कारितं। प्रति० श्रीब्रह्माणगच्छे श्रीवयरसेणोपाध्यायमिश्रैः ॥ छ ॥

(४७९)

९० ॥ संवत् १३३० वर्षे चैत्र वदि ७ शनौ श्रीब्रह्माणगच्छे श्रीश्रीमालज्ञातीयपितृमहणसिंहभ्रातृ........श्रेयोर्थं सुतमूलदेवेन श्रीमहावीरबिंबं कारितं । प्रति० श्रीवीरसूरिभिः ॥ छ ॥

(४८०)

१ सं० १३३० वर्षे चैत्र वदि ७ शनौ श्रीब्रह्माणगच्छे श्रीश्रीमालज्ञातीयपितृश्रे० महघाभ्रातृ..............योः श्रेयोर्थं सुतमहिपतिना श्रीअरनाथबिंबं कारितं ॥ प्रतिष्ठितं श्रीजज्जुगसूरिभिः ॥

(४८१)

संवत् १३४० वर्षे श्रीब्रह्माणगच्छे मातृरूपिणीवाइ-नाइकीवाइकपूरीमालदेविपुण्यार्थं श्रीबिंबानि कारितानि प्रति० श्रीमुनिचन्द्रसूरिभिः ।

(४८२)

संवत् १३४७ वर्षे श्रीब्रह्माणगच्छे मातृ रूपिणीवाइ नाइ-किवाइ कपुरी मालदेविपुण्यार्थं बिंबचतुष्कं कारितं प्रति० श्रीमुनिचन्द्रसूरिभिः ॥

(४८३)

१ सं० १३३१ मोढज्ञातीय परी० महणाकेन निजमाता — — — जाल्हणदेवि श्रेयोऽर्थ श्रीपार्श्वनाथबिंबं कारितं ॥ प्रतिष्ठितं श्रीजाल्योधरगच्छे श्रीहरिप्रभसूरिभिः ।

(४८४)

ॐ० ॥ संवत् १३४९ वर्षे चैत्रवदि ६ रवौ मोढज्ञातीय परी० पूनासुत परी० तिहुणाकेन भ्रातृमहणाश्रेयोऽर्थं श्रीमहावीरबिंबं कारितं ॥ प्रतिष्ठितं श्रीजाल्योधरगच्छे श्रीदेवसूरिसंताने श्रीहरिभद्रसूरिशिष्यैः श्रीहरिप्रभसूरिभिः ॥शुभं भवतु॥

(४८५)

९० ॥ सं० १३३३ वैशाखसुदि ११ व्य० सोमाश्रेयोऽर्थं सुतव्य० खीमाकेन श्रीनेमिनाथबिंबं कारितं । प्रति। श्रीशीलभद्रसूरिभिः ॥

(४८६)

सं० १३३८ ज्येष्ठव २ शुक्रे ठ० वोना सु (०) सूरा वाया या (?) संसारदेव्या आत्मार्थं श्रीआदिनाथ......... ....

(४८७)

ॐ० ॥ संवत् १३०५ वर्षे वैशाखसुदि ५--मे श्रीब्रह्माणगच्छे सलक्षणपुरे श्रीशांतिनाथदेवचैत्ये महं० साम्वत श्रेयोऽर्थं सुतमहं० चाहडेन निजलघुभ्रातृमहं० अभयसिंहमहं० रतनविजयपाल जगपालसहितेन श्रीरिषभदेवबिंबं कारितं ॥ प्रतिष्ठितं श्रीवीरसूरिभिः ॥

(४८८)

सं० १३४३ वर्षे वैशाखमासे श्रीनागेन्द्रगच्छे — — कज्ञातीय ठ० पाल्हण ठ० चारिणदेवि श्रेयोऽर्थं राणसिंहेन बिंबं कारितं प्रतिष्ठितं श्रीमहेन्द्रसूरिभिः ॥

(४८९)

संवत् १३४२ वर्षे श्रीउकेशज्ञातीय मातृलक्ष्मीश्रेयोऽर्थं सुतविजपाल तथा वीसलवी गांगाप्रभृतिभिः विंवं कारितं । प्र० श्रीहारीजगच्छे श्रीशीलभद्रसूरिभिः ॥

(४९०)

सं० १३३० वर्षे चैत्रसुदि ७ शनौ सलषणपुरे श्रीशांतिनाथदेवचैत्ये श्रेष्ठिजाजाश्रेयोऽर्थं सुतसींघलेन विंवं कारापितं प्रतिष्ठितं श्रीजज्जुकसूरिभिः ॥

(४९१)

सं० १३३० चैत्रवदि ७ शनौ हारीजगच्छे व्य० आसपाल सुत षीमाकेन फुइ गांगश्रेयोऽर्थं श्रीनामिननाथविंवं कारितं प्रतिष्ठितं श्रीशीलभद्रसूरिभिः ॥

(४९२)

सं० १३३० वर्षे चैत्रवदि ७ शनौ सलषणपुरे पिता श्रे० जेसल माता पाल्हणश्रेयोऽर्थं सुतप्रतापसिंहेन विंवं कारापितं । प्रतिष्ठितं श्रीउदयदेवसूरिभिः ॥

(४९३)

ई० ॥ सं० १३३० वर्षे चैत्रवदि ७ शनौ प्राग्वाटज्ञातीय महं० राजसीह सुत महं० चाचाकेन पुत्र महं० धनसिंहश्रेयोऽर्थं श्रीसंभवनाथविंवं कारितं प्रतिष्ठितं श्रीमुनिरत्नसूरिभिः ॥

(४९४)

ई० ॥ सं० १३१० वर्षे चैत्रवदि १२ गुरौ सलक्षणपुरे श्रीशांतिनाथचैत्ये चा--णावास्तव्य भां० ताहडसुतसिंघाकेन पुत्र पद्मश्रेयोऽर्थं श्रीचन्द्रस्वामिबिंबं कारितं ॥ छ ॥ छ ॥ मंगलमस्तु ॥

(४९५)

सं० १३११ वर्षे चैत्र वदि........बुधे भिलवास्तव्यश्रीमाग्वाटज्ञातीय श्रे० वयरसिंहभार्याजयतश्रेयोऽर्थं सुतजयतसिंहेन श्री अजितनाथबिंबं कारितं ॥

(४९६)

१ सं० १३३० चैत्र वदि ७ शनौ सलषणपुरे श्रीशांतिनाथचैत्ये डीसावालज्ञातीयश्रे० सोभासुत ठ० भीमसीहभार्या श्रे० श्रीजाल्हणसुता ठ० सूहवपुण्यार्थं सुत ठ० साजणसीहेन श्रीशीतलनाथबिंबं कारितं प्रतिष्ठितं सूरिभिः ॥

(४९७)

सं० १३३० वर्षे चैत्र वदि ७ शनौ श्रीब्रह्माणगच्छे सलषणपुरे श्रीमालज्ञातीय श्रे० जसरा सुत देवधरश्रेयोऽर्थं भ्रातृ झाजणेन श्रीसुविधिनाथबिंबं कारितं प्रतिष्ठितं श्रीजज्जकसूरिभिः ॥

(४९८)

॥ ९ संवत् १३३४ वर्षे माघ सुदि १० रवौ थीयारागच्छे सलषणपुरे श्रीसर्वदेवसूरि संताने श्रीश्रीमालज्ञातीयभां०..................सुत लुणसीहकेन भगिनीश्रीसूहडश्रेयोऽर्थं सुविधिनाथस्य परिकरकारितः बिंबं च कारितं ॥

९॥ सं० १३३१ वर्षे वैशाप सुदि १५ बुधे जाल्योधर-गच्छे मोढवंशे श्रे० यशोपालसुत ठ० पुनाकेन मातृमाल्हाण-श्रेयोर्थं विमलनाथबिंबं कारितं प्रतिष्ठितं श्रीहरिप्रभसूरिभिः ॥

(४९७)

सं० १६६६ वर्षे पो० व० ८ रवौ श्रीशंखेश्वर पार्श्वनाथ-परिकरः अहम्मदावाद वास्तव्य सा० जयतमाल भा० जीवादे-सुतपुण्यपालकेन स्वश्रेयसे कारितः प्रतिष्ठितश्च श्रीतपागच्छे भट्टारकश्रीहीरविजयसूरीश्वरपट्टोदयाचलभासनभानुसमानभट्टा-रकश्रीविजयसेनसूरीश्वरनिर्देशात् तत्शिष्यश्रीविजयदेवसूरिभिः श्रीमति राजनगरे । इति शुभम् ॥

(४९८)

१२३८ वर्षे माघसुदि ३ शनौ श्रीसोमप्रभसूरिभिर्जिनमातृ-पट्टिका प्रतिष्ठिता— — — — —भ्यां राजदेवारत्नाभ्यां स्वमातुः..कल्याणमस्तु श्रीसंघस्य ॥

(४९९)

संवत् १३२६ वर्षे माघवदि २ रवौ श्रीब्रह्माणगच्छे श्री-श्रीमालज्ञातीय................सुतजाल्हाकेन श्रीनेमिनाथबिंबं चतु-र्विंशतिपट्टसहितं...................प्रतिष्ठितं श्रीबुद्धिसागरसूरिभिः ।

(५००)

सं० १३२६ वर्षे माघवदि २ रवौ श्रीब्रह्माणगच्छे श्री-श्रीमालज्ञातीय.....................श्रेयोऽर्थं सुतजाल्हाकेन श्रीआदि-नाथबिंबं चतुर्विंशतिपट्टसहितं कारितं। प्रतिष्ठितं श्रीबुद्धिसागर-सूरिभिः । मंगलमस्तु ।

(५०१)

संवत् १६६३ वर्षे माघवदि १३ शनौ साणंदना श्रीसंघ-समस्तनी देहरी ॥

(५०२)

संवत् १६६६ वर्षे पोषवदि ८ रवौ राजनगरवास्तव्यवृद्ध-शाखीय उसवालज्ञातीय मीठडीआगोत्रीय सा० समरसिंह-भा० हंसाई सुत सा० श्रीपालकेन भा० हर्षाई द्वि० भा० सुखमदे धर्मपुत्र सा० वाघजीप्रमुखकुटुंबयुतेन उत्तराभिमुखो भद्राभिधः प्रासादः कारितः ॥ इति भद्रम् ॥ छ ॥

(५०३)

संवत् १६६६ वर्षे पोष वदि ८ रवौ नटीपद्रवास्तव्य श्रीश्रीमालज्ञातीय वृद्धशाखीय प० जावड भा० जसमादे सुत प० जावजीकेन भा० सउरदे प्रमुखकुटुंबयुतेन स्वश्रेयसे श्रीशंखेश्वरग्रामे श्रीपार्श्वनाथमूलप्रासादे तदुत्तरस्यां भद्राभिधानः प्रासादः शतशो रूपकव्येन कारितः भव्यवृन्दैर्वंद्यमानश्चिरं जीयात् ॥

(५०४)

नटीपद्रवास्तव्य जावडसुत हरजी सुत कान्हाजीकेन भा० नारिमदे सुत — — — — भार्या प्रमुखकुटुंबयुतेन देवकुलिका कारितेयं ॥

(५०५)

ॐ। श्रीगणेसाअ(य)नमः ॥ श्रीसरस्वतीनमः। संवत् १८६८ ना वर्षे भाद्रवासुदि १० दिने वारबुधे सवाइ जेपरका सोहं

उत्तमचंद वालजीका रु० ५००० अंके रुपेआ पांच हजार नाणा सकाइ रोकडा मोकला ते मधे कारखाना काम कराओ एक काम चोकमांए तलीआको दुसरो देवराकी जाली तीसरो काम चोवीस तीर्थंगरको परघर समारो. चोथो काम बावन जेनालाको फुटो टुटो समराओ. पांचमो काम नगारखाना खंड दोको कराओ. छट्ठो काम महाराज श्रीसंपेसरजीने गलेप कराओ. रु० ५००० अंके रुपैआ हजार पांच साहा जीवणदास गोडीदास श्रीराधणपरवाला की मारफत गुमास्ता ३ भ्रमण हरनाराण तथा ईश्वरदास तथा मेणा टीकाराम पासे रईने परचावा छे ॥

॥ श्रीपार्श्वनाथ सत छे ॥

(५०६)

(1) ॥ ई० ॥ सं० १२९८ वैशाखवदि २ शनौ श्रावक ....
(2) ल्हाकेन निजगुरु श्रीअजितसिंह...........
(3) मूर्तिः कारिता ॥ सित्गच्छे ॥ छ ॥

(५०७)

ए‍ई० ॥ संवत् १५१० वर्षे कार्तिकवदी ६ सोमे श्रीभावडारगच्छे श्रीकालिकाचार्यसन्ताने आचार्य.............सूरिपट्टे श्रीविजयसिंहसूरि सुकवि...........

(५०८)

॥ एई० ॥ संवत् १३८७ वर्षे श्रीपार्श्वनाथचैत्य श्रीमडाहडीयगच्छे श्रीचक्रेश्वराचार्यसंताने श्रीपद्मचन्द्रसूरिपट्टे श्रीजय-

देवसूरिशिष्य श्रीयशोदेवसूरिणां मूर्ति.....................कारापिता प्रतिष्ठिता श्रीशांतिसूरिभिः ।

(५०९)

एर्द० ॥ संवत् १३४९ वर्षे चैत्रवदि ६ रवौ श्रीब्रह्माणगच्छे अरिष्टनेमिदेवजगत्यां श्रीजज्जगसूरिभिः स्वकीयगुरुभ्रातृपंडि० रतनस्य मूर्तिः कारिता प्रतिष्ठिता च शुभं भवतु ॥

पं० जसचं० । पं० वयजा । पं० वीका ।

(५१०)

श्रीचापोत्कटवंशोद्भव महाराजश्रीवनराजगुरु श्रीनागेन्द्रगच्छे श्रीशीलगुणसूरिशिष्य श्रीदेवचंद्रसूरिमूर्तिः ।

(५११)

(1) एर्द ०॥ सं० १६६२ वर्षे वैशाखसुदि १५ सोमे पत्तनवास्तव्य वृद्धशाखीय प्राग्वाटज्ञातीय दो० शंकर भा० वाहलीनाम्न्याः

(2) सुत दो० कुंअरजी भ्रातृव्य दो० श्रीवंत भा० अजाई सुत दो० लालजी पुत्र रतनजी प्रमुखयुतया स्वश्रेयोर्थम् बृहत्तपा—

(3) गच्छेश शीलादिगुणधारक भ० श्रीहेमविमलसूरिपट्टभूषण भ० श्रीआणंदविमलसूरिपट्टप्रभाव—

(4) क श्रीविजयदानसूरिपट्टालंकाराणां स्ववचोरंजितश्री-अकब्बरपातिसाहाविहितसर्वजीवाभयदान—

(5) प्रवर्तनश्रीशत्रुंजयादिकरमोचनादिविदितयशसां लुंपाकमतेश ऋ० मेघजीनाम्नो दत्तदीक्षाणां भट्टारक—

(6) श्रीहीरविजयसूरिणां मूर्तिः का० प्र० च तत्पट्टालंकार कारिभिः पातिसाह श्रीअकब्बरसभालब्धजयवादप्र—

(7) नोद्दारिभिः गोवृषभमहिषीमहिषवधमृतधनादानबंदिग्रहण- निवारकफुरमानधारिभिः भट्टारकश्री ६

(8) श्रीविजयसेनसूरिभिः महोपाध्यायश्रीसोमविजयगणि- परिवृतैः पत्तनादिमहं० अबजीप्रमुखसकलसंघेन वंद्यमाना चिरंनन्दतात् ॥

(५१२)

(1) एर्द०॥ संवत् १६६४ वर्षे फाल्गुनशु० ८ शनौ पत्तन- वास्तव्य वृद्धशाखीय प्राग्वाटज्ञातीय दोसी शंक—

(2) र भा० वाहलीनाम्न्या भ्रातृव्य दो० श्रीवंत भा० अजा- ईसुत दो० लालजीसुत रतनजी प्र०

(3) कुटुंबयुतया स्वश्रेयोर्थं तपागच्छाधिराजश्रीहीरविजय- सूरिपट्टालंकारपातसा-

(4) हिश्रीअकब्बरसभालब्धजयवाद गोबलीवदमाहिषीमहिष प्रमुखवधमृतस्वा—

(5) दाननिवारकप्रतिबोधितानेकनरेशसंप्रातविजयमान श्री विजयसेनसूरीश्वराणां

(6) मूर्तिः कारिता प्र० च तत्पट्टालंकारहारश्रीविजयदेवसू- रिभिः । इति भद्रम् ॥

(५१३)

(1) ऍर्द०॥ संवत् १६६४ वर्षे फाल्गुनशु० ८ शनौ पत्तन-
वास्तव्य वृद्धशाखीय प्राग्वाटज्ञातीय दोसी शंकर भा० वा-

(2) हलीनाम्न्या भ्रातृव्य दो० श्रीवंत भा० अजाईसुत
लालजी सुत रतनजी प्रमुखकुटुंबयुतया स्वश्रेयो-

(3) र्थं तपागच्छाधिराजश्रीहीरविजयसूरिश्वरपट्टप्रभावकभट्टा-
रक श्रीश्री-

(4) श्रीविजयसेनसूरिपट्टपूर्वाचलसहस्रकरानुकारिशीलादिगु-
णगणाढं-

(5) कृतगात्रभट्टारकपुरंदरसंमतिविजयमानयुवराजपदधारका-
चार्य-

(6) श्री५श्रीविजयदेवसूरीश्वराणां मूर्तिः कारिता प्रतिष्ठापिता
च गीतार्थैः ।

(7) मं० थवजी प्रमुखसंघभट्टारकण वंद्यमाना चिरं जीया-
दिति भद्रम् ॥०॥

(५१४)

(1) ऍर्द०॥ संवत् १७०९ वर्षे फाल्गुनशुदितीयायां
रविवारे तपागच्छाधिरा-

(2) जभट्टारकश्री५श्रीहीरविजयसूरिपट्टालंकार भट्टारकपातिसा-
हश्रीजहांगीर-

(3) प्रदत्त जहांगिरीमहातपाविरुदधारकसकलसुविहितसाधु-परंपरा-

(4) पुरंदरश्रीविजयदेवसूरीश्वरे विजयिनि सति पट्टव्य-वस्थापि-

(5) तमेदपाटदेशाधिराजराणाश्रीजगत्सिंहप्रतिबोधदायक-

(6) आचार्यश्री ५ श्रीविजयसिंहसूरीश्वराणां पादुका का-रिता श्री-

(7) पत्तनवास्तव्य ओसवालज्ञातीय संघवी रता सुत सं० मानसिंह

(8) भार्या बा० माणिकदेनाम्न्या पुत्री नागबाई कल्याणबाई सा० उग्रसेन-

(9) सहितया श्रेयोऽर्थं प्रतिष्ठिता भाट्टरकश्रीविजयदेवसूरि निर्देशात् महो-

(10) पाध्यायश्री ५ श्रीभानुचन्द्रगणिशिष्यपंडितश्रीविवेकचन्द्र गणिभिरिति मंगलम् ॥

(५१५)

सं० १७१३ वर्षे माघशुक्ल ७ दिने श्रीतपाच्छे सार्वभौमभट्टारकश्रीविजयसेनसूरिपट्टालंकारभट्टारकश्रीविजयदे-वसूरीश्वराणां पादुका व्य० रामसिंह चांपसी कारिता। प्रतिष्ठिता च भट्टारकश्रीविजयप्रभसूरीन्द्रनिर्देशात् श्री-दीपसागरगणिनेति ॥

(५१६)

(1) सं० १४५२ वर्षे वैशाख शुदि २ बुधे श्रीउकेशगच्छे श्रीककुदाचार्यसं-
(2) ताने श्रीकक्कसूरीणां मूर्तिः श्रीसंघेन कारिता प्रतिष्ठिता श्रीदेवगुप्तसूरिभिः ॥

(५१७)

(1) संवत् १४३० वर्षे उकेशवंशे वैपटगोत्रे शा० सीधर शा० प्रमुहर पु० का—
(2) — – यपा सा० हंसराज प्रभृतिभिः पुत्रैः पौत्रैः...............

(५१८)

(1) सं० १३३० वर्षे वैशाखसुदी ९ सोमे श्रीब्रह्माणगच्छे श्रीश्रीमालज्ञातीय ठ० सांगा भा०
(2) ठ० माल्हणीदेवी श्रेयोर्थं ठ० सांगाकेन श्रीनेमिनाथबिंबं कारापितं ठ० सांगामूर्तिः [च कारिता प्रतिष्ठिता] श्रीजज्जकसूरिभिः ।
(3) ठ० सांगा भा० ठ० सुजाण.-

(५१९)

(1) [संवत १३३० वर्षे] वैशाख सुदी ९ सोमे श्रीब्रह्मान-गच्छे श्रीमालज्ञातीय ठ० सांगा भार्या ठ० सुजाणदेवी
(2) ....ठ० इ. अयतपाल जगमाल जसपाल प्रभृतिभिः श्रीशांतिनाथबिंबं कारापितं
(3) ....प्रतिष्ठितं श्रीजज्जगसूरिभिः ॥

(५१९)

(1) संवत् १३०१ वर्षे वैशाखसुदि ९ शुक्रे पूर्वमांडलिवा स्तव्य-मोढज्ञातीय-नागेंद्र......................... ....

(2) सुत-श्रे० जाल्हणपुत्रेण श्रे० राजुकुक्षीसमुद्भूतेन ठ० आशा केन संसारासार........................

(3) योपार्जितवित्तेन अस्मिन् महाराजश्रीवनराजविहारे निजकीर्तिवल्लीवितान.......................

(4) कारितः तथा च श्रीआशाकस्य मूर्तिरियं सुत ठ० अरिसिंहेन कारिता प्रतिष्ठिता...............

(5) संबंधे गच्छे पंचासराविषे श्रीशीलग(गु)णसूरिसन्ताने शिष्य श्री............

(6) देवचन्द्रसूरिभिः ॥ मंगलमहाश्रीः ॥ शुभं भवतु ॥

(५२०)

.................सुत सा० तेजपालनाम्ना भार्या अपु पुत्र सा० विद्याधर सा० लक्षुआ प्रमुखपरिवारयुतेन स्वश्रेयसे श्रीसुपार्श्वबिंबं कारितं प्रतिष्ठितं च श्रीतपागच्छे भ० श्रीहेमविमलसूरिपट्टालंकार भ० श्रीआणंदविमलसूरिपट्टमुकुटमणि भ० श्रीविजयदानसूरिपट्टकोटीरहारभट्टारकश्रीहीरविजयसूरिपट्टप्रकराकरसुधाकरभट्टारकपरंपरापुरंदरसुविहितं..............

(५२१)

संवत् १४२९ वर्षे माघवदि ०) सोमे श्रीकालिकाचार्य-

सन्ताने श्रीभावदेवाचार्यगच्छे श्रीविजयसिंहसूरि पट्टालंकार श्रीवीरसूरीणां मूर्तिः श्रीजिनदेवसूरिभिः प्र०

(५२२)

संवत् १३६१ फाल्गुणशुदि २ गुरुवारे अद्येह श्रीसरस्वती........श्रीमच्चन्द्रकुले........वंसा(?)चार्य श्रीवर्द्धमानसंताने साध्वी मलयसुंदरी शिष्यणी बाई सुहव आत्मश्रेयसे श्रीअंबिकादेवीमूर्तिः कारापिता श्रीसोमसूरिशिष्यैः श्रीभावदेवसूरिभिः प्रतिष्ठिता ॥ छ ॥

(५२३)

संवत् १३४९ चैत्रवदि ६ शनौ श्रीवायटीयगच्छे श्रीजिनदत्तसूरिशिष्यपंडितश्रीअमरचंद्रमूर्तिः पं० महेंद्रशिष्यमदनचंद्राख्या(ख्येन) कारिता शिवमस्तु ॥

(५२४)

संवत् १३२४ वैशाखवदि ५ श्रीजिनदत्तसूरिमूर्तिः श्रीजिनेश्वरसूरिशिष्यश्रीजिनप्रबोधनसूरि...........

(५२५)

ॐ० जयता ।....संवत् १३३० वर्षे वैशाखसुदि १४ बुधे श्रीरामणवसहीचैत्ये श्रीमाली...........

(५२६)

वायडीयगच्छे श्रीनेमिचंद्र उपाध्याय पं०........

(५२७)

वायडीयगच्छे श्रीऊजिल उपाध्याय पं० हेमगणि........
...नमितं ।

(५२८)

सं० १३७२ जेठशुदि १२ सोमे समस्तयुवराज (?) पाटकसंघेन सैद्धान्तिकश्रीविनयचंद्रसूरीणां मूर्तिः कारिता प्रतिष्ठिता श्रीशुभचंद्रसूरिभिः । भद्रमस्तु ।

(५२९)

.......अमरादे पुत्र से० कल्याणजी नामना तपाभट्टारक-श्रीविजयदेवसूरीशपट्टप्रभाकरभट्टारकश्रीविजयसिंहसूरीणां मूर्तिः

(५३०)

संतत् १२९४ वर्षे श्री — — — गच्छे श्रीसिद्धिसा-गरस्य संताने श्रीसिद्धसेनसूरिपट्टे श्रीदेवभद्रसूरीणां मूर्तिः श्रीमलयचंद्रसूरिशिष्यश्रीशील..............कारिता प्र०

(५३१)

संवत् १४३३ वर्षे आषाढसुदि १० बुधे श्रीनाणकीय-गच्छे श्रीसिद्धसेनसूरिगुरोर्मूर्तिः श्रीधर्मेश्वरसूरिभिः कारापिता शुभं ।

(५३२)

संवत् १६७३ वर्षे पोषकृष्णपंचमी शुक्रे श्रीपत्तननगर वास्तव्येन बृहद्शाखायां श्रीश्रीमालीज्ञातीय दो० धनंजी भार्याऽ··

[illegible]वाडिकुल दो० संतोषीकेन भार्या सहजलदे प्रमुखकुटुंबयुतेन स्वश्रेयसे श्रीऋषभदेवपरिकरः कारितः प्रतिष्ठितश्च तपागच्छे भट्टारकपुरंदरभट्टारकश्रीहीरविजयसूरीश्वरशिष्यभट्टारकश्रीविजयसेनसूरीश्वरपट्टालंकारहारानुकारिभट्टारकप्रभुभट्टारकश्रीविजयसेनसूरिभिरितिभद्रम् ॥

(५३३)

अथ शुभे संवत्सरे संवत् १७७८ वर्षे मासोत्तमश्रीभाद्रपदमासे शुक्लपक्षे ८ तिथौ रविवासरे श्रीपूज्यश्रीपासचंद्रसूरिजीनाछत्रवषयंत्रभट्टारकश्रीनेमिचंद्रसूरिजीविजयराज्ये श्रीअणहिल्लपुरपत्तने समस्तश्रीसंघेन मंगलार्थं कारापिताः श्रीरस्तुः २ ॥

(५३४)

श्रीपार्श्वनाथ भीडभंजनजी संवत् १८४४ वैशाख सु० १० गुरौ श्रीवारेजावास्तव्यसमस्तसंघेन कारिता श्रीविजयलक्ष्मी सूरिभिः प्र० ।

(५३५)

संवत् १८८१ ना वैसाखसुदि ६ रवौ अजितनाथ (:) प्रतिष्ठित (:) भट्टारकश्रीआणंदसोमसूरिभिः तपागच्छे ।

(५३६)

संवत् १६६१ अलाइ ५० वर्षे श्रीअकब्बरविजयिराज्ये वैशाखवदि ११ शुक्रे ओसवालज्ञातीयनवलक्खागोत्रे सा०

टोकरभा० दया सुत वाधा भा० पार्वती पुत्ररत्न सा० पु० (?) रत्नपाल भार्या हंसाई ताभ्यां स्वपुण्याय श्रीशान्तिनाथबिंबं कारितं प्रतिष्ठितं श्रीवृहत्खरगच्छे श्रीजिनसिंहसूरयस्तत्पट्टालंकारश्रीजिनचंद्रसूरिभिः ॥ ह्रीँ ॥

(५३७)

सं० १३५६ ज्येष्ठशुदि १५ शुक्रे ठ० छाढा व्यवल्ह (?) तथा ठ० कुमारदेवीमूर्तिसमं कारिता प्रतिष्ठिता च ।

(५३८)

संवत् १६८१ वर्षे ज्येष्ठवदि ९ गुरुवासरे श्रीअहम्मदपुरवास्तव्यवृद्धशाखीयडीसावालज्ञातीय सा० वीरा भार्या बाई सुहडदे पुत्रेण सा० वर्धमान — — — बाई वइजल पुत्र सा० — लजी प्रमुखकुटुंबयुतेन स्वश्रेयोऽर्थं सपरिकरं श्रीशांतिनाथबिंबं कारितं सा० श्रीशांतिदासप्रतिष्ठायां प्रतिष्ठापितं प्रतिष्ठितं च तपागच्छे भ० श्रीविजयदेवसूरिवारके महोपाध्यायश्रीविवेकहर्षगणीनामनुशिष्यमहोपाध्यायश्रीमुक्तिसागरगणिभिः श्रियेस्तु ॥ शुभं भवतु ॥

(५३९)

॥ सं० । १८५४ माघवदि ५ भौमे । श्रीविजयानंदसूरिगच्छे वारेजानगरवास्तव्यश्रीश्रीमालिज्ञातीयवृद्धशाखीयसा । नानचंद सीवचंद नाम्ना पार्श्वनाथबिंबं का । श्रीविजयलक्ष्मीसूरिगच्छे प्रतिष्ठितं ।..........

(५४०)

(1) ॥ द० ॥ श्रीगणेशाय नमः ॥ स्वस्ति श्री(म)ज्जिनेन्द्राय सिद्धाय परमात्मने। धर्मतत्त्वप्रकाशाय ऋषभाय नमो नमः ॥ संवत् १७२२ वर्षे शाके १५८७ प्रवर्तमाने। वैशाखशुक्ल सप्तम्यां। गुरौ पुष्यनक्ष-

(2) त्रे। श्रीमेदपाटदेशे। श्रीवृहत्तटाके श्रचि(चि)त्रकोटपति-सीसोदीयागोत्रे महाराणाश्रीजगतासिंहजी तद्वंशोद्धरण-धीरमहाराजाधिराजमहाराणाश्रीराजसिंहजी विजय-राज्ये। श्रीवृहत् ओसवालज्ञातीय

(3) सीसोदीयागोत्रे सुरपुसथा(?)वंशे संघवी श्रीतेजाजी तद्भार्या नायकदे तत्पुत्र सं० श्रीगजूजी तद्भार्या गौरीदे तत्पुत्र सं० राजाजी तद्भार्या रयणदे तयोः पुत्राश्चत्वारः प्रथमपुत्र सं० श्रीउदाजी तद्भार्या मालवदे तत्पुत्र सं० श्रीसुंदरदासजी

(4) तद्भार्या सोभागदे अमृतदे तद्भ्रातृ सं० सिंघजी तद्भा० साहिबदे तत्पुत्र ऋषभदासजी द्वि० भा० सुहागदे सं० राजाजी द्वितिय पुत्र सं० डुदाजी तद्भार्ये दाडमदे जगरूपदे तत्पुत्र सं० वपूजी तद्भार्ये पारमदे वहुरंगदे सं० राजाजी तृतीय

(5) पुत्र सं० देदाजी तद्भार्या सिंहरदे कमारदे पुत्र सुर-ताणजी तद्भार्या सुणारमदे। सं० राजाजी चतुर्थपुत्र सं० दयालदासजी तद्भार्ये सूर्यदे पाटमदे पुत्र सांवल-

दासजी तद्भार्या मृगादे समग्रपरिवारसहितौ श्रीऋषभदेव..

(6) श्रीविजयगच्छे श्रीपूज्यकल्याणसागरसूरीन्द्रास्तत्पट्टे श्रीपूज्यश्रीसुमतिसागरसूरिवरतत्पट्टे श्रीआचार्यश्रीविजयसागरसूरिभिः श्रीऋषभदेवबिंबं प्रतिष्ठितं ॥ श्रीसंडेरगच्छीयभट्टारकश्रीदेवसुन्दरस्य । श्रीरस्तु ।

(५४१)

संवत् १६८२ वर्षे ज्येष्ठवदि ९ गुरुवासरे श्री अहिमदावादनगरवास्तव्यश्रीओसवालज्ञातीय सा० सहसाकिरणभार्यया बाई कुंअरि नाम्न्या स्वश्रेयोर्थं श्रीमुनिसुव्रतस्वामिबिंबं कारितं सा० शांतिदासकारितप्रतिष्ठायां प्रतिष्ठापितं प्रतिष्ठितं श्रीतपागच्छे भट्टारकश्रीविजयसेनसूरीश्वरपट्टालंकारभट्टारकश्रीविजयदेवसूरिवारके महोपाध्यायविवेकहर्षगणीनामनुशिष्या (ष्यैः) महोपाध्यायश्रीमुक्तिसागरगणिभिः ॥

(५४२)

संवत् १६८२ वर्षे ज्येष्ठवदि ९ गुरौ अहिमदावादनगरे ओसवालज्ञातीय सा० श्रीशांतिदास भार्यया श्रीआदिनाथबिंबं प्रतिष्ठापितं प्रतिष्ठितं च तपागच्छे महोपाध्यायश्रीमुक्तिसागर...........................

(५४३)

(1) द० ॥ स्वति श्रीविक्रमसंवत् १२८५ वर्षे फाल्गुणशुदि २ रवौ । श्रीमदणहिलपुरवास्तव्यप्राग्वाटान्वयप्रसूत ठ०

श्रीचण्डपात्मज ठ० श्रीचंडप्रसादांगज ठ० श्रीसोमतनुज-
ठ० श्रीआशाराजनन्दनेन ठ० कु—

(2) मारदेवीकुक्षीसंभूते ठ० श्रीलूणिग महं० श्रीमालदेवयो-
रनुजेन महं० श्रीतेजःपालाग्रजन्मना महामात्यश्रीवस्तु-
पालेन आत्मनः पुण्याभिवृद्धये इह श्रीतारंगकपर्वते
श्रीअजितस्वामिदेवचैत्ये श्रीआदिनाथदेवजिनबिंबालंकृत
खत्तकमिदं कारितं प्रतिष्ठितं श्रीनागेन्द्रगच्छे भट्टारक-
श्रीविजयसेनसूरिभिः ॥

(५०१)

ॐ ॐनमः सिद्धेभ्यः ॥

आसीन्निर्वतकान्वयेकतिलकः श्रीविष्णुसूर्यासने
श्रीमत्काम्यकगच्छतारकपथश्वेतांशुमान् विश्रुतः ।
श्रीमान् सूरिमहेश्वरः प्रशमभूः श्वेताम्बरग्रामणी
राज्ये श्रीविजयाधिराजनृपतेः श्रीपथायां पुरि ॥

ततश्च—

नाशं यातु शतं सहस्रसहितं संवत्सराणां द्रुतं
श्यामा (मामा) भाद्रपदः स भद्रपदवीं मासः समारोहतु।
सास्यैव क्षयमेतु सोमसहिता कृष्णा द्वितिया तिथिः
पञ्चश्रीपरमेष्ठिनिष्ठहृदयः प्राप्तो दिवं यत्र सः ॥

अपि च

कीर्तिर्दिक्करिकान्तदन्तमुसलप्रोद्भूतलास्यक्रमं
क्कापि क्कापि हिमाद्रिभू........महीसोत्प्रासहासस्थितिम् ।

काप्यैरावणनागराजजनितस्पर्द्धानुबन्धोध्दुरं
भ्राम्यन्ती भुवनत्रयं त्रिपथगेवाद्यापि न श्राम्यति ॥
सं० ११०० भाद्रपदि २ चन्द्रे कल्याणकदिने प्रशस्तिरियं साधुसर्वदेवेनोत्कीर्णेति ॥

बाबरीयावाडलेखाः ॥

(५४५)

ई० ॥ सं० १३०० वर्षे वैशाखवदि ११ बुधे सहाजिगपुरवास्तव्यपल्लीजातीय ठ० देदा भार्या कडूदेवीकुक्षिसंभूत परी० महीपाल महीचंद्र तत्सुत रतनपाल विजयपालैर्निजपूर्वज ठ० शंकरभार्यालक्ष्मीकुक्षिसंभूतस्य संघपतिसुंधिगदेवस्य निजपरिवारसहितस्य योग्यदेवकुलिकासहितश्रीमल्लिनाथबिंबं कारितं ॥ प्रतिष्ठितं चंद्रगच्छीयश्रीहरिप्रभसूरिशिष्यैः श्रीयशोभद्रसूरिभिः ॥ छ ॥ मंगलं भवतु ॥ छ ॥

(५४६)

संवत् १३१५ वर्षे फागुणवदि ७ शनौ अनुराधानक्षत्रे अद्येह श्रीमधुमत्यां श्रीमहावीरदेवचैत्ये प्राग्वाटज्ञातीयश्रेष्ठि आसदेवसुत श्री [आ]सपाल सुत गंधि वीवीकेन आत्मनः श्रेयोर्थं श्रीपार्श्वनाथदेवबिंब कारितं चंद्रगच्छे श्रीयशोभद्रसूरिभिः प्रतिष्ठितं ॥

(५४७)

ई० ॥ संवत् १२७२ वर्षे ज्येष्ठवदि २ रवौ अद्येह टिंबा-

नके मेहरराजश्रीरणसिंहप्रतिपत्तौ समस्तसंघेन श्रीमहावीरबिंबं कारितं प्रतिष्ठितं श्रीचंद्रगच्छीयश्रीशांतिप्रभसूरिशिष्यैः श्रीहरिप्रभसूरिभिः ॥ छ ॥

(५४८)

ई० ॥ संवत् १३४३ माघसुदि १० गुरौ गुर्जरप्राग्वाटज्ञातीय ठ० पेथडश्रेयसे तत्सुत पाल्हणेन श्रीनेमिनाथबिंबं कारितं प्रतिष्ठितं श्रीनेमिचंद्रसूरिशिष्यश्रीनयचंद्रसूरिभिः ॥

पालणपुरलेखाः ॥

(५४९)

(1) ॥ ई० ॥ सं० १३५२ वर्षे फागुणशुदि १० बुधदिने सोनी आल्हणसुत श्रे० साछल भार्या–

(2) ॥ सुहवदेविपुत्र मुंजालेन मातापितामूर्तिद्वयं कुटुम्बश्रेयसे कारितं ॥ छ ॥

(५५०)

(1) ॥ ९ संवत् १३३५ वर्षे.............................श्रे० आम्बू-भार्या वीजू सु० कालू भा० लषमिणि सु० ऊदा भा० राज–

(2) ॥ सिरि पुत्र धीणा भा० धांधलदेवि पु० प्रतापसीह-भा० राजलदेवि तथा सुहडसीह मदनसीह तथा कदू सु० प्रतापि–

(3) ॥ ग भा० रांभना श्रे० धीणाकेन मातृपितृश्रेयोर्थं जिन-
युगलं कारापितं ॥ प्र० मडाहडीय श्रीचक्रेश्वरसूरि-

(4) संताने श्रीसोमप्रभसूरिशिष्यश्रीवर्द्धमानसूरिभि(ः)
प्रतिष्ठितं ॥ छ ॥

(५५१)

(1) ई० ॥ संवत् १३०५ वर्षे आषाढवदि ७ शुक्रे सा०
वर्द्धमानसुत सा० लोहदेव सुत० सा०

(2) आसधर तथा सा० थेहड सुत सा० भुवनचंद्र-
पद्मचंद्रैः समस्तकुटुंबश्रेयोर्थं श्रीअजितनाथबिंबं कारितं।
प्रतिष्ठितं वादींद्रश्री-

(3) धर्मघोषसूरिपट्टप्रतिष्ठितश्रीदेवेंद्रसूरिक्रमायातश्रीजिनचंद्र-
सूरिशिष्यैः श्रीभुवनचंद्रसूरिभिः ॥ १ ॥

(५५२)

संवत् १२७४ वर्षे फाल्गुणशुदि ९ गुरौ श्री कोरंटकीय-
गच्छे श्रीकक्कसूरिशिष्य सर्वदेवसूरीणां मूर्तिः ओसपुत्र रा०
आंबड संघपतिना कारिता श्रीकक्कसूरिभिः प्रतिष्ठिता मंगलं
भवतु संघस्य।

(५५३)

संवत् १३१५ (?) वर्षे वैशाखवदि ७ गरौ (?) श्रीपटुके-
शगच्छे श्रीसिद्धाचार्यसंताने श्रीवरदेवसुत शुभचंद्रेण श्रीसिद्ध-
सूरीणां मूर्तिः कारिता। श्रीकक्कसूरि[भिः] प्रतिष्ठिता।

(५५४)

संवत् १३३१ वर्षे वैशाखसुदि ९ सोमे श्रीपंडेरकगच्छे श्रीयशोभद्रसूरिसंताने संघवी साढलेन समस्त कुटुंब श्रेयोर्थे श्रीकपर्दियक्षः कारापितः प्रतिष्ठितः श्रीशालिसूरिभिः ॥

(५५५)

......माघशुदि १३ श्रीकोरंटकीयगच्छे नन्नाचार्य संताने चैत्ये श्रीकक्कसूरीणां शिष्येण पं०..........

(५५६)

॥ श्री ॥

(1) ॥ एर्द०॥ श्रीमदर्हते नमः ॥ स्वस्ति श्रीमज्जिनं नत्वा ॥ प्रणम्य स्वगुरुं मुदा ॥ श्रीधर्मनाथचैत्यस्य ॥ प्रश-

(2) स्तिर्वर्ण्यते वरा ॥ १ ॥ अहम्मदावादपुरे ॥ श्रीकंपिनी अं-गरिजबहादुरः ॥ राज्यं करोति विधिना ॥ मर्यादा-

(3) पालने निपुणः ॥ २ ॥ तद्राज्ये वास्तव्यो ॥ गुरुशाख ऊकेशवंशजातश्च ॥ जीवदयाधर्म्मार्थी ॥ साहः श्रीनि-

(4) हालचंद्रश्च ॥ ३ ॥ तत्पुत्रः श्रीसाहखुस्सालचंद्र ॥ स्तत्प-त्नी श्रीमाणकी धर्म्मकर्त्री ॥ तत्पुत्रः श्रीकेसरी-

(5) सिंहनामा ॥ तद्भार्या श्रीसूर्यनाम्नी प्रसिद्धा ॥ ४ ॥ तस्याः कुक्षेः रत्नतुल्यः प्रजातः ॥ श्रेष्ठी साहः-

(6) श्रीहठीसिंहनामा ॥ भाग्येनैवोपार्जितं द्रव्यवृंदं ॥ भुक्तं दत्तं स्वीयहस्तेन तेन ॥ ५ ॥ अहम्मदावा-

(7) दपुरोपकंठे ॥ दिश्युत्तरस्यां कृतवाटिकायां ॥ यत्कारितं श्रीजिनबिंबवृंदं ॥ जिनेंद्रचैत्यं तु मह-

(8) न्नवीनं ॥ ६ ॥ द्वापंचाशद्देवत ॥ कुलिकामंडितं त्रिभूमिकं रम्यं ॥ मंडपयुगेन सचिरं ॥ त्रिशिखरं का-

(9) रितं स्ववित्तैः ॥ ७ ॥ तस्मिन् जिनबिंबानां ॥ प्रासादानां तथा सुप्रतिष्ठा ॥ इह कारिता कृतैषा ॥ श्रीशां-

(10) तिसागरसूरिभिश्च ॥ ८ ॥ जातोयं गुर्ज्जरदेशे ॥ तस्माद्गु-र्ज्जरवर्णनम् ॥ क्रियते बुद्धियोगेन ॥ बुद्धि-

(11) मद्भिर्विभाव्यताम् ॥ ९ ॥ सान्निध्ये तीर्थराजो विमलगिरिवरो यस्य चैवोज्जयंत ॥ स्तारंगस्तंभना-

(12) ख्यो गवडिपुरभवो यत्र संखेश्वरश्च ॥ यत्संधौ संस्थितोयं विततगिरिवरो योऽर्बुदाख्यः सुधामा ॥ अन्ये

(13) नेकेपि तीर्था वरभुवि नगरे यत्र देशे प्रसिद्धाः ॥ १० ॥ श्राद्धाः कुर्वंति यस्मिन् जिनवरभुवने भक्ति-

(14) मुद्योतकर्त्रीं ॥ पूजां स्नात्रं च यात्रां विरचति नृकुलो भक्तिभावार्द्रचित्तः ॥ अर्हत्प्रोक्तागमानां श्रवण-

(15) मनुदिनंयात्रादानादिधर्म्माः सौंदर्ये कोपि देशो न भवति सदृशो गुर्ज्जरेणेह लक्ष्म्या ॥ ११ ॥ विस्तीर्णह-

(16) ज्ञातिभिरानमार्गैः ॥ उत्तुंगहर्म्यैः जिनमुख्यचैत्यैः ॥ पुं-
भिर्धनाढ्यैश्च तथा सुगाढ्यैः ॥ अहम्मदावाद इ-

(17) तीह दुर्गः ॥ १२ ॥ तस्मिन् वाणिज्यकर्तृणां ॥ मुख्या
वहर्थिनायकः ॥ संघेशः श्रीहठीसिंहो जातः-

(18) पूर्वोपवर्णितः ॥ १३ ॥ शीलवती च गुणवती ॥ तस्य प्र-
थमा हि रुक्मणी भार्या ॥ हरकुमारिका चान्या

(19) ॥ पुत्रो जयसिंह इति नामा ॥ १४ ॥ हठीसिंहे गते स्वर्गे
पत्नी हरकुमारिका ॥ भर्तुर्वाक्यैः क्रियां सर्वां ॥

(20) चक्रे पूर्वोपवर्णिताम् ॥ १५ ॥ स्त्रीजातावपि संजाता ॥
धन्या हरकुमारिका ॥ पुरुषैः कर्तुमशक्यं यत् ॥

(21) तत्कार्यं साधितं तया ॥ १६ ॥ कुंकुमार्चितपत्राणि ॥
लिखितानि पुरे पुरे ॥ आगच्छंतु कृपां कृत्वा ॥ दर्श-

(22) नार्थं ममांगणे ॥ १७ ॥ तत्पत्रमाकर्ण्य च दूतवाक्यं ॥
चतुर्विधा हर्षभरास्तु संघाः ॥ अहम्मदावादपुरो-

(23) पकंठे मासाः प्रतिष्ठोत्सवमेव द्रष्टुं ॥ १८ ॥ आचार्याः
संघमुख्याश्च ॥ संघैः सह समागताः चतुर्द्ध ॥-

(24) लक्षिता मर्त्या ॥ मिलिता बहुदेशजाः ॥ १९ ॥ चैत्यबिंब
प्रतिष्ठासु ॥ यानत्येषु सधर्मिणाम् ॥ सेवासु-

(25) सूरिसाधूनां ॥ बहु वित्तव्ययं कृतम् ॥ २० ॥ श्रीविक्रमा-
र्कसंवदः ॥ गमितेषु वर्षे १९०३ एकोनविंश-

(26) त्रिशताधिके तृतीये ॥ शाके तु सप्तदशसंख्य १७६८ शताधिकेष्ट ॥ प्रष्टिप्रवर्तनमते समये सुशी-

(27) ले ॥ २१ ॥ माघे मासे शुक्लपक्षे ॥ षष्ठची च भृगुवासरं ॥ कृतमाडंबरेणैव ॥ जलयात्रामहोत्सवं ॥ २२ ॥ ए-

(28) वं क्रमेण सप्तम्यां ॥ विहितं कुंभस्थापनं ॥ अष्टम्यां च नवम्यां तु ॥ नंद्यावर्त्तस्य पूजनं ॥ २३ ॥ दशम्यां ग्रह-

(29) दिग्पाल ॥ क्षेत्रपालादिपूजनं ॥ विंशतिस्थानपूजा च ॥ एकादश्यां तिथौ कृता ॥ २४ ॥ द्वादश्यां च कृ-

(30) तं श्राद्धैः ॥ सिद्धचक्रादिपूजनं ॥ त्रयोदश्यां विरचितं ॥ च्यवनस्य महोत्सवं ॥ २५ ॥ चतुर्दश्यां जन्मभावो ॥

(31) दिग्कुमारिभिरीरितं ॥ पूर्णिमायां कृतं मेरा ॥ विंद्राद्यैः स्नात्रकर्म च ॥ २६ ॥ माघे कृष्णे प्रतिपदि ॥ कृतं चंद्रे च-

(32) वासरे ॥ अष्टादशाभिषेकं तु ॥ द्वितीयायामथापरम् ॥२७॥ उत्सवं पाठशालायां ॥ गमनस्य कृतं वरं

(33) ॥ तृतीयायां कृतं सद्धि ॥ विवाहस्योत्सवं वरं ॥ २८ ॥ दीक्षोत्सवं चतुर्थ्यां च ॥ पंचम्यां भृगुवासरे ॥ नृपलये

(34) च बिंबानां नेत्रोन्मिलनकं कृतं ॥ २९ ॥ षष्ठीतो दशमी यावत् ॥ कलशध्वजदंडयो ॥ प्रासादानां प्रतिष्ठा-

(35) च ॥ महोत्सवैः कृता वरा ॥३०॥ एकादश्यां गुरुदिने ॥ बिंबानां च प्रवेशनं ॥ स्थापना च कृता चैत्ये ॥ सा-

(36) संक्षेपसमन्विता ॥ ३१ ॥ तन्मंदिरे श्रीजिनधर्मनाथो ॥ बिंबप्रवेशस्थितमूलमूर्त्तिः ॥ स्वश्रेयोर्थं च कृता प्र-

(37) तिष्ठा ॥ भवे भवे मंगलकारिणीयम् ॥ ३२ ॥ इयं प्रश-स्तिश्चैत्यस्य ॥ खरतरगच्छे तु क्षेमशस्त्वायां ॥ महो०-

(38) श्रीहितप्रमोद ॥ जिनां कृता पं० सरूपेण ॥ ३३ ॥ इय प्रशस्ति लिखिता ॥ लेखकः विजयरामेण ॥ वनमालि-

(39) दासपुत्रेण ॥ मोढचातुर्वेदातिविप्रेणः ॥ ३४ ॥ उत्कीरितं सूत्रधारः ईसफेन रहेमांनपुत्रेणः ॥ श्रीरस्तु ॥ श्रीः ॥

(५५७)

संवत् १८६७ ना वर्षे चैत्रसुद १५ दने संघसमस्त मलि करीने लपाव्युं छे जे हाथीपोलना चोक मध्ये कोईए देरासर करवा न पामे अने जो कदाचित् देरासर जो कोईए करावेतो तिर्थ तथा समस्त संघनो धुनि छे समस्त संघ देशावरना भेला मळीने ए रीते लपाव्युं छे ते चोकमध्ये आंबली तथा पीप-लानी सांहमा दक्षण तथा उत्तर दिशे तथा पूर्व पश्चिम दशे जे कोई देरासर करावे तेने समस्त संघनो गुनहो छे । सहि छे । सं० १८६७ ना वर्षे चैत्रसुद १५ दने ॥

प्राचीनजैनलेखसंग्रह।

અવલોકન.

(સૂચન.)

આ સંગ્રહમાં આવેલા સમગ્ર લેખોનું, આ શિરો-લેખ નીચે, અવલોકન કરવામાં આવેલું છે. આમાં, દરેક લેખ ક્યાં આવેલો છે, અને તેમાં શી હકીકત સમાયલી છે તેનું સ્પષ્ટીકરણ આપવામાં આવ્યું છે. જે લેખો ઐતિહાસિક દૃષ્ટિએ વિશેષ ઉપયોગી છે અને જેમની સાથે સંબંધ ધરાવનારા ઉલ્લેખો અન્યત્ર મળી આવે છે તેમના વિષયમાં વિશેષ ઉહાપોહ પણ તત્તત્સ્થળે કરેલો છે. જે લેખોમાં ફક્ત નામ વિગેરે સાધારણ બબતોજ આપવામાં આવેલી છે તેમનાં સંબંધમાં, તેમનું સ્થાન આદિ જણાવીનેજ આગળ ચલાવવામાં આવ્યું છે. આ સંગ્રહમાંના બધા લેખો કોઇ એકજ સ્થાનથી પ્રાપ્ત થયેલા નથી પરંતુ જુદા જુદા પુસ્તકોમાંથી અને જુદા જુદા સજ્જનો તરફથી પ્રાપ્ત થયા છે તેથી તત્સંબંધી ઉલ્લેખ પણ, તે તે લેખના અવલોકનમાં યા ટિપ્પણમાં, કરી દીધેલ છે. આ અવલોકનનો ક્રમ, લેખોનાં સંખ્યા–અંક (નંબર) પ્રમાણેજ રાખવામાં આવેલો છે જેથી મૂળ લેખ ઉપર જે સંખ્યાંક આવેલો હોય, તેના વર્ણન માટે આ અવલોકનમાં પણ, તેજ સંખ્યાંક સાથેનું વૃત્તાંત જોવું જોઇએ.

શત્રુંજય પર્વત ઉપરના લેખો.

શત્રુંજય પર્વત જૈન ધર્મમાં સૌથી મ્હોટું તીર્થ મનાય છે. તેના ઉપર સેંકડો જિનમન્દિરો અને હજારો જિનપ્રતિમાઓ સ્થાપિત છે. તીર્થની મહુત્તા અને પ્રાચીનતા જોતાં તેના ઉપર જેટલા શિલાલેખો મળવા જોઇએ તેટલા મળતા નથી. કારણો ઘણાં છે. જેમાં સૌથી મ્હોટું કારણ તેના ઉપરના મંદિરોનું વારંવાર જે સ્મારકામ થાય છે, તે છે. આગળના વખતમાં ઐતિહાસિક વૃત્તાંતો તરફ લોકોનું વિશેષ લક્ષ્ય ન હોવાથી, મન્દિરોનો પુનરૂદ્ધાર કરતી વખતે તેમની પ્રાચીનતા જાળવી રાખવા તરફ બિલકુલ ધ્યાન અપાતું નહિ. તેથી શિલાલેખો વિગેરેને ઉખેડીને આડા અવળા નાંખી દેવામાં આવતા અથવા તો અયોગ્ય રીતે ભીંતો ઈત્યાદિમાં ચણી દેવામાં આવતા હતા. કેટલાક ઠેકાણે ચૂનો, સીમેંટ, યા કળી આદિ પણ આવા શિલાપટ્ટો ઉપર લગાડી દીધેલાં જોવામાં આવે છે. કર્નલ ટૉડ ના કથન પ્રમાણે, પરસ્પર એક બીજા સંપ્રદાયો પણ આપસની ઈર્ષા અને અસહિષ્ણુતાના લીધે આવા શિલાલેખોને નષ્ટ કરવામાં મ્હોટો ભાગ ભજવ્યો છે. આવાં અનેક કારણોને લીધે શત્રુંજય ઉપર બહુજ પ્રાચીન કે મહત્વના શિલાલેખોનું અસ્તિત્વ રહ્યું નથી.

મુંબઈ સરકારના આર્કિઓલૉજીકલ સર્વે તરફથી મી૦ કાઉસેન્સે (Cousens) ઈ. સ. ૧૮૮૮–૮૯ માં, આ પર્વત ઉપરના બધા લેખોની નકલો લીધી હતી. આ લેખોમાં, ૧૧૮ લેખો તેમને સારા ઉપયોગી જણાયા તેથી તેમણે એપીગ્રાફીઆ ઇન્ડિકા (Epigraphia indica) માં પ્રકટ કરવા માટે તેના પ્રકાશક ઉપર મોકલી આપ્યા. પ્રકાશકે, સુપ્રસિદ્ધ ઇતિહાસજ્ઞ ડૉ. જી. બુલ્હર (Dr. G. Buhler,) ને તેમનું સંપાદન કાર્ય સોંપ્યું. તેમણે, ધ્યાનપૂર્વક નિરીક્ષણ કરી એપીગ્રાફીઆ ઇન્ડિકાના બીજા ભાગના છઠા પ્રકરણમાં, પોતાના વકતવ્ય સાથે, એ લેખો પ્રકટ કર્યા છે.

ડૉ. બુલ્હરનું એ લેખોંના વિષયમાં, નીચે પ્રમાણે કથન છે.

"નીચે આવેલા ૧૧૮ લેખો તથા તેમનો સાર મી. કાંઉસેન્સે ૧૮૮૮-૮૯ (ઇ. સ.) માં પાલીતાણા નજીકના શત્રુંજય પર્વત ઉપર આવેલાં જૈન દેવાલયોમાંથી લીધેલા છે અને પ્રકાશકે તે મારા તરફ મોકલી આપ્યા છે. તેના બે મોટા વિભાગ પડી શકે: (૧) નં. ૧-૩૨ જેની મિતિ સંવત્ ૧૫૮૭ થી ૧૭૧૦ સુધીની છે, અને (૨) નં. ૩૩-૧૧૮ જેની મિતિ સંવત્ ૧૭૮૩ થી ૧૯૪૩ અગર ઈ. સ. ૧૮૮૭ [1] સુધીની છે. બીજા વિભાગના લેખોમાંથી ઐતિહાસિક બાબતો બહુ થોડી નીકળે તેવી છે તેથી મેં અહીં આપ્યા નથી પણ તેમના ટુંકસાર આપ્યા છે. પરંતુ નં. ૧૦૫ (આ સંગ્રહમાં નં. ૩૨) નો લેખ આખો આપ્યો છે. કારણ કે તેમાં અંચલગચ્છની હકીકત પૂરી આપી છે અને તેના વિષે હજુ સુધીમાં બહુ થોડું જાણવામાં આવ્યું છે. આ લેખો હાલના વખતના યતિઓ કેવી સંસ્કૃતનો ઉપયોગ કરે છે તેના નમૂનો રૂપે છે; તથા, જુનાં પુસ્તકો અને લેખોમાં વપરાતી મિશ્રભાષાનું મૂળ ખોળી કાઢવામાં એ સહાયભૂત થશે અને જુના જૈન વિદ્વાનો જેવા કે મેરૂતુંગ, રાજશેખર, અને જિનમંડનની ભાષાને સંસ્કૃતવ્યાકરણના નિયમો લગાડવાનું પણ સુલભ થઇ પડશે. આ લેખના ઉતારા અને નં. ૧-૩૩, તથા નં. ૧૧૮ ની નકલ ડાકટર જે० કિર્સ્ટે (J. Kirste), જે વીએના યુનવર્સીટીના પ્રાઇવેટ ડોસન્ટ (Private Dccent) છે તેમણે તૈયાર કરી હતી, અને તેમની નીચે આપેલી ટીપો પણ તેમણે કરેલી છે.

આ ૧૧૮ લેખો માં આવેલી ઐતિહાસિક હકીકતના નીચે પ્રમાણે વિભાગ થઈ શકે :—

(૧) પશ્ચિમ હિંદની રાજકીય હકીકત;

(૨) જૈન સાધુઓના સંપ્રદાયો વિષેની હકીકત;

(૩) જૈન શ્રાવકોના ઉપવિભાગો વિષેની હકીકત.

પહેલી બાબતને માટે નં. ૧ નો લેખ ઘણો ઉપયોગી છે; કારણ કે તેમાં (*પં. ૧) ગુજરાતના ત્રણ સુલ્તાનોનાં નામ આપ્યાં છે; (૧)

---

૧. નં. ૯૬-૯૭ ની મિતિ નકકી નથી. નં. ૯૮ તે ખરી રીતે નં. ૧૨ પછી મૂકવો જોઇએ.

* એપીગ્રાફીઆ ઇન્ડિકામાં એ બધા લેખો, શિલાપટ્ટોની પંક્તિઓના અનુસારે છાપેલા છે પરંતુ મેં આ સંગ્રહમાં, પદ્યબંધ લેખોને તો પદ્યાનુસાર અને ગદ્યલેખોને કેવલ સંલગ્ન જ આપી દીધા છે તેથી ડૉ. બુલ્હરની સૂચવેલી પંક્તિઓ પ્રમાણે ત્યાં ન જોતાં પદ્યાંક પ્રમાણે જોવું— સંગ્રાહક.

મહિમુદ, (૨) મદાફર, અને (૩) બાહદર. અને તેમાં કહેલું છે કે મદાફર વિક્રમ સંવત્ ૧૫૮૭ માં જીવતો હતો,* તથા (પં. ૨) તેનો પ્રધાન ખાન (ખાન) મઝાદખાન અગર મઝાદક (પં. ૨૬) હતો. તેમાં વળી (પં. ૮–૧૦) ચિત્રકૂટના ચાર રાજાઓનાં નામો પણ આપ્યાં છે—(૧) કુંભરાજ, (૨) રાજમલ્લ, (૩) સંગ્રામસિંહ, અને (૪) રત્નસિંહ. તેમાંનો છેલ્લો રાજા સં. ૧૫૮૭ માં રાજ્ય કરતો હતો (પં. ૨૩). કર્મસિંહ અગર કર્મરાજ જેણે (પં. ૨૭) પુંડરીક પર્વતના દેવાલયનો સપ્તમ ઉદ્ધાર કર્યો અને તેને પુનઃ બંધાવ્યું, તે, તેનો મુખ્ય પ્રધાન હતો. વિશેષમાં (પં. ૨૬) એમ કહેલું છે કે તેણે સુલ્તાન બહાદુરની રજાથી એ કામ કર્યું હતું અને તેની પાસેથી તેણે એક 'સ્ફુરન્માન' એટલે કે ફરમાન મેળવ્યું હતું. મંત્રી રવ (' રવાખ્ય ') નરસિંહક+ જે ઘણું કરી જૈન હતો અને જે સુલ્તાન બહાદુરના મુખ્ય મંત્રીની નોકરીમાં હતો તેણે બાદશાહ સાથે પત્રવ્યવહાર ચલાવ્યો હતો.

ગુજરાતના રાજ્યકર્તાઓની યાદિ વિષે જાણવું જોઈએ કે સુલ્તાન બહાદુરના બે ભાઈ સુલ્તાન સિકંદર અને મહમૂદ, જેમણે સુલ્તાન મુઝફ્ફર બીજા પછી થોડાં થોડાં વર્ષ રાજ્ય કર્યું, તેમનાં નામ કાઢી નાંખવામાં આવ્યાં છે. ખાન મઝાદ અગર મઝાદક જેને આપણા લેખમાં સં. ૧૫૮૭ માં બહાદુરનો વજીર કહેલો છે તે હું ઓળખી શકતો નથી.‡ મિરાત–ઇ–સિકંદરી[૨] ના પ્રમાણે ઈ. સ. ૧૫૨૬ માં તાજખાન ઉપર એ ઈલ્કાબ એનાયત કર્યો હતો. વળી, ટૉડ (Tod) ના રાજસ્થાનમાં કર્મરાજ અગર કર્મસિંહનું

---

* આ કથન ભૂલ ભરેલું છે લેખમાં કાંઈ તેની વિદ્યમાનતા બતાવી નથી પરંતુ બહાદુરશાહ, તેની ગાદીએ બેઠો હતો એ સૂચવવાને માટે श्रीमदाफरपट्टोद्द्योतकारक એમ લખવામાં આવ્યું છે.—સંગ્રાહક.

\+ ડૉ. બુલ્હર ' मंत्री रवाह्यो नरसिंहकः ' (પદ્ય ૨૭) એ વાક્યમાં મુંઝાણા છે અને નરસિંહ એ રવાખ્યનું વિશેષણ માની એકલા રવાનેજ મંત્રી લખ્યો છે. પરંતુ એ ભૂલ છે. રવા (યા રવીરાજ) અને નરસિંહ બન્ને મઝાદખાનના અમાત્ય હતા. જુઓ, મ્હારો शत्रुंजयतीर्थोद्धारप्रबंध.—સંગ્રાહક.

‡ મઝાદખાન, બહાદુરનો વજીર નહિ પણ સોરઠનો સુબો હતો. જુઓ ' ગુજરાતનો અર્વાચીન ઇતિહાસ.' (પૃ. ૪૭)—સંગ્રાહક.

૨. 'લોકલ મુહમેદન ડીનેસ્ટીઝ ઑફ ગુજરાત'–સર. ઇ. સી. બેલી (Bayley ; પૃ ૩૩૪.

નામ આવતું નથી. તોપણ આ લેખના ખરાપણા વિષે શક રાખવાની જરૂર નથી. ચાર રાણાઓની યાદી ટોડની યાદી પ્રમાણેજ છે. મિરાત-ઈ-સિકંદરી (પૃ. ૩૫૦) માં કહ્યા પ્રમાણે રત્નસિંહે સંવત ૧૫૮૭ માં રાજ્ય કર્યું અને તેને ગુજરાતના સુલ્તાન સાથે મિત્રતા હતી.

ત્યાર બાદ ત્રીજા અગર ચોથા મોગલ બાદશાહોના વખતની મિતિઓ આવે છેઃ—

(૧) નં. ૧૫, ૧૭—૨૦, ૨૩, ૨૪ ના લેખો જે બધા સંવત્ ૧૬૭૫ ના છે તેમાં તથા સંવત્ ૧૬૮૩ ના નં. ૨૭ ના લેખમાં જહાંગીરને 'નુરદીન જ૦ સવાઈ' તરીકે ઓળખાવ્યો છે. નં. ૧૭-૨૦ માં રાજકુમાર ખોસ્રૂ (શાહિજાદા સુરતાણ ખોસરુ) અને સુલ્તાન ખુર્મે (સહિયાન સુરતાણ પુરમે), અમદાવાદ (રાજનગર) ના સુબાનાં નામો આવે છે.

(૨). નં. ૩૩ નો લેખ જેની મિતિ વિક્રમ સં. ૧૬૮૬ અને શક સંવત્ ૧૫૫૧ છે તેમાં શાહજિહાન (શાહ જ્યાહાં) નું નામ એક વખત આવે છે. આ બે મિતિઓ બરાબર રીતે મળતી આવે છે. વળી, સુરતાણુ ખુર્મે, અગર, સુલ્તાન ખુર્રમ અગર શાહજિહાન સંવત્ ૧૬૭૫ માં ગુજરાતનો સુબો હતો તે પણ ખરૂં છે, કારણ કે મુસલમાન ઇતિહાસકારો જણાવે છે કે (અકબરે) ગુજરાત પ્રાંત ઈ. સ. ૧૬૧૭ માં મેળવ્યો હતો. શાહિજાદા સુરતાણુ ષોસરુ એટલે કે શાહજાદા ખોસ્રૂ (નં. ૧૭—૨૦) જે વિક્રમ સંવત્ ૧૬૭૫ માં જીવતો હતો પણ તેના બાપના રાજ્યના બીજા વર્ષથી કેદી હતો, તેનું નામ પણ ઉપયોગી છે.

કાઠીયાવાડના જાગીરદારો વિષે તેમાં કહેલું છે કે—

(૧) જામ (યામ) શત્રુશલ્ય તેનો પુત્ર જસવન્ત. કે જેણે (નં. ૨૧, પં. ૪) નવીનપુર, એટલે કે નવાનગર, હાલ્લાર. એટલે કે હાલાર પ્રાંતમાં, વિ. સં. ૧૬૭૫ માં રાજ્ય કર્યું.

(૨) પાલીતાણાના કેટલાક ગોહેલ રાજાઓઃ—

(अ). ખાંધુજી અને તેનો પુત્ર શિવાજી, (નં. ૨૭, પં. ૩૮—૫,) વિ. સં. ૧૬૮૩;

(ब) ઉનડાજી, (નં. ૫૧,) વિ. સં. ૧૮૬૧;

(क) ખંત્રાજી; તેનો પુત્ર નોઘણજી, અને તેનો પૌત્ર પ્રતાપ-

સિંધજી, (નં. ૬૮ ને ૬૯,) વિ. સં. ૧૮૯૧-૯૨.

(ङ) નોંઘણજી અને તેનો પુત્ર પ્રતાપસિંધજી, (નં. ૯૬) વિ. સં. ૧૯૧૦; અને

(छ) પ્રતાપસિંધજી, વિ. સં. ૧૯૧૬ (નં. ૧૦૩).

(फ) સૂરસિંધજી, (નં. ૧૧૧,) વિ. સં. ૧૯૪૦.

આ લેખોમાં આપેલી હકીકત તથા બૉમ્બે ગૅઝેટીઅર (Bombay Gazetteer) પુ. ૮, પૃ. ૫૫૯ માં આપેલી નવાનગર અને પાલિતાણાની હકીકત એ બંને મળતી આવે છે. ગૅઝેટીઅર પ્રમાણે જામ સતાજીના પુત્ર જામ જસોજીએ ઇ. સ. ૧૬૦૮ થી ૧૬૨૪ સુધી રાજ્ય કર્યું. જસોજી ને જસવન્ત માનવો એ કઠણ નથી. સતાજી એ સત્રસાલ, જેનું સં. શત્રુશલ્ય (શત્રુઓને બાણ તુલ્ય) થાય છે તેનું ટુંકું રૂપ છે. ગોહેલ વિષે આપણા જોવામાં આવે છે (પૃ. ૬૦૪) કે ખન્દોજી બીજા પછી સવજી બીજો થયો. લેખમાં સાથે વર્ણવેલા આ એ છે, કારણ કે સવજીને ઇ. સ. ૧૭૬૬ ની પહેલાં પાંચ જમાના આગળ મૂક્યો છે. લેખમાં બીજા વર્ણવેલા માણસોને ગૅઝેટીઅરમાં ઉનડજી ઈ. સ. ૧૭૬૬-૧૮૨૦. ખન્દોજી ચોથો, ૧૮૨૦ -૧૮૪૦. નોંઘણજી ચોથો, ઇ. સ. ૧૮૪૦-૧૮૬૦. પ્રતાપસિંધજી, ૧૮૬૦. સૂરસિંધજી, ૧૮૬૦ થી ચાલુ. જો કે પાલીતાણા રાજ્ય કાઠીયાવાડના બીજા રાજાઓને ખંડણી આપે છે છતાં પણ નં. ૯૬ માં નોંઘણજીને રાજરાજેશ્વર તથા મહારાજાધિરાજ કહેલા છે. વળી, ગૅઝેટીઅરમાં કહ્યા પ્રમાણે, ઠાકુર નોંઘણજીને એટલી બધી આવક નહોતી; તેના વારસોને પાંચ લાખની આવક હતી; કારણ કે જ્યારે પ્રતાપસિંધજીએ એ રાજ્ય પોતાના તાબામાં લીધું ત્યાંસુધી અમદાવાદના નગરશેઠ વખતચંદે ઇ. સ. ૧૮૨૧-૧૮૩૧ સુધી તેની જાગીર રાખી હતી. અમદાવાદ, મુંબઈ અને બીજા મોટા શહેરોના દાતાઓએ અંગ્રેજ સરકારનું નામ આપ્યું નથી. પણ હરપચંદ અગર હરખચંદ જે દમણબંદર અગર દમણનો હતો તેણે નં. ૪૫, વિ. સં. ૧૮૬૦ ના લેખમાં એમ કહેલું છે કે ' फिरंगीजातिपुरतकाव्वादसाहि ' એટલે કે પોર્તુગાલના રાજાએ તેને માન આપ્યું હતું. આની સાથે સરખાવતાં અમદાવાદના નગરશેઠની કૃતઘ્નતા જણાઈ આવે છે.

બીજી ઉપયોગી બાબત એ છે કે આ લેખોમાં જૈનસંપ્રદાયો જેવા કે ખરતર, તપા, આંચલ અને સાગર આદિ ગચ્છો વિષેની ઘણીજ માહિતી આપી છે.

પહેલા બે ગચ્છોનાં ગુરૂઓનાં નામો ડાકટર ક્લૅટે (Klatt) ઈન્ડીઅન એન્ટીક્વેરી (Indian Antiquary), પુ. ૧૧, પૃ. ૨૪૫ માં પ્રકટ કર્યાં છે. તથા વાડિપુરપાર્શ્વનાથના દેવાલયની પ્રશસ્તિમાંથી પણ ખરતર પટ્ટાવલી પુ. ૧, પૃ. ૩૧૯ માં આપી છે. મારા જાણવા પ્રમાણે બીજી બે પટ્ટાવલીઓ હજુ સુધી બહાર આવી ન હોતી:—

૧. ખરતર ગચ્છની પટ્ટાવલી.

આ યાદી નં. ૧૭ માં આપી છે:—

૧. ઉદ્(દ્)યોતનસૂરિ.
૨. વર્ધમાનસૂરિ, ' વસતિમાર્ગ-પ્રકાશક. '
૩. જિનેશ્વરસૂરી, પહેલા.
૪. જિનચંદ્રસૂરિ, પહેલા.
૫. અભયદેવસૂરિ, નવાંગી વૃત્તિના કર્તા તથા સ્તંભનપાર્શ્વનાથને પ્રકટ કરનાર.
૬. જિનવલ્લભસૂરી.
૭. જિનદત્તસૂરિ, જેમને એક દેવતાએ ' યુગ પ્રધાન '[3] નો ઇલ્કાબ આપ્યો.
૮. જિનચંદ્રસૂરિ, બીજા.
૯. જિનપત્તિ સૂરિ.[4]
૧૦. જિનેશ્વરસૂરિ, બીજા.
૧૧. જિનપ્રબોધસૂરિ.
૧૨. જિનચંદ્રસૂરિ, ત્રીજા.
૧૩. જિનકુશલસૂરિ.
૧૪. જિનપદ્મસૂરિ.
૧૫. જિનલબ્ધિસૂરિ.
૧૬. જિનચંદ્રસૂરિ ચોથા.
૧૭. જિનોદયસૂરિ.
૧૮. જિનરાજસૂરિ.
૧૯. જિનભદ્રસૂરિ.[5]
૨૦. જિનચંદ્રસૂરિ, પાંચમા.
૨૧. જિનસમુદ્રસૂરિ.
૨૨. જિનહંસસૂરિ.
૨૩. જિનમાણિક્યસૂરિ.

૨૪. જિનચંદ્રસૂરિ, છઠ્ઠા,[6] જેમણે દીલ્હીના પાતિસાહિ અકબરને બોધ આપ્યો અને તેથી તેમને યુગ પ્રધાનનો ઇલ્કાબ મળ્યો; તથા બધા દેશોમાં ૮ દિવસ હિંસા નહિ કરવાનું ફરમાન મળ્યું; તેમણે જહાંગીરને પ્રસન્ન કર્યો અને દેશપાર કરેલા સાધુઓને બચાવ્યા.

---

૩. નં ૧૮ માં પણ પહેલા ૭ સૂરિઓનાં નામ આપેલાં છે.

૪. પાટણની પ્રશસ્તિમાં પણ આજ નામ આપેલું છે અને તે ડાકટર ક્લૅટ (Klatt) ના જિનપતિ (ઈન્ડી. એન્ટી. પુ ૧૧, પૃ. ૨૪૫) કરતાં વધારે સારૂં છે.

૫ નં. ૧૮ માં પણ છે.

૬. નં. ૧૮-૨૦, ૨૩ ૩૪ માં છે.

૨૫. જિનસિંહસૂરિ જેમણે ૧૨૫૦૦૦૦૦ (સપાદકોટી) ના ખર્ચે મંત્રી કરમચંદ્ર પાસે નંદિનો ઉત્સવ કરાવ્યો.[૭] જેઓ કઠિન કાશ્મીર અને અન્ય દેશોમાં ફર્યા, જેમણે અકબર સાહિને પ્રસન્ન કર્યો, જળચરોનો વધ એક વર્ષ સુધી બંધ કરાવ્યો, શ્રીપુર[૮], ગોલકુંડા (ગોલકોંડા) ગજ્જણા, (ધઝની) વિગેરે દેશોમાં પ્રાણિહિંસા બંધ કરાવી, તથા જેમણે જહાંગીર-નૂરદી-મહમ્મદ પાસેથી 'યુગપ્રધાન' નો ઇલ્કાબ મેળવ્યો.

૨૬. જિનરાજ[૯] જેમનાં મા બાપ સાહ ધર્મસી, અને ધારલદે હતાં, જેઓ બોહિત્થ જાતના હતા, જેમણે અંબિકા પાસેથી વરદાન મેળવ્યું અને ધંધાણીપુરની એક જુની પ્રતિમા ઉપરની પ્રશસ્તિ વાંચી. નં ૨૬ માં તેમને માટે બીજી મિતિ સં. ૧૬૮૨ ની છે.

અર્વાચીન લેખોમાંઃ—

જિનચન્દ્રસૂરિ, સંવત્ ૧૭૯૪[૧૦] (નં. ૩૯); જિનહર્ષસૂરિ[૧૧] સંવત્ ૧૮૮૭ (નં. ૬૦), સંવત ૧૮૮૮, સંવત્ ૧૮૯૧ (નં. ૬૮), સં. ૧૮૯૨ (નં. ૬૯); જિનમહેન્દ્રસૂરિ, જિનહર્ષસૂરિના અનુગ, સવંત ૧૮૯૩ (નં. ૮૦), જે પિપ્પલીય શાખાના છે એમ કહેલું છે (નં. ૮૨–૮૫[૧૨]) સંવત્ ૧૯૦૩ (નં. ૮૮).

જિનસૌભાગ્યસૂરિ, જિનહર્ષના અનુગ, સંવત્ ૧૯૧૦ (નં. ૧૬).

જિનમુક્તિસૂરિ, સંવત્ ૧૯૨૨ (નં. ૧૦૬). અર્વાચીન લેખો જણાવે છે કે ખરતરગચ્છના ઘણા ગુરૂઓ હતા અને આ બાબત સર્વને સુવિદિત છે. ૧૮૭૪ માં જેસલમીરમાં જિનમુક્તસૂરિને હું મળ્યો, અને બિકાનેરમાં હેમસૂરિને પણ મળ્યો. આજ સંપ્રદાયના ત્રીજા યુગ પ્રધાનના શિષ્યો ૧૮૭૬ માં મને સુરતમાં મળવા આવ્યા હતા, તે વખતે તેમના ગુરૂ સુરત થઇને જતા હતા.

---

૭. નં. ૧૮-૨૦, ૨૩–૨૪ માં ' અકબર સાહિ આગળ ' એમ છે.

૮. નં. ૧૮ પ્રમાણે શ્રીકારતીપુર, નં. ૧૯ પ્રમાણે શ્રીકાર-શ્રીપુર, નં. ૨૩ પ્રમાણે શ્રીપુર

૯ નં. ૧૮-૨૦, ૨૩-૨૪, ૨૬ માં એજ પ્રમાણે છે.

૧૦ સં. ૧૮૩૩ માં (કલૅટમાં) જિનચંદ્ર (નં. ૬૯) છે.

૧૧ ક્લૅટની યાદિ, ઇન્ડી૦ ઍન્ટી. પુ. ૧૧, પૃ. ૨૪૫ માં આ ઉલ્લેખ છે.

૧૨ નં. ૮૨–૮૫ માં જિનદેવના અનુગ જિનચંદ્રસૂરિ જીવતા હતા એવી ટીપ છે. પિપ્પલીઆ ખરતરગચ્છ વિષે જુઓ ક્લૅટ, નં. ૫૬.

૨ તપાગચ્છની પટ્ટાવળી.

નં. ૧૨ માં પહેલાં વર્ધમાન (પદ્ય ૨) નું નામ આવે છે; પછી સુધર્મ (પદ્ય ૩), સુસ્થિત અને સુપ્રતિબુદ્ધ, કોટિક ગણના સ્થાપનાર (પદ્ય ૪) વજ્ર, વજ્રી શાખાનો સ્થાપનાર (પદ્ય ૫) વજ્રસેન અને તેના શિષ્યો નાગેન્દ્ર, ચન્દ્ર, નિર્વૃતિ અને વિદ્યાધર; એમાંના ત્રીજાએ ચાંદ્રકુલ (પદ્ય ૬–૭) સ્થાપ્યું. જગચ્ચંદ્ર જેણે સંવત્ ૧૨૮૫ માં 'તપાબિરૂદ' (પદ્ય ૯) મેળવ્યું. ત્યારબાદ નિચે પ્રમાણે:—

(૧) * આનંદવિમલ (કલૅટ નં. ૫૬) જેણે સંવત્ ૧૫૮૨ (પદ્ય ૧૦–૧૧) માં યતિઓની વર્તણુંક સુધારી,

(૨) વિજયદાન (કલૅટ નં. ૫૭) (પદ્ય. ૧૨–૧૩).

(૩) હીરવિજય (કલૅટ નં. ૫૮) (પદ્ય ૧૪–૨૪,) જેમને સાહિ અકબરે મેવાતમાં બોલાવ્યા હતા, જેમણે સં. ૧૬૩૯ માં ૭ માસ સુધી પ્રાણિવધ અટકાવવાને, મરેલા માણસની મિલ્કત જપ્ત નહિ કરવાને, જીજિઆ વેરો અને શુલ્ક છોડી દેવાને, કેદીઓને છૂટા કરવાને, બાંધેલાં પશુ પક્ષીઓને છૂટાં મૂકવાને, શત્રુંજય જૈનોના હસ્તગત કરવાને અને જૈન પુસ્તકાલય સ્થાપવાને (पौस्तुकं भांडागारम्), બાદશાહ પાસેથી ફરમાન કઢાવ્યાં; જેમણે [13]લુમ્પકોના ગુરૂ મેઘજીને જૈન બનાવ્યો, જેમણે તપાગચ્છમાં ઘણા લોકોને આણ્યા, ગુજરાત અને બીજા દેશોમાં ઘણાં દેવાલયો બંધાવરાવ્યાં તથા ગુજરાત માળવા વિગેરેના ઘણા લોકોને શત્રુંજયની યાત્રા કરવાને કહ્યું. નં. ૧૧૮ (આ સંગ્રહમાં નં. ૩૩) માં આવી એક યાત્રાનું વર્ણન આપે છે જે વિમલહર્ષ તથા બીજા ૨૦૦ સાધુઓએ કરી હતી. વળી એજ લેખમાં કહ્યું છે કે હીરવિજય + સાફ (Sapha) જાતના

---

* જગચ્ચંદ્રસૂરિ પછી તરતજ આનંદવિમલસૂરિ થયા એમ નથી, પરંતુ તેમની શિષ્યપરંપરામાં કેટલાક આચાર્યો થયા પછી સોળમા સૈકાની અંતમાં આ આચાર્ય થયા હતા. બાકી જગચ્ચંદ્રસૂરિ તો તેરમા સૈકાની અંતે થયેલા છે, કે જે ઉપર લખવામાં આવ્યું છેજ—**સંગ્રાહક.**

૧૩. લુમ્પકો વિષે જુઓ ભાન્ડારકરનો 'રીપોર્ટ ઓન સં. મૅન્યુસ્ક્રીપ્ટ્સ' ૧૮૮૩-૮૪, પૃ. ૧૫૩.

+ મૂળ લેખમાં सुविहितसाधुक्षीरसागरप्रोल्लासितशीतपादानां (ક્રિયાપાત્ર એવા સાધુ રૂપ સમુદ્રને ઉલ્લસિત કરવામાં ચંદ્ર જેવા) એવું હીરવિજયસૂરિનું વિશેષણ છે. એ

હતા. નં. ૧૨ પ્રમાણે, તેઓ સં. ૧૬૫૨ માં ભાદરવા સુદ ૧૦ મના દિવસે ઉન્નતદુર્ગમાં અન્નનો ત્યાગ કરી મરી ગયા, અને તેમની પાદુકાઓ તેજ વર્ષમાં માર્ગ વદિ ૯ ને દિવસે, સોમવારે, સ્તંભતીર્થ (ખંભાત) ના ઉદયકર્ણે બનાવરાવી અને વિજયસેને તેમની પ્રતિષ્ઠા કરી.

(૪) વિજયસેન (ક્લૅટ, નં. ૫૯) (પદ્ય ૨૫-૩૪). જેમને અકબરે લાભપુર (લાહોર) માં બોલાવ્યા હતા, અને જેમણે તેની પ.સેથી ઘણું માન તથા એક ફરમાન મેળવ્યું, જેમાં ગાવધ, બળદો તથા ભેંસોની હિંસા, મરેલા મનુષ્યોની મિલકત જપ્ત કરવાનું તથા લડાઇના કેદીઓ પકડવાનું બંધ કરવામાં આવ્યું હતું. જેમણે ચોલી બેગમ (ચોલી વેગમ) ના પુત્ર, રાજા, ના આવકારથી ગુજરાતમાં આવવાની મહેરબાની કરી. છેલ્લી મિતિ સંવત ૧૬૫૦.

(૫) વિજયદેવ (ક્લૅટ નં. ૬૦) નું નામ નં. ૨૫, સં. ૧૬૭૬, નં. ૩૧, સં. ૧૬૯૬, નં. ૩૨, ૩૩, સં. ૧૭૧૦ માં આવે છે. આ લેખો ઉપરથી જણાય છે કે તેમણે પાતિસાહિ જહાંગીર પાસેથી 'મહાતપા' નો ઈલ્કાબ મેળવ્યો. તેમનો વારસ વિજયસિંહસૂરિ જે, ક્લૅટના કહેવા પ્રમાણે, તેમના પહેલાંજ પંચત્વને પામ્યો (સં. ૧૭૦૯) તેનું નામ નં. ૩૨, સંવત્ ૧૭૧૦ માં આવે છે. તેમાં એમ કહેલું છે કે સહસ્રકૂટ તીર્થ તેમના ઉપદેશથી અર્પણ કરવામાં આવ્યું હતું.

(૬) વિજયપ્રભ (ક્લૅટ નં. ૬૧) નું નામ નં. ૩૩, સં. ૧૭૧૦, માં આવે છે. તેમને 'આચાર્ય' અને 'સૂરિ'ના ઈલ્કાબો મળેલા છે, અને તેથી એમ લાગે છે કે તેઓ હજુ સુધી મુખ્ય ગુરૂ નહિ હોય. વિજયદેવને અહીં ભટ્ટારક કહેલા છે; પણ આ ક્લૅટની પટ્ટાવળીની વિરૂદ્ધ છે, કારણ કે તેમાં વિજયદેવનું મૃત્યુ સં. ૧૭૦૯ માં થયું એમ કહેલું છે. §

વાક્યમાં સાફુ શબ્દના 'ફુ' ને બદલે 'ફ' વાંચી હીરવિજયસૂરિને સાફ [Sapha] જાતના બતાવવાની મ્હોટી અને હસવા જેવી ભૂલ કરેલી છે.—સંગ્રાહક.

§ આ આખો પેરો ભૂલ ભરેલો છે. હકીકત એમ છે, કે, વિજયદેવસૂરિએ પોતાની પાટે બેસવા માટે પ્રથમ વિજયસિંહને સૂરિપદ આપ્યું હતું, પરંતુ તેઓ થોડાજ સમય પછી સ્વર્ગસ્થ થઈ ગયેલા હોવાથી પછી વિજયપ્રભને સૂરિપદ આપવમાં આવ્યું. ક્લૅટે વિજયદેવસૂરિનો સ્વર્ગવાસ જે સંવત ૧૭૦૯ માં લખ્યો છે તે પણ ખોટો છે કારણ કે તેમનો કાલ સં. ૧૭૧૩ માં થયો હતો.—સંગ્રાહક.

અર્વાચીન લેખોમાં આ પ્રમાણે છેઃ—

વિજયક્ષમાસૂરિ, નં. ૩૮

વિજયદયાસૂરિ, નં. ૩૭, ભટ્ટારક, સં. ૧૭૮૮. (સુમતિસાગર, નં. ૩૭ તથા ભટ્ટારક, નં. ૩૮, સં. ૧૭૯૧)

વિજયજિનેન્દ્રસૂરિ, નં. ૪૪, સં. ૧૮૪૩, નં. ૪૬–૪૯ સંવત ૧૮૫૦.

વિજયધનેશ્વરસૂરિ, નં. ૭૮ સં. ૧૮૯૩.

વિજયદેવેન્દ્રસૂરિ[૧૪], નં, ૮૬, સં. ૧૮૯૭, નં. ૮૯, સં. ૧૯૦૫, નં. ૪૨, સં. ૧૯૦૮. નં. ૯૭, સં. ૧૯૧૧, નં. ૧૦૪, સંવત્ ૧૯૧૬, નં. ૧૦૭, સં. ૧૯૨૪.

વિદ્યાનંદસૂરિ, જે ધનેશ્વરના અનુગહતા, નં. ૧૦૩, સં. ૧૯૧૬. નં. ૭૬, સં. ૧૮૯૩ અને નં. ૯૩ સં. ૧૯૪૦ માં વિજયસિંહસૂરિના વંશના સંવિજ્ઞયમાર્ગીય તપાગચ્છનું નામ આપ્યું છે.

૩–આંચળ અગર વિધિપક્ષ ગચ્છની પટ્ટાવળી.

પહેલા સત્તર ગુરૂઓનાં નામો સં. ૧૬૭૫ના નં, ૨૧ અને સં. ૧૬૮૩ ના નં. ૨૭ માં આપ્યાં છે, તથા બાકીનાનાં નામો સંવત્ ૧૯૨૧ ના નં. ૧૦૫ (આ સંગ્રહમાં નં. ૩૨) માં છે.

(૧) આર્યરક્ષિત.
(૨) જયસિંહ.
(૩) ધર્મઘોષ.
(૪) મહેંદ્રસિંહ.
(૫) સિંહપ્રભ.
(૬) દેવેન્દ્ર અગર દેવેન્દ્રસિંહ.
(૭) ધર્મપ્રભ.
(૮) સિંહતિલક.
(૯) મહેન્દ્ર.
(૧૦) મેરૂતુંગ.
(૧૧) જયકીર્તિ.
(૧૨) જયકેશરિ.
(૧૬) ધર્મમૂર્તિ.
(૧૭) કલ્યાણસાગર અગર કલ્યાણસમુદ્ર, સંવત ૧૬૭૫ અને ૧૬૮૩.
(૧૮) અમરસાગર.
(૧૯) વિદ્યાસાગરસૂરિ (વિદ્યાબ્ધિ)
(૨૦) ઉદયાર્ણવ અગર ઉદયસાગર
(૨૧) કીર્તિસિંધુ અગર કીર્તિસાગર, (નં. ૫૧, સંવત્ ૧૮૬૧)
(૨૨) પુણ્યોદધિ અગર પુણ્યસાગર, (નં. ૫૧, સં. ૧૮૬૧)
(૨૩) મુક્તિસાગર, સંવત્ ૧૯૦૫.[૧૫]
(૨૪) રત્નોદધિ, સં ૧૯૨૧.

૧૪. તેની જોડણી વળી આમ પણ થાય છેઃ વિજયદેવીન્દ્ર, અને વિજયદેવીદ્ર.
૧૫. નં. ૯૦. તેના પહેલાં રાજેન્દ્રસાગર છે, સંવ ૧૮૮૬, નં. ૫૬ ત

(૧૩) સિદ્ધાંતસમુદ્ર અગર સિદ્ધાંતસાગર.
(૧૪) ભાવસાગર.
(૧૫) ગુણનિધાન અગર ગુણસમુદ્ર.
(૨૫) વિવેકસાગર, સંવત ૧૬૪૦, (નં. ૧૧૧.)

૪ સાગરગચ્છની પટ્ટાવળી.

આયાદી, ઘણી ખરી, નં. ૬૧ માં આવી છે અને તેમાં અર્વાચીન મિતિ સં. ૧૭૦૫ છે.

(૧) રાજસાગર. (૨) વૃદ્ધિસાગર.
(૩) લક્ષ્મીસાગર. (૪) કલ્યાણસાગર.
(૫) પુણ્યસાગર. (૬) ઉદયસાગર.
(૭) આણન્દસાગર.
(૮) શાંતિસાગર, સંવત ૧૮૮૬, નં. ૫૫, નં. ૫૬; સંવત ૧૮૮૯, નં. ૬૨, નં. ૬૫; સંવત ૧૮૯૬, નં. ૭૦, નં. ૭૧, નં. ૭૨, નં. ૭૯.

બીજા બે ગચ્છોના ગુરૂઓનાં નામ.

(૧) રાજસોમસૂરિ, લઘુપોસાલ ગચ્છ, નં ૪૨, સં. ૧૮૧૫,
(૨) પંડિત આણન્દકુશળ, પાશચન્દ ગચ્છ, નં. ૯૫, સં. ૧૯૦૮.

કોઇને એમ વિચાર ઉત્પન્ન થાય કે 'પાયચન્દ' એ પાશચન્દ અગર પાસચન્દને બદલે ભૂલથી વાપર્યું છે, પણ જુઓ ભાન્ડારકરનો 'રીપોર્ટ ઓન સં. મેન્યુસ્ક્રીપ્ટ્સ' ૧૮૮૩-૮૪, પૃ. ૧૩૫.

જૈન સાધુઓના વિભાગો પછી, શ્રાવકોના વિભાગો જાણવા જરૂરના છે, અને સુભાગ્યે એવી બાબતોની માહિતી આપણા આ લેખોમાં આપી છે. લેખોમાં જે જે ન્યાતોનાં નામો વપરાએલાં છે તે માંહ્યાં, ઓસવાલનું નામ ઘણીવાર આવે છે. કારણકે આ ન્યાત જો કે બહુ ઉમદા કુલમાંથી ઉતરી આવેલી નથી, * પરંતુ તે ઘણી પૈસાદાર છે. તેનાં જુદાં જુદાં રૂપો વાપર્યાં

* ડૉ. બુલ્હરનું આ કથન ભૂલ ભરેલું છે. કારણ કે ઓશવાલ જાતિ વિશુદ્ધ ક્ષત્રિયો-રાજપૂતોની બનેલી છે. ક્ષત્રિયોમાં માંસભક્ષણ અને મદ્યપાન પ્રચલિત હોવાથી તેમનાથી જુદા કરવા માટે પૂર્વના જૈનાચાર્યોએ, જૈનધર્માનુયાયી ક્ષત્રિયોને એ ઓશવાલ જાતિના રૂપમાં મુક્યા છે.-સંગ્રાહક.

છે. (૧) ઉપકેશ જ્ઞાતિ (નં. ૨૧) વંશ, (નં. ૨૬) ; (૧) ઊકેશ અગર ઉકેશ (નં. ૩૩ અને ૬૦); (૩) ઓઇશિ વંશ (નં. ૩૯); (૪) ઓશ અગર ઓસ; ઘણીવાર આ શબ્દો સાથે 'વાલ' આવે છે; અને (૫) ઉશ (નં. ૧–૩) અગર ઉસ (નં. ૧૦૨).

મૂળ સં. શબ્દ 'उपकेश' ઉપરથી આ બીજા શબ્દો થયા છે એમાં કાંઇ સંશય નથી. [૧૬]કેવી રીતે ઊકેશ, ઉકેશ, ઉશ અને ઉસ એ શબ્દો થયા છે એ સર્વને વિદિત થશે. ઓઇશ, ઓશ અને ઓસ, વિષે કહેવું જોઇએ કે જૈન અને મહારાષ્ટ્રી પ્રાકૃત ભાષાના નિયમો પ્રમાણે 'ઉપ' ને બદલે 'ઓ' વાપરી શકાય (જુઓ હેમચંદ્ર, પ્રાકૃત વ્યાકરણ, ૧, ૧૭૩).

આ પ્રખ્યાત જ્ઞાતિના ખરા નામ ઉપરાંત, પાલિતાણાના લેખોમાં તેના મૂળ વિષેની દંતકથા આપી છે. નં. ૧ માં—

(પદ્ય ૮) વળી—ગોપટેકરી ઉપર, શ્રી આમરાજ નામનો મ્હોટો (રાજા) થયો જેને શ્રી બાપભટ્ટીએ બોધ આપ્યો. તેની સ્ત્રી કોઈ વેપારીની કન્યા હતી. (પદ્ય ૯) તેના ગર્ભમાંથી પવિત્ર રાજકોષાગાર વંશના તથા પવિત્ર ઓશજ્ઞાતિના નીચે પ્રમાણે મનુષ્યો જન્મ્યા.

આનો અર્થ એવો જણાય છે કે ઓશજ્ઞાતિ તથા રાજકોષાગારવંશ જે ઓશજ્ઞાતિનોજ વિભાગ છે તેનું મૂળ, આમ રાજા અને તેની વૈશ્ય સ્ત્રીમાંથી ઉત્પન્ન થયું છે. પટ્ટાવલી અને પ્રબંધોના કહેવા પ્રમાણે, આમ જેની હયાતી ઐતિહાસિક લેખોથી પૂરવાર કરવામાં આવી નથી, તે વિ. સં. ૮૦૦[૧૭] માં થયો હતો. વિશેષમાં, કર્મરાજનો વંશ જે પદ્ય ૧૦–૨૦ સુધીમાં આપ્યો છે તે પૂરો નહિ હોય, તેમાં માત્ર સાત પુરૂષોનાં નામો છે અને આમ રાજાની મિતિથી આ લેખની મિતિ સંવત્ ૧૫૮૭ સુધીના ૭૩ સૈકામાં આટલાજ પુરૂષો થયા હોય એ અસંભવિત છે. ‡

---

૧૬. જુઓ, ઇન્ડી. એન્ટી., પૃ. ૧૯; પા. ૨૩૩,

૧૭. જુઓ, એસ. પી. પંડિતનું, 'गौडवहो' કાવ્ય, પૃ. ૧૩૭.

‡ ઓસવંશ યા ઓસવાલ જ્ઞાતિનું મૂળ આમરાજ નથી પણ તેની એક સ્ત્રી જે વ્યવહારીપુત્રી હતી તેની સંતતિ ક્ષત્રિય જ્ઞાતિમાં ન ભળતાં ઓસવાલ જ્ઞાતિમાં ભળી. અને તેનું કુળ રાજકોષ્ઠાગાર (કોઠારી) ના નામથી પ્રસિધ્ધ થયું કે જેમાં પાછળથી કર્માસાહના પૂર્વજો જન્મ્યા.

લેખોમાં ઓસવાળ જ્ઞાતિના બીજા વિભાગો પણ આપ્યા છેઃ—

૧.—વૃદ્ધશાખા, જેના નીચે પ્રમાણે ગોત્રો આપેલા છે—(૧) ઊહડ, નં. ૩૩; (૨) છાજેડા, નં. ૧૦૬; (૩) નાડુલ, નં. ૩૮, ૩૫; (૪) નાહટા, નં. ૮૦; (૫) મુંમિયા, નં. ૯૬; (૬) રાજકોષ્ઠાગાર, નં. ૧, ૨, ૩; (૭) દુગડ, નં. ૬૮; (૮) લાલણ, નં ૨૧; (૯) લુણીયા, નં. ૬૦; (૧૦) લોઢા; નં. ૧૬.

૨.—લઘુશાખા જેમાં (૧) નાગડા ગોત્ર (નં. ૯૦) અને (૨) સોત ગોત્ર (નં. ૧૧) છે.

૩.— + અદ્દૈશાખા, જેમાં કુંકુમલોલ ગોત્ર, (નં. ૯૧, ૯૮, અને ૯૯) છે. આ શાખા અને ગોત્રના મનુષ્યો જે અમદાવાદના નગરશેઠના વંશનાં છે તેઓ મેવાડના સીસોદીઆ રાજપુતોનાં સગાં હોવાનો દાવો કરે છે.—જુઓ નં. ૯૧ વિસાઓસવાળ વિષે નં. ૯૫ માં આવે છે.

ત્યાર પછી બીજી જ્ઞાતિ શ્રીમાલીની છે. આ નામ શ્રીમાળ અગર ભિલ્લમાળ, હાલનું ભીન્માળ, જે મેવાડની દક્ષિણે છે, તેના નામ ઉપરથી પડયું છે. તેમાં—

૧—વૃદ્ધશાખા, નં. ૩૭, ૧૧૨, જેના પેટા વિભાગો આપ્યા નથી;

૨—લઘુશાખા, નં. ૨૯, ૩૪, ૭૬, જેમાં નં. ૪૪ માં કહ્યા પ્રમાણે કાશ્યપગોત્રના લોકો આવે છે કે જેઓ પરમાર રાજપુતોની સાથે સંબંધ હોવાનો દાવો કરે છે.

વીસાશ્રીમાળીનું નામ, નં. ૯૫ માં આવે છે.

વળી, ત્રીજી ઉપયોગી જ્ઞાતિ પ્રાગ્વાટ, અગર પ્રાગ્વંશ, (નં. ૪, ૬, ૮) અગર હાલમાં પોરવાડ યા પોરવાળ, ની છે. નં, ૧૫, ૧૭, ૨૫ અને ૪૧ માં તેની લઘુશાખા વિષે આવે છે. તેથી તેના પણ બે વિભાગ હોય તેમ જણાય છે. વીસાપોરવાડ અગર પોરવાળ વિષે નં. ૫૦ અને ૯૭ માં આવે છે, તથા દસા પોરવાડ વિષે ૧૦૭ માં આવે છે. બીજી કેટલીક જ્ઞાતિઓ છે

+ લેખોમાં ' અદ્દૈશાખા ' નથી પરંતુ ' આદીશાખા ' છે. ડૉ. બુલ્હર ભૂલથી ' આદિ ' ના બદલે અદ્દૈ (Addai) વાંચે છે અને તેને પણ કોઇ ત્રીજી શાખા સમજે છે. ' આદીશાખા ' એ ' વૃદ્ધશાખા ' નોજ પર્યાયવાચી શબ્દ છે.–સંગ્રાહક.

જે એક એક લેખમાં છે. ગૂર્જર જ્ઞાતિ; (નં. ૧૦૩) + મુહતાગોત્ર, (નં. ૧૦૫) સંઘવાળ ગોત્ર, અને કોચરસંતાન (નં. ૧૪).

* દાતાઓની માતૃભૂમિ નીચે પ્રમાણે:—

(૧) અજમેર, એટલે, રાજપુતાનામાં આવેલું અજમીર.
(૨) અણહિલ્લપુર, તેને પટ્ટણ પણ કહે છે.
(૩) અન્તરપુર, વાગ્વર દેસ અગર ડુંગરપુરમાં.
(૪) અમદાવાદ, તેનું સંસ્કૃત નામ ' રાજનગર ' સાત વખત વપરાયું છે.
(૫) ઉગ્રસેનપુર.
(૬) કપડવણજ, ખેડા જીલ્લામાં.
(૭) કાશી અગર બનારસ.
(૮) કોઠારા, કચ્છમાં.
(૯) ખમ્ભનયર, કદાચ ખંભાત.
(૧૦) ગન્ધાર, ભરૂચ જીલ્લામાં.
(૧૧) ચિત્રકૂટ અગર ચિતોડ, મેવાડમાં.
(૧૨) ચુલા (Cheula), કદાચ ચૅાલ (Chaul) મુંબઇ નજીક.
(૧૩) જેસલમેર, મારવાડનું જેસલમીર.
(૧૪) દમણ બન્દિર, દમણ ગુજરાતમાં.
(૧૫) દીવ બન્દિર, દિવ (Div) કાઠીઆવાડમાં.
(૧૬) દેવગિરિ અગર દૌલતાબાદ, દખ્ખણમાં.
(૧૭) ધણપુર.
(૧૮) નભાનપુર, કચ્છમાં.
(૧૯) નલિનપુર, કચ્છમાં.
(૨૦) નવાનગર, કાઠીઆવાડ.
(૨૧) પાલણપુર, ઉત્તર ગુજરાતમાં.
(૨૨) બાહુચર.

+ મુહતા, સંઘવાલ અને કોચર, જુદી જાતો નથી પરંતુ ઓસન્તતિનાંજ ગોત્રો છે.—સંગ્રાહક.

* 'દાતાઓ' થી મતલબ મંદિરો બનાવનારા અને મૂર્તિઓ કરાવનારા શ્રાવકો સમજવાનું છે.—સંગ્રાહક.

(૨૩) ભાવનગર, કાઠીઆવાડ.
(૨૪) મક્સુદાવાદ—બાલુચર અગર મક્સુદાવાદ.
(૨૫) મુમ્બઇ (Bombay).
(૨૬) મેસાણા, ગુજરાતમાં.
(૨૭) રાધનપુર, ઉત્તર ગુજરાત.
(૨૮) વીકાનેર, અગર બીકાનેર, ઉત્તર રાજપુતાનામાં.
(૨૯) વીસલનગર, ઉત્તર ગુજરાત.
(૩૦) સિરોહિ, દક્ષિણ રાજપુતાના.
(૩૧) સુરત બંદિર, ગુજરાતમાં.

અમદાવાદ અગર રાજનગરનું નામ ઘણીવાર આવે છે.

અંગ્રેજી તારીખોને હિંદુ તિથિઓ સાથે સરખાવવા માટે શત્રુંજયના આ લેખો એક સંપૂર્ણ ખાન સમાન છે, કારણ કે એ દરેક લેખમાં દિવસોની સાથે વાર પણ આપેલા છે.''

આ પ્રમાણે શત્રુંજયના સમગ્ર લેખોનું સંક્ષેપમાં વિવેચન કરી, ડૉ. બુલ્હરે તેની નીચે ૩૩ લેખો તો મૂળ સંસ્કૃતમાંજ આપ્યા છે પછી બાકીનાનો ઇંગ્રેજીમાં માત્ર સારજ આપી દીધો છે. એજ ૩૩ મૂળ લેખો મ્હેં આ સંગ્રહમાં સર્વથી પ્રથમ આપ્યા છે. ડૉ. બુલ્હરે એ લેખોના વિષયમાં બહુજ સંક્ષિપ્ત નોંધ લખી છે તેમજ ભૂલો પણ અનેક કરી છે; તેથી મ્હારે તેમના વિષયમાં કાંઇક વિશેષ અને લેખવાર પ્રથક્ પ્રથક્, ક્રમપૂર્વક, લખવાની આવશ્યકતા હોવાથી આ પંક્તિઓની નીચે તેજ પ્રારંભું છું.

(૧)

નંબર ૧ નો શિલાલેખ, શત્રુંજય પર્વત ઉપરના સૌથી મ્હોટા અને મુખ્ય મંદીરના પૂર્વ બાજુના દ્વારના એક સ્થંભ ઉપર, મ્હોટા શિલાપટ્ટમાં કોતરેલો છે. આની કુલ ૫૪ પંક્તિઓ છે. અને દરેક પંક્તિમાં ૪૦ થી ૫૦ અક્ષરો ખોદેલા છે. આ લેખમાં, વિક્રમ સંવત્ ૧૫૮૭ માં, ચિત્રકૂટ (ચિતોડ) વાસી ઓસવાલજ્ઞાતિકુલમણિ કર્માસાહે, શત્રુંજયનો પુનરુદ્ધાર કરી, ફરીથી નવી પ્રતિષ્ઠા કરી તેનું

વર્ણન છે. એ ઉદ્ધારનું સવિસ્તર વૃત્તાન્ત, પંડિત શ્રીવિવેકધીર ગણિના રચેલા शत्रुंजयतीर्थोद्धारप्रबन्ध માં મ્હેં આપ્યું છે તેથી અત્રે પુનરૂકત કરવાની આવશ્યકતા નથી. માત્ર એ લેખોકત હકીકતનું સૂચન કરવું આવશ્યક છે.

પ્રારંભમાં જે ગદ્ય-પંક્તિઓ આપેલી છે તેમાં જણાવ્યું છે કે, સંવત્ ૧૫૮૭ માં, જે વખતે કર્માસાહે એ પ્રતિષ્ઠા કરાવી તે સમયે ગુજરાતનો સુલ્તાન બહાદુરશાહ રાજ્ય કરતો હતો. એ સુલ્તાન, બાદશાહ મહિમૂદ (મહમ્મદ બેગડા) ની ગાદિએ આવનાર બાદશાહ મદાફર (મુજફ્ફર) ની ગાદિએ બેઠો હતો. બહાદુરશાહ તરફથી સૌરાષ્ટ્ર (સોરઠ-કાઠિયાવાડ) નો રાજ્યકારોબાર સુબેદાર મઝાદખાન (અગર મુજાહિદખાન) ચલાવતો હતો.

પદ્ય ૧ થી ૭ સુધીમાં મેદપાટ (મેવાડ) ની રાજધાની ચિત્રકૂટ (ચિત્તોડ), તથા ત્યાંના (૧) કુંભરાજ, (૨) રાજમલ્લ, (૩) સંગ્રામસિંહ અને (૪) રત્નસિંહ; એ ૪ રાજાઓનો ઉલ્લેખ કરેલો છે. પ્રતિષ્ઠાના સમયે છેલ્લો રાજા-રત્નસિંહ ત્યાં રાજ્ય કરતો હતો. ૮ થી ૨૨ સુધીના શ્લોકોમાં કર્માશાહના વંશનું અને કુટુંબનું સંક્ષિપ્ત વર્ણન છે. ગોપગિરિ (હાલનું ગ્વાલીયર) માં, પહેલાં આમરાજ કરીને એક રાજા થઈ ગયો છે જેને બપ્પભટ્ટિ સૂરિ નામના જૈનાચાર્યે પ્રતિબોધ આપી જૈન ધર્માનુયાયી બનાવ્યો હતો. તેને એક સ્ત્રી વ્યવહારી પુત્રી (વણિક્ કન્યા) હતી. તેની કુક્ષિમાં જે પુત્રો ઉત્પન્ન થયા તેઓ રાજકોષ્ઠાગાર (રાજ-કોઠારી = ભંડારી) કહેવાયા અને તેમનું કુળ ઓસવંશ (ઓસવાલ) જ્ઞાતિમાં ભળ્યું. તે કુળમાં પાછળથી સારણદેવ નામનો એક પ્રસિદ્ધ પુરૂષ થયો કે જેની ૯ મી પેઢીએ, એ પ્રસ્તુત ઉદ્ધારનો કર્તા કર્મા સાહ થયો. એ ૯ પેઢીઓનાં નામ આ પ્રમાણે છેઃ—સારણદેવ, તેનો પુત્ર (૧) રામદેવ, તેનો પુત્ર (૨) લક્ષ્મસિંહ, તેનો પુત્ર (૩) ભુવનપાલ, તેનો પુત્ર (૪) ભોજરાજ, તેનો પુત્ર (૫) ઠક્કરસિંહ, તેનો પુત્ર (૬) ખેતા, તેનો પુત્ર (૭) નરસિંહ અને તેનો પુત્ર (૮) તોલા

સાહ થયો. તોલાસાહને લીલૂ નામની (કે જેનું બીજું નામ તારાદે હતું) સ્ત્રી હતી. તે સુશીલા અને ભાગ્યશાલીની હતી. તેને ૬ પુત્રો અને એક પુત્રી થઈ. એ દરેક પુત્રને પણ પુત્રાદિ વિસ્તૃત સંતતિ હતી. બધાનાં નામો આ પ્રમાણે છેઃ—

પુત્ર—	૧ રત્નાસાહ.	૨ પોમાસાહ.	૩ ગણાસાહ.	૪ દશરથ.	૫ ભોજાસાહ.
પુત્ર સ્ત્રી.	રજ્મલદે.	૧ પદમાદે. ૨ પાટમદે.	૧ ગઉરાદે. ૨ ગારવદે.	૧ દેવલદે. ૨ દૂરમદે.	૧ ભાવલદે. ૨ હર્ષમદે.
પૌત્ર.	શ્રીરંગ.	માણિક. હીરા.	દેવા.	ડોસ્હા.	મંડન.

૬ ઠો પુત્ર કર્માસાહ હતો. તેને પણ બે સ્ત્રિઓ હતી. પહેલી કપૂરદે અને બીજી કામલદે. કામલદેને એક પુત્ર અને ૪ પુત્રીઓ હતી. પુત્રનું નામ ભીખજી અને પુત્રિઓનાં નામ બાઈ સોભા, બાઈ સોના, બાઈ મના, અને બાઈ પના, હતાં. કર્મા સાહની ભગિનીનું નામ સુહવિ હતું.

કર્માસાહનું રાજદરબારમાં મ્હોટું માન હતું. વિવેકધીર ગણિએ તેને કપડાનો મ્હોટો વ્યાપારી બતાવ્યો છે. પરંતુ આ પ્રશસ્તિમાં તેને રાજકારભારમાં ધુરીણ (राज्यव्यापारभारधौरेयः) અર્થાત્ પ્રધાન લખ્યો છે. કદાચ, એ વાકયનો અર્થ ‘ રાજ્યની સાથે વ્યાપાર (વાણિજ્ય) કરવામાં અગ્રેસર (એટલે મ્હોટો રાજ્યવ્યાપારી) ’ એમ પણ થઇ શકે.

૨૪ થી ૩૨ પદ્યો માં કહ્યું છે કે, કર્માસાહે સુગુરૂ પાસે શત્રુંજય તીર્થનું મહાત્મ્ય સાંભળી તેનો પુનરૂદ્ધાર કરવા ઇચ્છા કરી. પોતાની જન્મભૂમિથી ગુજરાતમાં આવી, બાદશાહ બહાદુર પાસેથી, ઉદ્ધાર કરવાની આજ્ઞા વિષયક ‘ સ્ફુરન્માન ’ (ફર્માન) મેળવી શત્રુંજય ગયો. સોરઠના સુબેદાર મઝાદખાનને ત્યાં રવા (યા રવિરાજ) અને નરસિંહ નામના બે કારભારિઓ હતા તેમણે કર્માસાહનો બહુ આદર સત્કાર કર્યો. તેમની સહાનુભૂતિથી કર્માસાહે અગણિત દ્રવ્ય ખર્ચી સિદ્ધાચલનો શુભ ઉદ્ધાર કરી, સંવત્ ૧૫૮૭ અને શાકે ૧૪૫૩ ના વૈશાખ

માસના કૃષ્ણપક્ષની ૬ ના દિવસે, અનેક સંઘો અને અનેક મુનિ-આચાર્યોના સંમેલનપૂર્વક, કલ્યાણકર પ્રતિષ્ઠા કરાવી.

પછીના પદ્યોમાં કર્માસાહની, આ કાર્ય કરવા માટે, પ્રશંસા કરવામાં આવી છે. અંતમાં, ગદ્યમાં, મન્દિરોનું સમાર કામ કરનારા કેટલાક સૂત્રધારો (સલાટો-કારીગરો) નાં નામો આપ્યાં છે. આમાંના થોડાક તો ખુદ કર્માસાહના જન્મસ્થાન-ચિત્તોડના રહેનારા છે અને બાકીના ગુજરાતની રાજધાની અમદાવાદના વાસિઓ છે.

આ પ્રશસ્તિના કર્તા, પંડિત સમયરત્નના શિષ્ય કવિવર લાવણ્યસમય છે કે જેમણે विमलप्रबंध આદિ અનેક પુસ્તકો લખ્યાં છે. शत्रुंजयतीर्थोद्धारप्रबंध ના લેખક પંડિત વિવેકધીર ગણિએ, સુત્રધારને કોતરવા માટે, શિલાપટ્ટ ઉપર આ પ્રશસ્તિ આલેખી છે.

(૨-૩)

બીજા નંબરનો લેખ, શત્રુંજય તીર્થપતિ શ્રીઆદિનાથ ભગવાન્‌ની પ્રતિમાની બેઠક ઉપર, ૫ પંક્તિમાં, અને ત્રીજા નંબરનો, આદીશ્વર ભગવાન્‌ના મંદિરની સન્મુખ આવેલા મંદિરમાં વિરાજમાન્ પુંડરીક ગણધરની પ્રતિમા ઉપર, ૩ લીટીમાં કોતરેલો છે. આ બંને લેખોમાં, ફક્ત પ્રતિષ્ઠાની મિતિ અને કર્માસાહના કૌટુંબિક નામો લખેલાં છે. ૨ જા લેખમાં, કર્માસાહને એ ઉદ્ધારકાર્યમાં સાહાય્ય કરનાર મંત્રી રવા અને નરસિંહનાં શુભ નામો પણ આલેખેલાં છે.

(૪)

આ લેખ, આદીશ્વર ભગવાન્‌ના મંદિરની ભમતીના દક્ષિણ તરફના ન્હાના મંદિરમાં, ૮ પંક્તિમાં કોતરેલો છે. એમાં લખ્યું છે કે-સંવત્ ૧૬૨૦ ના આષાઢ સુદી ૨ અને રવિવારના દિવસે એ દેવકુલિકા * ની પ્રતિષ્ઠા થઈ છે. ગંધાર બંદર નિવાસી પ્રાગ્વાટ (પોરવાડ) જ્ઞાતીય દોસી ગોઈઆના પુત્ર તેજપાલ (સ્ત્રી ભોડકી) ના પુત્ર દો૦ પંચારણાએ

* ન્હાનાં મંદિરો ' દેવકુલિકા ' કહેવાય છે અને મ્હોટાં પ્રાયઃ કરીને 'પ્રાસાદ' અથવા ' વિહાર ' કહેવાય છે.

પોતાના ભાઈ દો૦ ભીમ, દો૦ નના અને દો૦ દેવરાજ પ્રમુખ સ્વકીય કુટુંબ સાથે મહાવીર તીર્થંકરની એ દેવકુલિકા, તપાગચ્છાચાર્ય શ્રી વિજયદાનસૂરિ અને તેમના પટ્ટધર શ્રીવિજયહીરસૂરિના ઉપદેશથી કરાવી.

(૫)

આ લેખ, આદીશ્વર ભગવાનના મંદિરની ભમતીના ઈશાન ખુણામાં આવેલા ગંધારીયા ચોમુખ–મંદિરમાં, ૯ પંક્તિમાં ખોદેલો છે. સં. ૧૬૨૦ ના કાર્તિક સુદી ૨ ને શનિવારના દિવસે એ મંદિરની પ્રતિષ્ઠા થઈ. ગંધાર નિવાસી શ્રીમાલજ્ઞાતીય સા. પાસવીર (સ્ત્રી પૂતલ) ના પુત્ર વર્ધમાન (સ્ત્રીઓ બે, વમલાદે અને અમરાદે) ના પુત્ર સા. રામજી એ, સા. લહુજી, સા. હંસરાજ અને સા. મનજી આદિ પોતાના ભાઈઓ વિગેરે કુટુંબ સાથે, શત્રુંજય પર્વત ઉપર ચતુર્દ્વારવાળું શાંતિનાથ તીર્થંકરનું મ્હોટું મંદિર, તપગચ્છાચાર્ય શ્રી વિજયદાનસૂરિ અને શ્રી હીરવિજયસૂરિના શુભ–ઉપદેશથી, બનાવ્યું.

(૬)

આ લેખ, ઈશાનકોણમાં, આદીશ્વરના મંદિરની દિવાલની સામેની દેહરીમાં, ૮ પંક્તિમાં કોતરેલો છે. આની મિતિ સં. ૧૬૨૦ ના વૈશાખ સુદી ૫ શુક્રવારની છે. ગંધારના રહેવાસી પ્રાગ્વાટ જ્ઞાતીય સંઘવી જાવડના પુત્ર સં. સીપા (સ્ત્રી ગિરસુ) ના પુત્ર જીવંતે, સં. કાઉજી અને સં. આહુજી પ્રમુખ પોતાના ભાઈ વિગેરે કુટુંબ સાથે, શ્રીવિજયદાનસૂરિ અને શ્રી હરિવિજયસૂરિના સદુપદેશથી, પાર્શ્વનાથ તીર્થંકરની દેવકુલિકા બનાવી.

(૭)

આ લેખ, ઉપરના લેખવાળી દેવકુલિકાની જમણી બાજુએ આવેલી દેવકુલિકામાં, ૮ પંક્તિમાં કોતરેલો છે. આની મિતિ ઉપર મુજબજ છે. અમદાવાદ નિવાસી ÷ ડીસાવાલ જ્ઞાતિના, * મહં. વણાઈગ (હાલનું

÷ વર્તમાનમાં માત્ર ઓસવાલ, પોરવાડ, અને શ્રીમાલ જાતીજ જૈનધર્મ પાલનારી દેખાય છે. પરંતુ પૂર્વમાં પ્રાયઃ ડીસાવાલ, નાણાવાલ, મોઢ, નાગર, ગુર્જર, અડાલજા, વાયડા આદિ બધી વૈશ્ય જાતો જૈનધર્મ પાલતી હતી એમ આ પ્રાચીન લેખો વિગેરે ઉપરથી સ્પષ્ટ જણાય છે.

* ' મહં ' એ શબ્દ નામની પૂર્વે, આબૂ વિગેરેના ઘણા લેખોમાં

વિનાયક ?) ના સુત મહં. ગલા (શ્રી મંગાઈ) ના સુત મહં. વીરદાસે સ્વકુટુંબ સાથે, શત્રુંજય ઉપર શ્રી આદિનાથની દેવકુલિકા, આચાર્ય શ્રી વિજયદાન અને વિજયહીરના શુભોપદેશથી કરાવી.

(૮)

આ લેખ, મુખ્ય મંદિરના ઉત્તર તરફના દ્વારની સામેની દિવાલની ડાબી બાજુએ આવેલી દેવકુલિકામાં, ૭ પંક્તિમાં, કોતરેલો છે. મિતિ સં. ૧૬૨૦, વૈશાખ સુદી ૨. ઉક્ત આચાર્યદ્વયના સદુપદેશથી ગંધાર નિવાસી પોરવાડ + વ્યો૦ પરબતના પુત્ર વ્યો૦ ડૂંગાના પુત્ર વ્યો૦ વ.....આ (મધ્યનો અક્ષર તૂટી ગયેલો છે) એ, પોતાના કુટુંબ સાથે શત્રુંજય ઉપર આ દેવકુલિકા કરાવી.

(૯)

આ લેખ, મુખ્ય મંદિરના ઉત્તર દ્વારની પશ્ચિમે, જમણી બાજુએ આવેલી દેવકુલિકામાં, ૮ પંક્તિમાં કોતરેલો છે. મિતિ સં. ૧૬૨૦ વૈશાખ સુદી ૫. ઉપર્યુક્ત નગર અને જાતિના વ્યો૦ સમરીઆએ, પોતાની ભાર્યા ભોલુ અને પુત્રિઓ બાઈ વેરથાઈ તથા બાઈ ફીબાઈ આદિ

જોવામાં આવે છે. આના સંબંધમાં, પ્રસિદ્ધ ઇતિહાસજ્ઞ શ્રીયુત ગૌરીશંકર હીરાચંદ ઓઝા પોતાના 'सिरोहीराज्यका इतिहास' નામક પુસ્તકમાં (પૃ. ૬૮ ની પાદ ટીકામાં) આ પ્રમાણે લખે છે. " (કેટલાક) લેખોમાં નામોની પૂર્વે ' મહં૦ ' લખેલું મળે છે, જે ' મહત્તમ ' ના પ્રાકૃત રૂપ ' મહંત ' નું સંક્ષિપ્ત રૂપ હોવું જોઇએ. ' મહત્તમ ' (મહંત) એ એક પ્રકારનો ઇલ્કાબ હોવાનો અનુમાન થાય છે જે પ્રાચીનકાલમાં મંત્રિયો (પ્રધાનો) આદિને આપવામાં આવતો હશે. રાજપૂતાનામાં હજુ સુધી કેટલાએ મહાજન (મહાજનો ઘણાભાગે ઓસવાલો ગણાય છે પરંતુ માહેશ્વરી વિગેરે બીજી જાતોમાં પણ એ શબ્દ વ્યવહૃત થઈ શકે છે.) ' મૂંતા ' અને ' મહતા ' કહેવાય છે, જેમના પૂર્વજોને એ ઇલ્કાબ મળ્યો હશે; અને પાછળથી વંશપરંપરાગત થઇ વંશના નામનું સૂચક થઇ ગયો હશે. ' મૂંતા ' અને ' મહતા ' એ બંને ' મહત્તમ ' (મહંત) ના અપભ્રંશ હોવા જોઇએ.

+ ' વ્યો૦ ' એ સંસ્કૃત ' વ્યવહારી ' અગર ' વ્યાપારી ' નું અપભ્રંશ અને સંક્ષિપ્ત રૂપ છે. ' વોહરા ' અગર ' બોહરા ' પણ એનાજ રૂપાન્તરો છે.

કુટુંબ સમેત, એજ આચાર્ય દ્વયના સદુપદેશથી, શાંતિનાથની દેવકુલિ-
કા કરાવી.

(૧૦)

આ લેખ, મોટા મંદિરની ઉત્તર તરફની દિવાલની સામે અને
અને ઉપરના લેખવાળી દેહરીની પશ્ચિમ તરફની દેહરીના ઓટલાના
ડાબા ખુણામાં, ૯ પંક્તિમાં કોતરેલો છે. મિતિ નં. ૬-૭ પ્રમાણે.
ગંધાર નિવાસી શ્રીમાલી જ્ઞાતીય + પરી૦ દેવા (સ્ત્રી બાઇ કમલાઈ) ના
પુત્ર પરી૦ મૂધી (મુંધા ?); તથા ગુર્જરજ્ઞાતીય દોશી શ્રીકર્ણ
(સ્ત્રી બાઈ અમરી) ના પુત્ર દોશી કુંઅરજી; આ બંને મળી શત્રું-
જય ઉપર, આચાર્ય શ્રીવિજયદાનસૂરિ અને હીરવિજયસૂરિના સદુપદેશ-
થી, આદિનાથની દેવકુલિકા બનાવી.

નંબર ૪ થી ૧૦ સુધીના લેખો એકજ સાલના છે. નં. ૭ નો લેખ
અમદાબાદનિવાસીનો અને બાકીના ગંધારનિવાસીના છે. એ વર્ષે તપાગ-
ચ્છના પ્રતાપી આચાર્ય શ્રીવિજયદાનસૂરિ પોતાના પ્રભાવક શિષ્ય શ્રીહીર-
વિજયસૂરિ સાથે શત્રુંજય ઉપર યાત્રાર્થે આવ્યા હતા. ઘણું કરીને વિજય-
દાનસૂરિની શત્રુંજયની આ છેલ્લી યાત્રા હતી. કારણ કે તેઓ શત્રુંજયથી
વિહાર કરી ઉત્તર ગુજરાતમાં ગયા હતા અને સંવત્ ૧૬૨૨ માં પાટ-
ણની પાસે આવેલા વટપલ્લી (વડાલી) ગામમાં સ્વર્ગસ્થ થયા હતા.
નં. ૫ મા વાળા ગંધારનિવાસી સા. રામજીના એ મંદિરનો ઉલ્લેખ,
વિજયદાનસૂરિના પ્રચંડ શિષ્ય શ્રીધર્મસાગરજીએ પોતાની ગુર્વાવલી
(અગર તપગચ્છપટ્ટાવલી) માં પણ કરેલો છે.

तथा चतुष्पर्वीपरायणैर्गान्धारीय सा० रामजी, अहम्मदावादसत्क
सं० कुंअरजी प्रभृतिभिः श्रीशत्रुञ्जये चतुर्मुखाष्टापदादिप्रासादा देवकु-
लिकाश्च कारिताः । ”

એજ પંક્તિઓનો અનુવાદ, સંઘવી ઋષભદાસ કવિએ ' હીર-
સૂરિરાસ ' માં પણ કરેલો છે.

+ ' પરી૦ ' એ સંસ્કૃત ' પરીક્ષક ' નું ટુંકું રૂપ છે. વર્તમાનમાં જે ' પારેખ '
યા ' પારીખ ' કહેવાય છે તે એજ શબ્દના વિકૃત-સ્વરૂપો છે.

" રામજી ગંધારી હૂઓ જેહ, શેત્રુંજે ચોમુખ કરતો તેહ;
સંઘવી કુંઅરજી જસવાદ, શેત્રુંજે કીધો પ્રાસાદ ૫૧.
ડાબીગમા ત્રિહિબારો જેહ, પ્રથમ પેસતાં દેહરૂં તેહ;
વિજયદાનનો શ્રાવક શિરે, તે દેહરૂં કુંવરજી કરે." ૫૨

આ ઉલ્લેખોથી જણાય છે કે ગંધારવાળા સા. રામજી અને અમદાબાદના સં. કુંઅરજી તે સમયે બહુજ શ્રીમાન્ અને પ્રસિદ્ધ પુરૂષો હોવા જોઇએ. છેલ્લા સંઘવી સંબંધી કોઇ લેખ પ્રાપ્ત થયો નથી.

(૧૧)

આ લેખ, મ્હોટા મંદિરની અગ્નિકોણમાં આવેલા મંદિરમાંની પ્રતિમા નીચે બેઠક ઉપર, ૯ પંક્તિમાં કોતરેલો છે. મિતિ સં. ૧૬૪૦, ફાગુણ સુદી ૧૩, છે. મંદિર અને મૂર્તિ કરાવનાર કુટુંબનું વાસસ્થાન આ લેખમાં જણાવ્યું નથી. ડીસાવાલ જ્ઞાતિના ઠાકુર કરમસી (શ્રી બાઈ મલી), ઠાકુર દામા (શ્રી બાઈ ચડી), ઠાકુર માહવ, ઠાકુર જસુ, ઠાકુર ભીમા, ઠા. જસુ શ્રી જસમાદે, ઠાકુર માહવસુત તેજપાલ (શ્રી તેજલદે) આદિ કુટુંબે આ પ્રાસાદ કરાવ્યો.

(૧૨)

મુખ્ય મંદિરના પૂર્વદ્વારના રંગમંડપમાં, નં. ૧ વાળા લેખની સામી બાજુએ આવેલા સ્થંભ ઉપર, આ નં. ૧૨ નો શિલાલેખ આવેલો છે. શત્રુંજય ઉપરના વિદ્યમાન લેખોમાં આ લેખ સૌથી મ્હોટો છે. એની કુલ ૮૭ પંક્તિઓ છે અને દરેક પંક્તિમાં ૪૦ થી ૫૦ અક્ષરો આવેલા છે. જગદ્ગુરૂ શ્રી હીરવિજયસૂરિ અને તેમના પટ્ટધર આચાર્ય શ્રી વિજયસેનના સદુપદેશથી, ખંભાત બંદરના મહાન્ ધનિક સાહ તેજપાલ સોવર્ણિકે શત્રુંજયના એ મહાન્ મંદિરનો સવિશેષ પુનરૂદ્ધાર કરી, તેને ફરીથી તૈયાર કરાવ્યું અને હીરવિજયસૂરિના પવિત્ર હાથે તેની પ્રતિષ્ઠા કરાવી તે સંબંધી વર્ણન આમાં આપવામાં આવેલું છે. આ આખા લેખનો સાર આ પ્રમાણે છેઃ—

પ્રથમના બે પદ્યોમાં આદિનાથ ભગવાન અને વર્ધમાન પ્રભુની સ્તવના છે. પછી જેમની સાધુસંતતિ વર્તમાન સમયે ભરતક્ષેત્રમાં પ્રવર્તે છે તે શ્રીસુધર્મગણધરની સ્તવના છે. (પ. ૩) સુધર્મગણધરની શિષ્ય પરંપરામાં સુસ્થિત અને સુપ્રતિબુદ્ધ નામના બે આચાર્યો થયા જેમનાથી કોટિકગણ પ્રસિદ્ધિ પામ્યો. (પ. ૪) ત્યાર બાદ વજ્રસેન નામના આચાર્ય થયા જેમના લીધે વજ્રી શાખા પ્રખ્યાત થઈ. (પ. ૫) વજ્રસેનસૂરિના નાગેન્દ્ર, ચંદ્ર, નિર્વૃતિ અને વિદ્યાધર નામના ૪ શિષ્યો થયા જેમનાથી તેજ નામના ૪ જુદા જુદા કુલો વિખ્યાતિ પામ્યાં. (પ. ૬–૭) પહેલા ચાંદ્રકુળમાં પાછળથી અનેક પ્રસિદ્ધ આચાર્યો થયા. (પ. ૮) ક્રમથી સંવત્ ૧૨૮૫ માં જગચ્ચંદ્ર નામના આચાર્ય થયા જેમણે 'તપા' બિરુદ પ્રાપ્ત કર્યું. (પ. ૯) પાછળથી એ સમુદાયમાં હેમવિમલસૂરિ થયા કે જેમના શિષ્ય આનંદવિમલાચાર્ય હતા. (પ. ૧૦) આનંદવિમલસૂરિએ, સાધુ સમુદાયમાં શિથિલાચારનું પ્રાબલ્ય વધતું જોઈ સં. ૧૫૮૨ માં ક્રિયોદ્ધાર કરી સુવિહિતમાર્ગને પ્રગતિમાં મુક્યો. (પ. ૧૧) આનંદવિમલાચાર્યના શિષ્ય વિજયદાનસૂરિ થયા. (પ. ૧૨) વિજયદાનસૂરિની પાટે પ્રભાવક શ્રીહીરવિજયસૂરિ થયા, (પ. ૧૪) જેમને ગુજરાતમાંથી, અકબર બાદશાહે પોતાના મેવાત દેશમાં, આદરપૂર્વક બોલાવ્યા. (પ. ૧૫) સંવત્ ૧૬૩૯ માં સૂરિજી અકબરની રાજધાની ફતેપુર (સીખરી) માં પહોંચ્યા. (પ. ૧૬) બાદશાહ હીરવિજયસૂરિની મુલાકાત લઈ બહુ ખુશી થયો અને તેમના ઉપદેશથી બધા દેશોમાં ૬ મહિના સુધી જીવદયા પલાવી, મૃત મનુષ્યોના ધનનો ત્યાગ કર્યો, જીજીઆ વેરો બંધ કર્યો, પાંજરાઓમાં પૂરી રાખેલા પક્ષિઓને ઉડાડી મુક્યા, શત્રુંજય પર્વત જૈનોને સ્વાધીન કર્યો, અને પોતાની પાસે જે મ્હોટો પુસ્તકભંડાર હતો તે સૂરિજીને સમર્પણ કર્યો. (પ. ૧૭–૨૧) જે બાદશાહે શ્રેણિક રાજાની માફક, હીરવિજયસૂરિના કથનથી જગતમાં જૈનધર્મની પ્રભાવના કરી. (પ. ૨૨) મેઘજીઋષિ નામનો લુંપક (લુંકા) ગચ્છનો મ્હોટો આચાર્ય, પોતાના પક્ષને અસત્ય જાણી હીરવિજયસૂરિની સેવામાં હાજર થયો. (પ. ૨૩) જેમના વચનથી ગુજરાત આદિ દેશોમાં, મંદિરો વિગેરે

આસકરણે અર્બુદાચલ એટલે આબુ અને વિમલાચલ એટલે શત્રુંજયના સંઘો કાઢયા હતા અને તેના લીધે તેણે સંઘપતિનું તિલક પ્રાપ્ત કર્યું હતું. તથા જિનસિંહસૂરિની આચાર્ય પદ્વીનો નંદિ મહોત્સવ કર્યો હતો. * તેમજ બીજા પણ અનેક ધર્મકર્તવ્યો કર્યાં હતાં.

(વર્તે છે ૨૫-૭ લાવ્યાહ અને)

પ્રતિષ્ઠા કર્તા આચાર્યની વંશાવલીમાં, પ્રથમ જિનચંદ્રસૂરિ છે જેણે અકબર બાદશાહને પ્રતિબોધ આપ્યો હતો અને બાદશાહે તેને ' યુગ પ્રધાન ' ની પદ્વી આપી હતી. તેમના પછી જિનસિંહસૂરિનું નામ છે. તેમણે કઠિન એવા કાશ્મીર દેશમાં વિહાર એટલે મુસાફરી કરી હતી. વાર, સિંદૂર, અને ગજ્જણા (ગિઝની)

---

* ક્ષમાકલ્યાણગણિની ' ખરતરગચ્છ પટ્ટાવલી ' માં આ મહોત્સવની મિતિ ' સંવત્ ૧૬૭૪, ફાલ્ગુણ સુદિ ૭ ' આપી છે. યથા—

' ततः सं. १६७४ फाल्गुन सुदि सप्तम्यां मेडताख्ये नगरे चोपडागोत्रीय साह आसकरणकृतमहोत्सवेन सूरिपदं ।'

શ્રીયુત ભાંડારકરે, આર્કિઑલૉજીકલ સર્વે, વેસ્ટર્ન સર્કલ, ના સન્ ૧૯૧૦ ના પ્રોગ્રેસ રીપોર્ટ (પૃ. ૬૨) માં, મેડતાના આ પ્રસ્તુત શિલાલેખની સાર ગર્ભિત નોંધ લખી છે તેમાં તેમણે ઉપરના વાકયનો (જે મૂલમાં ' विहितकठिनकाश्मीरविहार ' આવો પાઠ છે તેનો) વિચિત્રજ અર્થ આપ્યો છે. અને શત્રુંજયના લેખોમાં (પ્રસ્તુત સંગ્રહમાંના લેખ નં. ૧૭, ૧૮ અને ૧૯ માં) આવેલા આજ વાક્યના ડૉક્ટર બુલ્હરે વાંચેલા ખરા પાઠ તેમજ તેના કરેલા યથાર્થ અર્થને ભ્રાંતિવાળો ધારવાથી પોતેજ વિચિત્ર ભ્રાંતિમાં ગુંચવાઈ ગયા છે. શ્રીયુત ભાંડારકરની એ નોંધ નીચે પ્રમાણે છે:—

" વળી, તેણે [જિનસિંહે] કબિલ (કાબુલ) અને કાશ્મીરમાં વિહાર અર્થાત્ મંદિરો બંધાવ્યાં, અને શ્રીકર, શ્રીપુર (શ્રીનગર) અને ગજ્જણક (ગઝની) માં અમારી પડહ વજડાવ્યો. લગભગ આની આ હકીકત શત્રુંજયના શિલાલેખોમાં આવે છે; પણ ધારવા પ્રમાણે બુલ્હર કબિલ એટલે ' કાબિલ ' કે જે નામથી કાબુલ હજી સુધી પણ મારવાડમાં પ્રસિદ્ધ છે, તેને બદલે કઠિન વાંચે છે તે ખોટું છે. " ' વિહાર ' શબ્દ જૈન સાધુઓમાં ' વિચરણ અર્થાત ' મુસાફરી ' ના અર્થમાં પણ વિશેષરૂપે વપરાય છે તેનો બરાબર ખ્યાલ ન આવવાથી શ્રીયુત ભાંડારકરે ' વિહાર ' એટલે ' મંદિર '

આમાં પણ તેમણે અમારી એટલે જીવદયા પ્રવર્તાવી હતી. જહાંગીર બાદશાહે તેમને ' યુગ પ્રધાન ' ની પદવી સમર્પી હતી. ત્યારબાદ પ્રસ્તુત પ્રતિષ્ઠા કરનાર જિનરાજસૂરિના સંબંધમાં લખવામાં આવ્યું છે કે તેમને અંબિકા દેવિએ વર આપ્યો હતો. સંઘવી શીવજીએ કરાવેલા શત્રુંજયના અષ્ટમ ઉદ્ધારની તેમણે પ્રતિષ્ઠા હતી. ભાણવટનગરમાં પાર્શ્વનાથની પ્રતિમાની સ્થાપના કરી તેઓ જાતે બોહિત્થ (હાલમાં જેને બોથરા કહે છે) વંશ ચ ગોત્રના હતા અને તેમના પિતાનું નામ ધર્મસી તથા માતાનું નામ ધારલદે હતું.

આ આચાર્યોના સંબંધમાં લખેલી હકીકતને, શત્રુંજય પર્વતના ચૌમુખજીની ટુંકમાંના લેખોની (જુઓ, ઉપર લેખ નં. ૧૭ થી ૨૦ તથા તેમનું અવલોકન) તથા ' ખરતરગચ્છ પટ્ટાવલી ' ની પણ પૂરેપૂરી પુષ્ટિ મળેલી છે. ક્ષમાકલ્યાણકગણિ પોતાની પટ્ટાવલીમાં આ સં. આસકરણની પ્રતિષ્ઠાનો પણ ઉલ્લેખ કરે છે. યથા

' तथा पुनर्मेदतात्ये नगरे गणधरचोपडागोत्रीय संघपतिश्री आसकरणसाह कारित चैत्याधिष्ठायक श्रीशान्तिनाथप्रतिष्ठा निर्मिता । '

૪૩૫. આ લેખ ' લોઢાંગે મંદિર ' માં જે ચિંતામણિ પાર્શ્વનાથની

નો અર્થ લઈ ઉપર પ્રમાણે વિચાર બાંધ્યો છે, પરંતુ તે સ્પષ્ટ ભ્રાંતિ છે. શત્રુંજયના લેખોમાં ' કબિલ ' નહિ પણ ' કઠિન ' પાઠજ સ્પષ્ટ રીતે લખેલો છે. તેમજ અન્યાન્ય ઐતિહાસિક ઉલ્લેખોથી પણ તેજ બાબત સત્ય ઠરે છે. કાબુલમાં કોઈએ ' વિહાર ' એટલે જૈનમંદિર બાંધ્યું હોય તેનો દાખલો જૈનસાહિત્યમાં હજી સુધી મારી નજરે આવ્યો નથી. કાશ્મીરમાં જૈનયતિઓના માટે મુસાફરી કરવી તે ઘણુંજ કઠિન કામ હોવાથી અને જિનસિંહ એક વખતે અકબરની સાથે ત્યાં બહુ પરિશ્રમ સહન કરીને ગએલા હોવાથી તેમનું આ કામ ખાસ શિલાલેખમાં નોંધવા જેવું ગણાયું છે. તપાગચ્છના હીરવિજયસૂરિના સાધુ મહોપાધ્યાય શાંતિચંદ્રજી પણ એક વખતે ઘણો ત્રાસ સહન કરી અકબરની સાથે એ પહાડી મુલ્કમાં ગયા હતા જેનો ઉલ્લેખ ઘણે ઠેકાણે કરેલો જોવામાં આવે છે.

નાવવામાં શ્રાવકોએ અગણિત દ્રવ્યવ્યય કર્યો. જેમણે ગુજરાત અને માલવા આદિ દેશોના અનેક સંઘો સાથે શત્રુંજયની યાત્રા કરી. (પ. ૨૪.) શ્રીહીરવિજયસૂરિની પાટે શ્રીવિજયસેનસૂરિ જયવંતા વર્તે છે કે જેમના પણ પ્રતાપનું વર્ણન કોણ કરી શકે છે. (પ. ૨૫–૭) એમને પણ અકબર બાદશાહે વિનયપૂર્વક લાહોરમાં બોલાવ્યાહતા કે જ્યાં અનેક વાદિઓ સાથે વાદ કરી વિજય મેળવ્યો અને બાદશાહના મનને ખુશ કર્યું. (પ. ૨૮–૩૦.) બાદશાહે, હીરવિજયસૂરિને પ્રથમ જે જે ફરમાનો આપ્યાં હતાં તે બધા વિજયસેનસૂરિને પણ આપ્યાં, અને વિશેષમાં એમના કથનથી પોતાના રાજ્યમાં, સદાના માટે ગાય, ભેંસ, બળદ અને પાડાનો પ્રાણનાશ નહિ કરવાના પણ ફરમાનો કાઢયાં. (પ. ૩૨–૩) ખરેખર +ચોલી બેગમના પુત્ર અકબરશાહ પાસેથી મહાન્ સન્માન મેળવી એમણે ગુર્જરધરાને શોભાવી છે (પ. ૩૪.)

ઓસવંશમાં આભૂ શેઠના કુળમાં સૌવર્ણિક (સોની) શિવરાજ નામનો પુણ્યશાળી શેઠ થયો. તેનો પુત્ર સીધર, તેનો પુત્ર પર્વત, તેનો કાલા અને તેનો વાધા નામનો પુત્ર થયો. (પ. ૩૫.) તેને રજાઇ નામની ગૃહિણીથી વચ્છિઆ નામનો પુત્ર થયો કે જેની લક્ષ્મી જેવી સુહાસિણી નામની સ્ત્રીએ તેજપાલ નામના પ્રતાપી પુત્રને જન્મ આપ્યો. (પ. ૩૬.) તેજપાલને, શિવને પાર્વતી અને વિષ્ણુને લક્ષ્મીની જેમ, તેજલદે નામની પ્રિય પત્ની હતી. તે બંને દંપતી ઈન્દ્ર અને ઈન્દ્રાણીના જેવા સુખો ભોગવતાં હતાં. (પ. ૩૭) હીરવિજયસૂરિ અને વિજયસેનસૂરિનો તે અતિભક્ત હતો. તેમના ઉપદેશથી તેણે જિનમંદિરો બનાવવામાં અને સંઘભક્તિ કરવામાં અગણિત ધન ખર્ચ્યું હતું. (પ. ૩૮–૯.) સંવત્ ૧૬૪૬ માં તેણે

+ અકબર બાદશાહની માતાનું નમ જૈનલેખકો ' ચોલી બેગમ ' એવું આપે છે. हीरसौभाग्य, विजयप्रशस्ति, कृपारसकोश આદિ અનેક ગ્રંથોમાં એ નામ મળે છે. પરંતુ, અન્યન્ય ઐતિહાસિક પુસ્તકોમાં તો તેનું નામ ' મરીયમ મકાની ' લખેલું જોવામાં આવે છે.

પોતાના જન્મ સ્થાન (ખંભાત)માં સુપાર્શ્વનાથ તીર્થંકરનું ભવ્ય ચૈત્ય બનાવ્યું. (પ. ૪૦).

સં. ૧૫૮૭ માં, કર્માસાહે * આનંદવિમલસૂરિના સદુપદેશથી શત્રુંજયતીર્થ ઉપરના મૂળ મંદિરનો પુનરુદ્ધાર કર્યો. (પ. ૪૩). પરંતુ, બહુજ પ્રાચીનતાના લીધે, થોડાજ સમયમાં, પાછું એ મૂળ મંદિર, જીર્ણપ્રાય જેવું અને જર્જર થઈ ગયેલું દેખાવા લાગ્યું. તેથી તેજપાલે પોતાના મનમાં વિચાર કર્યો કે, આ મંદિરનો ફરીથી બરોબર ઉદ્ધાર થાય તો કેવું સારૂં ? (પ ૪૪) એમ વિચારી, હીરવિજયસૂરિ આદિના સદુપદેશથી પોતે એ મંદિરનો ઉદ્ધાર કરવો શરૂ કર્યો અને થોડાજ સમયમાં આખું મંદિર તદ્દન નવા જેવું તૈયાર થયું. (પ ૪૫-૬).

મંદિરની રચનાનું કેટલુંક વર્ણન આ પ્રમાણે છે—ભૂતલથી તે શિખર સુધીની એની ઉંચાઈ ૫૨ હાથની છે. ૧૨૪૫ કુંભો એના ઉપર વિરાજમાન છે. વિઘ્ન રૂપી હાથિયોનો નાશ કરવા માટે જાણે તત્પર થયેલા હોય તેવા ૨૧ સિંહો એ મંદિર ઉપર શોભી રહ્યા છે. (પ. ૪૯) ચારે દિશાઓમાં ૪ યોગિનિઓ અને ૧૦ દિક્પાલો પણ યથાસ્થાન સ્થાપિત છે. (પ. ૫૦-૧) એ મહાન મંદિરની ચારે બાજુએ ૭૨ દેવકુલિકાઓ તેટલીજ જિનમૂર્તિયોથી ભૂષિત થયેલી છે (પ. ૫૨.) ૪ ગવાક્ષો (ગોખલાઓ) ૩૨ પંચાલિકા (પૂતલિયો) અને ૩૨ તોરણોથી આ મંદિરની શોભા અલૌકિક દેખાય છે. (પ. ૫૩-૬.) વળી એ મંદિરમાં, ૨૪ હાથિયો અને બધા મળી ૭૪ સ્તંભો લાગેલાં છે. (પ. ૫૭-૮.) આવું અનુપમ મંદિર જસુ ઠક્કુરની સહાયતાથી સંવત્ ૧૬૪૯ માં તેજપાલે તૈયાર કરાવ્યું, અને તેનું ' નંદિવર્ધન ' એવું નામ સ્થાપન

* ' शत्रुंजयतीर्थोद्धारप्रबंध ' માં તો, કર્માસાહને એ કાર્યમાં વિશેષ પ્રેરણા કરનાર બૃહત્તપાગચ્છના વિનયમંડન પાઠક લખ્યા છે. આનંદવિમલસૂરિનું તેમાં નામ સુધાં નથી. તેમજ ગ્રંથકારના કથનમાં સંશય લેવા જેવું પણ કશું નથી. કદાચ પ્રતિષ્ઠાના સમયે આનંદવિમલસૂરિ ત્યાં વિદ્યમાન હોય અને તેના લીધે આ કથન કરેલું હોય તો ના નહિ.

કર્યું. આ ચૈત્ય સમરાવવા માટે તેજપાલે જે ધન ખર્ચ્યું, તે જોઈ લોકો તેને કલ્પવૃક્ષની ઉપમા આપતા હતા. (પ. ૫૮-૬૦.) સંવત્ ૧૬૫૦ માં, બહુ ધામધુમથી તેજપાલે શત્રુંજયની યાત્રા કરી અને તેજ વખતે શ્રીહીરવિજયસૂરીના પવિત્ર હાથે એ મંદિરની પ્રતિષ્ઠા કરાવી. (પ ૬૧૨.)

આ મંદિરના ઉદ્ધારની સાથે, (૧) સા. રામજીનું (૨) જસુ ઠક્કુરનું, (૩) સા. કુંઅરજીનું, અને (૪) મૂલા શેઠનું; એમ બીજા પણ ૪ મંદિરો તૈયાર થયાં હતાં કે જેમની પ્રતિષ્ઠા પણ એ સૂરિવરે, આજ સમયે કરી. (પ. ૬૨-૫.)

વસ્તા નામના સૂત્રધારે, કે જેનું શિલ્પચાતુર્ય જોઈ વિશ્વકર્મા પણ તેનો શિષ્ય થવા ઇચ્છે, તેણે આ રમણીય મંદિર બનાવ્યું છે. (પ. ૬૬.) સદાચારના સમુદ્રસમાન શ્રીકમલવિજયવિબુધના ચરણ-સેવક શ્રી હેમવિજય ‡ કવિવરે અલંકારયુક્ત આ શુભ પ્રશસ્તિ બનાવી છે કે જે ચિરકાલ સુધી જગત્માં જયવતી રહો. (પ. ૬૭.)

પંડિત સહજસાગરના શિષ્ય જયસાગરે * આ પ્રશસ્તિ શિલાપટ્ટ ઉપર લખી અને માધવ તથા નાના નામના શિલ્પિઓએ કોતરી છે. (પ. ૬૮.)

સંવત્ ૧૫૮૭ માં કર્મા સાહે શત્રુંજયના એ મુખ્ય મંદિરનો ઉદ્ધાર કર્યો હતો, ત્યાર બાદ ૬૦ જ વર્ષે ફરી તેજપાલે તેનું સમારકામ

---

‡ કવિવર હેમવિજય પોતાના સમયના એક સમર્થ વિદ્વાન્ અને પ્રતિભાશાલી કવિ હતા. તેમણે पार्श्वनाथमहाकाव्य, कथारत्नाकर, अन्योक्तिमुक्तामहोदधि, कीर्तिकल्लोलिनी આદિ અનેક ઉત્તમ ગ્રંથોની રચના કરી છે. विजयप्रशस्ति નામના મહાકાવ્યની રચના પણ તેમણેજ આરંભી હતી પરંતુ તે પૂર્ણ થયા પહેલાંજ તેમનો સ્વર્ગવાસ થઈ જવાથી તેમના ગુરૂભાઈ શ્રીવિદ્યાવિજય-ગણિના વિદ્વાન્ શિષ્ય પંડિત ગુણવિજય ગણિએ તેની પૂર્તિ કરી અને તેના ઉપર સરલ ટીકા પણ બનાવી. હેમવિજયગણિની ગુરૂપરંપરા, विजयप्रशस्ति ની પ્રશસ્તિ માં સવિસ્તર આપી છે.

* નંબર ૩૭૭ વાળો લેખ પણ એજ વિદ્વાનનો આલેખેલો છે.

કરાવ્યું; એથી એમ અનુમાન થાય છે કે કર્માશાહે ફક્ત મૂર્તિઓજ નવી સ્થાપન કરી હશે. જો કે શત્રુંજયતીર્થોદ્ધારપ્રબન્ધ માં તો મંદિર અને દેવકુલિકા–બધાંને ઉદ્ધૃત કર્યાનો ઉલ્લેખ છે પરંતુ આ લેખ ઉપરથી જણાય છે કે તે વખતે સમારકામ જેવું જોઇએ તેવું નહિ થયેલું. તેજપાલે મંદિરના બધા જીર્ણ ભાગોને સંપૂર્ણ રીતે સમરાવ્યા અને દેવકુલિકાઓ પણ ફરીથી તૈયાર કરાવી. તેજપાલ બહુજ ધર્મિષ્ઠ અને ઉદારચિત્ત પુરૂષ હતો. તેણે અનેક ધર્મકૃત્યો કર્યાં હતાં અને તેમાં પુષ્કળ ધન ખર્ચ્યું હતું. સંઘવી ઋષભદાસે 'હીરસૂરિરાસ' માં તેનાં સુકાર્યોની નોંધ અને સ્તુતિ આ પ્રમાણે કરી છેઃ—

દુહા.—ઋષભ કહે ગુરુ હીરજી, નામિં જયજયકાર;
પિસ્તાલિ પાટણી રહ્યા, કીધો પછે વિહાર.

ઢાલ.—પાટણથી પાંગર્યો હીરો, આવે ખંભાવતી માંહિ;
સોની તેજપાલ પ્રતિષ્ઠા કરાવે, હરખે બહુ મન માંહિ હો. ૧
—હીરજી આવે ખંભાવતી માંહિ,—આંચળી.

× સંવત સોલ બેતાલા વરસે, પ્રગટ્યો તિહાં જેઠ માસો;
અજુઆલી નોમિ જિન થાપ્યા, પોહોતી મનની આસો હો. હી૦ ૨
અનંતનાથ જિનવરનિં થાપ્યા, ચોદમો જેહ જિણંદો;
ચઉદ રત્ન તણો તે દાતા, નામિં અતિ આણંદો હો. હી૦ ૩.
પંચવીસ હજાર રૂપઇઆ ખરચ્યા, બિંબપ્રતિષ્ઠા જહારો;
શ્રીવર ભૂષણ રૂપક આપે, સાહમીવચ્છલ કર્યાં ચ્યાર હો. હી૦ ૪
સોમવિજયને પદવી થાય, રૂપેં સુરપતિ હારે;
કહિણી રહિણી જેહનીરે સાચી, વચન રસેં તે તારે હો. હી૦ ૫

× ધર્મસાગર ઉપાધ્યાયે પણ પોતાની 'તપગચ્છગુર્વાવલી' માં હીર-વિજયસૂરિના ચરિત વર્ણનમાં, એ પ્રતિષ્ઠાનો ઉલ્લેખ કરેલો છે.

" तथा श्रीपत्तननगरे चतुर्मासककरणादनु विक्रमतः षट्चत्वारिंशदधिकषोडश-शत(१६४६)वर्षे स्तम्भतीर्थे सो. तेजपालकारितां सहस्रशो रूप्यकव्ययादिनाऽती-वर्ष्यां प्रतिष्ठां विधाय श्रीजिनशासनोन्नतिं तन्वानाः श्रीसूरिराजो विजयन्ते ।"

ઇંદ્ર ભુવન જસ્યું દેહરું કરાવ્યું, ચિત્ર લખિત અભિરામ;
* ત્રેવીસમો તીર્થંકર થાપ્યો, વિજયચિંતામણિ નામ હો. હી૦ ૬
ઋષભતણી તેણે મૂરતિ ભરાવી, અસંત મોટી સોય;
ભુંઇરામાં જઇને જુહારો, સમકિત નિરમલ હોય હો. હી૦ ૭
અનેક બિંબ જેણે જિનનાં ભરાવ્યાં, રૂપક કનક મણિ કેરાં;
ઓશવંશ ઉજ્જ્વલ જેણે કરીઓ, કરણી તાસ ભલેરા હો. હી૦ ૮
ગિરિ શેત્રુંજે ઉદ્ધાર કરાવ્યો, ખરચી એક લખ્ય લ્યાહરી;
દેખી સમકિત પુરૂપજ પામે, અનુમોદે નરનારી હો. હી૦ ૯
આબૂગઢનો સંઘવી થાય, લહિણી કરતા જાય;
આબૂગઢે અચલેશ્વર આવે, પૂજે ઋષભના પાય હો. હી૦ ૧૦
સાતે ખેત્રે જેણે ધન વાવ્યું, રૂપક નાણે લહિણા;
હીરતણા શ્રાવક એ હોયે, જાણું મુગટ પરિ ગહિણાં હો. હી૦ ૧૧
સોની શ્રી તેજપાલ બરાબરિ, નહિં કો પૌષધ ધારી;
વિગથા વાત ન અડકી થાંભે, હાથે પોથી સારી હો. હી૦ ૧૨

* * * *

સં. ૧૬૪૯ નું ચોમાસુ પાટણમાં કરી હીરવિજયસૂરિ ત્યાંથી અમદાબાદ પધાર્યા અને ત્યાંથી પછી શત્રુંજયની યાત્રા માટે તે તરફ પ્રયાણ કર્યું. જે વખતે સૂરિજી ધોલકે પધાર્યા તે વખતે ખંભાતથી સોની તેજપાલ અને બાઈ સાંગદે, ત્યાં હાજર થયા. તેમની સાથે ૩૬ તો × સહુજવાલ (તાવદાન-સુખપાલ) હતાં અને બીજાં અનેક ગાડી-ઘોડા હતાં. તેઓ સૂરિમહારાજની સાથેજ શત્રુંજય પહોંચ્યા. અને

---

* આ પ્રસ્તુત પ્રશસ્તિમાં તો ૭ મા સુપાર્શ્વનાથ તીર્થંકર નો ઉલ્લેખ છે. જુઓ પદ્ય ૪૦.

× બાઇ સાંગદે સોની તેજપાલ, ખંભાતથી ચાલ્યા તતકાલ;
પુંઠિ સેજવાલાં છત્રીશ, આવ્યાં ધોલકે સબલજગીશ.
વંદી હીરને નિરમલ થાય, ગુરૂ પુંઠે સેત્રુંજે જાય;
સોરઠદેશનો મુગટ જેહ, દીઠે નિરમલ હુએ દેહ.

—હીરસૂરિરાસ. પૃ. ૧૯૯-૨૦૦.

ત્યાં તેમના પવિત્ર હાથે પોતે ઉદ્ધરેલા તીર્થપતિના મહાન્ મંદિરની ભવ્ય પ્રતિષ્ઠા કરાવી.

શત્રુંજય ઉપર, એ પ્રતિષ્ઠાના સમયે, અગણિત મનુષ્યો એકત્ર થયાં હતા. ગુજરાત, મેવાડ, મારવાડ, દક્ષિણ અને માલવા આદિ બધા દેશોમાંથી હજારો યાત્રી યાત્રાર્થે આવ્યા હતા. તેમાં ૭૨ તો મ્હોટા સંઘો હતા. ક. ઋષભદાસે ' હીરસૂરિરાસ ' × માં એ દરેક સંઘ અને સંઘપતિની લાંબી ટીપ આપી છે તે અવલોકવાથી, આ વાતનો ખયાલ આવે એમ છે. ખુદ હીરવિજયસૂરિની સાથે જે સાધુ સમુદાય હતો તેની સંખ્યા એક હજાર જેટલી મ્હોટી હતી.*

ઋષભદાસ જણાવે છે કે—હીરવિજયસૂરિ પાલીતાણાની બ્હાર સ્થંડિલભૂમિ જતા હતા તે વખતે તળાવની પાળ ઉપર યાત્રિઓને રસોઈ બનાવતા જોઈ, ઉપાધ્યાય સોમવિજયને તે વિષયની સૂચના કરી. ઉપાધ્યાયે તુરત સોની તેજપાલને બોલાવી કહ્યું કે ત્હમારી વિદ્યમાનતામાં યાત્રિઓ પોતાના ઉતારે રાંધીને ખાય એ શોભાસ્પદ નહિ. સોનીએ તુરત બાઈ સાંગદેની સાથે વિચાર કરી, બધા યાત્રિઓને આમંત્રણ કર્યું અને પોતાના રસોડે જમવાની વિજ્ઞપ્તિ કરી. રસોઈ કરવા કરાવવાની બધી કચકૂટ ટળી ગયેલી જોઈ યાત્રિઓ બહુજ આનંદિત થયા અને સોની તેજપાલની અનેકધા પ્રશંસા કરવા લાગ્યા. ÷

(૧૩)

આદીશ્વર ભગવાનના મંદિરની પશ્ચિમે ન્હાના મંદિરમાં સ્થાપન કરેલાં બે પગલાંની આસપાસ, ન્હાની મ્હોટી ૧૧ પંક્તિઓમાં આ નં. ૧૩ નો લેખ કોતરેલો છે.

× જુઓ, હીરસૂરિરાસ, પૃષ્ઠ ૨૦૬–૨૦૮.

* " મળ્યા સાધુ તિહાં એક હજાર, હીરવિજયસૂરિનો પરિવાર. "
પૃ. ૨૦૮.

÷ જુઓ પૃષ્ઠ ૨૨૨, પદ્ય ૧૪–૧૮.

જે ચરણયુગલ ઉપર આ લેખ છે તે હીરવિજયસૂરિની ચરણ સ્થાપના છે. સંવત્ ૧૬૫૨ માં, ભાદ્રવા સુદી ૧૧ ના દિવસે કાઠિયાવાડના ઉન્નતદુર્ગ (ઉના ગાંવ) માં હીરવિજયસૂરિએ સ્વર્ગવાસ કર્યો. તેજ સાલના માર્ગશિર વદિ ૨ સોમવાર અને પુષ્યનક્ષત્રના દિવસે સ્તંભતીર્થ (ખંભાત) નિવાસી સંઘવી ઉદયકર્ણે આ પાદુકાની સ્થાપના કરી અને આચાર્ય શ્રીવિજયસેનસૂરિના નામથી મહોપાધ્યાય કલ્યાણવિજય ગણિ અને પંડિત ધનવિજય ગણિએ એની પ્રતિષ્ઠા કરી છે. લેખના બાકીના ભાગમાં હીરવિજયસૂરિએ અકબર બાદશાહને પ્રતિબોધ કરી જીવદયા, જીજીયામુક્તિ વિગેરે જે જે પુણ્યકાર્યો કર્યાં, તેમનું સંક્ષિપ્ત રીતે સૂચન કરેલું છે.

સં. ઉદયકર્ણ, હીરવિજયસૂરિના પ્રમુખ શ્રાવકોમાંનો એક હતો. ખંભાતનો તે આગેવાન અને પ્રસિદ્ધ શેઠ હતો. સં. ઋષભદાસે હીરસૂરિરાસમાં એનો અનેક સ્થળે ઉલ્લેખ કર્યો છે.

(૧૪)

આ લેખ ખરતરવસહિ ટુંકમાં, ચોમુખના મંદિરની સામે આવેલા પુંડરીકગણધરના મંદિરના દ્વાર ઉપર, ૧૭ પંક્તિઓમાં ખોદી કાઢેલો છે. મિતિ સં. ૧૬૭૫ વૈશાખ સુદી ૧૩ શુક્રવાર છે, સંઘવાલગોત્રીય સા. કોચરની સંતતિમાં સા. કેલ્હા થયો તેનો પુત્ર સા. થન્ના, તેનો સા. નરસિંઘ, તેનો કુંઅરા, તેનો નચ્છા (ત્થા?) (સ્ત્રી નવરંગદે) અને તેનો પુત્ર સુરતાણ (સ્ત્રી સેંદૂરદે) થયો. સુરતાણનો પુત્ર સા. ખેતસી થયો કે જેણે, શત્રુંજયની યાત્રા કરી સંઘપતિનું તિલક પ્રાપ્ત કર્યું હતું અને સાત ખેત્રોમાં પુષ્કળ ધન ખર્ચ્યું હતું. તેણે, પોતાના પુત્રપૌત્રાદિ પરિવાર સહિત ચતુર્મુખ મહાન્ પ્રાસાદની પૂર્વ બાજુએ કુટુંબના કલ્યાણ માટે, આ દેવગૃહિકા (દેહરી) બનાવી. બૃહત્ખરતરગચ્છના આચાર્ય જિનસિંહસૂરિના પટ્ટધર અને શત્રુંજયના અષ્ટમોદ્ધારની પ્રતિષ્ઠા કરનાર શ્રીજિનરાજસૂરિએ એની પ્રતિષ્ઠા કરી.

(૧૫-૧૬.)

એજ ટુંકમાં, વાયવ્ય ખુણામાં આવેલી દેવકુલિકામાં આદિનાથ ભગવાનની બે ચરણ જોડી છે. તેમના ઉપર નં. ૧૫ અને ૧૬ વાળા લેખો કોતરેલા છે. મિતિ બંનેની ઉપર પ્રમાણેજ છે. એમાં પ્રથમની પાદુકાની સ્થાપના તો, નીચે આપેલા લેખવર્ણનવાળા શેઠ રૂપજી-નીજ કરેલી છે અને બીજીની, ઓસવાલજ્ઞાતીય અને લોઢા ગોત્રીય સા. રાયમલ્લ (સ્ત્રી રંગાદે) ના પૌત્ર અને સા. જયવંત (સ્ત્રી જયવંત દે) ના પુત્ર સા. રાજસી, કે જેણે શત્રુંજયની યાત્રા કરી સંઘપતિનું શુભ તિલક પ્રાપ્ત કર્યું હતું, તેણે કસુંભદે અને તુરંગદે નામની પોતાની બંને સ્ત્રીઓ તથા અખયરાજ અને અજયરાજ આદિ પુત્ર પૌત્ર અને અન્ય સ્વજનાદિ પરિવાર સહિત, આદિનાથ ભગવાનની આ પાદુકા સ્થાપિત કરી છે.

(૧૭-૨૦)

નં. ૧૭ થી ૨૦ સુધીના ૪ લેખો, ચોમુખની ટુંકમાં આવેલા ચતુર્મુખ–વિહાર નામના મુખ્ય પ્રાસાદમાં, ચારે દિશાઓમાં વિરાજમાન આદિનાથ ભગવાનની ભવ્યપ્રતિમાઓની બેઠક નીચે, ૯ થી ૧૧ પંક્તિમાં કોતરેલા છે. ચારે લેખોમાં પાઠ અને વર્ણન લગભગ એકજ સરખાં છે.

મિતિ સં. ૧૬૭૫ અને વૈશાખ સુદી ૧૩ શુક્રવાર છે. એ વખતે સુલતાન નુરદીન જહાંગીર બાદશાહ હતો. શાહજાદા સુલતાન ખોસરૂ (ખુસરો) નું નામ પણ લખવામાં આવ્યું છે. લેખોના પ્રારંભના ભાગોમાં એ મંદિર અને મૂર્તિઓ કરાવનાર સં. રૂપજીના કુટુંબનાં નામો છે અને અંતના ભાગોમાં પ્રતિષ્ઠા કરનાર આચાર્ય જિનરાજસૂરિ સુધીનાં બૃહત્ખરતગચ્છના આચાર્યોના, લાંબા લાંબા વિશેષણો સહિત નામો આપ્યાં છે×. સારભાગ એટલોજ છે કે, અહમદાબાદ નિવાસી પ્રાગ્વાટ જ્ઞાતીય અને લઘુશાખીય સં. સોમજીના

× એ નામોની ટીપ ઉપર પૃ. ૮-૯ માં આપેલી છે.

પુત્ર સં. રૂપજી,× કે જેણે શત્રુંજયની યાત્રા માટે મ્હોટો સંઘ કાઢી સંઘવિનું તિલક પ્રાપ્ત કર્યું હતું, અનેક નવીન જિનમંદિરો બંધાવ્યાં હતાં, નવાં જિનબિંબો ભરાવ્યાં હતાં, પ્રતિષ્ઠા અને સાધર્મિકવાત્સલ્ય આદિ ધર્મ કૃત્યોમાં પુષ્કળ ધન ખર્ચ્યું હતું, અને જે રાજસભામાં શૃંગાર સમાન ગણાતો હતો, તેણે પોતાના વિસ્તૃત પરિવાર સહિત શત્રુંજય ઉપર 'ચતુર્મુખવિહાર' નામનો મહાન પ્રાસાદ, આજુ બાજુના કિલ્લા સમેત બનાવ્યો અને ઉદ્દ્યોતનસૂરિની પાટપરંપરામાં ઉતરી આવેલા આચાર્ય જિનચંદ્રસૂરિ, કે જેમને અકબર બાદશાહે 'યુગપ્રધાન' નું પદ આપ્યું હતું, તેમના શિષ્ય જિનસિંહસૂરિની પાટે આવેલા આચાર્ય જિનરાજસૂરિએ, એ મંદિર અને એમાં વિરાજિત મૂર્તિઓની પ્રતિષ્ઠા કરી.

લેખોમાં આપ્યા પ્રમાણે સં. રૂપજીની વંશાવલીનું સ્વરૂપ નીચે મુજબ થાય છે.

સેઠ દેવરાજ (સ્ત્રી * રૂડી.)
|
સેઠ ગોપાલ (સ્ત્રી રાજૂ.)
|
સેઠ રાજા ( )
|
સેઠ સાઇઆ (સ્ત્રી નાકૂ.)
|— સેઠ જોગી (સ્ત્રી જસમાદે)
| |— સેઠ સીવા.
| |— સેઠ સોમજી (સ્ત્રી રાજલદે.)
| |— રત્નજી (સ્ત્રી સુજાણદે.)
| | |— સુંદરદાસ.
| | |— સખરા.
| |— રૂપજી (સ્ત્રી જેઠી.)
| | |— પુત્ર કોડી.
| | |— ઉદયવંત.
| | |— પુત્રી કુંઅરી.
| |— ખીમજી
| |— રવિજી.
|— સેઠ નાથા.(સ્ત્રી નારિંગદે.)
    |— સૂરજી (સ્ત્રી સુપમાદે.)
        |— ઈન્દ્રજી (દત્તક પુત્ર.)

× ડૉ. બુલ્હરે મૂળ લેખોમાં 'રૂ' ના બદલે 'ડૂ' વાંચી 'ડૂપજી' એવું નામ, આપ્યું છે. પરંતુ, તપાસ કરતાં જણાયું કે તે નામ 'રૂપજી' છે, 'ડૂપજી' નહિ: તેથી આ અવલોકનમાં, તેજ આપવામાં આવ્યું છે.

* આ નામને પણ ડૉ. બુલ્હરે 'ડૂડી' વાંચ્યું છે.

પ્રતિષ્ઠા કરનાર સૂરિના ગુરૂ અને તેમના ગુરૂના વિષયમાં, આ લેખોમાં કેટલીક ઐતિહાસિક હકીકતો એવા રૂપમાં આપવામાં આવી છે કે જે નં. ૧૨ ના લેખમાં, તપાગચ્છના આચાર્ય શ્રી હીરવિજયસૂરિ અને વિજયસેનસૂરિની હકીકત સાથે ઘણી ખરી મળતી દેખાય છે. આવા સમાનાર્થ ઉલ્લેખથી કેટલાક વિદ્વાનોનાં મનમાં એ લેખોક્ત ઇતિહાસ માટે શંકિત વિચારો ઉત્પન્ન થાય એમ છે, તેથી એ વિષયમાં કાંઇક ખુલાસો કરવો આવશ્યક છે.

જિનચંદ્રસૂરિ માટે આ લેખોમાં લખવામાં આવ્યું છે કે, તેમણે અકબર બાદશાહને પ્રતિબોધ આપ્યો હતો તેથી તેણે ખુશી થઇ તેમને 'યુગપ્રધાન' નું મહત્ત્વસૂચક પદ આપ્યું હતું. તેમના કથનથી બાદશાહે બધા દેશોમાં અષ્ટાહ્નિક અમારી પળાવી હતી. તેવીજ રીતે જહાંગીર બાદશાહનું મન પણ તેમણે રંજિત કર્યું હતું અને પોતાના રાજ્યમાંથી સાધુઓને બ્હાર કાઢવા માટે તેણે જ્યારે એક વખતે ફરમાન કાઢયું, ત્યારે તેમણે, બાદશાહને સમજાવી પાછું તે ફરમાન ખેંચાવી લીધું હતું અને આ પ્રમાણે સાધુઓની રક્ષા કરી હતી.

જિનસિંહસૂરિ માટે પણ લખાયું છે કે–તેમણે પણ અકબરપાસેથી, એક વર્ષ સુધી, કોઈ મનુષ્ય માછલાં વિગેરે જલજંતુઓ ન મારી શકે તેવું ફરમાન મેળવ્યું હતું, અને કાશ્મીર, ગોળકુંડા, ગીજની પ્રમુખ દેશોમાં પણ તેમણે અમારી–જીવદયા પળાવી હતી. તથા જહાંગીર બાદશાહે તેમને 'યુગપ્રધાન' પદ આપ્યું હતું.

આ બંને આચાર્ય માટે કરેલું એ કથન ક્ષમાકલ્યાણકની ખરતરગચ્છની સંસ્કૃત પટ્ટાવલીમાં પણ મળે છે. ઉપર હીરવિજયસૂરિ અને વિજયસેનસૂરિના ઉપદેશથી અકબરે જે જે કામો કર્યાં, તેમનો પણ સંક્ષિપ્ત ઉલ્લેખ થઇજ ગયો છે. આ ઉપરથી, એવી શંકા સહજે ઉત્પન્ન થાય છે કે અકબરે આવી જાતનું માન તપગચ્છના આચાર્યોને આપ્યું કે ખરતરગચ્છના આચાર્યોને ? કારણ કે બંને સમુદાયો પોતપોતાના લેખોમાં પોતપોતાના આચાર્યોને તેવું માન મળ્યાનો ઉલ્લેખ કરે છે. એ શંકાનું નિર્મૂલન આ પ્રમાણે થાય છે.

અકબરે પ્રથમ સંવત્ ૧૬૩૯ માં હીરવિજયસૂરિને પોતાના દરબારમાં બોલાવ્યા અને તેમના કથનથી પર્યુષણાના આઠ દિવસોમાં, સદાના માટે જીવહિંસા બંધ કરવાનું ફરમાન કરી આપ્યું. હીરવિજયસૂરિ શાંતિચંદ્ર ઉપાધ્યાયને અકબરના દરબારમાં મૂકી પોતે પાછા ગુજરાતમાં આવ્યા. શાંતિચંદ્રે कृपारसकोश બનાવી બાદશાહને પ્રસન્ન કર્યો અને એક વર્ષમાં ૭ મહિના સુધી જીવહિંસા બંધ કરાવવાનું ફરમાન કઢાવ્યું. * પછી તેઓ પણ ગુજરાતમાં આવ્યા અને પોતાના સ્થાને ભાનુચંદ્ર પંડિતને મૂકયા. તેમણે શત્રુંજય હસ્તગત કરવા માટે બાદશાહ પાસેથી ફરમાન મેળવ્યું. પછી બાદશાહે, ભાનુચંદ્ર પાસેથી વિજયસેનસૂરિની પ્રશંસા સાંભળી તેમને લાહોરમાં બોલાવ્યા અને તેમની મુલાકાત લઈ ખુશ થયો. વિજયસેનસૂરિના કથનથી તેણે ગાય, બળદ, ભેંસ અને પાડાનો વધ સદાને માટે નિષેધ કર્યો. લગભગ સંવત્ ૧૬૫૦ માં વિજયસેનસૂરિ પાછા ગુજરાત તરફ વળ્યા. આજ સમયની આસપાસ બીકાનેર (રાજપૂતાના) ના રાજા કલ્યાણસિંહ નો મંત્રી કર્મચંદ્ર, કે જે ખરતરગચ્છનો આગેવાન અને દૃઢ શ્રાવક હતો, તે પોતાના રાજાની ખફગીના લીધે અકબરના દરબારમાં આવીને રહ્યો હતો. અને પોતાની કાર્ય કુશળતાથી બાદશાહની મ્હોટી મ્હેરબાની મેળવી શકયો હતો. તેના કથનથી, તેના ગુરૂ જિનચંદ્રસૂરિને બાદશાહે પોતાની મુલાકાત લેવા લાહોર બોલાવ્યા હતા. બાદશાહે તેમની મુલાકાત લઈ તેમનું મન પણ રાજી રાખવા માટે, આષાઢ માસના શુકલપક્ષના અંતિમ ૮ દિવસોમાં જીવહિંસા બંધ કરવા માટે એક ફરમાન + કરી આપ્યું હતું. મંત્રી કર્મચંદ્રના કથનથી તેમણે એ વખતે જિનસિંહને આચાર્ય પદવી આપી કે જેના મહોત્સવમાં, પટ્ટાવલી અને લેખોમાં લખ્યા પ્રમાણે, કર્મચંદ્રે સવાક્રોડ રૂપિયા ખર્ચ કર્યા હતા. બાદશાહની સ્વારી એક વખતે કાશ્મીરદેશમાં ગઈ હતી ત્યારે જિનસિંહસૂરિ પણ તેની સાથે ગયા હતા. તેમની ચારિત્રપાત્રતા

---

* વિશેષ હકીકત માટે જુઓ, મ્હારો 'कृपारसकोश.'

\+ આ ફરમાનની નકલ 'कृपारसकोश' માં આપેલી છે.

અને કઠિન તપશ્ચર્યા જોઈ અકબર ખુશી થયો અને તેમના કહેવા પ્રમાણે કાશ્મીર અને ગીજની પ્રમુખ દેશોમાં એક દિવસ જીવદયા પળાવી હતી. તથા જિનચંદ્રસૂરિના કથનથી, ખંભાતની પાસેના દરિયામાં એક વર્ષ સુધી માછલીઓ મારવાનો પણ મનાઈ હુકમ કર્યો હતો.

આ હકીકત ઉપરથી જણાશે કે તપગચ્છ અને ખરતરગચ્છના બંને લેખકોનું જે કથન છે તે અમુક અંશે યથાર્થ છે. સં. ૧૬૩૯ થી ૬૦ સુધી અકબરને જૈન વિદ્વાનોનો સતત સહવાસ રહ્યો તેમાં પ્રથમના ૧૦ વર્ષોમાં તપાગચ્છનું અને પછીના ૧૦ વર્ષમાં ખરતરગચ્છનું વિશેષ વલણ હતું એમ કહેવામાં કાંઈ હરકત નથી. પરંતુ સાથે એટલું તો અવશ્ય કહેવુંજ જોઈએ કે ખરતરગચ્છ કરતાં તપાગચ્છને વિશેષ માન મળ્યું હતું અને બાદશાહ પાસેથી સુકૃત્યો પણ એ ગચ્છવાળાઓએ અધિક કરાવ્યાં હતાં.

ચૌમુખના મંદિરના આ લેખોમાં પ્રતિષ્ઠા કરાવનાર તથા મંદિર બનાવનાર તરીકે સેઠ રૂપજીનું નામ લખવામાં આવ્યું છે પરંતુ પ્રસિદ્ધિમાં તો એ આખી ટુંક સિવા અને સોમજી, કે જે ઉપર વંશવૃક્ષમાં જણાવ્યા મુજબ સં. રૂપજીના પિતૃવ્ય અને પિતા થાય છે, તેમની બંધાવેલી કહેવાય છે. પટ્ટાવલિઓમાં પણ એમનુંજ નામ છે. આ ઉપરથી જણાય છે કે એ ટુંક બંધાવવાનો પ્રારંભ તો રૂપજીના પિતાએ કર્યો હશે પરંતુ પાછળથી તેનું મૃત્યુ થઈ જવાના લીધે પ્રતિષ્ઠા વિગેરે કાર્યો રૂપજીએ કરાવ્યાં હશે.

આ મંદિરો બંધાવવામાં સેઠ સિવા સોમજીએ પુષ્કળ ધન ખરચ્યું હતું. 'મીરાતે-અહમદી'ના લખવા પ્રમાણે બધા મળી ૫૮ લાખ રૂપિયા આમાં ખર્ચ થયા હતા. કહેવાય છે કે ૮૪૦૦૦ રૂપિયાનાં તો એકલાં દોરડાંજ કામ લાગ્યાં હતાં! મંદિરોની વિશાલતા અને ઉચ્ચતા જોતાં એ કથનમાં શંકા લઈ જવા જેવું કશું જણાતું નથી.

ક્ષમાકલ્યાણકની ખરતરગચ્છની પટાવલીમાં એ બંધુઓના વિષયમાં લખ્યું છે કે, " અમદાબાદમાં સિવા અને સોમજી બંને ભાઈઓ મિથ્યાત્વી હોઈ ચિભડાનો વ્યાપાર કરતા અને બહુ દરિદ્રાવસ્થા ભોગવતા હતા. જિનચંદ્રસૂરિ વિચરતા વિચરતા અમદાબાદમાં આવ્યા અને એ

ભાઈઓને ઉપદેશ આપી શ્રાવક બનાવ્યા. સૂરિની કૃપાથી પછી તેઓએ પુષ્કળ દ્રવ્ય પ્રાપ્ત કર્યું અને મહાન ધનવાન થયા. + ”

જિનસિંહસૂરિએ, એ મંદિરની પ્રતિષ્ઠા સમયે બધા મળી ૫૦૧ જિનબિમ્બોની પ્રતિષ્ઠા કરી હતી એમ ખરતર–પટ્ટાવલીમાં ઉલ્લેખ છે. *

(૨૨)

વિમલવસહિ ટુંકમાં, હાથીપોલ નજીક આવેલા મંદિરની ઉત્તર તરફની ભીંતમાં, ૩૧ પંક્તિમાં, આ લેખ કોતરેલો છે. લેખનો ઘણો ખરો ભાગ પદ્યમાં છે અને થોડોક ગદ્યમાં છે.

પહેલા ૫ પદ્યોમાં, મંગલ, હાલાર પ્રાંતના નવીનપુર (કે જેને હાલમાં જામનગર કહે છે) નું નામ મને ત્યાંના જશવંત અને શત્રુશલ્ય નામના બે રાજાઓનો ઉલ્લેખ છે. ૬ થી ૧૩ સુધીનાં પદ્યોમાં, અંચલગચ્છના પ્રવર્તક આચાર્ય આર્યરક્ષિતસૂરિથી તે લેખ-કાલીન આચાર્ય કલ્યાણસાગરસૂરિ સુધીના આચાર્યોનાં નામો આપ્યાં છે. (આ નામો ઉપર પૃષ્ઠ ૧૧ માં આવેલાં છે.) ૧૪ મા પદ્યથી પ્રતિષ્ઠા કરાવનાર કુટુંબનું વર્ણન છે.

ઓસવાલ જ્ઞાતિમાં, લાલણગોત્રમાં પહેલાં હરપાલ નામે મ્હોટો શેઠ થયો. તેને હરીઆ નામનો પુત્ર થયો. હરીઆને સિંહ, તેને ઉદ્દેસી, તેને પર્વત અને તેને વચ્છ થયો. વચ્છની સ્ત્રી વાચ્છ-લદેની કુક્ષિથી અમર નામનો પુત્ર જન્મ્યો. અમરની સ્ત્રી લિંગદેવી નામની હતી જેને વર્ધમાન, ચાંપસી અને પદ્મસિંહ; એમ ત્રણ પુત્રો થયા. તેમાં વર્ધમાન અને પદ્મસિંહ વિશેષ પ્રસિદ્ધ થયા. આ બંને ભાઈઓ જામ રાજાના મંત્રિઓ હતા. લોકોમાં તેમનો સત્કાર પણ બહુ હતો. વર્દ્ધમાનની સ્ત્રી વન્નાદેવી હતી, જેને વીર અને

+ “ अहम्मदावादनगरे च्चिर्भटीव्यापारेणाजीविकां कुर्वाणौ मिथ्यात्विकुलोत्पन्नौ प्राग्वाटज्ञातीयौ सिवा-सोमजीनामानौ द्वौ भ्रातारौ प्रतिबोध्य सकुटुम्बौ श्रावकौ कृतवन्तः । ”

* “ संवत् १६७५ वैशाखशुदित्रयोदश्यां शुक्रे श्रीराजनगरवास्तव्यप्राग्वाट-ज्ञातीयसंघपतिसोमजीकारितशत्रुंजयोपरि चतुर्द्वारविहारहारायमाणश्रीऋषभादिजिनैका-धिकपंचशत(५०१)प्रतिमानां प्रतिष्ठा विहिता । ”

વિજપાલ નામના બે પુત્રો થયા. પદ્મસિંહની સ્ત્રીનું નામ સુજાણદે હતું અને તેને પણ શ્રીપાલ, કુંઅરપાલ અને રણમલ્લ નામના ત્રણ પુત્રો થયા. આવી રીતે સુખી અને સંતતિવાળા બંને ભાઇઓએ સંવત્ ૧૬૭૫ (શાકે ૧૫૪૧) ના વૈશાખ માસના શુક્લ પક્ષની તૃતીયા અને બુધવારના દિવસે શાંતિનાથ આદિ તીર્થંકરોની ૨૦૪ પ્રતિમાઓ ભરાવી અને પ્રતિષ્ઠિત કરાવી.

પોતાના વાસસ્થાન નવાનગર (જામનગર) માં પણ તેમણે વિપુલ ધન ખર્ચી કૈલાસપર્વત જેવો ઉંચો પ્રાસાદ કરાવ્યો અને તેની આજુ બાજુ ૭૨ દેવકુલિકાઓ અને ૮ ચતુર્મુખ મંદિરો બંધાવ્યાં. સા. પદ્મસિંહે શત્રુંજય ઉપર પણ ઉંચા તોરણો અને શિખરોવાળું મ્હોટું મંદિર બનાવ્યું અને તેમાં શ્રેયાંસ તીર્થંકર આદિ અર્હતોની પ્રતિમાઓ સ્થાપન કરી.

તથા, વળી સંવત્ ૧૬૭૬ ના ફાલ્ગુન માસની શુક્લ દ્વિતીયાના દિવસે નવાનગરથી સા. પદ્મસિંહે મ્હોટો સંઘ કાઢયો અને અંચલગચ્છના આચાર્ય કલ્યાણસાગરની સાથે શત્રુંજયની યાત્રા કરી પોતે કરાવેલા મંદિરમાં ઉક્ત તીર્થંકરોની પ્રતિમાઓની ખૂબ ઠાઠમાટ સાથે પ્રતિષ્ઠા કરાવી.

વાચક વિનયચંદ્રગણિના શિષ્ય પંડિતશ્રી દેવસાગરે + આ પ્રશસ્તિ બનાવી છે.

* * * *

સા. વર્દ્ધમાન અને સા. પદ્મસિંહનું બનાવેલું ઉક્ત જામનગરવાળું મંદિર આજે પણ ત્યાં સુશોભિત છે. એ મંદિરમાં શિલાલેખ પણ વિદ્યમાન છે, જે આ સંગ્રહમાં ૪૫૫ મા નંબર નીચે આપવામાં આવેલો છે. પ્રસંગોપાત્તથી તે લેખનો સાર અત્રેજ આપી દેવો ઠીક પડશે.

આ લેખમાં ૧૮ પદ્યો અને અંતે થોડોક ભાગ ગદ્ય છે. પદ્યોમાં આ લેખ પ્રમાણે જ અંચલગચ્છની પટ્ટાવલી અને સા. વર્દ્ધમાનની વંશાવલી આપી છે. આ વંશાવલી પ્રમાણે વર્દ્ધમાનના કુટુંબનું વંશવૃક્ષ આ પ્રમાણે થાય છે.—

+ દેવસાગર ઉત્તમ પંડિતના વિદ્વાન્ હતા. તેમણે હેમચંદ્રાચાર્યના અભિધાનચિન્તામણિ કોષ ઉપર વ્યુત્પત્તિરત્નાકર નામની ૨૦૦૦૦ શ્લોક પ્રમાણ મ્હોટી ટીકા બનાવી છે.

- § અમરસિંહ.
  - વર્ધમાન.
    - વીરજી.
    - વિજયપાલ.
    - ભામાશાહ.
    - જગડૂ.*
  - ચાંપસિંહ.
    - અમીયસાહ.
      - રામજીસાહ.
      - ભીમજીસાહ.
  - પદ્મસિંહ.
    - શ્રીપાલ.
      - નારાયણ.
        - કૃષ્ણદાસ.
    - કુંવરપાલ.
      - થાવરસાહ.
      - વાઘજીસાહ.
    - રણમલ્લ.

---

§ અમરસિંહના પૂર્વજોનાં નામ અને ક્રમમાં, શત્રુંજયના અને જામનગરના લેખમાં કાંઇક ભિન્નતા છે. બંનેનું કોષ્ટક આ પ્રમાણે છે--

શત્રુંજય૦ પ્રમાણે---	જામનગર૦ પ્રમાણે---
૧ હરપાલ.	૧ સિંધજી.
૨ હરીયા.	૨ હરપાલ.
૩ સિંહ.	૩ દેવનંદ.
૪ ઉદેસી.	૪ પર્વત.
૫ પર્વત.	૫ વચ્છુ.
૬ વચ્છુ. (સ્ત્રી વાચ્છલદેવી.)	૬ અમર.
૭ અમર. (સ્ત્રી લીંગદેવી.)	

* જામનગરવાળા પુસ્તક પ્રકાશક શ્રાવક હીરાલાલ હંસરાજ પોતાને એ જગડૂની સંતતિ તરીકે જણાવે છે. જુઓ विजयानन्दाभ्युदय કાવ્યની પ્રશસ્તિ.

ગદ્યભાગમાં લખવામાં આવ્યું છે કે—પોતાના પરિવાર સમેત, અમાત્ય (પ્રધાન) શિરોમણિ વર્દ્ધમાનસાહુ અને પદ્મસિંહસાહે, હાલાર પ્રદેશમાં, નવાનગર (જામનગર) માં, જામ શ્રી શત્રુશલ્ય (છત્રશાલ) ના પુત્ર શ્રીજસવંતજીના વિજયવંતા રાજ્યમાં, અંચલગચ્છના આચાર્ય શ્રીકલ્યાણસાગરસૂરિના ઉપદેશથી, શ્રીશાંતિનાથનું મંદિર બંધાવવા રૂપ પુણ્ય કૃત્ય કર્યું. તથા ઉક્ત તીર્થંકર આદિની ૫૦૧ પ્રતિમાની બે પ્રતિષ્ઠાઓ કરાવી. તેમાં પ્રથમ સંવત્ ૧૬૭૬ વૈશાખ શુક્લ ૩ બુધવારના દિવસે અને બીજી સંવત્ ૧૬૭૮ ના વૈશાખ શુક્લ ૫ શુક્રવારના દિવસે. એવી રીતે મંત્રીશ્વર વર્દ્ધમાન અને પદ્મસિંહે ૭ લાખ રૂપિયા પુણ્યક્ષેત્રોમાં ખર્ચ કર્યા !

આ બંને લેખો ઉપરથી જણાય છે કે વર્દ્ધમાન અને પદ્મસિંહ—બંને ભ્રાતા જામનગરના તત્કાલીન પ્રધાનો હતા અને તેઓ ચુસ્ત જૈનધર્મી હોઈ જૈન ધર્મની ઉન્નતિ માટે પુષ્કળ પ્રયત્ન અને દ્રવ્યવ્યય કર્યો હતો. શ્રાવક હીરાલાલ હંસરાજે વર્દ્ધમાનના વિષયમાં विजयानंदाभ्युदयकाव्य માં નીચે પ્રમાણે હકીકત લખી છે.

" વર્દ્ધમાન સાહનો ઇતિહાસ આ પ્રમાણે છે— તેઓ કાઠીયાવાડની ઉત્તરે આવેલા કચ્છ નામના દેશમાં આવેલા અલસાણ નામે ગામના રહેવાસી હતા. તેઓ ઘણાજ ધનાઢ્ય તથા વ્યાપારના કાર્યોમાં પ્રવીણ હતા. તેજ ગામમાં રાયસી સાહ નામના પણ એક ધનાઢ્ય સેઠ રહેતા હતા. તેઓ બંને વચ્ચે વહેવાઇનો સંબંધ હતો. તેઓ બંને જૈનધર્મ પાળતા હતા. એક દિવસે જામનગરના રાજા જામસાહેબે તે અલસાણાના ઠાકોરની કન્યા સાથે લગ્ન કર્યાં. તેમાં જામશ્રીના કહેવાથી તે કુંવરીએ દાયજામાં પોતાના પિતા પાસે તે બંને સાહુકારો જામનગરમાં આવી વસે એવી માગણી કરી. તે માગણી તેના પિતાએ કબુલ રાખવાથી ઓસવાલ જ્ઞાતિના દસ હજાર માણસો સહિત તે બંને સાહુકારોએ જામનગરમાં આવી નિવાસ કર્યો.

ત્યાં રહી તેઓ અનેક દેશો સાથે વ્યાપાર કરવા લાગ્યા અને તેથી જામનગરની પ્રજાની પણ ઘણી આબાદી વધી. વળી તે બંને સાહુકારોએ પોતાના દ્રવ્યનો સદુપયોગ કરવા માટે ત્યાં (જામનગરમાં) લાખો પૈસા ખર્ચીને મ્હોટાં વિસ્તારવાળાં તથા દેવવિમાનો સરખાં જિનમંદિરો બંધાવ્યાં.

તે મંદિરો વિક્રમ સંવત્ ૧૬૭૬ માં સંપૂર્ણ થયાં. અનુક્રમે શ્રીવર્ધમાન શત્રુંજય ગિરનાર વગેરેની યાત્રા કરી અને ત્યાં પણ જિનમંદિરો બંધાવ્યાં. એવી રીતે પોતાના લાખો પૈસા ખર્ચીને તેમણે આ ચપલ લક્ષ્મીનો લાવો લીધો. વર્દ્ધમાનસાહનું રાજ્યદરબારમાં ઘણું સન્માન થવા લાગ્યું, તથા જામશ્રી પણ ઘણું ખરૂં કાર્ય તેમની સલાહ પ્રમાણે કરવા લાગ્યા. આથી કરીને જામસાહેબના એક લુહાણા કારભારીને ઇર્ષા થઈ, તેથી તે વર્દ્ધમાન સાહપરની જામ સાહેબની પ્રીતિ ઓછી કરાવવાની તજવીજ કરવા લાગ્યો. એક દહાડે તે કારભારીએ જામ સાહેબને કહ્યું કે, હાલમાં રાજ્યમાં નાણાંનો ખપ છે, તેથી આપણા શહેરના ધનાઢ્ય સાહુકાર વર્દ્ધમાન સાહ ઉપર નેવું હજાર કોરીની ચીટ્ઠી લખી આપો. જામ સાહેબે પણ તેના કહેવા પ્રમાણે ચીટ્ઠી લખી આપી. પછી તે કારભારીએ તે ચીટ્ઠી ઉપર ૧ મીંડું પોતાના તરફથી ચઢાવી નેવું હજારના બદલે નવ લાખની ચીટ્ઠી બનાવી. પછી તેજ દિવસે સાંજના વાળુ વખતે તે કારભારી વર્દ્ધમાન સાહ પાસે ગયો અને તેમને કહેવા લાગ્યો કે, જામસાહેબે હુકમ કર્યો છે કે, આ ચીટ્ઠી રાખીને નવ લાખ કોરી આજ વખતે આપો. વર્દ્ધમાન સાહે કહ્યું કે, આ વખત અમારે વ્યાળુ કરવાનો છે માટે આવતી કાલે સવારે તમે આવજો, એટલે આપીશું. પણ તે કારભારીએ તો, તેજ વખતે, તે કોરી લેવાની હઠ લીધી. તેથી વર્દ્ધમાન સાહે તેને તેજ વખતે કાંટો ચઢાવી પોતાની વખારમાંથી નવલાખ કોરી તોળી આપી. કારભારીના આ કર્તવ્યથી વર્દ્ધમાનસાહને ગુસ્સો ચઢયો, તેથી પ્રભાતમાં રાયસીસાહ સાથે મળીને તેમણે ઠરાવ કર્યો કે, જે રાજ્યમાં પ્રજાપર આવો જુલમ હોય ત્યાં આપણે રહેવું લાયક નથી, માટે આપણે આજેજ અહિંથી ચાલીને કચ્છમાં જવું. તે સમયે રાયસી સાહે પણ તે વાત કબુલ કરી. પરંતુ જ્યારે વર્દ્ધમાન સાહે ત્યાંથી નિકળી કચ્છ તરફ પ્રયાણ કર્યું ત્યારે રાયસી સાહે ખુટામણ લેઈ કહ્યું કે, મ્હારે તો આ દેહરાંઓનું કામ અધુરૂં હોવાથી, મ્હારાથી આવી શકાશે નહીં. પછી વર્દ્ધમાન સાહ એકલાએ ત્યાંથી પ્રયાણ કર્યું. તેમની સાથે બીજા સાડા સાત હજાર ઓસવાળો પણ કચ્છ તરફ રવાના થયા. તે બધા માણસોનું ખાધા ખોરાકી વિગેરેનું ખર્ચ વર્દ્ધમાન સાહે પોતાના માથે લીધું. પ્રયાણ કરી વર્દ્ધમાન સાહ ધ્રોળ મુકામે પહોંચ્યા ત્યારે જામ સાહેબને તે બાબતની ખબર પડી. જામ સાહેબે તેમને પાછા બોલાવવા માટે પોતાનાં માણસો મોકલ્યાં, પરંતુ વર્દ્ધમાન સાહ આવ્યા નહિ. ત્યારે જામ

સાહેબ પોતે ત્યાં ગયા અને આવી રીતે એકાએક પ્રયાણ કરવાનું સેઠને કારણ પુછ્યું. સેઠે જે હકીકત બની હતી તે નિવેદન કરી. ત્યારે જામસાહેબે આશ્ચર્ય સહિત કહ્યું કે મ્હેં તો ફક્ત નેવુ હજાર કોરીની ચીઠ્ઠી લખી આપી હતી. આ વાત જાણી કારભારી પર જામ સાહેબનો ઘણોજ ગુસ્સો ચઢયો. જામ સાહેબ સેઠને મનાવી એકદમ પાછા જામનગર આવ્યા. ત્યાં કલ્યાણજી હેઠે તે કારભારી જામસાહેબને મળ્યો. જામ સાહેબે એકદમ ગુસ્સામાંજ ત્યાં તેને જમૈયાથી પોતાના હાથે મારી ન્હાંખી યમને દ્વારે પહોંચાડયો. એ લુહાણા કારભારીનો પાળીઓ હાલ પણ ત્યાં (જામનગરમાં) કલ્યાણજીના મંદિરમાં મોજુદ છે. જે વખારમાં વર્દ્ધમાન સાહે તેને નવલાખ કોરી તોળી આપી હતી તે વખારનું, જામનગરમાં માંડવી પાસે રહેલું મકાન, હાલ પણ નવલખાના નામથી ઓળખાય છે. તેમનાં ચણાવેલાં અત્યંત મનોહર જિન-મંદિરો પણ હાલ, તે સમયની તેમની જાહોજલાલી દષ્ટિગોચર કરે છે. તેમનું રહેવાનું મકાન પણ હાલ જામનગરમાં જીર્ણ અવસ્થામાં હયાત છે. તેમણે અનેક ધર્મકાર્યો તથા લોકોપકૃતિનાં કાર્યો કરેલાં છે. ”

પૃષ્ઠ. ૨૬૨-૬૫.

(૨૨)

આ લેખ, નં. ૬ અને ૭ વાળા લેખો જે દેહરીમાં છે તેની પાસે આવેલી અને આદીશ્વરના મ્હોટા મંદિરના ઇશાન ખુણામાં રહેલી દેહરીમાં આવેલો છે.

મિતિ સં. ૧૬૭૫ વૈશાખ શુક્લ ૧૩ શુક્રવાર. અંચલગચ્છના કલ્યાણસાગરસૂરિના સમયે અમદાવાદના શ્રીમાલજ્ઞાતીય સા. લવાન (સ્ત્રી રાજલદે) ના પુત્ર સા. ખીમજી અને સૂપજી-બંનેએ શત્રુંજય ઉપર આ દેહરી કરાવી.

(૨૩)

ખરતરવસહિ ટુંકમાં મ્હોટા ચતુર્મુખ-પ્રાસાદના ઇશાન ખુણામાં આવેલી પ્રતિમાની નીચે, ૬ પંક્તિમાં, આ લેખ કોતરેલો છે. તારીખ ઉપર પ્રમાણેજ.

નં. ૧૭ થી ૨૦ વાળા લેખોમાં વર્ણવેલા સં. રૂપજીના પિતા-મહ સં. નાથા (સ્ત્રી નારિંગદે) ના પુત્ર સં. સૂરજીએ, પોતાની

સ્ત્રી સુષમાદે અને દત્તક પુત્ર ઈન્દ્રજી સહિત, આ શાંતિનાથનું બિમ્બ કરાવ્યું. પ્રતિષ્ઠા કરનાર ઉક્ત લેખો વર્ણિત જિનરાજસૂરિ છે.

(૨૪)

ઉપરના લેખવાળી પ્રતિમાની સામે, અને ચતુર્મુખપ્રાસાદના અગ્નિ ખુણામાં આવેલી પ્રતિમાની નીચે, બે પંક્તિમાં, આ લેખ કોતરેલો છે. મિતિ એજ.

ઉક્ત સં. રૂપજીના વૃદ્ધ ભ્રાતા સં. રત્નજી (ભાર્યા સુજાણદે) ના પુત્ર સુંદરદાસ અને સખરાએ પોતાના પિતાના નામથી શાંતિનાથ તીર્થંકરની પ્રતિમા સ્થાપિત કરી. પ્રતિષ્ઠા કરનાર જિનરાજસૂરિ.

(૨૫)

વિમલવસહિ ટુંકમાં, આદીશ્વરના મંદિર પાસે આવેલા ન્હાના મંદિરમાં, ન્હાની મ્હોટી ૯ પંક્તિમાં, આ લેખ કોતરેલો છે. મિત સં. ૧૬૭૬ વૈશાખ વદિ ૬ શુક્રવાર.

તપગચ્છાચાર્ય શ્રીવિજયદેવસૂરિના સમયમાં, શ્રીમાલજ્ઞાતીય અને લઘુશાખીય મંત્રી જીવા (સ્ત્રી રંગાઈ) ના પુત્ર મંત્રી વાછાકે પોતાની સ્ત્રી ગંગાઈ આદિ પરિવાર સમેત, સેઠ શિવજી ભણુશાલીની કૃપાથી પોતે પ્રતિષ્ઠિત કરેલું એવું એ વિમલનાથનું મંદિર કરાવ્યું.

(૨૬)

ખરતરવસહિ ટુંકની પશ્ચિમે આવેલા મંદિરમાં, ઉત્તર તરફ, નં. ૩ ના પગલાંની આસપાસ, ૧૧ પંક્તિમાં, આ લેખ કોતરેલો છે.

આદિનાથ તીર્થંકરથી લઈ મહાવીર તીર્થંકર સુધીના ૨૪ તીર્થંકરોના બધા મળી ૧૪૫૨ ગણધરો થયેલા છે. એ બધા ગણધરોના એક સાથે આ સ્થાને ચરણયુગલ સ્થાપન કરેલાં છે. જેસલમેર નિવાસી, ઓસવાલજ્ઞાતીય અને ભાંડશાલિક ગોત્રીય સુશ્રાવક સા૦ શ્રીમલ (ભાર્યા ચાંપલદે) ના પુત્ર સં. થાદ્દૂ × (થાહરૂ) કે જેણે લોદ્રવા-

---

× વાસ્તવિક નામ ' થાહરૂ ' છે. પંતુ ડૉ. બુલ્હરે ' હ ' ને ' દ ' અને ' રૂ ' ને ' દૂ ' વાંચી ' થાહદૂ ' નામ લખ્યું છે.

પત્તનના પ્રાચીન મંદિરનો જીર્ણોદ્ધાર કર્યો હતો, ચિંતામણિ પાર્શ્વ-નાથની પ્રતિમાની પ્રતિષ્ઠા કરી હતી, પ્રતિષ્ઠાના સમયે દરેક મનુષ્ય દીઠ એક એક સોનામહોરની લ્હાણી કરી હતી, સંઘનાયકને કરવા યોગ્ય દેવપૂજા, ગુરૂ–ઉપાસના અને સાધર્મિવાત્સલ્ય આદિ બધાં ધર્મકાર્યો કર્યાં હતાં અને શત્રુંજયની યાત્રા માટે મ્હોટો સંઘ કાઢી સંઘપતિનું તિલક પ્રાપ્ત કર્યું હતું, તેણે, પુંડરીકાદિ ૧૪૫૨ ગણધરોનું, પૂર્વે નહિ થયેલું એવું પાદુકાસ્થાન, પોતાના પુત્ર હરરાજ અને મેઘરાજ સહિત, પુણ્યોદયને માટે બનાવ્યું અને સં. ૧૬૮૨ ના જ્યેષ્ઠ વદિ ૧૦ શુક્રવારના દિવસે ખરતરગચ્છના આચાર્ય જિનરાજસૂરિએ પ્રતિ-ષ્ઠિત કર્યું.

(૨૭)

હાથીપોળ અને વાઘણપોળની વચ્ચે આવેલી વિમલવસહિ ટુંકમાં, ડાબા હાથે રહેલા મંદિરના એક ગોખલામાં, ૪૪ પંક્તિમાં આ નં. ૨૭ નો લેખ કોતરેલો છે.

મિતિ સં. ૧૬૮૩, બાદશાહ જહાંગીરના રાજ્યની છે. નં. ૨૧ ની માફક આ લેખ પણ અંચલગચ્છવાળાનો છે. આમાં પ્રારંભમાં ૧૩ પદ્યો છે અને પછી બાકીનો બધો ભાગ ગદ્યમાં છે. લેખનો ગદ્યભાગ સંસ્કૃત અને ગુજરાતી મિશ્રિત છે.

આદિના ૫ પદ્યોમાં તીર્થંકરોને નમસ્કાર કરેલો છે, અને પછી-નામાં અંચલગચ્છના આચાર્યોના નં. ૨૧ પ્રમાણેજ નામો આપેલાં છે.

ગદ્યભાગમાં જણાવ્યું છે કે—શ્રીમાલજ્ઞાતીય મંત્રીશ્વર શ્રી-ભંસરીનો પુત્ર મહં. અમરસી તેનો પુત્ર મહં. શ્રીકરણ, તેનો પુત્ર સા. ધન્ના, તેનો પુત્ર સોપા અને તેનો પુત્ર શ્રીવંત થયો. શ્રીવંતની સ્ત્રી બાઈ સોભાગદેની કુક્ષિથી એક પુત્ર અને એક પુત્રી થઈ. પુત્રનું નામ સા. શ્રીરૂપ અને પુત્રીનું નામ હીરબાઈ હતું. એજ હીરબાઈએ પોતાના પુત્ર પારીખ સોમચંદ્ર આદિ પરિવાર સહિત, સં. ૧૬૮૩ ના માઘ શુક્લ ૧૩ અને સોમવારના દિવસે, ચંદ્રપ્રભના મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો. આ મંદિર પ્રથમ રાજનગર (અમદાબાદ) નિવાસી મહં. ભંડા-

રીએ કરાવ્યું હતું. તેની ૬ ઠી પેઢીએ શ્રાવિકા હીરબાઈ થઈ કે જેણે એનો પ્રથમ ઉદ્ધાર કર્યો. વળી એ બાઈએ શત્રુંજયની ૯૯ વાર સંઘ સહિત યાત્રા કરી. એના સ્વસુરપક્ષના, પારિખ ગંગદાસ (ભાર્યા ગુરદે) નો પુત્ર પા. કુંઅરજી (ભાર્યા કમલાદે) થયો. તેને બે પુત્રો થયા-પારીખ વીરજી અને રહીયા. બાઈ હીરબાઈ× તે પારીખ વીરજીની સ્ત્રી, તેણે પોતાના પુત્ર પારીખ સોમચંદ્રના નામથી ચંદ્રપ્રભ તીર્થંકરનું બિંબ કરાવ્યું અને દેશાધિપતિ બાંધુજીના પુત્ર શિવાજીના રાજ્યમાં, પોતાની પુત્રી બાઈ કલ્યાણી, ભાઈ રૂપજી અને ભત્રીજા ગોડીદાસ સમેત આચાર્ય કલ્યાણસાગરસૂરિના હાથે, ઉક્ત દિને તેની પ્રતિષ્ઠા કરાવી.

વાચક દેવસાગરગણિએ આ પ્રશસ્તિ બનાવી, પંડિત શ્રીવિજયમૂર્તિ ગણિએ લખી અને પં. વિનયશેખર ગણિના શિષ્ય મુનિ રવિશેખરે લખાવી (?).

(૨૮)

આ લેખ, મ્હોટી ટુંકમાંના આદીશ્વર ભગવાનના મુખ્ય મંદિરની પશ્ચિમ બાજુએ આવેલા ન્હાંના મંદિરમાં ચૌમુખની પ્રતિમા નીચે, બે પંક્તિમાં કોતરેલો છે.

સં. ૧૬૮૪ ના માઘ વદી ૫ અને શુક્રવારના દિવસે, પાટણ નિવાસી, શ્રીમાલજ્ઞાતીય ઠ. જસપાલના પૌત્ર ઠ. ધાધાકે, પોતાના પિતા ઠ. રાજા અને માતા ઠ. સીવુના શ્રેયોર્થે, ગોખલા (ખત્તક) સમેત આદિનાથ ભગવાનનું બિંબ બનાવરાવ્યું.

(૨૯)

બાલાવસહિ (અગર બાલાભાઈ) ટુંકની થોડેક ઉપર જે અદ્ભુત આદિનાથનું મંદિર કહેવાય છે અને જેમાં જીવતા ખડકામાંથી વિશાલ આકારવાળી આદિનાથની મૂર્તિ કોતરી કાઢેલી છે, તેમાં એક પત્થર ઉપર, ૯ પંક્તિમાં, આ નં. ૨૯ નો લેખ કોતરેલો છે.

લેખમાં જણાવ્યું છે કે-સં. ૧૬૮૬ ના ચૈત્ર શુકલ ૧૫ ના દિવસે, દક્ષિણદેશમાં આવેલા દેવગિરિનગર (દૌલતાબાદ) ના વાસી

× હીરબાઈનો બંધાવેલો એક કુંડ પણ શત્રુંજય ઉપર વિદ્યમાન છે.

અને શ્રીમાલજ્ઞાતિના લઘુશાખીય સા. તુકે (કા) (ભાર્યા તેજલદે) ના પુત્ર સા. હાસુજીએ, પોતાની સ્ત્રી હાસલદે, ભાઈ સા. વચ્છુજી (ભાર્યા વચ્છાદે) અને સા. દેવજી (ભાર્યા દેવલદે), પુત્ર ધર્મદાસ અને ભગિની બાઈ કુંઅરી પ્રમુખ સકલ કુટુંબ સમેત, સિદ્ધાચલની યાત્રા કરી અને અદ્ભુત–આદિનાથના મંદિરના મંડપનો કોટ સહિત ફરીથી ઉદ્ધાર કરાવ્યો.

છેલ્લી ત્રણ પંક્તિઓમાંનો ઘણો ખરો ભાગ તૂટી ગયેલો છે તેથી આચાર્ય વિગેરેનાં નામો જતાં રહ્યાં છે. લેખની સ્થિતિ જોતાં જણાય છે કે લેખનો એ ભાગ સ્વાભાવિક રીતેજ નષ્ટ થઈ ગયેલો નથી પરંતુ જાણી જોઇને કોઇએ તેનો નાશ કરેલો છે. કારણ કે દરેક જગાએ જ્યારે નામના શબ્દો જતા રહ્યા છે ત્યારે 'तत्पट्टालंकारे' .... 'पंडितोत्तम' આદિ વિશેષણો સ્પષ્ટ જણાય છે. આથી અવશ્ય કોઈ સંપ્રદાયદુરાગ્રહીની આ વર્તણુંક હોવી જોઇએ.

(૩૦)

મ્હોટી ટુંકમાં આદીશ્વરના મુખ્ય પ્રાસાદના દક્ષિણદ્વારની સામે આવેલા સહસ્રકૂટ–મંદિરના પ્રવેશદ્વારની પાસે આ લેખ આવેલો છે. પંક્તિ સંખ્યા ૧૦ છે.

સં. ૧૬૭૬ ના વૈશાખ શુકલ ૫ રવિવારના દિવસે દીવબંદર નિવાસી સં. ચચા (સ્ત્રી તેજબાઈ) ના પુત્ર સં. ગોવિંદજીએ (સ્ત્રી વયજબાઈ) સ્વકુટુંબ સાથે, શત્રુંજય ઉપર ઉચ્ચ મંદિર બનાવ્યું અને તેમાં સુપાર્શ્વનાથની પ્રતિમા પ્રતિષ્ઠિત કરાવી. પ્રતિષ્ઠા કરનાર આચાર્ય શ્રીવિજયસેનના પટ્ટધર વિજયદેવસૂરિ છે, કે જેમની સાથે યુવરાજ વિજયસિંહસૂરિ પણ હતા.

(૩૧-૩૨)

એજ મંદિરના, બે સ્તંભો ઉપર, નં. ૩૧ અને ૩૨ ના લેખો કોતરેલા છે. પહેલો લેખ પદ્યમાં અને ટુંકો છે. બીજો ગદ્યમાં અને તેના કરતાં વિસ્તૃત છે. બંનેમાં વર્ણન એકજ છે.

સં. ૧૭૧૦ ના જ્યેષ્ઠ શુક્લ ૬ અને ગુરૂવારના દિવસે, ઉગ્રસેન (આગ્રા-શહેર) નિવાસી ઓસવાલજ્ઞાતીય, વૃદ્ધસાખીય અને કુહાડગોત્રીય સા૦ વર્દ્ધમાન (સ્ત્રી વાલ્હાદે) ના પુત્ર, સા. માનસિંહ, રાયસિંહ, કનકસેન, ઉગ્રસેન અને ઋષભદાસ આદિએ સા. જગતસિંહ અને જીવણદાસ પ્રમુખ પુત્રાદિપરિવાર સહિત, પોતાના પિતા (વર્દ્ધમાન) ના વચનથી, તેના પુણ્ય માટે, આ સહસ્રકૂટ તીર્થ કરાવ્યું અને પોતાનીજ પ્રતિષ્ઠામાં પ્રતિષ્ઠિત કર્યું. તપગચ્છાચાર્ય શ્રીહીરવિજયસૂરિના પટ્ટધર આચાર્ય વિજયસેનસૂરિના શિષ્ય વિજયદેવસૂરિ અને વિજયપ્રભસૂરિની આજ્ઞાથી, હીરવિજયસૂરિશિષ્ય મહોપાધ્યાય શ્રીકીર્તિવિજય ગણિના શિષ્ય ઉપાધ્યાય વિનયવિજયજીએ એની પ્રતિષ્ઠા કરી. આ કાર્યમાં, શત્રુંજયતીર્થ સંબંધી કાર્યોની દેખરેખ રાખનાર પંડિત શાંતિવિજય ગણિ, દેવવિજયગણિ અને મેઘવિજય ગણિએ, સહાયતા કરી છે.

આ લેખ, ખરતરવસહિ ટુંકમાં આવેલા શેઠ નરસી કેશવજીના મંદિરના ગર્ભાગારની બહારના મંડપમાં, દક્ષિણ દિશા તરફની દિવાલ ઉપર એક શિલાપટ્ટમાં, ૪૩ પંક્તિમાં કોતરેલો છે. શત્રુંજયના શિલાલેખોમાં, આ સૌથી આધુનિક છે.

(૩૨ A *)

આ લેખમાં, પ્રથમ ૧૮ પદ્યો છે અને પછી ગદ્ય છે. ભાષા અપભ્રષ્ટ-સંસ્કૃત છે. આદિના ૧૧ શ્લોકોમાં, રત્નોદધિ (રત્નસાગર) સુધીની અંચલગચ્છની આચાર્યપટ્ટાવલી આપવામાં આવી છે. (જુઓ, ઉપર પૃષ્ઠ ૧૧.) પછી જણાવ્યું છે કે-કચ્છ દેશમાં, કોઠારા નગરમાં, લઘુશાખીય અર્ણશી નામે શેઠ થયો. તેનો પુત્ર નાયક થયો. નાયકની સ્ત્રી હીરબાઇની

---

* મૂળ લેખના મથાળે ૩૩ ના બદલે ભૂલથી ૩૨ નો અંક છપાઇ ગયો છે (અર્થાત્ ૩૨ ના ડબલ અંકો મૂકાણા છે) અને તેના પછીના અંકો તેનાજ અનુક્રમથી મૂકાણા છે તેથી આ જગાએ, બીજીવારના ૩૨ ઉપર વધારા તરીકે દર્શાવનાર A ચિહ્ન મૂકવામાં આવ્યું છે

કુંખે પુણ્યવાન્ એવો કેશવજી નામનો પુત્ર થયો. તે પોતાના મામાની સાથે મુંબઈ આવ્યો અને ત્યાં વ્યાપાર કરવા લાગ્યો. વ્યાપારમાં તેણે પુષ્કળ ધન ઉપાર્જન કર્યું. તે દેવ, ગુરૂ અને ધર્મ ઉપર પૂર્ણ શ્રદ્ધાવાળો હતો. તેની કીર્તિ સ્વજનોમાં સારી પેઠે વિસ્તાર પામી હતી. તેની સ્ત્રી પાબાની કુખેથી નરસિંહ નામનો પુત્ર થયો. નરસિંહની સ્ત્રીનું નામ રત્નબાઈ હતું. તે પતિભક્તા અને સુશીલા હતી. કેશવજીને માંકબાઈ નામની બીજી પત્નીથી ત્રિકમજી નામનો પુત્ર થયો પરંતુ તે અલ્પ વર્ષ જીવી મૃત્યુ પામ્યો.

ગાંધી મ્હોતા ગોત્રવાળા સા. કેશવજી, પોતાના ન્યાયોપાર્જિત દ્રવ્યનો સદુપયોગ કરવા માટે અનેક ધર્મકૃત્યો કરવા લાગ્યો. તે પોતાના પરિવાર સમેત, મ્હોટો સંઘ કાઢી શત્રુંજય આવ્યો અને કચ્છ, સોરઠ, ગુજરાત, મારવાડ, મેવાડ અને કોંકણ આદિ બધા દેશોમાં કુંકુમપત્રિકાઓ મોકલી સંઘ જનોને આમંત્રણ કર્યું. તદનુસાર હજારો લોકો ત્યાં ભેગા મળ્યા. અંજનશલાકા કરાવા માટે મ્હોટો મંડપ તૈયાર કરાવ્યો, અને તેમાં સોના, ચાંદિ અને પાષાણના હજારો જિનબિંબો સ્થાપન કરી, સં. ૧૯૨૧ ના માઘ શુક્લ પક્ષની ૭ અને ગુરૂવારના દિવસે, અંચલગચ્છના આચાર્ય રત્નસાગરસૂરિની આજ્ઞાથી મુનિ દેવચંદ્રજી અને બીજા ક્રિયાવિધિના જાણકાર અનેક શ્રાવકોએ, વિધિપૂર્વક બધા જિનબિંબોની અંજનશલાકા કરી. તે વખતે શેઠ કેશવજીએ, જિનપૂજન, સંઘભક્તિ અને સાધર્મિકવાત્સલ્ય આદિ ધર્મકૃત્યોમાં ખૂબ ધન ખર્ચ્યું. તથા પોતાની બંધાવેલી વિશાલ ધર્મશાળામાં, આરસ-પાષાણનું બનાવેલું શાશ્વતજિનનું જે ચતુર્મુખ ચૈત્ય હતું તેની અને પર્વત ઉપરના અભિનંદન મંદિરની, માઘ શુક્લ ૧૩ અને બુધવારના દિવસે ખૂબ ધુમધામથી પ્રતિષ્ઠા કરાવી અને પોતાના પરિવાર સાથે શેઠે તેમાં અભિનંદન આદિ તીર્થંકરોની પ્રતિમાઓ સ્વહાથે તખ્તનશીન કરી. આવી રીતે ગોહિલવંશી ઠાકોર સૂરસિંહજીના સમયમાં, પાલીતાણામાં, શેઠ કેશવજીએ વિપુલ દ્રવ્ય ખર્ચી જૈનધર્મની ઘણી પ્રભાવના કરી.

માણિક્યસાગરના શિષ્ય વાચક વિનયસાગરે આ પ્રશસ્તિ બનાવી અને તેણેજ શિલાપટ્ટ ઉપર લખી.

(૩૩)

મ્હોટી ટુંકમાં આદીશ્વર ભગવાનના મુખ્ય મંદિરની દક્ષિણ તરફની દિવાલ ઉપર, ન્હાંની ન્હાંની ૨૨ પંક્તિઓમાં, આ નં. ૩૩ નો લેખ કોતરેલો છે. લેખમાં જણાવેલું છે કે—

સં. ૧૬૫૦ ના પ્રથમ ચૈત્ર માસની પૂર્ણિમાના દિવસે, ચારિત્રપાત્ર અને સન્માર્ગગામી એવા સાધુ રૂપ સમુદ્રને ઉલ્લસિત કરવા માટે જેઓ ચંદ્ર જેવા છે, જેમના વચનોથી રંજિત થઈ અકબર બાદશાહે શત્રુંજય પર્વત જેમના સ્વાધીન કર્યો છે અને ભટ્ટારક વિજયસેનસૂરિ પ્રમુખ સુવિહિતજનો જેમની ભક્તિપૂર્વક ચરણસેવા કરે છે એવા આચાર્ય શ્રીહીરવિજયસૂરિના મહિમાથી આનંદિત થઈ બાદશાહે શત્રુંજયની યાત્રાયે જનાર બધા મનુષ્યો પાસેથી જે દિવસે મસ્તક કર (માથા વેરો-મુંડકો) લેવાનો નિષેધ કર્યો છે તેજ દિવસે, ઉક્ત આચાર્યવર્યના શિષ્ય, સકલવાચક શિરોમણિ શ્રીવિમલહર્ષ ઉપાધ્યાયે પં. દેવહર્ષ, પં. ધનવિજય, પં. જયવિજય, પં. જસવિજય, પં. હંસવિજય અને મુનિ વેસલ આદિ ૨૦૦ મુનિઓના પરિવાર સાથે નિર્વિઘ્ન રીતે, શત્રુંજયની યાત્રા કરી છે.

(૩૪-૩૭)

નં. ૩૪ થી ૩૭ સુધીના લેખો, 'ગાયકવાડસ્ ઓરીએંટલ-સીરીઝ' માં પ્રગટ થનાર प्राचीनगुर्जरकाव्यसंग्रह માંથી ઉતારવામાં આવ્યા છે. સ્થલનો ચોક્કસ નિર્ણય નથી જણાયો. પરંતુ મ્હોટી ટુંકમાંના કોઈ મંદિરમાં જુદી જુદી મૂર્તિઓ ઉપર એ લેખો લખેલા છે. બધા લેખો, સં. ૧૩૭૧ માં, પાટણના સમરાસાહે, શત્રુંજયનો (૧૫ મો) ઉદ્ધાર કરાવ્યો, તે સંબંધી છે.

સમરાસાહના એ ઉદ્ધારની વિસ્તૃત હકીકત મ્હારા 'ऐतिहासिक-प्रबंधो' નામક પુસ્તકમાં આપવામાં આવી છે તેથી અત્રે આપતો નથી.

૩૪ મો લેખ સચ્ચિકાદેવી, કે જે ઓસવાલોની કુલદેવી ગણાય છે તેની મૂર્તિ ઉપર છે. મિતિ સં. ૧૩૭૧, માઘ સુદી ૧૪ સોમવાર. ઉકેશવંશના વેસટ ગોત્રના સા૦ સલખણનો પુત્ર સા૦ આજડ અને તેનો પુત્ર સા૦ ગોસલ થયો. તેની ગુણમતી સ્ત્રીની કુંખે ત્રણ પુત્રો થયા,—સંઘપતિ આસાધર, સા૦ લૂણસિંહ અને સંઘપતિ દેસલ. તેમાં છેલ્લા દેસલે, પોતાના પુત્રો સા૦ સહજપાલ, સા૦ સાહણપાલ, સા૦ સામંત, સા૦ સમરા અને સા૦ સાંગણ આદિ પરિવાર સમેત, પોતાની કુલદેવી શ્રીસચ્ચિકા § ની મૂર્તિ કરાવી.

૩૫ મો લેખ, એક પુરૂષ-સ્ત્રીના મૂર્તિ-યુગ્મ ઉપર કોતરેલો છે. બીજી બધી હકીકત ઉપર પ્રમાણેજ છે, પરંતુ છેવટે લખવામાં આવ્યું છે કે, સં૦ દેસલે પોતાના વૃદ્ધભ્રાતા સંઘપતિ આસાધર અને તેમની સ્ત્રી, શેઠ માઢલની પુત્રી રત્નશ્રીનું, આ મૂર્તિ-યુગલ બનાવ્યું છે.

૩૬ મો લેખ, વચમાંથી તૂટી ગયેલો છે. ઉપલબ્ધ ભાગમાં લખેલું છે કે, સં. ૧૩૭૧ માં, સં૦ દેસલે રાણા શ્રીમહીપાલની, આદિનાથ ભગવાનના મંદિરમાં, આ મૂર્તિ બનાવી છે.

૩૭ મા લેખની મિતિ સં. ૧૪૧૪ ના વૈશાખ સુદી ૧૦ અને ગુરૂવારની છે. સં૦ દેસલના પુત્ર સા૦ સમરા અને તેની સ્ત્રી સમરશ્રીનું આ મૂર્તિ-યુગલ, તેમના પુત્ર સા૦ સાલિગ અને સા૦ સજ્જને બનાવ્યું છે અને કક્કસૂરિના શિષ્ય દેવગુપ્તસૂરિએ એની પ્રતિષ્ઠા કરી છે.

* * * * *

ઉપર લખવામાં આવ્યું છે કે, ડૉ. બુલ્હરે, તેમને મળેલા ૧૧૮ લેખોમાંથી ૩૩ લેખો તો મૂળ સંસ્કૃતમાંજ આપ્યા છે અને પછી બાકીનાનો માત્ર અંગ્રેજીમાં સારજ આપી દીધો છે. એ સારમાં, અર્વાચીન કાળના ઘણા ખરા શ્રાવકો અને કુટુંબોનાં નામો આવેલાં

§ મૂળ લેખમાં, चंडिका (?) આવો ભ્રમિત પાઠ મૂકાણો છે પરંતુ પાછળથી તપાસ કરતા જણાયું કે તે ‘ चंडिका ’ નહિં પણ ‘ सचिका ’ પાઠ છે અને તેજ યોગ્ય છે.

હોવાથી, અને તે ઐતિહાસિક દૃષ્ટિએ સારા ઉપયોગી હોવાથી, એ સારનો સમગ્ર અનુવાદ, અત્રે આપવામાં આવે છે.

નં. ૩૪.[1] સંવત્ ૧૭૮૩, માઘ સુદિ ૫; સિદ્ધચક્ર, ધણુપુરના રહેવાસી. શ્રીમાલી લઘુ શાખાના પેતા (ખેતા) ની સ્ત્રી આણન્દબાઇએ અર્પણ કર્યું.× બૃહત્ ખરતરગચ્છની મુખ્ય શાખામાં જિનચંદ્રસૂરિ થયા જેમને અકબર બાદશાહે યુગ પ્રધાનનું પદ આપ્યું. તેના શિષ્ય મહોપાધ્યાય રાજસારજી થયા. તેના શિષ્ય મહોપાધ્યાય જ્ઞાનધર્મજી, તેમના શિષ્ય ઉપાધ્યાય દીપચંદ્ર, તેમના શિષ્ય પંડિતવર દેવચંદ્રે, તેની પ્રતિષ્ઠા કરી.

નં. ૩૫.[2] સંવત્ ૧૭૮૮, માઘ સુદિ ૬, શુક્રવાર; ખરતર ગચ્છના સા(હુ) ઠીકાના પુત્ર દુલીચન્દે ભીમમુનિની એક પ્રતિમા અર્પણ કરી; ઉપાધ્યાય દીપચન્દ્રગણિએ પ્રતિષ્ઠા કરી.

નં. ૩૬.[3] (મિતિ ઉપર છે તે); શ્રીયુધિષ્ઠિર (ષ્ઠિર) મુનિની પ્રતિમા (બીજું ઉપર પ્રમાણે).

નં. ૩૭.[4] વિક્રમ સંવત્ ૧૭૮૮, શક ૧૬૫૩, માઘ સુદિ ૬, શુક્રવાર, તપાગચ્છના ભટ્ટારક વિજયદયાસૂરિના ઉપદેશથી શ્રીમાલી વૃદ્ધશાખાના પ્રેમજી એ (અટક-ચુલી Cheuli, કારણ કે તે ચુલા Cheula નો રહેવાસી હતો) ચન્દ્રપ્રભની પ્રતિમા અર્પણ કરી; અને તેજ ગચ્છના ભટ્ટારક સુમતિસાગરે પ્રતિષ્ઠિત કરી.

નં. ૩૮.[5] સંવત્ ૧૭૯૧, વૈશાખ સુદિ ૮, બુધવારે; પાર્શ્વનાથની પ્રતિમા, ઓસવાળ વૃદ્ધશાખા તથા નાહૂલગોત્રના ભંડારી દીપાજીના પુત્ર

---

૧ ખરતરવસી ટુંકના દક્ષિણ બાજુના ખુલ્લા વિભાગમાં સિદ્ધચક્ર શિલા ઉપર. લીસ્ટ્સ, પૃ૦ ૨૦૬, નં. ૩૩૭.

× ' અર્પણ કર્યું ' એનો અર્થ બનાવ્યું-કરાવ્યું, સમજવો. આગળ પણ દરેક લેખમાં એજ અર્થ લેવાનો છે. **સંગ્રાહક.**

૨.—પંચપાંડવદેવાલયની મુખ્ય મૂર્તિની જમણી બાજુએ આવેલી એક મૂર્તિની બેસણી ઉપર-લીસ્ટ્સ, પૃ. ૨૦૭. નં. ૩૫૦.

૩ પંચપાંડવદેવાલયમાં. મુખ્ય મૂર્તિની બેસણી ઉપર-લીસ્ટ્સ, ૧ (૫).

૪ મહાન્ આદીશ્વરના દક્ષિણ-પશ્ચિમ ખુણા સામેના એક ચોરસ દેવાલયના દ્વાર ઉપર-લીસ્ટ્સ, પૃ. ૧૯૭, કદાચ નં. ૧૦૦.

૫ વિમલવસી ટુંકમાં હાથીપોળ તરફ જતાં જમણી બાજુએ લીસ્ટ્સ, પૃ. ૨૦૨, નં. ૨૪૭.

પેતસીહજીના પુત્ર ઉદયકર્ણ (અને ઉદયવન્તદેવી) ના પુત્ર ભંડારી રત્નસિંહ* મહામંત્રી, જેણે ગુજરાતમાં "અમારી" નો ઢંઢેરો પીટાવ્યો, તેણે અર્પણ કરી; તપાગચ્છના વિજયક્ષમાસૂરિના અનુગ વિજયદયાસૂરિના વિજયિ રાજ્યમાં પ્રતિષ્ઠિત થઇ.

નં. ૩૯.[૬] સંવત્ ૧૭૯૪, શક ૧૬૫૯, અષાઢ સુદિ ૧૦, રવિવાર; ઓઇશવંશ, વૃદ્ધશાખા નાડુલગોત્રના ભંડારી ભાનાજીના પુત્ર ભંડારી નારાયણજીના પુત્ર ભંડારી તારાચંદના પુત્ર ભંડારી રૂપચંદના પુત્ર ભંડારી સિવચંદના પુત્ર ભંડારી હરષચન્દે, એ દેવાલય સમરાવ્યું અને પાર્શ્વનાથની એક પ્રતિમા અર્પણ કરી; બૃહત ખરતરગચ્છના જિનચંદ્રસૂરિના વિજયિ રાજ્યમાં મહોપાધ્યાય રાજસારજીના શિષ્ય ઉપાધ્યાય જ્ઞાનધર્મજીના શિષ્ય ઉપાધ્યાય દીપચન્દજીના શિષ્ય પંડિત દેવચન્દ્રે પ્રતિષ્ઠિત કરી.

નં. ૪૦.[૭] સંવત્ ૧૮૧૦, માહ સુદિ ૧૩, મંગળવાર; સંઘવી કચરા કીકા વિગેરે આખા કુટુંબે સુમતિનાથની પ્રતિમા અર્પણ કરી; સર્વસુરીએ પ્રતિષ્ઠિત કરી.

નં. ૪૧.[૮] સંવત્ ૧૮૧૪, માઘ વદિ ૫, સોમવાર; પ્રાગ્વાટવંશ, લઘુશાખાના અને રાજનગરના રહેવાસી વો. સાકલચન્દ ।। પુત્ર વો. દીપચન્દના પુત્ર વો. લોઢા (અને પ્રાણકુમાર) ના પુત્ર વો. કેશરીસિંધે શિખર સહિત એક દેવાલય અર્પણ કર્યું; ઉદયસૂરિએ તે પ્રતિષ્ઠિત કર્યું.

નં. ૪૨.[૯] સંવત્ ૧૮૧૫, વૈસાખ સુદિ ૬, બુધવાર; ભાવનગરના

* ભંડારી રત્નસિંહ, ઈસ્વી સન્ ૧૭૩૩ થી ૩૭ સુધી ગુજરાતનો નાયબ સુબો હતો. તે મહાન્ યોદ્ધો અને કુશળ કારભારી હતો. તે મહારાજા અભયસિંહનો વિશ્વાસુ અને બાહોશ પ્રધાન હતો. તેના વિશેષ વર્ણન માટે જુઓ, રા. બા. ગોવિંદભાઇ હાથીભાઈ દેસાઇ કૃત " **ગુજરાતનો અર્વાચીન ઇતિહાસ** " પૃષ્ઠ ૧૪૦-૫૦૦ —સંગ્રાહક.

૬ છીપાવસી ટુંકમાંના એક દેવાલયના મંદિરની બહાર દક્ષિણ ભીંત ઉપર લીસ્ટ્સ, પૃ. ૨૦૭, નં. ૩૫૭.

૭ હાથીપોળ તરફ જતાં દક્ષિણે આવેલા એક દેવાલયમાં, વિમળવસી ટુંક-લીસ્ટ્સ, પૃ. ૨૦૪, નં. ૨૯૫.

૮ આદીશ્વર દેવાલયની બહાર દક્ષિણ બાજુના એક દેવાલયમાં.

૯ હાથીપોળ જતાં દક્ષિણ બાજુએ આવેલા દેવાલયની પ્રતિમાની બેસણી ઉપર—લીસ્ટ્સ, પૃ. ૨૦૪, નં. ૨૯૧.

માસા કુંવરજી લાધાએ પાર્શ્વનાથની પ્રતિમા અર્પણ કરી; લઘુ પોશાલગચ્છના રાજસોમસૂરિએ પ્રતિષ્ઠિત કરી.

નં. ૪૩.[૧૦] સંવત્ ૧૮૨૨, ફાલ્ગુણ સુદિ ૫, ગુરૂવાર; મેશાણાના ગાંધી પરસોત્તમ સુંદરજી અને તેના ભત્રીજા અમ્બાઇદાસ અને તેના ભાઇ નાથા અને કુબેર, એ સર્વે વિશા ડીસાવાલ; તપાગચ્છની દેરીમાં બે પ્રતિમાઓ અર્પણ કરી. સંવત્ ૧૮૬૩, ચૈત્ર સુદિ ૨ શુક્રવારે કુબેરે આ લેખ કોતર્યો.

નં. ૪૪.[૧૧] સંવત્ ૧૮૪૩, શક ૧૭૦૮, માઘ સુદિ ૧૩, સોમવાર; લઘુ શાખા અને કાશ્યપ ગોત્ર તથા પરમાર વંશના શ્રીમાલી, અને રાજનગર નિવાસી, પ્રેમચન્દે આદિનાથની પ્રતિમા અર્પણ કરી; તપાગચ્છના વિજયજિનેન્દ્રસૂરિએ પ્રતિષ્ઠિત કરી.

નં. ૪૫.[૧૨] વિક્રમ સંવત્ ૧૮૬૦, શક ૧૭૨૬, વૈશાખ સુદિ ૫, સોમવાર; વૃદ્ધશાખાના શ્રીમાલી, દમણ બન્દિર (દમણ) ના રહેવાસી, અને ફિરંગિ જાતિ પુરતકાલ પાતિસાહિ (પોર્તુગાલના રાજા) ના માન પામેલા સા. રાયકરણના પુત્ર હીરાચંદ અને કુંઅરબાઇના પુત્ર હરપચંદે શાંતિનાથની પ્રતિમા અર્પણ કરી.

નં. ૪૬.[૧૩] (મિતિ ઉપર પ્રમાણે); સુરતના ઉસવાલ જ્ઞાતિના ઝવેરી, પ્રેમચંદ ઝવેરચંદ અને જોયતીના પુત્ર સવાઇચંદે, પ્રેમચંદ વિગેરેના નામે વિજયઆણન્દસૂરિગચ્છના વિજયદેવચન્દ્રસૂરિના વિજયિ રાજ્યમાં, વિજયહરા પાર્શ્વનાથના નવા દેવાલયમાં એક નવી પ્રતિમા અર્પણ કરી; તપાગચ્છના વિજયજિનેન્દ્રસૂરિએ પ્રતિષ્ઠિત કરી.

નં. ૪૭.[૧૪] (નં. ૪૫ પ્રમાણે મિતિ) ; વિજયઆનન્દસૂરિના

---

૧૦ મોદી પ્રેમચન્દના દેવાલયમાં, નં.૮૪ (?)

૧૧ વિમલવસી ટુંકમાં, વાઘણપોળની દક્ષિણે આવેલા એક ન્હાના દેવાલયમાં, —લીસ્ટસ, પૃ. ૨૦૪, નં. ૩૦૪.

૧૨ મોદી પ્રેમચન્દની ટુંકમાં. મુખ્ય દેવાલયની પ્રતિમા ઉપર, લીસ્ટસ પૃ. ૨૦૭, નં. ૩૬૨.

૧૩ મોદી પ્રેમચંદની ટુંકમાં જતાં જમણી બાજુએ આવેલા દેવાલયની પ્રતિમાની બેસણી ઉપર–લીસ્ટસ, પૃ. ૨૦૮, નં. ૩૬૭.

૧૪ મોદી પ્રેમચન્દની ટુકમાં, સામે આવેલા દેવાલયની પ્રતિમાની બેસણી ઉપર– લીસ્ટસ, પૃ. ૨૦૯. નં. ૩૬૪.

ગચ્છના, સુરતના ઉસવાલ......ઝવેરી પ્રેમચન્દે વિજયદેવચન્દ્રસૂરિના વિજયિ-રાજ્યમાં અસ્રદુરા (વિજ્જહરા ?) પાર્શ્વનાથના નવા દેવાલયમાં એક નવી મૂર્તિ અર્પણ કરી; તપાગચ્છના ભટ્ટારક વિજયજિનેન્દ્રસૂરિએ પ્રતિષ્ઠિત કરી.

નં. ૪૮.[૧૫] (નં. ૪૫ પ્રમાણે મિતિ); અંચલગચ્છના પુણ્ય-સાગરસૂરિની વિનતિથી શ્રીમાલી સા૦ ભાઇસિંહજીના પૌત્ર, સા. લાલુભાઇના પુત્ર, ધરાભાઇએ સહસ્રકુટજી (સહસ્રકૂટ) ની પ્રતિમા અર્પણ કરી; તપાગચ્છના વિજયજિનેન્દ્રસૂરિએ પ્રતિષ્ઠિત કરી.

નં. ૪૯.[૧૬] ઉપર પ્રમાણે બધું.

નં. ૫૦.[૧૭] સંવત્ ૧૮૬૦, મહા સુદ ૧૩; વીસાપોરવાલ જ્ઞાતિના તથા વિજયઆણન્દસૂરિના ગચ્છના, અમદાવાદના પારેખ. હરખચન્દના પૌત્ર, પિતામરના પુત્ર, વીરચન્દે સંવત્ ૧૮૬૧ ના ફાલ્ગુન વદિ ૫, બુધવારે એક દેવાલય શરૂ કર્યું અને પૂર્ણ કર્યું.

નં. ૫૧.[૧૮] વિક્રમ સંવત્ ૧૮૬૧, શાલિવાહન શક ૧૭૨૬, ધાતા સંવત્સર માર્ગશીર્ષ સુદિ ૩, બુધવાર, પૂર્વાષાઢ નક્ષત્ર, વૃદ્ધયોગ, ગિરકરણ, આંચળગચ્છના ઉદયસાગરસૂરિના અનુગ કિર્તિસાગરસૂરિના અનુગ પુણ્યસાગર-સૂરિના વિજયિ રાજ્યમાં, સુરતના શ્રીમાલી, નિહાલચંદભાઇના પુત્રઇચ્છાભાઇએ ઇચ્છાકુંડ નામે એક કુંડ અર્પણ કર્યો તે વખતે ગોહિલ રાજા ઉન્નડજી પાલીતાણા ઉપર રાજ્ય કરતો હતો.

નં. ૫૨.[૧૯] સંવત્ ૧૮૬૭, ચૈત્ર સુદ ૧૫: હાથીપોળમાં કોઇને દેવાલયો નહિ બાંધવા દેવા માટે ગુજરાતીમાં કરેલો કરાર.

નં. ૫૩.[૨૦] સંવત્ ૧૮૭૫, માઘ વદિ ૪, રવીવાર; રાધનપુરના મૂલજી અને માંનકુંઅરના પુત્ર સોમજીએ સુવિધિનાથની પ્રતિમા અર્પણ કરી;

---

૧૫ પંચપાંડવના દેવાલયમાં સહસ્રકૂટના એક સ્તંભ ઉપર-લીસ્ટ્સ, પૃ. ૨૦૭, નં. ૩૫૧.

૧૬ એજ દેવાલયમાં.

૧૭ વિમલવસી ટુંકમાં, એક સો સ્તંભની ચોમુખના દક્ષિણપૂર્વે—લીસ્ટ્સ, પૃ ૨૦૨, નં. ૨૭૫.

૧૮ ટેકરીથી ઉતરતાં રસ્તા ઉપરના તળાવ ઉપર.

૧૯ હાથીપોલ પાસેની ભીંત ઉપર અગર આદીશ્વરની ટુંકના કોટ અને વિમલવસીટુંકના પૂર્વ ભાગ વચ્ચે આવેલા દ્વાર ઉપર.

૨૦ મોદી પ્રેમચંદની ટુંકમાં, ઉત્તર તરફના ભોંયરામાં.

મૂલજી અને (તે) ના પુત્ર સા. ડુંગરસીએ ચંદ્રપ્રભની મૂર્તિ અર્પણ કરી; ટોકરસીના પુત્ર કાંતિયા હેમજીએ મલ્લીનાથની એક પ્રતિમા અને એક ન્હાની દેહરી અર્પણ કરી.

નં. ૫૪. [૨૧] સંવત્ ૧૮૮૫ વૈશાખ શુક્લ અક્ષય તૃતીયા, ગુરૂવાર: શ્રાવિકા ગુલાબબ્હેનની વિનતિથી, બાલુચરના રહેવાસી, દૂગડગોત્રના, સાહ બોહિત્થજીના પુત્રો કેશવદાસજી, પૂરનચંદજી અને જેહમલ્લજી, ના પુત્રો વિસનચંદજી અને બાબુ હર્ષચંદજીએ ચંદ્રપ્રભનું દેવાલય બંધાવ્યું; ખરતર ગચ્છના જિનહર્ષસૂરિએ પ્રતિષ્ઠિત કર્યું.

નં. ૫૫. [૨૨] સંવત્ ૧૮૮૬, શક ૧૭૫૧, માઘ શુક્લપક્ષ ૫, શુક્રવાર; રાજનગરના રહેવાસી, ઓશ જ્ઞાતિની વૃદ્ધ શાખાના શેઠ વખતચંદ ખુસ્યાલચંદની કન્યા મુઘીવહુ અને શેઠ પાનાભાઇના પુત્ર લલ્લુભાઇએ પોતાના બાપના શુભ સારૂં પુંડરીક ગણધરની એક પ્રતિમા અર્પણ કરી; સાગરગચ્છના શાંતિસાગરસૂરિના રાજ્યમાં પ્રતિષ્ઠિત કરી.

નં. ૫૬. [૨૩] (મિતિ ઉપર પ્રમાણે); રાજનગરના રહેવાસી, ઓશજાતિની વૃદ્ધશાખાના સાહ મૂલચન્દના પુત્ર સાહ હરખચંદની સ્ત્રી બાઈ રામકુંઅરના શુભ માટે તથા દોસી કુસલચંદની સ્ત્રી અને તેની (રામકુંયરની) પુત્રી ઝવેરબાઈના શુભ માટે, આંચલગચ્છના ભટ્ટારક રાજેન્દ્રસાગરસૂરિના રાજ્યમાં, અર્પણ કરી.

નં. ૫૭. [૨૪] (ઉપર પ્રમાણે મિતિ); રાજનગરના રહેવાસી, ઓશ જ્ઞાતિની વૃદ્ધ શાખાના સાહ મલુકચંદ અને કુસલબાઈના પુત્ર મોતિચન્દે હિંકાર સહિત ‘ ચતુર્વિંશતિતીર્થંકરપટ ’ અર્પણ કર્યો અને ખરતરગચ્છના ભટ્ટારકે પ્રતિષ્ઠિત કર્યો.

નં. ૫૮. [૨૫] (મિતિ ઉપર પ્રમાણે) નં. ૫૭ વાળા દાતાએ ઓંકાર સહ એક ‘પરમેષ્ટિ (ષ્ઠિ) પટ ’ અર્પણ કર્યો; ઉપર પ્રમાણે પ્રતિષ્ટા.

---

૨૧ પુંડરીકના દેવાલયની દક્ષિણે આવેલા એક નાના દેવાલયમાં.

૨૨ હેમાભાઈની ટુંકમાં. દ્વાર આગળ-લીસ્ટસ, પૃ૦ ૨૦૯, નં. ૪૦૮.

૨૩ હેમાભાઇ વખતચંદની ટુંકમાં, દ્વાર આગળની પુંડરીકની પ્રતિમાને દક્ષિણે આવેલી પ્રતિમાની બેસણી ઉપર

૨૪ હેમાભાઇની ટુંકમાં, મુખ્ય દેવાલયના મંડપની ઉત્તર દિવાલ ઉપર-લીસ્ટસ પૃ૦ ૨૦૯, નં, ૪૦૭.

૨૫ એજ દેવાલયમાં, દક્ષિણ બાંતે.

નં. ૫૯. [૨૬] (મિતિ ઉપર પ્રમાણે); રાજનગરના રહેવાસી ઓશ-જ્ઞાતિની વૃદ્ધશાખાના શેઠ વખતચંદ ખુશ્યાળચંદના પુત્ર શેઠ હિમાભાઈના પુત્ર નગિનદાસની સ્ત્રી કંચ્છાવહુએ પોતાના ધણીના શુભ માટે એક દેવાલય અને ચંદ્રપ્રભની પ્રતિમા અર્પણ કરી; સાગરગચ્છના શાંતિસાગરસૂરિના રાજ્યમાં પ્રતિષ્ઠા થઇ.

નં. ૬૦. [૨૭] સંવત્ ૧૮૮૭. વૈશાખ સુદિ ૧૩; પાદલિપ્તનગરના ગોહિલ ખાંધાજી, કુંવર નોઘણજીના રાજ્યમાં, અજમેર નગરના રહેવાસી ઉકેશ-જ્ઞાતીય વૃદ્ધશાખાના લુણીયા ગોત્રના સાહ તિલોકચંદના પુત્ર હિમતરાયના પુત્ર ગજમલજી પારેખે, એક દેવાલય (વિહાર) અને કુંથુનાથની એક પ્રતિમા અર્પણ કરી; બૃહત્ ખરતરગચ્છના ભટ્ટારક જિનહર્ષસૂરિના રાજ્યમાં પ્રતિષ્ઠિત કરવામાં આવી.

નં. ૬૧. [૨૮] સંવત્ ૧૮૮૮ વૈશાખ વદિ –૦ શનિવાસરે (!) અમદાવાદના ઓશવાળ સાહ પાંનાચંદના પુત્ર નિહાલચંદની સ્ત્રી પ્રેમકુંવર બાઈએ ચંદ્રપ્રભ વિગેરેની ત્રણ મૂર્તિઓ અર્પણ કરી ખરતરગચ્છના જિન-હર્ષસૂરિના રાજ્યમાં દેવચંદ્રે પ્રતિષ્ઠિત કરી.

નં. ૬૨. [૨૯] સંવત્ ૧૮૮૯, શક ૧૭૫૫, વૈશાખ શુક્લ ૧૩, બુધ-વાર; રાજનગરના રહેવાસી વૃદ્ધ શાખાના ઓશવાલ, વખતચંદની કન્યા ઉજમ બાઈએ ધર્મનાથની પ્રતિમા અર્પણ કરી; સાગરગચ્છના શાંતિસાગરસૂરિના રાજ્યમાં પ્રતિષ્ઠિત થઈ. તેમણે પાંચાભાઈના દેવાલય નજીક મોટી ટૂંકમાં એક ન્હાનું દેવાલય બાંધ્યું.

નં. ૬૩. [૩૦] (મિતિ ઉપર પ્રમાણે) રાજનગરના રહેવાસી ઉકેશ-જ્ઞાતિની વૃદ્ધશાખાના શ્રેષ્ઠી વખતચંદના પુત્ર સૂર્યમલની સ્ત્રી પરધાન વહુએ ઋષભદેવની પ્રતિમા અર્પણ કરી. સાગરગચ્છ વાળાએ પ્રતિષ્ઠિત કરી.

---

૨૬ હેમાભાઈની ટુંકમાં આવેલા મંદિરમાં–લીસ્ટ્સ, પૃ૦ ૨૦૬, નં. ૪૧૩.

૨૭ ખરતર વસી ટુંકની બહાર, ઉત્તર-પૂર્વ બાજુમાં આવેલા એક દેવાલયમાં લીસ્ટ્સ પૃ. ૨૦૭, નં. ૩૪૭.

૨૮ હેમભાઈની ટુંકની બાજુબાજુ આવેલા મંદિરોમાંના એકમાં.

૨૯ તેનાજ દક્ષિણ ભાગમાંના એક ન્હાના મંદિરમાં.

૩૦ હેમાભાઈની ટુંકમાં ઓરડી નં. ૪ ની બહારની જગ્યામાં આવેલા એક મંદિરમાં.

નં. ૬૪.[31] (મિતિ ઉપર પ્રમાણે) પતાજી પારખના પુત્ર જસરૂપજીના નાનાભાઈ ખુબચંદ, જસરૂપજીના પુત્ર, સિરોહિના રહેવાસી કપુરચંદજીએ ચંદ્રપ્રભની પ્રતિમા અર્પણ કરી તપાગચ્છમાં પ્રતિષ્ઠિત કરી.

નં. ૬૫. [32] (મિતિ ઉપર પ્રમાણે) અમદાવાદના રહેવાસી વૃદ્ધશાખાના ઓસવાળ નગિનદાસ, તેની સ્ત્રી ઇચ્છાવહુ, તેના નાનાભાઈ પ્રેમાભાઇ, તેની સ્ત્રી સાંકલીવહુ અને તેની બહેનો રૂખમાણી, પ્રસન, મોતીકુંઅર–હેમાભાઇની સ્ત્રી કંકુવહુ, મા–બાપ શેઠ વખતચંદ અને જડાવબાઇ, દાદા ખુશાલચંદ; આ સર્વ કુટુંબે હેમાભાઇના શુભ માટે ચતુર્મુખ બિંબ અર્પણ કર્યું. સાગરગચ્છના શાંતિસાગરે પ્રતિષ્ઠિત કર્યું.

નં. ૬૬. [33] (મિતિ ઉપર પ્રમાણે) પણ શુક્ર ૧૨, બુધવાર (?) ઉજમબાઇ (જુઓ નં. ૬૨) એ ઓંકારવાળુ એક 'પંચપરમેષ્ઠિ[બિં] પટ્ટ' અર્પણ કર્યું. તપાગચ્છવાળાએ પ્રતિષ્ઠિત કર્યું.

નં. ૬૭. [34] સંવત્ ૧૮૮૯, શક ૧૭૫૪, વૈશાખ, શુક્લપક્ષ ૧૨, બુધવાર, ઉજમબાઈ(જુઓ નં. ૬૬) એ હ્રિંકારવાળું એક 'ચતુર્વિંશતિતીર્થંકરપટ્ટ' અર્પણ કર્યું; તપાગચ્છવાળાએ તેની પ્રતિષ્ઠા કરી.

નં. ૬૮. [35] સંવત્ ૧૮૯૧, માઘ, શિત ૫, સોમવાર, પાલિતાણાના ગોહેલ ખાંધાજી, તેનો પુત્ર નોંઘણજી અને તેનો પુત્ર પ્રતાપસિંઘજી હતો, તેના રાજ્યમાં મકસુદાવાદ—બાલુચરના રહેવાસી, ઓશવાળ જ્ઞાતિના બૃહતશાખાના દુગડગોત્રના, નિહાળચંદના પુત્ર ઇંદ્રજીએ ઋષભની એક પ્રતિમા અર્પણ કરી; બૃહત્ ખરતરગચ્છના જિનહર્ષના રાજ્યમાં પં૦ જયવંતજીના શિષ્ય પં. દેવચંદ્રે પ્રતિષ્ઠા કરી.

---

૩૧ હેમાભાઇની ટુંકમાં ઉત્તર બાજુએ ઓરડી નં. ૨ માં.

૩૨ બહારની બાજુએ ઉત્તર—પૂર્વમાં આવેલા દેવાલયના મંદિરમાં-લીસ્ટ્સ પૃ. ૨૦૯, નં. ૪૧૨.

૩૩ હેમાભાઈની ટુંકમાંના મુખ્ય મંદિરમાં, દક્ષિણ દિવાલ ઉપર જુઓ નં. ૫૮.

૩૪ હેમાભાઈના દેવાલયમાં, પૂર્વ ખુણામાં, મંડપની ઉત્તર દિવાલ ઉપર. જુઓ નં. ૫૭.

૩૫ ખરતરટુંકમાંના પુંડરીકના દેવાલયના દ્વારની બહાર આવેલા દેવાલયમાં–લીસ્ટ્સ પૃ. ૨૦૬, નં. ૩૪૧.

નં. ૬૯. [36] સંવત્ ૧૮૯૨, વૈશાખ, શિત ૩ શુક્રવાર, ગોહેલ ખાંધાજી (વિગેરે જુઓ નં. ૬૮) ના રાજ્યમાં, મક્ષુદાવાદ-બાલુચરના, બૃહતશાખા ઉકેસજ્ઞાતિય, દુગડગોત્રના બાબુ રાવાસિંગજીના પુત્ર બાબુ બહાદુરસિંગજીના ભાઈ બાબુ પ્રતાપસિંગજીની સ્ત્રી મહેતાબ કુંઅરે સંભવનાથ, પાર્શ્વનાથ અને શીતલનાથની પ્રતિમાઓ અર્પણ કરી; બૃહત્ ખરતરગચ્છના જિનહર્ષના રાજ્યમાં પં૦ કનક શેખરજીના શિષ્ય પં૦ જયભદ્રના શિષ્ય, પં૦ દેવચંદ્રે પ્રતિષ્ઠા કરી.

નં. ૭૦. [37] સંવત્ ૧૮૯૩, શક ૧૭૫૮, માઘ વદિ ૩, બુધવાર; વખતચંદ (જુઓ નં. ૪૫) ના પુત્ર અનોપભાઇ અને મંછીની પુત્રી ફુલકુંવરે એક દેવાલય બંધાવ્યું અને આદિનાથની પ્રતિમા અર્પણ કરી; સાગરગચ્છના શાંતિસાગરે પ્રતિષ્ઠિત કરી.

નં. ૭૧. [38] (મિતિ ઉપર પ્રમાણે) રાજનગરના રહેવાસી, ઓસવાળ, વૃદ્ધશાખાના, મોતીચંદના પુત્ર ફતેભાઇની સ્ત્રી ઉજલીવહુએ એક દેવાલય બંધાવ્યું તથા શાંતિનાથની પ્રતિમા અર્પણ કરી; સાગરગચ્છના શાંતિસાગરે પ્રતિષ્ઠા કરી.

નં. ૭૨. [39] (મિતિ ઉપર પ્રમાણે) મોતીચંદ (જુઓ નં- ૭૧) ના પુત્ર ફતેભાઇ (તેની સ્ત્રી અચરતવહુ) ના પુત્ર ભગુભાઈએ એક દેવાલય બંધાવ્યું અને શાંતિનાથની પ્રતિમા અર્પણ કરી; સાગરવંશના શાંતિસાગરે પ્રતિષ્ઠા કરી.

નં. ૭૩. [40] (મિતિ ઉપર પ્રમાણે) ખંભનગરના રહેવાસી ઉસવાળ વૃદ્ધશાખાના સા૦ હીરાચંદના પુત્ર સા૦ જેસંઘના પુત્ર સા૦ લક્ષ્મીચન્દ્રે (તેની સ્ત્રી-પારવતી) હેમાભાઇનો ટુંકમાં એક દેવાલય બંધાવ્યું અને અજીતનાથની પ્રતિમા અર્પણ કરી.

---

૩૬ પૂર્વ તરફ મ્હોટા ચોમુખને ગોળ ફરતા કઠેરાની બહાર, ઉપરના લેખની સાથે, એક પ્રતિમાની બેસણી ઉપર—લીસ્ટસ પૃ. ૨૦૬, નં. ૩૩૯.

૩૭ હેમાભાઈની ટુંકમાં પશ્ચિમ બાજુએ, ઓરડી-નં. ૧.

૩૮ ,, ,, ,, ,, , મંદિરમાં,

૩૯ ,, ,, ,, , ઓરડી નં. ૫.

૪૦ ,, ,, ઉત્તર બાજુએ, ઓરડી નં. ૧.

નં. ૭૪. [૪૧] સંવત્ ૧૮૯૩, જ્યેષ્ઠ સુદિ ૩. બુધવાર; જેશલમેરના બાફણા ગુમાનચંદજી બહાદરમલ્લજીએ ગોમુખયક્ષની એક પ્રતિમા અર્પણ કરી; ખરતરગચ્છના જિનમહેન્દ્રસૂરિએ પ્રતિષ્ઠિત કરી.

નં. ૭૫. [૪૨] સંવત્ ૧૮૯૩, શક ૧૭૫૮, માઘ શુક્લ ૧૦, બુધવાર પ્રેમચંદ વિગેરે (જુઓ નં. ૭૬) એ પાર્શ્વનાથની પ્રતિમા અર્પણ કરી; પદ્મવિજય વિગેરે (જુઓ નં. ૭૬) એ પ્રતિષ્ઠિત કરી.

નં. ૭૬. [૪૩] સંવત ૧૮૯૩, શક ૧૭૫૮, માઘ શુક્લ ૧૦, બુધવાર અમદાવાદના શ્રીમાલી લઘુશાખાના સા૦ દામોદરદાસના પુત્ર સા૦ પ્રેમચંદના પુત્ર સા૦ સાકલચંદના પુત્ર સા૦ પીતામરની પહેલી તથા બીજી મા, અજબ અને માનકુંઅરે પાર્શ્વનાથની પ્રતિમા અર્પણ કરી. તપાગચ્છના વિજયસિંહ-સૂરિના વંશના, સંવિજ્ઞમાર્ગીય પદ્મવિજયગણિના શિષ્ય રૂપવિજયગણિએ પ્રતિષ્ઠિત કરી.

નં. ૭૭. [૪૪] (મિતિ ઉપર પ્રમાણે), સા૦ પ્રેમચંદ (વિગેરે જુઓ નં. ૭૬) ના પુત્ર સા૦ કરમચંદ ના પુત્ર સા૦ મૂલચંદે પદ્મનાથની પ્રતિમા અર્પણ કરી; રૂપવિજયગણિ (વગેરે જુઓ. નં. ૭૬) એ પ્રતિષ્ઠિત કરી.

નં. ૭૮. [૪૫] (મિતિ ઉપર પ્રમાણે) મુંબાઇના રહેવાસી, ઓશ લઘુશાખાના પ્રેમચંદ અને ઇછાબાઇના પુત્રરત્ન ખિમચંદ અને દેવકુંઅરના પુત્ર અમરચંદે (અને તેના કુટુંબે) ધર્મનાથની પ્રતિમા અર્પણ કરી; તપાગચ્છના, વિજયઆણન્દસૂરિના ગચ્છના, વિજયધનેશ્વરસૂરિના રાજ્યમાં પ્રતિષ્ઠિત કરી.

નં. ૭૯. [૪૬] (મિતિ ઉપર પ્રમાણે) અમદાવાદના રહેવાસી, વૃદ્ધ-

---

૪૧ ચોમુખ દેવાલયમાં પેસતાંજ, ગોમુખના મંદિરમાં-લીસ્ટસ-પૃ૦ ૨૦૫, નં. ૩૧૧

૪૨ મુખ્ય દેવાલયના પશ્ચિમ ભાગમાં આવેલા ભોંયરામાં, પ્રતિમા (ચિન્તામણિ પાર્શ્વનાથ) ની બેસણી ઉપર, સાકલચંદ પ્રેમચંદની ટુંકમાં-લીસ્ટસ, પૃ૦ ૨૧૨, નં. ૪૯૪.

૪૩ સાંકલચંદ પ્રેમચંદની ટુકમાં, મુખ્ય દેવાલયની સામે પુંડરીકની બેઠક ઉપર.

૪૪ સાકલચંદ પ્રેમચંદની ટુકમાં ઉત્તર-પૂર્વ ખુણામાંના દેવાલયમાં લીસ્ટસ, પૃ૦ ૨૧૩, નં. ૪૯૮.

૪૫ મોતીશાહની ટુંકમાં, મુખ્ય દેવાલયની દક્ષિણ બાજુએ આવેલા દેવાલયમાં-લીસ્ટસ, પૃ૦ ૨૧૦, નં, ૪૨૦.

૪૬ મોતીશાહના ટુંકમાં, મુખ્ય દેવાલયની ઉત્તરે આવેલા એક દેવાલયની પ્રતિમાની બેસણી ઉપર-લીસ્ટસ, પા. ૧૦, નં. ૪૨૩.

શાખાના ઓસવાળ, સા૦ નાદાલચંદના પુત્ર સા૦ ખુશાલચંદના પુત્ર સા૦ કેશરિસિંહના પુત્ર સા૦ સાહિસિંહે ધર્મનાથની પ્રતિમા અર્પણ કરી; સાગર-ગચ્છના શાંતિસાગરસૂરિએ પ્રતિષ્ઠિત કરી.

નં. ૮૦. [૪૭] (મિતિ ઉપર પ્રમાણે) મુમ્બાઈ બિન્દર (મુંબઈ) ના રહેવાસી, ઓસવાળ વૃદ્ધશાખા અને નાહટાગોત્રના, શેઠ અમીચંદ રૂપાબાઈના પુત્ર શેઠ મોતીચંદ અને દીવાલીબાઇના પુત્ર ખેમચંદે (તથા કુટુંબે) આદિનાથની પ્રતિમા અર્પણ કરી; મોહેલ પ્રતાપસિંહજીના રાજ્યમાં બૃહત્ ખરતરગચ્છ (ખરતર પિપ્પલીય) ના જિનહર્ષસૂરિના અનુગ જિનમહેન્દ્ર-સૂરિએ પ્રતિષ્ઠિત કરી.

નં. ૮૧. [૪૮] (મિતિ ઉપર પ્રમાણે) ખરતર શાનલીય (પિપ્પલીય ?) ગચ્છમાં શેઠ ખેમચંદે શેઠ (મોતીચંદ) અને તેની સ્ત્રી કચ્છાબાઇની મૂર્તિ બેસાડી.

નં. ૮૨. [૪૯] (મિતિ ઉપર પ્રમાણે) શેઠ અમીચંદે (વિગેરે જુઓ નં. ૮૦) શાંતિનાથની પ્રતિમા અર્પણ કરી; (खरतर-पीप्पलीय गच्छे भ०जं०यु० श्रीजिनदेवसूरितत्पट्टे भ०जं० श्रीजिनचन्द्रसूरिविद्यमाने सपरिकरसंयुते) જિનમહેંદ્રે પ્રતિષ્ઠિત કરી.

નં. ૮૩. [૫૦] (મિતિ ઉપર પ્રમાણે) શેઠ અમીચંદ (વિગેરે જુઓ નં. ૮૦) ની સ્ત્રી રૂપાબાઈએ સુપાર્શ્વનાથની પ્રતિમા અર્પણ કરી; જિનમહેંદ્રસૂરિ (વિગેરે જુઓ નં. ૮૨) એ પ્રતિષ્ઠિત કરી.

નં. ૮૪. [૫૧] (મિતિ ઉપર પ્રમાણે) ખેમચંદની સ્ત્રી (વિગેરે,

---

[૪૭] મોતીશાહની ટુંકમાં ઉપલા દેવાલયની સાથેના દેવાલયમાં મુખ્ય પ્રતિમાની બેસણી ઉપર.

[૪૮] મોતીશાહની ટુંકમાં મુખ્ય દેવાલયમાં, શેઠ અને તેની સ્ત્રીની પ્રતિમાઓની નીચેના ભાગ ઉપર-બીરજેસ, પૃ૦ ૨૦૯, નં. ૪૧૭.

[૪૯] દેવાલય નં. ૪૨૦ માંની મુખ્ય પ્રતિમાની જમણી બાજુએ આવેલી પ્રતિમાની બેસણી ઉપર-બીરજેસ પૃ૦ ૨૧૦.

[૫૦] વચ્ચેના દેવાલયની ઉત્તર-પૂર્વના દેવાલયમાંની મુખ્ય પ્રતિમાની ડાબી બાજુની એક પ્રતિમાની બેસણી ઉપર.

[૫૧] મોતીશાહ અમીચંદની ટુંકમાં મુખ્ય દેવાલયની જમણી બાજુએ (ચક્રેશ્વરી) ની પ્રતિમાની બેસણી ઉપર.

જુઓ નં. ૮૦.) મુંગીવહુએ શ્રીમચ્ચક્કેસરીદેવીના દેવાલયમાં એક પ્રતિમા કરાવી; જિનમહેંદ્રસૂરિ (જુઓ નં. ૮૨)એ પ્રતિષ્ઠા કરી.

નં. ૮૫. [૫૨] (મિતિ ઉપર પ્રમાણે) ખેમચંદે (અને તેના કુટુંબે, વિગેરે, જુઓ નં. ૮૦) પુણ્ડરીકની એક પ્રતિમા અર્પણ કરી; જિનમહેન્દ્રસૂરિ, વિગેરે (જુઓ નં. ૮૨)એ પ્રતિષ્ઠા કરી.

નં. ૮૬. [૫૩] સંવત્ ૧૮૯૭, શક ૧૭૬૩, વૈશાખ, શુક્લ ૧૩, સોમવાર; મુંબાઈ બિંદરના રહેવાસી, શ્રીમાલી વૃદ્ધ શાખાના પારેખ જિણોથા (?) અને લક્ષ્મીના પુત્ર કપુરચંદ અને કસલ્લીના પુત્ર ફુલચંદે આદિનાથની એક પ્રતિમા અર્પણ કરી; તપાગચ્છના વિજયદેવેંદ્રસૂરિએ પ્રતિષ્ઠિત કરી.

નં. ૮૭. [૫૪] સંવત્ ૧૯૦૦, શક ૧૭૬૫, માઘ શુક્લ ૭, શુક્રવાર; ક્ષેમચંદે એક દેવાલય બંધાવ્યું.

નં. ૮૮. [૫૫] સંવત ૧૯૦૩, શક ૧૭૬૮, માઘ, કૃષ્ણ ૫, શુક્રવાર; રૂપાબાઇ (વિગેરે, જુઓ નં. ૮૩)ની પ્રતિમા ક્ષેમચંદે અર્પણ કરી; બૃહત્ ખરતર પિપ્પલીયગચ્છના જિનમહિંદ્રસૂરિના રાજ્યમાં.

નં. ૮૯. [૫૬] સંવત્ ૧૯૦૫, વૈશાખ, શુક્લ ૧, સોમવાર; પાલણપુરના રહેવાસી, ઓશવાલ વૃદ્ધસાખાના મહેતા ખેતસીના પુત્ર મહેતા મોતીચંદે આદિનાથની પ્રતિમા અર્પણ કરી, બીજી બે આદિનાથની પ્રતિમાઓ તેની સ્ત્રી રામકુઅર અને ઇંદિરાએ અર્પણ કરી; બીજી બે આદિનાથની પ્રતિમાઓ રામકુયર અને મોતીચંદના પુત્ર મેતા ઈશ્વિર અને જ્ઞાનવહુના પુત્ર મંગલ તથા મૂલચંદના પુત્ર ખેતસીની સ્ત્રી દિલુબાઇએ, તપાગચ્છના દેવિન્દ્રસૂરિના રાજ્યમાં અર્પણ કરી.

---

૫૨ મોતીશાહની ટુંકમાં પેસતાંજ દેવાલયમાંના પુણ્ડરીકની બેસણી ઉપર; આદિનાથના મંદિરની સામી બાજુએજ પુણ્ડરીકનું દેવાલય હમેશાં આવે છે. લીસ્ટ્સ, પૃ૦ ૨૦૯, નં. ૪૧૮.

૫૩ મોતીશાહની ટુંકમાં, મુખ્ય દેવાલયની પાછળના દેવાલયમાં આવેલી પ્રતિમાની બેસણી ઉપર–લીસ્ટ્સ પૃ૦ ૨૧૦, નં. ૪૨૧.

૫૪ સાકલચંદ પ્રેમચંદની ટુંકમાં. દક્ષિણ–પૂર્વના દેવાલયના દ્વારની ડાબી દિવાલ ઉપર—લીસ્ટ્સ પૃ. ૨૧૩. નં. ૪૯૯.

૫૫ મોતીશાહની ટુંકમાં મુખ્ય દેવાલયના દ્વાર આગળની એક સ્ત્રીની આકૃતિની બેસણી ઉપર.

૫૬ મોતીશાહની ટુંકમાં, દક્ષિણે ઓરડી નં. ૧.

નં. ૯૦. [૫૭] સંવત્ ૧૯૦૫, શક ૧૭૭૦, માઘ, શુકલ ૫, સોમવાર કચ્છના નવીનપુરના રહેવાસી આંચલગચ્છના, નાગડાગોત્રના તથા ઓસવાળ લઘુશાખાના ભારમલ્લ અને મંકાબાઇના પુત્ર સા૦ નરસી અને કુંઅરબાઇના પુત્રો સા૦ હીરજી અને સા૦ વીરજીએ પોતાની સ્ત્રીઓ પુરબાઇ અને લીલાબાઇ સાથે, એક દેવાલય બંધાવ્યું, ચંદ્રપ્રભુ અને બીજાજિનોની ૩૨ પ્રતિમાઓ અર્પણ કરી, પાલીતાણામાં દક્ષિણ બાજુએ ૧૨૦ ગજ લાંબી અને ૪૦ ગજ પહોળી એક ધર્મશાળા બંધાવી તથા આંચલગચ્છ માટે પાલીતાણામાં એક ઉપાશ્રય સમરાવ્યો આ બધું આંચલગચ્છના મુક્તિસાગરસૂરિના ઉપદેશથી કરવામાં આવ્યું.

નં. ૯૧. [૫૮] શેઠ વખતચંદ તેમના પુત્ર હેમાભાઇ અને પૌત્ર, અમદાવાદના નગરશેઠ પ્રેમાભાઇના વંશ તથા દાનની વિગત. તે કુંકુમલોલ ગોત્રના, શિશોદિઆવંશના, ઓશવાલજ્ઞાતિની આદિશાખાના હતા તથા કુળદેવી આશાપુરી, અને ક્ષેત્રપાલ બરડાને પૂજતા. તેના વંશના નામો (૧) કુંભલનપતિરાજા સામંતસિંધ રાણો, (૨) તેનો પુત્ર કેરપાલ, જેને ધર્મઘોષસૂરિએ જૈન બનાવ્યો (૩) તેનો પુત્ર સા૦ હરપતિ, (૪) તેનો પુત્ર સા૦ વચ્છા, (૫) તેનો પુત્ર સા૦ સહસકરણ, (૬) તેનો પુત્ર રાજનગરનો શેઠ [શા]ન્તિદાસ, જે દિલ્લીપતિ પાતિસાહ શાહજાહાનના વખતમાં રાજ્યસભાસદ (રાજસભાશૃંગાર) હતો, તેનો પુત્ર શેઠ લખમીચંદ; (૮) તેનો પુત્ર ખુસાલચંદ તેની સ્ત્રી કમકુ; (૯) તેમનો પુત્ર શેઠ વખતચંદ ત્યારબાદ તેની સ્ત્રીઓ, પુત્રો, પૌત્રોનાં નામો તથા તેના વંશની બક્ષિસો, તથા વિ. સં. ૧૮૬૪ થી ૧૯૦૫ સુધીની મિતિઓ, અને સાગરગચ્છની પટ્ટાવલી આવે છે; (૧) રાજસાગરસૂરિ; (૨) વૃદ્ધિસાગરસૂરિ (૩) લક્ષ્મીસાગરસૂરિ; (૪) કલ્યાણસાગરસૂરિ (૫) પુણ્યસાગરસૂરિ, (૬) ઉદયસાગરસૂરિ, (૭) આણન્દસાગરસૂરિ, (૮) શાંતિસાગરસૂરિ, વિ. સં. ૧૯૦૫.

---

[૫૭] ખરતરવસી ટુંકમાં, નરસી કેશવજીના દેવાલયની પાછળ ચોમુખ કહેરાની બહાર એક દેવાલયમાં.

[૫૮] હેમાભાઇ વખતચંદની ટુંકમાં. પ્રેમાભાઇએ બંધાવેલા અજિતનાથના દેવાલયની બહાર દક્ષિણે આવેલી આગલી ભીંતઉપર—એ. ઇ. પુ. ૨૦૯, નં. ૪૦૭.

નં. ૯૨. [૫૯] સંવત્ ૧૯૦૮, ચૈત્ર વદ ૧૦, બુધવાર; બીકાનેરના રહેવાસી ઓશજ્ઞાતિના મુહતા પંચાણ અને પુન્યકુઅરના પુત્ર વૃદ્ધિચંદ-જીએ મુહતા મોતીવસી (મોતીશાહની) ટુંકમાં એક દેવાલય બંધાવ્યું. તપાગચ્છના આણંદકુશલના ભાઇ પં. દેવેન્દ્રકુશળે પ્રતિષ્ઠા કરી.

નં. ૯૩. [૬૦] સંવત્ ૧૯૦૮, વૈશાખ કૃષ્ણ, સોમવાર; રાજનગરના રહેવાસી, શ્રીમાલી, દીપચંદના પુત્ર ખુશાળભાઇએ ધર્મનાથજીની પ્રતિમા અર્પણ કરી.

નં. ૯૪. [૬૧] (મિતિ ઉપર પ્રમાણે) દીપચંદ (જુઓ નં. ૯૩) ના બીજા પુત્ર જેઠાભાઇએ સુમતિનાથની એક પ્રતિમા અર્પણ કરી.

નં. ૯૫. [૬૨] (મિતિ ઉપર પ્રમાણે) પાયચંદગચ્છના જેઠાભાઈ (વિગેરે, જુઓ નં. ૯૪) એ હર્ખચંદસૂરિના રાજ્યતળે, ઋષભની એક પ્રતિમા અર્પણ કરી; પં૦ આણન્દકુશળે પ્રતિષ્ઠા કરી.

નં. ૯૬. [૬૩] સંવત્ ૧૯૧૦, ચૈત્ર, શુકલ ૧૫, ગુરૂવાર; પાલિતાણાના રાજરાજેશ્વર મહારાજાધિરાજ (?) ગોહિલશ્રી નોઘણના રાજ્યમાં; તેનો પુત્ર પ્રતાપસિંઘજી હતો; અજમેરના રહેવાસી, શ્રીમુંગીયાગોત્રના, ઓશવાળ વૃદ્ધશાખાના, તથા કુવરબાઇ અને ધનરૂપમલ્લના પુત્ર શેઠ વાઘમલજીએ એક દેવાલય બંધાવ્યું તથા આદિજિન, સુવ્રત, આદિનાથ, નમીનાથ, અદીનાથ, સુવ્રત, શાંતિનાથ અને પાર્શ્વનાથની પ્રતિમાઓ અર્પણ કરી; ખરતરગચ્છના જિનહર્ષના અનુગ જિનસૌભાગ્યસૂરિના રાજ્યમાં, પં૦ કનકસેખરજીના શિષ્ય જયભદ્રજી તેમના શિષ્ય દયાવિલાસજી તેમના શિષ્ય હર્ષકીર્તિ, તેમના શિષ્ય, અને માનસુંદરજીના બંધુ હેમચંદ્રે પ્રતિષ્ઠા કરી.

નં. ૯૭. [૬૪] સંવત્ ૧૯૧૧, ફાલ્ગુણ, કૃષ્ણ ૨ સોમવાર, રાજનગર

---

૫૯ મોતીશાહની ટુંકમાં, દક્ષિણે આવેલી એક ઓરડીમાં.

૬૦ ,, ,, ,,

૬૧ ઉપલી ઓરડીની સાથેની ઓરડીમાં.

૬૨ ઉપલી ઓરડીમાંજ.

૬૨ નં. ૯ તેજ સ્થળે

૬૩ મોટા દેવાલયની પાછળના પત્થરના દેવાલયની પૂર્વદિવાલ ઉપર, ચૌમુખ-કડેરામાં—લી. પૃ૦ ૨૦૬—નં. ૩૨૫.

૬૪ મોતીશાહની ટુંકમાં, દક્ષિણે આવેલી એક ઓરડીમાં.

૬૫ પ્રતિમા ઉપરની મિતિ ૯૦૩ (૧૯૦૩)

રહેવાસી વીસા પોરવાડ સા૦ હર્ષચન્દના પુત્ર ભગવાન અને બાઇદેવના પુત્ર સા૦ કાલીદાસે મોતીવસી ટુંકમાં અભિનંદન સ્વામી મૂલનાયકની પ્રતિમા અર્પણ કરી; તપાગચ્છના દેવિંદ્રસૂરિના રાજ્યમાં પં૦ આણન્દકુશલે પ્રતિષ્ઠા કરી.

નં. ९८. [६६] સંવત્ ૧૯૧૩, માગસર, શુદિ ૬; અમદાવાદના રહેવાસી, કુંકુમલોલગોત્રી અને સીસોદીઆ શાખાના, સા૦ મોતિભાઇ અને રૂપકુંવર બાઇના પુત્ર શેઠ ફત્તેભાઇએ શાંતિનાથની એક પ્રતિમા અર્પણ કરી.

નં. ९९. [६७] (મિતિ ઉપર પ્રમાણે) અહમદાવાદના રહેવાસી, કુંકમલોલગોત્રના અને સિસોદીઆ શાખાના સા૦ મનસુખભાઈ અને સિરદાર કુંવરબાઈના પુત્ર શેઠ છગનભાઇએ ધર્મનાથની એક પ્રતિમા અર્પણ કરી.

નં. ૧૦૦. [६८] (મિતિ ઉપર પ્રમાણે) અહમદાવાદના રહેવાસી, કુંકમલોલગોત્રના અને સીસોદીઆ શાખાના ઓશવાળ, શેઠ સુરજભાઇ અને પ્રધાનકુંવરબાઈની પુત્રી સમરથ કુસરબાઇએ અભિનન્દનની પ્રતિમા અર્પણ કરી.

નં. ૧૦૧. [६९] સંવત્ ૧૯૧૪ (૧૯૦૧૪ આ પ્રમાણે લખેલી) માર્ગશીર્ષ સુદી ૭, સોમવાર; રાજનગરના શાહા વેલચંદ માણેકચંદની સ્ત્રી બાઈ ઐન્દ્રે, દત્તજિનની એક પ્રતિમા અર્પણ કરી.

નં. ૧૦૨. [७०] સંવત્ ૧૯૧૪ (૧૯૦૧૪ આ પ્રમાણે લખેલી), માર્ગશીર્ષ, વદિ એકમે, બુધવાર (વારબુધે); રાજનગરના ઉસ માણિકચંદ ખીમચંદની સ્ત્રી બાઈ હરકુંવરે સુવ્રતજિનની એક પ્રતિમા અર્પણ કરી.

નં. ૧૦૨. [७२] સંવત ૧૯૧૬, વૈશાખ; કૃષ્ણ ૬, ગુરૂવાર, (ઉત્તરાષાઢ નક્ષત્ર સંક્રાંતિ, સૂર્યોદિયાત્ ઘટિ ૧. પલ ૪૫), નેમા જ્ઞાતિના, વૃદ્ધશાખા અને મણિયાણ ગોત્રના, કપડવણજના રહેવાસી, સા૦ હીરજી તેના

---

૬૬ હેમાભાઈની ટુંકમાં, દક્ષિણે, ઓરડી નં. ૩૩

૬૭ ,, ,, ,, ,, ,, ૩૨

૬૮ ,, ,, ,, ,, ,, ૩૧

૬૯ મોતીશાહની ટુંકમાં, દક્ષિણે નં, ૨૮ જુઓ લેખ નં. ૧૦૬

૭૦ ,, ,, ,, ,, ૨૨

૭૧ પ્રતિમા ઉપરની મિતિ સંવત્ ૧૮૯૩.

૭૨ બાલાભાઈની ટુંકમાં, દક્ષિણ-પૂર્વે દેવાલયના દ્વાર આગળ. લી. પૃ૦ ૨૧૨, નં. ૪૯૩.

પુત્ર ગુલાબચંદ અને સ્ત્રી માનકુવર, તેમના પુત્ર પારેખ મિઠુભાઇ અને સ્ત્રી બ્હેનકુવર, તેમના પુત્ર કરમચંદ અને સ્ત્રીયો (૧) બાઇ જડાવ, (૨) બાઈ શિવેન, એમણે (શ્રીવાસુપૂજ્યપ્રાસાદ નામનું) એક દેવાલય બંધાવ્યું, યાત્રા કરી અને બીજાં દાનો આપ્યાં; આણન્દસૂરિગચ્છના ધનેસરસૂરિના અનુગ વિદ્યાનંદસૂરિના રાજ્યમાં, રાજાધિરાજ પ્રતાપસિંઘજીના વખતમાં, તપાગચ્છના પં૦ ક્ષેમાવિજયના શિષ્ય સંવેગપક્ષી પં૦ ધીરવિજય, તેમના શિષ્ય પં૦ વીરવિજય, તેમના શિષ્ય ગણિરંગવિજયે પ્રતિષ્ઠા કરી.

નં. ૧૦૪. [૭૩] સંવત્ ૧૯૧૬, શક ૧૭૮૧, ફાલ્ગુન, કૃષ્ણ ૨, શુક્રવાર; તપાગચ્છમાં વિજયદેવેંદ્રસૂરિના રાજ્યમાં, વખતચંદ (વિગેરે, જુઓ નં. ૯૧) ના પુત્ર અનોપચંદ, તેની સ્ત્રી અને પુત્રી બાઇ ધીર્ય (ધીરજ) એમણે વખતચંદ વસોના નવા દેવાલયમાં અજિતનાથની પ્રતિમા અર્પણ કરી.

નં. ૧૦૫. [૭૪] સંવત્ ૧૯૨૨, માર્ગસર વદિ ૭ ગુરૂવાર; કાશીના રહેવાસી ઓશવાળ વૃદ્ધશાખા અને છાજેડ ગોત્રના મોદી નેમિદાસના પુત્ર શિવપ્રસાદે અરનાથની પ્રતિમા અર્પણ કરી; બૃહત્ ખરતરગચ્છના જિનમુક્તિસૂરિના હુકમથી પં૦ દેવચંદના શિષ્ય હીરાચંદે પ્રતિષ્ઠા કરી.

નં. ૧૦૬. [૭૫] સંવત્ ૧૯૨૪, માઘ શુક્લ ૧૦, સોમવાર, [૭૬] ગુર્જર દેશના વિશાલનગર (વીસલનગર ?) ના રહેવાસી લઘુશાખાના દસાપોરવાડ સા૦ અમોલક કસલાએ શીતલનાથજીની પ્રતિમા અર્પણ કરી; તેના પુત્રો મૂલચંદ, મયાચંદ, રવિચંદ, તેમના પુત્રો, ગોકલ, દીપચંદ અને ખિમચંદ; તપાગચ્છના વિજયદેવેન્દ્રસૂરિના રાજ્યમાં, પં૦ રત્નવિજયે પ્રતિષ્ઠા કરી.

નં. ૧૦૭. [૭૭] સંવત્ ૧૯૨૮, માઘ સુકલ ૧૩, ગુરૂવાર; સેઠ મોતીશાની ટુંકમાં પોતાનીજ દેહરીમાં નવાનગરના ઝવેરી વેલાજીના પુત્ર ખીમજી, તે અને બાઈ રતનના પુત્ર ગલાલચંદ અને તેના પુત્ર પ્રાગજીએ, પાર્શ્વનાથની એક પ્રતિમા અર્પણ કરી.

---

૭૩ હેમાભાઇની ટુંકમાં, બીજા ઓરડામાં, એજ (જમણી) ના નં. ૨૭

૭૪ મોતીશાની ટુંકમાં, દક્ષિણે આવેલી એક ઓરડીમાં, નં. ૨૮.

૭૫ „ „ „ „ નં. ૨૩.

૭૬ પ્રતિમા ઉપરની મિતિ-સંવત્ ૧૯૦૩.

૭૭ મોતીશાહની ટુંકમાં, દક્ષિણે, ઓરડી નં ૩૦.

નં. ૧૦૮. ૭૮ સંવત્ ૧૯૩૦, ચૈત્ર વદ ૨; અમદાવાદના સા૦ માનકચંદ મોતીચંદે ધર્મનાથની પ્રતિમા અર્પણ કરી.

નં. ૧૦૯. ૭૯ વિક્રમ સંવત્ ૧૯૩૯, કૃષ્ણ ૧૨, મંગળવાર; અમદાવાદના રહેવાસી, લઘુશાખાના પોરવાડ, સા૦ નાના, પૂજા, પીતામ્બરદાસે શાંતિનાથની પ્રતિમા અર્પણ કરી.

નં. ૧૧૦. ૮૦ સંવત્ ૧૯૪૦, શક ૧૮૦૫, વૈશાખ શુક્લ ૩, સોમવાર (પૃષ્ઠ ઘટિ ૩ પલ ૧૦ સુર્યોદયાત્); પાલિતાણાના ગોહિલ સૂરસિંઘજીના રાજ્યમાં, આંચલગચ્છના વિવેકસાગરસૂરિના વખતમાં પોતાગોત્ર અને લઘુશાખાના ઓસવાલ, કચ્છ નલિનપુરના અને પાછળથી મુ(મ)બાઇબિંદર (મુંબાઈ)ના, રહેવાસી સાહા ત્રિકમે, સા૦ કેશવનાયકની ટુંકમાં, પુંડરીકના દેવાલયમાં આદિનાથની પ્રતિમા અર્પણ કરી; મુની પેતસીએ પ્રતિષ્ઠા કરી.

નં. ૧૧૧. ૮૧ સંવત્ ૧૯૪૦, માઘ, શુક્લ, ૬, શનિવાર; અમતવામના રહેવાસી, વૃદ્ધશાખાના શ્રીમાલી, જયસિંહ હિમચંદના પુત્ર પરસોતમ ધિયાએ પાર્શ્વનાથની પ્રતિમા અર્પણ કરી; પંન્યાસ મણિવિજયના શિષ્ય પંન્યાસ ગુલાબવિજયગણિએ પ્રતિષ્ઠા કરી.

નં. ૧૧૨. ૮૨ સંવત્ ૧૯૪૦, ફાલ્ગુન શુક્લ ૩, શુક્રવાર, અણહિલપુરના રહેવાસી, વૃદ્ધ શ્રીમાલી, રામચંદ ફુલચંદે ધર્મનાથની પ્રતિમા અર્પણ કરી; તપાગચ્છના સંવિગ્નપક્ષના પંન્યાસ મણિવિજયગણિના શિષ્ય પંન્યાસ ગુલાબવિજયગણિએ પ્રતિષ્ઠા કરી.

નં. ૧૧૩. ૮૩ સંવત્ ૧૯૭૩, પૌસ, કૃષ્ણાષ્ટમી, સોમવાર; અમદાવાદના દસા સરમાલી (શ્રીમાલી) સા૦ કેવલ લખમીચંદે તથા તેની સ્ત્રી કેસરબાઇ, તેનો પુત્ર ચુનીલાલ તેની સ્ત્રી પરસનબાઇ તેમની પુત્રી બેન સાંકુએ એક વાસુપૂજ્યજિન અર્પણ કર્યા.

---

૭૮ „ „ „ નં. ૬૫.

૭૯ સાકલચન્દ પ્રેમચંદની ટુંકમાં, પશ્ચિમે, નં. ૧૮ ના મંદિરમાંની એક પ્રતિમા ઉપર.

૮૦ વિમળવસી ટુંકમાં, કેશવજી નાયકના દેવાલયમાં પુંડરીકના મંદિરમાં.

૮૧ જમણી બાજૂએ „ „ દેવાલયમાં,

૮૨ ઉપરની જગ્યાએ

૮૩ સાકલચંદ પ્રેમચંદની ટુંકમાં, મુખ્ય દેવાલયની જમણી બાજુના દેવાલયની પ્રતિમા નીચેની બેઠક ઉપર,

નં. ૧૧૪. [૮૪] સંવત્ ૧૯૪૩, માઘ સુકલ ૧૦, ગુરૂવાર; અમદાવાદના વીસા ઓસવાળ સા૦ લલ્લુ વખતચંદ તથા તેની સ્ત્રી બાઈ અધીર, પુત્રી ધીરજ અને પુત્રો વાડીલાલ અને ભોગાભાઇ, એમણે શાંતીનાથની પ્રતિમા અર્પણ કરી.

નં. ૧૧૫. [૮૫] મિતિ નથી. વૈશાખ સુદિ ૩ બુધવાર ને દિવસે, આંચલગચ્છના કલ્યાણસાગરસૂરિ [૮૬] ના ઉપદેશથી શ્રેયાંસની પ્રતિમા અર્પણ કરી.

આ લેખો સિવાય, બીજી પણ મૂર્તિયો વિગેરે ઉપર એવા લેખો છે કે જે હજુ સુધી લેવાયા નથી. પરંતુ તે બધા ન્હાના ન્હાના અને તેમાં પણ ઘણા ખરા તો ખંડિત અને અપૂર્ણ છે. શત્રુંજય ઉપર પ્રાયઃ કરીને બધા પ્રભાવક શ્રાવકોએ મંદિરો બનાવ્યાના ઉલ્લેખો ગ્રંથોમાંથી મળી આવે છે, પરંતુ તેમનું નામ નિશાન પણ આજે દેખાતું નથી. મંત્રી વિમલસાહ, રાજા કુમારપાલ અને ગુર્જરમહામાત્ય વસ્તુપાલ તેજપાલ આદિકોએ પુષ્કળ ધન ખર્ચી એ પર્વત ઉપર પ્રાસાદો બનાવ્યા છે, એમ તેમના ચરિત્રોમાં સ્પષ્ટ અને વિશ્વસનીય ઉલ્લેખ છે. પરંતુ તે મંદિરો વિદ્યમાન છે કે નહિ ? અને છે તો કયા ? તે ઓળખી શકવું મુશ્કેલ છે. વસ્તુપાલ તેજપાલે પોતાના દરેક ઠેકાણે બંધાવેલાં મંદિરોમાં લેખો કોતરાવેલા છે, તેથી શત્રુંજય ઉપર પણ તેમણે તેવા લેખો અવશ્ય કોતરાવ્યાજ હોવા જોઇએ. પરંતુ આજે તેમનું અસ્તિત્વ જણાતું નથી. આચાર્ય વલ્લભજી હરિદત્તે (રાજકોટના વૉટસન મ્યુઝિયમના ક્યુરેટરે) પોતાના કીર્તિકૌમુદી ના સમશ્લોકિ ગુજરાતી ભાષાંતરની પ્રસ્તાવનામાં શત્રુંજય ઉપરનો વસ્તુપાલ તેજપાલનો એક ખંડિત લેખ આપ્યો છે. લેખ અને તેના વિષયમાં તેમનું વક્તવ્ય આ પ્રમાણે છે.

" શત્રુંજયમાં વસ્તુપાલને તેજપાલના લેખો છે એમ મી. ફાર્બસે લખે છે; પણ મારા જોવામાં માત્ર ૧ અને તે પણ ખંડિત લેખ આવ્યો

---

૮૪ સાકલચંદ પ્રેમચંદની ટુંકમાં, પશ્ચિમ બાજુએ એક પ્રતિમા નીચે.

૮૫ હાથીપોળની બહારના એક દેવાલયની પ્રતિમાની બેસણી ઉપર.

૮૬ આ ઉપરથી જણાય છે કે આ લેખ સંવત્ ૧૬૭૫ અને ૧૬૮૩ નો છે: દેવાલયની મિતિ ૧૬૭૬ ની છે.

છે. બીજા નહિ હોય અથવા હશે તો નષ્ટ થયા હશે. એક જે છે તેનું સ્થળ વગેરે આગળ લખ્યું છે * તેના બાકી રહેલા ભાગમાં નીચે પ્રમાણે ૬ પંક્તિમાં ૪૬ અક્ષરો છે.

(१)......वास्तव्य प्राग्वाटान्वय
(२)......ठ० श्रीचंडप्रसादां-
(३)......ठ० आशाराजनं-
(४)......श्रीमालदेव संघप-
(५)......जमहं. श्रीतेजपाले-
(६)......संचारपाजा कारिता

ગિરિનારના દેવળમાં પોતાની, પોતાના પૂર્વજોની, મિત્રો અને કુટુંબીઓની મૂર્તિઓ બેસાર્યાની વાત લેખમાં છે પણ તે આજ ઉપલબ્ધ નથી. પણ આબુનાં દેવળમાં હાથી તથા ઘોડા ઉપર બેસાડેલી મૂર્તિઓ જોવામાં આવી છે ખરી.

આ શત્રુંજયના લેખનો ૦ા કટકો જણાય છે અને ગત ભાગમાં આ પ્રમાણે અક્ષરો હશે એમ કલ્પના કરી શકાય છે.

(१) [श्रीमदणहिलपत्तन] वास्तव्य प्राग्वाटान्वय-
(२) [ठ० श्रीचंडपतनुज] ठ० श्रीचंडप्रसादां-
(३) [गज ठ० श्रीसोमपुत्र] ठ० श्रीआशाराजनं-
(४) [दन ठ० श्रीलूणिग ठ०] श्रीमालदेव संघप-
(५) [ति महं. श्रीवस्तुपालानु] ज महं. श्री तेजपाले-
(६) [न श्रीशत्रुंजयतीर्थे] संचारपाजा कारिता ।

આ ઉપરથી હવે આખા લેખનો અર્થ એવો થાય છે કે, શ્રીઅણહિલપુરના રહેનાર પ્રાગ્વાટ જ્ઞાતિના ઠક્કુર શ્રીચંડપના પુત્ર ઠક્કુર શ્રીચંડપ્રસાદના પુત્ર ઠક્કુર શ્રીસોમના પુત્ર ઠક્કુર શ્રીઆશારાજના પુત્ર ઠક્કુર શ્રીલુણિગ તથા ઠક્કુર શ્રીમાલદેવ તથા સંઘપતિ મહં. શ્રીવસ્તુપાલના અનુજ મહં. શ્રીતેજપાલે શ્રીશત્રુંજયતીર્થમાં રસ્તાની પાજ બંધાવી."

પૃષ્ટ ૩૬—૩૭

* "શત્રુંજયમાં કારકુનની કોટડી પાસે અજાણી જેવા ભાગમાં હોલાખાડી નામની કુંડ જેવી કુંડી છે તેની ઉત્તર ભીતમાં ખંડિત પાટ્ય ચોઢેલી છે તેમાં આ લેખ છે."

ગિરનાર પર્વત ઉપરના લેખો.

નંબર ૩૮ થી ૬૩ સુધીના (૨૩) લેખો ગિરનાર પર્વત ઉપર આવેલા ભિન્ન ભિન્ન જૈનમંદિરોમાંના છે. આ બધા લેખો, રીવાઇઝ્ડ લીસ્ટસ્ ઑફ઼ ઍન્ટીકવૅરીઅન રીમેન્સ ઈન્ ધી બૉમ્બે પ્રેસીડન્સી, વૉલ્યુમ, ૮, (REVISED LISTS OF ANTIQUARIAN REMAINS IN THE BOMBAY PRESIDENCY, Vol., VIII.) માંના પરિશિષ્ટ (APPNDIX.) માં આપેલા છે, ત્યાંથી લેવામાં આવ્યા છે. એ પુસ્તકમાં, આ બધા લેખો મૂલ રૂપે આપી તેની નીચે અંગ્રેજી અનુવાદ પણ આપવામાં આવ્યો છે. પરંતુ અનુવાદ કેટલીક ઠેકાણે તો બહુજ ભૂલ ભરેલો અને વિવેચન વગરનો છે. ડૉ. જેમ્સ બર્જેસ (Dr. James Burgess) ના આર્કિઓલૉજીકલ સર્વે ઓફ઼ વેસ્ટર્ન ઇન્ડિયા, વોલ્યુમ ૨ (Archœological Survey of Western India. Vol. II) માં પણ થોડાક લેખો આપેલા છે. આદિની વસ્તુપાલની જે ૬ પ્રશસ્તિઓ છે, તે નિર્ણયસાગર પ્રેસ, મુંબઇ,ની प्राचीनलेखमाला-भाग ૩, માં પણ મૂલ માત્ર આપેલી છે. ગિરનાર ઈન્સક્રીપ્શનસ નામનું એક જુદું પણ પુસ્તક પ્રકટ થયેલું છે પરંતુ તે મ્હારા જોવામાં આવ્યું નથી. મ્હેં જે આ સંગ્રહમાં લેખો આપ્યા છે તે ઉપર લખેલા બંને પુસ્તકોમાંથી તારવી કાઢી જે ઉપયોગી જણાયા છે તેજ આપ્યા છે. સ્થલ માટે ઉપરોક્ત પ્રથમ પુસ્તકનોજ આધાર લેવામાં આવ્યો છે.

(૩૮-૪૩.)

ગિરનાર પર્વત ઉપરના વિદ્યમાન જૈન લેખોમાં નં. ૩૮ થી ૪૩ સુધીના (૬) લેખો મ્હોટા અને મહત્ત્વના છે. આ છએ લેખો, ગુજરાતના પ્રાક્રમી પ્રધાનો અને જૈનધર્મના પ્રભાવક શ્રાવકો વસ્તુપાલ અને તેજપાલ ભ્રાતાઓના છે. આચાર્ય વલ્લભજી હરિદત્ત, આ લેખોનું સ્થાન આ પ્રમાણે જણાવે છે—

" વસ્તુપાલ તેજપાલનાં દેવળો જે કોટના દરવાજામાંથી ગિરિનારજી તરફ જવાના રસ્તામાં જમણી બાજુ ત્રણ હારબંધ છે જે પ્રથમ એક સળંગ લાંબા પરથાર ઉપર ખુલ્લા ભાગમાં હતાં પણ હાલ (લગભગ ૨૦-૨૫ વર્ષથી) જૈનોએ તેને વંડી કરી બંધેચમાં લઇ લીધાં છે. (કે જેથી યાત્રાળુઓ તેના પરથારનો ઉતારા તરીકે લાભ લેતા, તે બંધ પડ્યો છે.) તે ત્રણ દેવળમાંનાં બે પડખાનાં દેવળને ત્રણ ત્રણ બાર છે (દક્ષિણ બાજુનાને પશ્ચિમ, દક્ષિણ, તથા પૂર્વમાં; તથા ઉત્તર બાજુનાને પશ્ચિમ, ઉત્તર, તથા પૂર્વમાં) તેની છાડલી ઉપર મ્હોટી ૩॥ ફુટ લાંબી, ૦॥ ફુટ પ્હોળી અને ૧૩ પંક્તિની (કોઇમાં સેહજ ફેરફાર હશે) ૬ પાટયો છે તેમાં આ ૬ લેખો છે. "

આ છએ લેખો એકજ પદ્ધતિથી રચાયેલા, લખાયેલા અને કોતરાએલા છે. ઐતિહાસિક વર્ણન અને તેટલા ભાગનો શબ્દપાઠ પણ સરખોજ છે. દરેક લેખમાં, પ્રારંભમાં એક પદ્ય, પછી ૭-૮ પંક્તિ જેટલો ગદ્ય અને પછી અંતે કેટલાક પદ્યો આપેલાં છે. પ્રારંભના પદ્યમાં, તીર્થંકરોની સ્તવના દરેક લેખમાં જુદી જુદી રીતે કરેલી છે. ગદ્યભાગમાં વસ્તુપાલ અને તેજપાલનું ઐતિહાસિક વર્ણન છે. અંતના પદ્યોમાં, વસ્તુપાલ અને તેજપાલની (મુખ્ય કરીને વસ્તુપાલની) અનેક પ્રકારે પ્રશંસા કરવામાં આવી છે. આ પ્રશંસાત્મક પદ્યોના કર્ત્તા કવિઓ ભિન્ન ભિન્ન છે અને રચના પણ જુદી જુદી જાતના છંદોમાં કરવામાં આવી છે.

લેખોક્ત વર્ણનનું અવલોકન આ પ્રમાણે છે--

ઉપર લખવામાં આવ્યું છે કે, વસ્તુપાલ તેજપાલના જે ત્રણ મંદિરો ગિરનાર ઉપર એકજ સાથે આવેલાં છે તેમાંના મધ્ય-મંદિરની બંને બાજુએ આવેલાં ૨ મંદિરોને જે ત્રણ ત્રણ દ્વારો છે, તે દરેક દ્વારની છાડલી ઉપર અકેક એમ ૬ લેખો છે. જેમાંનો પ્રથમ (નં. ૩૮ નો) લેખ, દક્ષિણ તરફના, એટલે મધ્યના મંદિરની ડાબી બાજુના મંદિરના પશ્ચિમાદ્ધ દરવાજાની છાડલી ઉપર છે. લેખની શિલા લંબ ચોરસ છે અને ૧૩ પંક્તિમાં આખો

લેખ પૂર્ણ કરવામાં આવેલો છે. દરેક પંકતિમાં સુમારે ૧૨૦ લગભગ અક્ષરો છે. અક્ષરો સુંદર અને સ્પષ્ટ છે. લેખ બિલકુલ શુદ્ધ છે.

પ્રારંભના પદ્યમાં નેમિનાથતીર્થંકરની સ્તુતિ છે. કેટલાક અક્ષરો ઘસાઈ ગયેલા હોવાથી વાંચી શકાતા નથી. પછી ગદ્ય પ્રારંભ થાય છે. મિતિ શ્રીવિક્રમસંવત્ ૧૨૮૮ ના ફાલ્ગુણ શુદિ ૧૦ અને બુધવારની છે. ગદ્યનો અનુવાદ આ પ્રમાણે છે–

અણુહિલપુરમાં વસનારા, પ્રાગ્વાટ જ્ઞાતિના ઠ૦ (ઠક્કુર) શ્રીચંડપનો પુત્ર ઠ૦ શ્રીચંડપ્રસાદનો પુત્ર ઠ૦ શ્રીસોમનો પુત્ર ઠ૦ શ્રીઆશારાજ તથા તેની સ્ત્રી કુમારદેવીનો પુત્ર મહામાત્ય વસ્તુપાલ થયો કે જે ઠ૦ શ્રીલુણિગ તથા ઠ૦ શ્રી માલદેવનો ન્હાનોભાઇ અને મહં. શ્રી તેજપાલનો મ્હોટોભાઈ હતો. તેને મહં. શ્રી લલિતાદેવીથી મહં. શ્રીજયતસિંહ નામનો પુત્ર થયો જે સં૦ ૭૯ ના વર્ષ પહેલાં સ્તભતીર્થ (ખંભાત) માં મુદ્રાવ્યાપાર (નાણાનો વ્યાપાર–નાણાવટીનો ધંધો) કરતો હતો. વસ્તુપાલ, કે જે, ૭૭ ની સાલ પહેલાં, શત્રુંજય અને ગિરનાર આદિ મહાતીર્થોની યાત્રા કરી તથા મ્હોટાં મહોત્સવો કરી શ્રીદેવાધિદેવ (તીર્થંકર–પરમાત્મા) ની કૃપાથી " સંઘાધિપતિ " નું પદ પ્રાપ્ત કર્યું હતું. તથા ચૌલુક્યકુલદિનમણિ મહારાજાધિરાજ શ્રીલવણપ્રસાદદેવના પુત્ર મહારાજ શ્રીવીરધવલદેવની પ્રીતિથી જેણે " રાજ્યસર્વેશ્વર્ય " (રાજ્યનું સર્વાધિકારત્વ–કારભાર) પ્રાપ્ત કર્યું હતું. અને જેને સરસ્વતીએ પોતાના પુત્ર તરીકે સ્વીકાર કર્યો હતો (અર્થાત્ જે સરસ્વતીપુત્ર–કવિ કહેવાતો હતો) તેણે, તથા તેના ન્હાના ભાઈ તેજપાલે, કે જે પણ સં. ૭૬ નો સાલ પહેલાં, ગુજરાતના ધવલક્કક (ધોળકા) આદિ નગરોમાં મુદ્રા વ્યાપાર કરતો હતો, એ બંને ભાઇયોએ શત્રુંજય અને અર્બુદાચલ (આબુ) પ્રમુખ મહાતીર્થોમાં, તથા અણહિલપુર (પાટણ), ભૃગુપુર (ભરૂચ), * સ્તંભનકપુર, સ્તંભતીર્થ

---

* ' સ્તંભનકપુર ' ને ખેડા જીલ્લાના આણંદ તાલુકામાં આવેલા ઉમરેઠ નામના ગામની પાસે આવેલું અને સેઢી નદીના કાંઠે રહેલું જે ' થાંભણા '

(ખંભાત), દર્ભવતી (ડભોઈ) અને ધવલક્કક (ધોળકા) આદિ નગરોમાં, તથા અન્ય સમસ્ત સ્થાનોમાં પણ ક્રોડો નવા ધર્મસ્થાનો બનાવ્યાં અને ઘણા જીર્ણોદ્ધાર કર્યા.

તથા, સચિવેશ્વર વસ્તુપાલે, આ (ગિરનાર) પર્વત ઉપર પોતે કરાવેલા, શત્રુંજય મહાતીર્થાવતાર શ્રીઆદિતીર્થંકર ઋષભદેવ, સ્તંભનકપુરાવતાર શ્રીપાર્શ્વનાથદેવ, + સત્યપુરાવતાર શ્રીમહાવીરદેવ અને

નામનું ગામ છે, તે છે. ' થાંભણા ' એ પ્રાકૃત ' થંભણય ' નુંજ રૂપાન્તર છે. અભયદેવસૂરિએ, એજ ઠેકાણેથી " जयतिहुअण " એ આદિ વાક્યવાળું પાર્શ્વનાથ સ્તોત્ર રચી, પલાશના વૃક્ષોની ઘટા નીચે ભૂતલમાં દટાએલી પાર્શ્વનાથની પ્રતિમા પ્રકટ કરી હતી. અને એ ગામના નામથીજ તે મૂર્તિની 'સ્તંભનક-પાર્શ્વનાથ'ના નામે પ્રસિદ્ધિ થઇ. સ્વયં અભયદેવસૂરિએ પોતાના સ્તોત્રમાં પણ ' जिणेस ! पास ! थंभणयपुरट्ठिअ !— (સ્તંભનકપુરસ્થિત હે પાર્શ્વજિનેશ્વર !) આવો ઉલ્લેખ કરી તે મૂર્તિને ' સ્તંભનક-પાર્શ્વનાથ ' તરીકે ઓળખાવે છે. કેટલાક વિદ્વાનો ' સ્તંભનક ' અને ' સ્તંભતીર્થ ' બંનેને એકજ (ખંભાત જ) સમજે છે, પરંતુ તે ભૂલ છે. આ ગોટાળો પાછળથી સ્તંભનકપાર્શ્વનાથની મૂર્તિ જ્યારે ' સ્તંભનકપુર ' માંથી લાવી ' સ્તંભતીર્થ ' (ખંભાત) માં સ્થાપન કરવામાં આવી, તેના લીધે થયેલો છે. કારણ કે વર્તમાનમાં ' સ્તંભનક-પાર્શ્વનાથ ' ની પ્રતિમા પણ ' સ્તંભતીર્થ ' માં જ વિદ્યમાન હોવાના લીધે તેનેજ ' સ્તંભનક ' સમજવાની ભૂલ ઉભી થઇ છે. મેરૂતુંગસૂરિએ, વિ. સં. ૧૪૧૩ માં 'स्तंभनाथचरित' નામનો એક ગ્રંથ બનાવ્યો છે કે જે ફક્ત પાટણના એક ભંડારમાં અપૂર્ણરૂપે વિદ્યમાન છે. તેમાં જણાવ્યું છે કે— सं० १३६८ वर्षे इदं च बिम्बं श्रीस्तंभतीर्थे सामायातम् (સં. ૧૩૬૮ માં આ –સ્તંભનકપાર્શ્વનાથનું–બિંબ સ્તંભતીર્થ (ખંભાત) માં આવ્યું છે.) આ ઉલ્લેખથી જણાશે કે વસ્તુપાલના સમયમાં તો સ્તંભનકપાર્શ્વનાથ મૂળ સ્થાન (સ્તંભનકપુર) માં જ વિરાજમાન હતા અને તેથી એ મહામાત્યે તે ગામમાં મંદિર બનાવ્યું હતું.

+ 'સત્યપુર' તે મારવાડમાં, ડીસા પ્રાંતમાં આવેલું હાલનું 'સાચોર' ગામ છે, તે છે. સાચોર ડીસા કૅંપથી વાયુકોણમાં ૨૦ ગાઉ ઉપર આવેલું છે. ' સત્યપુર ' નું પ્રાકૃતરૂપ 'સચ્ચઉર' થાય છે અને તેનુંજ અપભ્રષ્ટ 'સાચોર છે.

પ્રશસ્તિ સહિત કશ્મીરાવતાર શ્રીસરસ્વતીમૂર્તિ; એમ દેવકુલિકા ૪; ૨ જિન; અંબા, અવલોકન, શાંબ અને પ્રદ્યુમ્ન નામના એ ચાર શિખરોમાં શ્રીનેમિનાથદેવવિભૂષિત દેવકુલિકા ૪; પોતાના પિતામહ ઠ૦ શ્રીસોમ અને પિતા ઠ૦ શ્રીઆશરાજની અશ્વારુઢ મૂર્તિઓ ૨; ત્રણ સુંદર તોરણ; શ્રીનેમિનાથદેવ તથા પોતાના પૂર્વજ, અગ્રજ, (મ્હોટા ભાઈઓ), અનુજ (ન્હાના ભાઈ) અને પુત્ર આદિની મૂર્તિઓ સહિત મુખોદ્ઘાટનક સ્તંભ, અષ્ટાપદ મહાતીર્થ; ઈત્યાદિ અનેક કીર્તનોથી સુશોભિત અને શ્રીનેમિનાથદેવથી અલંકૃત એવા આ ઉજ્જયંત (ગિરનાર) મહાતીર્થ ઉપર, પોતાના માટે તથા પોતાની સ્વધર્મચારિણી પ્રાગ્વાટ જ્ઞાતીય ઠ૦ શ્રીકાન્હડ અને તેની સ્ત્રી ઠક્કુરાજ્ઞી રાણુની પુત્રી મહં. શ્રી લલિતાદેવીના પુણ્ય માટે, અજિતનાથ આદિ વીસ તીર્થકરોથી અલંકૃત શ્રીસમ્મેતમહાતીર્થાવતાર નામનો મંડપ સહિત આ અભિનવ પ્રાસાદ બનાવ્યો અને નાગેંદ્રગચ્છના ભટ્ટારક શ્રીમહેંદ્રસૂરિના શિષ્ય, શ્રીશાંતિસૂરિના શિષ્ય, શ્રીઆણંદસૂરિના શિષ્ય, શ્રીઅમરસૂરિના શિષ્ય, ભટ્ટારક શ્રીહરિભદ્રસૂરિના પટ્ટધર આચાર્ય શ્રીવિજયસેનસૂરિએ એની પ્રતિષ્ઠા કરી.

આટલી હકીકત ગદ્યભાગમાં આપ્યા પછી ગુર્જરેશ્વરપુરોહિત ઠ૦ સોમેશ્વરદેવના + રચેલાં ૯ પદ્યો આપેલાં છે. તેમાં વસ્તુપાલને કર્ણ અને બલિ જેવો દાનેશ્વરી તથા અસંખ્ય પૂર્તો * કરાવનારો અને તેજપાલને

+ સોમેશ્વરદેવ ચાલુક્યોનો કુલ ગુરૂ હતો. તે વસ્તુપાલનો ગાઢમિત્ર હતો. તેણે વસ્તુપાલની કીર્તિને અમર કરવા માટે " कीर्तिकौमुदी " નામનું ઉત્તમકાવ્ય બનાવ્યું છે. सुरथोत्सव, उल्लाघराघव, रामशतक આદિ બીજા પણ તેના કરેલા ગ્રંથો વિદ્વાનોમાં આદર પામેલા છે.

* વાવ, કૂવા, તળાવ, દેવમંદિર, સદાવ્રત અને આરામ વિગેરે બનાવવાં તે પૂર્ત કહેવાય છે.

वापीकूपतडागादिदेवतायतनानि च ।
अन्नप्रदानमारामः पूर्तमित्यभिधीयते ॥
(शब्दचिन्तामणिकोश, पृ० ८१९.)

ચિંતામણિ જેવો વર્ણવ્યો છે. આ પદ્યો પછી છેવટે બીજા ત્રણ શ્લોકો છે જેમાં, પહેલામાં લખ્યું છે કે– સ્તંભતીર્થ (ખંભાત) નિવાસી કાયસ્થ વાજડના પુત્ર જૈત્રસિંહે, આ પ્રશસ્તિ (શિલાપટ્ટ ઉપર) લખી છે. બીજામાં લખ્યું છે—સૂત્રધાર (સલાટ) બાહડના પુત્ર કુમારસિંહે, આને (ટાંકણા વડે) કોતરી છે. ત્રીજા શ્લોકમાં જણાવ્યું છે કે— ત્રણ જગત્‌ના સ્વામી એવા શ્રીનેમિનાથ અને તેમની શાસનસુરી દેવી અંબિકાના પ્રસાદથી, વસ્તુપાલના વંશને આ પ્રશસ્તિ સ્વસ્તિ કરનારી થાઓ.

એજ (દક્ષિણ બાજુના) મંદિરના દક્ષિણદ્વાર દરવાજા ઉપર આ લેખોમાંનો ૬ ઠો (નં. ૪૩) લેખ આવેલો છે. પ્રારંભમાં સંમેત-તીર્થની સ્તુતિવાળું પદ્ય આપ્યું છે. પછી ઉપરના લેખ પ્રમાણેજ ગદ્ય ભાગ છે. અંતના ૯ પદ્યો નાગેંદ્રગચ્છના ભટ્ટારક × ઉદયપ્રભસૂરિના કરેલાં છે અને તેમાં વસ્તુપાલનાં યશ, રૂપ, દાન, અને પુણ્ય વિગેરેનું વર્ણન કરવામાં આવ્યું છે. છેવટે પ્રશસ્તિ લખનાર અને કોતરનારના વિષયના તેના તેજ ત્રણ શ્લોકો આપેલા છે.

એજ દેવલના પૂર્વ બાજુના દ્વારની બારશીમાં ૫ મો (નં. ૪૩) લેખ આવેલો છે. પ્રારંભનો શ્લોક ઘણોખરો ઘસાઇ ગયેલો છે. ગદ્ય ભાગ ઉપર પ્રમાણેજ છે. ગદ્ય પછીના ૧૧ પદ્યો મલધારી * નરચંદ્રસૂરિના કરેલાં છે. તેમાં વસ્તુપાલના વિદ્યા, વિત્ત, ન્યાય, પરાક્રમ, દાન, વિવેક, ધર્મ અને કુટુંબનું વર્ણન છે. અંતિમ ત્રણ શ્લોકો તેજ છે.

મુખ્ય–એટલે મધ્યગત–મંદિરની જમણી બાજુએ–અર્થાત્ ઉત્તર તરફ–આવેલા મંદિરના પૂર્વ દ્વાર ઉપર, આ લેખોમાંનો ૪ થો (ચાલુ નં. ૪૧ વાળો) લેખ આવેલો છે. પ્રારંભના શ્લોકમાં, અષ્ટાપદતીર્થની

× ઉદયપ્રભસૂરિ વસ્તુપાલના પિતૃપક્ષના ધર્મગુરુ હતા.

* નરચંદ્રસૂરિ તેના માતૃપક્ષના ધર્મગુરુ હતા.

સ્તવના કરવામાં આવેલી છે. પછી ઉપરના લેખો પ્રમાણે જ ગદ્યભાગ આપેલો છે. પરંતુ, + સ્તંભતીર્થને વેલાકુલ(બંદર)નું વિશેષણ વધારેલું છે. તેમજ લલિતાદેવીને ઠેકાણે સોખૂકાનું નામ અને સંમેત શિખરના સ્થાને અષ્ટાપદનું નામ આપવામાં આવ્યું છે. ગદ્ય પછી ૧૩ પદ્યો આપેલાં છે, જે મલધારી નરેન્દ્રસૂરિના રચેલાં છે અને તેમાં વસ્તુપાલના, શૌર્ય, ધૈર્ય, દાન, બુદ્ધિ, વિદ્વત્તા, કવિત્વશક્તિ, કીર્તિ અને યશ આદિ ગુણો વર્ણવ્યા છે. પ્રશસ્તિ લખનાર અને કોતરનાર એના એ.

૯૫

એજ મંદિરના ઉત્તર દ્વાર ઉપરની શિલામાં ૩ જો (ચાલુ નં. ૪૦ વાળો) લેખ કોતરેલો છે. પ્રારંભના શ્લોકમાં, શિવાંગજ નેમિનાથ તીર્થંકરની સ્તુતિ કરેલી છે. આમાં છેલ્લા ૧૬ પદ્યો છે અને તે સોમેશ્વરદેવનાજ કરેલાં છે. તેમાં પણ વસ્તુપાલના પૂર્ત, દાન, પરાક્રમ, યશ, રૂપ અને ઉદારતા આદિ ગુણો વર્ણવ્યા છે. પ્રશસ્તિ લખનાર એનો એ. પણ, જૈત્રસિંહને બદલે જયંતસિંહ નામ–કે જે બંને એકજ છે–વાપર્યું છે. તથા તેના પિતાના નામ ઉપરાંત, પિતામહ, પ્રપિતામહ અને વૃદ્ધપ્રપિતામહનાં, વાલિગ, સહાજિગ, અને આનાક; એ નામ વિશેષ આપ્યાં છે. તેમજ પ્રશસ્તિ કોતરનાર, હરિમંડપ અને નંદીશ્વરનાં મંદિરો કરનાર સોમદેવનો પુત્ર બકુલસ્વામીસુત પુરૂષોત્તમ છે. તથા છેલ્લી પંક્તિમાં " મહામાત્ય શ્રીવસ્તુપાલની સ્ત્રી સોખૂકાનું આ ધર્મસ્થાન છે. " એટલું વિશેષ લખ્યું છે.

૯૬

એજ મંદિરના પશ્ચિમી દ્વાર ઉપર, આ લેખોમાંનો ૨ જો (ચાલુ નં. ૩૯ વાળો) લેખ આવેલો છે. પ્રારંભનો શ્લોક કિંચિત્ ખંડિત છે

+ મૂળ લેખોની નકલો પ્રથમ નિર્ણયસાગર પ્રેસની છપાવેલી પ્રાચીન લેખમાલામાંથી કરવામાં આવી હતી અને પાછળથી તેજ પ્રેસમાં આપી દેવામાં આવેલી હોવાથી આ લેખમાં ' स्तंभतीर्थे ' શબ્દ પછી ' वेलाकूल ' વિશેષણ છુટી ગયું છે. કારણ કે, તે પ્રાચીનલેખમાલામાં આપેલું નથી. માટે મૂળ લેખમાં આ વિશેષણ વધારીને વાંચવાની સૂચના છે.

અને તેમાં ઉજ્જયંત (ગિરનાર)ની સ્તવના કરેલી છે. ગદ્યપાઠ ઉપર પ્રમાણેજ. અંતિમ ૭ શ્લોકો નરચંદ્રસૂરિના રચેલા છે. તેમાં વસ્તુપાલના ધર્મ, દાન, લક્ષ્મી, સરસ્વતી, શાંતિ, તેજસ્વિતા, અપ્રતિમતા અને મંત્રિત્વ વિગેરેનું વર્ણન છે. શેષ સમગ્ર ઉપર પ્રમાણેજ છે.

(૪૪)

નંબર ૪૪ નો લેખ, ગોમુખના રસ્તાની પશ્ચિમે અને રાજુલ-વેજુલની ગુફાની પૂર્વ બાજુએ શિલાપટ્ટ ઉપર કોતરેલો છે.

પ્રથમ એક શ્લોક આપ્યો છે, તેમાં જણાવ્યું છે કે—ઉજ્જવલ અને કાંતિવાળા હારવડે જેમ કંઠ શોભે છે તેમ દેદીપ્યમાન એવા વસ્તુપાલના કરાવેલા વિહારો (મંદિરો) વડે આ ગિરનાર ગિરિરાજનો મધ્ય ભાગ વિરાજમાન્ છે. પછી ગદ્યપાઠ છે, અને તેમાં લખ્યું છે કે-વિક્રમ સં. ૧૨૮૯ ના આશ્વિન વદિ ૧૫ અને સોમવારના દિવસે, મહામાત્ય શ્રીવસ્તુપાલે પોતાના કલ્યાણ માટે, જેની પાછળ કપર્દિયક્ષનું મંદિર છે એવું શત્રુંજયાવતાર નામનું આદિનાથ ભગવાનનું મંદિર; તથા તેના અગ્રભાગમાં, વામપક્ષે (ડાબી બાજુએ), પોતાની સ્વધર્મચારિણી મહં૦ શ્રીલલિતાદેવીના પુણ્ય માટે, વીસ જિનવરોથી અલંકૃત એવું સંમેતશિખરાવતાર નામનું મંદિર; અને, તેમજ દક્ષિણ ભાગમાં (જમણી બાજુએ), પોતાની બીજી પત્ની મહં૦ શ્રીસોખુકાના શ્રેય સારૂ, ચોવીસ તીર્થંકરોથી ભૂષિત એવું અષ્ટાપદાવતાર નામનું મંદિર; આવી રીતે અપૂર્વ ઘાટ અને ઉત્તમ રચનાવાળા ચાર નવીન પ્રાસાદો બનાવ્યા છે.

(૪૫-૪૬.)

વસ્તુપાલના આ ત્રણ મંદિરોમાંના મધ્ય-મંદિરના મંડપમાં સામસામે બે મ્હોટા ગોખલા છે તેમાં ઉત્તર બાજુના ગોખલાના ઉપરના ભાગમાં નં. ૪૫ નો, અને દક્ષિણ બાજુના ગોખલા ઉપર નં. ૪૬ નો લેખ છે. પહેલામાં ઉલ્લેખ છે કે ' મહામાત્ય શ્રીવસ્તુપાલ અને (?)

મહં૦ શ્રીલલિતાદેવીની મૂર્તિ ' અને બીજામાં ' મહામાત્ય શ્રી વસ્તુપાલ અને (?) અને મહં૦ શ્રીસોખુની મૂર્તિ * ' છે.

(૪૭-૪૮)

ગિરનારના રસ્તામાં પહાડો ઉપર બે ઠેકાણે આ બંને શ્લોકો ખોદેલા છે અને તે નં. ૪૪ ના લેખના પ્રારંભમાં જે છે, તેજ છે.

*   *   *

આ લેખો ઉપરથી જણાશે કે, આ બધામાં વસ્તુપાલે ગિરનાર ઉપર જે જે ધર્મસ્થાનો કરાવ્યાં અથવા તેઓમાં જે જે કોતર કામો કરાવ્યાં, તેમનો સંક્ષેપમાં ઉલ્લેખ છે. લેખોક્ત વર્ણન સંક્ષિપ્ત હોવાથી અસ્પષ્ટ અને કેટલાકને પૂરેપૂરૂં નહિ સમજાય તેવું છે. તેથી એ વિષયમાં સ્પષ્ટ કથનની આવશ્યકતા છે. પંડિત જિનહર્ષ ગણિએ પોતાના વસ્તુપાલ ચરિત્ર ના, છઠ્ઠા પ્રસ્તાવમાં, ૬૯૧ ના શ્લોકથી તે ૭૨૯ સુધીના શ્લોકોમાં, વસ્તુપાલે ગિરનાર પર્વત ઉપર શું શું બનાવ્યું તેની સવિસ્તર નોંધ આપી છે અને તે આ લેખોની સાથે પૂરેપૂરી મળતી આવે છે. તેથી એ નોંધનો સાર અત્રે આપવો ઉપયોગી થઈ પડશે.

" ગિરનાર તીર્થપતિ શ્રીનેમિનાથના મંદિરના પાછળના ભાગમાં પોતાના કલ્યાણ માટે શત્રુંજયસ્વામી આદિનાથનો પ્રસાદ બનાવ્યો અને તેનું " વસ્તુપાલ વિહાર " એવું નામ આપ્યું. આના ઉપર સુવર્ણનું દેદિપ્યમાન કલશ સ્થાપન કર્યું અને સુંદર સ્ફટિક સમાન નિર્મલ પાષા-

---

* આ લેખની મતલબ એવી જણાય છે કે, આ બંને ગોખલાઓમાં વસ્તુપાલે પોતાની પ્રતિમાઓ સ્થાપન કરી હશે અને સાથે એકમાં પોતાની પ્રથમ પત્ની લલિતાદેવીની અને બીજામાં દ્વિતીય પત્ની સોખુકાની મૂર્તિ સ્થાપિત કરાવી હશે. આ ગોખલાઓમાં હાલ તે મૂર્તિઓ નથી પરંતુ આબુ ઉપરના તેજપાલના મંદિરમાં વસ્તુપાલ અને તેની બંને સ્ત્રીઓની મૂર્તિઓ સાથેજ સ્થાપન કરેલી વિદ્યમાન છે. આ મૂર્તિઓનું ચિત્ર ' ગાયકવાડ્સ્ ઓરીએન્ટલ સીરીઝ ' માં પ્રગટ થયેલા नरनारायणानन्द નામના વસ્તુપાલના રચેલા કાવ્યમાં પ્રકટ થયું છે.

ણુની ભગવાન્‌ની ભવ્યમૂર્તિ સ્થાપિત કરી. તે મૂર્તિની આસપાસ પોતાના પૂર્વજોના શ્રેય સારૂ અજિતનાથ અને વાસુપૂજ્ય તીર્થંકરની પ્રતિમાઓ વિરાજમાન કરી. એ મંદિરના મંડપમાં ઠ. ચંડપની મ્હોટી મૂર્તિ તથા અંબિકાદેવી અને મહાવીરજિનનાં બિંબો સ્થાપિત કર્યા. ગર્ભાગાર (મૂળ ગભારા) ના દ્વારની દક્ષિણ અને ઉત્તરની બાજુએ ક્રમથી પોતાની અને પોતાના ન્હાના ભાઈ તેજપાલની અશ્વારૂઢ મૂર્તિઓ બનાવી. એ મંદિરની ડાબી બાજુએ પોતાની પ્રથમ પત્ની લલિતા દેવીના પુણ્યાર્થે " સમ્મેતાવતાર " નામનું મંદિર બનાવ્યું અને તેમાં ૨૦ તીર્થંકરોની મૂર્તિઓ સ્થાપિત કરી. એમાં જ પોતાના બીજા પૂર્વજોની પણ મૂર્તિઓ વિરાજિત કરી. પોતાની બીજી સ્ત્રી સોખુકા (જિનહર્ષગણિએ પોતાના ચરિત્રમાં આનું નામ સંસ્કૃત કરી 'સૌખ્યલતા' એવું આપ્યું છે.)ના શ્રેય માટે, મૂળ મંદિરની જમણી બાજુએ " અષ્ટાપદાવતાર " નામનું મંદિર કરાવ્યું અને તેમાં ચોવીસે તીર્થંકરોનાં બિંબો સ્થાપ્યાં. તથા એમાં જ પોતાની માતા કુમારદેવી અને પોતાની ૭ બહેનો (જેમનાં નામો, આગળ આબુના લેખોમાં આપવામાં આવેલાં છે.)ની મૂર્તિઓ સ્થાપિત કરી. આ ત્રણે મંદિરોને સુંદર અને વિચિત્ર ત્રણ તોરણો કરાવ્યાં. 'વસ્તુપાલ વિહાર'–અર્થાત એ ત્રણે મંદિરોની મધ્યગાંના મંદિર–ની પાછળ, અનુત્તર વિમાન જેવું કપર્દિયક્ષનું મંદિર બનાવ્યું. તેમાં એ યક્ષની અને આદિનાથ ભગવાનની માતા મરૂદેવીની ગજારૂઢ (હાથી ઉપર ચઢેલી) મૂર્તિ વિરાજમાન કરી.

તીર્થપતિ નેમિનાથતીર્થંકરનું જે મંદિર છે તેના દક્ષિણ, પશ્ચિમ અને ઉત્તર એમ ત્રણે દિશાના દ્વારો ઉપર સુંદર તોરણો કરાવ્યાં. એજ ચૈત્યના (મંડપમાં ?) દક્ષિણ અને ઉત્તર બાજુએ, પોતાના પિતા અને પિતામહની અશ્વારૂઢ મૂર્તિઓ સ્થાપિત કરી. તથા, પોતાના માતા–પિતાના કલ્યાણાર્થે એજ ચૈત્યના મંડપમાં, અજિતનાથ અને શાંતિનાથની કાયોત્સર્ગસ્થ (ઉભી) પ્રતિમાઓ બનાવી. એ મંદિરના મંડપમાં સ્નાત્રોત્સવ કરતી વખતે સંકડામણ

થતી હતી તેથી તેના આગળ બીજું " ઇન્દ્ર " નામનું વિશાલ મંડપ બનાવ્યું.

એ મંદિરના અગ્રભાગમાં, પોતાના વંશજોની મૂર્તિઓ સહિત નેમિનાથ તીર્થંકરની મૂર્તિવાળો " મુખોદ્ઘાટનક "-(મુખનું ઉદ્ઘાટન કરનાર) નામનો સુંદર અને ઉન્નત સ્તંભ બનાવ્યો. ત્યાંજ ઠ૦ આશારાજ (પોતાના પિતા) ના પિતા અને પિતામહનું પણ અશ્વારુઢ મુર્તિયુગ્મ સ્થાપ્યું. વળી, ' પ્રપામહ ' (પરબડી ?) ની પાસે ત્રણ તીર્થંકરોની ત્રણ દેવકુલિકા (તે આ લેખોમાં જણાવ્યા પ્રમાણે શત્રુંજયાવતાર, સ્તંભનકાવતાર અને સત્યપુરાવતાર નામે) તથા, પ્રશસ્તિ સહિત સરસ્વતી દેવીની દેવકુલિકા, કે જેમાં પોતાના પૂર્વજોની પણ બે મૂર્ત્તિઓ હતી; એમ ચાર દેવકુલિકાઓ (દેહુરિઓ) બનાવી. નેમિનાથના મુખ્ય મંદિરના મંડપ ઉપર સુવર્ણકલશો સ્થાપ્યાં. અંબિકાના મંદિર આગળ એક મ્હોટું મંડપ બનાવ્યું તથા એક તીર્થંકરની દેવકુલિકા પણ ત્યાં બનાવી. આરાસણના ઉજ્જવલ આરસ-પાષાણનો અંબિકાદેવીની આસપાસનો પરિકર બનાવ્યો. એ અંબાવાળા શિખર ઉપર ઠ૦ ચંડપના કલ્યાણ માટે નેમિનાથની એક મૂર્તિ તથા એક ખુદ ચંડપની મૂર્તિ અને પોતાના ભાઈ મલ્લદેવની એક મૂર્તિ, એમ ત્રણ મૂર્તિઓ સ્થાપિત કરી. આવીજ રીતે, અવલોકન નામના શિખર ઉપર, ઠ૦ ચંડપ્રસાદના પુણ્ય માટે નેમિજિનની તથા ખુદ ઠ૦ ચંડપ્રસાદની અને પોતાની એમ ત્રણ મૂર્તિઓ સ્થાપી. પ્રદ્યુમ્ન નામના શિખરે પણ ઠ૦ સોમના શ્રેયાર્થે નેમિજિનની તથા ઠ૦ સોમ અને પોતાના ન્હાના ભાઈ તેજપાલની એમ ત્રણ પ્રતિમાઓ પ્રતિષ્ઠિત કરી. એજ પ્રમાણે શાંબશિખર ઉપર, ઠ૦ આશારાજના પુણ્યાર્થે નેમિજિનની અને ખુદ ઠ૦ આશારાજ તથા તેની સ્ત્રી કુમારદેવી (મંત્રીની માતા) ની, એમ ત્રણ આકૃતિઓ વિરાજિત કરી."

લેખોક્ત હકીકતનું આવી રીતે આ ચરિત્રોક્ત વર્ણનથી સ્પષ્ટી કરણ થાય છે. વર્તમાનમાં વસ્તુપાલના એ મન્દિરોમાં, ઉપરોક્ત કામમાંથી ઘણો ફેરફાર થઈ ગયેલો જોવાય છે. લેખોમાં જણાવેલી રચના ઘણી

ખરી નષ્ટભ્રષ્ટ થઈ ગઈ છે. વસ્તુપાલના કૌટુંબિકોની મૂર્તિઓ વિગેરે-માંનું આજે કશું દેખાતું નથી. અંબા અને અવલોકન આદિ શિખરો ઉપર જે દેવ કુલિકાઓ કરાવી હતી તે પણ કાલના કરાલ ગાલમાં ગર્ક થઈ ગયેલીઓ છે. નેમિનાથના મહાન્ મંદિર આગળ જે ' ઇન્દ્ર મંડપ ' અને ' મુખોદ્ઘાટનકસ્તંભ ' કરાવ્યો હતો તે પણ દ્રષ્ટિગોચર થતો નથી. ફક્ત શત્રુંજયાવતાર, સંમેતાવતાર, અષ્ટાપદાવતાર અને કપર્દિયક્ષવાળું એમ ૪ મૂળ મંદિરોજ આજે વિદ્યમાન છે અને તેને લોકો " વસ્તુપાલ-તેજપાલની ટુંક "ના નામે ઓળખે છે.

(૪૯)

નેમિનાથના મહાન મંદિરના ઉત્તર તરફના દરવાજા તરફ આવેલા ' ઘડીઘટુકા'ના મંદિરની અંદરના ન્હાના દરવાજા પાસેની દેવ-કુલિકાની દક્ષિણે આવેલી દિવાલ ઉપર નં. ૪૯ નો લેખ કોતરેલો છે.

મિતિ સં૦ ૧૨૨૫ ના ચૈત્ર સુદી ૮ રવિવાર, છે. એ દિવસે આ ઉજ્જયંત (ગિરનાર) પર્વત ઉપર, સંઘવિ ઠ૦ સાલવાહણની દેખરેખ નીચે સૂત્રધાર જસહડના પુત્ર સાવદેવે, જગતી (કોટ)ની સઘળી દેવકુલિકાઓના છાજા, કુવાલિ (?) અને સંવિરણી (?) પૂર્ણ કર્યાં. તથા ઠ૦ ભરથના પુત્ર ઠ૦ પંડિત સાલિવાહણે નાગઝરા નામના ઝરા (?)ની આસપાસ ચાર બિંબ યુક્ત કુંડ કરાવ્યો અને તેની અધિષ્ઠાત્રી અંબિકાદેવીની પ્રતિમા અને દેવકુલિકા કરાવી. ×

(૫૦-૫૧)

સુવાવડી પરબની પાસે ' ખબુતરી-ખાણ 'ના નામે ઓળખાતી જે ખાણ છે ત્યાં આગળ, પર્વતના રસ્તાની ઉત્તર બાજુની દિવાલ ઉપર આ નં. ૫૦ અને ૫૧ ના લેખો કોતરેલા જોવામાં આવે છે.

પહેલાની સાલ ૧૨૨૨ ની અને બીજાની ૨૩ ની છે. બંનેની મતલબ એકજ છે. શ્રીમાલજ્ઞાતિના મહં૦ શ્રીરાણિગના સુત મહં૦ શ્રીઆંબાકે પદ્યા (પાજ) કરાવી. એ કથન આ બંને લેખોમાં છે.

× આ લેખની પૂરેપૂરી મતલબ સ્પષ્ટ રીતે સમજાતી નથી.

આ લેખો સાથે સંબંધ ધરાવતો ઇતિહાસ આ પ્રમાણે છે—

ગુર્જરેશ્વર પરમાર્હત ચૌલુક્યનૃપતિ કુમારપાલ સંઘ સમેત શત્રુંજયની યાત્રા કરી ગિરનાર તીર્થ ઉપર ગયો હતો. તે વખતે પર્વત ઉપર ચઢવા માટે રસ્તો બાંધેલો ન હતો તેથી ચઢનારને બહુ પરિશ્રમ પડતો હતો. રાજા કુમારપાલદેવ એ કઠિનતાના લીધે પર્વત ઉપર ચઢી શક્યો નહિ અને તીર્થપતિ નેમિનાથના પવિત્ર દર્શન કરી શક્યો નહિ. આના લીધે તેના મનમાં બહુ ખેદ થયો. પછી તેણે એ કઠિનતાનું નિવારણ કરવા માટે પાજ બંધાવવાનો વિચાર કર્યો અને પોતાના સભાસદોને પૂછ્યું કે ' આ ગિરનાર પર્વત ઉપર ચઢવા માટે સુગમ પાજ કોણ બંધાવી શકે એમ છે?' ત્યારે મહાકવિ સિદ્ધપાલે, જણાવ્યું, કે–' મહારાજ ! ધર્મિષ્ઠ, નિષ્પક્ષ અને સદ્ગુણી એવો આ રાણિગનો પુત્ર આમ્ર (અસલ નામ આંબડ યા આંબાક) બંધાવી શકે તેમ છે. ' કુમારપાલે આમ્રની એ વિષયમાં યોગ્યતા જાણી તેને સૌરાષ્ટ્રનો અધિપતિ (સુબો) નીમ્યો અને પર્વતની પદ્યા (પાજ) બંધાવવાનો હુકમ આપ્યો. તદનુસાર આમ્રે કુશલતા પૂર્વક થોડાજ સમયમાં એ કાર્ય પૂર્ણ કર્યું અને તેના સ્મરણ માટે આ લેખો કોતરાવ્યા. આ વૃત્તાન્ત સોમપ્રભાચાર્યના કુમારપાલપ્રતિબોધ અથવા હેમકુમારચરિત માં છે કે જે સં. ૧૨૪૧ માં પૂર્ણ થયું છે.

(कुमारवालो) उज्जिंते नेमिजिणो न मए नमिओ त्ति झुरेइ ।
जंपइ सहानिसण्णो ' सुगमं पज्जं गिरिम्मि उज्जिंते को कारविउं सक्को ! '
तो भणिओ सिद्धवालेण–

प्रष्ठा वाग्मि प्रतिष्ठा जिनगुरुचरणाम्भोजभक्तिर्गरिष्ठा
श्रेष्ठाऽनुष्ठाननिष्ठा विषयसुखरसास्वादसक्तिस्त्वनिष्ठा ।
बंहिष्ठा त्यागलीला स्वमतपरमतालोचने यस्य काष्ठा
धीमानाम्रः स पद्यां रचयितुमचिरादुज्जयन्ते नदीष्णः ॥

'सूक्तं त्वयोक्तं' इत्युक्त्वा पद्यां कारयितुं नृपः पुत्रं श्रीराणिगस्याम्रं सुराष्ट्राधिपतिं व्यधात् ।

यां सोपानपरम्परापरिगतां विश्राममूमियुतां
स्रष्टुं विष्टपसृष्टिपुष्टमहिमा ब्रह्मापि जिह्मायितः ।
मन्दक्षीस्थविरार्भकादिसुगमां निर्वाणमार्गोपमां
पद्यामाम्रवचस्पतिर्मतिनिधिर्निर्मापयामास ताम् ॥

મહામાત્ય વસ્તુપાલના ધર્માચાર્ય શ્રીવિજયસેનસૂરિએ રેવંતગિરિરાસુ નામનો ગિરનાર પર્વત વિષયક એક રાસો બનાવ્યો છે કે જે પ્રાચીનગુર્જરકાવ્યસંગ્રહ નામના પુસ્તકમાં મુદ્રિત થયો છે. તેમાં જણાવ્યું છે, કે આ અંબડનો ભાઈ ધવલ હતો તેણે માર્ગમાં એક 'પરવ' (सं. प्रपा) બનાવી હતી.

दुविहि गुज्जरदेसे रिउरायविहंडणु,
कुमरपालु मूपालु जिणसासणमंडणु ।
तेण संठाविओ सुरठदंडाहिवो,
अंबओ सिरे सिरिमालकुलसंमवो ।
पाज सुविसाल तिणि नठिय,
अंतरे धवल पुणु परव मराविय ॥
धनु सु धवल माउ जिणि पाग पयासिय,
बारविसोत्तरवरसे जसु जसि दिसि वासिय ।

....

प्रभावकचरित्र માં, આ પદ્યા કરાવનાર વાગ્ભટ મંત્રી જણાવ્યો છે કે જે કુમારપાલનો મહામાત્ય અને ઉદયન મંત્રીનો પુત્ર હતો. *

* જુઓ, એ ચરિત્રમાનો છેલ્લો હેમચંદ્રસૂરિ પ્રબન્ધ.

दुरारोहं गिरिं पद्यामभावाद्दृष्ट्वा स वाग्भटम् ।
मंत्रिणं तद् विधानाय समादिक्षद् स तां दधौ ॥ ८४५ ॥

એજ કથનનું મેરૂતુંગાચાર્યે પણ પોતાના प्रबन्धचिन्तामणि ગ્રંથમાં અનુસરણ કર્યું છે અને વધારામાં ઉમેર્યું છે, કે એ પદ્યા બંધાવવામાં તેને ૬૩ લાખ રૂપિઆ ખર્ચ થયા હતા ×. પરંતુ, એ બંને કથન ભ્રમ ભરેલાં છે. કારણ કે પ્રથમ તો ખાસ એ લેખોમાંજ સ્પષ્ટ રીતે શ્રાણિગ પુત્ર અંબડ યા આમ્રનું નામ છે. અને બીજું, સાક્ષાત્ તે સમયમાં વિદ્યમાન એવા સોમપ્રભાચાર્યનું તથા તેજ શતાબ્દીના વિજયસેનસૂરિનું કથન પણ એ લેખોને પુષ્ટિ આપે છે. અનેક ગ્રંથોનું અવલોકન કરી કુમારપાલનું વિસ્તૃત અને કાંઇક વ્યવસ્થિત ચરિત્ર લખનાર પંદરમી સદીના જિનમંડનગણિએ પણ कुमारपालप्रबन्ध માં પદ્યા કરાવનાર શ્રાણિગ પુત્ર આમ્ર યા આંબદેવ જ જણાવ્યો છે. *

(૫૨)

નં. ૪૯ વાળો લેખ જ્યાં આગળ આવેલો છે ત્યાંજ આ નં. ૫૨ નો પણ લેખ આવેલો છે.

આ લેખ ખંડિત છે તેથી ભાવાર્થ સ્પષ્ટ જણાતો નથી, તેમજ ડૉ. બર્જેસની નકલમાં અને આ નકલમાં કેટલોક પાઠફેર પણ છે. આ સંગ્રહમાં આપેલા પાઠ પ્રમાણે એનો અર્થ એવો કાંઇક જણાય છે— શ્રીધનેશ્વરસૂરિ નામના આચાર્ય થયા જેઓ નીશીરભટ્ટના પુત્ર હતા. તેમના ચરણકમલમાં ભ્રમર સમાન ક્રીડા કરનાર ચંદ્રસૂરિ .... જેમણે આ રૈવત પર્વત ઉપર પ્રતિષ્ઠાદિક કાર્યો કર્યા. તથા તેમણે સંગાત (?) મહામાત્યના પૂછેલા પ્રશ્નોના ઉત્તરો આપ્યા હતા. તથા તેઓ

× नव्यपद्याकरणाय श्रीवाग्भटदेव आदिष्टः, पद्यानाः पद्म हेम कर्मकृतादि-परिलक्षाः । ' प्रबन्धचिन्तामणि, पृ० २३९ ।

* ततो गत्वा दुरारोहं गिरिं ... रुद्धपद्यना ।
सुराष्ट्रदण्डनाथेन श्रीमालिकुलदीपिना ॥
राजश्रीआम्बदेवेन जीर्णदुर्गनिवासिना ।
पद्यां सुगमतां नीता श्रीगिरौ स्वर्गमार्ग ॥
कुमारपालप्रबन्ध, पृ० १०५ ।

આ શ્લોક કૃષ્ણર્ષીય જયસિંહસૂરિના રચેલા કુ. ચ. માંથી લેવામાં આવેલા છે.

ચંડાદિ જનસમુદાય સહિત આ પર્વત ઉપર આવ્યા હતા. બર્જેસે પોતાની નકલની અંતે [૨ સં. ૧ (૨૭૬)] આ પ્રમાણે સાલના આંકડા આપ્યા છે અને તેના આધારે મ્હેં પણ સં. ૧૨૭૬ ની સાલ આપી છે. બર્જેસે निर्शारभट्टात्मजः ના ઠેકાણે श्रीशालिभद्र....પાઠ આપ્યો છે જે કદાચ ઠીક હોય તો તે નામ ધનેશ્વરના ગુરૂ યા શિષ્યનું પણ હોઈ શકે. પરંતુ એ બધું લેખની અપૂર્ણતાના લીધે અસ્પષ્ટજ છે.

(૫૩)

વસ્તુપાલના જે ત્રણ મદિરોનું વર્ણન ઉપરના લેખોમાં કરવામાં આવ્યું છે તેમાના મધ્ય મંદિરના મંડપમાં એક પાર્શ્વનાથની પ્રતિમા વિરાજમાન છે તેની બેઠકની નીચે આ નં. ૫૩ નો લેખ કોતરેલો છે. લેખનો અર્થ આ પ્રમાણે છે—

મિતિ સં. ૧૩૦૫ વર્ષના વૈશાખ શુદિ ૩ શનિવાર. શ્રીપત્તન (અણહિલપુર) નિવાસી શ્રીમાલજ્ઞાતીય ઠ૦ વા (ચા) હડના પુત્ર મહં૦ પદ્મસિંહના પુત્ર–ઠ૦ પથિમિદેવીના અંગજ, મહણસિંહના નાના ભાઈઓ શ્રીસામંતસિંહ તથા મહામાત્ય શ્રી સલખણસિંહ (સલક્ષ) એઓએ પોતાના માતાપિતાના શ્રેય સારૂ અત્ર (ગિરનાર ઉપર વસ્તુપાલના મંદિરમાં ?) શ્રીપાર્શ્વનાથનું બિંબ કરાવ્યું, જેની પ્રતિષ્ઠા બૃહદ્‌ગચ્છીય શ્રી પ્રદ્યુમ્નસૂરિના પટ્ટધર શ્રીમાનદેવસૂરિના શિષ્ય શ્રીજયાનંદસૂરિએ કરી છે.

આ લેખ મહત્ત્વનો છે. કારણ કે આમાં પ્રથમ પુરૂષ જે વાહડ અથવા ચાહડનું નામ આપ્યું છે તે સુપ્રસિદ્ધ મંત્રી ઉદયનનો પુત્ર હતો. આ લેખોક્ત વ્યક્તિઓ સાથે સંબંધ ધરાવતો એક શિલાલેખ, પોરબંદર રાજ્યમાં કાંટેલા નામના ગામમાં મહાકાલેશ્વરના મંદિરમાં આવેલો છે. એ લેખ ગુજરાત વર્નાક્યુલર સોસાયટી (અમદાબાદ) તરફથી પ્રકટ થતા બુદ્ધિપ્રકાશ નામના માસિક પત્રમાં–સન ૧૯૧૫ ના જાન્યુઆરી માસના અંકમાં (પુસ્તક ૬૨ મું, અંક ૧ લો) શ્રીયુત તનસુખરામ મનઃસુખરામ ત્રિપાઠી. બી. એ. એમણે પ્રગટ કર્યો છે. લેખાંતર્ગત

વર્ણન અને ઇતિહાસના સ્પષ્ટીકરણ માટે તેમણે એ લેખની સાથે કેટલુંક ઉપયોગી એવું ઐતિહાસિક વિવેચન પણ આપેલું છે. આ પ્રસ્તુત લેખમાં, તે લેખ વિશેષ ઉપયોગી હોવાથી, તેના વિદ્વાન્ લેખકના વક્તવ્ય સાથે અપેક્ષિત ભાગ અત્ર આપવો ઉચિત થઇ પડશે.

" આ લેખ (એક ફુટ નવ ઇંચ) ૧'-૯ " પહોળા, "૧ાા" લાંબા કાળા આનિટ પત્થર ઉપર કોતરેલો ભૂમિતલથી ૧'-૯ " ઉંચાઇ એ પૂર્વોક્ત મંદિરમાં ડાબી બાજુએ ગણપતિની મૂર્તિ નીચે છે. " અને બને બાજુએ ઉપડતી કીનારીઓ છે. " " તેથી છાપતી વખતે ('શાબંગ' લેતાં) સંકડાસ પડે છે. અને ખુણાનો ભાગ બહુજ મુશ્કેલીથી છપાય તેમ છે. " તેમાં અક્ષરોની ૧૭ પંક્તિઓ છે પ્રતિપંક્તિ અક્ષરો આશરે ૪૦-૪૫ છે. અક્ષરો સુંદર છે. (ગિ. વ.) "

" આ મુદ્રાપણમાં શ્લોક મધ્યે જ્યાં અંક આવે છે તે મૂલ લેખની પંક્તિના આરંભદર્શક છે. "

(લેખ.)

(१) ९० ॥ स्वस्तिगानस्तु दैत्यारिगुप्तो धर्ममहीरुहः ।
महेन्द्रादिपदं यस्य परिपाकोज्ज्वलं फलम् ॥ १ ॥
श्रीश्रीमाल कुले मंत्री प(२) वित्रीकृतभूतलः ।
उदयो नाम शीतांशुसितकीर्तिरजायत ॥ २ ॥
अंगभूरब्धिगंभीरस्ततः श्रीचाहडोऽभवत् ।
प(३)असिंहं कुलज्योति सुतरत्नमसूत यः ॥ ३ ॥
बभूव पद्मसिंहस्य गुरुभक्तस्य गेहिनी ।
प्रिया पृथिमदेवीति मैथिली(४)व रघुप्रभोः ॥ ॥ ४ ॥
तयोस्त्रयोऽभवन् पुत्राः पुत्रागगुरुवाग्मिनः ।
मिथः प्रीतिजुषां येषां न त्रिवर्गोपमेयता ॥ ५ ॥
ज्या(५)यान्महणसिंहोऽभूत् मल्लस्तु चानुजः ।
लेभे सामंतसिंहस्तु कनिष्ठज्येष्ठतां तयोः ॥ ६ ॥
श्रीवीसलमहीपालः श्री(६)मल्लकरांबुजम् ।

चक्रे सौराष्ट्रकरणस्वर्णमुद्रांशुभासुरम् ॥ ७ ॥
स लाटदेशाधिकृतः प्रभोस्तस्यैव शासनात् ।
दधौ दिव्यां (७) तनुं रैवात्यक्तमृतमयाकृतिः ॥ ८ ॥
श्रेयसे प्रेयसस्तस्य भ्रातुः सामंतमंत्रिणा ।
सलक्षनारायण इत्यस्यापि प्रतिमा हरेः (८) ॥ ९ ॥
रैवताचलचूले श्रीनेमिनिलयाग्रतः ।
प्रांशु प्रासादमस्यापि बिंबं पार्श्वजिनेशितुः ॥ १० ॥
यथा वीसलभूपा(९) लः सुराष्ट्राधिकृतं व्यधात् ।
सामंतसिंहसचिवं तथैवार्जुनभूपतिः ॥ ११ ॥
स जातु जलधेस्तीरे पथि द्वारवतीपतेः ।
शु(१०)श्राव रैवतीकुंडमिदं कालेन जर्जरम् ॥ १२ ॥
निजप्रभावर्वीजेऽस्मिन् पूर्वं हि किल रेवती ।
चिक्रीड सह कान्तेन वेलावनवि(११)हारिणी ॥ १३ ॥
अत एतन्महातीर्थं जननीश्रेयसेऽमुना ।
नवैरुपलसोपानैः सुधावापीसमं कृतम् ॥ १४ ॥
गणेशक्षेत्रपाला(१२)ख्यचंडिकामातृभिः समम् ।
कारितौ कृतिना चेह महेशजलशायिनौ ॥ १५ ॥
किं चात्र सच्चरित्रेण रैवतीबलदेवयोः ।
(१३) अस्यापि मूर्तियुगलं नवायतनपेशलम् ॥ १६ ॥
अकारि कूपकोप्यस्मिन्नखट्टमनोहरः ।
धयंति धेनवो यस्य नियानें (१४) तुं सुधासमम् ॥ १७ ॥
रैवतीग्रहमुज्झंति शिशवो यत्र मज्जनात् ।
तदेतदस्तु कल्पांतसाक्षि सामंतकीर्तनम् ॥ १८ ॥
ख(१५)नेत्रानलशीतांशुमिते विक्रमवत्सरे ।
ज्येष्ठे सितचतुर्थ्यां ज्ञे मूर्त्तमेतत्प्रतिष्ठितम् ॥ १९ ॥

प्रशस्तिमेतां सा(१६)मंतमंत्रिगोत्रस्य पूजितः ।
मोक्षार्कश्रीमतः सूनुश्चक्रे हरिहरः कविः ॥ २० ॥ छ ॥
मंगलं महाश्रीः ॥ छ ॥ (१७) संवत् १३२० वर्षे ज्येष्ठसुदि ४ वुधे ॥ प्रतिष्ठा ॥ छ ॥

(ભાષાંતર.)

(૧) દૈત્યોના શત્રુ (વિષ્ણુ) થી રક્ષાયલો ધર્મરૂપ વૃક્ષ, જેના પરિપાકનું ઉજ્જવલ ફલ મહેન્દ્ર આદિનું પદ (સ્વર્ગ) છે તે, 'સ્વસ્તિ' (કલ્યાણ) વાળો થાઓ.

(૨) શ્રીશ્રીમાલકુલમાં, ભૂતલ જેણે પવિત્ર કર્યું છે અને ચંદ્ર સમાન કીર્તિ છે જેની એવો 'ઉદય' નામે મંત્રી થયો.

(૩) તેનાથી સમુદ્રતુલ્ય ગંભીર શ્રી'ચાહડ' પુત્ર થયો, જેણે કુલને દીપાવનાર એવા 'પદ્મસિંહ' નામે પુત્રરત્નને જન્મ આપ્યો.

(૪) ગુરૂઓમાં (વડીલો તથા ધર્મબોધકોમાં) ભક્તિમાન્ પદ્મસિંહની 'પૃથિમદેવી' નામે રામચંદ્રની મૈથિલી (સીતા) તુલ્ય પ્રિય ગૃહિણી હતી.

(૫) દેવોના ગુરૂ (બૃહસ્પતિ) તુલ્ય વાગ્મી (પટુ, કુશલ) એવા તેઓને ત્રણ પુત્ર થયા, જેઓ પરસ્પર પ્રીતિયુકત હોતાં તેઓ (ધર્મ, અર્થ, કામ એ) ત્રિવર્ગના ઉપમેય થઇ શકતા નથી. (કારણ ધર્માદિઓનો તો પરસ્પરમાં વિરોધ પ્રસિદ્ધ છે.)

(૬) તેઓમાં જયેષ્ઠ 'મહણસિંહ,' અને કનિષ્ઠ (સઉથી નાનો) 'સલક્ષ' હતો. અને 'સામંતસિંહ' તો તેઓનો કનિષ્ઠ અને જયેષ્ઠ (અર્થાત મધ્યમ-વચલો) થયો હતો.

(૭) શ્રીવીસલ રાજાએ 'સલક્ષ'ના હસ્તરૂપી કમલને સૌરાષ્ટ્ર (દેશ) ની કરણ (રાજ્યકાર્ય) ની સ્વર્ણમુદ્રા (સોનાનો બનાવેલો સિક્કો) ના કિરણથી તેજસ્વી કર્યું. (અર્થાત તેને સૌરાષ્ટ્રદેશનો સ્વપ્રતિનિધિરૂપ રાજ્યાધિકારી સ્થાપ્યો.)

(૮) તે જ પ્રભુના (અર્થાત્ વીસલદેવના) શાસનથી (લિખિત આજ્ઞાથી) લાટદેશ (ભરૂચના પ્રદેશ) ના અધિકારને પામેલો તે નર્મદા તીરે ભૂનમય આકૃતિને (સ્થુલદેહને) ત્યાગીને દિવ્ય શરીરને પામ્યો. (અર્થાત નર્મદા તીરે મૃત્યુ પામ્યો.)

(૯) તે પ્રિયભાઇના શ્રેય (કલ્યાણ) સારૂ ' સામંત (સિંહ) મંત્રી ' એ ' સલક્ષ નારાયણ ' નામે હરિ (વિષ્ણુ) ની પ્રતિમા સ્થાપી.

(૧૦) અને રૈવતાચલ (ગિરિનાર) ના શિખર ઉપર નેમિનાથના મંદિર પાસે એક ઉચ્ચ પ્રાસાદ અને પાર્શ્વનાથનું બિંબ (પ્રતિમા)સ્થાપ્યાં.

(૧૧) જેમ વીસલદેવે સામંતસિંહ સચિવ (મંત્રી) ને સુરાષ્ટ્રનો અધિકાર સોંપ્યો હતો, તેમજ અર્જુન (દેવ) રાજાએ પણ સોંપ્યો.

(૧૨) કોઇ એકવારે તેણે, સમુદ્રતીરે દ્વારકાપતિના માર્ગમાં આ રૈવતી કુંડ કાલે કરી જર્જર (જીર્ણ) થયો છે એમ સાંભળ્યું.

(૧૩) પૂર્વે 'વેલાવન'માં વિહાર કરનારી 'રૈવતી' પોતાના પ્રભાવથી ઉત્પન્ન આ કુંડમાં પોતાના કાંત (બલદેવ) સાથે ક્રીડા કરતી હતી.

(૧૪) એથી આ મહાતીર્થ, એણે પોતાની માતાના શ્રેયાર્થે નવાં પત્થરનાં પગથીઆંથી (તે બંધાવી), દેવોની વાવ સમાન કર્યું.

(૧૫) અને તે કૃતી (ધન્ય પુરૂષ) એ અહિં ગણેશ, ક્ષેત્રપાલ, સૂર્ય, અને ચંડિકાદિ (નવ) માતાઓ સહિત મહાદેવ અને જલશાયી (વિષ્ણુ) કરાવ્યા.

(૧૬) અને વળી તે સારા ચરિત્રવાળાએ નવા મંદિરથી સુંદર એવી રૈવતી અને બલદેવની બે મૂર્તિઓ સ્થાપી.

(૧૭)વળી અરઘટ્ટ (પાણીનો રેંટ) થી મનોહર એવો કુવો પણ કરાવ્યો. જેના નિપાન (અવેડા)માં અમૃત તુલ્ય પાણીને ગાયો પીએ છે.

(૧૮) ત્યાં મજ્જન (સ્નાન) કરવાથી બાલકો રૈવતી (નામે શિશુ-પીડક) ગ્રહથી મુક્ત થાય છે,

તે આ સામંત(સિંહ)નું કીર્તન (મંદિર) કલ્પના અંત સુધી રહો.

(**કીર્તન**–નો અર્થ મંદિર થાય છે, સરખાવો—कीर्तिः क्षितौ तनुमतीरिव कीर्तनानि, कर्तुं समारभत मंत्रिशिरोवतंसः । सुकृतसंकीर्तन–११।१).

(૧૯) વિક્રમના વર્ષ ૧૩૨૦ જ્યેષ્ઠ સુદિ ૪ બુધવારે આ મૂર્તિમત્ (બંધાવેલું તે)પ્રતિષ્ઠિત (પ્રતિષ્ઠા કરાઇ) થયું.

(૨૦) સામંત મંત્રીના ગોત્રે (કુલ–વંશે) પૂજાયલા, એવા બુદ્ધિમાન્ મોક્ષાર્ક (મોક્ષાદિત્ય) ના પુત્ર હરિહર કવિએ આ પ્રશસ્તિ રચી.

મંગલ. મહાશ્રી. સંવત્ ૧૩૨૦ વર્ષે જ્યેષ્ઠ સુદિ ૪ બુધે પ્રતિષ્ઠા. "

* * *

એ લેખના ' ઐતિહાસિક વિવેચન ' માંથી આ સંગ્રહવાળા પ્રસ્તુત લેખમાં અપેક્ષિત વર્ણનનું અત્ર અવતરણ કરવામાં આવે છે.

" (શ્લોક-૧) મંદિર સ્થાપક જૈન હોવાથી પ્રસ્તુત મંગલમાં દેવ-વિશેષનો ઉલ્લેખ ન કરતાં સામાન્યતઃ 'ધર્મ'નું કલ્યાણ કવિએ ઇચ્છયું છે; એમ પ્રતીતિ થાય છે. સત્ ધર્મનું ફલ સ્વર્ગપ્રાપ્તિ છે.

ઉદય (ન) મંત્રી—એ હેમચંદ્ર તથા કુમારપાલ સાથે નિકટ સબંધથી અતિ પ્રસિદ્ધ છે. એ ધર્મે જૈન અને જ્ઞાતિએ શ્રીમાલી વાણીઓ * હતો. એનું વૃત્તાંત ગુજરાતી રાસમાલામાં (આવૃત્તિ ૨) ભાગ ૧ પૃ. ૧૫૪-૫ ના ટિપ્પનમાં તથા પૃ. ૨૪૮-૨૮૪-૨૮૫ માં સંગૃહીત છે.

લેખો આદિ ઉપરથી અાગત થાય છે કે એ કોઈપણ સમયે ગુજરાતના મહામાત્ય (પ્રધાન-Minister) પદને પામ્યો ન હતો. પણ મંત્રી (Councillor) પદ પામ્યોહતો. ‡

---

* 'વાણીઆ' નું ગ્રામ્ય વિશેષણ આપી લેખકનો આશય તેને આજકાલના નિર્બલ અને નિઃસત્વ 'વાણીઆ' જેવો તો જણાવવાનો નહિ જ હશે. કારણકે તેનું જીવન એક મહાન્ શૂરવીર ક્ષત્રિય યોદ્ધા જેવું ઉજ્જવલ હોવાનું જગજાહેર છે. છતાં આ વિદ્વાન્ લેખકનો આશિષ્ટ શબ્દ પ્રયોગ, તેને જાણે કોઇ પ્રાકૃતજન જેવો આપણને જણાવતો હોય તેવો ભાસ કરાવે છે. કદાચ ધર્મ ભેદ તો આમાં કારણ નહિ હોય?-સંગ્રાહક.

‡ કૃષ્ણર્ષિ જયસિંહસૂરિના કુમારપાલચરિત માં કથન છે કે-

निजोपकारकं कृत्वोदयनं मंत्रिपुंगवम् ।

अमात्यं तत्सुतं चक्रे वाग्भटं स प्रभोद्भटम् ॥

-तृतीयसर्ग, श्लोक ४७६ ।

અર્થાત્—કુમારપાલે, પોતાનો ઉપકારી જાણી ઉદયનને મંત્રિપુંગવ (મહામાત્ય) બનાવ્યો અને તીવ્રબુદ્ધિમાન્ એવા તેના પુત્ર વાગ્ભટને અમાત્ય બનાવ્યો. આજ પ્રમાણે જિનમંડનના कुमारपालप्रबन्ध માં પણ જણાવ્યું છે કે- ' राजनीतिविदा राज्ञा पूर्वोपकारकर्त्रे उदयनाय महामात्यपदं दत्तं । तत्पुत्रो वाग्भटः सकलराजकार्यव्यापारेषु व्यापारितः । -पृष्ठ ३४ । (અર્થાત્ રાજનીતિના જાણકાર રાજાએ (કુમારપાલે) પૂર્વાવસ્થામાં ઉપકાર કરનાર ઉદયનને 'મહામાત્ય' પદ આપ્યું. તેના પુત્ર વાગ્ભટને સકલરાજકાર્યોમાં અધિકારી બનાવ્યો.) આ ઉલ્લેખો ઉપરથી જણાય છે કે ઉદયનને કુમારપાલે મહામાત્ય તો બનાવ્યો હતો. પરંતુ તે વખતે, તે વૃદ્ધ થયેલો હોવાથી આવી પાકી ઉમરે રાજ્યતંત્રની મહાન્ ચિંતામાં વિશેષ ગુંચવાઈન પડતાં પોતાના આત્મસાધન તરફ લક્ષ્ય રાખતો હતો. આથી નૃપદત્ત એ મહાન્ પદનો બધો ભાર તેણે પોતાના મ્હોટા અને વિદ્વાન્ પુત્ર વાગ્ભટ ઉપર મૂક્યો હતો. મહામાત્ય પદ પામ્યા પછી પાંચ સાતજ વર્ષ તે જીવિત રહયો હતો અને અંતે સોરાષ્ટ્રના એક મંડલિક સાથેની લડાઈમાં મૃત્યુ પામ્યો હતો. તેના મરણ પછી તેનું (મહામાત્ય) પદ વાગ્ભટને આપવામાં આવ્યું હતુ અને કુમારપાલના અંત સુધી તે એ પદ ઉપર પ્રતિષ્ઠિત રહ્યો હતો-સંગ્રાહક.

કર્ણના સમયમાં શ્રીમાલ (ભિન્નમાલ) થી તે પ્રથમ ગુજરાતમાં વ્યાપાર સારૂ આવ્યો. સિદ્ધરાજે તેને સ્તંભતીર્થ (ખંભાત) નો અધિકારી નિયમ્યો હતો. કુમારપાલ જ્યારે સિદ્ધરાજથી નાસતો રહેતો હતો ત્યારે મંત્રી ઉદયન પાસે ગયો હતો અને પાથેય (ભાથું) માગ્યું હતું પણ રાજભયથી તેણે આપ્યું ન હતું. પરંતુ હેમચંદ્રે (જેના પિતાએ ઉદયનની પ્રેરણાથી તેને સાધુ થવા દીધો હતો અને જે ઉદયનનો આશ્રિત (?) હતો.) તેને કુમારપાલ ભવિષ્યમાં રાજા થશે એ વચન કહેવાથી તેણે પાથેયાદિ આપી જવા દીધો. (પ્રભાવક ચરિત.) ઝિંઝુવાડાના પ્રાચીન કિલ્લાના કેટલાક ભાગમાં મહં૦ શ્રી ઉદલ એમ અક્ષરો છે, તે દર્શાવે છે કે તેની અધ્યક્ષતાએ તે બંધાયો હશે. (રાસમાલા ભા. ૧, પૃ૦ ૩૭૯) કુમારપાલ રાજા થયો ત્યારે તેણે તેના બદલામાં ઉદયનના પુત્ર વાહડને (મહાકવિ વાગ્ભટ વા વાગ્ભટ્ટ) મહામાત્ય પદ આપ્યું. (કુમારપાલ ચરિત.) સંવત ૧૨૧૩ ના એક લેખમાં એ વાત સ્પષ્ટ છે.

કુમારપાલે ઉદયનને સૌરાષ્ટ્ર જીતવા મોકલ્યો હતો, ત્યાં તે આશરે સં. ૧૨૦૫ (કે ૧૨૦૮) માં જીવિતાંત પામ્યો.

(શ્લોક ૩) ચાહડ—એ ઉદયનનો તૃતીય પુત્ર હતો. (૧) (મહાકવિ-મહામાત્ય) વાહડ (વાગ્ભટ વા વાગ્ભટ્ટ). (૨) (રાજપિતામહ-રાજસંહાર (પ્ર૦ ચિં.) આંબડ (આમ્રભટ્ટ). (૩) (રાજઘરટ્ટ (પ્ર૦ ચિં.) ચાહડ (પાઠભેદે-બાહડ—આહડ-વા આસ્થડદેવ) અને (૪) (સત્રાગાર) સોલ્લાક.

અત્ર આ અવધેય છે કે પ્રાચીન લિપિમાં च અને व બહુ સમાન લખાતા અને તેથી કેટલીકવાર પ્રતિકૃતિ કરનારા અને બહુવાર અપરિચિત વાચકો તેથી ઉભય મધ્યે ભ્રમમાં પડી જતા. એ કારણથી પ્રબંધચિંતામણિ આદિ ગ્રંથોમાં અને તેને અનુસાર રાસમાલા આદિમાં ઉભયનાં નામ અને તેથી તેમનાં ચરિતોમાં બહુ ભ્રમ અને મિશ્રણ થઇ ગયાં જણાય છે.

સં. ૧૩૦૫ ના ગિરિનાર ઉપરના એક મુદ્રિત લેખમાં (જેના જ વિષયમાં આ અવતરણ કરવામાં આવ્યું છે અને જેનો અર્થ ઉપર લખાઇ ગયો છે) પદ્મસિંહના પિતાનું નામ વાહડ મુદ્રિત થયું છે, પણ પ્રસ્તુત (આ મહાકાલેશ્વરવાળા લેખના) સુપ્રતિબિંબમાં चाहड એમ સ્પષ્ટ છે.

'હિસ્ટ્રી ઓફ ગુજરાત' માં (પૃ. ૧૫૦) ઉદયનને પાંચ પુત્રો હતા એમ લખ્યું છે, તે ચાહડ અને આહડને ભ્રમથી ભિન્ન ગણી લખાયું છે.

વસ્તુત: ઉદયનના પુત્રોમાં વાહડ અને આંબડ અધિક પ્રતાપી હતા. વિસ્તાર ભયથી અને પ્રકૃતમાં કંઇક અપ્રસ્તુત હોવાથી અત્રે તેઓના ચરિતનો અવતાર કર્યો નથી.

ચાહડ અને સોલ્લાકે રાજ્યકાર્યમાં બહુ ભાગ લીધો જણાતો નથી.

કુમારપાલના ચોહાણરાજ અર્ણોરાજ (આનાક) સાથે યુદ્ધમાં (સં. ૧૨૦૦-૨ ની પૂર્વ) ઉદયન પુત્ર વાહડ આનાકના પક્ષમાં ગયાનો સવિસ્તર ઉલ્લેખ છે. (સં. પ્ર. ચિં. પૃ૦ ૧૯૭ ગુ. રાસમાલા પૃ૦ ૨૫૩-૩) પરંતુ એ સર્વ ભ્રાંતિમૂલક છે, એમ ભાસે છે. એ કૃત્ય અપર એક 'ચાહડકુમાર'નું હતું જે ઉદયનપુત્રથી ભિન્ન છે. મૂલે દ્વ્યાશ્રયમાં (સર્ગ ૧૬, શ્લોક ૧૪) ચાહડ એમજ પાઠ છે. પ્ર. ચતુર્વિંશતિમાં કુમારપાલ પ્રબંધમાં લખે છે કે—

श्रीजयसिंहदेवविपन्ने ३० दिनानि पादुकाभ्यां राज्यं कृतं। मालवीयराजपुत्रेण चाहडकुमारेण राज्यं प्रधानपार्श्वे याचितं। प्रधानैस्तु परवंश्यत्वान्न दत्तं। ततो रुष्टः चाहड आनासेवकः संजातः। स भगदत्तवन्मात्रधुर्यः।

શ્રી જયસિંહદેવ મૃત્યુવશ થયા પછી (કુમારપાલ આવતા સુધી) ૩૦ દિન પાદુકાએ (પાવડીઓએ) રાજ્ય કર્યું. માલવદેશના રાજપુત્ર ચાહડ કુમારે (ગુજરાતનું) રાજ્ય પ્રધાનો પાસે માગ્યું. પણ પ્રધાનોએ તે પારકા વંશનો (અર્થાત્ પરમારવંશનો) હોવાથી આપ્યું નહિ. તેથી રોષ પામી ચાહડ (શાકંભરીના રાજા) આનાનો સેવક થયો. તે (મહાભારતના હસ્તિ યુદ્ધ પ્રવીણ) ભગદત્ત રાજાની તુલ્ય હસ્તિવિદ્યામાં પ્રવીણ હતો, ઇત્યાદિ. દ્વ્યાશ્રયકર્તા પણ ચાહડના હસ્તિશાસ્ત્રના જ્ઞાનને ઉલ્લેખે છે. એ ઉપરથી ગમ્ય થાય છે કે એ ચાહડ સિદ્ધરાજનો કોઈ સંબંધી અને પ્રીતિપાત્ર હશે †. અને તેથીજ તેણે ગુજરાતના રાજ્ય સારૂ પ્રયત્ન કરેલો, અને

---

† પ્રભાવક ચરિતમાં આનું નામ ચારભટ લખ્યું છે. (જયસિંહસૂરિના કુમારપાલ ચરિત માં અને જિનમંડનના કુમારપાલપ્રબન્ધમાં ચારભટ મળે છે.) જે પ્રાકૃત ચાહડનું જ સંસ્કૃત રૂપ કરવામાં આવ્યું હશે આ નામ સામ્યથી પ્ર. ચિં. કાર ભ્રમમાં પડી ચારુભટનું વૃત્ત ઉદયન પુત્ર ચાહડની સાથે જોડી દીધું લાગે છે.

તેમાં જય ન મળવાથી તેણે કુમારપાલના વિરોધીનો આશ્રય લીધેલો. **એવું દુશ્ચરિત કોઇ પણ ઉદયન પુત્રમાં સંભવી શકતું નથી.** તેથી અત્ર પ્ર. ચિં. નો લેખ એ ભિન્ન ચાહડ એક માની લેવાના ભ્રમથી થયો છે. તત્ર વાહડને ' श्रीसिद्धराजस्य प्रतिपन्नपुत्रः ' લખે છે. તે (Godson) પદવી માલવીય રાજકુમાર ચાહડની સંભવી શકે.

ભિલસા કને ઉદયપુરના એક મંદિરના લેખમાં સં. ૧૨૨૨ માં ઠક્કુર ચાહડે રંગારિકા (ભુક્તિ. District.)માં સાંગવાડ ગામનું અર્ધદાન કર્યાનું છે. તે પણ આજ રાજકુમાર ચાહડ સંભવી શકે, કે જેને પાછળથી કુમારપાલે નવીન જીતેલા માલવદેશનો કંઇક ભાગ મંડલીક બનાવી આપ્યો હોય.

મુદ્રિત પ્ર. ચિં. (પૃ૦ ૨૪૦) માં વાગ્ભટના નાનાભાઈ વાહડને સેનાપતિ કરી સાંભર જીતવા મોકલ્યાનું અને તેણે બંબેરા (ભંબેરી-પ્ર. ચ.) નગર જીત્યું આદિ વૃત્ત છે. ત્યાં ' હિસ્ટ્રી ઓફ ગુજરાત 'માં ' ચાહડ ' અને ' બાબરા નગર ' એમ પાઠ છે, તેમાં દ્વિતીય અશુદ્ધ છે. પ્રથમ સંદિગ્ધ છે. ' હિસ્ટ્રી ઓફ ગુજરાત 'ના કર્તાએ વાગ્ભટ એજ વાહડ છે તેથી તથા ચ, વ નો ભ્રમ થયો હશે એમ માની એ ચરિત ' ચાહડ 'નું લખ્યું છે. તેટલા અંશમાં એ શુદ્ધ ભાસે છે.

× × × × ×

આ ચાહડનું સવિસ્તર વૃત્ત ગુ. રાસમાલા ભા. ૧ પૃ૦ ૨૮૬–૨૮૭ ટિપ્પનમાં છે. ત્યાં જિજ્ઞાસુએ જોઇ લેવું.

' પ્રભાવક ચરિત્ર ' તથા ' કુમારપાલ પ્રબન્ધ 'માં તો એને જુદોજ લખવામાં આવ્યો છે. પ્ર. ચ. કાર એને સિદ્ધરાજનો પુત્રક (સ્વીકૃત પુત્ર–પાલિત) જણાવે છે.

तथा चाहडः श्रीमत्सिद्धराजस्य पुत्रकः ।

આજ પ્રમાણે જયસિંહસૂરિના કુ. ચ. માં છે.

सिद्धचक्रवर्तिपुत्रोऽथ भटश्चाहडो बली ।
चौलुक्याज्ञामवज्ञाय मेजेऽर्णोराजभूभुजम् ॥

-तृतीयसर्ग, श्लोक ५१९ ।

આના સંબંધમાં વિશેષ જાણવા માટે જુઓ પ્ર. ચ. શ્લો. ૫૪૬–૫૫૫.

—સંગ્રાહક.

આ (ગિરનાર વાળા) લેખને (ઉપર લિખિત)... મહાકાલના મંદિરનો નવો લેખ ઉદયનવંશ સંબંધમાં પૂર્ણ પુષ્ટિ આપે છે, અને પદ્મસિંહનો દેહાંત સં. ૧૩૦૫ પહેલાં થયાનું સૂચવે છે. કાંટેલાના લેખમાં સ્પષ્ટાક્ષરે ચાહડ પાઠ છે તેથી અત્ર મૂલમાં તેમજ હશે એમ અનુમાનાય છે.

(શ્લો. ૬) પદ્મસિંહના અત્ર (કાંટેલા વાળા લેખમાં) ત્રણ પુત્રો ગણાવ્યા છે. પરંતુ ગિરનાર ઉપર હાથીપગલે જવાના માર્ગ ઉપર ડાબી બાજુએ એક દક્ષિણાભિમુખ મંદિરમાં લેખ છે, તેમાં આ વંશનું વિસ્તારથી વર્ણન છે, તેમાં ચાર પુત્રો ગણાવ્યા છે. તેથી એ લેખ જેનો મૂલમાં સંવત્ નથી તે કાંટેલા લેખ સમય પછી એટલે સં. ૧૩૨૦ પછીનો હોવાનું અનુમાની શકાય. એ લેખ ઘણો ઘસાઈ ગયો છે. તેથી કેટલોક ઉપયોગી વૃત્તાંત નષ્ટ થયો છે. (એનું ઇંગ્લિશ ભાષાંતર બહુ ભૂલ ભરેલું છે.) એ લેખ ઉપરથી ઉદયન વંશ સંબંધમાં નીચે પ્રમાણે ગમ્ય થાય છે.

ચાહડ (?) ને સાત પુત્ર હતા-(૧) કુમારસિંહ, જે કુમારપાલનો કોષ્ઠાગારાધિકારી (કોઠારી) હતો. (૨) જગતસિંહ (૩) પદ્મસિંહ (૪) જયંત (૫) પાનાક (૬) ધીણિગ (૭) (નામ અસ્પષ્ટ છે). પ્રસ્તુત લેખના ૮ માં શ્લોકમાં (૩) પદ્મસિંહને બિં (બી ?) દેવીથી (૧) મહણસિંહ (૨) સામંતસિંહ. (મુદ્રિત લેખમાં સમરસિંહ છે.) (૩) સલક્ષ અને (૪) તેજ એ ચાર પુત્ર અને સૂમલાદિ બે પુત્રી હતી એમ લખ્યું છે. અને બિં(બી) દેવી એ પૃથિમદેવીને સ્થલે પાઠકનો ભ્રમ જણાય છે.

સલક્ષ (પ્રા. સલખણ) (કાંટેલા વાળા).... લેખથી જણાય છે કે વીસલદેવે પ્રથમ તેને સોરાષ્ટ્ર (કાઠિયાવાડનો મોટો ભાગ) નો અધિકારી કર્યો હતો અને પછી લાટ (ભરૂચ આદિ) દેશનો અધિકારી બનાવ્યો હતો, જ્યાં તેનો દેહાંત થયો હતો. (જે મહાકાલ લેખના એટલે સં, ૧૩૨૦ પૂર્વે થયેલો.) સપ્તમ શ્લોકના ભાવ જોડે સરખાવો—કીર્તિકૌમુદી. ૪-૧૯

स्वामिना सत्प्रसादेन पाणिर्यद्यपि मुद्रितः ।

(આ ગિરનારવાળા)..... સં. ૧૩૦૫ ના લેખમાં સલખણસિંહને મહામાત્ય લખ્યો છે. ને... (કાંટેલાના) સં. ૧૩૨૦ ના લેખમાં સુરાષ્ટ્રાધિકારી લખ્યો

છે, એ કંઈક વિરોધ યુક્ત લાગે છે. ¶ સં. ૧૨૯૭-૮ માં નાગર બ્રાહ્મણ નાગડ મહામાત્ય હતો અને સં. ૧૩૨૦ માં માલદેવ હતો. મધ્યમાં બીજાઓ અમાત્ય થયા હશે પણ તે અદ્યાપિ જ્ઞાત થયા નથી."

* * *

ઉપર જે ગિરનાર પર્વત ઉપર હાથી પગલે જવાના માર્ગવાળા લેખનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, તે લેખ, ગિરનારના લેખોવાળા ઉક્ત પુસ્તકમાં આપેલો છે, પરંતુ તે બહુજ ખંડિત અને અશુદ્ધ હોવાથી મ્હેં આ સંગ્રહમાં લીધો નથી. પરંતુ, ઉદયનના વંશ સંબંધી વૃત્ત જાણવાની ઇચ્છાવાળાને તે કેટલીક રીતે ઉપયોગી અવશ્ય થઈ પડે છે. તેથી તે મૂલ માત્ર જેવી રીતે એ પુસ્તકમાં આવેલો છે તેજ પ્રમાણે અત્ર આપવામાં આવે છે.

.......प्रभो मानं बभा

........प्रसमदुपलब्धपरि

.......[श्री] मालवंशमणिरुज्ज्वलकीर्ति

........प्रभुरजायतावस्योदयन इत्यर्द्धिसं

.......कुहडनामधेयः ॥ श्रेयःपदं मंत्रिविभुर्बभूव

........डक्ता सधर्मिणी निर्मलधर्मयुक्ता ॥४॥ त-
योः ससां....मदोद्गमाः ॥ अजायत सुताः सप्त गोत्रोद्धारकुलाचलाः ॥५॥
प्राल कुमारक्ष्मापालकोष्ठागाराधिकारवान् ॥ कुमारसिंहः प्रथमोप्यु-
त्तमः पुरुषः सतां ॥६॥ जगत्सिंहोथ रम्यस्तु पद्मसिंहः श्रियः पदं ॥
ततो जयंत-
पाताकौ धीणिग—मिमप्रते ॥ ७ ॥ युग्मं ॥ श्रीपद्मसिंहदयिता [विं]
वीदेवी तनू-

¶ મ્હારા વિચાર પ્રમાણે એમાં વિરોધ જેવું કશું નથી. પ્રાચીન વૃત્તો અને લેખો ઉપરથી જણાય છે કે તે વખતે 'મહામાત્ય' યા 'મંત્રી' શબ્દનો વ્યવહાર, આજે જેને 'દીવાન પદ' કહેવામાં આવે છે, એકલા તેજ અર્થમાં કાંઈ ન હોતો થતો પરંતુ કેટલીક વખતે જેઓ અમુક પ્રાંત યા દેશના અધિકારી (ગવર્નર-સુબા) કહેવાતા તેમના માટે પણ એ શબ્દોનો વ્યવહાર થતો હતો.—સંગ્રાહક.

रुहांश्चतुरः ॥ श्रीमहणसिंह समरसिंह—सल्लक्षतेजाख्यान् ॥ ८ ॥ अथ सूमलाम-

नुपमांमहितेववुधे दिवे प्रसुवे—यः ॥ जयंतकाकृति नगानधूतभी-

तां च सीतोदां ॥९॥ युग्मं ॥ सामतसिंह.......विधू इव अध्यक्षौ सर्व

देशेषु मुहुर्जातौ ॥ १० ॥...........अणहिलपुरस्थलालाक-

विहितजने...............॥ ११ ॥ घटपद्रके चव-

मभू परिमालि कामुकारसंसार-

सिंधुतरीः ॥ १२ ॥ शत्रुंजयगिरौ

देवकुलिकांजलिः ॥ भवाधिवारिधिकि-

लीका या संलपंतः श्रिया जयंति जन........

जयंति तेजल्लदे भिधेयश्रीविल्ह........

किंवुणमंत्री शांतनः ॥ खु....

चरन्ययघयमुं वशं न्यान्या य........

नः ॥ अनुवि तनकेपा........

नेगफणमंडपः विभूपितः ॥ १८ ॥ वर्द्धमा-

नपुरे येन वा मनाथवाथ खत्तकं ॥ १९ ॥

पुरे च पेथलापा सद्धलानामजामेः श्री-

वीरखत्तकं ॥ २० ॥ नेमिवेश्मंत ॥ मंडपश्रे-

यसे झाड–प्रधि देवकुलिकाद्वारि हारि च

महातीर्थेऽथ तीर्थ–लिंगं मे देवकुलिकाकलिता-

द्धुता ॥ २३ ॥ तत्रादिवंधोः पुण्या-

य सवनस्यादितीर्थकृत् ॥ जन.......क......किःश्रीवीरश्च विनि–

र्ममे ॥ २४ ॥......जयानंदसूरिपट्टप्रतिष्ठितैः । व्याधि-

यंत प्रतिष्ठा च श्रीम–दनसूरिभिः ॥ २५ ॥ बृहद्गणोद्धतपि-

घ्यलमाम्नायां श्रीवनेश्वरविनेयः यसिंहसूरिः प्र-
शस्तिमेतामिति व्यतनोत् ॥ २६ ॥ ऊर्जसिनिप्रमाः ॥ संवदा-
त्तामचो यस्ता प्रशस्तिः स्व स्ति ८० हरिपालेन मालेयमु-
त्कीर्णेति ॥

[આ ઉપરથી જણાશે કે ઉદયનના વંશ માટે આ પ્રશસ્તિ બહુજ મહત્વની છે પરંતુ કમ નસીબે એનો અધિકાંશ ભાગ નષ્ટ ભ્રષ્ટ થઇ ગયેલો છે; તેથી એમાંથી સ્પષ્ટ હકીકત કાંઈ પણ જણાતી નથી. જુદા જુદા નામો ઉપરથી સમજાય છે કે, શત્રુંજય અને વર્દ્ધમાનપુર (વઢવાણ) આદિ અનેક સ્થળે આ પ્રશસ્તિ વર્ણિત વ્યક્તિઓએ જે મંદિરો, દેવકુલિકા, મંડપ અને ખત્તકો આદિ બનાવ્યાં તેની આમાં નોંધ આપેલી છે. ઘણું કરીને આ તે મંદિર સંબંધી પ્રશસ્તિ હોવી જોઇએ, જેનો ઉલ્લેખ, કાટેલા વાળા લેખના ૧૦ માં શ્લોકમાં કરવામાં આવ્યો છે.]

(૫૪)

નેમિનાથના મંદિરના ઉત્તરદ્વાર તરફ બે સ્થંભો છે તે બંને ઉપર લેખો કોતરેલા છે. તેમાંના જમણી બાજુ ઉપરના સ્થંભ ઉપર આ નં. ૫૪ નો લેખ આવેલો છે.

મિતિ સં૦ ૧૩૩૩ વર્ષના જ્યેષ્ટ વદિ ૧૪ ભોમ (મંગલ) વાર. શ્રીજિનપ્રબોધસૂરિ ગુરૂના ઉપદેશથી ઉચ્ચાપુરી નિવાસી શ્રેષ્ઠી આસ્પાલના પુત્ર શ્રેષ્ઠી હરિપાલે પોતાના તથા પોતાની માતા હરિલાના શ્રેયાર્થે ઉજ્જયંત (ગિરનાર) મહાતીર્થ ઉપર શ્રીનેમિનાથદેવની નિત્ય પૂજા સારૂ ૨૦૦ દ્રમ્મ (એક પ્રકારના ખાસ સિક્કા) આપ્યા, એમના વ્યાજમાંથી નિત્યપ્રતિ ૨૦૦૦ (બે હજાર) પુલો, દેવકીય બગીચામાંથી લઇ..........પૂજા કરવી.

આ લેખમાં જણાવેલા જિનપ્રબોધસૂરિ તે ખરતરગચ્છની પટ્ટાવલીમાં ૪૮ નંબરે લખેલા જિનપ્રબોધસૂરિ છે. તેમના પિતાનું નામ શાહ શ્રીચંદ અને માતાનું સિરિયાદેવી હતું. વિક્રમ સંવત્ ૧૨૮૫ માં તેમનો જન્મ થયો હતો અને પર્વત એવું નામ આપવામાં આવ્યું હતું.

સં. ૧૨૯૬ માં, ફાલ્ગુણ વદિ ૫ અને હસ્ત નક્ષત્રમાં, થિરાપદ્ર (હાલનું થરાદ, જે પાલણપુર એજન્સીમાં આવેલું છે) નામના ગામમાં દીક્ષા લીધી હતી. તે વખતે તેમના ગુરૂએ પ્રબોધમૂર્તિ એવું નવું નામ આપ્યું. પછી વિદ્યાભ્યાસ કરી યોગ્ય ઉમરે પહોંચ્યાથી વાચકપદ મેળવ્યું અને અંતે સં. ૧૩૩૧ ના આશ્વીન વદિ પંચમીના દિવસે સૂરિપદ પ્રાપ્ત કર્યું. તેજ સાલના ફાગુણ માસની વદ ૮ ના દિવસે જાલોર (મારવાડ) માં ગચ્છાનુજ્ઞાનો પદમહોત્સવ થયો જેમાં માલુગોત્રીય સાહુ ખીમસીંહે ૨૫ હજાર રૂપિઆ ખર્ચ કર્યા હતા. વિ. સં. ૧૩૪૧ માં તેમનો સ્વર્ગવાસ થયો હતો. (खरतरपट्टावलि—क्षमाकल्याणक ।)

(૫૫–૫૬)

જે સ્થંભ ઉપર, ઉપરનો લેખ આવેલો છે તેનીજ સામે આવેલા બીજા સ્થંભ ઉપર નં. ૫૫ અને ૫૬ ના લેખો કોતરેલા છે.

નં. ૫૫ નો લેખ અપૂર્ણ અને ખંડિત છે. અવશિષ્ટ ભાગમાં જણાવેલું છે કે—સં. ૧૩૩૫ ના વૈશાખ સુદિ ૮ ગુરૂવાર ના દિવસે, શ્રી ઉજ્જયંત મહાતીર્થ ઉપર..................શ્રીનેમિનાથની પૂજા માટે ધવલકક્ક (ધોળકા) નિવાસી શ્રીમાલજ્ઞાતિના, સં. વીલ્હણુ.......

નં. ૫૬ માં ઉલ્લેખ છે કે– સં. ૧૩૩૯ ના જયેષ્ટ સુદિ ૮ બુધવારના દિવસે, શ્રીઉજ્જયંત મહાતીર્થ ઉપર, શ્રયવાણા નિવાસી પ્રાગ્વાટજ્ઞાતિના મહં૦ જિસધરના પુત્ર મહં૦ પૂનસિંહની ભાર્યા ગુનસિરિના કલ્યાણુ માટે ૩૦૦ (ત્રણુસો) દ્રમ્મ નેચકે (દેવપૂજા માટે ?) આપ્યા. આથી (આના વ્યાજમાંથી) પ્રતિદિવસ ૩૦૫૦ (ત્રણુ હજાર અને પચાસ) ફુલો લઈ દેવની પૂજા કરવી.

(૫૭)

આ લેખ કયાં આગળ આવેલો છે તે જણાયું નથી. " સં૦ ૧૩૫૬ ના જયેષ્ઠ સુદિ ૧૫ ને શુક્રવારના દિવસે, શ્રી પલ્લીવાલ જ્ઞાતિના શ્રેષ્ઠિ પાસૂના પુત્ર સાહુ પદમની ભાર્યા તેજલાદે..............કુલગુરૂ શ્રીસમનિ (?) મુનિના ઉપદેશથી મુનિસુવ્રતસ્વામિબિંબ, દેવકુલિકા, પિતામહના શ્રેયાર્થે.........." માત્ર આટલી હકીકત મળે છે,

(૫૮)

મી. નરસિંહપ્રસાદ હરિપ્રસાદની લાઇબ્રેરીમાં એક સુંદર કોતરેલી આરસપહાણની શિલા પડી છે તેના ઉપર નં. ૫૮ નો લેખ કોતરેલો છે. લેખ અપૂર્ણ છે. ફક્ત " સં. ૧૩૭૦ ના વૈશાખ સુદિ ૨ ગુરૂવારના દિવસે લીલાદેવીના પુણ્ય માટે શ્રી આદિનાથબિંબ, થિરપાલે..........." આટલી હકીકત ઉપલબ્ધ છે.

(૫૯)

નેમિનાથના મુખ્ય મંદિરના દક્ષિણ દ્વાર પાસે, કોટની પશ્ચિમ બાજુના ન્હાના મંદિરમાં એક ભાંગેલો સ્થંભ છે અને તેના ઉપર બે પ્રતિમાઓ કાઢેલી છે જેમની બરાબર નીચે આ નં. ૫૯ નો લેખ કોતરેલો છે.

મિતિ સંવત્ ૧૪૮૫ ના કાર્તિક સુદી પંચમી બુધવાર. શ્રીગિરનાર મહાતીર્થ ઉપર ઠા. પેતસિંહનું નિર્વાણ થયું (મૃત્યુ પામ્યો). મંત્રિ-દલિય (૫ ?) વંશમાં, શ્રીમાન્ સુનામડગોત્રમાં, મરૂતીયાણા (વા-સી ?) ઠ. જહા પુત્ર ઠ. લાપૂ તેનો પુત્ર ઠ. કદૂ.......તેના વંશમાં વીસલ, તેનો પુત્ર ઠ. સુરા, તેનો પુત્ર ઠ. માથૂ, ઠ. ભીમસિંહ, ઠ. માલા. ઠ. ભીમસિંહની ભાર્યા ઠ. ભીમા, પુત્રી બાઈ મોહણની કુક્ષિથી ઉત્પન્ન થયેલો ઠ. પેતાસિંહ તેની ભાર્યા બાઇ ચંદાગહ, શ્રીનેમિનાથના ચરણને પ્રણામ કરે છે.

(૬૦)

એજ મંદિરની પૂર્વ બાજુની દિવાલ ઉપર નં. ૬૦ નો લેખ કોતરેલો છે.

મિતિ સં. ૧૪૯૬ ના આષાઢ સુદી ૧૩ ગુરૂવાર. જંઝણપુરવાસી મહતીઆણી, ખરતરગચ્છ, નન્હડ ગોત્ર, સાહ ચાહુણના વંશમાં સાહ ગુણરાજ પુત્ર સાહ જાજા, વીરમ, દેવાપુત્ર માણકચંદ, ભ્રાતા સંઘવી રાઇમિલે શ્રીગિરનારે યાત્રા કરી શ્રીનેમિનાથની...........

(૬૧)

હાથીપગલાની પાસે આ નંબર ૬૧ નો લેખ આવેલો છે. " સં.

૧૬૮૩ ના કાર્તિક વદિ ૬ સોમવારના દિવસે, ગિરનાર તીર્થની પૂર્વની જે (જીર્ણ) પાજ હતી તેનો ફરીથી, દીવ (બંદર)ના સંઘે.... શ્રીમાલીજ્ઞાતિના સંઘવી મેઘજીના પ્રયત્નથી ઉદ્ધાર કરાવ્યો. ”

(૬૨)

નંબર ૫૨ નો લેખ જ્યાં આગળ આવેલો છે ત્યાંજ આ નં. ૬૨ નો લેખ પણ આવેલો છે. આ લેખ બહુ જુનો છે. અર્થાત્ સિદ્ધરાજ જયસિંહ દેવના સમયનો છે. કેમકે આની અંદર તેનું નામ છે. પરંતુ લેખ એટલો બધો ત્રુટિત થઇ ગયો છે કે એમાનો કાંઈ પણ સંબંધ સ્પષ્ટ રીતે જણાતો નથી. ફક્ત સંગ્રહી રાખવા માટે જ આને સ્થાન આપવામાં આવ્યું છે.

(૬૩)

નંબર ૫૯ ના લેખવાળા સ્થાનમાં આ નં. ૬૩ વાળો લેખ પણ રહેલો છે. આ લેખ પણ ઉપરના લેખ જેવોજ અપૂર્ણ છે. પત્થરનો અર્દ્ધો ભાગ તૂટી ગયેલો હોવાથી અર્દ્ધો લેખ જતો રહ્યો છે. અવશિષ્ટ ભાગમાં આ પ્રમાણે ઉલ્લેખ છે–સ્વસ્તિ શ્રી ધૃતિ........નમસ્કાર શ્રીનેમિનાથને........વર્ષના ફાલ્ગુણ સુદી ૫ ગુરૂવારે........તિલક મહારાજ શ્રી મહાપાલ....વયરસિંહ ભાર્યા ફાઉ, પુત્ર સા...........સુત સા૦ સાઈઆ સા૦ મેલા. મેલા.......સુતા રૂડી ગાંગી આદિએ....નાથનો પ્રાસાદ કરાવ્યો. પ્રતિષ્ઠા કરનાર........સૂરિના પટ્ટધર શ્રીમુનિસિંહ............

આટલા લેખો ગિરનાર પર્વતના પ્રકાશમાં આવ્યા છે. આ સિવાય બીજા પણ ન્હાના મ્હોટા લેખો હજી ત્યાં હશે, પરંતુ, તે પ્રકટ થયા નથી. ડૉ. બર્જેસના રીપોર્ટમાં, સિદ્ધરાજના સમયના–કે જ્યારે નેમિનાથના મુખ્ય મંદિરનો ઉદ્ધાર થયો હતો–લેખોનું સૂચન છે. તે લેખો ખાસ લેવા અને તપાસવા લાયક છે. શત્રુંજયની માફક ગિરનારમાં પણ પ્રાચીન લેખોની સ્થિતિ બહુજ થોડી રહી છે. તેમજ કેટલીક મ્હોટી પ્રશસ્તિઓ, કે જે મધ્યકાલમાં બનેલા મંદિરો વિષયની હતી, તે નષ્ટભ્રષ્ટ થઇ ગયેલી છે, એમ બીજા ઉલ્લેખો ઉપરથી જણાય છે.

ગઢના દરવાજાથી જરાક આગળ જતાં, મુખ્ય રસ્તાની ડાબી બાજુ ઉપર, નેમિનાથના મ્હોટા મંદિરના પ્રથમ દ્વાર સમીપની દિવાલ ઉપર એક મ્હોટો શિલા લેખ લાગેલો છે, કે જેમાં ૨૪ પંક્તિઓ કોતરેલી છે. આ લેખ સૌરાષ્ટ્રના ચૂડાસમા રાજપૂતોના ઇતિહાસ ઉપર કેટલોક સારો પ્રકાશ પાડે છે. આ લેખની નકલ, જે પુસ્તકમાંથી ઉપરના બધા લેખો લેવામાં આવ્યા છે તેમાં તથા ડૉ. બર્જેસના ઉક્ત રીપોર્ટમાં પ્રકટ થયેલી છે. પ્રથમ રોયલ એસીયાટિક સોસાયટીના ચોપાનીઆમાં પણ એ પ્રકટ થઇ ચૂકયો છે. પરંતુ આ લેખ બહુજ અપૂર્ણ છે, એમ જોનારને તુરતજ જણાઈ આવે છે. કારણ કે, આમાં ફક્ત એકલો પ્રારંભનો 'રાજવંશ વર્ણન' જેટલોજ ભાગ ઉપલબ્ધ છે. આ લેખ કયાંનો અને કોની પ્રશસ્તિ રૂપે છે, તે, એ ઉપલબ્ધ ભાગ ઉપરથી બિલ્કુલ જણાતું નથી. ઉપલબ્ધ ભાગમાં જે વિસ્તૃતરૂપે 'રાજવંશ વર્ણન' કરવામાં આવ્યું છે તે ઉપરથી સહજે જણાઈ આવે છે, કે એ લેખ બહુજ મ્હોટો હોવો જોઇએ. અને વાસ્તવિકમાં છે પણ એમજ. આ લેખનો કેટલોક ભાગ મ્હને અન્યત્ર પ્રાપ્ત થયો છે તે ઉપરથી કહી શકાય છે કે એ શિલાખંડ, આખા લેખના અર્ધા ભાગ કરતાં પણ ન્યૂન છે. ૧૫ માં સૈકાની અંતમાં, ખંભાતમાં શાણરાજ નામનો એક મહાન્ ધનિક અને પ્રભાવક શ્રાવક થઇ ગયો. તેણે ગિરનાર ઉપર વિપુલ દ્રવ્ય ખર્ચી, વિમલનાથ પ્રસાદ નામનો એક મહાન્ મંદિર બનાવ્યો હતો. તેનીજ પ્રશસ્તિરૂપે આ લેખ કોતરવામાં અવ્યો છે. પરંતુ પાછળથી આ સંપૂર્ણ લેખ, કોઈ કારણથી, મૂળસ્થાનથી ભ્રષ્ટ થઈ એના બીજા શિલાખંડો અસ્તોવ્યસ્ત થયા અને ફક્ત આટલોજ ભાગ બચવા પામ્યો છે. આ લેખને વિસ્તૃત વિવેચન સાથે એક સ્વતંત્ર જુદા પુસ્તક રૂપે હું પ્રગટ કરવા વિચાર રાખું * છું, તેથી, અત્ર સ્થાન આપવામાં આવ્યું નથી.

---

* કદાચ, આ પુસ્તક પ્રકટ થતાં પહેલાંજ એ લેખ જુદા પુસ્તક રૂપે પ્રકટ થઇ જશે.

આબુ પર્વત ઉપરના લેખો.

નંબર ૬૪ થી તે ૨૭૧ સુધીના (૨૦૭) લેખો, સુપ્રસિદ્ધ પર્વત અર્બુદાચલ (આબુ) ઉપર આવેલા ભિન્ન ભિન્ન જૈન મંદિરોમાંના છે. તેમાં આદિના ૬૮ (નં. ૬૪ થી તે ૧૩૧ સુધીના) લેખો ગુર્જર મહામાત્ય તેજપાલના બનાવેલા ભારતીય શિલ્પકલાના આદર્શભૂત અને ઉત્કૃષ્ટ કારીગરીવાલા 'લુણસિંહ વસહિકા' નામના જગપ્રસિદ્ધ મંદિરમાં રહેલા છે. આ લેખોમાંના ૩૨ લેખો, 'એપીગ્રાફીઆ ઈન્ડીકા'ના, ૮ મા ભાગમાં, (EPIGRAPHIA INDICA, Vol. VIII.) પ્રોફેસર એચ. લ્યુડર્સે (Professor H. Luders, Ph. D.) પ્રકટ કરેલા છે. પ્રારંભમાં જે બે મ્હોટી પ્રશસ્તિઓ છે તે પ્રથમ પ્રો. વિષ્ણુ આબાજી કાથવટેએ સંપાદિત કરેલી સોમેશ્વરદેવકૃત कीर्ति कौमुदी ના પરિશિષ્ટમાં, તથા ભાવનગર રાજ્યના 'પુરાણવસ્તુ શોધ–ખોળ ખાતા' તરફથી પ્રકટ થયેલા 'પ્રાકૃત અને સંસ્કૃત લેખસમૂહ' (Collection of Prakrit and Sanskrit Inscriptions) નામના પુસ્તકમાં પણ અંગ્રેજી ભાષાંતર સહ પ્રકટ થયેલી છે. તથા આ બંનેનો કેવળ અંગ્રેજી સારાર્થ સૌથી પ્રથમ ઈ. સ. ૧૮૨૮ માં એચ. એચ. વીલ્સને (H. H. Wilson) એશીયાટીક રીસર્ચીસના ૧૬ માં પુસ્તકમાં (પૃષ્ઠ ૩૦૨) (Asiatic Researches Vol. XVI. P. 302 ff.) પ્રકટ કરેલો છે. બાકીના બધા લેખો પ્રથમજ વાર અત્ર પ્રકટ થાય છે.

પ્રો. લ્યુડર્સ, એ. ઈ. માં પોતે પ્રકાશિત કરેલા ૩૨ લેખોની ભૂમિકામાં આ પ્રમાણે જણાવે છે:—

"આબુ પર્વત ઉપર આવેલાં ભિન્ન ભિન્ન દેવાલયોમાંના અનેક લેખોના શાહીથી ઉતારા, ઈ. સ. ૧૯૦૨ માં મુંબઇ ઇલાકાના આર્કીઓ લોજીકલ સર્વેના સુપરિન્ટેન્ડેન્ટ મી. એચ. કાઉસેન્સે (Mr. H. Cousens.) તૈયાર કર્યા; અને તે ઉતારા પ્રો. હુલ્ટઝ (Prof. Hultzsch.) તરફથી

પ્રો. કીલ્હોર્ન (Prof. Kielhorn.) ને મળ્યા અને તેમણે પ્રસિદ્ધ કરવા માટે મ્હને આપ્યા. નીચે આપેલા બત્રીસ લેખો નેમિનાથના દેવાલયમાંથી મળેલા છે અને તે એમ સૂચવે છે કે વીરધવલ (ચાલુક્ય રાજા)ના પ્રધાન તેજપાલે આ મકાન બંધાવ્યું તથા અર્પણ કર્યું. અધુના, આ પુણ્યાલયનું નામ 'વસ્તુપાલ અને તેજપાલનું મંદિર' એમ છે; પરંતુ મૂળ પાયો તેજપાલ એકલાએજ ન્હાખેલો હોવાથી આ અભિધાન આપવું ભૂલ ભરેલું છે. મ્હારા મત પ્રમાણે જે મહાત્મા (તીર્થંકર)ને આ મંદિર અર્પણ કર્યું છે તેમના નામ ઉપરથી આ નામ પાડવું અગર લેખોમાં બતાવ્યા પ્રમાણે 'લૂણસિંહવસહિકા' અથવા 'લૂણવસહિકા' ‡ એમ મૂળ નામ આપવું શ્લાઘ્ય છે."

સૌથી પ્રથમનો (નં. ૬૪ નો) લેખ, દેવાલયના અગ્રભાગમાં આવેલા એક ગોખલામાં ચણેલા કાળા પત્થર ઉપર કોતરવામાં આવ્યો છે. પ્રો૦ લ્યુડર્સ જણાવે છે કે—

" આ લેખ લગભગ ૩'૧$\frac{1}{2}$" પહોળો તથા ૨'૭$\frac{1}{2}$" લાંબો છે. તે ઘણીજ સુંદર રીતે કોતરવામાં આવ્યો છે. અને સારી સ્થિતિમાં છે. દરેક અક્ષરનું માપ $\frac{1}{2}$" છે. લેખ જૈનનાગરી લિપિમાં લખાએલો છે. મૂળ લેખમાં व ને ब વચ્ચે તફાવત માત્ર વચમાં ઝીણા ટપકાંનોજ રાખેલો છે, તેથી નકલમાં આ તફાવત સ્પષ્ટ રીતે માલુમ પડતો નથી. તેથી કેટલીક વખત व તથા ब ઓળખવા અઘરા પડે છે. આખો લેખ સંસ્કૃત પદ્યમાં છે. માત્ર આરંભનો ॐ તથા પંક્તિ ૧૭, ૨૬ ને ૩૦ માં આવેલાં કેટલાંક વાક્યો તેમજ પંક્તિ ૪૬–૪૭ માં આપેલું કેટલુંક અંતનું વિવેચન ગદ્યમાં છે. આ લેખ રચનાર ચાલુક્ય રાજાઓનો પ્રખ્યાત પુરોહિત તથા कीर्तिकौमुदीનો પ્રણેતા સોમેશ્વરદેવ છે. પરંતુ, જો કે કેટલાંક પદ્યો ' कीर्तिकौमुदीની રચનાશૈલી સાથે સરખાવી શકાય તેવાં છે, તો પણ ઘણીવાર પિષ્ટપેષણ કરવામાં આવ્યું છે. તેમજ કેટલાંક પદ્યો અસંબદ્ધ છે. ભાષા વિષે વિચાર કરતાં કેટલાંક શિલ્પશાસ્ત્રના શબ્દો વપરાયલા છે જે ધ્યાન ખેંચે તેવા છે. જેમકે वलानक (પદ્ય ૬૧) અને खतक (પદ્ય ૬૫). वलानक

‡ 'वसहि' (જૈન મંદિર) જે સંસ્કૃત 'वसति (वसथि)' ઉપરથી થએલું છે તેના માટે જુઓ પ્રો. પીશ્ચેલનું "ગ્રામાટિક ડેર પ્રાકૃત સ્પ્રાચન (Prof. Pischel's Grammatik der Prakrit Sprachen.) કાનડ શબ્દ 'બસદી' અગર 'બસ્તી' એ 'वसति ' નોજ તદ્ભવ છે. ઇ. એચ.

એ મરાઠી વલાણી હોય એમ લાગે છે. અને તેનો અર્થ મોલેશ્વર્થ (Molesworth) અને કેન્ડી (Candy.) ના શબ્દકોષ (Dictionary) માં "દેવાલયના 'ગભારા' (ગર્ભાગાર) અથવા 'સભા મંડપ'ની ભીતોને જોડીને બનાવેલી ઉંચી બેઠક" એમ આપ્યો છે. 'खत्तक' નો અર્થ કોઇ પણ શબ્દ-કોષમાંથી મ્હને મળ્યો નથી. સંબંધ ઉપરથી તેનો અર્થ 'ગાદી' અગર 'બેઠક' થાય છે. * કેટલાંક વિશેષ નામો પ્રાકૃતરૂપમાંજ વપરાયલા છે. છંદના નિયમોને લીધે તેજઃપાલને બદલે અશ્લિષ્ટરૂપ તેજપાલ વાપરવું પડયું છે. (જુઓ પદ્ય ૫૩)

---

* वलानक અને खत्तक શબ્દો માત્ર કેટલાક જૈન લેખોમાંજ જોવામાં આવે છે અન્યત્ર દૃષ્ટિગોચર થતા નથી. તેથી આ શબ્દવાચ્ય વસ્તુઓ સમજવામાં ઘણાખરા વિદ્વાનો તો વંચિતજ રહ્યા છે. કેટલાકે પોતપોતાની કલ્પનાનુસાર વિચિત્ર અને ભ્રાંતિમાન્ અર્થો કર્યા છે. પરંતુ યથાર્થ અર્થ કોઇનામાં જાણવામાં આવ્યો હોય તેમ જણાતું નથી. આ બંને શબ્દો પશ્ચિમ ભારતમાં, પહેલાં લોકભાષામાં પ્રચલિત હતા અને તેમનો વાચ્યાર્થ આ પ્રમાણે છે.

બલાનક—

(૧) દેવમંદિરના પ્રવેશદ્વારના ઉપરનો મંડપ.
(૨) વાપી (વાવ)ના મુખ ઉપરનો મંડપ.
(૩) કુંડના અગ્ર ભાગના ઉપરનો મંડપ.
(૪) રાજદ્વારના સિંહદ્વાર ઉપરનો મંડપ.

બલાનક શબ્દના આ પ્રમાણે ચાર અર્થો થાય છે. પાટણના તપાગચ્છના વૃદ્ધ યતિ શ્રીહિમ્મતવિજયજી, જેઓ શિલ્પશાસ્ત્રના એકજ—અદ્વિતીય જ્ઞાતા છે તથા જેઓ મંદિર નિર્માણ વિદ્યામાં પૂર્ણ નિપુણ છે, તેમણે આ શબ્દોના ઉપરોક્ત અર્થો જણાવ્યા છે. આ ઉપરથી પ્રસ્તુત લેખમાં જે બલાનક શબ્દ છે તેનો અર્થ મંદિરના આગલા ભાગમાં રહેલા દ્વારની ઉપરનો મંડપ સમજવાનો છે. વસ્તુપાલ તેજપાલના બીજા અનેક લેખોમાં અને ગ્રંથોમાં જણાવેલું છે કે, તેમણે અમુક સ્થાને અમુક મંદિરમાં બલાનક કરાવ્યું, તેનો અર્થ પણ ઉપર જણાવ્યા પ્રમાણે મંદિરના પ્રવેશદ્વાર ઉપરનો મંડપજ સમજવો.

ખત્તક—તે જેને ગુજરાતીમાં 'ગોખલો' અને રાજપૂતાની ભાષાઓમાં 'આળીઓ' અથવા 'તાક' કહેવામાં આવે છે તે છે 'ગોખલો' એ શબ્દનો લલ્લુભાઇ ગોકુળદાસના 'ગુજરાતી શબ્દ કોષમાં' આ પ્રમાણે અર્થ આપેલો છે—" **ગોખલો**, પુ૦; હરકોઇ ચીજ મૂકવાને અથવા દેવ વિગેરેને બેસાડવાને દિવાલ—ભીંતમાં જે પોલાણ રાખેલું હોય તે; બારણા વગરનું નાનું તાકું." આ ઉપરથી જણાશે કે દેવ મૂર્તિ સ્થાપિત કરવા માટે જે ન્હાના અથવા મ્હોટા ગોખલા બનાવાય છે તે **ખત્તક** કહેવાય છે. તેજપાલે પોતાની બીજી સ્ત્રી સુહડાદેવીના પુણ્યાર્થે આજ લુણસિંહવસહિકામા

(લેખનો સાર.)

પ્રશસ્તિ રચનારે પ્રથમ એક પદ્યથી સરસ્વતી દેવીની સ્તુતિ કરી બીજા પદ્યમાં નેમિનાથ તીર્થંકરની+ સ્તવના કરેલી છે. ત્રીજા પદ્યમાં ચૌલુક્યોની રાજધાની અને પ્રસ્તુત લેખ વર્ણિત મંત્રિઓની જન્મભૂમિ અણહિલપુરની પ્રસંશા છે. ૪ થા પદ્યથી ૭ માં સુધીમાં તેજઃપાલના પૂર્વ પુરૂષોનું વર્ણન છે. લખવામાં આવ્યું છે કે, પ્રાગ્વાટ વંશમાં મુકુટ સમાન પ્રથમ ચંડપ નામે પુરૂષ થયો. તેના કુલ રૂપ પ્રાસાદ ઉપર હેમદંડ સમાન ચંડપ્રસાદ નામે તેનો પુત્ર થયો. તેને સોમ નામે સુત થયો. સોમનો સુત અશ્વરાજ થયો કે જેની પ્રિય પત્ની કુમારદેવી હતી. એ દંપતીને પ્રથમ એક લૂણિગ નામે પુત્ર થયો જે બાલ્યાવસ્થામાંજ આ જીવલોક છોડી ગયો. (પદ્ય ૮) ૯ થી ૧૨ સુધીનાં પદ્યોમાં, તેમના બીજા પુત્ર મંત્રી મલ્લદેવનું વર્ણન છે. તેનો ન્હાનો ભાઈ વસ્તુપાલ થયો, જેણે દરિદ્રી મનુષ્યોના ભાલસ્થલમાં લખેલા દૈઃસ્થ્યાક્ષરોને ભુંશી ન્હાખ્યા–અર્થાત્ યાચકોને ઇચ્છિત દાન આપી, તેમનું દારિદ્રય નષ્ટ કર્યું. તથા તે ચૌલુક્ય રાજાનો પ્રધાન હોઇ મ્હોટો કવિ હતો (પદ્ય ૧૩–૧૪). પછી બે શ્લોકોમાં, વસ્તુપાલના ન્હાના ભાઈ તેજપાલનું વર્ણન છે. ૧૫ માં

મુખ્ય ગર્ભાગારના દ્વારની બને બાજુએ ઉત્તમ કારીગરીવાળા બે ખત્તકો બનાવ્યા છે (કે જેમના ઉપર નં. ૧૧૦ અને ૧૧૧ વાળા લેખો કોતરેલા છે) તેમને આજે પણ લોકો " દેરાણી જેઠાણીના ગોખલા "ના નામે ઓળખે છે. આ ઉપરથી સ્પષ્ટ છે કે 'ખત્તક' તે 'ગોખલા'નું જ બીજું નામ છે.—સંગ્રાહક.

+ તેજપાલે આ મંદિર નેમિનાથ તીર્થંકર માટે બંધાવેલું હોવાથી, કવિએ તેમનીજ સ્તવના કરી છે. નેમિનાથની માતાનું નામ શિવા યા શિવાદેવી હતું તેથી કાવ્યકારે, છંદમાં બરોબર ગોઠવવા સારૂં, તેમનું ખાસ નામ ન લખતાં ' શિવાતનૂજ ' ના વિશેષણદ્વારા તેનામ સૂચવ્યું છે. પ્રો. લ્યુડર્સ, આ વાત બરોબર સમજી શક્યો નથી તેથી તેણે શિવાતનૂજ એટલે પાર્વતીસુત ' ગણેશ ' જણાવ્યા છે. પરંતુ તે એટલું નથી વિચારી શક્યો કે એક જૈનમંદિર અને મહાન્ જૈનનરની પ્રશસ્તિમાં ગણેશ જેવા પૌરાણિક દેવની શા હેતુએ સ્તવના કરવામાં આવે ?

શ્લોકમાં, આ મંત્રિઓની ૭ બ્હેનોનાં નામો છેઃ—(૧) જાલ્હૂ. (૨) માઊ. (૩) સાઊ. (૪) ધનદેવી. (૫) સોહગા. (૬) વયજૂ. અને (૭) પરમલદેવી. ૧૮ માં શ્લોકમાં કવિ કહે છે કે–અશ્વરાજના આ ચારે પુત્રો બીજા કોઈ નહિ પણ પૂર્વે દશરથ રાજાના રામાદિક જે ૪ પુત્રો હતા તેજ, એકજ માતાના ઉદરમાં જન્મવાના લોભથી ફરી પૃથ્વી ઉપર અવતર્યા છે. ૧૯ માં કાવ્યથી ૨૪ માં લગીમાં, વસ્તુપાલ અને તેજપાલ—બંને ભાઇઓના અદ્વિતીય સૌહાર્દ અને સત્કૃત્યોમાં સદૈવ સહચારની પ્રશંસા કરવામાં આવી છે. કવિ કહે છે કે, પોતાના ન્હાનાભાઇ તેજપાલ સહિત વસ્તુપાલ, મધુમાસ અને વસંતર્તુની માફક કોને આનંદ નહિ આપે ?—અર્થાત્ સર્વને આપે છે. (૫. ૧૯) સ્મૃતિમાં કહેલું છે કે–મનુષ્યે માર્ગમાં એકાકી સંચરણ ન કરવું, તેથીજ જાણે વસ્તુપાલ અને તેજપાલ બંને ભાઈ ધર્મમાર્ગમાં સાથે વિચરણ કરતા હોય તેમ લાગે છે. (૫. ૨૦) આ બંને ભાઈઓએ, આ ચતુર્થ (કલિ) યુગમાં પણ, પોતાના જીવનદ્વારા કૃતયુગનો સમવતાર કર્યો છે. (૫. ૨૧) મુક્તામય (રોગરહિત–નિરોગી) એવું, આ ભ્રાતાઓનું સુંદર શરીર ચિરકાલ સુધી આ જગત્માં વિદ્યમાન રહો, કારણ કે એમની કીર્તિથી આ મહીવલય મુક્તામય (મૌક્તિ રૂપ) પ્રતિભાસે છે. (૫. ૨૨) પૃથ્વીને સર્વે બાજુથી, ધર્મસ્થાનો વડે અંકિત કરતા આ બંધુયુગલે કલિકાલના ગળે પગજ મૂક્યું છે. (૫. ૨૪.)

પછીના ૩ કાવ્યોમાં ચૌલુક્યોની (વાઘેલા) શાખાનું વર્ણન છે. એ શાખામાં, અર્ણોરાજ નામનો એક તેજસ્વી પુરૂષ થયો. તેનો પુત્ર લવણપ્રસાદ અને તેનો વીરધવલ * થયો. અનંતરના (૨૮–૨૯) એ પદ્યોમાં, આ બંધુયુગલે વીરધવલને તેના રાજકાર્યમાં જે અપૂર્વ સહાયતા કરી છે અને તેના રાજ્ય અને યશનો જે વિસ્તાર વધાર્યો છે તેની

* આ રાજાઓ–(રાણકો) વિષયે, ગુજરાતી રાસમાલા ભાગ ૧, માં "**વાઘેલા વિષે ભાષાંતર કર્ત્તાનો વધારો**" શીર્ષક પ્રકરણ (પૃષ્ઠ ૪૧૦ થી ૫૦૯) માં સવિસ્તર લખવામાં આવ્યું છે. તેથી જિજ્ઞાસુએ ત્યાં જોઇ લેવું.

પ્રશંસા કરી છે. કવિ કહે છે કે–વીરધવલ, ઘુંટણ સુધી લાંબી ભુજાઓ સમાન પોતાના જાનુ પાસે રહેનારા આ બંને મંત્રિઓ દ્વારા સુખ અને લક્ષ્મીનું આલિંગન કરે છે.

૩૦–૩૧ પદ્યોમાં અર્બુદગિરિ (આબુ પર્વત) નું મહાત્મ્ય વર્ણિત છે. અને પછી પરમારોનો ઇતિહાસ પ્રારંભ થાય છે. એ આબુ પર્વત ઉપર વસિષ્ઠર્ષિના યજ્ઞકુંડમાંથી એક પુરૂષ ઉત્પન્ન થયો જેણે 'પર' (શત્રુઓ) નો સંહાર કર્યો. આથી તેનું નામ "પરમારણ" (પરમાર) પડયું. (પ. ૩૨) પછી એનો વંશ પણ 'પરમાર'ના નામે પ્રસિદ્ધિ પામ્યો. એ વંશમાં પાછળથી ધૂમરાજ નામનો પરાક્રમી પુરૂષ થયો. (પ. ૩૩) તદનંતર ધંધુક અને ધ્રુવભટ આદિ અનેક રાજા એ વંશમાં થયા પછી રામદેવ નામે રાજા થયો. (પ. ૩૪) રામદેવને યશોધવલ * નામનો પ્રતાપી પુત્ર થયો, જેણે ચૌલુક્યનૃપતિ કુમારપાલના શત્રુ માલવપતિ બલ્લાલને ચઢી આવેલો જાણી તુરત તેની સામે થયો અને તેને મારી ન્હાંખ્યો.

* આ યશોધવલના સમયનો એક લેખ, સં. ૧૨૦૨ (ઇ. સ. ૧૧૪૬) ના માઘ સુદી ૪ ના દિવસનો સિરોહી રાજ્યમાં આવેલા અજારી નામના ગાંવમાંથી મળેલો છે, તેમાં આને 'મહામંડલેશ્વર' (સામંત) —परमारवंशोद्भवमहामंडलेश्वर यशोधवल— લખેલો છે. આની પટરાણીનું નામ સૌભાગ્યદેવી હતું. અને તે સોલંકીવંશની હતી. હેમચંદ્રાચાર્યના द्वयाश्रयमहाकाव्य માં જણાવેલું છે, કે કુમારપાલ જ્યારે ચોહાણરાજા અર્ણોરાજ ઉપર ચઢાઇ લઇ ગયો તે વખતે (વિક્રમ સં. ૧૨૦૭–ઇ. સ. ૧૧૫૦) આબુનો રાજા વિક્રમસિંહ હતો અને તે આબુથી કુમારપાલની સેના સાથે થયો હતો. જિનમંડનના 'કુમારપાલપ્રબંધ' અને બીજા ચરિત્ર ગ્રંથોમાં જણાવેલું છે, કે વિક્રમસિંહ લડાઇના વખતે કુમારપાલના શત્રુ અર્ણોરાજ સાથે મળી ગયો હતો, જેથી કુમારપાલે તેને કેદ કરી તેના ભત્રીજા યશોધવલને આબુનું રાજ્ય આપ્યું હતું. આ ઉપરથી જણાય છે કે યશોધવલ, કુમારપાલનો સામંત હતો અને જ્યારે માલવાના રાજા બલ્લાલે, ગુજરાત ઉપર ચઢાઈ કરી, ત્યારે, કુમારપાલ તરફથી યશોધવલ તેની સામે થયો અને અંતે તેને પકડી મારી ન્હાંખ્યો.

૩૬–૩૭ પદ્યમાં, યશોધવલના પરાક્રમી અને પ્રતાપી પુત્ર ધારાવર્ષનું વર્ણન છે. તેણે કોંકણાધીશને માર્યો હતો અને તે મૃગયાનો ખૂબ વિલાસી હતો.×

કુમારપાલે માલવપતિ બલ્લાલને જીત્યો હતો એ વાત સોમનાથ પાટણના ભાવબૃહસ્પતિ વાળા વલ્લભી સંવત્ ૮૫૦ (ઈ. સ. ૧૧૬૯) ના લેખમાં, તથા કીર્તિકૌમુદી વિગેરે બીજા પણ અનેક પ્રામાણિક ઐતિહાસિક ગ્રંથોમાં ઉપલબ્ધ થાય છે પરંતુ એ રાજા કયા વંશનો હતો તે હજુ સુધી જ્ઞાત નથી. પ્રો. લ્યુડર્સ જણાવે છે કે—" બલ્લાલ નામનો કોઈ પણ રાજા માલવાના પરમાર વંશની યાદીમાં નથી. અને તે એ વંશનો હતો એ માનવું પણ અશક્ય છે. તેથી, તે કેવી રીતે માલવાનો રાજા થયો, એ પ્રશ્નનો ઉત્તર આપવો હાલમાં સરલ નથી. પણ, પ્રો. કીલહોર્ને આ બાબત ઉપર જે વિચાર કર્યો છે તે તરફ હું ધ્યાન ખેંચું છું—" (માલવાના પરમાર રાજા)યશોવર્દ્ધનનું નિધન ઇ. સ. ૧૧૩૫ થી ૧૧૪૪ ની વચમાં થયેલું હોવું જોઇએ, અને તે પછી માલવાનું રાજ્ય અસ્તવ્યસ્ત સ્થિતિમાં મૂકાણું હતું. આ સ્થિતિ, કેટલાકોના મનમાં તેને જીતવાનો અગર પચાવી પાડવાનો મનોરથ પ્રજ્વલિત કરે, એ બનવા જોગ છે." તેથી, બલ્લાલ માલવાનો કોઈ પ્રથમ ખંડિયો રાજા હોય અને પછી તે સ્વતંત્ર થઇ, ગુજરાત ઉપર ચઢી આવવા જેટલો સાહસ કરે તો તેમાં અસંભવ જેવું નથી.

× આના સંબંધમાં, પં. ગૌરીશંકર હીરાચંદ ઓઝા એ પોતાના 'सिरोही राज्य का इतिहास।' નામના હિન્દી પુસ્તકમાં લખ્યું છે કે–" યશોધવલનો પુત્ર ધારાવર્ષ આબુના પરમારોમાં બહુજ પ્રસિદ્ધ અને પરાક્રમી થયો. એનું નામ અદ્યાપિ " ધાર પરમાર " ના નામે પ્રસિદ્ધ છે. ગુજરાતના સોલંકી રાજા કુમારપાલે કોંકણના રાજા * ઉપર ચઢાઈ કરી તેમાં આ સાથે હતો, અને તેણે (કુમારપાલે) ત્યાં (બીજી ચઢાઈમાં) જે વિજય મેળવ્યો તે, એનાજ વીરત્વને આભારી હતો. 'તાજુલ મઆસિર' નામે ફારસી તવારીખથી જણાય છે, કે, હિ. સ. ૫૯૩ (વિક્રમ સં. ૧૨૫૪=ઇ. સ. ૧૧૯૭) ના સફર મહિનામાં કુતબુદ્દીન ઐબકે અણહિલવાડ ઉપર ચઢાઇ ‡ કરી તે

* આ, ઉત્તર કોંકણનો શિલારાવંશી રાજા મલ્લિકાર્જુન હશે.

‡ આ ચઢાઈ ગુજરાતના સોલંકી રાજા મૂળરાજ (બીજો–બાલ મૂળરાજ) ના સમયે થઇ હતી.

પછીના બે કાવ્યોમાં, ધારાવર્ષના ભાઈ પ્રહ્લાદનની ÷ પ્રશંસા કરવામાં આવી છે. તેણે સામંતસિંહ × સાથેની લડાઈમાં અનુપમ વીરતા દેખાડી હતી અને તેની તલવારે ગુર્જરપતિનું રક્ષણ કર્યું હતું. (પ. ૩૮-૩૯).

વખતે આબુની નીચે † ખૂબ લડાઇ થઇ જેમાં તે (ધારાવર્ષ) ગુજરાતની સેનાના બે મુખ્ય સેનાપતિઓમાંનો એક હતો. એ લડાઇમાં ગુજરાતના સૈન્યની હાર થઇ, પરંતુ એજ જગ્યાએ વિ. સં. ૧૨૩૫ (ઇ. સ. ૧૧૭૮) માં જે લડાઈ થઇ તેમાં શાહબુદ્દીન ગોરી ઘાયલ થયો હતો અને હારીને તેને પાછું ફરવું પડ્યું હતું. આ લડાઇમાં પણ ધારાવર્ષનું વિદ્યમાનત્વ જણાય છે. એના રાજ્યકાલના ૧૪ શિલાલેખો અને એક તામ્રપત્ર મળ્યું છે, જેમાં સૌથી પ્રથમનો લેખ વિ. સં. ૧૨૨૦ (ઇ. સ. ૧૧૬૩) જ્યેષ્ઠ સુદી ૫ નો કાયદ્રાં ગાંવમાંથી અને સૌથી છેલ્લો વિ. સં. ૧૨૭૬ (ઇ. સ. ૧૨૧૯) શ્રાવણ સુદી ૩ નો મકાવલ ગાંવથી થોડીક દૂરે આવેલા એક ન્હાના સરખા તળાવની પાળ ઉપર ઉભા રહેલા આરસના સ્તંભ ઉપર ખોદેલો છે. આ લેખો ઉપરથી જણાય છે કે એણે ઓછામાં ઓછા ૫૬ વર્ષ સુધી રાજ્ય કર્યું હતું".

÷ પ્રહ્લાદને પોતાના નામથી 'પ્રહ્લાદનપુર' નામનું નવીન શહેર વસાવ્યું હતું જે આજે 'પાલણપુર' ના નામે ઓળખાય છે. એ વીર હોવા ઉપરાંત વિદ્વાન પણ ઉત્તમ પ્રકારનો હતો. એની વિદ્વત્તાના વખાણ સોમેશ્વરે પોતાની કીર્તિકૌમુદી માં (સર્ગ ૧, શ્લોક ૨૦-૨૧) તથા આજ પ્રશસ્તિના આના પછીના આગલા પદ્યોમાં કરેલાં છે. એનું રચેલું પાર્થપરાક્રમ નામનું સંસ્કૃત નાટક ઉપલબ્ધ છે. શાર્ઙ્ગધરપદ્ધતિ અને જલ્હણની સૂક્તિમુક્તાવલી માં પણ આના બનાવેલાં કેટલાંક પદ્યો ઉધ્ધૃત કરેલાં છે.

× આ સામંતસિંહ ક્યાંનો રાજા હતો એ વિષયમાં હજુ સુધી પૂર્ણ નિશ્ચાયક પ્રમાણ મળ્યું નથી. તોપણ ઘણા ખરા વિદ્વાનો ધારે છે તેમ તે મેવાડનો ગુહિલ રાજા સામંતસિંહ હોવો જોઇએ. ડૉ. લ્યુડર્સ આ વિષયમાં જણાવે છે કે—

"જે ગુર્જર રાજાનું રક્ષણ, સામંતસિંહના હાથમાંથી પ્રહ્લાદને

---

† આ લડાઈ આબુ નીચે કાયદ્રાં ગાંવ અને આબુની વચ્ચે થઈ હતી, જેનું વૃત્તાંત 'તાજુલમઆસિર' નામે ફારસી તવારીખમાં છે.

ધારાવર્ષનો સુત સોમસિંહ થયો જેણે પોતાના પિતાથી તો શૂરતા પ્રાપ્ત કરી હતી અને પિતૃવ્ય (કાકા–પ્રહ્લાદન) થી વિદ્વત્તા પ્રાપ્ત કરી હતી. (પ. ૪૦) સોમસિંહનો પુત્ર,–વસુદેવના કૃષ્ણની માફક, કૃષ્ણરાજ નામે થયો+

કર્યું હતું તે ગુર્જર રાજા ભીમદેવ (બીજો) હોવો જોઇએ. પરંતુ આ સામંતસિંહ કોણ છે તે નક્કી કરવું સરલ કાર્ય નથી. પ્રસ્તુત લેખમાં, તે વિષયમાં કાંઈ પણ વિશેષ આપ્યું નથી. તેમજ તે વખતે આ (સામંતસિંહ) નામના ઘણા રાજાઓ હોવાથી તે કયો રાજા હશે એ સહેલાઈથી સિદ્ધ થઇ શકે તેમ નથી. મ્હારા મત પ્રમાણે આ લેખનો સામંતસિંહ તે આબુ § પર્વત ઉપરના તથા સાદડીના * લેખમાં આવેલો સામંતસિંહ નામનો ગુહિલરાજા હશે પણ આબુના લેખમાં, ઇ. સ. ૧૧૨૫ માં થયેલા વિજયસિંહ પછી તે પાંચમે નંબરે છે અને તેજસિંહથી પાંચ પેઢી પ્રથમ છે. આ તેજઃસિંહનો ચિત્તોરગઢનો લેખ વિ. સં. ૧૩૨૪ (ઈ. સ. ૧૨૫૭) નો છે. આ ઉપરથી એમ માલુમ પડે છે કે તે ઈ. સ. ૧૨૦૦ માં રાજ્ય કરતો હોવો જોઇએ અને તેનો પ્રતિસ્પર્ધી પ્રહ્લાદન ઈ. સ. ૧૨૦૯ માં યુવરાજ હતો, તેથી આ એનો સમય બરાબર મળી રહે છે. વળી ગુહિલનો દેશ મેદપાટ (મેવાડ) ચંદ્રાવતીના પરમારોના રાજ્યની સીમા નજીક આવેલો છે. આથી પણ મ્હારો મત યુક્તિયુક્ત જણાશે. તેમજ પોતાના રાજાનો ગુહિલ રાજાના હાથમાંથી પ્રહ્લાદન બચાવ કરે એ પણ સ્વભાવિકજ છે. ચાલુકયો અને ગુહિલોનો આવો વિરોધાત્મક સંબંધ હતો, એ વીરધવલના પુત્ર વીસલદેવના લેખ ઉપરથી સિદ્ધ થાય છે. આ લેખમાં રાજાને આ પ્રમાણે વિશેષણ આપવામાં આવ્યું છે. " मेदपाटकदेशकलुषराज्यवल्लीकन्दोच्छेदनकुद्दालकल्प–" ઇત્યાદિ.

+ સોમસિંહે, તેજપાલના બંધાવેલા એ મંદિરની પૂજા આદિના ખર્ચ માટે પોતાના રાજ્યના બારઠ નામના પરગણામાંનું ડબાણી નામનું ગામ દેવદાન તરીકે અર્પણ કર્યું હતું. એ ગામ આજે ડમાણીના નામે પ્રસિદ્ધ છે. ત્યાંથી વિ. સં. ૧૨૯૬ (ઇ. સ. ૧૨૩૯) ના શ્રાવણ સુદી ૫ ના દિવસનો એક લેખ પ્રાપ્ત થયો છે જેમાં એ મંદિરનું અને તેજપાલ

§ જુઓ, ઇન્ડીયન એન્ટીકવેરી, પુ. ૧૬, પૃ. ૩૪૫.

* જુઓ, ભાવનગરનું લેખ સંગ્રહ નામનું પુસ્તક પૃષ્ઠ ૧૧૪.

૪૩ થી ૪૯ સુધીનાં કાવ્યોમાં, વસ્તુપાલે અને તેના પુત્ર જૈત્રસિંહ (અથવા જયંતસિંહ) જે લલિતાદેવીનો પુત્ર હતો, તેની પ્રશંસા કરવામાં આવી છે. તથા તેજપાલ મંત્રીની બુદ્ધિ અને ઉદારતાનું વર્ણન કરવામાં આવ્યું છે.

આ પછી તેજપાલની પત્ની અનુપમાદેવીનું વંશવર્ણન શુરૂ થાય છે. ચંદ્રાવતી નગરીમાં પ્રાગ્વાટવંશમાં શ્રીગાગા નામે શેઠ થયો. (પ. ૫૦) તેનો પુત્ર ધરણિગ થયો. (પ. ૫૧) તેની સ્ત્રી ત્રિભુવનદેવી હતી જેનાથી અનુપમા નામે કન્યા થઈ. અને તે તેજપાલને પરણાવવામાં આવી. (પ. ૫૨-૩) એ અનુપમા, નીતિ, વિનય, વિવેક, ઔચિત્ય, દાક્ષિણ્ય અને ઉદારતા આદિ ગુણે કરી અનુપમજ હતી. તેણે પોતાના ગુણોથી પિતા અને શ્વશુરના બંને કુલો ઉજ્જવલ કર્યાં હતાં. (પ. ૫૪) એ અનુપમા દેવીથી તેજપાલને લાવણ્યસિંહ (અથવા લૂણસિંહ) નામે પુત્ર થયો. (પ. ૫૫-૬) તેજપાલના મ્હોટા ભાઈ મંત્રિ મલ્લદેવને પણ તેની લીલુકા નામે પત્નિથી પૂર્ણસિંહ નામે પુત્ર થયો અને તેને પણ તેની સ્ત્રી અલ્હણાદેવીથી પેથડ નામનો સુપુત્ર જન્મ્યો. (પ. ૫૮) મંત્રી તેજપાલે પોતાની પત્ની અનુપમાદેવી અને પુત્ર લાવણ્યસિંહના કલ્યાણાર્થે, આ નેમિનાથનું મંદિર બનાવ્યું. (પ. ૬૦) તેજપાલ મંત્રિએ, શંખ જેવી ઉજલી-આરસ પહાણની શિલાઓ વડે આ ઉચ્ચ અને ભવ્ય નેમિનાથનું મંદિર બનાવ્યું છે. તેની આગળ એક વિશાલ મંડપ અને આજુબાજુ બલાનકો સહિત ૫૨ બીજા ન્હાના જિનમંદિરો બનાવ્યાં છે. (પ. ૬૧) તથા, એમાં (૧) ચંડપ. (૨) ચંડપ્રસાદ.

તથા તેની સ્ત્રી અનુપમાદેવીનું નામ ઉલ્લિખિત છે. એના સમયના ૪ લેખો મળ્યા છે જેમાં સૌથી પ્રથમનો તો સં. ૧૨૮૭ નો આ પ્રસ્તુત લેખ છે અને સૌથી પાછળનો ઉક્ત સં. ૧૨૯૩ નો ડમાણીનો દેવક્ષેત્ર સંબંધી છે. સોમસિંહે, પોતાની હયાતીમાંજ પોતાના પુત્ર કૃષ્ણરાજદેવ (અથવા કાન્હડદેવ) ને યુવરાજ બનાવી દીધો હતો અને તેના હાથખર્ચ માટે નાણા નામનું ગામ (જે જોધપુર રાજ્યના ગોડવાડ ઇલાકામાં આવેલું છે) આપ્યું હતું.- सिरोही राज्य का इतिहास। पृष्ठ, १५३-४।

(૩) સોમ. (૪) અશ્વરાજ; અને (૫) લૂણિગ. (૬) મલ્લદેવ. (૭) વસ્તુપાલ. (૮) તેજપાલ; એ તેના ચાર પુત્રો; તથા (૯) વસ્તુપાલ સુત જૈત્રસિંહ અને (૧૦) તેજપાલ પુત્ર લાવણ્યસિંહ; એમ ૧૦ પુરૂષોની હાથિણી ઉપર આરૂઢ એવી ૧૦ મૂર્તિઓ બનાવી છે. આ મૂર્તિઓ એવી દેખાય છે, કે જાણે દશ દિક્પાલો જિનેશ્વરના દર્શન માટે ન આવતા હોય ? (પ. ૬૨–૩) વળી, આ દશે હસ્તિનીરૂઢ મૂર્તિઓની પાછળ ખત્તક બનાવ્યા છે અને તેમાં આ દશે પુરૂષોની, તેમની સ્ત્રિઓ સાથે મૂર્તિઓ બનાવી સ્થાપન કરવામાં આવી છે. (પ. ૬૪) આના પછીના શ્લોકમાં જણાવેલું છે કે–સકલ પ્રજા ઉપર ઉપકાર કરનાર મંત્રી વસ્તુપાલની પાસે તેજપાલ તેવીજ રીતે શોભે છે જેમ સરોવરના કિનારે આમ્રવૃક્ષ શોભે છે. (પ. ૬૫) આ બંને ભાઈઓએ દરેક શહેર, ગામ, માર્ગ, અને પર્વત આદિ સ્થળે, જે વાવ, કુવા, પરબ, બગીચા, સરોવર, મંદિર અને સત્રાગાર આદિ ધર્મસ્થાનોની નવી પરંપરા બનાવી છે તથા જીર્ણોદ્ધાર કર્યા છે તેમની સંખ્યા પણ કોઈ જાણતો નથી. (પ. ૬૬–૮).

આ પછી, ચંડપના વંશના ધર્માચાર્યોની નામાવલી આપવામાં આવી છે. ચંડપના ધર્માચાર્યો નાગેન્દ્રગચ્છના હતા અને તેમાં પૂર્વે શ્રીમહેન્દ્રસૂરિ થયા. તેમના શિષ્ય શ્રીશાંતિસૂરિ થયા. તેમના પટ્ટધર શ્રીઆનંદસૂરિ અને તેમના શ્રીઅમરસૂરિ થયા. અમરસૂરિની પાટે શ્રીહરિભદ્રસૂરિ થયા અને તેમના શિષ્ય શ્રીવિજયસેનસૂરિ થયા કે જેમણે એ મંદિરની પ્રતિષ્ઠા કરી. વિજયસેનસૂરિના શિષ્ય શ્રીઉદય-પ્રભસૂરિ છે કે જેમના પ્રતિભારૂપ સમુદ્રની સુંદર સૂકિતઓ સ્વરૂપ મુક્તાવલિઓ વિશ્વમાં શોભી રહી છે. (પ. ૬૯–૭૧) ૭૨ માં શ્લોકમાં કવિએ મંગલ ઇચ્છી આ પ્રમાણે સમાપ્તિ કરી છે–જ્યાં સુધી આ અર્બુદ પર્વત વિદ્યમાન છે ત્યાં સુધી આ ધર્મસ્થાન અને એના બનાવનાર જગતમાં ઉદિત રહો. (પ. ૭૨) ચૌલુક્ય રાજા વડે જેના ચરણ કમલ પૂજાયલા છે એવા શ્રીસોમેશ્વરદેવે, એ ધર્મસ્થાનની, આ રમણીય પ્રશસ્તિ બનાવી છે. (પ. ૭૩) શ્રીનેમિનાથ તીર્થંકર

અને તેમની શાસનરક્ષિકા દેવી અંબિકાની કૃપાથી, અર્બુદાચલ ઉપરની આ પ્રશસ્તિ વસ્તુપાલના વંશને સ્વસ્તિ કરનારી થાઓ. (૫. ૭૪)

છેવટે ગદ્યમાં જણાવ્યું કે–સૂત્રધાર કેલ્હણના પુત્ર ધાંધલના પુત્ર ચંડેશ્વરે આ પ્રશસ્તિ શિલા ઉપર ટાંકણા વડે કોતરી છે. શ્રીવિક્રમ સંવત્ ૧૨૮૭ ના ફાલ્ગુન વદિ ૩ રવિવારના દિવસે નાગેન્દ્રગચ્છના આચાર્ય શ્રીવિજયસેનસૂરિએ પ્રતિષ્ઠા કરી છે.

(૬૫)

ઉપરના નં. ૬૪ ના લેખવાળા દેવાલયના અગ્રભાગમાં આ નં. ૬૫ વાળો લેખ પણ એક ગોખલામાં શ્વેતશિલા ઉપર કોતરવામાં આવેલો છે. પ્રો. લ્યુડર્સ જણાવે છે કે–

" આ લેખ ૨' ૧૧" પહોળો તથા ૧' ૧૦" લાંબો છે. દરેક અક્ષરનું કદ ⅞" છે. પંક્તિ ૧–૨ ના આરંભમાં તથા અંતમાં તેમજ પંક્તિ ૩–૪ ના અંતમાં અક્ષરો જીર્ણ થઇ ગયા છે. કારણ કે આ શિલાનો થોડો થોડો ભાગ કાપી ન્હાંખવામાં આવ્યો છે, અગર તે ભાંગી ગયો છે. ઉપરના લેખ જેવીજ લિપિ છે. પંક્તિ ૧ માં આવેલા ओम् નો ओ, પંક્તિ ૧૫–૧૭–૨૪ માં આવેલા ओसवाल તથા પંક્તિ ૨૭ માં આવેલા ओरासा ના ओ થી જુદો પડે છે. સર્વ ઠેકાણે व ને બદલે व વાપરેલો છે, માત્ર પંક્તિ ૨૭ માં श्रीमातामहवु અને ઉપાંત્ય પંક્તિમાં આવેલા अर्बुदास् માં તે પ્રમાણે નથી. છેલ્લી બે પંક્તિઓ કાંઇક નવીનતા દર્શાવે છે, અક્ષરો જરા મ્હોટા છે અને કાંઇક બેદરકારીથી કોતરેલા છે. र અને ञ માં ઘણા ઠેકાણે ભિન્નતા જોવામાં આવે છે તેમજ વચ્ચે આવેલા ए અને ओ માં પણ તેમ છે. વળી ए તથા ओ ને ૭ ઠેકાણે પંક્તિ ઉપર માત્રા કહાડવામાં આવી છે. જેમકે–भेजाते, मवने,–पान्थे,- सूरेर्, तयोः અને विलोक्यामाने. આ પદ્ધતિ પ્રથમની ૩૧ પંક્તિઓમાં માત્ર ત્રણ વારજ જોવામાં આવે છે, જેમકે-वर्षे (પં. ૧) देवेन, (પં. ૨૬) અને गोसल (પં. ૧૩) આ ઉપરથી ચોક્કસપણે એમ પ્રતિપાદન થાય છે કે છેલ્લી બે પંક્તિઓ પાછળથી ઉમેરવામાં આવી છે. "

" આ લેખ સંસ્કૃત ગદ્યમાં છે માત્ર ૩૦ મી પંક્તિમાં એક પદ્ય છે. આ વખતના તેમજ આ દેશના બીજા લેખોની માફક આ લેખમાં પણ ભાષા

ઉપર ગુજરાતીના ૨૯ શબ્દોની અસર દૃષ્ટિગોચર થાય છે. વિશેષનામો પ્રાકૃત રૂપમાંજ છે અગર અર્દ્ધ સંસ્કૃત છે. વળી પંક્તિ ૩૬ માં 'કુમાર' ને બદલે 'કુમર' નો ઉપયોગ કર્યો છે તે પ્રાકૃત અસરના લીધેજ છે. ઘણીવાર દ્વંદ્વ સમાસના એક પદને તથા થી જોડવામાં આવે છે. (પં. ૮-૯-૧૨-૧૯-૨૦) નીચેના શબ્દો જાણવા જેવા છે—अपमार (પુ.)=ખોજો. (પં. ૨૯); अष्टाह्निका (સ્ત્રી.) આઠ દિવસ સુધી ચાલનારો ઉત્સવ (પં. ૧૨, ૧૪, ૧૬ વિગેરે); कल्याणिक (ન.) એક આમોદપ્રદ દિવસ (પં. ૨૬); तथा ज्ञातीय=ઉપર્યુક્ત જાતનો (પં. ૧૦); महाजन (પુ.) વેપારી (પં. ૧૦); राठीय (પુ.) એક જાતના અધિકારીઓ (પં. ૨૮); वर्षग्रन्थि (પુ.) વાર્ષિક દિવસ (પં. ૧૨); सत्क=નું હોવું (પં. ૩, ૭, ૧૦) सारा (સ્ત્રી.) કાળજી, દેખરેખ (?) (પં. ૯); પંક્તિ ૬ માં प्रतिष्ठापित ના અર્થમાં प्रतिष्ठित વાપરવામાં આવ્યો છે."

આ લેખમાં નેમિનાથનું દેવાલય બંધાવ્યાની, તથા તેમના ઉત્સવોના નિયમોની, તેમજ દેવાલયના રક્ષણ વિગેરેની રાજકીય નોંધનો સમાવેશ થાય છે."

(લેખનો સાર.)

સંવત્ ૧૨૮૭ ના ફાલ્ગુન વદિ ૩ રવિવારના દિવસે, શ્રીમદ્ અણહિલપુરમાં, ચૌલુક્યકુલકમલરાજહંસ અને સમસ્તરાજાવલી સમલંકૃત મહારાજાધિરાજ શ્રી (ભીમદેવના) વિજયિ રાજમાં,....... શ્રી વસિષ્ઠર્ષિના યજ્ઞકુંડમાંથી ઉત્પન્ન થયેલા-(પરમાર વંશમાં) શ્રી ધૂમરાજદેવના કુલમાં અવતરેલા મહામંડલેશ્વર શ્રી સોમસિંહદેવના આધિપત્યમાં, તેજ શ્રીમહારાજાધિરાજ શ્રી ભીમદેવના પ્રસાદ...... રાતમંડલમાં, શ્રી ચૌલુક્યકુલોત્પન્ન મહામંડલેશ્વર રાણક શ્રી લવણપ્રસાદદેવ સુત મહામંડલેશ્વર રાણક શ્રી વીરધવલદેવનો સમસ્ત મુદ્રાવ્યાપાર કરનાર (મહામાત્ય), શ્રીમદણહિલપુર નિવાસી પ્રાગ્વાટ જ્ઞાતિના ઠ૦ શ્રી ચંડપ સુત ઠ૦ શ્રી ચંડપ્રસાદ પુત્ર મહં૦ સોમ પુત્ર ઠ૦ શ્રી આસરાજ અને તેની ભાર્યા ઠ૦ શ્રી કુમારદેવીનો પુત્ર, અને મહં૦ શ્રી મલ્લદેવ તથા સંઘપતિ મહં૦ શ્રી વસ્તુપાલનો ન્હાનો ભાઈ મહં૦ શ્રી તેજપાલ, તેણે પોતાની ભાર્યા મહં૦ શ્રી અનુપમદેવીના તથા

તેની કુક્ષિથી અવતરેલા પુત્ર મહં૦ શ્રી લુણસિંહના પુણ્ય અને યશની અભિવૃદ્ધિ માટે, શ્રી અર્બુદાચલ ઉપર, દેઉલવાડા ગામમાં, સમસ્ત દેવકુલિકાલંકૃત અને વિશાલ હસ્તિશાળાવડે શોભિત 'શ્રી લુણસિંહ-વસહિકા' નામનું નેમિનાથ તીર્થંકરનું આ મંદિર કરાવ્યું.

નાગેન્દ્રગચ્છના શ્રી મહેન્દ્રસૂરિની શિષ્યસંતતિમાં, શ્રી શાંતિસૂરિના શિષ્ય, શ્રી આણંદસૂરિના શિષ્ય, શ્રી અમરચંદ્રસૂરિના પટ્ટધર શ્રી હરિભદ્રસૂરિના શિષ્ય શ્રી વિજયસેનસૂરિએ, આ મંદિરની પ્રતિષ્ઠા કરી.

આ ધર્મસ્થાન (મંદિર)ની વ્યવસ્થા અને રક્ષણ માટે જે જે શ્રાવકો નિયમવામાં આવ્યા છે તેમનાં નામો આ પ્રમાણે—

મહં૦ શ્રીમલ્લદેવ, મહં૦ શ્રીવસ્તુપાલ, મહં૦ શ્રી તેજપાલ આદિ ત્રણ ભાઇઓની સંતાન પરંપરાએ; તથા મહં૦ શ્રીલુણસિંહના માતૃપક્ષમાં (મોશાળમાં)* ચંદ્રાવતી નિવાસી પ્રાગ્વાટજ્ઞાતિના ઠ૦ શ્રી સાવદેવના પુત્ર, ઠ૦ શ્રી શાલિગના પુત્ર, ઠ૦ શ્રી સાગરના પુત્ર, ઠ૦ શ્રી ગાગાના પુત્ર, ઠ૦ શ્રી ધરણિગ, તેનો ભાઈ મહં૦ શ્રી રાણિગ, મહં૦ શ્રી લીલા; તથા ઠ૦ શ્રી ધરણિગની ભાર્યા ઠ૦ શ્રી તિહુણદેવીની કુક્ષિથી જન્મેલી મહં૦ શ્રી અનુપમાદેવીના ભાઇ ઠ૦ શ્રી ખીંબસીહ, ઠ૦ શ્રી આંબસીહ, અને ઠ૦ શ્રી ઉદલ; તથા મહં૦ શ્રી લીલાના પુત્ર મહં૦ શ્રી લુણસિંહ તથા ભાઇ ઠ૦ શ્રી જગસીહ અને ઠ૦ રત્નસીહના સમસ્ત કુટુંબે તથા એમની જે સંતાન પરંપરામાં થાય તેમણે, આ ધર્મસ્થાનમાં સ્નાન

---

* ચંદ્રાવતી પરમારોની રાજધાની હતી. તે એક સૌંદર્યપૂર્ણ અને વૈભવશાલિની નગરી હતી. તે આજે સર્વથા નષ્ટ થઈ ગઈ છે. માત્ર કેટલાક ઐતિહાસિક પ્રબંધો-લેખો શિવાય તેનું નામ પણ આજે અસ્તિત્વમાં નથી. એના વિષયમાં પં. ગૌરીશંકર ઓઝાએ, પોતાના सिरोही का इतिहास નામક પુસ્તકમાં આ પ્રમાણે જણાવે છે:—

"ચંદ્રાવતી—આબુરોડ સ્ટેશનથી લગભગ ૪ માઇલની દક્ષિણે દૂર દૂર સુધી ચંદ્રાવતી નામક પ્રસિદ્ધ અને પ્રાચીન નગરીના ખંડેરો નજરે પડે છે. આ નગરી પહેલાં પરમારોની રાજધાની હતી અને બહુજ સમૃદ્ધિશાલિની હતી. એ વાતની સાક્ષી, આ સ્થાને જે અનેક ભગ્નમંદિરોનાં ચિન્હો તથા ઠેકાણે ઠેકાણે પડી રહેલા આરસ-

અને પૂજન આદિક સઘળા (દેવપૂજા સંબંધી) કાર્યો સદૈવ કરવાં અને નિર્વહવાં.

તથા, શ્રી ચંદ્રાવતીના બીજા પણ સમસ્ત મહાજન અને સકલ જિનમંદિર પૂજક આદિ શ્રાવક સમુદાયે પણ તેમજ કરવું.

પછી, ઉવરણી અને કીસરઉલી ગ્રામના, પ્રાગ્વાટ, ધર્કટ આદિ જુદી જુદી જાતોના આગેવાન શ્રાવકોનાં નામો આપ્યાં છે. અને જણાવ્યું

પહાણના ઢગલાઓ છે, તે સ્પષ્ટ રીતે આપી રહ્યા છે. મંત્રી તેજપાલની ધર્મપરાયણા અને પતિવ્રતા પત્ની અનુપમાદેવી આજ નગરીના રહેવાસી પોરવાડ મહાજન ગાગાના પુત્ર ધરણિગની પુત્રી હતી. કહેવાય છે કે, જ્યારે જ્યારે મુસલમાનોની સેનાઓ આ રસ્તે થઇને નિકળતી ત્યારે ત્યારે આ વૈભવશાલિની નગરીને લૂટવામાં આવતી હતી. આવી વિપત્તિના લીધે આખરે આ નગરી સર્વથા ઉજડ થઈ ગઇ અને અહિંના રહેવાસિઓ પ્રાયઃકરીને ગુજરાતમાં જઈ વસ્યા. અહિં આરસપહાણના બનેલાં ઘણાં મંદિરો હતાં જેમાંના કેટલાએકનાં દ્વારો, તોરણો, અને મૂર્તિઓ આદિ ઉપકરણો ઉખાડી ઉખાડી લોકોએ દૂર દૂરના બીજા મંદિરોમાં લગાડી દીધાં, અને જે બાકી રહ્યાં હતાં તે રાજપૂતાના માલવા રેલ્વેના કંટ્રાકટરોએ તોડી ન્હાંખ્યાં. ઇ. સ. ૧૮૨૨ (વિ. સં. ૧૮૭૯) માં 'રાજસ્થાન' નામક પ્રસિદ્ધ ઇતિહાસના લેખક કર્નલ ટાડ સાહેબ અહિં આવ્યાં હતા. તેમણે પોતાના 'ટ્રાવેલ્સ ઈન્ વેસ્ટર્ન ઈન્ડીઆ' નામના પુસ્તકમાં અહિંના બચેલા કેટલાંક મંદિરાદિકોનાં ચિત્રો આપ્યાં છે; જેમનાથી તેમની કારીગરી અને સુન્દરતા આદિનું અનુમાન થઈ શકે છે. ઈ. સ. ૧૮૨૪ (વિ. સં. ૧૮૮૧) માં સર ચાર્લ્સ કૉલ્વિલ સાહેબ પોતાના મિત્રો સાથે અહિં આવ્યા ત્યારે આરસપહાણના બનેલાં ૨૦ મંદિરો અત્ર ઉભાં હતાં જેમની પ્રશંસા એ સાહેબે કરી છે. વર્તમાનમાં આ જગ્યાએ એક પણ મંદિર સારી સ્થિતિમાં નથી. એક વૃદ્ધ રાજપૂતે વિ. સં. ૧૯૪૪ માં મ્હને અહિંના મંદિરોની બાબતમાં કહ્યું હતું કે "રેલ્વે (રાજપૂતાના માલવા રેલ્વે) થવાની પહેલાં તો આ ઠેકાણે અનેક આરસના બનેલાં મંદિરો વિદ્યમાન હતાં પરંતુ જ્યારે રેલ્વેના કંટ્રાકટરોએ અહિંના પત્થરો લઈ જવા માટે કંટ્રાકટ લીધો ત્યારે તેમણે તે ઉભાં રહેલાં મંદિરોને પણ તોડી પાડી, તેમના પત્થરો લઈ ગયા. આ વાતની જ્યારે રાજ્યને ખબર પડી ત્યારે તેમને તે પત્થર લઇ જતા બંધ કરવામાં આવ્યા, તેથી તેમના ભેગા કરેલા પત્થરોના ઢગલાઓ હજુ સુધી ચંદ્રાવતી અને માવલની વચમાં ઠેકાણે ઠેકાણે પડી રહેલા છે. અને કેટલાક પત્થરો સાંતપુરની પાસે પડેલા છે." આવી રીતે એ પ્રાચીન નગરીના મહત્વનો ખેદજનક અંત આવ્યો. હવે તો તે અનુપમ મંદિરોનાં દર્શન મહાનુભાવ કર્નલ ટૉડે આપેલા સુંદર ચિત્રો સિવાય કોઇપણ રીતે થઇ શકતાં નથી.— પૃષ્ઠ. ૪૧-૪૨.

છે કે તેમણે આ મંદિરની પ્રતિષ્ઠાની વર્ષગ્રંથિ (દરેક વર્ષગાંઠ) ઉપર જે આષ્ટાહ્નિક મહોત્સવ કરવામાં આવે તેના પહેલા દિવસે–ચૈત્રવદિ ૩ ત્રીજે સ્નાત્ર અને પૂજન આદિક ઉત્સવ કરવો.

આવીજ રીતે બીજા દિવસે–ચૈત્ર વદિ ૪ ના દિવસે, કાસહૃદગ્રામના જુદી જુદી જાતોના આગેવાન શ્રાવકોએ, વર્ષગાંઠના આષ્ટાહ્નિક મહોત્સવના બીજા દિવસનો મહોત્સવ ઉજવવો.

પંચમીના દિવસે, બ્રહ્માણ વાસી શ્રાવકોએ, આષ્ટાહ્નિક મહોત્સવના ત્રીજા દિવસનો ઉત્સવ કરવો.

છઠના દિવસે, ધઉલીગામના શ્રાવકોએ ચોથા દિવસનો ઉત્સવ કરવો.

સાતમના દિવસે, મુંડસ્થળ મહાતીર્થવાસી તથા ફીલિણી ગામ નિવાસી શ્રાવકોએ પાંચમા દિવસનો મહોત્સવ ઉજવવો.

અષ્ટમીના દિવસે, હુંડાઉદ્રા ગામના અને ડવાણી ગામના શ્રાવકોએ છઠા દિવસનો મહોત્સવ કરવો.

નવમીના દિને મડાહડના શ્રાવકોએ સાતમા દિવસનો મહોત્સવ કરવો.

દશમીના દિવસે સાહિલવાડાના રહેવાસી શ્રાવકોએ એ મહોત્સવના આઠમા દિવસનો મહોત્સવ ઉજવવો.

તથા અર્બુદ ઉપરના દેઉલવાડા ગામના નિવાસી સમસ્ત શ્રાવકોએ નેમિનાથ દેવના પાંચે કલ્યાણકો યથા દિવસે, પ્રતિવર્ષ કરવાં.

આ પ્રમાણેની વ્યવસ્થા, શ્રી ચંદ્રાવતીના રાજા શ્રીસોમસિંહ દેવે, તથા તેમના પુત્ર રાજકુમાર શ્રીકાન્હડદેવ પ્રમુખ કુમારોએ, અને બીજા સમસ્ત રાજવર્ગે, તથા ચંદ્રાવતીના સ્થાનપતિ ભટ્ટારક આદિ કવિલાસોએ (કવિ વર્ગ=પંડિત વર્ગ ?); તથા ગૂગલી બ્રાહ્મણ અને સમસ્ત મહાજનના સમુદાયે, તથા આબુ ઉપરના શ્રીઅચલેશ્વર અને શ્રીવસિષ્ઠ સ્થાનના, તેમજ નજીક રહેલાં દેઉલવાડા, શ્રીમાતામહબુ ગ્રામ, આબુય ગ્રામ, ઓરાસા ગ્રામ, ઉત્તરછ ગ્રામ, સિહર ગ્રામ, સાલ ગ્રામ, હેઠઉંજી ગ્રામ, આખી ગ્રામ અને શ્રીધાંધલેશ્વર દેવના કોટડી

આદિ બાર ગામોમાં રહેનારા સ્થાનપતિ, તપોધન, ગુગલી બ્રાહ્મણ અને રાઠિય આદિ સમસ્ત પ્રજાવર્ગે, તથા ભાલિ, ભાડા પ્રમુખ ગામોમાં રહેનારા શ્રી પ્રતીહારવંશના સર્વ રાજપુરૂષોએ, પોતપોતાની ઇચ્છા પ્રમાણે શ્રી નેમિનાથ દેવના મંડપમાં બેસી બેસીને મહં૦ શ્રી તેજપાલની પાસેથી પોતપોતાના આનંદ પૂર્વક. શ્રીલુણસિંહવસહિકા નામના આ ધર્મસ્થાનનું સકલ રક્ષણ કાર્ય કરવાનું સ્વીકાર્યું છે તેથી પોતાનું એ વચન પ્રામાણિક રીતે પાલવા માટે આ સઘળા જનોએ તથા એમની સંતાન પરંપરાએ પણ જ્યાં સુધી આ ધર્મસ્થાન જગત્‌માં વિદ્યમાન રહે ત્યાં સુધી આનું રક્ષણ કરવું.

કારણ કે—ઉદારચિત્ત વાળા પુરૂષોનું એજ વૃત્ત હોય છે કે જે કાર્ય સ્વીકાર્યું હોય તેનું અંત સુધી નિર્વહણ કરવું. બાકી કેવલ કપાલ, કમંડલુ, વલ્કલ, શ્વેત યા રકત વસ્ત્ર અને જટાપટલ ધારણ કરવાથી તો શું થાય છે !

તથા મહારાજ શ્રીસોમસિંહદેવે આ લુણસિંહવસહિકામાં વિરાજમાન શ્રીનેમિનાથ તીર્થંકરની પૂજા આદિના ખર્ચ માટે ડવાણી નામનું ગામ દેવદાન તરીકે આપ્યું છે. તેથી સોમસિંહદેવની પ્રાર્થના છે, કે–તેમના –પરમાર–વંશમાં જે કોઈ ભવિષ્યમાં શાસક થાય તેમણે ' આચંદ્રાર્ક ' સુધી આ દાનનું પાલન કરવું.

એ પછી બે પદ્યો છે જે કૃષ્ણર્ષીય નયચંદ્રસૂરિનાં રચેલાં છે અને તેમાં અર્બુદગિરિનું માહાત્મ્ય વર્ણવામાં આવ્યું છે.

અંતમાં, ' સં. સરવણનો પુત્ર સં. સિંહરાજ, સાધૂ સાજણ, સં. સહસા, સાઇદેપુત્રી સુનથવ પ્રણામ કરે છે. ' આ પ્રમાણે ઉલ્લેખ છે. આ લીટીના અક્ષરો, ઉપરના આખા લેખથી જુદા પડે છે તેથી જણાય છે કે કોઇએ પાછળથી ઉમેર્યું છે. મ્હોટા તીર્થ સ્થળોમાં યાત્રિઓ આવી રીતે પોતાનું નામ કોતરાવવામાં પુણ્ય સમજતા હતા અને તેના માટે ખાસ દ્રવ્ય આપી આવાં નામો કોતરાવતા હતા. કેશરીઆજી વિગેરે ઘણા ઠેકાણે આવા હજારો નામો યત્ર તત્ર કોતરેલાં છે.

આ લેખમાં જણાવેલા ગામોમાંના કેટલાંક ગામોનાં નામોનો ખુલાસો આપતાં ડૉ. લ્યુડર્સ જણાવે છે કે—

" આ લેખમાં જે જે સ્થાનો વર્ણવ્યાં છે તેમાનાં નીચે લખેલાંનો પત્તો મળી શક્યો છે. અર્બુદ ઉપરનું દેઉલવાડા તે હિંદુસ્તાનના નકશામાંનું (Indian Atlas) દીલવારા છે જે અક્ષાંસ ૨૪° ૩૬' ઉત્તર, તથા રેખાંસ ૭૨°૪૩' પૂર્વ ઉપર આવેલું છે. ઉમરણિકી ગામ તે નકશાનું ઉમર્ણી એ જે દીલવારાથી દક્ષિણ પૂર્વમાં ૭ માઇલ દૂર આવેલું છે. ધઉલી ગામ તે ધઉલી છે જે દીલવારાથી પશ્ચિમ–દક્ષિણ–પશ્ચિમમાં ૮½ માઇલ દૂર છે, મુંડસ્થલ મહાતીર્થ તે નકશાનું મુરથલા હોઈ શકે જે દીલવારાથી ૮½ માઇલ દૂર દક્ષિણ–પૂર્વમાં છે. ગડાહડ નામ નકશાનું ગડર છે જે દીલવારાથી દક્ષિણ–પશ્ચિમમાં ૧૧ માઇલ દૂર છે; કદાચ ગડર (ગડાદ) ને બદલે ગડર વપરાયું હોય. સાહિલવાડા તે સેલવર છે જે દીલવારાથી પશ્ચિમ–ઉત્તર પશ્ચિમમાં ૮½ માઇલ દૂર છે. જે ગામો ખાસ કરીને અર્બુદ પર્વત પાસે આવેલાં છે એમ જે કહેવામાં આવ્યું છે તેમાંનું આબુય તે નકશામાંનું આબુ છે જે દીલવારાથી દક્ષિણ–પશ્ચિમમાં ૧½ માઇલ દૂર છે. ઉતરચ્છ તે ઉતરજ છે જે દીલવારાથી ઉત્તર–પૂર્વમાં ૫½ માઇલ દૂર છે. સિહર તે સર છે જે દીલવારાથી દક્ષિણ–પશ્ચિમમાં ૮ માઇલ દૂર છે. હેઠઉજી તે હેઠંજી છે જે દીલવારાથી દક્ષિણે બે માઇલ દૂર છે. કોટડી તે નકશાનું દીલવારાથી પૂર્વમાં સાત માઇલ ઉપર આવેલું કોટડા હશે. સાલ ઘણુંખરું સાલગાંમ હશે જે દીલવારાથી દક્ષિણ–પૂર્વ–દક્ષિણમાં એક માઇલ છે. નકશામાં નામ આપ્યું છે. તે ખોટું ધારી એમ કહી શકાય કે, દીલવારાથી ઉત્તર–પશ્ચિમમાં આવેલું ત્રણ માઇલ દૂર જે ઓરીઆ ગામ છે તે ઓરાસા હશે. "

---

(૬૬)

આ નેમિનાથના મુખ્ય મંદિરની આજુબાજુ બીજી ન્હાની ન્હાની ૫૨ દેવકુલિકાઓ છે તે દરેક ઉપર જુદા જુદા લેખો છે. આ દેવકુલિકાઓ ઉપર હાલમાં નવા અનુક્રમનાં નંબરો લગાડેલાં છે. તેમાં ૩૯ માં નંબરની દેવકુલિકા ઉપર નં. ૬૬ નો લેખ આવેલો છે. લેખમાં કુલ ૪૫ પંક્તિઓ છે. અક્ષરો મ્હોટા અને કેટલીક જગ્યાએ ઘસાઈગએલા છે, પરંતુ સારીપેઠે વાંચી શકાય તેવા છે. લેખમાં ભાષા જો કે સંસ્કૃત

વાપરવામાં આવી છે પરંતુ તે ઘણીજ વ્યાકરણ વિરૂદ્ધ છે તથા પ્રાકૃત પ્રયોગોથી ભરેલી છે. આ લેખમાં, વસ્તુપાલ અને તેજપાલે અનેક સ્થળે જે મંદિર અને મૂર્તિ આદિ કીર્તનો કરાવ્યાં હતાં તેમાંનાં કેટલાકની નોંધ આપેલી છે. લેખનો સાર આ પ્રમાણે છે—

સ્વસ્તિ. સં. ૧૨૯૬ ના વૈશાખ શુદ્દી ૩.

શત્રુંજય મહાતીર્થ ઉપર મહામાત્ય તેજપાલે નંદીસર (નંદીશ્વર) ના પશ્ચિમ મંડપ આગળ એક શ્રીઆદિનાથભગવાનનું બિંબ, તથા ધ્વજાદંડ અને કલસ સહિત દેવકુલિકા બનાવી. તથા આજ (આબુ) તીર્થમાં મહં૦ શ્રીવસ્તુપાલે શ્રીસત્યપુરીય શ્રીમહાવીરબિંબ અને ખત્તક બનાવ્યાં. તથા વળી અહિંયાજ પાષાણમય બિંબ, બીજી દેવકુલિકામાં બે ખત્તક અને ઋષભઆદિ તીર્થંકરોની ચોવીસી બનાવી. તથા ગૂઢમંડપમાં પૂર્વ બાજુના દ્વાર આગળ ખત્તક, મૂર્તિયુગ્મ અને તે ઉપર (?) શ્રીઆદિનાથભગવાનનું બિંબ બનાવ્યું. ઉજ્યંત (ગિરનાર) ઉપર શ્રીનેમિનાથના પાદુકામંડપમાં શ્રીનેમિનાથનું બિંબ અને ખત્તક બનાવ્યું. આજ તીર્થ ઉપર મહં૦ શ્રીવસ્તુપાલના કરાવેલા આદિનાથની આગળ મંડપમાં શ્રીનેમિનાથનું બિંબ અને ખત્તક બનાવ્યું. શ્રીઅર્બુદગિરિમાં શ્રીનેમિનાથના મંદિરની જગતીમાં બે દેવ કુલિકા અને ૬ બિંબો બનાવ્યાં.

જાવાલીપુર+ માં શ્રીપાર્શ્વનાથના મંદિરમાં આદિનાથનું બિંબ અને દેવકુલિકા કરાવી.

શ્રીતારણગઢ (તારંગા) ઉપર શ્રીઅજિતનાથ દેવચૈત્યના ગૂઢ મંડપમાં શ્રીઆદિનાથબિંબ અને ખત્તક કરાવ્યાં. *

+ જાવાલીપુર તે મારવાડમાં જોધપુર રાજ્યમાં આવેલું જાલોર શહેરછે.

* તારંગામાં, મંદિરના પ્રવેશદ્વારની બંને બાજુએ બે મ્હોટા ગોખલાઓ જે બનેલા છે, અને જેમાં હાલમાં યક્ષ–યક્ષિણિઓની મૂર્તિઓ સ્થાપન કરેલી છે; તેના માટે આ ઉલ્લેખ છે. આ બંને ગોખલાઓ–ખત્તકો વસ્તુપાલે પોતાના આત્મશ્રેયમાટે બનાવ્યાં છે. એમાં તે વખતે આદિનાથ

શ્રીઅણહિલ્લપુર (પાટણ) માં ઢુંઢીઆવાડી (વાવ) ની નજીકમાં આવેલા શ્રીસુવિધિનાથ તીર્થંકરના મંદિરનો જીર્ણોદ્ધાર કર્યો તથા તેમનું નવીન બિંબ સ્થાપન કર્યું.

વીજાપુર * માં બે દેવકુલિકા તથા શ્રીનેમિનાથ અને શ્રીપાર્શ્વનાથનાં બિંબો બનાવ્યાં. શ્રીમૂલપાટકમાં કવલી (ગલી ?) અને બલાનક તથા આદિનાથ અને મુનિસુવ્રતસ્વામિની પ્રતિમાઓ કરાવી.

લાડપલ્લી † માં આવેલા શ્રીકુમારવિહારના જીર્ણોદ્ધારના સમયે શ્રીપાર્શ્વનાથના આગળના મંડપમાં પાર્શ્વનાથનું બિંબ અને બલાનક કરાવ્યું.

ભગવાનની મૂર્તિઓ સ્થાપિત કરવામાં આવી હતી. પાછળથી કોણ જાણે ક્યા કારણથી અને ક્યા વખતે તેમનું ઉત્થાપન થયું તે જાણી શકાયું નથી. વર્તમાનમાં તો એમાં ઉપર જણાવ્યા પ્રમાણે યક્ષ અને યક્ષિણીની મૂર્તિ સ્થાપિત છે. આ બન્ને ગોખલાઓ ઉત્તમ આરસપાષાણના બનેલા છે. પરંતુ તે ઉપર હાલમાં ચુનો અને રંગ ચડાવી દીધેલાં છે તેથી તેમની કારીગરી અને સુંદરતા બિલકુલ જણાતી નથી. આ ગોખલાઓમાં ગાદીના નીચેના ભાગ ઉપર વસ્તુપાલના લેખો પણ કોતરેલા છે. પરંતુ તેમની ઉપર પણ ચુનો વિગેરે ચોપડેલો છે તેથી તે લેખો પણ કોઈને જણાતા નથી. ઘણીક બારીક રીતે તપાસ કરતાં એ લેખો જણાઈ આવે તેમ છે. અને લેખોમાં એકજ પ્રકારનો ઉલ્લેખ અને પાઠ છે. એ લેખ આગળ "તારંગાના લેખો" માં આપવામાં આવેલો છે.

* વીજાપુર, ઉત્તર ગુજરાતમાં આવેલો એક કસ્બો છે, અને તે ગાયકવાડી રાજ્યના કડી પ્રાંતમાંના એ નામના તાલુકાનું મુખ્ય સ્થાન છે.

† લાડપલ્લી તે હાલનું લાડોલ નામનું ગામ છે. જે ઉપર્યુક્ત વીજાપુરથી ઉત્તરે પણ ગાઉ ઉપર આવેલું છે. એ સ્થાન પૂર્વકાલમાં સમૃદ્ધ હશે એમ એની આસપાસ પડેલા કોતરકામવાળા પત્થરોના કકડાઓ ઉપરથી જણાય છે. એના ઉલ્લેખો ઘણી જગાએ જોવામાં આવે છે. આ લેખમાં જણાવેલો કુમારવિહાર વર્તમાનમાં વિદ્યમાન નથી તેમજ તે ક્યાં આગળ આવેલો હતો એનું પણ કોઈ ચિન્હ જણાતું નથી, હાલમાં એ ગામમાં ફક્ત એક જિનમંદિર છે અને તે અર્વાચીન છે. થોડા વર્ષ પહેલાં એ ગામમાં

પ્રલ્હાદનપુર (પાલનપુર) માં આવેલા પાલ્હણવિહાર નામના મંદિરમાં ચંદ્રપ્રભતીર્થંકરના મંડપમાં બે ખત્તકો કરાવ્યાં.

આ જ મંદિરની જગતી (ભમતી=પ્રદક્ષિણામાર્ગ) માં નેમીનાથની આગળવાળા મંડપમાં મહાવીર જિનની પ્રતિમા કરાવી. આ બધું (એ ભાઈઓએ) કરાવ્યું છે.

નાગપુરીય અને વરહુડીયા વંશના સા. નેમડના પુત્રો સા. રાહડ અને સા. જયદેવ, તેમનો ભાઇ સા. સહદેવ, તેનો પુત્ર સંઘપતિ સા. ખેટા તથા તેનો ભાઈ ગોસલ; સા. જયદેવના પુત્રો સા. વીરદેવ, દેવકુમાર અને હાલુય; સા. રાહડના પુત્રો– સા. જિણચંદ, ધણેશ્વર અને અભયકુમાર, તેમના લઘુ ભાઈ સા. લાહડે પોતાના કુટુંબ સાથે આ કરાવ્યું (શું કરાવ્યું છે, તે લેખમાં જણાવ્યું નથી, પરંતુ એમ જણાયછે કે જે દેવકુલિકા ઉપર આ લેખ કોતરવામાં આવ્યો છે, તે દેવકુલિકા એણે કરાવી હશે.) નાગેન્દ્ર ગચ્છના આચાર્ય વિજયસેનસૂરીએ પ્રતિષ્ટા કરી.

૩૩ મી પંક્તિથી તે ૪૫ મી પંક્તિ સુધીની ૧૩ પંક્તિઓ પાછળથી ઉમેરવામાં આવીછે એમ વર્ણન અને કોતર કામ બંને ઉપરથી જણાય છે. એમાં જણાવ્યું છે કેઃ—

સા. રાહડના પુત્ર જિણચંદની ભાર્યા ચાહિણીની કુક્ષીમાં અવતરેલા સંઘપતિ સા. દેવચંદે પોતાના માતાપિતાના શ્રેયાર્થે જાવાલિપુરવાળા સુવર્ણગિરિ પર્વત ઉપર આવેલા પાર્શ્વનાથ–મંદીરની

એક ઠેકાણેથી જમીનમાં દટાએલી કેટલીક પ્રતિમાઓ મળી આવી હતી જે તદ્દન અખંડિત અને ઘણીજ સંભાળપૂર્વક સચવાએલી જણાતી હતી. એ બધી પ્રતિમાઓ હાલમાં ત્યાંના નવીન મંદિરમાંજ પધરાવેલી છે. એ મૂર્તિઓમાંની કેટલીક ઉપર લેખો પણ કોતરેલા છે જે શ્રી બુદ્ધિસાગરસૂરિ તરફથી હાલમાં જ બહાર પડેલા ' जैन धातु प्रतिमा लेख संग्रह ' ના ભાગ ૧, ના પૃષ્ટ ૭૮–૭૯ માં આપેલા છે. વિજયદેવસૂરી ઘણીક વખતે એ ગામમા આવેલા અને રહેલા છે એમ विजयदेव महात्म्य ઉપરથી જણાય છે. પૂર્ણિમા–પક્ષ (પુનમીયાગચ્છ) ની એક શાખાવાળાઓનું એ મુખ્ય સ્થાન હતું; એમ પણ કેટલાક રાસોની પ્રશસ્તિઓથી સમજાય છે.

જગતીમાં—અષ્ટાપદનામના ચૈત્યમાં બે ખત્તક કરાવ્યા; લાટાપલ્લિમાં કુમારવિહારની જગતીમાં અજિતનાથનું બિંબ તથા દંડ અને કળસ સહિત દેવકુલિકા કરાવી; આ જ મંદિરમાં અજિતનાથ અને શાંતિનાથનું—એમ પ્રતિમાયુગલ કરાવ્યું.

અણહિલ્લપુર (પાટણ) ની સમીપમાં આવેલા ચારોપ*

---

* ચારૂપ, એ પાટણથી ત્રણ ગાઉ ઉપર આવેલું ન્હાનું સરખું ગામ છે. હાલમાં ત્યાં એક સાધારણ પ્રકારનું મંદિરછે અને તેમાં એક પાર્શ્વનાથની શ્યામવર્ણ મૂર્તિ (કે જે સામળાજીના નામે ઓળખાયછે) અને એક બીજી શ્વેતવર્ણની અન્યપ્રતિમા પ્રતિષ્ઠિત છે. ઐતિહાસિક ઉલ્લેખો તરફ નજર કરતાં ચારૂપ એ બહુ જૂનું અને પ્રસિદ્ધ તીર્થસ્થાન જણાય છે. પૂર્વે ત્યાં અનેક મંદિરો હોવાં જોઇએ. प्रभावक चरित्र માં એક સ્થળે, એ સ્થાનના વિષયમાં આ પ્રમાણે ઉલ્લેખ કરેલો દૃષ્ટિગોચર થાય છે—

श्रीकान्तीनगरीसत्कधनेशश्रावकेण यत् ।
वारिधेरन्तरायानपात्रेण व्रजता सता ॥
तदधिष्ठायकसुरस्तम्भिते वाहने ततः ।
अर्चितव्यन्तरस्योपदेशेन व्यवहारिणा ॥
तस्या भुवः समाकृष्टा प्रतिमानां त्रयीशितुः ।
तेषामेका च चारूपग्रामे तीर्थं प्रतिष्ठितम् ॥
अन्या श्रीपत्तने चिञ्चातरोर्मूले निवेशिता ।
अरिष्टनेमिप्रतिमा प्रासादन्तः प्रतिष्ठिता ॥
तृतीया स्तंभनग्रामे सेढिकातटिनीतटे ।
तज्जालान्तरे भूमिमध्ये विनिहितास्ति च ॥

(—अभयदेवसूरिप्रबन्ध, १३८–४२)

આ શ્લોકોનો ભાવાર્થ એ છે કે—કાંતીનામા નગરીનો રહેવાસી કોઇ ધનેશ નામનો શ્રાવક સમુદ્રમાં મુસાફરી કરતો હતો ત્યારે એક જગ્યાએ તેના વાહણો દેવતાએ સ્તંભિત કરી દીધાં. શ્રાવકે સમુદ્રાધિષ્ઠિત દેવતાની પૂજા કરી ત્યારે તેણે કહ્યું કે આ સ્થળે ત્રણ જિનપ્રતિમાઓ રહેલી છે તે કઢાવીને તું લઇજા. ધનેશે તે પ્રતિમાઓ કઢાવી ને સાથે લીધી. તેમાંની એક તેણે ચારૂપમાં, બીજી પાટણમાં આમલીના ઝાડ નીચે વાળા અરિષ્ટનેમિના મંદિરમાં અને ત્રીજી સેઢી નદીના કાંઠે આવેલા સ્તંભનક ગ્રામમાં એમ ત્રણ સ્થળે પધરાવી. (સ્તંભનક માટે આગળ

(હાલનું ચારૂપ) નામના સ્થાનમાં આદિનાથનું બિંબ, એક મંદિર અને ૬ ચઉકિયા (વેદીઓ ?) સહિત ગૂઢમંડપ બનાવ્યું.

પૃષ્ટ ૭૧ ઉપર ખુલાસો કરવામાં આવ્યો છે, ત્યાં જુઓ.) આ ઉપરથી એમ સમજાય છે કે प्रभावक चरित्रकार ના સમયમાં એ સ્થાન બહુ મહત્ત્વનું અને પ્રાચીન ગણાતું હતું. એ જ ચરિત્રમાં વીરસૂરીના પ્રબંધમાં લખવામાં આવ્યું છે કે–વીરસૂરિ પાટણ આવ્યા ત્યારે પ્રથમ તેઓ ચારૂપ આવીને રહ્યા હતા અને ત્યાં તેમનો સિદ્ધરાજ જયસિંહે તથા પાટણના સંઘે ખૂબ સત્કાર કર્યો હતો. ૧૪ મા સૈકામાં થઇ ગયેલ. માંડવગઢના પ્રસિદ્ધ ધનાઢ્ય પેથડશાહે ચારૂપમાં એક શાંતિનાથનું મંદિર બનાવ્યું હતું, એમ सुकृतसागर અને મુનિસુંદર-સૂરીની બનાવેલી गुर्वावली માં સ્પષ્ટ ઉલ્લેખ છે. उपदेशतरंगिणी માં કેટલાક પ્રસિદ્ધ પ્રસિદ્ધ તીર્થસ્થળોનાં નામો ગણાવ્યાં છે તેમાં પણ ચારૂપ નું નામ જોવામાં આવે છેઃ—

" श्रीजीरापल्ली–फलवर्धि–कलिकुंड–कुर्कुटेश्वर–पावक–आरासण–संखेश्वर–चारूप–रावणपार्श्व–वीणादीश्वर–चित्रकूट–आघाट–श्रीपुर–स्तंभनपार्श्व–राणपुरचतुर्मुखवि-हाराद्यनेकतीर्थानि जगतीतले वर्तमानानि । "

આ સિવાય બીજાં પણ અનેક તીર્થમાળા આદિ પ્રકરણોમાં તથા સ્વતંત્ર સ્તોત્ર–સ્તવનોમાં ચારૂપને એક પવિત્ર તીર્થ તરીકે કથવામાં આવ્યું છે. એ બધા ઉપરથી એમ સ્પષ્ટ જણાય છે કે જુના સમયમાં એ સ્થાન બહુ પ્રસિદ્ધ હતું અને ત્યાં અનેક મંદિરો હતાં. વર્તમાનમાં એ ઠેકાણે પ્રાચીનતા-દર્શક કોઇ વિશેષ પ્રમાણો દેખાતાં નથી. પરંતુ જો ખોદકામ કરવામાં આવે તો કેટલીક મૂર્તિઓ વિગેરે મળી આવવાનો ખાસ સંભવ રહે છે. મ્હેં મ્હારી મુલાકાત દરમ્યાન એ સ્થાને એક પરિકરનો ખંડિત ભાગ જોયો હતો જેના ઉપર આ પ્રમાણે લેખ કોતરેલો હતોઃ—

(૧) ....दि १३ श्रीनागेन्द्रगच्छे श्रीसीलगुणसूरिसंताने श्रे० राघण सुत श्रे० सोमा तथा श्रे० जसरा सुत

(२) ....देवाभ्यां चारूपग्रामे श्रीमहातीर्थे श्रीपार्श्वनाथपरिकरकारित

(३) प्रतिष्ठितं श्रीदेवचन्द्रसूरिभिः ।

આ લેખમાં જણાવેલા દેવચંદ્રસૂરી સાથે સંબંધ ધરાવનારો સંવત્‌ ૧૩૦૧ નો એક લેખ પાટણમાં છે. તથા ખાસ એ આચાર્યની એક મૂર્તિ પણ પાટણના પંચાસરા પાર્શ્વનાથના મંદિરમાં વિરાજિત છે.

આ લેખ તથા નં. ૧૦૬, ૧૦૭, ૧૨૧, ૧૨૨, ૧૨૩, ૧૨૬, અને ૧૨૭ વાળા લેખો એકજ કુટુંબના છે. નં. ૧૦૬–૭ વાળા લેખોમાં જણાવ્યું છે કે–પૂર્વે નાગપુરમાં (મારવાડમાં–જોધપુર રાજ્યના તાબે આવેલું હાલનું નાગોર શહેર) વરદેવ નામે શ્રેષ્ઠી હતો જેનાથી ‘વરહુડીયા’ આવું નામ એ વંશનું પડયું. તે વરદેવને બે પુત્રો હતા એક આસદેવ અને બીજો લક્ષ્મીધર. આસદેવને સા. નેમડ, આભટ, માણિક અને સલખણ; તથા લક્ષ્મીધરને થિરદેવ, ગુણધીર, જગધર અને ભુવન નામે પુત્રો થયા. તેમાં ફકત એકલા નેમડના જ વંશજોનું આ બધા લેખોમાં વર્ણન છે. ડૉ. પીટર્સનના ૩ જા રીપોર્ટમાં (પૃષ્ટ ૬૦ અને ૭૩) એ વંશ સંબંધી બે પ્રશસ્તિઓ આપેલી છે. જેમાં એકમાં નેમડના વંશનું વિસ્તૃત વર્ણન આપ્યું છે. નેમડ જાતિએ પલ્લીવાલ વૈશ્ય હતો. તે કોઈ કારણથી પોતાના મૂળ વતન નાગપુરને છોડી પાલ્હણપુરમાં આવીને રહ્યો હોય એમ બીજી પ્રશસ્તિના ઉલ્લેખ ઉપરથી જણાય છે. એના સંતાનો તપાગચ્છનો બિરૂદ પ્રાપ્ત કરનાર જગચ્ચંદ્રસૂરિના શિષ્યો દેવેન્દ્રસૂરિ, વિજયચંદ્રસૂરિ અને દેવભદ્રગણી–એ ત્રિપુટીના અનુરાગી હતા. એમના ઉપદેશથી નેમડના સંતાનોમાંથી હરેકે જુદા જુદા અનેક ધર્મકાર્યો કર્યાં હતાં. એ પ્રશસ્તિ તથા પ્રસ્તુત લેખોમાંથી નેમડની વંશાવલી આ પ્રમાણે બને છેઃ—

- નેમડ
  - રાહડ (૧ લક્ષ્મી—*૨ નાઇકિ.)
    - જિનચંદ (ચાહિણી.)
      - ધાહિણી (કન્યા.)
      - દેવચંદ
      - નામંધર
      - મહીધર
      - વીરધવલ
      - ભીમદેવ
        - ધનેશ્વર. (ધનશ્રી.)
          - અરસિંહાદિ.
        - લાહડ (લક્ષમશ્રી.)
  - જયદેવ (જાલ્હણ દેવી)
    - વીરદેવ (વિજયસિરી.)
    - દેવકુમાર (દેવસિરી.)
    - હાનુ (હરસિણી.)
  - સહદેવ (સૌભાગ્યદેવી.)
    - ખેટા (ફીલણી.)
      - જેહડ.
      - હેમચંદ્ર.
      - કુમારપાલ.
      - પાસદેવ.
    - ગોસલ (ગુણદેવી.)
      - હરિચંદ્ર
      - દેમતી

* નં. ૧૨૧ ના લેખમાં 'વડી' નામ આપ્યું છે. નં. ૧૦૭ માં 'વરી' છે.

પ્રશસ્તિમાં એમ પણ જણાવ્યું છે કે—જિનચંદ્રના પુત્રોમાંથી વીરધવલ અને ભીમદેવે દેવેન્દ્રસૂરિની પાસે દીક્ષા લીધી હતી. દેવચંદ્રે તીર્થયાત્રા માટે સંઘ કાઢી સંઘપતિ પદ પ્રાપ્ત કર્યું હતું. લાહડે પણ જિનપ્રતિમા ભરાવવામાં અને પુસ્તકો લખાવવામાં પુષ્કળ ધન ખર્ચ્યું હતું. પેથડ અને ગોસલ બન્ને ભાઇઓએ શત્રુંજય અને ગિરનાર આદિ તીર્થોની યાત્રા માટે મ્હોટા સંઘો કાઢયા હતા. આવી રીતે એ કુટુંબે અનેક ધર્મકૃત્યો કરી સ્વદ્રવ્યનું ફળ ભોગવ્યું હતું. મહામાત્ય તેજપાળના આ મંદિરમાં આ કુટુંબે આવી રીતે દેવકુલિકા અને જિનમૂર્તિઓ કરાવી છે તેનાથી એમ સમજાય છે કે એ બંને શ્રીમંત કુટુંબોમાં પરસ્પર કોઈ કૌટુંબિક—સંબંધ કે સઘન સ્નેહસંબંધ હોવો જોઇએ. કારણ કે તેજપાળનો આ આદર્શ મંદિર બનાવવામાં પોતાના સંબંધિઓ કે સ્નેહિઓનું સ્મરણ શાસ્વતરૂપે રાખવાનોજ મુખ્ય ઉદ્દેશ હતો.

(૬૭-૬૮)

નં. ૩૯ અને ૪૦ વાળી દેવકુલિકા ઉપર આ બંને લેખો ક્રમથી કોતરેલા છે. પહેલામાં લખ્યું છે કે—તેજપાલે પોતાના મ્હોટા ભાઈ વસ્તુપાલની સોખુકા નામની સ્ત્રીના પુણ્યાર્થે, સુપાર્શ્વનાથની પ્રતિમા વડે અલંકૃત થએલી આ દેવકુલિકા કરાવી છે; અને બીજામાં, એજ મહામાત્યની લલિતાદેવી નામની પત્નીના શ્રેય માટે આ દેવકુલિકા કરાવી છે.

(૬૯-૭૨)

નં. ૪૧ થી ૪૪ સુધીની દેવકુલિકાઓ ઉપર ૬૯ થી ૭૨ નંબર વાળા લેખો કોતરેલા છે. મહામાત્ય વસ્તુપાલના પુત્ર જયતસિંહ અને તેની ત્રણ સ્ત્રીઓ જે જયતલદેવી, સુહવદેવી અને રુપાદેવી નામે હતી તેમના પુણ્ય માટે આ ૪ દેવકુલિકાઓ ક્રમથી બનાવી છે.

(૭૩-૭૪)

ક્રમથી ૪૫ અને ૧ નંબરની દેવકુલિકા ઉપર કોતરેલા. મહં.

શ્રીમાલદેવ (જે વસ્તુપાલનો મ્હોટો ભાઈ હતો) ની બંને પુત્રીઓ જે સહજલ અને સદમલ નામે હતી તેમના પુણ્યાર્થે આ બંને દેવકુલિકાઓ કરાવી છે.

(૭૫)

૨ જા નંબરની દેવકુલિકા. માલદેવના પુત્ર મહં૦ શ્રીપુંનસીહની ભાર્યા આલ્હણદેવીના કલ્યાણ માટે.

(૭૬-૭૭)

અનુક્રમે ૩-૪ નંબરની દેવકુલિકા ઉપર. મહં૦ શ્રી માલદેવની ભાર્યા પાતૂ અને લીલૂના શ્રેયાર્થે આ બંને દેવકુલિકાઓ કરાવી છે.

(૭૮)

૫ નંબરની દેવકુલિકા. મહં૦ શ્રી માલદેવના પુત્ર મહં૦ શ્રી પુંનસીહના પુત્ર પેથડના પુણ્યાર્થે.

(૭૯)

૬ નંબરની દેવકુલિકા. મહં૦ શ્રી માલદેવના પુત્ર મહં૦ શ્રી પુંનસીહના કલ્યાણ માટે.

(૮૦)

૭ નંબરની દેવકુલિકા. મહં૦ શ્રી માલદેવના શ્રેય સારૂં.

(૮૧)

૮ નંબરની દેવકુલિકા. મહં૦ શ્રી પુંનસીહની પુત્રી બાઈ વલાલદેવીના કલ્યાણ નિમિત્તે.

(૮૨)

૯ નંબરની દેવકુલિકા.

ગુંદઉચ મહાસ્થાન (મારવાડમાં પાલી પાસે 'ગુંદોચ' કરીને ગામ છે તે)ના નિવાસી ધર્કટવંશીય શ્રે. બાહડિના પુત્ર શ્રે. ભાભૂના પુત્ર શ્રે૦ ભાઇલે, પોતાના સઘળા કુટુંબસાથે આ દેવકુલિકા કરાવી. પોતાના ગુરૂ

શ્રીપદ્મદેવસૂરિ અને સૂત્રધાર § શોભનદેવની સમક્ષ, નેમિનાથદેવની નેચા (પૂજા ?) માટે ૧૬ દ્રમ્મ (તે વખતે ચાલતા એક પ્રકારનાં શિક્કાઓ) દેવના ભંડારમાં મુકયા છે. તેમનો પ્રતિમાસ ૮ વિશોપકા (ટકા) વ્યાજ આવશે તેમાંથી અર્ધાથી તો મૂલબિંબની અને અર્ધાથી આ દેવકુલિકામાં, પૂજારીઓએ હમેશાં પૂજા કરવી.

(૮૩)

૧૦ નંબરની દેવ કુલિકા ઉપર.

સંવત્ ૧૨૯૩, વૈશાખ સુદિ ૧૫, શનિવાર. લેખનો સારાંશ એ છે કે—મહું૦ શ્રી તેજપાલે બનાવેલા આ લૂણસિંહ વસહિકા નામના શ્રીનેમિનાથદેવના મંદિરની જગતીમાં, ચંદ્રાવતી નિવાસી પ્રાગ્વાટ જ્ઞાતીય ઠક્કુર સહદેવપુત્ર ઠ૦ સિવદેવપુત્ર ઠ૦ સોમસિંહ સુત ઠ૦ સાંવતસીહ, સુહડ આદિ કુટુંબે (આ ઠેકાણે ઘણાં જણનાં નામો છે) પોતાના માતા-પિતાના શ્રેય માટે પાર્શ્વનાથ તીર્થંકરનું બિંબ કરાવ્યું. નાગેન્દ્રગચ્છના આચાર્ય શ્રીવિજયસેનસૂરિએ તેની પ્રતિષ્ઠા કરી.

(૮૪)

૧૪ * નંબરની દેવકુલિકા ઉપર.

સંવત્ ૧૨૯૩ વૈશાખ સુદી ૧૫, શનિવાર. લેખનો ઘણો ખરો ભાગ, ઉપરના લેખને મળતો જ છે. ચંદ્રાવતી નિવાસી પ્રાગ્વાટ જ્ઞાતીય શ્રે૦ વીરચંદ્ર-ભાર્યા શ્રિયાદેવીના પુત્ર શ્રે૦ સાઢદેવ, શ્રે૦ છાહડ-ઇત્યા-

---

§ શોભનદેવ, આ મંદિર બનાવનાર મુખ્ય સૂત્રધાર (ઇન્જીનીયર) હતો. તેના જ બુદ્ધિકૌશલ અને શિલ્પચાતુર્યના લીધે આ મંદિર આવા પ્રકારની અનુપમ રચનાથી અલંકૃત થયું છે. જિનહર્ષ ગણિના वस्तुपाल चरित માં આનું કેટલુંક વર્ણન કરેલું છે. જિનપ્રભસૂરિએ પણ પોતાના विविधतीर्थ कल्प નામના પુસ્તકમાં એક શ્લોક વડે આ પ્રમાણે એના શિલ્પજ્ઞાનની પ્રશંસા કરી છેઃ—

अहो ! शोभनदेवस्य सूत्रधारशिरोमणेः ।
तच्चैत्यरचनाशिल्पान्नाम लेभे यथार्थताम् ॥

* ૧૧, ૧૨, ૧૩ નંબરની દેવકુલિકાઓ ઉપર લેખો નથી.

દીએ (અહિં ઘણાં નામો આપ્યાં છે) શાંતિનાથદેવનું બિમ્બ કરાવ્યું. તેની પ્રતિષ્ઠા નવાંગવૃત્તિકારક શ્રીઅભયદેવસૂરિના સંતાનીય શ્રી ધર્મઘોષસૂરિએ કરી.

આ ધર્મસૂરિ મધુકરા નામની ખરતર–ગચ્છની શાખાના હતા, એમ સમયસુન્દરોપાધ્યાયે सामाचारी शतकમાં આ જ લેખનો ઉતારો આપી જણાવે છે. (–' अत्र महुकराखरतरगच्छे श्रीधर्मघोषसूरयो ज्ञेयाः । ') વિશેષમાં વળી એમ પણ જણાવે છે કે દીવ (બંદર)ની પાસે આવેલા ઉના નગરમાં ભોંયરમાં રહેલી એક પ્રતિમા ઉપર પણ એ આચાર્યના નામનો લેખ કોતરેલો છે. યથા—

एवमेव श्रीद्वीपासन्नश्रीऊनानगरे भूमिगृहान्तर्वर्त्तिप्रतिमाप्रशस्तावपि लिखितमस्ति । यथा—' नवाङ्गवृत्तिकारश्रीअभयदेवसूरिसन्तानीयैः श्री-धर्मघोषसूरिभिः प्रतिष्ठितम् । "

ક્ષમાકલ્યાણક ગણિની બનાવેલી खरतरगच्छपट्टावली પ્રમાણે મધુકર ખરતરશાખાની ઉત્પત્તિ સંવત ૧૧૬૭ ની આસપાસ જિનવલ્લભસૂરિના સમયમાં થએલી છે. યથા—

" तद् (जिनवल्लभसूरि) वारके च मधुकरखरतरशाखा निर्गता । अयं प्रथमो गच्छभेदः * ।

(૮૫)

૧૫ નંબરની દેવકુલિકા ઉપર.

સંવત્ ૧૨૯૩, ચૈત્રવદી ૮, શુક્રવાર. ઘણોખરો ભાગ ઉપર પ્રમાણે જ લખેલો છે. ચંદ્રાવતી નિવાસી પ્રાગ્વાટજ્ઞાતીય મહં૦ કઉડીના પુત્ર શ્રે૦ સાજણે પોતાના પિતૃવ્યભાઈ વરદેવ આદી (કેટલાંક

---

* બધી મળીને ખરતરગચ્છની ૯ શાખાઓ થયેલી છે એમ એ જ પટ્ટાવલી ઉપરથી જણાય છે. તેમાં સૌથી પ્રથમ એ શાખા થઈ છે, [illegible]થી આને પ્રથમ ગચ્છભેદ જણાવ્યો છે.

નામો છે) ની સાથે ઋષભદેવની પ્રતિમાવડે અલંકૃત થયેલી આ દેવકુલિકા કરાવી. પ્રતિષ્ઠા કરનાર વિજયસેનસૂરિ.

લેખના પાછલા ભાગમાં વડગામ અને માંટગામ વસનારાં કેટલાક સ્ત્રી પુરૂષોનાં નામો આપીને અંતે ' વડગચ્છીય શ્રીચક્રેશ્વર-સૂરિના અનુયાયી શ્રાવક સાજણે કરાવી ' (શું ? તે જણાવી નથી) એમ લખ્યું છે.

(૮૬)

૧૬ નંબરની દેવકુલિકા ઉપર.

સં. ૧૨૮૭ ચૈત્રવદી ૩. મહામાત્ય શ્રીતેજપાલે કરાવેલા નેમિનાથના ચૈત્યમાં ધવલક્કક (હાલનું ધોલકા) વાસ્તવ્ય શ્રીમાલજ્ઞાતીના ઠ. વીરચંદ્રના પુત્ર ઠ. રતનસીહના પુત્ર દોસી ઠ. પદમસીહે પોતાના પિતા રતનસીહ અને માતા કુમરદેવી જે મહં. નેનાના પુત્ર મહં. વીજાની પુત્રી થાયછે—તેમના કલ્યાણ માટે, સંભવનાથની પ્રતિમા સાથે આ દેવકુલિકા કરાવી.

(૮૭-૮૮)

આ બંને લેખો ૧૭ નંબરની દેવકુલિકાના દક્ષિણ અને પૂર્વ-દ્વાર ઉપર ક્રમથી કોતરેલા છે.

મહામાત્ય તેજપાલે પોતાના પુત્ર લુણસિંહની રયણા અને લખમા નામની બંને સ્ત્રીઓ માટે આ દેવકુલિકા કરાવી, એ લેખોનો તાત્પર્ય છે.

(૮૯)

૧૮ નંબરની દેવકુલિકા ઉપર.

મહં. તેજપાલે પોતાની સ્ત્રી અનુપમાદેવીના પુણ્યાર્થે, મુનિ-સુવ્રતદેવની આ દેવકુલિકા કરાવી છે.

(૯૦-૯૧)

૧૯ નંબરવાળી દેવકુલિકાના પશ્ચિમ અને દક્ષિણદ્વાર ઉપર આ બે લેખો કોતરેલા છે.

પશ્ચિમદ્વારવાળા લેખમાં લખ્યું છે—મહં૦ તેજપાલે પોતાની

પુત્રી બઉલદેવીના શ્રેયાર્થે આ દેવકુલિકા કરાવી છે. અને દક્ષિણદ્વારના લેખમાં લૂણસિંહની પુત્રી ગઉરાદેવીના હિતાર્થે આ દેવકુલિકા કરાવી છે.

(૯૨-૯૩)

૨૦ અને ૨૨ નંબરવાળી દેવકુલિકા ઉપર છે (૨૧ નંબરની દે. ઉપર લેખ નથી.)

આ બંને લેખો ઉપરના ૮૩-૮૪-૮૫ નંબરવાળા લેખો જેવા જ છે. ચંદ્રાવતી નિવાસી પ્રાગ્વાટોએ કોતરાવેલા છે. જુદા જુદા કુટુંબનાં મનુષ્યોનાં નામો આપ્યાં છે. જે ઘણા ભાગે, આ મંત્રીઓના મોસાળ પક્ષના કે તેજપાલના સાસરા પક્ષના હશે.

(૯૪ થી ૯૯)

આ ૬ લેખો અનુક્રમે ૨૫ થી ૩૦ નંબર સુધીની દેવકુલિકાઓ ઉપર કોતરેલા છે.

મહામાત્ય વસ્તુપાલે અને તેજપાલને ૭ બહેનો હતી. તેમના પુણ્યાર્થે આ જુદી જુદી દેવકુલિકાઓ તેજપાલે કરાવી છે અને દરેક ઉપર એકેક બહેનનું નામ આપેલું છે. આ ૭ બહેનોના નામ આ પ્રમાણે છેઃ—

૧ ઝાલ્હણદેવી, ૨ માઉ, ૩ સાઉ, ૪ ધણદેવી, ૫ સોહગા, ૬ વયજુ અને ૭ પદ્મલા. (આ પદ્મલાનું નામ ૧૦૩ નંબરના લેખમાં છે.)

(૧૦૦—૧૦૧)

આ બંને લેખોમાંથી પ્રથમનો લેખ ૩૦ નંબરની દેવકુલિકાના પશ્ચિમદ્વાર ઉપર છે. અને બીજો ૩૧ નંબરની દે. ઉપર છે. પહેલો લેખ બહુજ ખોટો લખાયલો છે. ચંદ્રાવતી નિવાસી પ્રાગ્વાટ જ્ઞાતિના બે કુટુંબોએ આ દેવકુલિકાઓમાં અમુક અમુક જિનની પ્રતિમાઓ કરાવી, એ લેખની હકીકત છે.

(૧૦૨)

૩૨ નંબરની દેવકુલિકાના પૂર્વદ્વાર ઉપર.

મહામાત્ય તેજપાલે પોતાના મામાના પુત્ર ભાભા અને રાજપાલના કથનથી, તેમના પિતા મહં૦ પૂનપાલ તથા માતા મહં૦ પૂનદેવીના શ્રેયાર્થે આ દેવકુલિકામાં ચંદ્રાનનદેવની પ્રતિમા કરાવી.

(૧૦૩)

એજ દે. ના ઉત્તરદ્વાર ઉપર.

તેજપાલની ૭ મી બ્હેન પદ્મલાના કલ્યાણાર્થે વારિસેણદેવની પ્રતિમાવડે અલંકૃત એવી આ દેવકુલિકા કરાવી.

(૧૦૪)

૩૩ નંબરની દેવકુલિકા.

શ્રીમાલજ્ઞાતિના ઠ. રાણાના પુત્ર ઠ. સાહુણીયે પોતાની સુહાગદેવી નામની સ્ત્રીની કુંખે અવતરેલા ઠ. સીહડ નામના પુત્રના પુણ્યાર્થે યુગાદિજિનનું બિંબ કરાવ્યું.

(૧૦૫)

૩૪. નંબરની દેવકુલિકા.

શ્રીમાલજ્ઞાતીના શ્રે૦ ચાંદાના પુત્ર શ્રે૦ ભોજાના પુત્ર શ્રે૦ ખેતલે પોતાની જાસુનામની માતાના શ્રેયાર્થે અજિત દેવની પ્રતિમા કરાવી.

(૧૦૬-૧૦૭)

૩૫ અને ૩૬ નંબરની દેવકુલિકાઓ ઉપર આ બંને લેખો અનુક્રમે કોતરેલા છે.

નં. ૯૬ ના લેખના અવલોકનમાં જણાવેલા વરહુડીઆ કુળના સા૦ નેમડના વંશજોના આ લેખો છે. વિશેષ વર્ણન ઉપરોક્ત લેખના વિવેચનમાં આપી જ દીધું છે.

આ બંને લેખોમાં પ્રારંભની ત્રીજી પંક્તિઓમાં શ્રીસંભવદેવ અને શ્રી શાંતિદેવ આ બંને નામોની ઉપર ક્રમથી શ્રીમહાવીરદેવ અને શ્રીનેમિનાથદેવ આ નામો બારીક અક્ષરોમાં આપ્યાં છે તેની મતલબ નીચેના નામો બાતલ કરી ઉપર આપેલાં નામો કાયમ રાખવાની છે. શિલાપટ્ટોમાં અક્ષરો કોતર્યા પછી તે પાછા ભૂંસી શકાય તેવી સ્થિતિ ન હોવાથી

તે લેખમાં જો પાછળથી કાંઈ ફેરફાર કરવાનો હોય છે તો આવી રીતે મૂળ લખેલા ઉપર બીજું લખાણ કરાય છે.

(૧૦૮-૦૯)

નંબર ૩૭ અને ૩૮ ની દેવકુલિકાઓ ઉપર આ બંને લેખો લાંબી લાંબી બબ્બે પંક્તિઓમાં કોતરેલા છે.

આ બંને લેખો એકજ પ્રકારના છે. પ્રારંભમાં સંવત્ પુરતો ભાગ ગદ્યમાં છે અને બાકીનાં ૪-૪ પદ્યો છે. જેમાનાં ત્રણ પદ્યો તો એકનાં એકજ છે અને અંતિમ પદ્ય બંનેમાં જુદા જુદા પ્રકારનું છે. ભાવાર્થ આ પ્રમાણે છેઃ--

શ્રીષંડેરકગચ્છીય શ્રીયશોભદ્રસૂરીની શિષ્યસંતતિમાં શ્રીશાંતિસૂરી થયા. તેમના ચરણ કમલમાં ભ્રમર સમાન મંત્રી શ્રીઉદયસિંહ થયો, જે વિપુલ ધનનું દાન કરવાથી તો દાનવીર, ગિરનાર વિગેરે તીર્થોની મહાન આડંબર સાથે યાત્રા વિગેરે ધર્મકૃત્યો કરવાથી ધર્મવીર અને રાજા-મહારાજાઓનું પણ માન મર્દન કરવાથી યુદ્ધવીર--એમ ત્રિવિધવીર ચૂડામણી કહેવાતો હતો. તેનો પુત્ર યશોવીર જે 'કવિન્દ્રબન્ધુ' નો બિરૂદ ધરાવે છે અને જેને સરસ્વતી અને લક્ષ્મીએ એકીસાથે અંગીકાર કર્યો છે અર્થાત્ જે ઉત્તમ વિદ્વાન્ હોઈ મહાન્ ઐશ્વર્યવાન્ છે, તેણે પોતાના પિતાના પુણ્યાર્થે સુમતિનાથ તીર્થંકરની પ્રતિમાયુકત અને માતાના શ્રેયાર્થે પદ્મપ્રભબિંબયુકત આ બે દેવકુલિકાઓ કરાવી છે.

આ મંત્રી યશોવીર, જાવાલીપુરના ચાહમાન રાજા ઉદયસિંહનો પ્રધાન હતો. એ બહુશ્રુત વિદ્વાન્ અને રાજનીતિનિપુણ મહામાત્ય હતો. મહામાત્ય વસ્તુપાલ અને તેજપાલની સાથે આની ગાઢમૈત્રી હતી. તેજપાલના બનાવેલા આ નેમિનાથ ચૈત્યના શિલ્પકામમાં એણે કેટલાક દોષો બતાવ્યા હતા. જિનહર્ષગણિરચિત વસ્તુપાલ ચરિત્ર માં આના સંબંધમાં કેટલુંક વર્ણન કરેલું છે.

(૧૧૦-૧૧૧)

આ મંદિરના મૂળ ગભારાના બારણાની બંને બાજુએ-રંગ-

મંડપમાં ઘણીજ ઉત્તમ કારીગિરીવાળા આરસના બે ગોખલાઓ બનેલા છે તેમની ઉપર આ બંને લેખો કોતરેલા છે. બંનેનો લેખપાઠ એકજ પ્રકારનો છે ફક્ત અંતમાં તીર્થંકરના નામો જુદાં જુદાં છે. આ લેખો થોડા થોડા ખંડિત થઈ ગયેલા છે પરંતુ બંનેને મેળવતાં લેખપાઠ સંપૂર્ણ થઈ રહે છે. લેખની મતલબ આ પ્રમાણે છે–

સં૦ ૧૨૯૭, વૈશાખ સુદિ ૧૪, ગુરૂવાર....મહં૦ તેજપાલે પોતાની બીજી પત્ની સુહડાદેવી જે પાટણનિવાસી મોઢજ્ઞાતિના ઠ. આલિગના પુત્ર ઠ. આશા અને તેની સ્ત્રી ઠકુરાણી સંતોષાની પુત્રી થાય છે તેના શ્રેયાર્થે આ બંને ખત્તકો અને તેમાં વિરાજિત જિનપ્રતિમાઓ કરાવી છે.

વર્તમાનમાં લોકો આ બંને ગોખલાઓને દેરાણી જેઠાણીના ગોખલા કહે છે અને વસ્તુપાલની સ્ત્રી લલિતાદેવી તથા તેજપાલની સ્ત્રી અનુપમાદેવી—આ બંને જણીઓએ પોતપોતાના ખર્ચે બનાવ્યા છે અને તેમાં ૧૮ લાખ રૂપીઆ ખર્ચ થયાનું કહેવાય છે. કેટલાક જુના સ્તવનો અને આધુનિક પુસ્તકોમાં પણ એજ કિંવદન્તી પ્રમાણે લખેલું જોવામાં આવે છે. પરંતુ આ લેખો ઉપરથી સ્પષ્ટ જણાય છે કે એ માન્યતા ભૂલભરેલી છે. આ બંને ગોખલાઓ તેજપાલની બીજી સ્ત્રી સુહડાદેવીના પુણ્યાર્થે બનાવવામાં આવ્યા છે.

સુહડાદેવીનું નામ વસ્તુપાલ ચરિત્ર કે બીજા કોઇ પુસ્તકમાં મ્હારા જોવામાં આવ્યું નથી. તેમજ તેને મોઢ જ્ઞાતિમાં જન્મેલી આ લેખોમાં લખેલી છે. તેથી એ એક પ્રશ્ન થાય છે, કે શું તે વખતે પ્રાગ્વાટ અને મોઢ જેવી બે સ્વતંત્ર જુદી જુદી જાતોમાં પરસ્પર લગ્ન વ્યવહાર થતો હતો ? હજી સુધી આવી જાતના બીજા ઉદાહરણોનાં પ્રમાણો દ્રષ્ટિગોચર થયાં નથી તેથી આ પ્રશ્નનો ઉત્તર સરલ નથી. આ લેખો મંદિર થયા પછી બહુ જ પાછળ છેક ૧૨૯૭ માં લખાયા છે તેથી એમ પણ અનુમાન થાય છે કે તેજપાલે સુહડાદેવીની સાથે મ્હોટી ઉમરે પહોંચ્યા પછી–કદાચિત્ તેને વૃદ્ધાવસ્થા પણ કહી શકાય–લગ્ન

કર્યું હોવું જોઇએ. અનુપમા જેવી સર્વથા અનુપમ સ્ત્રીની સાથે લાંબા સમય સુધી સંસાર સુખ ભોગવી, તેજપાલ જેવા પરમ આદર્શ અમાત્યને નિર્વૃત્ત થવાના પરમ કર્તવ્યની તદ્દન ઉલટી દશ આમ એક વિજાતીય બાલાની સાથે લગ્ન કરવાનું શું કારણ હશે કાંઈ પણ ઉલ્લેખ કોઈ ગ્રંથકાર કરતો નથી એ એક ખરેખર વિચાર બાબત છે. અપ્રસંગ હોવાથી આ સંબંધે વિશેષ ઉહાપોહ કરવો ઠીક નથી, એમ સમજી આટલીજ સૂચના બસ ધારી છે.

(૧૧૨–૧૩૦)

આ બધા લેખો, મુખ્ય મંદિર અને જુદી જુદી દેવકુલિ રહેલી કેટલીક પ્રતિમાઓ ઉપર કોતરેલા છે. વિશેષ ઉલ્લેખની બાબત એમાં નથી.

નં. ૧૨૧, ૧૨૨, ૧૨૩, ૧૨૫ અને ૧૨૭ વા વરહુડીયા કુટુંબના છે એમ ઉપર ૬૬ નંબર વાળા લેખના અ જણાવ્યુંજ છે. એ લેખો મૂળ ગભારામાં જે મૂલનાયક તરીકે પ્રતિષ્ઠિત છે તેમનાં પદ્માસનો નીચે કોતરેલા છે.

(૧૩૧)

મંદિરની જગતીમાં એક 'હસ્તીશાલા' બનેલી છે. પ્રકારની કોરણીવાળી આરસની ૧૦ હાથિણીઓ ઉભેલી છે ઉપર ચંડપાદિ ૧૦ પુરૂષોની મૂર્તિઓ બેસાડેલી હતી. હાલ ઉપર એકે મૂર્તિ નથી. મૂર્તિઓ કોઇ ઉપાડી ગયા કે ભ તે જાણી શકાતું નથી.

આ હાથિણીઓની પાછળ ભીંતમાં ૧૦ ગોખલાં તેમાં લેખમાં જણાવ્યા પ્રમાણે સ્ત્રી પુરૂષોની મૂર્તિઓ ગોખલામાં આચાર્ય ઉદયસેન અને તેમના શિષ્ય વિજયસે હસ્તે આ મંદિરની પ્રતિષ્ઠા થઈ છે) ની પણ મૂર્તિઓ સ્ત્રી પુરૂષોવાળી દરેક મૂર્તિના હાથમાં ફૂલની માલા મંદિરમાં પૂજા કરવા જતા સૂચવ્યા છે. વસ્તુપાલની મૂ ઉપર પાષાણનું છત્ર બનાવેલું છે. આ બધા લેખો ઉપ માત્યોનું વંશ વૃક્ષ આ પ્રમાણે બને છેઃ—

ઓ
તેનો
ણીય
અત્ર
ઓમાં
ય કોઈ
ા લેખો
લોકનમાં
મૂર્તિઓ
તેમાં ઉત્તમ
. આ દશે
ામાં તેમ
ગી ન્હાં ી
ા બને ા છે
છે. થમના
ન (કે જેમના
બેસ ડેલી છે.
આ ી તેમને
ા ઉપર, મસ્તક

- आसराज (कुमारदेवी)
  - लूणिग (लूणादेवी)
  - मालदेव (लीलू–पातू)
    - सहजलदे
    - सदमलदे
    - पूर्णसिंह (आल्हणदे–महणदेवी)
      - पेथड
      - वलालदे
  - वस्तुपाल (सोखु–ललितादेवी)
    - जयतसिंह (जयतलदे–सुहवदे–रुपादे.)
  - तेजपाल (अनुपमादेवी–सुहडादेवी)
    - वउलदे
    - लावण्यसिंह (रयणादे–लखमादे)
      - गउरदे
    - सुहडसिंह (सुहडादे–सुलखणादे.
  - (७ व्हेनो) जाल्हु १, माऊ २, साऊ ३, धनदेवी ४, सोहगा ५, वयजु ६, पद्मलादेवी ७.

જિનપ્રભસૂરિ રચિત विविधतीर्थकल्प નામના પુસ્તકમાં, જે વિ. સં. ૧૩૪૯ (ઈ. સ. ૧૨૯૨) ની લગભગ રચાવું શરૂ થયું હતું અને સં. ૧૩૮૪ (ઈ. સ. ૧૩૨૭) ની આસપાસ સમાપ્ત થયું હતું તેમાં, જણાવ્યું છે કે મુસલમાનો*એ આ મંદિરને તોડી નાંખ્યું હતું તેનો પુનરૂદ્ધાર શક સં. ૧૨૪૩ (વિ. સં. ૧૩૭૮) માં ચંડસિંહના પુત્ર સંઘપતિ પીથડે (અથવા પેથડે) કરાવ્યો હતો. આ બાબતનો એક લેખ પણ આ મંદિરમાં રંગમંડપમાં એક સ્તંભ ઉપર કોતરેલો છે. લેખ આ પ્રમાણે છે:

ओम् ।

आचन्द्रार्कं नन्दतादेष संघा-
धीशः श्रीमान् पेथडः संघयुक्तः ।
जीर्णोद्धारं वस्तुपालस्य चैत्ये
तेने येनेहार्ब्बुदाद्रौ स्वसारैः ॥

અર્થાત્—સંઘપતિ પેથડ સંઘયુક્ત યાવચ્ચંદ્ર દિવાકરૌપર્યંત જીવિત રહો જેણે પોતાના દ્રવ્યવડે આબુપર્વત ઉપરના આ વસ્તુપાલના ચૈત્યનો જીર્ણોદ્ધાર કર્યો.

આ સંઘપતિ પેથડ ક્યાંનો રહેવાસી હતો તે જાણી શકાયું નથી.

---

* કયા મુસલમાન સુલતાને અને ક્યારે આ મંદિર તોડયું તે ચોકકસ જણાયું નથી. પરંતુ પં. ગૌરીશંકરજી ઓઝાના અનુમાન પ્રમાણે " અલાઉદ્દીન ખીલજીની ફોજે જાલોરના ચોહાન રાજા કાન્હડદેવ ઉપર વિ. સં. ૧૩૬૬ (ઈ. સ. ૧૩૦૯) ની આસપાસ ચઢાઈ કરી ત્યારે આ મંદિરને તોડયું હોવું જોઈએ."

सीरोहीका इतिहास, पृ. ७०।

વિમલવસહિમાંના લેખો.

(૧૩૨)

આબુ પર્વત ઉપરના વિમલવસહિ નામના મંદિરમાં ન્હાના મ્હોટા અનેક લેખો છે પરંતુ તેમાંથી ફક્ત બે ત્રણ જ લેખો અત્યાર સુધીમાં પ્રકાશિત થયા છે. આ સંગ્રહમાંના બધા લેખો-એક બે ને બાદ કરીને પ્રથમ વાર જ પ્રકટ થાય છે. આ બધા લેખો અમદાબાદ નિવાસી શ્રાવક શાહ ડાહ્યાભાઈ પ્રેમચંદ વકીલ એમણે લીધા હતા. તેમની આપેલી નકલો ઉપરથી મ્હેં આ સંગ્રહમાં પ્રકટ કર્યા છે. ૧૩૩ નંબરનો લેખ મ્હને શ્રીમાન્ ડી. આર. ભાંડારકર. એમ. એ. તરફથી તેમના આર્કીઓલોજીકલ સ્ટાફમાંથી મળ્યો છે. વિમલવસહિમાંનો મુખ્ય લેખ, જે આ સંગ્રહમાં ૧૩૨ માં નંબરે મુકાણો છે, તે પ્રોફેસર એફ. કીલહોર્ને એપીગ્રાફીઆ ઇન્ડીકાના ૧૦ માં ભાગમાં (પૃષ્ટ ૧૪૮ ઉપર) વિવેચન સાથે પ્રકટ કર્યો છે.

એ લેખ ઉપર ઉક્ત પ્રોફેસરનું વિવેચન આ પ્રમાણે છેઃ-

ઇ. સ. ૧૮૨૮ માં એચ. એચ. વીલ્સને એશીઆટીક રીસર્ચીસ, પુસ્તક ૧૬ ના પાન ૨૮૪ ઉપર અર્બુદ એટલે કે હાલના આબુ પર્વત ઉપર આવેલા લેખોનો અહેવાલ પ્રસિદ્ધ કર્યો. આ અહેવાલ રાજપુતાનામાં આવેલા સીરોહી સ્ટેટના પોલીટીકલ એજન્ટ કેપ્ટન સ્પીઅર્સે (Captain Speirs) એશીયાટીક સોસાયટી ઑફ બૅંગાલ (Asiatic Society of Bengal) ને આપેલી નકલો ઉપરથી તૈયાર કરેલો છે. આ અહેવાલમાં નેમિનાથના દેવાલયમાં આવેલા બે મોટા લેખોમાંના એકનું પૂર્ણ ભાષાંતર પ્રો. વીલ્સને આપ્યું છે. આ લેખો, પહેલાં, ઈ. સ. ૧૮૮૩ માં મી. એ. વી. કાથવટેએ પ્રથમ પ્રસિદ્ધ કર્યા હતા અને તે, હવે, પ્રો. લ્યુડર્સે આજ પુસ્તકના ભાગ ૮, પાન ૨૦૦ ઉપર લેખોના ફોટો સહ પ્રસિદ્ધ કર્યા છે. વળી એ અહેવાલમાં 'ઇન્ડીઅન ઍંટીક્વેરી (Indian Antiquary) ના પુસ્તક ૧૬, પાન ૩૪૭ [1]

[1] ... બની અનુકૃતિ 'ભાવનગર ઇન્સ્ક્રીપ્શન્સ' પ્લેટ ૩૬ (Bhavanagar Ins...ons) માં આવેલી છે.

ઉપર મેં પ્રસિદ્ધ કરેલા અચલેશ્વરના દેવાલય નજીકના ગુહિલ લેખનું તથા ઉપર પાન ૭૯ [1] માં મેં આપેલા અચલેશ્વરના દેવાલયના લેખનું ભાષાંતર આપ્યું છે. બીજા લેખો વિષે માત્ર ટુંક હકીકત આપી છે જેનો આધાર કોઇક વિદ્વાને લખેલા હીંદી પુસ્તક ઉપર રાખ્યો છે.

ત્યારબાદ ઘણાં વર્ષો સુધી આબુના લેખોના અભ્યાસ વિષે કાંઇપણ[2] કરવામાં આવ્યું નથી. પરંતુ ૧૯૦૦-૦૧ ના શિયાળામાં જ્યારે વેસ્ટર્ન સરકલના આર્કીઑલૉજીકલ સર્વે ઑફ ઇંડીઆના સુપરીન્ટેન્ડેન્ટ મી. કાઉસેન્સ આબુ ઉપર હતા ત્યારે પર્વત ઉપરના સર્વ લેખોની નકલો તૈયાર કરાવી હતી. તેમણે આ બધી નકલો ગવર્નમેન્ટ એપીગ્રાફીસ્ટના તરફ મોકલાવી તેથી આ લેખોની સારી રીતે તપાસ થાય તેવો વખત તેમણે આપણને આપ્યો છે. તેમાંના ઘણા લેખો ઘણા જ નાના છે. તેમાંનો કોઈ પણ લેખ ઈ. સ. ના ૧૧ મા સૈકાથી જુનો નથી. આ સર્વમાંથી હાથ લાગતી ઐતિહાસિક બાબતો ઘણીજ થોડી છે. તેમાંના કેટલાક ઉપયોગી છે અને એવા લેખોનો ફેલાવો કરવાની જરૂર છે તથા બાકીના કેટલાકમાં તો માત્ર નામ, વાકય અગર શબ્દ વિગેરેજ જોવામાં આવે છે પરંતુ આવા લેખો ભવિષ્યમાં કોઇ વખત ઉપયોગી થઇ શકે.

મી. કાઉસેન્સે મેળવેલા લેખો જે પ્રો. હુલ્ટઝે (Prof. Hultzsch) મારા તરફ મોકલ્યા છે, તે બધા મળીને ૨૮૮ છે, જેમાંના ૨૭૦ શાહીના છે અને ૧૮ નજરથી કાઢેલા છે. ૨૮૮ માંથી ૧૪૮ લેખો ઋષભ (આદિનાથ) ના દેવળમાંથી મળેલા છે જે દેવળ વિમલે[3] બંધાવ્યું હતું. ૯૭ લેખો

૧ વધારામાં, પ્રો. વીલ્સને ઇંડીઅન ઍંટીકવેરી, પુ. ૧૧ પાન. ૨૨૧ ઉપર ડાકટર કાર્ટેલીરી (Cartolliori) એ પ્રસિદ્ધ કરેલા વિ. સં. ૧૨૬૫ નો લેખ જે હાલમાં સિરોહી ગામમાં રાખવામાં આવ્યો છે તેનું ભાષાંતર પણ આપ્યું છે; જુઓ. પ્રોગ્રેસ રીપોર્ટ ઑફ ધી આર્કીઓલૉજીકલ સર્વે ઑફ ઇંડીઆ, વેસ્ટર્ન સરકલ, સન. ૧૯૦૫-૦૬ પાન ૪૭,

(૨) (પ્રો. વીલ્સને ભાષાંતર કરેલા લેખો ઉપરાંત) પ્રસિદ્ધ થએલા લેખો માટે જુઓ—મારું નોર્થર્ન લીસ્ટ નં. ૨૬૧ અને ૨૬૫.

(૩) લેખોમાં દેવાલયનું નામ विमल वसहिका, विमलस्य वसहिका, विमलवसही અને विमलवसतिकातीर्थ છે તથા ભાષાનાં પુસ્તકોમાં પણ विमलवसति છે. ઉપર પાન ૮૧ માં મેં પ્રથમથી કહેલું છે કે ' વિમલસાહ ' અગર ' વિમળશાહ ' અને હાલનું ' વિમલસા ', આ નામો ' વિમલવસહિકા '

તેજઃપાળના બંધાવેલા નેમિનાથના મંદિરમાંથી મળેલા છે;[1] ૩૦ અચલેશ્વરના દેવળમાંથી તથા ૧૩ અન્યસ્થળેથી મેળવેલા છે. વિમળ મંદિરના લેખોમાંના ૧૨૬ ને મિતિ માંડેલી છે તેમાંનો સૌથી જુનો લેખ [વિ.] સં. ૧૧૧૯ (લગભગ ઈ. સ. ૧૦૬૨) નો છે જે (નં. ૧૭૮૦, મી. કાઉસેન્સ લીસ્ટ) ચાલુક્ય રાજા ભીમદેવ પહેલાના એક પ્રધાનનો છે; નવામાં નવો લેખ (નં. ૧૮૭૪) [વિ.] સં. ૧૭૮૫ (લગભગ ઈ. સ. ૧૭૨૮) નો છે. એ લેખોની વચ્ચેની મિતિ વાળા લેખોમાં વિ. સં. ૧૨૪૫ (૨૨ લેખો)ના તથા ૧૩૭૮ (૨૫ લેખો) ના વધારે છે. તેજઃપાળના દેવાલયના લેખોમાં ૭૭ લેખો ઉપર મિતિ નાંખેલી છે; અને આ લેખોમાં જુનામાં જુના લેખો વિ. સં. ૧૨૮૭ (લગભગ ઈ. સ. ૧૨૩૦) ના છે જે વર્ષમાં એ મંદિર બંધાવવામાં આવ્યું હતું. નવામાં નવો લેખ (નં. ૧૭૪૮) [વિ.] સં. ૧૯૧૧ (લગભગ ઇ. સ. ૧૮૫૪) નો છે. વિ. સં. ૧૨૮૭ અને ૧૨૯૭ વચ્ચેની મિતિના ઓછામાં ઓછા ૪૭ લેખો છે. અને ૧૩૪૬ થી ૧૩૮૯ વચ્ચેના ૯ છે. અચળેશ્વરના દેવળના ૩૦ લેખોમાંથી ૨૨ ઉપર મિતિ નાંખેલી છે. જુનામાં જુનો લેખ (નં. ૧૯૫૦) [વિ.] સં. ૧૧૮૬ (લગભગ ઇ. સ. ૧૧૨૯) નો છે જે લગભગ સઘળો જતો રહ્યો છે. બીજો એક લેખ (નં. ૧૯૪૧) [વિ.] સં. ૧૧૯૧ નો હોય તેમ લાગે છે. મને ચોક્કસ લાગે છે તે લેખ મી. કાઉસેન્સના લીસ્ટનો નં. ૧૯૫૧ છે જે [વિ.] સં. ૧૨૦૭ (લગભગ ઈ. સ. ૧૧૫૦) નો છે અને જે [પરમાર] મહામંડલેશ્વર યશોધવલદેવ (ચાલુક્ય કુમારપાલનો ખંડીયો રાજા; આ કુમારપાલનો એક લેખ આજ વર્ષનો છે) ના રાજ્યમાં થએલો છે. બીજા બે લેખો (નં. ૧૯૪૫ ને ૧૯૪૬) મિતિ [વિક્રમ] સં. ૧૨૨ [૫] તથા ૧૨૨ [૮] છે અને બીજાઓની મિતિ ૧૩૭૭ તથા ત્યાર પછીની છે. બાકીનાં ૧૩

(વિમળનું મંદિર) એ શબ્દ નહિ સમજવાને લીધે ઉત્પન્ન થયા હશે એમ મારો મત છે. તેવીજ રીતે 'લુણીગવસહિકા' માંથી (તેજઃપાળના ભાઇને માટે) 'લુનિગસહિકા' ઉત્પન્ન થયો છે. જુઓ—એશીયાટીક રીસર્ચીસ (Asiatic Researches) પુ. ૧૬, પાન ૩૦૯.

(૧) ઉપર પુ. ૮, પાન ૨૦૦ ઉપર પ્રો. લ્યુડર્સે જણાવ્યું છે કે આ મંદિરનું સાધારણ નામ 'લુણસિંહ (અથવા લુણસિંહ) વસહિકા' અગર 'લુણવસહિકા' છે, મેં પણ લેખોમાં 'લુણિગવસહિકા' 'તેજઃપાળવસહિકા' 'તેજલવસહી' તથા ભાષાનાં પુસ્તકોમાં 'લુણિગવસતિ' જોયાં છે.

લેખો વિષે એટલુંજ કહેવું જોઇએ કે ઉપર કહેલા ગુહિલ લેખ (નં. ૧૯૫૩)ની મિતિ [વિ.] સં. ૧૩૪૨ છે અને બાકીનાઓની મિતિ ત્યાર પછીની છે.

નેમીનાથના દેવાલયના લેખોમાંના બે મોટા અને ઘણાજ ઉપયોગી તથા બીજા ત્રીસ નાના લેખો મી. કાઉસેન્સની નકલો પરથી પ્રો. લ્યુડર્સે પ્રસિદ્ધ કર્યા છે (જુઓ પુ. ૮; પાન. ૨૦૦) હવે હું [વિ.] સંવત્ ૧૩૭૮ નો લેખ આપું છું જે ઋષભના દેવાલયમાં છે અને તેમાં માત્ર જાણવા લાયક એ છે કે તે દેવળ વિ. સં. ૧૦૮૮ (લગભગ ઈ. સ. ૧૦૩૧) માં કોઈક વિમલે બંધાવ્યું છે; આ વિમલને અર્બુદ ઉપર (ચાલુક્ય) ભીમદેવ (પહેલાએ) दण्डपति નીમ્યો હતો; એવી હકીકત છે.

લેખનું વર્ણન કર્યા પહેલાં મારે કહેવું જોઇએ કે અહીંઆં આપેલી દેવળ નો પાયો નાંખ્યાની મિતિ બીજી રીતે પણ આપણા જાણવામાં આવે છે. ઈંડીઅન ઍન્ટીકવેરી, પુ. ૧૧, પાન ૨૪૮ માં ડાકટર કલૅટે (Dr. Klatt) ખરતર ગચ્છની એક પટ્ટાવલીમાંથી એક વિભાગ આપ્યો છે. આ ફકરામાં કહેવા પ્રમાણે પ્રધાન વિમલ જે પોરવાડ (પ્રાગ્વાટ) વંશનો હતો અને જેણે ૧૩ સૂલતાનોનાં છત્રો ભાંગી નાંખ્યાં અને ચંદ્રાવતી નગર વસાવ્યું તેણે અર્બુદ પર્વત ઉપર ઋષભદેવનું દેવાલય બંધાવ્યું.— આ દેવાલય હાલ પણ ‘ વિમલ વસહી ’ ના નામથી ઓળખાય છે, અને એની પ્રતિષ્ઠા વર્ધમાનસૂરીએ ૧૦૮૮ માં કરી હતી. આજ હકીકત અને આજ મિતિ સાથે, પ્રો. વેબરના ‘ કૅટલૅાગ ઑફ ધી બરલીન મૅન્યુસ્ક્રીપ્ટ્સ, ’ પુસ્તક ૨ પા. ૧૦૩૬ ને ૧૦૩૭ ઉપર પૂર્ણ રીતે આપી છે અને ત્યાં, વિશેષમાં, એમ કહેલું છે કે દેવાલય બંધાવવાની જમીન બ્રાહ્મણો પાસેથી મેળવવામાં વિમળે સોનાના સિક્કા જમીન ઉપર પાથર્યા અને દેવળ બાંધવામાં તેણે ૧૮૫૩૦૦૦૦૦ ખર્ચ્યા.

વળી પ્રો. પીટરસનના ચતુર્થ રીપોર્ટ, પાન. ૯૨ માં જિનપ્રભસૂરીના તીર્થકલ્પમાંથી લીધેલા એક ફકરામાં પણ આના સંબંધે ઉલ્લેખ છે; ત્યાં પણ ‘ વિમલવસતિ ’ ની મિતિ ૧૦૮૮ આપી છે [1] અને ‘ લૂણિગ વસતિ[2] ’ ની

---

[1] મારામત પ્રમાણે પ્રો. પીટરસને આપેલા ૩૯–૪૦ પદ્યોમાં કાંઇક ભૂલ છે પણ ‘ વિમલ વસતિ ’ બંધાવ્યાની મિતિ વિષે કાંઇ પણ જાતની શંકા નથી.

[2] આ ફકરાઓમાં કહ્યા પ્રમાણે ‘ લૂણિગ વસતિ ’ બાંધનાર ‘ સૂત્રધાર ’ શોભનદેવ હતો જેના વિષે ‘પ્રબન્ધ ચિન્તામણિ,’ પાન. ૨૫૯ માં પ્રાસાદ-કારક સૂત્રધાર તરીકે ઉલ્લેખ છે. મી. કાઉસેન્સના લીસ્ટમાં નં. ૧૯૭૪ માં બાંધનારનું નામ આવે છે. આ લેખ વિ. સં. ૧૨૮૮ નો છે.

૧૨૮૮ આપી છે. વળી તેમાં વિશેષમાં કહેવામાં આવ્યું છે કે આ દેવાલયો મ્લેચ્છોએ ભાંગ્યા હતાં અને શક ૧૨૪૩ માં એટલે કે વિ. સં. ૧૩૭૮ માં) પહેલું મહણસિંહના પુત્ર લલ્લે તથા બીજું વેપારી ચંડસિંહના પુત્ર પીથડે સમરાવ્યું હતું. આપણે આગળ જોઇશું કે ૧૩૭૮ માં મહણસિંહના પુત્ર લલ્લે (લાલિગ) તથા ધનસિંહના પુત્ર વિજડે વિમળનું દેવાલય સમરાવ્યું હતું, અને જે માણસે તેજ:પાલનું દેવાલય (લૂણિગવસતિ) સમરાવ્યું તેનું નામ દેવળમાં આવેલા એક લેખમાં ' પેથડ ' એમ આપ્યું છે

અહીં જે લેખની આપણે ચર્ચા કરીએ છીએ તે વિમલના દેવાલયના અગ્રભાગમાં આવેલી દેવકુલિકાની બાજુ ઉપરની ભીંતમાં ચોટેલા એક કાળા પથ્થર ઉપર કોતરવામાં આવ્યો છે. આ લેખમાં ૩૦ પંક્તિઓ છે અને તે ૧' ૭½" થી ૧' ૮' પહોળો તથા ૧' ૬½" લાંબો છે; પણ પ્રથમની ૨૨ લીટીઓજ એટલી લાંબી છે. ૨૩ થી ૨૯ સુધીની લીટીઓ માત્ર ૧' ૫½" લાંબી છે, અને ૩૦ મી લીટી (જેમાં માત્ર મિતિજ છે) માત્ર ૩¼" લાંબી છે. આ લેખનો ઘણોખરો ભાગ સારી સ્થિતિમાં છે લીટી ૧૬ માં લગભગ ૧૦ અક્ષરો તથા લીટી ૧૭ માં ચાર અક્ષરો જતા રહ્યા છે* તથા કેટલેક સ્થળે લેખ વાંચી નહિ શકાય તેવો છે. આનું મુખ્ય કારણ એ છે કે અક્ષરો ઘણી બેદરકારીથી કોતરેલા છે અને એટલા અડાઅડ કાઢેલા છે કે શાહીથી પાડેલી અનુકૃતિમાં તે બરાબર પડી શક્યા નથી.[1] અક્ષરોનું કદ ⅛" થી ⅜" સુધીનું છે. તે નાગરી લિપિમાં છે અને ભાષા સંસ્કૃત છે; તથા આરંભમાં ओम्॥ श्री अर्बुदतीर्थ प्रशस्तिर्लिख्यते ॥, લીટી ૯ માં अथ राजावली ॥ અને લી. ૩૦ માં મિતિ; એ સિવાય આખો લેખ ૪૨ પદ્યોમાં લખ્યો છે. व અને ब સ્પષ્ટ રીતે કાઢેલા છે; પણ કેટલેક ઠેકાણે ब ને બદલે व કાઢેલો છે જેમ કે:—લી. ૧૬—सर्वज्ञ લી. ૨૧

---

* પ્રો. કીલહોર્નના લેખ પાઠમાં જે અક્ષરો જતા રહેલા છે તે અક્ષરો મ્હારા પાઠમાં આપેલા છે. મ્હને એ લેખની એક જુની લખેલી નકલ મળી આવી છે જે લગભગ ૩૦૦ વર્ષ ઉપર લખાયલી હશે, તેમાં લેખપાઠ સંપૂર્ણ છે. તે નકલનો મ્હેં મ્હારા પાઠમાં ઉપયોગ કર્યો છે. અને પ્રો. કીલહોર્ને જતા કર્યા અક્ષરોને મ્હેં સ્વસ્થાને બેસાડી રાખ્યા છે—સંગ્રાહક.

[1] જ્યારે આ લેખ મેં પૂરો કર્યો ત્યારે મી. ગૌરીશંકર હીરાચંદ ઓઝાએ તથા ગવર્નમેંટ એપીગ્રાફીસ્ટે (Government Epigraphist) મોકલેલી નકલો મારા લેખ સાથે સરખાવતાં મારા પાઠો ખરા લાગ્યા.

संभवः । દંતસ્થાની ઉષ્માક્ષરને બદલે તાલવ્ય વાપરેલા છે જેમકેઃ—લી. ૪ मनश्वी, લી. ૬ शम्भ (संभ જોઇએ), લી. ૮—सहश्र, વળી તાલવ્યને બદલે દંતસ્થાની પણ વાપરેલા છે જેમકેઃ—લી. ૮ निवेसितम् લી. ૧૮ पेसल અને લી. ૨૯– शसि [1]। ऋ ને બદલે रि વાપરેલું છે જેમકેઃ–લી. ૨૬ ને ૨૯–– रिषभ; તથા લીટી ૨૪ માં કર્તાએ જાતેજ षड्ऋतवः ને બદલે લી. ૨૪ માં षडर्त्तव એમ લખ્યું છે. પણ તે છંદને લીધે લખેલું છે.[2] વિશેષ જાણવા લાયક એ છે કે લી. ૪ માં नृपस्य ને બદલે नृपश તથા લી. ૨૧ માં वदान्या ને બદલે वदाज्ञा લખેલું છે. આ ઉપરથી ઇંડીઅન ઍંટીકવેરી માં પુ. ૧૩ ના પાન ૯૩ લી. ૨૬ માં (ज्ञानशक्तिने બદલે) વાપરેલું न्यानशक्ति યાદ આવે છે. આ ઉપરથી એમ પ્રતિપાદન થાય છે કે રાજપુતાનામાં તથા કાનડી લોકોમાં ज्ञ અને न्य વચ્ચે કાંઈ ભિન્નતા નહિ હોય. તેમજ नृपश ઉપરથી तश તથા એવા બીજા જુના લેખોમાં વપરાએલા ષષ્ઠી વિભકિતના શબ્દો યાદ આવે છે અને આ ઉપરથી એમ લાગે છે કે श નો ઉચ્ચાર જોડાક્ષર स्य ના જેવો થતો હશે. લીટી ૩ માં વાપરેલું विदधान ધ્યાન ખેંચે તેમ છે. આ પાઠ ખરો છે એ વાત ચોક્કસ છે. પણ કર્તાએ विदधान શબ્દ वि+धा ધાતુના लिट् ના ત્રીજા પુરૂષ એક વચન તરીકે વાપર્યો છે. આ એક ભૂલ છે કારણ કે विदधान વર્તમાન કૃદંત છે. (विदधे વાપરવું જોઇએ).[3] જો કે લેખકે તથા કારીગરે બેદરકારીથી કામ કર્યું છે અને કેટલુંક તદ્દન જતું રહ્યું છે અને ખાસ કરીને પદ્ય ૨૧ ના છેલ્લા શબ્દો ગયા છે, તો પણ ખાતરીપૂર્વક આખો લેખ કળી શકાય અને તાજો કરી શકાય.

આ લેખનો હેતુ એ છે કે [વિક્રમ] સં. ૧૩૭૮ માં બે માણસો નામે લલ્લ (લાલિગ) અને વીજડ, એમણે પોતાના માતા પિતાના પુણ્યાર્થે આબુ ઉપરનું ઋષભ (આદિનાથ) નું દેવાલય સમરાવ્યું. આ લેખના ત્રણ

૧ કુતૂહલની ખાતર કહેવું જોઇએ કે સં. शश, જર્મન હસ (Hase) અને અંગ્રેજી ' હેર ' (Hare) આ સર્વેનું મૂળ शस હોવું જોઇએ. જુઓ પ્રો. વેકર નેગલનો (Prof. Wackernagel) ઑલ્ટઈંડ ગ્રામર પુ. ૧ પાન ૨૨૫.

૨ સેંટપીટર્સબર્ગ ડીક્ષનરીમાંથી शड्च અને शडर्च બેને સરખાવો.

૩ આ લેખમાં लिट् નાં જે રૂપો છે તે—बभूव, बमूवुः– चकार, दिदेश, प्रपेदे, અને कारयामासतुः ॥

વિભાગ કરવામાં આવ્યા છે પ્રથમ વિભાગ (કડી –૧૩) માં અર્બુદ પર્વતની 'પ્રશસ્તિ' આપેલી છે; અને એ પ્રદેશ તથા અંબિકા અને શ્રીમાતા વિગેરેનાં વખાણ કર્યા પછી દેવાલય વિશેની કેટલીક ઐતિહાસિક બાબતો તેમાં છે. વળી તેમાં વિમલના આદિનાથના દેવળના વિક્રમ સંવત્ ૧૦૮૮ માં પાયો નાંખ્યાની વિગત પણ આવે છે. બીજા વિભાગ (કડી ૧૪–૨૩) માં આ મંદિરના જીર્ણોદ્ધાર કરાવ્યાના વખતે પર્વતના માલીક જે રાજ્ય કર્તા હશે તેઓની 'રાજાવલી' આવે છે. અને ત્રીજા વિભાગમાં (કડી ૨૪–૩૮) જીર્ણોદ્ધાર કરાવનાર માણસોના વંશનું વર્ણન છે. અંતમાં (કડી ૩૯–૪૨) ઉદ્ધાર કરેલા દેવાલયની પ્રતિષ્ઠા કરનાર આચાર્યનું નામ તથા તેમનો વંશ અને મિતિ આપેલાં છે.

ઐતિહાસિક રસ વિનાની બાબતો બાદ કરતાં, પ્રથમ વિભાગમાં અર્બુદ ઉપર વસિષ્ઠ ઋષિના અનલકુંડમાંથી પરમારની ઉત્પત્તિની વિગત આવે છે. તેના વંશમાં કાન્હડદેવ કરીને પ્રતાપી રાજા થયો; તેના વંશમાં ધંધુ (ધંધુરાજ) નામનો એક રાજા થયો જે ચંદ્રાવતીનો અધિપતિ હતો, અને જે (ચાલુક્ય) રાજા ભીમદેવ પહેલાને નહિ નમતાં અને તેના ક્રોધમાંથી બચવા ધારાના રાજા ભોજના પક્ષમાં ગયો. ત્યારબાદ એકદમ કર્તા આપણને કહે છે કે, વિમલ નામનો એક પ્રખ્યાત માણસ પ્રાગ્વાટ વંશમાં થયો જેનામાં તે વખત ચાલતી દુષ્ટતાના અંધકારમાંથી ધર્મની પ્રજ્વલિત જ્વાળા ઝળકી ઉઠી. તેને ભીમ રાજાએ 'દંડપતિ' (સેનાપતિ) નિમ્યો અને ત્યાં એક પ્રસંગે રાત્રે શ્રી અંબિકાએ પર્વત ઉપર યુગાદિભર્તા (યુગાદિજિન, આદિનાથ)નું એક સુંદર દેવાલય બાંધવાનું તેને ફરમાન કર્યું. આ આજ્ઞાને વિમલ આધીન થયો એ વાત પદ્યમાં કર્તાએ આ પ્રમાણે મૂકી છેઃ—

" વિક્રમાદિત્યના વખતથી ૧૦૮૮ વર્ષ પછી શ્રી વિમલે અર્બુદના શિખર ઉપર સ્થાપિત કરેલા શ્રી આદિનાથની હું પ્રશંસા કરૂં છું. "

ઉપર કહ્યો તે ધન્ધુ અગર ધન્ધુરાજ, ઉપર પાન ૧૧ માં કહેલો પ્રમાર (પરમાર) ધન્ધુક છે. જેનો પુત્ર પૂર્ણપાળ વિ. સં. ૧૦૯૯ અને ૧૧૦૨ [1] માં અર્બુદ પ્રદેશમાં રાજ્ય કરતો હતો. ખરેખર તે ચાલુક્ય ભીમદેવ પહેલા તથા માળવાના પરમાર ભોજદેવના વખતમાં થયો હશે.

---

[1] ધન્ધુકનું નામ ચંદ્રાવતીના પરમારોની વંશાવલીમાં પણ આવે છે (પુ. ૮. પાન ૨૦૧)

એ દેવાલયના બીજા લેખમાં વિમળનું નામ આવે છે, આ લેખની મિતિ વિ. સં ૧૨૦૧ છે. એ લેખ [1] (કાઉસેન્સ લીસ્ટ નં. ૧૭૬૭) માં ૧૦ લીટીઓ છે અને તે ૨ ૬" લાંબો તથા ૫૩" ઉંચો છે. તેમાં ૧૭ કડીઓ છે. શાહીથી પાડેલી અનુકૃતિમાં પહેલી બે લીટીઓ ચોક્કસપણે વાંચી શકાય તેમ નથી. પણ હું જોઈ શકું છું તેમ તેમાં એક માણસ વિષે કહ્યું છે જે શ્રીમાલ કુલનો અને પ્રાગ્વાટ વંશનો હતો.* તેનો પુત્ર લહધર હતો જેનો મૂલ રાજા (ચાલુક્ય મૂળરાજ પહેલા) સાથે કોઇ પણ પ્રકારનો સંબંધ હતો અને જે 'વીરમહત્તમ ' ના નામથી પણ ઓળખાતો હતો. લહધરને બે પુત્રો હતા. પહેલો પુત્ર પ્રધાન નેઢ હતો તથા બીજો વિમલ હતો જેના વિષે ૭ મી કડીમાં આ પ્રમાણે છે:—

द्वितीयकोद्वृतमतीवलम्वी (म्बी) (?) दण्डाधिपः श्री विमलो व (ब)भूव ।
येनेदमुच्चैर्भवसिन्धुसेतुकल्पं विनिर्मापितमत्र वेश्म ॥

નેઢનો પુત્ર લાલિગ હતો. તેનો પુત્ર મહિંદુક પ્રધાન હતો. [2] વળી તેને બે પુત્રો હતા. હેમ અને દશરથ. આ લેખનો હેતુ આ પ્રમાણે છે.–ઋષભના મંદિરમાં દશરથે નેમિજિનેશ (નેમિતીર્થંકર એટલે કે નેમિનાથ) ની પ્રતિમા બેસાડી, જેની પ્રતિષ્ઠા વિ. સં. ૧૨૦૧ ના જ્યેષ્ઠના પડવાને શુક્રવારે.

---

* પ્રો. કીલહોર્નનું આ કથન અસંબદ્ધ જેવું છે. કારણ કે શ્રીમાલ અને પ્રાગ્વાટ બંને જુદી જુદી સ્વતંત્ર જાતો છે. એકજ મનુષ્ય શ્રીમાલકુલ અને પ્રાગ્વાટ વંશનો હોઇ ન શકે. પ્રો કીલહોર્નના વાંચનમાં ગડબડ થઇ છે. જે લેખના વિષયમાં આ કથન છે તે મ્હારા જોવામાં આવ્યો નથી તેથી તેના વિષયમાં હું કાંઇ કહી શકું તેમ નથી. નીચે જે લેખનો હવાલો પ્રો. કીલહોર્ન આપે છે તેમાં તો વીર મહામંત્રીને સ્પષ્ટ શ્રીમાલકુલોદ્ભવ લખ્યો છે (એ લેખ આ સંગ્રહમાં પણ નં. ૧૫૨ નીચે આપેલો છે) તેથી વીર મહામંત્રી અને નેઢ આદિ તેના પુત્ર-પૌત્રો પ્રાગ્વાટ નહિ પણ શ્રીમાલજ્ઞાતિના હતા.—**સંગ્રાહક.**

૧ મી. કાઉસેન્સના કહેવા પ્રમાણે આ લેખ વિમળના દેવાલયના અગ્રભાગમાં નં. ૧૦ ના ભોંયરાના દ્વાર ઉપરછે તેના વિષે એશીયાટીક રીસર્ચીસ પુ. ૧૬ પા ૩૧૧ માં ઉલ્લેખ છે—એક લેખની મિતિ સં ૧૨૦૧ છે પણ તેમાંનું કાંઈ પણ વાંચી શકાય તેવું નહી હોવાને લીધે તે બહુ જરૂરનો નથી.

૨ છંદ ઉપરથી જણાય છે કે નામ ખરૂ છે ૪ અગ્રભાગમાં નં. ૧૦ ના ભોંયરાની એક પ્રતિમાની બેઠક ઉપર આ લેખો કોતરેલા છે.

એટલે કે ઈ. સ. ૧૧૧૪, મે, ૫ ને શુક્રવારે કરવામાં આવી. મારે કહેવું જોઇએ કે અહીં આપેલી વંશાવળી વિમળના મંદિરના બીજા લેખ (મી. કાઉસેન્સના લીસ્ટ ૪ ના નં. ૧૭૬૮) ઉપરથી આપેલી છે, જે આ પ્રમાણે:-

१ श्री श्रीमालकुलोद्भव- । वीरमहामात्त्रि पुत्र (स) न्मन्त्री- । श्री—
२ नेढपुत्रलालिगतत्सुत महिन्दुक सुतेनेदम् ॥ निजपु-
३ त्रकलत्रसमन्वितेन सन्मन्त्रि दशरथेनेदं । श्री नेमि—
४ नाथ [(च्) म्बम् । मोक्षार्थं कारितं रम्यम् ॥

જાણુવા લાયક વિગત મુખ્યત્વે કરીને એ છે કે આ બેમાંના પ્રથમના લેખમાં દશરથની મિતિ આપી છે. અને તે મિતિ વિ. સં. ૧૨૦૧ છે. તેથી એમ જણાય છે કે દશરથના પ્રપિતામહ નેઢનો નાનો ભાઈ વિમલ વિ. સં. ૧૦૮૮ માં (જે મિતિમાં આ દેવાલયનો પાયો નાંખ્યો હતો એવી દંતકથા છે) મોજુદ હશે.

આ લેખના બીજા વિભાગ (કડી ૧૪–૨૩) ની વિગત મે ઉપર ૮૧ મા પાન ઉપર આપી છે. ૧૪ મી કડીમાં રાજાવલી શરૂ થાય છે જેમાં પહેલો રાજા આસરાજ છે જે ચાહુવામ (ચાહુવાણ–ચાહમાન) વંશનો હોઇ નદ્દૂલ (નદ્દૂલ) નો રાજા હતો. તેના પછી સમરસિંહ થયો અને તેનો પુત્ર મહણસિંહ ભટ (કડી ૧૫) થયો ત્યારબાદ પ્રતાપમલ્લ થયો; તેનો પુત્ર વીજડ જે મરૂસ્થલી મંડલ (કડી ૧૬) નો અધિપતિ થયો. તેને ત્રણ પુત્રો હતા, જેમાંનો પહેલો લૂણીગરાજા (કડી ૧૭) હતો. કડી ૧૮ માં લુંઢનાં વખાણ આવેલાં છે, આ લુંઢ ' યમની જેમ શત્રુ સમૂહનો નાશ કરતો.' કડી ૧૯ માં લુમ્લ વિષે છે; તેના વિષે ૨૦ મી કડીમાં એમ કહેલું છે કે તેણે અર્બુદ પર્વત જીત્યો અને પૃથ્વી ઉપર રાજ્ય કરીને સ્વર્ગમાં પ્રયાણ કર્યું (મરીગયો). ૨૧ મી કડીમાં લૂણીગના પુત્ર તેજસિંહનાં વખાણ કર્યાં છે, ૨૨ મી કડીમાં "' તિહુણાક ' ઘણું જીવો." એમ છે. જીર્ણ થએલી કડી ૨૩ માં એમ જણાયછે કે તિહુણ અને તેજસિંહની સાથે મળીને લુમ્ભકે અર્બુદ પર્વતનું રાજ્ય ન્યાયપુરઃસર ચલાવ્યું (श्रीमाल लुम्भकनामा समन्वितस्तेजसिंहतिहुणाभ्याम्).

વીજડ સુધી, રાજાવલીના પ્રથમ વિભાગ વિષે કોઇ જાતની શંકા રહે તેમ નથી. તેમજ મેં કહ્યું છે તેના કરતાં વધારે કહેવાનું પણ નથી, વીજડના પુત્રો વિષે કંઇ હરકત આવે છે. લુંટિગ દેવના લેખમાં (પાન ૮૦)

કહ્યા પ્રમાણે વીજડ જેને દશસ્યન્દન (દશરથ) કહ્યો છે તેને ચાર પુત્રો હતા-લાવણ્યકર્ણ, લંઢ (લુંટિગ), લક્ષ્મણ, અને પૂર્ણવર્મન્ આમાંનો લાવણ્ય કર્ણ ' જયેષ્ઠ ' છે એમ સ્પષ્ટ કહેલું છે. હાલના લેખ પ્રમાણે વીજડને ત્રણ પુત્રો હતા તેમાંનો ' આદ્ય ' લૂણિગ હતો. લેખમાં લૂણિગ પછી લુંઢ અને લુમ્ભ આપેલા છે પણ એમ નથી કહેલું કે તેઓ તેના નાના ભાઈ હતા અગર તેઓનો કોઈ પણ જાતનો સંબંધ હતો. લુંટિગદેવના લેખની હકીકતમાં મેં લૂણિગ અને લાવણ્યકર્ણ ને એક ગણેલા છે, અને લુંઢ તથા લુમ્ભને ભાઈઓ ગણી લંઢને લુંઢ (લુંટિગ) અને લુમ્ભને લાવણ્ય-વર્મન્ કહયો છે. બીજા લેખો જડી આવશે જેના ઉપરથી મારૂં ખરા પણું અગર ખોટા પણું બહાર આવશે. વળી મારે કહેવું જોઇએ કે મારા મિત્ર મી. ઓઝા જેમનું પોતાના દેશનું જ્ઞાન અગાધ છે તેમના કહેવા પ્રમાણે લૂણિગ, લુંઢ અને લુમ્ભ (લુમ્ભક) એકજ માણસનાં નામ છે. અને જે બધાં 'લુમ્ભ' શબ્દના સંસ્કૃત રૂપો છે અને જે “ આબુનો પ્રખ્યાત જીતનાર ' રાવલંભા ' ” નું નામ છે. જો મી. ઓઝાનું કહેવું ખરૂં હોય તો ઉપર પાન ૮૩ ઉપર પ્રસિદ્ધ થએલી વંશાવળીની છેલ્લી લીટીઓ ફેરવવી પડે. મારી જેમ મી. ઓઝા પણ તિહુણક (તિહુણ) તેજ-સિંહનો નાનો ભાઈ છે એમ કહે છે; પણ તેમના મત પ્રમાણે તેજસિંહના પુત્ર કાન્હડદેવ સાથે આ બંન્નેને લુંટિગ (લુંઢ, લૂણિગ, લુમ્ભ) ની નીચે મૂકે છે. જ્યારે આ લેખ વિ. સં. ૧૩૭૮ માં રચાયો ત્યારે લુમ્ભ મરણ પામ્યો હતો, અને તે વખતે આબુનો રાજ્યકારભાર તેજસિંહ ચલાવતો હશે.

આલેખના ત્રીજા વિભાગમાં (કડી ૨૪-૩૮) જે માણસોએ દેવળ સમરાવ્યું (લલ્લ અને વીજડ) તેમના વંશના માણસોનાં કેટલાંક નામ વિષે કહેલું છે બીજું કાંઈ વધારે નથી. એ નામો નીચે પ્રમાણેઃ—

જેલ્હા
વેલ્હાક
પારસ
સોહી
દેગા
દેસલ
કુલધર
'દેમાતિ'થી
'માઈ'થી
ગોસલ (સ્ત્રી; ગુણદેવી)
ગયપાલ
ભીમ (સ્ત્રી; હાંસલદે)
મોહણ
ગોહા
ધનસિંહ (સ્ત્રી; ધાંધળદેવી)
મહણસિંહ (સ્ત્રી મયણલ્લદેવી)
વીજડ
શિમધર
સમરસિંહ
વિજપાળ
નરપાળ
લાલિગરીહ (લલ્લ)
રીહા
લાણા
વીરધવળ

આ કોઠામાં બતાવેલા માણસો ચુસ્ત રીતે જૈન ધર્મને વળગેલા હતા. જેલ્હા મૂળ પુરૂષ છે. તે એક વ્યાપારી હતો અને તેના ગુરૂ ધર્મસૂરી[૧] હતા. દેસલ વિષે એમ કહેવામાં આવ્યું છે કે તેણે સાત પવિત્ર સ્થળે[૨] ૧૪ વાર સંઘ કાઢયા હતા. આ સ્થળો તે શત્રુંજય વિગેરે છે. આ વંશનાં બીજાં માણસોનાં સાધારણ રીતે વખાણ કર્યાં છે.

વિમલના મંદિરમાં તેના વંશના લોકોના બીજા લેખો છે; આ લેખોની મિતિ [વિક્રમ] સંવત ૧૩૭૮ છે. વળી આ વંશનો એક લાંબો લેખ છે.[૩] (નં. ૧૭૯૧ નો કાઉસેન્સ લીસ્ટ) જેની મિતિ શબ્દોમાં અને આંકડામાં લખેલી છેઃ—વિ. સં. ૧૩૦૯. આ લેખમાં ૨૫ લીટીઓ છે અને તે ૧૫ કડીઓમાં છે. તેમાં આનંદસૂરીએ કરેલી, વિમલની ' વસહિકા ' માં નેમિજિન (નેમિનાથ) ની પ્રતિમાની સ્થાપના વિષે આપવામાં આવ્યું છે. તેમાંથી એમ જણાય છે કે આ વંશ ઉકે [શ] વંશનો[૪] છે અને તેનો મૂળ સ્થાપક જેલ્હાક માંડવ્યપુર (મંડોર) નો રહેવાસી હતો. કુલધર પછી તેના પાંચ પુત્રોનું વર્ણન છે, પણ લેખનો મોટો ભાગ જતો રહયો છે તેથી હું તેમનાં નામો અત્ર આપી શકું તેમ નથી.

આ લેખની બાકીની (૩૯–૪૨) કડીઓમાં [વિ.] સંવત ૧૩૭૮ ના એક દિવસે ' ગુરૂ ' અગર ' સૂરી ' જ્ઞાનચંદ્રે અર્બુદ પર્વત ઉપર ઋષભની પ્રતિમાની સ્થાપના (પુનઃ સ્થાપના) કરી. જ્ઞાનચંદ્રના ધાર્મિકવંશ વિષે જાણવું જોઇએ કે તેના પહેલાં અમરપ્રભસૂરી થયા હતા અને આ વંશને સ્થાપનાર ધર્મસૂરી હતા જેમને धर्मघोषगणार्यमन् એટલે કે ' ગણ ' ના સૂર્ય કહ્યા છે અને જેમણે વાદિચંદ્રને અને ગુણચંદ્રને હરાવ્યા હતા તથા ત્રણ રાજાઓને બોધ આપ્યો હતો. (વિક્રમ) સંવત્ ૧૩૭૮ ના, બીજા

---

૧ જુઓ પાન ૧૫૪, આગળ.

૨ આ સાત સ્થળો અગર ક્ષેત્રો વિષે વારંવાર કહેવામાં આવ્યું છેઃ પણ એ સાત સ્થળોનાં નામો મળી શકતાં નથી.

૩ આવી રીતે બીજો [લેખ] સં. ૧૩૦૯ જણાવે છે પણ 'બીજું કાંઇ નહિ' આવા શબ્દોમાં, એશિયાટીક રીસર્ચીસ પુ. ૧૬, પા. ૩૧૧ ઉપર કહેલો લેખ તે આ છે.

૪ એટલે કે ઓશવાળ જાત; જુઓ એપીગ્રાફીકા ઇંડિકા, પુ. ૨, પાન ૪૦.

૫ મી. કાઉસેન્સના લીસ્ટના નં. ૧૭૫૯, ૧૮૨૨ ને ૧૮૫૨.

લેખોમાં જ્ઞાનચંદ્રને ધર્મસૂરી[1] અગર ધર્મઘોષસૂરીના પટ્ટ ધર તરીકે ઓળખાવ્યા છે. કાઉસેન્સના લીસ્ટના નં. ૧૭૫૬ નો એક લેખ જેના ઉપર મિતિ નથી તેમાં આરંભમાં આવા અક્ષરો છેઃ—

श्रीमद्धर्मघोषसूरिपट्टे श्रीआण (न) न्दसूरि श्रीअमरप्रभसूरिपट्टे श्रीज्ञानचन्द्रसूरि–

આમાં વર્ણવેલા આનંદસૂરી એજ વિ. સં. ૧૩૦૯ ના ઉપર કહેલા આનંદસૂરી હશે; અને એ લેખના આનંદસૂરી તથા અમરપ્રભસૂરી તે, તે આનંદસૂરી અને તેના શિષ્ય અમરપ્રભસૂરી હશે જે પ્રો. પીટરસનના ચતુર્થ રીપોર્ટ પાન ૧૧૦, શ્લો. ૬ માં કહ્યા પ્રમાણે, અમરચંદ્રસૂરીની સૂચનાથી [વિ.] સં. ૧૩૪૪ માં લખાયલા એક હસ્તલિખિત પુસ્તકમાં વર્ણવેલા છે. આ પુસ્તકમાં ૧૦૯ મા પાને આનંદસૂરિની પહેલાં ધર્મસૂરી (રાજગચ્છના શીલભદ્રસૂરિના શિષ્ય) વર્ણવેલા છે, જે ઉદ્ધત વિવાદ કરનારાઓ તરફ—જેમ હાથીને સિંહની ગર્જના તેમ—હતા અને જેમણે રાજા વિગ્રહના ચિત્તને ચમત્કૃત કર્યું હતું. પ્રો. પીટરસનના ત્રીજા રીપોર્ટના ઍપેન્ડીક્સ, પાન ૧૫ ને ૩૦૭ ઉપર આજ માણસને ધર્મઘોષસૂરીનું નામ આપ્યું છે અને તેમાં તે શાકમ્ભરિના રાજાને બોધ આપતા હોય તેમ વર્ણવ્યા છે. વળી આજ પુસ્તકના પાન ૨૬૨ ઉપર તેમણે સપાદલક્ષ દેશના રાજાની સમક્ષમાં વણા વાદ કરનારાઓને હરાવ્યા હતા એમ કહેલું છે. આ ઉપરથી નિઃસંશય એમ કહી શકાય કે આ લેખમાં વર્ણવેલા ત્રણ રાજાઓમાં એક શાકમ્ભરિનો રાજા વિગ્રહરાજ છે. (આ શાકમ્ભરિ સપાદલક્ષ દેશનું મુખ્ય શહેર છે) હું ધારું છું એ રાજા તે વીસળદેવ—વિગ્રહરાજ હશે જેના દિલ્હી શિવાલિક સ્તંભ લેખો (મારા નોર્ધન લીસ્ટનો નં. ૧૪૪) માં [વિક્રમ] સંવત ૧૨૨૦ એટલે કે (ઇ. સ. ૧૧૭૦) મિતિ આપેલી છે. બે રાજાઓ કયા તે હું ઓળખી શકતો નથી. તેમજ વાદિચંદ્ર[2] અને ગુણચંદ્ર જેમને ધર્મસૂરિએ હરાવ્યા તે કોણ તે કહી શકતો નથી.

૪૨ મી કડીમાં આપેલી મિતિ આ પ્રમાણેઃ—

વસુઓ (૮) મુનિઓ (૭) ગુણો (૩) અને ચંદ્ર (૧) થી બનેલા વર્ષમાં એટલે કે [વિક્રમ] સં. ૧૩૭૮ માં જ્યેષ્ઠ ' સિતિ ' (વદિ) નવમી

---

૧ મી. કાઉન્સેન્સના લીસ્ટના નં. ૧૭૫૬, ૧૭૫૮ અ. ૧૭૬૪ ને ૧૭૯૩.

૨ એક વાદિચંદ્ર તે છે કે જેણે ' જ્ઞાન સૂર્યોદય ' રચ્યું છે; આ લેખમાં વર્ણવેલા વાદિચંદ્ર તે એ હશે કે કેમ તે કહી શકાય નહિ.

'તિથિ' ને વાર સોમ. અહીં એક હરકત છે. અહીંઆ 'સિતિ' શબ્દનો અર્થ મેં વદિ કર્યો છે પણ તે 'શુદિ' એ હોઇ શકે અને જોતાં તો 'શુદિ' ખરૂં લાગે છે કારણ કે લેખની ૩૦ મી લીટીમાં મિતિ ફરીથી આપી છે; ૧૩૭૯ ના જ્યેષ્ઠ સુદિ ૯ સોમ. પરંતુ આના વિરૂદ્ધમાં એટલુંજ કહેવાનું કે બીજા જુદાજ ચાર લેખોમાં (નં. ૧૭૭૧, ૧૮૨૧, ૧૮૨૯, ૧૯૦૪ મી કાઉસેન્સ ' લીસ્ટ) 'સંવત્ (સં) ૧૩૭૮ વર્ષે જ્યેષ્ઠ વદિ ૯ સોમ દિને (અગર સોમે) આપી છે જે દેખીતી રીતેજ આપણા લેખમાં આપેલી મિતિ છે. વિશેષમાં, 'જ્યેષ્ઠ શુદિ' એ મિતિ ૧૩૭૮ માટે તદ્દન ખોટી થાય (કારણ કે ચૈત્રાદિ ચાલુ અગર ગત, અથવા કાર્ત્તિકાદિ ગત વર્ષ) અને કાર્ત્તિકાદિ વિક્રમ સં. ૧૩૭૮ ના પૂર્ણિમાન્ત જ્યેષ્ઠ વદિ માટે ઇ. સ. ૧૩૨૨ ની ૧૦ મી મે બરોબર થાય આ કારણોથી તે મિતિનું મારૂં ભાષાંતર ખરૂં છે અને તેની ખરી મિતિ ૧૩૨૨ ની ૧૦ મી મે સોમવાર લઉં છું. અને ૩૦ મી લીટીમાં ફરીથી મિતિ આપતી રીત (જ્યાં ૧૩૭૯ શંકા પાત્ર હોય જ) ખોટી છે એમ હું ધારૂં છું."

(૧૩૩)

આ લેખ એજ મંદિરમાં એક તરફની ભીંત ઉપર શિલામાં કોતરેલો છે. આમાં બધી મળીને ૨૪ પંક્તિઓ છે. લેખની ભાષા સંસ્કૃત છે પણ તે અપભ્રષ્ટ પ્રયોગોથી ભરપુર છે અને ઘણીજ વ્યાકરણ વિરૂદ્ધ છે.

પ્રારંભમાં, સંવત્ ૧૩૫૦ વર્ષે, માઘ સુદિ ૧, ભૌમ. (મંગલવાર) ની મિતિ લખ્યા બાદ અણહિલપુર (પાટણ) ના રાજા સારંગદેવનું * વર્ણન છે. પરમેશ્વર, પરમભટ્ટારક, ઉમાપતિવરલબ્ધ આદિ

* સારંગદેવ, વાઘેલા વંશના રાજા અર્જુનદેવનો પુત્ર હતો. તેણે સંવત્ ૧૩૩૧ થી ૧૩૫૩ સુધી (૨૨ વર્ષ) રાજ્ય કર્યું હતું. એનાં વખતનો એક લેખ કચ્છમાં આવેલા કંથકોટ પાસે ખોખર નામના ગામમાં એક પાળીઆ ઉપર છે. માંડવીથી ૩૫ માઇલ છેટે આવેલા ભદ્રેશ્વર ગામમાંથી—જે જૈનોનું તીર્થસ્થાન ગણાય છે—એ લેખ ત્યાં લાવવામાં આવ્યો હતો. તેની ઉપર સંવત્ ૧૩૩૨ ની સાલ છે અને તેમાં એને 'મહારાજાધિરાજ' લખ્યો છે. તેમાં એના પ્રધાનનું નામ માલદેવ લખેલું છે. બીજો એક લેખ જેની ઉપર સંવત્ ૧૩૪૩ ની સાલ છે તે પ્રથમ સોમનાથમાં

વિશેષણોની સાથે તેને 'અભિનવસિદ્ધરાજ' જણાવ્યો છે. તેનો 'મહામાત્ય' વાઘુય' હતો. તેના રાજ્યમાં, ઉપર જણાવેલા દિવસે ચંદ્રાવતીના મંડલેશ્વર વિસલદેવે આ શાસનપત્ર કરી આપ્યું છે. ચંદ્રાવતી નિવાસી ઓસવાલ જ્ઞાતીય સા. વરદેવના પુત્ર સા. હેમચંદ્ર તથા મહા. (અર્થાત્ મહાજન) ભીમા, મહા. સિરધર, શ્રે. જગસીહ, શ્રે. સિરપાલ, શ્રે. ગોકુન, શ્રે. વસ્તા અને મહં. વિરપાલ આદિ સમસ્ત મહાજનની પ્રાર્થનાથી આબુ ઉપર રહેલા 'વિમલવસહિ' અને 'લુણિગવસહિ' નામના બંને મંદિરોના ખર્ચ માટે તથા કલ્યાણક આદિ મહોત્સવોના દિવસો ઉજવવા માટે, જુદા જુદા વ્યાપાર કરનાર વ્યાપારીઓ તથા ધંધાદારીઓ ઉપર અમુક રકમનો લાગો બાંધી આપ્યો હતો. પછી જણાવ્યું છે કે આ નિયમ આબુ અને ચંદ્રાવતીમાં રહેનાર દરેક પ્રજાજને નિયમિત રીતે પાળવો. તથા આ મંદિરોની યાત્રા માટે આવનારા યાત્રિઓ પાસેથી આબુ કે ચંદ્રાવતીના કોઈ પણ રાજપુરૂષે કાંઇ પણ (કર કે મુંડકાવેરો વિગેરે) માંગવું નહિ. તથા આબુ ઉપર ઉતરતા ચડતા યાત્રિઓની જો કોઈ પણ વસ્તુ જશે તો તે આબુના ઠાકોરોએ ભરી આપવી પડશે. આ શાસનપત્રમાં કરેલા હુકમો અમારી સંતતિમાં થનારા રાજાઓએ તથા બીજા પણ જે કોઇ રાજાઓ થાય તેમણે બરાબર પાળવા.

હતો પણ હાલમાં પોતુ ગાલમાં આવેલા સેન્દ્રા ગામમાં છે. એ લેખમાં ત્રિપુરાન્તક નામના માણસે કરેલી યાત્રાની વાત લખી છે અને રાજા સારંગદેવની વંશાવળી આપી છે. ડાક્ટર ભાંડારકરને અમદાવાદમાંથી એક હસ્તલિખિત ગ્રંથ મળ્યો હતો, તેમાં લખ્યું છે કે એ ગ્રંથ સંવત્ ૧૩૫૦ ના જેઠ વદિ ૮ ને દિવસે મહારાજાધિરાજ સારંગદેવનું લશ્કર આશાપલ્લિ (અમદાવાદ) મુકામ કરી પડ્યું હતું ત્યારે પૂરો કર્યો હતો. (ગુજરાતના પ્રાચીન ઇતિહાસ ઉપરથી.)

એજ સારંગદેવની ગાદીએ કરણદેવ બેઠો હતો જે 'કરણઘેલો' ના નામથી ગુજરાતમાં પ્રસિદ્ધ છે અને જેના વખતમાં ગુજરાત મુસલમાનોના હાથમાં ગયું.

પછી, પુરાણોના કેટલાક શ્લોકો આપ્યાં છે જેમાં ‘ દેવદાન ’ નો લોપ કરવાથી થનારા પાપ ઇત્યાદિનું વર્ણન છે. ઠક્કુર જયતસિંહના પુત્ર પારિખ પેથાએ આ શાસનપત્ર લખી આપ્યું.

આમાં શ્રીઅચલેશ્વરના મંદિરવાળા રાઉ૦ નંદિ, વશિષ્ઠદેવના મંદિરવાળા તપોધન............(નામ જતું રહ્યું છે.) અંબાદેવીવાળા નીલકંઠ તથા ગામના સઘળા આગેવાન પઢયાર (લોકો) સાક્ષી થએલા છે.

(૧૩૪–૨૪૮)

નંબર ૧૩૪ થી ૨૪૮ સુધીના (૧૧૪) લેખો એજ મંદિરની જુદી જુદી દેવકુલિકાઓ ઉપર તથા તેમાં રહેલી પ્રતિમા વિગેરે ઉપર કોતરેલા છે. આ બધા લેખો ન્હાના ન્હાના છે અને તેમાં સંવત્, દાતાનું નામ અને પ્રતિષ્ઠા કરનાર આચાર્યના ઉલ્લેખ શિવાય બીજું કાંઈ વધારે જાણવા લાયક લખાણ નથી. એ લેખોમાં નં. ૧,૩૪–૩૮–૪૦–૪૧–૪૨–૪૪–૪૫–૪૮–૫૫–૫૯–૬૧–૬૪–૬૮–૭૯–૮૩–૮૫–૮૯–૯૧–૯૬–૨,૦૨–૦૬–૧૬–૧૯–૨૬–૩૩–૩૭–૩૮ અને ૨૪૪ ના (૨૮) લેખો સંવત્ ૧૩૭૮ ની સાલના છે. અર્થાત્ મુખ્ય લેખમાં જણાવ્યા પ્રમાણે માંડવ્યપુર (મંડોઉર) નિવાસી લલ્લ અને વીજડે જ્યારે આ મંદિરનો જીર્ણોદ્ધાર કર્યો તેજ વખતના આ લેખો છે. આ લેખો ઉપરથી એમ જણાય છે કે લલ્લ અને વીજડે તો મૂળ મંદિરનો ઉદ્ધાર કર્યો હતો અને બીજા દાતાઓએ કેટલીક દેવકુલિકાઓનો ઉદ્ધાર કર્યો હતો તથા કેટલાકે પ્રતિમાઓ પધરાવી હતી. આ દાતાઓમાંથી ઘણા ખરા તો માંડવ્યપુરના જ રહેવાસી હતા. પ્રતિષ્ઠા કરનાર આચાર્યોમાં મુખ્ય ભાગ જ્ઞાનચંદ્રસૂરિએ જ ભજવ્યો જણાય છે. તથાપિ નં. ૧૪૪–૪૫ માં મલધારી શ્રીતિલકસૂરિ, નં. ૧૬૮ માં સોમપ્રભસૂરિ, નં. ૨૦૨ માં હેમપ્રભસૂરિ શિષ્ય રામચંદ્રસૂરિ અને નં. ૨૦૬ ના લેખમાં ઉકકેશગચ્છીય કક્કુદાચાર્ય સંતાનીય

કક્કસૂરિનું પણ નામ આવેલું છે. આ ઉપરથી જણાય છે કે એ જીર્ણોદ્ધાર વખતે, આ આચાર્યો પણ ત્યાં વિદ્યમાન હતા.

નંબર ૧,૬૯–૭૦–૭૨–૭૪–૭૫–૭૬–૭૭–૮૦–૮૩–૮૫–૮૬–૮૮–૯૦–૯૨–૯૫–૯૭–૯૯–૨૦૦–૦૪–૦૫–૦૭–૦૮–૧૧–૧૩–૧૪–૧૫, અને ૨૨૨ વાળા (૨૭) લેખો સંવત્ ૧૨૪૫ ના છે. આ લેખો ઉપરથી જણાય છે કે એ વખતે પણ એ મંદિરનો ઉદ્ધાર કે પ્રતિષ્ઠા મહોત્સવ જેવું કાંઈ વિશેષ કાર્ય થયું હશે. એ લેખોમાં મુખ્ય રીતે પ્રાગ્વાટ જ્ઞાતીય મહામાત્ય પૃથ્વીપાલના પુત્ર મહામાત્ય ધનપાલનું નામ આવે છે. એ મહામાત્ય ક્યાંનો રહેવાસી હતો તે આ લેખો ઉપરથી જાણી શકાતું નથી. હસ્તિશાળાની અંદર એના નામનો પણ એક હાથી ઉભો છે.* ૧૫૭ નંબરના લેખમાં, જે સંવત્ ૧૨૦૪ નો છે, આનંદ પુત્ર પૃથ્વીપાલ મંત્રીનું નામ છે તે ઘણા ભાગે એ ધનપાલનો પિતા જ પૃથ્વીપાલ હશે. કારણ કે હસ્તિશાળામાં ધનપાલના હાથી સાથે પૃથ્વીપાલ અને આનંદના નામના પણ એકેક હાથી ઉભો છે અને જેના ઉપર એજ ૧૨૦૪ ની સાલ છે. ૨૧૩ અને ૧૪ નંબરના લેખો મંત્રી યશોવીરના છે; જેનું વર્ણન ઉપર ૧૦૮–૦૯ નંબરના લેખાવલોકનમાં કરવામાં આવ્યું છે. ૨૧૩ નો લેખ તો ઉક્ત બંને લેખો જેવો જ છે. ૧૪ નો લેખ ગદ્યમાં છે અને તેમાં લખેલું છે કે,–મંત્રી યશોવીરે પોતાની માતા ઉદયશ્રીના શ્રેયાર્થે તોરણ સહિત દેવકુલિકા બનાવી તેમાં આ પ્રતિમા પધરાવી છે.

આ લેખોમાં પ્રતિષ્ઠા કરનાર તરીકે એક તો આરાસનવાળા બૃહદ્ગચ્છીય આચાર્ય યશોદેવસૂરિના શિષ્ય દેવચંદ્રસૂરિનું નામ છે, અને

---

* એ હાથી ઉપરથી સંવતનો આંક ભુંસાઈ ગયો છે પરંતુ પં. ગૌરીશંકર ઓઝાએ તેના ઉપર ૧૨૩૭ ની સાલ વાંચી છે, એમ તેમના 'सीरोही राज्यका इतिहास' (પૃ. ૬૩) ના લખાણથી જણાય છે.

બીજા +કાસહૃદગચ્છના ઉદ્યોતનાચાર્ય સંતાનીય સિંહસૂરિનું નામ છે. ૨૧૫ ના લેખમાં રત્નસિંહસૂરિનું નામ પણ આપેલું છે.

નંબર ૨,૧૭–૧૮–૨૦–૨૧–૨૪–૨૭ અને ૪૩ વાળા (૭) લેખો સંવત્ ૧૨૧૨ ની સાલના છે પ્રતિષ્ઠાકારક આચાર્ય (નં. ૨૧૮–૨૦–૨૧ માં) શીલભદ્રસૂરિના શિષ્ય ભરતેશ્વરસૂરિના શિષ્ય શ્રીવૈરસૂરિ જણાવ્યા છે.

નં. ૨૪૮ નો લેખ પણ એજ વર્ષનો છે. તેમાં લખ્યું છે કે—કોરંટગચ્છીય ઓશવંશીય મંત્રિ ધાંધુકે વિમલમંત્રીની હસ્તિશાળામાં આ આદિનાથનું સમવસરણ બનાવ્યું છે અને નન્નસૂરિના શિષ્ય કકકસૂરિએ એની પ્રતિષ્ઠા કરી છે.

૧૫૬ નંબરનો લેખ જે ૧૦ નંબરની દેવકુલિકાની જમણી બાજુ ઉપર કોતરેલો છે તે એક આર્યાછંદનું પદ્ય છે. તેમાં એજ કકકસૂરિએ પોતાના ગુરૂ નન્નસૂરની સ્તુતિ કરેલી છે.

૧૩૫–૩૯–૪૩–૪૭ અને ૫૦ નંબરના લેખોની મિતિ સં. ૧૨૦૨ છે. પ્રતિષ્ઠા કરનાર કકુદાચાર્ય છે જેઓ ૨૦૬ નંબરના લેખમાં જણાવેલા ઉકકેશગચ્છીય આચાર્ય કકકસૂરિના પૂર્વજ છે.

૨૦૯ અને ૧૦ નંબરના લેખો સં. ૧૩૦૨ ના છે. તેમાં પ્રતિષ્ઠાતા તરીકે રૂદ્રપલ્લીય અભયદેવસૂરિના શિષ્ય દેવભદ્રાચાર્યનું નામ છે.

+ કાસહૃદગચ્છ એ કાસહૃદ નામના ગામ ઉપરથી પ્રસિદ્ધિમાં આવ્યો છે. આબુપર્વતની પાસે આર. એમ. રેલ્વેના કીરલી–સ્ટેશનથી ૪ માઈલ ઉત્તરે ' કાયંદ્રા ' નામનું જે વર્તમાનમાં ગામ છે તેજ પુરાતન ' કાસહૃદ ' છે એમ પં. ગૌરીશંકર ઓઝા પોતાના ' सिरोही राज्य का इतिहास ' (પૃ૪ ૩૬) માં જણાવે છે. એ ગામમાં એક પુરાતન જિનમંદિર પણ છે જેનો થોડા વર્ષ પહેલાં જીર્ણોદ્ધાર થયો છે. તેમાં મૂલમંદિરની ચારે બાજુ બીજી ન્હાની ન્હાની દેવકુલિકાઓ છે જેમાંની એકના દ્વાર ઉપર વિ સં ૧૦૯૧ નો લેખ છે. ત્યાં એક બીજું પણ પ્રાચીન જૈનમંદિર હતું જેના પત્થરો વિગેરે ત્યાંથી લઈ જઈ રોહેડામાં નવા બનેલા મંદિરમાં લગાડી દેવામાં આવ્યાં છે.

નં. ૧૫૧ નીચે આપેલા આઠ નામો, ૧૦ નં. ની દેવકુલિકાની અંદર શ્રાવકની જે આઠ મૂર્તિઓ છે તેમના નીચે કોતરેલા છે. આ આઠેનો પરસ્પર શો સંબંધ છે તે જાણી શકાયો નથી પરંતુ ૧૫૨ નં. વાળો લેખ જે એ જ દેવકુલિકામાં આવેલી પ્રતિમાના પદ્માસન નીચે આરસના એક કટકા ઉપર કોતરેલો છે તેથી આ આઠમાંના ૫ નો સંબંધ આ પ્રમાણે જણાય છેઃ—

શ્રી માલજ્ઞાતીય વીરમહામંત્રી.
|
મંત્રીનેટ.
|
લાલિગ.
|
મહિંદુક. મંત્રી દશરથ.

હસ્તિશાળાની અંદર વીર અને નેટના નામનો એકેક હાથી મૂકેલો છે; જેના ઉપર સંવત્ ૧૨૦૪ ની સાલ કોતરેલી છે.

નં. ૧૫૨ નો લેખ પણ એજ કુટુંબ સાથે સંબંધ ધરાવતો હોય તેમ જણાય છે. એની મિતિ સં. ૧૨૦૦ ના જેઠ વદિ ૧, શુક્રવાર છે. એમાં પ્રતિષ્ઠા કરનાર આચાર્ય નેમિચંદ્રસૂરિ છે.

૧૫૪ નંબરનો લેખ, આબુના લેખોમાં સર્વથી જુનો છે અને તેની સાલ સં. ૧૧૧૯ ની છે. આ લેખ ૧૩ નંબરની દેવકુલિકામાં આવેલી મુખ્ય પ્રતિમાના પદ્માસન નીચે કોતરેલો છે. આ બે શ્લોકોમાં છે. થારાપદ્ર (જેને વર્તમાનમાં થરાદ કહે છે) નિવાસી કોઇ કુટુંબના શાંતી નામના પૃથ્વી પ્રસિદ્ધ અને પરમશ્રાવક અમાત્યની શ્રી શિવાદેવીના પુણ્ય માટે તેના બીજા અને ગીગી નામના અપત્યોએ આ પ્રતિમા કરાવી, એવી એ લેખની મતલબ છે.

૧૬૩ નંબરના લેખમાં જણાવ્યું છે કે—સં. ૧૬૯૪ માં પંડિત હરિચંદ્રગણિએ બીજા ૧૦ યતિઓ સાથે (આબુની) યાત્રા કરી છે.

જુના લેખોમાં બીજો નંબર ૧૮૪ નંબરવાળા લેખનો છે. કારણ કે તે સં. ૧૧૮૭ ની સાલનો છે. ભદ્રસિંણક નામના ગામ નિવાસી પ્રાગ્વાટ જ્ઞાતિના કેટલાક શ્રાવકોએ (નામો આપ્યાં છે) મળીને આબુ તીર્થ ઉપર આદિનાથની પ્રતિમા બનાવી જેની પ્રતિષ્ઠા બૃહદ્ગચ્છના સંવિજ્ઞવિહારી આચાર્ય વર્ધમાનસૂરિના પટ્ટધર પદ્મસૂરિના શિષ્ય ભદ્રેશ્વરસૂરિએ કરી; એટલો ઉલ્લેખ કરેલો છે.

૨૩૫ ના નંબર નીચે આપેલા નામો વિગેરે, જુદી જુદી સ્ત્રીપુરૂષોની મૂર્તિ ઉપર કોતરેલા છે જે મૂલમંદિરના રંગમંડપમાં બેસાડેલી છે.

નંબર ૨૩૯ અને ૪૦ વાળા લેખો, એજ રંગમંડપમાં ગભારાના દરવાજાની બંને બાજુએ બે કાયોત્સર્ગસ્થ પ્રતિમાઓ વિરાજિત છે તેમના ઉપર કોતરેલા છે. સં. ૧૪૦૮ છે. કોરંટગચ્છના મહં૦ ધાંધુકે પોતાના કુટુંબના શ્રેયાર્થે, [આબુ ઉપરના] યુગાદિદેવ (આદિનાથ) ના મંદિરમાં આ 'જિનયુગલ' કરાવ્યું છે, અને જેની પ્રતિષ્ઠા કક્કસૂરિએ કરી છે; એવું લેખનું તાત્પર્ય છે.

મૂળ ગભારામાંથી બહાર નિકળતાં ડાવી બાજુએ જે ગોખલો છે તેમાં રહેલી પ્રતિમાના પદ્માસનની નીચે પત્થર ઉપર ૨૪૨ નંબરનો લેખ કોતરેલો છે. આ લેખ વસ્તુપાલનો છે. સંવત્ ૧૨૭૮ ની સાલમાં, મહામાત્ય વસ્તુપાલે પોતાના ભાઈ મલ્લદેવના પુણ્યાર્થે મલ્લિનાથદેવસહિત ખત્તક (ગોખલો) બનાવ્યો છે. એમ એ લેખમાં ઉલ્લેખ છે.

બાકીના કેટલાક લેખોમાં સાધારણ રીતે મૂર્તિ કરાવનારાઓનાં નામો શિવાય વિશેષ કાંઇ નથી.

(૨૪૯–૨૫૬)

તેજપાલના મંદિરની પાસે જે ભીમસિંહનું મંદિર કહેવાય છે તેમાં મૂલનાયક તરીકે પિત્તલમય આદિનાથ તીર્થંકરની પ્રતિમા પ્રતિષ્ઠિત છે તેની નીચે નં. ૨૪૯ નો લેખ, તથા તેની બંને બાજુએ

પરિકરની જે મૂર્તિઓ છે તેમની નીચે ૨૫૧ અને ૫૨ ના લેખો કોતરેલા છે. લેખનો ભાવાર્થ આ પ્રમાણે છેઃ—

સંવત્ ૧૫૨૫ ફાલ્ગુણ સુદી ૭, શનિવાર, રોહિણી નક્ષત્રના દિવસે આબુ પર્વત ઉપર દેવડા શ્રીરાજધર સાગર ડુંગરસીના રાજ્યમાં સાં૦ ભીમના મંદિરમાં, ગુજરાત નિવાસી, શ્રીમાલજ્ઞાતિના અને રાજમાન્ય મં. મંડનની ભાર્યા મોલીના પુત્ર મહં૦ સુંદર અને તેના પુત્ર મં. ગદાએ પોતાના કુટુંબ સમેત ૧૦૮ મણ પ્રમાણવાળા પરિકર સહિત આ પ્રથમજિનનું બિંબ કરાવ્યું છે અને તપાગચ્છનાયક શ્રીસોમસુન્દરસૂરિના પટ્ટધર આચાર્ય શ્રીલક્ષ્મીસાગરસૂરિએ, સુધાનંદનસૂરિ સોમજયસૂરિ, મહોપાધ્યાય જિનસોમગણિ આદિ શિષ્ય પરિવાર સહિત તેની પ્રતિષ્ઠા કરી છે.

૨૫૦ નંબરવાળો લેખ, એજ મૂર્તિની નીચે જે દેવીની મૂર્તિ છે તેના ઉપર કોતરેલો છે. એ લેખમાં, એ મૂર્તિઓ કરનારા કારીગરોનાં નામો કોતરેલા છે. મુખ્ય કારીગર દેવા નામે હતો જે મહિસાણા (હાલનું મહેસાણા) નો રહેવાશી હતો.

નં. ૨૫૩–૫૪ અને–૫૫ નીચે આપેલા લેખો પણ એજ મંદિરના રંગમંડપમાં જુદે જુદે ઠેકાણે બેસાડેલી મૂર્તિઓ ઉપર કોતરેલા છે.

૨૫૬ નંબર વાળો લેખ ખુદ મૂલનાયકની પ્રતિમાના પદ્માસનવાળા ભાગની ડાબી અને જમણી બાજુએ તથા પાછળના ભાગમાં કોતરેલો છે. પાછળના ભાગનો લેખપાઠ વાંચી શકાતો નથી કારણ કે તે ભીંતને અડેલો છે. તેથી એ લેખ ખંડિત જ આપેલો છે. એમાં પણ ઉપર પ્રમાણે જ હકીકત લખેલી છે.

આ લેખોમાં જણાવેલા લક્ષ્મીસાગરસૂરિ તથા તેમના સહચરોનું વિસ્તૃત વર્ણન ગુરુગુણરત્નાકર નામના કાવ્યમાં આપેલું છે. મંત્રી ગદાનું વર્ણન પણ થોડુંક એજ ગ્રંથમાં, તૃતીયસર્ગમાં બે ઠેકાણે આપેલું છે. એ અમદાવાદનો રહેવાસી હતો. ગુર્જર જ્ઞાતિના મહાજનોનો

આગેવાન અને સુલતાનનો+ મંત્રી હતો. જૈનધર્મનો એ પ્રભાવક શ્રાવક હતો. ઘણા વર્ષો સુધી એણે સરલભાવે પ્રત્યેક પાક્ષિક (ચતુર્દશી) દિવસે ઉપવાસો કર્યા હતા અને તેમના દરેક પારણે બસો ત્રણસો શ્રાવકોનું વાત્સલ્ય કરતો. એણે ૧૨૦ મણની પિત્તલની પ્રતિમા કરાવી આ આબુ ઉપરના ભીમસાહના મંદિરમાં ઘણા આડંબરની સાથે પ્રતિષ્ઠિત કરી. એ પ્રતિષ્ઠા કરવા માટે એણે અમદાવાદથી મોટો સંઘ કાઢયો હતો જેમાં હજારો માણસો અને સેંકડો ઘોડાઓ અને ૭૦૦ ગાડાઓ હતા. જ્યારે તે આબુ ઉપર આવ્યો ત્યારે ' ભાનુ ' અને ' લક્ષ '* આદિ રાજાઓએ તેનો સત્કાર કર્યો હતો. આબુ ઉપર એણે એક લાખ સોના મહોરો ખર્ચી સાધર્મી વાત્સલ્ય, સંઘભક્તિ અને પ્રતિષ્ઠાદિ મહત્કાર્યો કર્યાં હતાં. તથા એની પહેલાં એણે સોઝીંત્રિકા (હાલનું સોજીત્રા જે ચડોતરમાં પ્રસિદ્ધ કસબો છે) નામના ગામમાં ૩૦૦૦૦ દ્રમ્મ ટંક (તે વખતે ચાલતા સિક્કાઓ) ખર્ચી નવીન જૈન મંદિર બનાવ્યું હતું. ×

(૨૫૭-૨૬૨)

આ નંબરો વાળા લેખો ' ખરતરવસતિ ' નામના ચતુર્મુખ પ્રાસાદમાં આવેલા છે જેને હાલમાં કેટલાક લોકો ' સલાટનું મંદિર ' કહે છે.

+ આ સુલતાન કયો હતો તેનું નામ આપ્યું નથી. પરંતુ અનુમાનથી જણાય છે કે તે મહમૂદ બેગડો હશે. કારણ કે એ સમયમાં એજ ગુજરાતનો સુલતાન હતો.

* ' ભાનુ ' રાજા તે ઇડરનો રાવ ભાણજી છે જેની હકીકત ફાર્બસ સાહેબની ' રાસમાલા ' ભાગ ૧, ના પત્ર ૬૨૧ ઉપર આપેલી છે. અને ' લક્ષ ' રાજા તે સીરોહીનો મહારાવ લાખા છે જે સં. ૧૫૦૮ માં રાજ્યગાદીએ આવ્યો હતો અને સં. ૧૫૪૦ માં મરણ પામ્યો હતો.

× આ વૃત્તાન્ત માટે જુઓ ' गुरुगुणरत्नाकरकाव्य ' (કાશીની જૈનયશોવિજય ગ્રન્થમાલામાં પ્રકાશિત) પૃ. ૩૪ અને ૩૬.

મુખ્ય કરીને આ લેખો ઓશવાલ જ્ઞાતિના દરડાગોત્રવાળા કોઈ મંડલિક નામના શ્રાવકનાં છે. પ્રતિષ્ઠા કરનાર ખરતરગચ્છના આચાર્ય જિનચંદ્રસૂરિ છે.

ક્ષમાકલ્યાણક ગણિની પટ્ટાવલી પ્રમાણે આ આચાર્ય સં. ૧૫૧૪ માં આચાર્ય પદ પામ્યા હતા અને સં. ૧૫૩૦ માં જેસલમેરમાં સ્વર્ગસ્થ થયા હતા. એ પટ્ટાવલિમાં આબુ ઉપર કરેલી એમની એ પ્રતિષ્ઠાનો પણ 'अर्बुदाचलोपरि नवफणपार्श्वनाथप्रतिष्ठाविधायक' આવી રીતે ઉલ્લેખ કરેલો છે.

(૨૬૩-૨૭૦)

આ નંબરો નીચે આપેલા લેખો અચલગઢ ઉપર આવેલા ચૌમુખજીના મંદિરમાંની પ્રતિમાઓ ઉપર કોતરેલા છે. આ પ્રતિમાઓ વિશાલ કાય અને પિત્તલમય બનેલી છે.

નં. ૨૬૩ અને ૨૬૮ વાળા લેખોની મિતિ સં. ૧૫૬૬ ના ફાલ્ગુન સુદી ૧૦ ની છે.

પ્રાગ્વાટ જ્ઞાતિના સં. સહસાએ અચલગઢ ઉપર, મહારાજાધિરાજ *જગમાલજીના રાજ્યમાં, આ 'ચતુર્મુખ વિહાર' બનાવ્યો જેની પ્રતિષ્ઠા તપાગચ્છના શ્રીસુમતિસૂરિના શિષ્ય કમલકલશસૂરિના શિષ્ય જયકલ્યાણસૂરિએ કરી. તે વખતે તેમની સાથે ચરણસુંદરસૂરિ આદી બીજો પણ કેટલોક શિષ્ય પરિવાર હતો.

આ લેખમાં જણાવેલા કમલકલશસૂરિથી કમલકલશા નામની તપાગચ્છની એક શાખા જુદી પ્રચલિત થઇ હતી. આ વિષયમાં लघुपोशालिकपट्टावली માં જણાવ્યું છે કે—સુમતિસાધુસૂરિએ પ્રથમ

* 'જગમાલ' સીરોહિનો રાજા હતો. તે મહારાવ લાખાનો પુત્ર હતો. સંવત ૧૫૪૦ માં તે પોતાના પિતાની ગાદીએ બેઠો હતો. તેણે ૪૦ વર્ષ સુધી રાજ્ય કર્યું હતું અને સંવત ૧૫૮૦ માં મરણ પામ્યો હતો. તેની વિશેષ હકીકત જુઓ 'सीरोही का इतिहास' માં પૃષ્ઠ ૨૦૧ થી ૨૦૫.

ઇન્દ્રનંદી અને કમલકલશ નામના બે શિષ્યોને આચાર્યપદ આપ્યું હતું; પરંતુ પાછળથી તેમને સૂરિમંત્રના અધિષ્ઠાયક દેવે કહ્યું કે આ બેને આચાર્યપદ આપ્યું તે ઠીક નહિં કર્યું કારણ કે એઓ ગચ્છનો ભેદ કરશે. તેથી સુમતિસૂરિએ ફરી એક નવા આચાર્ય બનાવ્યા અને તેમનું નામ હેમવિમલસૂરિ એવું આપ્યું. સુમતિસૂરિના સ્વર્ગસ્થ થયા પછી ઉક્ત બંને આચાર્યોએ પોતપોતાના જુદા સમુદાયો પ્રવર્તાવ્યા. જેમાંથી ઇન્દ્રનંદીસૂરિની શાખાવાળા ' કુતબપુરા ' કહેવરાવા લાગ્યા અને કમલકલશસૂરિની શાખાવાળા * 'કમલકલશા'ના નામથી ઓળખાવા લાગ્યા. મૂળ સમુદાય ' પાલણપુરા ' ના નામે પ્રખ્યાત થયો. એજ કમલકલશસૂરિના શિષ્ય જયકલ્યાણસૂરિ આ લેખોક્ત પ્રતિષ્ઠા કરનાર છે.

નં. ૨૬૪, ૬૫ અને ૬૭ વાળા લેખો સંવત્ ૧૫૧૮ ની સાલના છે.

પ્રથમના લેખમાં નીચે પ્રમાણે હકીકત છેઃ—

મેદપાટ (મેવાડ) માં આવેલા§ કુંભલમેર નામના મહાદુર્ગમાં,

---

* ટિપ્પણમાં જણાવ્યું છે કે—

' कुतबपुरागच्छाद्धर्षविनयसूरिणा निगममतं कर्पितं, अपरनाम ' भूकटिया ' मतं, पश्चात् हर्षविनयसूरिणा मुक्तो निगमपक्षः ब्राह्मणै रक्षितः (?) '

અર્થાત્—કુતબપુરા ગચ્છમાંથી હર્ષવિનયસૂરિએ ' નિગમમત ' કાઢયું કે જેનુ બીજું નામ ' ભૂકટીયામત ' છે. પાછળથી હર્ષવિનયસૂરિએ એ મત મૂકી દીધું હતુ તે પછી બ્રાહ્મણોએ રાખ્યું (?)

§ આ ' કુંભકર્ણ ' તે મેવાડનો પ્રખ્યાત મહારાણો ' કુંભો ' છે. આ રાણો બહુ શૂરવીર અને પ્રતાપી હતો. મેવાડના રક્ષણ માટે જે ૮૪ કિલ્લાઓ બાંધેલા છે તેમાંથી ૩૨ તો આ રાણા કુંભાએ જ બંધાવ્યા છે. કુંભલમેરનો કિલ્લો પણ એણે જ બંધાવ્યો છે. મેવાડના બધા કિલ્લાઓમાં એ કિલ્લો બહુજ મજબૂત અને મહત્વનો ગણાય છે. સુપ્રસિદ્ધ જૈનતીર્થ ' રાણપુર ' ની પાસે આવેલા પર્વત ઉપર એ કિલ્લો આવેલો છે.

રાજાધિરાજ શ્રી કુંભકર્ણના વિજય રાજ્યમાં, તપાગચ્છના સંઘે કરાવેલા, અને આબુ ઉપર આણેલી પિત્તલની પ્રૌઢ એવી આદિનાથની પ્રતિમાવડે અલંકૃત થયેલા શ્રીચતુર્મુખ પ્રાસાદમાંના, બીજા આદિ દ્વારોમાં સ્થાપન કરવા માટે, શ્રીતપાગચ્છના સંઘે આ આદિનાથનું બિંબ કરાવ્યું. તેની પ્રતિષ્ઠા ડૂંગરપુર નગરમાં રાઉલ શ્રીસોમદાસના રાજ્યમાં, ઓસવાલ જ્ઞાતિના સા. સાભાની સ્ત્રી કર્માદેના પુત્ર સા. માલા અને સાહૂલા નામના ભાઈઓએ કરેલા આશ્ચર્યકારક પ્રતિષ્ઠા મહોત્સવપૂર્વક, સોમદેવસૂરિ આદિ શિષ્ય પરિવારની સાથે તપાગચ્છનાયક શ્રીલક્ષ્મી-સાગરસૂરિએ કરી છે. ડૂંગરપુરના સંઘની આજ્ઞાથી સૂત્રધાર લુંભા અને લાંપા આદિકોએ આ મૂર્તિ બનાવી છે.

આ લેખોમાં જણાવેલા પ્રતિષ્ઠા મહોત્સવનો ઉલ્લેખ गुरुगुणरत्नाकर ના તૃતીયસર્ગના પ્રારંભમાં ૩ જા અને ૪ થા પદ્યમાં કરેલો છે. એ પદ્યોમાં જણાવ્યા પ્રમાણે સા. સાહૂલા ડુંગરપુરના રાવલ સોમદાસનો મંત્રી હતો. તેણે ૧૨૦ મણના વજનવાળી પિત્તલની મ્હોટી જિનપ્રતિમા બનાવી હતી. એના કરેલા પ્રતિષ્ઠા મહોત્સવમાં એ પ્રતિમાની તથા બીજી પણ અનેક પ્રતિમાઓની પ્રતિષ્ઠાઓ કરવામાં આવી હતી.

૨૬૯ નંબરવાલો લેખ, સંવત્ ૧૭૨૧ ની સાલનો છે. લેખની હકીકત આ પ્રમાણે છેઃ—

મહારાજાધિરાજ *શ્રીઅખયરાજના સમયમાં અમદાવાદ નિવાસી શ્રીમાલ જ્ઞાતિનો વદ્ધશાખાવાળા દોસી પનીયાના સુત મનીયાની ભાર્યા મનરંગદેના પુત્ર દો. શાંતિદાસે આદિનાથનું બિંબ કરાવ્યું. તેની પ્રતિષ્ઠા તપાગચ્છીય શ્રીહીરવિજયસૂરિના પટ્ટધર આચાર્ય શ્રીવિજયસેનના પટ્ટધર વિજયતિલકસૂરિના પટ્ટધર વિજયાનંદસૂરિના શિષ્ય ભટ્ટારક વિજયરાજ સૂરિએ કરી છે.

---

* આ 'અખયરાજ' તે સીરોહીનો રાજા બીજો અખયરાજ છે. એ સંવત્ ૧૭૩૦ માં મૃત્યુ પામ્યો હતો. એના માટે વિશેષ વૃત્તાંત જુઓ 'सीरोही का इतिहास' પત્ર ૨૪૯ ૨૬૨,

(૨૭૧)

આબુ દેલવાડા ઉપર વિમલસાહના મંદિરના મુખ્ય રંગમંડપમાં આવેલા એક સ્તંભની પછવાડે એક ગ્રહસ્થની મૂર્તિ કોતરેલી છે તેની નીચે ૮–૧૦ પંક્તિમાં આ નંબર ૨૭૧ વાળો લેખ કોતરેલો છે. લેખ પદ્યમાં છે પરંતુ મ્હને જે આની નકલ (પ્રતિકૃતિ–રબીંગ) મળી છે તે એટલી બધી અસ્પષ્ટ છે કે પૂરેપૂરી વાંચી શકાતી નથી. પ્રારંભની ૪ પંક્તિઓ ઘણી મહેનતે વાંચી શકાણી છે. આ લેખ ઉપયોગી છે. કારણ કે આમાં તે શ્રીપાલકવિની હકીકત છે જે ગુર્જરપતિ સિદ્ધરાજ જયસિંહનો મિત્ર (ભાઇબંધ) હતો. તે જાતિએ પ્રાગ્વાટ વણિગ્ હતો અને આ લેખમાં જણાવ્યા પ્રમાણે તેના પિતાનું નામ લક્ષ્મણ હતું. એ મહાકવિ હતો અને ' કવિરાજ ' એવું એનું ઉપનામ હતું. પ્રભાચંદ્રના રચેલા પ્રમાવકચરિતના ' દેવસૂરિ પ્રબંધ ' અને ' હેમચંદ્રપ્રબંધ ' માં અનેક સ્થળે એ કવિનું વર્ણન આવેલું છે. એનો પુત્ર સિદ્ધપાલ હતો તે પણ મહાકવિ હતો. તેને પણ વિજયપાલ નામે પુત્ર હતો અને તે પણ કવિ હતો. વિજયપાલનું બનાવેલું દ્રૌપદી સ્વયંવર નામનું નાટક હાલમાં મળ્યું છે જે મ્હેં પ્રકટ કર્યું છે. તેની પ્રસ્તાવનામાં આ કવિવંશનું વિસ્તૃત વર્ણન આપ્યું છે તેથી જીજ્ઞાસુએ વિશેષ ત્યાં જોઈ લેવું.

આ લેખ ઉપર જે ગ્રહસ્થની મૂર્તિ છે તે ઘણા ભાગે કવિરાજ શ્રીપાલનીજ હોય તેમ જણાય છે.

એ લેખને ફરી તપાસવાની આવશ્યકતા છે અને એની સંપૂર્ણ નકલ લેવાની ખાસ જરૂરત છે. મ્હારી પાસે જે આની પ્રતિકૃતિ છે તેમાં અસ્પષ્ટ જણાતા નીચેના ભાગમાં જે કેટલાક અક્ષરો જણાય છે તેમનાથી અનુમાન થાય છે કે એ ભાગમાં એના પુત્રોનાં નામો આપેલાં હોવાં જોઈએ.

(૨૭૨–૨૭૬)

આબુ પર્વતની નીચે, ખરાડીથી લગભગ ૪ માઇલ પશ્ચિમે

મૂંગથલા કરીને એક ગામ છે તેજ પ્રાચીન મુંડસ્થલ મહાતીર્થ છે. એ ગામ પૂર્વે ઘણી સારી રીતે આબાદ હતું એમ ઐતિહાસિક ઉલ્લેખોથી જણાય છે; પરંતુ વર્તમાનમાં તો એ તદ્દન ઉજ્જડ જેવું લાગે છે. गुरुगुणरत्नाकर કાવ્ય ઉપરથી જણાયછે કે તપગચ્છાચાર્ય શ્રીમુનિસુન્દરસૂરિએ મુંડસ્થલમાં સં. ૧૫૦૧ માં લક્ષ્મીસાગરને વાચ્ય-કપદ આપ્યું હતું અને તે વખતે તેમના ભાઈ સંઘપતિ ભીમે એ પદનો ઘણા ઠાઠથી મહોત્સવ કર્યો હતો.* એ ગામમાં હાલમાં કેટલાંક તૂટેલાં મંદિરો પડયાં છે. તેમાં એક જૈન મંદિર પણ વિશાલ આકારવાળું દેખાતું દૃષ્ટિગોચર થાય છે. એજ મંદિરના સ્તંભો વિગેરે ઉપર નં. ૨૭૨ થી ૭૬ સુધીના લેખો કોતરેલા છે.

પ્રથમના બે લેખો સં. ૧૨૧૬ ના છે તેમાં વીસલ અને દેવડા નામના શ્રાવકોએ આ સ્તંભો કરાવ્યાં છે આવો ઉલ્લેખ કરેલો છે. બીજા બે લેખો સં. ૧૪૨૬ ની સાલના છે. તેમાં જણાવ્યું છે કે–કોરંટ ગચ્છવાળા નન્નાચાર્યના વંશમાં, મુંડસ્થલ ગ્રામમાં શ્રીમહાવીરસ્વામિના મંદિરનો પ્રાગ્વાટ જ્ઞાતિના ઠ. મહિપાલની ભાર્યા રૂપિણીના પુત્ર સિરપાલે જીર્ણોદ્ધાર કર્યો. કલશ અને દંડની પ્રતિષ્ઠા કરાવી. આજુબાજુની ૨૪ દેવ કુલિકાઓમાં બિંબોની પ્રતિષ્ઠા કરાવી. પ્રતિષ્ઠા કરનાર કક્કસૂરિના શિષ્ય સાવદેવસૂરિ.

૨૭૬ નંબરનો લેખ સં. ૧૪૪૨ ના વર્ષનો છે. તેમાં રાજા કાન્હડદેવના પુત્ર વીસલદેવે, આ મહાવીરના મંદિરમાં સવાડીયા ઘાટ (?) દાનમાં આપ્યાનો ઉલ્લેખ છે.

---

* मुण्डस्थलेऽथ मुनिसुन्दरसूरिभिर्यै-

यै स्थापितास्तदनु वाचकतापदव्याम् ।

भीमेन सङ्घपतिना निजबान्धवेना-

ऽरब्धोद्भवे विधुवियद्वसुधाङ्कवर्षे ॥

—प्रथमसर्ग; ९० पद्य ।

આ મંદિરમાંની એક મૂર્તિ આબુ ઉપરના તેજપાલના મંદિરમાં છે જેના ઉપર ૧૨૮ નંબર વાળો લેખ કોતરેલો છે. આથી જણાય છે કે જ્યારે આ ગામ ભાંગ્યું ત્યારે આ મંદિરમાંની મૂર્તિઓ આબુ ઉપર લઈ જવામાં આવી હશે. તેજપાલના મંદિરમાંના બીજા લેખમાં (નં. ૬૫) મુંડસ્થલ ને મહાતીર્થ તરીકે જણાવ્યું છે તેથી સમજાય છે કે તે વખતે એ સ્થલ મહત્ત્વનું મનાતું હશે અને ત્યાં પ્રાચીન જૈન મંદિરો વધારે હશે. ચંદ્રાવતીની જ્યારે ચઢતી કલા હતી ત્યારે તેની આસપાસનો આ બધો પ્રદેશ સમૃદ્ધિ અને જૈન પ્રજાથી ભરપૂર હતો એમ નિઃશંસય રીતે આ લેખો ઉપરથી જણાય છે. મુસલમાનોના આક્રમણોના લીધે ચંદ્રાવતી ઉજ્જડ થઈને તેની સાથે તેના સમીપવર્તી સ્થળો પણ નષ્ટ થયાં. કાલના કઠોર પ્રહારોથી જર્જરિત થઈ સદાના માટે નામશેષ થઈ જવાની અણી ઉપર આવી રહેલા આ મુંડસ્થલ જેવા સ્થલોના ભગ્નાવશેષ મંદિરોને તેમ થતાં અટકાવનાર કોઈ સિરપાલ જેવો શ્રાવક બહાર પડે તો ઘણું સારૂં થાય.

આરાસણ તીર્થના લેખો.

આબુ પર્વતની પાસે આવેલા અંબાજી નામના હિંદુઓના પ્રસિદ્ધ દેવસ્થાનથી દક્ષિણ-પૂર્વ દિશામાં એક-દોઢ માઇલને છેટે કુંભારિઆ નામનું જે ન્હાનું સરખું એક ગામ વસે છે તેજ પ્રાચીન આરાસણ તીર્થ છે. તીર્થ એટલા માટે કે ત્યાં આગળ જૈનોના ૫ સુન્દર અને પ્રાચીન મંદિરો આવેલાં છે. મંદિરોની કારીગરી અને બાંધણી ઘણી જ ઉંચા પ્રકારની છે. બધાં મંદિરો આબુનાં મંદિરો જેવાં ધોળા આરસપહાણના બનેલાં છે. એ સ્થાનનું જુનું નામ 'આરાસણાકર' છે તેનો અર્થ 'આરસની ખાણ' એવો થાય છે. જૈનગ્રંથો જોતાં એ નામની યથાર્થતા તુરત જણાઈ આવે છે. પૂર્વે એ સ્થળે આરસની મ્હોટી ખાણ હતી. આખા ગુજરાત પ્રાંતમાં અહીંથી જ આરસ જતો હતો. વિમલસાહ અને વસ્તુપાલ તેજપાલ આદિએ આબુ વિગેરે

ઉપર જે અનુપમ કારીગરીવાલા આરસના મંદિરો બનાવ્યાં છે તે આરસ આ જગ્યાએથી જ લઇ જવામાં આવ્યો હતો. ઘણી ખરી જિન-પ્રતિમાઓ પણ અહીંના જ પાષાણની બનેલી હોય છે. તારંગા પર્વત ઉપરના મહાન્ મંદિરમાં જે અજિતનાથ દેવની વિશાલકાય પ્રતિમા વિરાજિત છે તે પણ અહીંના જ પાષાણની બનેલી છે એમ सोमसौ-भाग्य काव्य જોતાં સ્પષ્ટ જણાય છે. એ કાવ્યમાં એ મૂર્તિના નિર્માણ બાબત આશ્ચર્યકારક રીતે લખવામાં આવ્યું છે કે—

જ્યારે ઇડરના સંઘપતી ગોવિંદ સેઠને તારંગા ઉપર અજિતનાથની નવીન પ્રતિમા પ્રતિષ્ઠિત કરવાનો વિચાર થયો ત્યારે તે આરાસણમાં જઇને ત્યાંની પર્વતવાસીની અંબિકા દેવી (અંબામાતા) ની આરધના કરી. દેવી કેટલાક કાલ પછી સંતુષ્ટ થઈ સેઠને પ્રત્યક્ષ થઈ અને ઇપ્સિત વર માંગવા કહ્યું. સેઠે જણાવ્યું કે મ્હારે બીજી કોઈ વસ્તુની અપેક્ષા નથી ફક્ત એક જિનપ્રતિમા બનાવવી છે માટે એક વિશાલ શિલા આપો. એ સાંભળી દેવીએ જણાવ્યું કે પ્રથમ ત્હારા પિતા વચ્છરાજ સેઠે પણ મ્હારી પાસે આવી રીતે એક શિલાની યાચના કરી હતી પરંતુ તે વખતે શિલા ન્હાની હતી; હવે તે મ્હોટી થઈ છે તેથી તૂં સુખેથી તે લે અને પ્રતિમા બનાવ. દેવીની અનુમતિ પામી સેઠે ખાંણમાંથી શિલા કઢાવી અને તેને એક રથમાં મૂકી. પછી નૈવેદ્ય આદિ ઉત્તમ પદાર્થો દ્વારા દેવીની પૂજા કરીને ત્યાંથી તે શિલા લઈ રથ તારંગા તરફ ચાલ્યો. તેને ખેંચવા માટે સેંકડો બલવાન બળદો જોડવા પડયા હતા તથા સંખ્યાબંધ માણસો હાથમાં કોદાળા, કુહાડા અને પાવડા વિગેરે લઈ આગળ ચાલતા હતા અને રસ્તામાં રહેલા પત્થરો ફોડતા, ઝાંડો કાપતા અને ખાડાઓ પૂરતા થકા રથને ચાલવા માટે માર્ગ સાફ બનાવતા હતા. આવી રીતે ધીમે ધીમે ચાલતો તે રથ કેટલાએ મહિનો પછી તારંગે પહોંચ્યો હતો. વિગેરે. (જુઓ सोमसौभाग्य काव्य, सर्ग ७, पद्य ४२—५७.)

આર્કીઑલૉજીકલ સર્વે ઑફ ઇંડિઆ, વેસ્ટર્ન સાર્કલ, ના સન્ ૧૯૦૫-૬ ના પ્રોગ્રેસ રીપોર્ટમાં કુંભારીઆના એ જૈન મંદિરો માટે વિસ્તારપૂર્વક લખાણ કરવામાં આવ્યું છે જેમાંથી કેટલોક ભાગ અત્ર આપવો ઉપયોગી થઇ પડશે.

" કુંભારીઆમાં જૈનોનાં સુંદર મંદિરો આવેલાં છે જેમની યાત્રા કરવા પ્રતિવર્ષ ઘણા જૈનો જાય છે. દંતકથા એવી ચાલે છે કે વિમલસાહે ૩૬૦ જૈન મંદિરો બંધાવ્યાં હતાં અને તેમાં અંબા માતાએ ઘણી દોલત આપી હતી. પછી અંબાજીએ તેને પૂછ્યું કે કોની મદદથી તેં આ દેવાલયો બંધાવ્યાં ? ત્યારે તેણે કહ્યું કે ' મ્હારા ગુરૂની કૃપાથી ' માતાજીએ ત્રણવાર તેને આવી રીતે પૂછ્યું અને એનો એજ જવાબ મળ્યો. આવી કૃતઘ્નતાથી ગુસ્સે થઇને તેમણે તેને કહ્યું કે જો જીવવું હોય તો ન્હાસી જા, તેથી તે એક દેવાલયના ભોંયરામાં પેઠો અને આબુ પર્વત ઉપર નિકળ્યો. ત્યાર બાદ માતાજીએ પાંચ દેવાલયો સિવાય સર્વ દેવાલયો બાળી ન્હાંખ્યા અને આ બળેલા પત્થરો હજુ પણ સર્વત્ર રખડતા જોવામાં આવે છે. ફાર્બસ સાહેબ કહે છે કે આ બનાવ કોઇ જ્વાળામુખી પર્વત ફાટવાથી બનેલો છે. પણ ગમે તેમ હોય તો પણ ત્યાં એટલા બધા બળેલા પત્થરો પડેલા છે કે જેથી ત્યાં પાંચ કરતાં વધારે મંદિરો હશે એમ અનુમાન થઇ શકે. "

" કુંભારીઆમાં મુખ્ય કરીને ૬ મંદિરો છે જેમાંનાં પાંચ જૈનોનાં છે અને એક હિંદુનું છે. જૈનોનાં ચાર મંદિરોનો આકાર આબુ ઉપરના, તથા નાગદા અગર ભદ્રેશ્વરના મંદિર જેવો છે. તે સર્વના ઉત્તર તરફ મુખ છે તથા આગળ પરસાળવાળી દેવકુલિકાઓની હાર તેમની આજુ-બાજુ આવેલી છે. આ મંદિરો વખતો વખત સમરાવવામાં આવ્યાં છે, તેથી કરીને જુનું અને નવું કામ ભેળસેળ થઇ ગયું છે. કેટલાક સ્તંભો, દ્વારો અને છતમાં કરેલું કોતરકામ ઘણું જ ઉત્તમ છે અને તે આબુનાં દેલવાડાના મંદિરોના જેવું છે. મી. કાઉસેન્સના બતાવ્યા પ્રમાણે જ્યાં જ્યાં જુનું કામ રાખેલું છે તે નવા કામ કરતાં જુદું પડી જાય છે,

સ્તંભો જોઇએ તેટલા ઉંચા નહિં હોવાને લીધે તથા છત જોઇએ તે કરતાં નીચી હોવાથી મ્હોટા પાટડાઓની વચમાં આવેલી છત ઉપરનું ઘણું કોતરકામ એકદમ જોઈ શકાય તેમ નથી, તે બધું એક પછી એક જોવું પડે છે અને તે પણ છતની બરાબર તળેજ ઉભા રહીને ડોકને તસ્દી આપીનેજ જોઈ શકાય છે. ”

નેમિનાથ મંદિર.

“ જૈન દેવાલયોના સમૂહમાં સૌથી મ્હોટામાં મ્હોટું અને વધારે જરૂરનું દેવાલય નેમિનાથનું છે. બહારના દ્વારથી રંગમંડપ સુધી એક દાદર જાય છે. દેવગૃહમાં એક દેવકુલિકા, એક ગૂઢમંડપ અને પરસાળ આવેલાં છે. દેવકુલિકાની ભીંતો જુની છે પણ તેનું શિખર તથા ગૂઢમંડપની બહારનો ભાગ હાલમાં બનાવેલાં છે. તે ઇંટથી ચણેલા હોઇ, તથા પ્લાસ્ટર દઈ, આરસ જેવાં સાફ કરવામાં આવ્યાં છે. આનું શિખર તારંગામાં આવેલા જૈન મંદિરના ઘાટનું છે અને તેના તથા ઘુમ્મટના આમલસારની નીચે ચારે બાજુએ મ્હોઢાં મુકેલાં છે. મંદિરના અંગે આવેલી દેવકુલિકાઓના અગ્ર ભાગના છેડા ઉપર આવેલા તથા દેવગૃહની પરસાળમાં આવેલા સ્તંભો સિવાય મંડપના સ્તંભો આબુ ઉપરના દેલવાડાના વિમલસાહવાળા મંદિરના સ્તંભો જેવા જ છે. પરસાળના એક સ્તંભ ઉપર લેખ છે જેમાં લખેલું છે કે તે એક આસપાલે ઈ. સ. ૧૨૫૩ માં બંધાવ્યો હતો. અહીં જુના કામને બદલે નવું કામ એવી જ સફાઇથી કરેલાનો દાખલો આપણને મળી આવે છે. રંગમંડપની બીજી બાજુએ ઉપરના દરવાજામાં તથા છેડેના બે ન્હાના સ્તંભોની વચ્ચેની કમાનો ઉપર મકરના મુખો મુકેલાં છે. આ મુખોથી શરૂ કરીને એક સુંદર તોરણ કોતરવામાં આવ્યું છે જે ઉપરના પત્થરની નીચેની બાજુને અડકે છે અને જે દેલવાડાના વિમલસાહના મંદિરમાંની કમાનો ઉપર આવેલા તોરણના જેવું જ છે. મંડપના સ્તંભોની ખાલી કમાનો તથા પરસાળનાં સ્તંભોની ખાલી કમાનો જે ગૂઢમંડપનાં દ્વારની બરાબર

સામે આવેલી છે તે, તથા ઉપરના પાટડાની નીચે આવેલા આગળા ઉપરથી એમ જણાય છે કે પહેલાં આવાં બીજાં તોરણો હતાં જે હાલમાં નાશ પામ્યાં છે. મંદિરની બંને બાજુએ મળીને આઠ દેવ કુલિકાઓ છે. પાંચમા નંબરની દેવકુલિકા છે તે બધી કરતાં મ્હોટી છે. મંદિરની જમણી બાજુ વાળી દેવકુલિકામાં આદિનાથની અને ડાબી બાજુવાળીમાં પાર્શ્વનાથની ભવ્ય મૂર્તિઓ વિરાજમાન્ છે. મંડપના મધ્ય ભાગ ઉપર હાલના જેવું એક છાપરૂં આવેલું છે જે ઘુમ્મટના આકારનું છે અને જેને રંગ દઇ સુશોભિત કરવામાં આવ્યું છે. તેની આજુબાજુએ ચામચીડીયાં તથા ચકલીઓને અટકાવે એવું વાંસનું પાંજરૂં બાંધેલું છે. મંડપના બીજા ભાગની છત તથા ઓસરીની છત સાદી અને હાલના જેવી છે. મંડપ અને ઓસરીના વચ્ચેના ભાગમાં એટલે કે મૂળ ગર્ભાગારની જમણી બાજુએ ઉપરના ભાંગેલા પાટડાને મદદગાર થવા માટે બેડોળ ત્રણ કમાનો ચણી છે અને તે સાથેના સ્તંભ સુધી લંબાવેલી છે જેથી કરીને ઘણું કોતરકામ ઢંકાઇ જાય છે.”

(૨૭૭)

ઉપર વર્ણવેલા એ નેમીનાથના મંદિરમાં મૂલનાયક તરીકે જે પ્રતિમા પ્રતિષ્ઠિત છે તેના આસન નીચે આ નં૦ ૨૭૭ નો લેખ કોતરેલો છે. લેખોક્ત ઉલ્લેખનો તાત્પર્ય આ પ્રમાણે છે—

સં. ૧૬૭૫ ના માઘસુદી ૪ ને શનિવારના દિવસે ઓકેશ (ઓસવાલ) જાતિના વૃદ્ધ શાખાવાળા બુહરા (બોહરા) રાજપાલે શ્રીનેમિનાથના મંદિરમાં નેમિનાથનું બિંબ કરાવ્યું. તેની પ્રતિષ્ઠા હીરવિજયસૂરિના પટ્ટધર આચાર્ય શ્રીવિજયસેનસૂરિના શિષ્ય આચાર્ય શ્રીવિજયદેવસૂરિએ, પંડિત કુશલસાગરગણિ આદિ સાધુ પરિવાર સાથે કરી છે.

ધર્મ સાગરગણિવાળી તપાગચ્છપટ્ટાવલી માં જણાવેલું છે કે વાદી દેવસૂરિએ (સમય વિ. સં. ૧૧૭૪–૧૨૨૬) આરાસણમાં નેમિ-

નાથની પ્રતિષ્ઠા કરી હતી. (तथा आरासणे च नेमिनाथप्रतिष्ठा कृता) એથી જણાય છે કે પ્રથમ આ મંદિરમાં ઉક્ત આચાર્યની પ્રતિષ્ઠિત કરેલી પ્રતિમા વિરાજિત હશે પરંતુ પાછળથી કોઇ કારણથી તે ખંડિત કે નષ્ટ થઈ જવાના લીધે તેના સ્થળે, વોહરા રાજપાલે આ નવી પ્રતિમા બનાવી વિજયદેવસૂરિના હાથે પ્રતિષ્ઠિત કરી છે, એમ જણાય છે.

(૨૭૮)

એજ મંદિરમાં ઉપરયુંકત પ્રતિમાની દક્ષિણ બાજુએ આદિનાથ તીર્થંકરની પ્રતિમા સ્થાપિત છે તેની પલાંઠી નીચે આ નં. ૨૭૮ નો લેખ કોતરેલો છે. લેખની સાલ અને પ્રતિષ્ઠાતા આચાર્યનું નામ ઉપરના લેખ પ્રમાણે જ છે. પ્રતિમા કરાવનાર શ્રીમાલજ્ઞાતીના વૃદ્ધશાખાવાળા સા. રંગા (સ્રી કીલારી) સુત લહુઆ....સુત પનીઆ સુત સમર સુત હીરજી છે.

(૨૭૯)

આ લેખ મૂલ મંદિરની ડાબી બાજુએ આવેલી ભમતીમાંની છેલ્લી દેવકુલિકાની ભીંત ઉપર કોતરેલો છે. હકીકત આ પ્રમાણે છેઃ—

પ્રાગ્વાટ વંશના શ્રે. બાહુડયે શ્રીજિનભદ્રસૂરિના સદુપદેશથી પાદપરા (ઘણું કરીને વડોદરાની પાસે આવેલું હાલનું 'પાદરા') નામના ગામમાં ઉંદેરવસહિકા નામે એક મહાવીર સ્વામિનું મંદિર બનાવ્યું હતું. તેના બે પુત્રો થયા બ્રહ્મદેવ અને શરણદેવ. બ્રહ્મદેવે સં. ૧૨૭૫ માં અહિંનાજ (આરાસણમાં) શ્રીનેમિનાથ મંદિરના રંગમંડપમાં 'દાઢા ધર' કરાવ્યો. તેના ન્હાના ભાઈ શ્રે. શરણદેવ (સ્રી સૂહવદેવી) ના વીરચંદ્ર, પાસડ, આંબડ અને રાવણ નામના પુત્રોએ પરમાનંદસૂરિના સદુપદેશથી સંવત્ ૧૩૧૦ માં સપ્તતિશતતીર્થ (એકસો સિત્તેર જિન શિલાપટ્ટ) કરાવ્યું. વળી સં. ૧૩૩૮ માં એજ આચાર્યના ઉપદેશથી પોતાના સમસ્ત પરિવાર સહિત એ ભાઇઓએ વાસુપૂજ્ય તીર્થંકરની દેવકુલિકા કરાવી. સં. ૧૩૪૫ માં સંમેતશિખર નામનું તીર્થ કરાવ્યું તથા મ્હોટી યાત્રા સાથે તેની પ્રતિષ્ઠા કરી જે અદ્યાપિ *પોસીના નામના ગામમાં શ્રીસંઘવડે પૂજાય છે.

આ લેખમાં જણાવેલા બાહુડને ફૉર્બસે કુમારપાલ ચૌલુકયનો મંત્રી બાહુડ માન્યો છે પરંતુ તે પ્રકટ ભૂલ છે. મંત્રી બાહુડ તો (ઉદયનનો પુત્ર) જાતિએ શ્રીમાલી હતો અને આ બાહુડ તો જાતિએ પ્રાગ્વાટ (પોરવાડ) છે. તેથી આ બન્ને બાહુડો જુદા જુદા છે. સમય બંનેનો લગભગ એક જ હોવાથી આ ભ્રમ થયો હોય તેમ જણાય છે.

આગળનો નં. ૨૯૦ વાળો લેખ પણ આ લેખ સાથે મળતો છે. એ લેખ મૂલનાયકની ડાબી બાજુએ આવેલી ભમતીમાંની વાસુપૂજ્ય દેવકુલિકામાં પ્રતિમાના પદ્માસન ઉપર કોતરેલો છે. પ્રસ્તુત લેખમાં જણાવેલી–સંવત્ ૧૩૩૮ માં બનાવેલી–વાસુપૂજ્ય દેવકુલિકા તે આજ છે.

લેખોક્ત હકીકત સ્પષ્ટજ છે. આ બન્ને લેખોમાં આવેલાં મનુષ્યોનાં નામોનો પરસ્પર સંબંધ આ પ્રમાણે છેઃ—

---

* પોસીના ગામ, મહીકાંઠામાં આવેલા ઇડર રાજ્યમાં આવેલું છે. ત્યાં હાલમાં એક જૈન મંદિર છે. એ સ્થલ તીર્થ જેવું ગણાય છે. પૂર્વે ત્યાં વધારે મંદિરો હોવાં જોઇએ એમ જણાય છે.

- આહડ.
  - આમ્રદેવ.
  - શરણદેવ (સ્ત્રી સૂહવદેવી.)
    - વીરચંદ્ર. (સ્ત્રી સુષમિણિ).
      - પૂના. (સ્ત્રી સોહગદેવી.)
        - લુણા.
        - ઝાંઝણ.
    - પાસડ.
    - આંબડ. (સ્ત્રી અભયસિરિ.)
      - બીજા.
      - ખેતા.
    - રાવણ. (સ્ત્રી હીરૂ.)
      - ઓડસિંહ. (સ્ત્રીઓ–જયતા-૧, કામલ-૨)
        - દેવપાલ.
        - કુમારપાલ.
        - અરિસિંહ.
        - નાગઉર દેવી. (પુત્રી.)
        - કડુઆ.

આ લેખોમાં જણાવેલા પરમાનંદસૂરિ અને નીચેના લેખમાં જણાવેલા પરમાનંદસૂરિ બંને જુદા છે. આ પરમાનંદસૂરિ બૃહદ્ગચ્છીય છે અને નીચેવાલા ચંદ્રગચ્છીય છે. આ સૂરિની ગુરૂ પરંપરા આ પ્રમાણે છેઃ—

જિનભદ્રસૂરિ.
|
રત્નપ્રભસૂરિ.
|
હરિભદ્રસૂરિ.
|
પરમાનંદસૂરિ.

(૨૮૦)

આ નંબર વાળો લેખ, એજ મંદિરના એક સ્તંભ ઉપર કોતરેલો છે.

સં. ૧૩૧૦ ના વર્ષે વૈશાખ વદિ ૫ ગુરૂવાર. પ્રાગ્વાટ જ્ઞાતિના શ્રે. વીલ્હણુ અને માતા રૂપણીના શ્રેયોર્થે તેમના પુત્ર આસપાલ, સીધપાલ અને પદ્મસીંહે પોતાના વિભવાનુસાર આરાસણ નગરમાં શ્રીનેમિનાથ ચૈત્યના મંડપમાં, ચંદ્રગચ્છના આચાર્ય શ્રી પરમાનંદસૂરિના શિષ્ય શ્રી રત્નપ્રભસૂરિના સદુપદેશથી એક સ્તંભ કરાવ્યો.

દાક્ષિણ્યચિન્હ નામના આચાર્યની (શક સંવત્ ૭૦૦ માં) રચેલી કુવલયમાલા નામની પ્રાકૃત કથાનો સંસ્કૃતમાં સંક્ષેપ કરનાર આજ રત્નપ્રભસૂરિ છે એમ તે ગ્રંથના દરેક પ્રસ્તાવને અંતે “ इत्याचार्य श्रीपरमानन्दसूरि शिष्यश्रीरत्नप्रभसूरिविरचिते कुवलयमालाकथा संक्षेपे” આવી રીતે કરેલા ઉલ્લેખથી નિશ્ચિત રૂપે જણાય છે.

(૨૮૧)

આ લેખ એક ભીંત ઉપર કોતરેલો છે.

સંવત્ ૧૩૪૪ ના આષાઢ શુદી પૂર્ણિમાના દિવસે. શ્રી નેમિનાથ દેવના ચૈત્યમાં ત્રણ કલ્યાણક (દીક્ષા, કેવલ અને મોક્ષ ?) દિવસે

પૂજા માટે, ે. સિધરના પુત્ર શ્રે. ગાંગદેવે વીસલપ્રિય ૧૨૦ દ્રમ (તે વખતે ચાલતા વીસલપુરીયા ચાંદિના શિકકાઓ) નેમિનાથ દેવના ભંડારમાં ન્હાંખ્યા છે. તેના વ્યાજમાંથી પ્રતિમાસ ૩ દ્રમ પૂજા માટે ચઢાવાય છે.

(૨૮૨)

આ લેખ એક થાંભલા ઉપર કોતરેલો છે. સં. ૧૫૨૬ ના આષાઢ વદિ ૯ મીને સોમવારના દિવસે પાટણ નિવાસી ગુજરજ્ઞાતીય મહં. પૂજાના પુત્ર સીધરે અહિંની યાત્રા કરી હશે તેથી તેના સ્મરણ માટે આ લેખ કોતરાવ્યો હોય એમ જણાય છે.

(૨૮૩)

આ લેખ પણ એક ભીંત ઉપર કોતરેલો છે. શ્રે૦ ગાંગદેવ નામના કોઇ શ્રાવકે પોતાના પરિવાર સહિત નેમિનાથનાં બિંબો કરાવ્યાં જેમની પ્રતિષ્ઠા નવાંગવૃત્તિકારક શ્રી અભયદેવસૂરિની શિષ્યસંતતિમાં થએલા આચાર્ય શ્રી ચંદ્રસૂરિએ કરી છે.

(૨૮૪)

આ લેખ, ગૂઢમંડપમાં આવેલા એક શિલાપટ્ટ ઉપર કોતરેલો છે. જેમાં મુનિસુવ્રતતીર્થંકરની પ્રતિમા તથા તેમણે કરેલો અશ્વને બોધ અને સમલિકાવિહારતીર્થ વિગેરેના આકારો કોતરેલા છે. લેખનો અર્થ આ પ્રમાણે છેઃ—

સં. ૧૩૩૮ ના જ્યેષ્ઠ સુદિ ૧૪ શુક્રવાર. શ્રીનેમિનાથ ચૈત્યમાં સંવિજ્ઞવિહારી શ્રી ચક્રેશ્વરસૂરિના સંતાનીય શ્રીજયસિંહસૂરિ શિષ્ય શ્રીસોમપ્રભસૂરિ શિષ્ય શ્રીવર્દ્ધમાનસૂરિએ પ્રતિષ્ઠિત કરેલું, આરાસણ-આકર નિવાસી પ્રાગ્વાટ જ્ઞાતિના શ્રે. ગોનાના વંશમાં થએલા શ્રે. આસપાલે પોતાના કુટુંબ સાથે અશ્વાવબોધ અને સમલિકા વિહાર તીર્થોદ્ધાર સહિત શ્રીમુનિસુવ્રતબિંબ કરાવ્યું.

(૨૮૫–૮૮)

આ ત્રુટિત લેખો જુદી જુદી જાતના બનેલા શિલાપટ્ટો તથા પ્રતિમાઓ ઉપર કોતરેલા છે. સાલ અને તિથિ સિવાય વધારે જાણવાનું એમાં કશું નથી.

(૨૮૯)

આ લેખ એક પાર્શ્વનાથની પ્રતિમા ઉપર કોતરેલો છે. સં. ૧૨૦૬ ના જ્યેષ્ઠ સુદિ ૯ મંગળવારના દિવસે શ્રે. સહજિગના પુત્ર ઉદ્ધા નામના પરમ શ્રાવકે પોતાની સ્ત્રી સલક્ષણના શ્રેય માટે, પોતાના ભાઈ, ભાણેજ અને બ્હેન આદિક પરિવાર સહિત, શ્રીપાર્શ્વનાથનું બિંબ કરાવ્યું જેની પ્રતિષ્ઠા શ્રીઅજિતદેવસૂરિના શિષ્ય શ્રી વિજયસિંહસૂરિએ કરી.

આ અજિતદેવસૂરિ તે સુપ્રસિદ્ધ આચાર્ય શ્રીમુનિચંદ્રસૂરિના શિષ્ય અને પ્રવરવાદી શ્રીદેવસૂરિના ગુરૂભ્રાતા હતા. મુનિસુન્દરસૂરિની ગુર્વાવલીમાં લખ્યા પ્રમાણે તેઓ શ્રમણ ભગવાન્ શ્રીમહાવીર દેવની ૪૨ મી પાટે થએલા છે. ૪૩ મી પાટે વિજયસિંહસૂરિ થયા જેમણે આ લેખોક્ત પ્રતિમાની પ્રતિષ્ઠા કરી છે. सिंदूरप्रकर, कुमारपालप्रतिबोध* सुमतिनाथचरित्र આદિ અનેક ગ્રંથોના કર્તા અને ' શતાર્થી 'ની બુદ્ધિપ્રભાવ જણાવનારી પદવીના ધારક સોમપ્રભાચાર્ય આજ વિજયસિંહ સૂરિના પટ્ટધર હતા. વિશેષ માટે જુઓ ઉકત ગુર્વાવલી પદ્ય ૭૨—૭૭ તથા ' जैनहितैषी ' પત્રમાં (ભાગ ૧૨ અંક ૯—૧૦, તથા ભાગ ૧૩ અંક ૩—૪;) સોમપ્રભાચાર્ય અને સૂકિતમુકતાવલી વિષયે પ્રકટ થએલા મ્હારા બે લેખો.

(૨૯૦)

આ લેખ સંબંધી હકીકત ઉપર ૨૭૯ નંબરના લેખાવલોકનમાં આવી ગઇ છે.

(૨૯૧)

આજ મંદિરની એક દેવકુલિકા ઉપર આ લેખ કોતરેલો છે. સં. ૧૩૩૫ ના માઘ સુદિ ૧૩. ચંદ્રાવતી નિવાસી સાંગા નામના શ્રાવકે પોતાના કલ્યાણ માટે શાંતિનાથ બિંબ કરાવ્યું જેની પ્રતિષ્ઠા વર્દ્ધમાનસૂરિએ કરી છે.

---

* આ ગ્રંથ, 'ગાયકવાડસ્ ઓરીએન્ટલ સીરીઝ'માં મ્હારા તર્ફથી સંશોધિત થઈ મુદ્રિત થાય છે. એમાં હેમચંદ્રાચાર્યે કુમારપાલ રાજાને જૈન ધર્મ સંબંધી કરેલા બોધનું વર્ણન છે.

(૨૯૨)

આ લેખ પણ એજ દેવકુલિકામાં કોતરેલો છે. સં. ૧૩૩૭ જ્યેષ્ટ સુદિ ૧૪ શુક્રવાર. ખાંખણુ નામના શ્રાવકે પોતાના શ્રેય માટે શાંતિનાથ પ્રતિમા કરાવી. તેની પ્રતિષ્ઠા પણ વર્દ્ધમાનસૂરિએ કરી છે. તેઓ બ્રહદ્ગચ્છીય શ્રીચક્રેશ્વરસૂરિના શિષ્ય સંતતિમાં થએલા સોમપ્રભસૂરિના શિષ્ય હતા.

મહાવીર તીર્થંકરનું મંદિર.

" નેમિનાથના દેવાલયથી પૂર્વમાં મહાવીરનું દેવાલય છે. બહારની બે સીડીઓથી એક આચ્છાદિત દરવાજામાં અવાય છે જે હાલમાં બનાવેલો છે. અંદર, તેની બંને બાજુએ ત્રણ મ્હોટા ગોખલા છે, પણ અગ્ર ભાગમાં તો દેવ કુલિકાઓ છે.

" રંગમંડપના વચલા ભાગમાં ઉંચે કોતરેલો એક ઘુમ્મટ છે જે ભાંગેલો છે તથા રંગેલો તેમજ ધોળેલો છે. આ ઘુમ્મટનો આધાર અષ્ટકોણાકૃતિમાં આવેલા આઠ સ્તંભો ઉપર છે જેમાંના બે દેવકુલિકાની પરસાલના છે અને તે આબુના વિમલસાહના દેવલયના સ્તંભો જેવા છે. બાકીના સાદા છે. પહેલાં આ સ્તંભોની દરેક જોડને મકરના મોંઢાથી નિકળેલા તોરણોથી શણગારવામાં આવી હતી પણ હાલ એક સિવાય બધાં તોરણો જતાં રહ્યાં છે. રંગમંડપના બીજા ભાગોની છતના જુદા જુદા વિભાગો પાડયા છે જેના ઉપર આબુના વિમલસાહના દેહરામાં છે તેમ જૈનચરિત્રોનાં જુદાં જુદાં દશ્યો કાઢવામાં આવ્યાં છે.

" દેવ કુલિકાની ભીંતો હાલમાં બંધાવેલી છે, પણ શિખર જુના પત્થરના કટકાનું બનેલું છે. ગૂઢમંડપ જુનો છે અને તેને, પહેલાં, બે બાજુએ બારણાં તથા દાદરો હતા. હાલમાં તે બારણાં પૂરી નાંખેલાં છે અને તેમને ઠેકાણે માત્ર બે જાળીઆં રાખેલાં છે જેથી અંદર અજવાળું આવી શકે છે. ગૂઢમંડપની બારશાખમાં ઘણુંજ કોતરકામ છે પણ દેવકુલિકાઓની બારશાખોને નથી. અંદર મહાવીરદેવની એક ભવ્ય મૂર્તિ છે જેના ઉપરના લેખમાં ઈ. સ. ૧૬૧૮ ની મિતિ

આપેલી છે, પણ જે બેઠક ઉપર તે પ્રતિમા બેસાડેલી છે તે બેઠક જુની છે અને તેના ઉપરના લેખમાં ઇ. સ. ૧૦૬૧ ની મિતિ આપેલી છે.

" ડાબી અગર પશ્ચિમ બાજુએ બે જુના સ્તંભોની સાથે બે નવા સ્થંભો છે જે ઉપરના ભાંગેલા ચોરસાના આધાર રૂપ છે. દક્ષિણ ખુણાની પૂર્વ બાજુમાં આવેલી ત્રીજી તથા ચોથી દેવકુલિકાની બારસાખો બીજી દેવકુલિકાઓ કરતાં વધારે કોતરેલી છે. ત્રીજી દેવકુલિકાની આગળ, ઉપરના ચોરસાની નીચેની બાજુને અડકનારી એક કમાનના આધાર રૂપ સ્તંભો ઉપર બે બાજુએ ' કીચક ' બ્રેકેટ્સ જોવામાં આવે છે. આ બાબત જાણવા જેવી છે, કારણ કે બીજે કોઈ ઠેકાણે અગ્રભાગમાં અગર દેવકુલિકામાં આ પ્રમાણે નથી. " §

આ દેવાલયમાં મૂલનાયક તરીકે જે મહાવીર દેવની મૂર્તિ પ્રતિષ્ઠિત છે તેની પલાંઠી ઉપર નં. ૨૯૩ નો લેખ કોતરેલો છે. મિતિ ૧૬૭૫ ના માઘ શુદિ ૪ શનિવાર. ઓકેશ વંશના અને વૃદ્ધશાખાના સા. નાનિઆ નામના શ્રાવકે, આરાસણ નગરમાં શ્રી મહાવીરનું બિંબ કરાવ્યું જેની પ્રતિષ્ઠા વિજયદેવસૂરિએ કરી છે. આટલી હકીકત છે.

૨૯૪ નો લેખ પણ એજ સ્થળે-મૂર્તિની બેઠક નીચે કોતરેલો છે. લેખ ખંડિત છે. ફક્ત—સં. ૧૧૧૮ ના ફાલ્ગુણ શુકલ ૯ સોમવારના દિવસે આરાસણ નામના સ્થાનમાં તીર્થપતિની પ્રતિમા કરાવી; આટલી હકીકત વિદ્યમાન છે. અરાસણના લેખોમાં આ સૌથી જુનો લેખ છે. આ લેખથી જણાય છે કે નેમિનાથ ચૈત્યની માફક આ ચૈત્યની મૂલપ્રતિમા પણ ખંડિત કે નષ્ટ થઇ ગઈ હશે તેથી તેના સ્થળે આ વિદ્યમાન પ્રતિમા વિરાજિત કરવામાં આવી હોય તેમ જણાય છે.

પાર્શ્વનાથ મંદિર.

(૨૯૫-૩૦૧)

૨૯૫થી ૩૦૧ નંબર સુધીના લેખો પાર્શ્વનાથના મંદિરમાં આવેલા છે. જેમાંનો પહેલો લેખ મૂલનાયક ઉપર કોતરેલો છે. મિતિ ઉ-

---

§ આર્કિઓલોજીકલ, પ્રોગ્રેસ રીપોર્ટ સન ૧૯૦૫-૦૬.

પર પ્રમાણે જ ૧૯૭૫ ની છે અને પ્રતિષ્ઠાતા આચાર્ય પણ તેજ વિજયદેવસૂરિ છે.

મૂલ ગર્ભાગારની બહાર જે ન્હાનો રંગમંડપ છે, તેના દરવાજાની જમણી બાજુ ઉપર આવેલા ગોખલાની વેદી ઉપર ૨૯૬ નંબરનો લેખ કોતરેલો છે. મિતિ સં. ૧૨૧૯ ની વૈશાખ સુદિ ૨. શ્રે. પાસદેવના પુત્ર વીર અને પુનાએ પોતાના ભાઇ જેહડના શ્રેયાર્થે પાર્શ્વનાથની પ્રતિમા કરાવી જેની પ્રતિષ્ઠા નેમિચંદ્રાચાર્યના શિષ્ય દેવાચાર્યે * કરી.

બાકીના લેખો એજ મંદિરમાંની જુદી જુદી પ્રતિમાની બેઠકો ઉપર કોતરેલા છે. છેલ્લા ત્રણની મિતિ સં. ૧૨૫૯ ના આષાઢ સુદિ ૨ શનિવારની છે. એ લેખોમાં પ્રતિષ્ઠાતા તરીકે આચાર્ય ધર્મઘોષનું નામ આપેલું છે.

એ મંદિરનું વર્ણન ઉક્ત રીપોર્ટમાં આ પ્રમાણે આપ્યું છેઃ—
" પહેલાં, પાર્શ્વનાથના દેવાલયને ત્રણ દ્વારો હતાં તેમાંનાં બે બંધ કર્યાં છે તેથી પશ્ચિમ તરફના દ્વારમાં થઇને અંદર જઇ શકાય છે. દરેક બાજુએ મધ્યની દેવકુલિકા બીજી કરતાં વધારે કોતરકામ વાળી છે.

* આ દેવાચાર્ય તે કદાચ સુપ્રસિદ્ધ તાર્કિક વાદી દેવસૂરિ હશે. કારણ કે પટ્ટાવલી પ્રમાણે તેમનો સ્વર્ગવાસ સં. ૧૨૨૬ માં થએલો છે. જો કે તેઓ સ્વરચિત स्याद्वादरत्नाकर નામના મહાન ગ્રંથમાં પોતાને મુનિચંદ્રસૂરિના શિષ્ય તરીકે પ્રકટ જણાવે છે તેમજ પટ્ટાવલી વિગેરે બીજા ગ્રંથોમાં પણ મુનિચંદ્રસૂરિશિષ્ય તરીકે જ તેમને ઉલ્લિખિત કરવામાં આવ્યા છે, પરંતુ કદાચ એમ હોય કે તેમના દીક્ષા ગુરૂ તો નેમિચંદ્રસૂરિ હોય (કે જેમણે પોતાના ગુરૂભ્રાતા વિનયચંદ્ર ઉપાધ્યાયના શિષ્ય મુનિચંદ્રને પોતાના પટ્ટધર બનાવ્યા હતા) પરંતુ પાછળથી મુનિચંદ્રસૂરિની ગાદીએ આવેલા હોવાથી તેમના જ શિષ્ય તરીકે ઉલ્લેખવામાં આવ્યા હોય, કે જેમ બીજા ઘણા આચાર્યોના વિષયમાં બનેલું છે. એ કેવલ એક નામના સામ્યને લઇને અનુમાન કરવામાં આવ્યું છે, નિર્ણય રૂપ કશું નથી. સમાન નામવાળા અનેક આચાર્યો એક જ સમયમાં વિદ્યમાન હોવાના ઉદાહરણો પણ જૈન સાહિત્યમાંથી ઘણા મળી આવે છે.

તેના મંડપના સ્તંભો તથા ઘુમ્મટની ગોઠવણુ મહાવીર અને શાંતિનાથના દેવાલયના જેવી છે, પણ શાંતિનાથ દેવાલયની માફક માત્ર ચાર તોરણો છે જેમાંનું દેવકુલિકાની પરસાલની સામે આવેલા દાદર ઉપરનું એકજ હાલમાં રહેલું છે. નેમિનાથ ચૈત્યની માફક ઘુમ્મટની આજુબાજુએ વાંસના સળીઆ ઉભા કર્યા છે. દેવકુલિકાનો બાહ્ય ભાગ તથા ગૂઢમંડપનો એક ભાગ અર્વાચીન છે. દાદર સાથે આવેલા બે સ્તંભોની વચ્ચેની એક જુની બારસાખ ગૂઢમંડપની પશ્ચિમની ભીંતમાં ચણવામાં આવી છે, પણ આ દ્વાર બંધ કરવામાં આવ્યું નથી. ભીંતની બીજી બાજુએ આવીજ બારસાખ ગોઠવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હોય તેમ લાગે છે, કારણ કે તે ભીંત આગળ બે સ્તંભો ઉભા કરવામાં આવ્યા છે. મૂલદેવગૃહની બારસાખ ઉપર સારૂં કોતરકામ કરવામાં આવ્યું છે. પણ તેના ઉપર પાછળથી ગુજરાતી રીતિ પ્રમાણે રંગ લગાડવામાં આવ્યો છે ”

શાંતિનાથ ચૈત્ય.

(૩૦૨–૩૦૬)

આ નંબરવાળા લેખો શાંતિનાથ ચૈત્યમાં આવેલા છે. ચૈત્યમાં રહેલી જુદી જુદી પ્રતિમાઓની નીચે એ લેખો કોતરેલા છે. ૪ લેખની મિતિ સં. ૧૧૩૮ છે અને એકની સં. ૧૧૪૬ છે. અમુક શ્રાવકે અમુક જિનની પ્રતિમા કરાવી માત્ર આટલોજ ઉલ્લેખ એ લેખોમાં થએલો છે.

“એ દેવાલય ઉપર્યુક્ત મહાવીર જિનના દેવાલય જેવુંજ છે. માત્ર ફેરફાર એટલો જ છે કે ઉપરની કમાનની બંને બાજુએ, મહાવીર દેવાલયની માફક, ત્રણ ગોખલા નહિં પણ ચાર છે. આ દરેક ગોખલામાં લેખો આવેલા છે જેમાંના સર્વની મિતિ ઈ. સ. ૧૦૮૧ છે માત્ર એકની જ આઠ વર્ષ પછીની છે. વળી મંડપમાંના આઠ સ્તંભો જે અષ્ટકોણાકૃતિમાં હોઇ ઘુમ્મટને ટેકો આપે છે તેના ઉપર ચાર તોરણો છે, પણ મહાવીર દેવાલયમાં આઠ છે. આ બધાં તોરણો જતાં રહ્યાં છે, ફક્ત પશ્ચિમ બાજુ તરફનું અવશેષ રહ્યું છે.”

સંભવનાથ મંદિર.

"નેમિનાથના દેવાલયની પશ્ચિમ બાજુએ સંભવનાથ દેવાલય આવેલું છે જેમાં ભમતી કે દેવકુલિકાઓ નથી. એક અર્વાચીન કમાન કરેલી છે જેમાંથી રંગમંડપમાં જવાય છે. ગૂઢમંડપને ત્રણ દ્વાર હતાં તેમાંના બાજુના દ્વારો ને પણ કમાનો હતી, પરંતુ હાલના આ બંને દ્વાર બંધ કર્યાં છે. મુખ્ય દ્વાર સારા કોતરકામ વાળું છે. દેવગૃહમાં એક અર્વાચીન પ્રતિમા છે જે એક પ્રાચીન વેદી ઉપરજ બેસાડેલી છે. આ પ્રતિમાનું લાંછન અશ્વ જેવું કર્યું છે તેથી તે સંભવનાથ હોવા સંભવે છે. દેવગૃહની ભીંતો ઉપર પ્લાસ્ટર કરેલું છે. મધ્યનું શિખર જુનું છે પણ તે પુનઃ બંધાવેલું હોય તેમ જણાય છે. તેની આગળના કેટલાંક ન્હાના ન્હાના શિખરો અર્વાચીન છે."

આરાસણનો ઇતિહાસ.

આરાસણનો નાશ ક્યારે થયો અને તેનું આધુનિક નામ ક્યારે અને કયા કારણે પડ્યું તે હજુ સુધી અંધારામાં છે. હાલમાં રહેલાં જૈનમંદિર ક્યારે બંધાણાં તથા કોણે બંધાવ્યાં તે પણ જાણી શકાયું નથી. શ્રીયુત ડી. આર. ભાંડારકર એમ. એ. ઉક્ત રીપોર્ટમાં (પ્રોગ્રેસ રીપોર્ટ ઑફ ધી આર્કિઑલોજીકલ સર્વે ઑફ ઇન્ડિયા વેસ્ટર્ન સર્કલ, ઈ. સ. ૧૯૦૫-૦૬) એ સંબંધી કેટલો ઉહાપોહ કર્યો છે, તે ઉપયોગી હોવાથી અત્ર આપું છું:—

"કુંભારીઆના દેવાલયોથી માલુમ પડશે કે તે બધા એક જ સૈકામાં થએલાં છે. જૈન દેવાલયોમાંનાં ચાર દેવાલયો જે નેમિનાથ, મહાવીર શાંતિનાથ અને અને પાર્શ્વનાથનાં છે તેમને, બેશક, સમરાવવામાં આવ્યાં છે. તથા કોઈક કોઈક વખતે વધારો કરવામાં તથા પુનરુદ્ધાર કરવામાં આવ્યો છે. પણ મૂળ કારીગરીની મિતિ, સ્તંભો તથા કમાનો જે એકજ શૈલીની છે અને જે વિમળશાહના દેલવાડાના દહેરાના જેવાં છે તેના ઉપરથી, સૂચિત થાય છે. વળી એમ પણ કહેવાય છે કે આ દેવાલયો પણ વિમળશાહે બંધાવ્યાં હતાં. આબુ ઉપર બંધાવેલા વિમળશાહના ઋષભનાથના દેવાલયમાં આવેલા એક લેખ ઉપરથી વિમળશાહની મિતિ ઇ. સ. ૧૦૩૨ જણાય છે. કારીગરી

જોતાં કુંભારીઆનાં જૈન દેવાલયોની મિતિ અગીઆરમી સદીના મધ્ય ભાગમાં હોય એમ સ્પષ્ટ રીતે નક્કી થાય છે. વળી, શાંતિનાથના દેવાલયની હકીકતમાં કહ્યા પ્રમાણે અંદરની બાજુમાં કમાનની બંને બાજુએ લેખો કોતરેલા છે જેમાં ઈ. સ. ૧૦૮૧ ની મિતિ છે. માત્ર એકમાં જ આઠ વર્ષ પછીની એટલે કે ઈ. સ. ૧૦૮૯ ની છે. આ મિતિ ગોખલામાં પ્રતિમાઓની પ્રતિષ્ઠાની છે, અને મુખ્ય દેવકુલિકા તથા તેના મંડપની ન હોય. આ દેવમંદિર તથા મંડપ કેટલાંક વર્ષ પહેલાં બાંધવામાં આવ્યા હશે; વળી, મહાવીરના દેવાલયમાં જુની બેઠક ઉપર મુકેલી નવી મહાવીરની પ્રતિમા છે. આ બેઠક ઉપર એક લેખ છે જેની મિતિ ઇ. સ. ૧૦૬૧ છે. આ ઉપરથી એમ જણાય છે કે મૂળ જુની પ્રતિમા તે વર્ષમાં મૂકી હશે. અને દેવાલય પૂર્ણ થયા પછી પ્રતિમાનું પ્રતિષ્ઠાન થાય છે તેથી એમ કહી શકાય કે આ જૈન દેવાલય ઈ. સ. ૧૦૬૧ પહેલાં થોડા જ વખતે પૂર્ણ થયું હશે. વળી આજ ન્યાયે કુંભારીઆનાં દેવાલયો અગીઆરમી સદીના મધ્યમાં બાંધવામાં આવ્યાં હશે એમ નિર્ણય ઉપર આપણે આવી શકીએ. તથા કુંભારીઆના કુંભેશ્વર મહાદેવના વૈદિક દેવાલય વિષે એમ કહેવામાં આવ્યું છે કે તેનું દેવકુલિકાનું દ્વાર તથા ભીંતમાં જડેલા સ્તંભો મોઢેરાના સૂર્યના દેવાલયના દ્વાર તથા સ્તંભો જેવા છે. આની મિતિ ડાકટર બર્ગેસ તથા મી. કાઉસેન્શે તેની શૈલી ઉપરથી ભીમદેવ પહેલા (ઈ સ. ૧૦૨૨–૧૦૬૩) ના રાજ્યમાં અગર અગીઆરમી સદીમાં છે એમ નક્કી કરી છે. વળી આ શોધકોએ એમ પણ દર્શાવેલું છે કે કારીગરી ઉપરથી મોઢેરાનું દેવાલય તથા વિમળશાહનું દેલવાડાનું દેવાલય લગભગ એક જ મિતિનાં છે. ટુંકામાં એટલુંજ કે કુંભારીઆમાં હાલ જે દેવાલયો મોજુદ છે તે અગીઆરમી સદીના મધ્ય ભાગમાં બંધાવેલા હોય એમ જણાય છે.

ઉપર કહ્યા પ્રમાણે દંતકથા એમ ચાલે છે કે કુંભારીઆમાં વિમળશાહે ૩૬૦ જૈન દેવાલયો બંધાવ્યાં હતાં જેમાંના પાંચ શિવાયનાં સર્વે બળી ગયાં. હાલ જે દેવાલયો રહ્યાં છે તેની આજુ બાજુ ઘણાજ બળેલા પથ્થરો દ્રષ્ટિએ પડે છે. ફૉર્બસ ધારે છે કે કોઇ જવાળામુખી ફાટવાથી આ પ્રમાણે થયું હશે. આ જૈન દેવાલયોની પાછળની જમીન ઉપર તપાસ કરતાં ત્યાં ઘણાં જુનાં મકાનોના ઈંટના પાયા તથા તેની આજુ બાજુ બળેલા પથ્થરો તથા આ સર્વ ખંડેરની આજુબાજુ લગભગ એક માઇલ લાંબો એક પથ્થરનો

કિલ્લો, જેના પથ્થરો હાલ બળેલા છે, તે દૃષ્ટિગોચર થાય છે. પણ જાણવા જેવું એ છે કે આ કિલ્લાથી થોડા ફુટ છેટે એક પણ બળેલો પથ્થર જોવામાં આવતો નથી. જો ફૉર્બ્સના ધારવા પ્રમાણે હોય તો એમ પ્રશ્ન ઉત્પન્ન થાય છે કે આ કિલ્લાની બહાર કેમ બળેલા પથ્થરો નહિ હોય ? ખરી રીતે, સૂક્ષ્મ દૃષ્ટિએ જોતાં એમ માલુમ પડે છે કે આ જૈન દેવાલયોની આસપાસ-ની સર્વ જમીન તથા કુંભારીઆ અને અંબાજી વચ્ચેની લગભગ એક મૈલની જમીન કૃત્રિમ છે, તથા તેના ઉપર જુના તથા મોટા પથ્થર અને ઈંટોના કટકા પડેલા છે. અંબાજી અગર કુંભારીઆ—ગમે ત્યાં આ ઈંટો જોવામાં આવે છે અને બળેલા પથ્થરો દેખાય છે. આ ઉપરથી એમ અનુમાન જાય છે કે, પહેલાં અંબાજીથી કુંભારીઆ સુધીનું એક શહેર વસેલું હશે. અને તેથીજ આ શહે-રનાં ખંડેરોથી દૂર આવી ઈંટો તથા બળેલા પથ્થરો જોવામાં આવતા નથી. હવે એક પ્રશ્ન ઉત્પન્ન થાય છે. આ જુના શહેરનું નામ શું હશે ? જૈન દે-વાલયોના લેખોમાં તેનું નામ 'આરાસણ' અગર 'આરાસનાકર' આપેલું-છે. બાહ્યદૃષ્ટિથી જ માત્ર એમ સ્પષ્ટ છે કે 'આરાસન' એ શબ્દ 'આરાસ' જે ને ગુજરાતીમાં 'પથ્થર' કહે છે, તે હશે. જે આરાસુર પહાડોમાં અંબાજી તથા કુંભારીઆ ગુપ્ત થયાં છે તે પથ્થરનો પહાડ છે તેથી આ શહેર આરાસન કહેવાતું, એમાં કાંઈ શંક નથી. કારણ કે તેની આજુબાજુએ પથ્થરીઆ પહાડો હતા અગર તેનાં સર્વ ઘરો પથ્થરનાં બનાવેલાં હતાં જેથી બીજા શહેરોથી તેનું વ્યકિતત્વ ભિન્ન હતું. બીજું નામ 'આરાસનાકર' જેનો અર્થ 'પથ્થર-ની ખાણ' થાય છે તે ઉપરથી પણ એજ નિર્ણય આવી શકે. ખરી રીતે એમ છે કે પહેલાં જે ઇમારતો હતી તથા હાલ જે ઇમારતો છે તે પથ્થરની છે. વળી સ્વાભાવિક રીતે એમ પણ પ્રશ્ન ઉત્પન્ન થાય છે કે આ જુના શહેરનું નામ આરાસણ ભુલાઇ જવાયું હશે અને તેને બદલે કુંભારીઆ મુકયું હશે. આના જવાબમાં ફૉર્બ્સ કહે છે કે ચિતોડના રાણા કુંભાએ આ બંધાવ્યું માટે તેને કુંભારીઆ કહે છે. પણ આ માની શકાય નહીં; કુંભારીઆ-નાં પુરાણાં મકાનો ઉપરથી એમ વ્યક્ત થાય છે કે આ શહેર રાણા કુંભાની પહેલાં ઘણાં વર્ષનું જુનું છે. એમ પણ કારણ આપી શકાય કે આ પુરાણું શહેર વિમલશાહ અને રાણા કુંભાના વખતની વચ્ચે નાશ થયું હશે અને તેનો કુંભાએ પુનરૂદ્ધાર કર્યો હશે. આ સંભવ પણ સબળ નથી. કારણ કે મહાવીરના દેવાલયમાંની દેવકુલિકાની બેઠક ઉપર કોતરેલા લેખમાં ઇ. સ. ૧૬૧૮ ની મિતિ છે અને તેમાં આરાસન શહેર વિષે ઉલ્લેખ છે. રાણો કુંભો ઈ. સ. ૧૪૩૮ થી

૧૪૫૮ સુધીમાં થયો અને આ લેખની મિતિ ઇ. સ. ૧૬૧૮ ની એટલે કે કુંભા પછી બરાબર ૧૫૦ વર્ષની છે તેથી એમ તો નક્કી થઈ શકે છે કે કુંભારીઆનો ગમે તે અર્થ થતો હોય પણ તેનું નામ રાણા કુંભાના નામ ઉપરથી પડેલું નથી જ અને તેથી જુના શહેરનો વિનાશ ઇ. સ. ૧૬૧૮ પછી થએલો હોવો જોઇએ.

આ જુના શહેરનું નામ આરાસુર હશે એમ લાગે છે અને હાલ અંબાજી તે નામથી ઓળખાય છે. આરાસુર એ આરાસપુરનો અપભ્રંશ હશે. આરાસપુર એજ આરાસણપુર; આ ટેકરીઓ પણ આરાસુરના નામથી ઓળખાય છે. અને કદાચ આરાસુર (આરાસપુર) નગરી તરફ આવેલી હોવાને લીધે તેમનું એવું નામ પડયું હશે. ફોર્બસ ઇ. સ. ૧૨૦૦ ની મિતિ વાળા એક પાળીઆલેખ વિષે કહે છે જેમાં પરમાર રાજા ધારાવર્ષે આરાસણાપુરમાં એક કુવો ખોદાવ્યા વિષે ઉલ્લેખ છે. આ ઉપરથી એમ જણાય છે કે તેરમી સદીના આરંભમાં ચંદ્રાવતીના પરમારોના તાબામાં આરાસણાપુર હતું. આ લેખ વિષે મેં ઘણી શોધ કરી પણ તે મળી આવ્યો નહિ. તો પણ ઇ. સ. ૧૨૭૪ ની મિતિવાળો એક બીજો પાળીઆ-લેખ મળી આવ્યો છે. જેમાં મહિપાલ નામે કોઇક આરાસણનો રાજા હતો એમ કહેલું છે. કુંભારીઆના લેખોમાં બીજા કોઇ રાજાના નામો આપ્યા નથી, પણ ઉપર કહ્યા પ્રમાણે ઈ. સ. ૧૬૧૮ સુધી કદાચ આ નગરની જાહોજલાલી રહી હશે. આ વખત પછી તેનો નાશ થયો હશે. મારા મત પ્રમાણે આ છ દેવાલયો સિવાય આખું નગર બળી ગયું હશે કારણ ત્યાં બળેલા પથ્થરો દેખ્યામાં આવે છે. દુશ્મન રાજાઓએ ગામો બાળી મૂકયાની હકીકત ઘણે ઠેકાણે જોવામાં આવે છે અને અહિં પણ તે પ્રમાણે થયું હોય. ઉપરોકત દંત કથા પ્રમાણે તો એમ છે કે અંબા માતાએ વિમળશાહની કૃતઘ્નતાથી ગુસ્સે થઇને પાંચ દેરાંઓ સિવાય વિમળશાહનાં બંધાવેલાં ૩૬૦ દેવાલયો બાળી મૂકયાં. આ ઉપરથી પણ આ નગરને બાળી મૂકવામાં આવ્યું હતું એ મતને પુષ્ટિ મળે છે. એમ પણ બની શકે કે મુસલમાનોએ આ કુંભારીઆનાં બીજાં દેવાલયોનો નાશ કર્યો હોય. તથા જ્યાં જ્યાં મુસલમાનોએ આવી રીતે નાશ કર્યો છે ત્યાં ત્યાં આવી અનેક દંતકથાઓનો ઉદ્ભવ થયો છે. આ વિષય ઉપર મેં ઘણી બારીક તપાસ કરી પણ ત્યાં મને કોઇએ એમ ન કહયું કે આ મુસલ-

માનોનું કૃત્ય છે. વળી, જો મુસલમાનોની આ નગરનો નાશ કરવાની ઇચ્છા હોય તો પાંચ દેવાલયો મૂકીને નગર બાળી મુકે એ અસંભવિત છે. *

કુંભારીઆમાં એવી દંત કથા ચાલે છે કે અંબામાતાએ વિમળસાહને પુષ્કળ દ્રવ્ય આપ્યું, વળી દેલવાડામાં વિમળસાહના દહેરામાંના જે લેખમાં તેની મિતિ ઇ. સ. ૧૦૩૨ આપી છે તેજ લેખમાં એમ કહેલું છે કે તેણે આ દહેરૂં અંબામાતાની આજ્ઞાનુસાર બંધાવ્યું. આ ઉપરથી એમ લાગે છે કે અંબામાતા તેની કુળદેવી હશે, પણ જે અંબામાતાએ દેલવાડામાં રૂષભનાથનું દેવાલય બાંધવાને તેને આજ્ઞા કરી તેજ અંબામાતાનું મંદિર આ દેવાલયમાં છે અને બીજા અંબામાતા કરતાં પહેલા અંબામાતા જુના છે. આરાસણપુરમાં પણ અંબામાતાનું એક મંદિર છે તેથી એમ હોઈ શકે કે વિમળસાહ માતાને નમન કરવાને ત્યાં આવ્યો હશે અને જેમ દેલવાડામાં માતાના મંદિર નજીક એક જૈન દેવાલય તેણે બંધાવ્યું તેમ અહીં પણ બંધાવ્યું. જો આ બાબત કબુલ કરવામાં આવે તો એમ સૂચિત થાય છે કે અંબાજીમાં માતાનું મંદિર તે મૂળ જૈન દેવાલય હશે, તથા એમ પણ દર્શિત થાય છે કે હાલ પણ ઘણા જૈનો ત્યાં જાત્રા માટે પ્રથમ જાય છે અને

* મને શંકા છે કે હાલ ત્યાં છે તેના કરતાં વધારે દેવાલયો ત્યાં હશે કે નહિ? જે બળેલા પથ્થરો ત્યાં પડેલા જે તે ઉપરથી એમ જણાય છે કે ત્યાં સાધારણ ઘરો અગર મહેલો હશે. પથ્થરને બળવાને માટે લાકડું જોઇએ અને આ પથ્થરો તેમનાં બારી બારણામાં હશે. દેવળોમાં ખરી રીતે એવું કાંઇ નથી કે જે તેમની મેળે બળી શકે, તેથીજ આ દેવાલયો આગમાંથી બચી ગયાં. જો કે આરાસણ વિષેની મિ. ભાન્ડારકરની હકીકત ખરી છે તો પણ તે કુંભારીઆ વિષે કાંઈ કારણ આપી શકતા નથી. આ વિષય ઘણોજ ઝીણો છે અને તેના વિષે ખાસ નિર્ણય ઉપર આવતા પહેલાં તેની ઘણી તપાસ કરવાની જરૂર છે. આ પુરાણું શહેર ઇ. સ. ૧૬૧૮ પછી નાશ પામ્યું હશે એવા તેમના મતને હું મળતો નથી. ઇ. સ. ૧૪૧૫ માં અહમદશાહ પહેલો સિદ્ધપુરનો રૂદ્રમાળ તોડવા ગયો અને નાગોરની સાથે ધર્મ યુદ્ધ ચલાવ્યું અને પછીના વર્ષમાં જેજે દેવાલયો અને મૂર્તિઓ તેના રસ્તામાં આવ્યાં તે તેણે ભાંગ્યાં. એ આપણે જાણીએ છીએ. ઈ. સ. ૧૪૩૩ માં સિદ્ધપુરની આજુ બાજુનાં ગામો તથા શહેરો ઉજજડ કર્યાં અને જ્યારે જ્યારે તેની નજરમાં આવતાં ત્યારે ત્યારે તે દેવાલયોને તોડી નાંખતો. કુતબુદ્દીને કુંભલમેરને ઘેરો ઘાલ્યો અને તેની આજુ બાજુનો પ્રદેશ ઉજજડ કર્યો. વળી, ઇ. સ. ૧૫૨૧ માં મુઝફ્ફરશાહ બીજા એ ડુંગરપુર તથા વાંસવાડાનાં ગામો ઉજજડ કર્યાં અને બાળી મુક્યાં. પણ આ બધી વિગતો વિષે ચર્ચા ચલાવતાં ઘણો વખત લાગશે અને તેથી તે કામ આ પ્રોગ્રેસ રીપોર્ટમાં બનવું અશક્ય છે. H. C.

કુંભારીઆમાં પછી જાય છે. જ્યારે જુના નગરનો નાશ કરવામાં આવ્યો અને અંબામાતાનું દેવાલય બ્રાહ્મણોના હાથમાં આવ્યું ત્યારે આ પુરાણા નગરના વિનાશને માટે કારણ તરીકે આ અંબામાતાની હકીકત બ્રાહ્મણોએ જોડી કાઢી હશે.

રાણપુર તીર્થના લેખો.

આરસણના લેખો પછી રાણપુરતીર્થના લેખો આવે છે. રાણપુર, ગોડવાડની મ્હોટી પંચતીર્થીમાંનું મુખ્ય તીર્થ છે. મારવાડ દેશમાં જેટલાં પ્રાચીન જૈન મંદિરો છે તેમાં રાણપુરનું મંદિર સૌથી મ્હોટું, કિમતી અને કારીગરીને દૃષ્ટિએ અનુપમ છે. એ મંદિર કયારે અને કોણે બંધાવ્યું એ ઘણાજ થોડા જૈનો જાણે છે. આર્કિઑલોજીકલ સર્વે ઑફ ઇન્ડિઆના સન ૧૯૦૭–૦૮ ના એન્યુઅલ રીપોર્ટમાં શ્રીયુકત ડી. આ. ભાંડારકર એમ. એ; એ મંદિરના વિષયમાં એક વિસ્તૃત લેખ લખેલો છે. તેમાં એ મંદિરના બંધાવનાર ધરણાશાહનો ઇતિહાસ અને શિલ્પની દૃષ્ટિએ મંદિરનું વિસ્તૃત વર્ણન આપ્યું છે. એ વર્ણન આ લેખો વાંચનારને ખાસ ઉપયોગી હોવાથી, તે સંપૂર્ણ અત્ર આપવામાં આવે છે.

જોધપુર રાજ્યના ગોડવાડ પ્રાંતના દેસૂરી જીલ્લામાં રાણપુર નામે એક સ્થાન આવેલું છે. તે સાદડીથી ૭ માઇલ દૂર છે અને હાલમાં ઉજ્જડ છે. તે આડાબલા * (અરવલી) ની પશ્ચિમ બાજુની ખીણમાં આવેલું છે અને મારવાડમાં તે સૌથી સુંદર સ્થળ છે. અહીંઆં કેટલાંક દેવાલયો છે તેમાંનું એક પહેલા તીર્થંકર આદિનાથનું ચોમુખ દેવાલય મુખ્ય છે. અને આને લીધે જૈન લોકો તેને મારવાડનાં પંચ તીર્થોમાંનું એક તીર્થ ગણે છે; તથા,

* મારવાડ તથા મેવાડની વચ્ચે આવેલી પર્વતોની હારને આડાબલા કહે છે. અને આજ નામને ટૉડે (Tod) અરવલી કહ્યું છે. આવો દોષયુકત ઉચ્ચાર ટૉડનાં પુસ્તકો વાંચનારાજ કરે છે એમ નથી પરંતુ રાજપુતાનાના લોકો પણ તેમની ભાષામાં અરવલી એમ કહે છે અને 'આડાબલા' એ શબ્દ જાણતા પણ નથી. આડાબલા=આંડા (આંતરો) + વળા અગર વળી (પર્વત). એટલે કે મારવાડ અને મેવાડ વચ્ચેનો આંતરો કરનાર પર્વત (પ્રોગ્રેસ રિપોર્ટ, આર્કીઓલૉજીકલ સર્વે વેસ્ટર્ન સરકલ, ૧૯૦૭–૮, પા. ૪૭–૪૮).

તે દેવાલયને એટલું બધું પવિત્ર ગણવામાં આવે છે કે તેને રાણપુરજી કહે છે. ત્યાં હમેશાં જાત્રાળુઓ આવ્યા જાય છે, જેમાં ઘણાખરા ગુજરાત અને પશ્ચિમ રાજપુતાના તથા પંજાબના પણ હોય છે.

પહેલાં, શત્રુંજયની માફક રાણપુર અને બીજાં સ્થળોનાં જૈન દેવાલયોની દેખરેખ પણ હેમાભાઈ હઠીસિંગ રાખતા હતા. જ્યારે તેમની સ્થિતિ નબળી પડી ગઈ ત્યારે સાદડીના મહાજનો તે દેવાલયોની દેખરેખ રાખવા લાગ્યા, પરંતુ તેમાં ઘણી અવ્યવસ્થા થવાથી તેમની દેખરેખ આનન્દજી કલ્યાણજી ને સોંપવામાં આવી; આ નામ અમદાવાદમાં સ્થપાએલી હિંદુસ્થાનના જૈન લોકોની સમાજને આપવામાં આવેલું છે. આનન્દજી કલ્યાણજીનો એક એજન્ટ સાદડીમાં રહે છે અને તેને રાણપુરજીના કારખાનાનો મુનીમ કહે છે. આ કારખાનાનું કામ રાણપુર, સાદડી, માદ્રા અને રાજપુરનાં જૈન દેવાલયોની દેખરેખ રાખવાનું છે.

જ્યારે હું રાણપુર ગયો હતો ત્યારે તે એજન્ટ મને મળવા આવ્યો હતો. તેણે મને ચોમુખ દેવાલયના જુદા જુદા ભાગ દેખાડ્યા અને ભાંગેલાં ઓતરંગ વિગેરે બતાવ્યાં અને તે મજબુત શી રીતે બનાવવાં તે વિષે મારો અભિપ્રાય પૂછ્યો. તેને તથા તેના સોમપુરા* ને ૧૯૦૬ નો અમારો પ્રોગ્રેસ રીપોર્ટ દેખાડ્યો જેમાં ભાંગેલા પાટડાને આધાર આપવાને બતાવેલી યુક્તિઓ હતી. પણ આથી તે લોકોને સંતોષ થયો નહિ. અને તેમણે કહ્યું કે આનન્દજી કલ્યાણજીએ ૨૦૦૦૦ રૂ. નક્કી કર્યા છે તેથી તે ઓતરંગો નવી કરવી જોઇએ.

---

* સલાટનો ધંધો કરનારા બ્રાહ્મણોની એક જાતનું નામ સોમપુરા છે. આ નામ પડવાનું કારણ એમ કહેવાય છે કે, તે જાતિના મૂળ સ્થાપકનો જન્મ સોમવારે થયો હતો તથા તે સોમનાથ મહાદેવ (પ્રભાસપાટણ)ના દેવાલયનો બાંધનાર હતો. આ દંતકથા પ્રમાણે, સિદ્ધરાજ જયસિંહે તેમને ગુજરાતમાં આશ્રય આપ્યો, કારણ કે ત્યાં ઘણાં દેવાલયો બંધાતાં હતાં. ત્યાંથી તેમને દેવાલયો બાંધવા માટે આબુ ઉપર લઇ ગયા અને ત્યાંથી તેઓ ગોડવાડમાં પ્રસર્યા. રાજપુતાનામાં સોમપુરાની એકજ જાત છે કે જેમની પાસે જુના હસ્તલેખો છે તથા જેઓ હસ્તલેખો વિષે કાંઇક જાણે છે. આમાંના બે ઘણાજ બુદ્ધિશાળી જણાયા છે. એક તો નન્ના બુમ્મા જે મને રાણપુરમાં મળ્યો હતો અને જેને આ દેવાલયનું સમારકામ સોંપવામાં આવ્યું હતું; બીજો કેવળરામ જે વિદ્વત્તા માટે પ્રખ્યાત છે. તે બાલીપ્રાંતના કોસિલાવનો રહેવાસી છે, પણ તે મને જયોર પ્રાંતના આહોરમા મળ્યો હતો. ત્યાં દેવાલયોનો પુનરૂદ્ધાર કરવા માટે વાણીઆએ તેને રોક્યો હતો.

એ દેવાલયના બાંધનાર વિષે તથા તે બાંધવાની રીતે વિષે નીચે પ્રમાણેની હકીકત ત્યાં કહેવાય છે. ધન્ના અને રત્ના નામના બે ભાઇઓ પોરવાડ જાતના હોઈ સિરોહી સ્ટેટના નાન્દિયા ગામના રહેવાસી હતા. કોઈક મુસલમાન બાદશાહનો પુત્ર જેને પોતાના બાપ સાથે દ્વેષ હતો તે રાજપુતાનામાં થઇને જતો હતો. આ બન્ને ભાઇઓએ તેનો ક્રોધ શાંત કર્યો અને પોતાના પિતાને ત્યાં જવા માટે આજીજી કરી. આથી બાદશાહ એટલો બધો ખુશ થયો કે તેણે તે બન્ને ભાઇઓને પોતાની પાસે રાખ્યા. પરંતુ, થોડાક વખત પછી તેમના વિષે કેટલીક અફવાઓ ઉડવાથી તેમને કેદ કરવામાં આવ્યા. બાદશાહે ૮૪ જાતના સિક્કાનો દંડ કર્યો * અને તેમને છોડી મુકયા. આ બે ભાઇઓ પોતાને દેશ આવ્યા પણ પોતાનું ગામ નાન્દીયા છોડી દઇને ટેકરી ઉપર આવેલા પાલગડ (રાણપુરથી દક્ષિણે) રહ્યા. તેઓએ માદડીમાં એક દેવાલય બાંધ્યું જેને રાણપુર કહેતા કારણ કે દેવાલયની બધી જગ્યા રાણા કુંભા પાસેથી તેઓએ ખરીદી હતી. વળી તે જગ્યા એવી શરતે આપવામાં આવી હતી કે તેનું નામ કુંભારાણાના નામ ઉપરથી પાડવું. 'રાણ' એ ' રાણા ' નું ટુંકું રૂપ છે અને ' પૂર ' એ ' પોરવાડ ' નું ટુંકું રૂપ છે. એક રાત્રે ધન્નાએ સ્વપ્નમાં માલગડમાં એક વિમાન દેખ્યું તેથી તેણે કેટલાક સોમપુરાને બોલાવ્યા, અને તે વિમાનનું વર્ણન કર્યું તથા તેનો પ્લાન બનાવવા તેમને કહ્યું. તેમાં મુંડાડાના રહેવાસી દીપા નામના સોમપુરાનો પ્લાન પસંદ કરવામાં આવ્યો. કારણ કે તેણે સ્વપ્નમાં જોએલા વિમાનની બરાબર નકલ ઉતારી હતી- જ્યારે માદડી ઉજ્જડ થયું ત્યારે ઉત્તરમાં ૭ માઈલ દૂર આવેલા સાદડીમાં લોકો આવી વસ્યા. ધન્ના, તેનો ભાઈ રત્ના, અને રત્નાનું કુટુંબ આ બધાં પાલગડથી સાદડીમાં આવી રહ્યા અને ત્યાંથી થોડા વખતમાં ઘાણેરાવમાં ગયાં. ઘાણેરાવમાં મને એક નથમલ્લજી શાહ મળ્યો જે કહે છે કે હું ચૌદમી પેઢીએ રત્નાના વંશનો છું. ધન્નાના વંશમાં કોઇ નથી કારણ કે તે પુત્રહીન મરણ પામ્યો હતો. નથમલ્લજીએ મને કહ્યું કે રાણપુરના દેવા-

*—આ ઉપરથી જણાય છે કે ધન્ના અને રત્ના શાહ હતા. શાહ એટલે સાધુ; અને આ નામો પૈસાદારોનાં નામો સાથે આવતાં એમ લેખો ઉપરથી જણાય છે (જેમકે, વિમલ શાહ, સાધુગુણરાજ, વિગેરે) મોનીઅર વીલીયમ્સના કોષમાં સાધુનો અર્થ વેપારી, ધીરધાર કરનાર એમ આપ્યો છે. અને તે અર્થ અહીં બરાબર બેસે છે. વળી શાહ અને સાધુ તથા શાહુકાર એકજ છે. લૌકિક માન્યતા પ્રમાણે જ્યારે વેપારીના પાસે ૮૪ જાતના સિકકા હોય ત્યારે તેને શાહ અગર શાહુકાર કહે છે.

લયમાં મૂળ સાત માળ કરવાના હતા જેમાંના માત્ર ચાર કરવામાં આવ્યા હતા; અને આ દેવાલય અધૂરું થયાથી હાલ પણ રત્નાના વંશનાં માણસો અસ્ત્રાથી હજામત કરાવતાં નથી એમ કહેવાય છે. રત્નાના જે વંશજો છે તેમાંના ઘાણેરાવમાં રહેનારા જાણવા લાયક છે. આવા બાર કુંટુંબો છે જેના માણસો ચૈત્ર વદિ ૧૦ ને દિવસે રાણપુરમાં ભરાતા મેળામાં કેશર તથા અત્તર લગાડવાનો, આરતી ઉતારવાનો અને નવી ધ્વજા ચઢાવવાનો હક્ક ધરાવે છે. આં હક્કનો અમલ એક પછી એક કુટુંબો કરે છે. અને તે એટલે સુધી કે જો કોઇ કુંટુંબમાં પુરૂષ ન હોય તો વિધવાઓ પણ બીજાં કુટુંબોનાં પુરૂષો પાસે પોતાના ખર્ચે આ હક્ક ચલાવે છે. વળી આશ્વિન શુદિ ૧૩ ને દિવસે પણ આવો બીજો ઉત્સવ થાય છે તે વખતે માત્ર ધ્વજા ચઢાવવામાં આવતી નથી.

હવે, એ દેવાલયમાં કોતરેલા લેખોમાં શું આવે છે તે આપણે જોઇએ આ લેખોમાં લાંબો તથા જરૂરનો લેખ એક ધોળા પથ્થર ઉપર કોતરેલો છે જેનું માપ ૧'૧" પહોળાઈ = ૩'૩" ઉંચાઈ છે. એ લેખ સંસ્કૃત ગદ્યમાં હોઈ ૪૭ લીટીનો છે. જમણી બાજુએ આવેલી મુખ્ય દેવકુલિકાના દ્વારની પાસે આવેલા એક સ્તંભમાં તે શિલા ગોઠવેલી છે. × × × આ લેખ ઘણી રીતે ઉપયોગી છે. કારણ કે તેમાં ઉદેપુર સંસ્થાનના વંશના મૂળ સ્થાપક બાપ્પાથી શરૂ કરીને વ્યવસ્થિત યાદી આપી છે. પણ વધારે જરૂરની બાબત એ છે કે તેમાં એ દેવાલય તથા તેના બાંધનાર વિષેની પણ હકીકત આવે છે પહેલીજ લીટીમાં, જે દેવને આ દેવાલય અર્પણ કર્યું છે તેમનું નામ આવે છે. તેમાં જિન યુગાદીશ્વર જેમને ચતુર્મુખ પણ કહેલા છે તેમને નમસ્કાર કરેલો છે. પહેલા તીર્થંકર ઋષભનાથનું બીજું નામ યુગાદીશ્વર છે અને 'ચતુર્મુખ' એ શબ્દ ઉપરથી જણાય છે કે તે દેવાલયમાં સ્થાપિત કરેલી મૂર્તિ ચાર મુખ વાળી છે. તેથી લૌકિક ભાષામાં તેને ઋષભનાથનું ચોમુખ દેવાલય કહે છે. ત્યાર પછીની ૨૯ લીટીઓમાં, જે રાજાના વખતમાં એ દેવાલય બંધાવ્યું હતું તેનાં વંશની હકીકત આવે છે. પણ અહીં એ બધી હકીકત જવા દો. જે રાજાના વખતમાં એ દેવાલય બંધાયું તે રાણો કુંભો હતો. બાકીની લીટીઓમાં કહેવામાં આવ્યું છે કે આ દેવાલયનો બાંધનાર ધરણાક હતો. તેને "પરમાર્હત" કહેલો છે, એટલે કે અર્હતોનો (તીર્થંકરોનો) મહાન્ ભક્ત. આ ઉપરથી જણાય છે કે તેનો ધર્મ જૈન હતો.

વળી જાણવું જોઇએ કે તેને સં. એટલે કે સંઘપતિ (સંઘ એટલે જૈન યાત્રાળુઓને સમૂહ, તેને દોરનાર) કહ્યો છે. જૈન લોકોમાં એમ મનાય છે કે સંઘ * કાઢીને યાત્રાનાં સ્થળોએ ફરવું અને સઘળો ખર્ચ પોતાને માથે વેઠવો એ એક પુણ્યનું કામ છે અને પૈસાદાર ગ્રહસ્થોએ કાઢેલા ભારે સંઘોના ઘણા વર્ણનો જૈન ગ્રંથોમાંથી મળી આવે છે. તેથી એમ કહી શકાય કે ધરણાક માત્ર ધર્મથી જૈન હતો એમ નહિ પરંતુ તે ચુસ્ત જૈન હતો. વિશેષમાં કહ્યું છે કે તે પ્રાગ્વાટ વંશભૂષણ હતો એટલે કે તે પોરવાડ વાણીઆની જ્ઞાતિનો હતો. તેના કુટુંબ વિષે બીજી પણ હકીકત આપી છે. તેના દાદાનું નામ માંગણ અને બાપનું નામ કુરપાલ હતું. તેની માનું નામ કામલદે આપ્યું છે. તેના બાપ તથા દાદાને સંઘપતિ કહ્યા છે. આ ઉપરથી એમ જણાય છે કે ધરણાક પ્રથમ સંઘ કાઢનાર છે એમ નહિ પરંતુ તેના કુળમાં સંઘ કાઢવાનો રિવાજ હતો. ૩૨–૩૪ લીટીઓમાં કહેલું છે કે આ ધાર્મિક કાર્યમાં ગુણરાજ નામના બીજા જૈન ધનાઢ્યે તેને મદદ કરી છે. માત્ર સંઘ કાઢવામાં જેની પવિત્રતાની કીર્તિ છે એમ નહિ પરંતુ તેણે અજાહરી, પિંડરવાટક, અને સાલેર જેવા સ્થળોમાં નવા દેવાલયો બંધાવ્યાં છે તથા જુનાં દેવાલયો સમરાવ્યાં છે. લી. ૩૯–૪૦ માં એમ આવે છે કે રાણપુરમાં આ ચોમુખ દેવાલય બંધાવવામાં પણ તેના કુટુંબનાં બીજાં માણસોએ તેને મદદ કરી હતી. તેના મોટા ભાઇ તથા ભત્રીજાઓનાં નામો આપેલાં છે. તેના મોટા ભાઇનું નામ રત્ના છે તેની સ્ત્રી રત્નાદે હતી જેનાથી તેને ચાર પુત્રો થયા. લાખા, મના, સોના, અને સાલિગ. બીજાં નામો આપ્યાં છે તે ધરણાકના પુત્રોનાં છે. ધરણાકને પોતાની સ્ત્રી ધારલદેથી ઓછામાં ઓછા બે છોકરા થયા હતા તેમનાં નામો, જાજ્ઞા અને જાવડ. ત્યાર પછી રાણપુર નામ પડવાનું કારણ આવ્યું છે. લી. ૪૧–૪૨ માં સ્પષ્ટપણે કહ્યું છે કે રાણપુર નામ રાણા કુંભકર્ણના નામ ઉપરથી પડયું છે. આ દેવળ ગુહિલ રાજાના હુકમથી અહીં બાંધ્યું છે એમ લાગે છે. વિશેષમાં કહ્યું છે કે चतुर्मुखयुगादीश्वरविहार (એટલે કે ઋષભનાથનું ચોમુખ દેવાલય) ના નામથી તે ઓળખાતું હતું, પણ त्रैलोक्यदीपक ના નામથી પણ ઓળખાતું હતું. લી. ૪૬ માં એમ કહેવામાં આવ્યું છે કે સૂત્રધાર દેપાકે તે બાંધ્યું હતું.

---

* સંઘના વર્ણન માટે જુઓ પ્રોગ્રેસ રિપોર્ટ, આર્કાઓલૉજીકલ સર્વે, વેસ્ટર્ન સરકલ, ૧૯૦૭–૧૯૦૮, પા. ૫૫.

ત્યાંની પ્રચલિત વાતો તથા લેખોની હકીકતને જો આપણે સરખાવીએ તો માલુમ પડશે કે તે બંને મળે છે. લૌકિક વાતો પ્રમાણે બાંધનારાનાં નામો ધન્ના અને રત્ના છે. લેખમાં ધન્નાને બદલે ધરણાક આપ્યું છે અને રત્નાનું નામ એજ છે. લૌકિક વાતો પ્રમાણે ધન્ના રત્નાનો નાનો ભાઈ હતો અને લેખમાં પણ તેમજ છે. વાતો પ્રમાણે મૂળ તેઓ સિરોહીના નાન્દિઆના રહેવાસી હતા. લેખમાં આના વિષે કાંઈ ઉલ્લેખ છેજ નહિ, પરંતુ લેખમાં બીજી એક સૂચના આપી છે કે ધરણાએ (ધન્નાએ) અજાહરી, પિંડરવાટક, સાલેર વિગેરે સ્થળોએ દેવાલયોનો પુનરુદ્ધાર કર્યો છે અજાહરી અને સાલેર એ નામો હાલ પણ એજ પ્રમાણે બોલાય છે અને હાલનું પિંડવાડા તેજ પિંડરવાટક હોવું જોઇએ. આ બધાં સ્થળો સિરોહી સ્ટેટમાં હોઈ નાન્દિઆની પાસેજ છે. તેથી કદાચ તેઓ નાન્દિઆના રહેવાસી હોઇ શકે. ત્યાંના લોકો કહે છે કે તેઓ પોરવાડ વાણીઆ હતા અને પોરવાડ એ પ્રાગ્વાટનું પ્રાકૃત રૂપ છે. લેખમાં પણ કહ્યું છે કે તેઓ પ્રાગ્વાટ જ્ઞાતિના હતા. લૌકિક વાતોમાં કહ્યા પ્રમાણે દેવાલયના પ્લાનો કરનાર દીપા હતો જે દેપાકનું ટુંકું રૂપ છે. માત્ર એકજ ભેદ પડે છે. લૌકિક વૃત્તાંત પ્રમાણે ધન્ના ને ફરજન હતું નહિ પણ લેખમાં તેના બે પુત્રો નામે જાજ્ઞા અને જાવડ કહ્યા છે. બાકી બીજી બધી રીતે આ બન્ને હકીકતો બરોબર મળી રહે છે.

આ દેવાલયની મુલાકાત લેનાર માત્ર એકજ યુરોપીયન ગૃહસ્થ છે જેમનું નામ સર જેમ્સ ફર્ગ્યુસન છે. આશ્ચર્યની વાત છે કે ટોડે (Tod) તેની મુલાકાત લીધી નહિ. તો પણ "એનાલ્સ એન્ડ એન્ટીકવીટીઝ ઓફ્ રાજસ્થાન" (Annals and Antiquities of Rājasthāna) નામના પોતાના પુસ્તકમાં કુંભારાણાના વર્ણનમાં તેમણે તેનો ટુંકો વૃત્તાંત આપ્યો છે. તે કહે છે કે " તેની પ્રતિભાના આ નમુનાઓ ઉપરાંત બે ધાર્મિક મકાનો રહેવા પામ્યાં છે એક આબુ ઉપરનું ' કુમ્ભો શામ ' જે ત્યાં બીજાં વધારે ઉપયોગી મકાનોને લીધે ઢંકાઈ ગયું છે પણ બીજે સ્થળે જાણવાલાયક થઇ પડત. બીજું જે ઘણુંજ મોટું છે. અને લાખો રૂપિઆની કિંમતનું છે અને જેનાં ખર્ચમાં કુંભાએ ૮૦૦૦૦ પાઉંડ આપ્યા છે, તે મેવાડની ઉંચી ભૂમિના પશ્ચિમ ઉતારથી જતા સાદરી ઘાટ (Sadripass) માં બાંધેલું છે અને તે ઋષભ દેવને અર્પણ કરેલું છે. તે ઘણા એકાંત સ્થાળમાં આવેલું છે તેથી જુલમમાંથી બચ્યું

હશે. હાલમાં જંગલી પશુઓજ ત્યાં રહે છે. " * આ વર્ણન પછી તેમણે નીચેની ટીપ મૂકી છે. " પોરવાડ જ્ઞાતિના જૈન ધર્મના રાણાના એક પ્રધાને આ દેવાલયનો પાયો ઇ. સ. ૧૪૩૮ માં નાંખ્યો. ફંડ ઉભું કરીને તે દેવાલય પૂરૂં કરવામાં આવ્યું. તેને ત્રણ માળ છે અને તેનો આધાર ૪૦ ફીટથી પણ ઉંચા પથ્થરના થાંભલાઓ ઉપર રહેલો છે. અંદરના ભાગમાં કાચના કડકાથી મીનાકારી કામ કરેલું છે. નીચેના દેવગૃહોમાં જૈન તીર્થંકરોની પ્રતિમાઓ મૂકેલી છે. તે વખતે હિંદી કારીગરી ઉતરતી સ્થિતિમાં હતી તેથી તેમાં બહુ સુંદરતા આપણે જોઇ શકીએ તેમ નથી પરંતુ તેના ઉપરથી ઉતરતી જતી કારીગરીનો ક્રમ આપણે કાઢી શકીએ. વળી આના ઉપરથી એમ પણ જણાય છે કે પહેલાંના મીનાકારીની રીત તે વખતે પણ હતી. મેં તે જોયું નહિ તેથી મને શોક થાય છે. "

આ પ્રમાણે ટૉડનો વૃત્તાંત જો કે ઘણે ભાગે ખરો છે, તો પણ તેમાં ખામીઓ છે. પ્રથમ તો તે દેવાલયનો બાંધનાર પોરવાડ જ્ઞાતિનો છે તે બરાબર છે; પરંતુ તે રાણા કુંભાનો પ્રધાન છે એ શા આધારે કહેલું છે? વળી ટૉડ કહે છે કે ' ફંડ ઉભું કરીને એ દેવાલય પૂરૂં કર્યું એનો અર્થ શો? વલી તેમણે કહ્યું છે કે તે દેવાલય બાંધવાનો ખર્ચ દસ લાખ કરતાં વધુ થયો છે અને રાણાએ તેમાં ૮૦૦૦૦ પૌંડ આપ્યા છે; આ વિગત કયા આધારે લખી છે? ત્રીજી બાબત એ છે કે તે દેવાલય એકાતમાં આવ્યું છે માટે મુસલમાનોના જુલમમાંથી બચ્યું છે એ કહેવું વ્યાજબી નથી. લોકોમાં એક એવી વાત ચાલે છે કે રાજપુતાના ઉપર જ્યારે ઔરંગઝેબે ચઢાઈ કરી ત્યારે તે આ દેવાલયમાં ચઢયો હતો અને મૂર્તિઓ ભાંગવાની શરૂઆત પણ કરી હતી અને હાલ પણ કેટલાંક ભાગેલાં 'પરિકરો' તથા 'તોરણો' છે જે લોકોના કહેવા પ્રમાણે ઔરંગઝેબે ભાગ્યાં હતાં. પરંતુ જે રાત્રે એ ભાંગવાનું કાર્ય શરૂ થયું તેજ રાત્રે તે અને તેની બેગમ માદાં પડયાં; બેગમે સ્વપ્નમાં રાત્રે ઋષભનાથ તીર્થંકરને જોયા અને તેમને કહેતા સાંભળ્યા કે " તું તારા ધણી પાસે આ અનિષ્ટ કાર્ય બંધ કરાવ અને બીજે દીવસે મારી પ્રતિમા પાસે આરતિ કરાવ" આ પ્રમાણે ઔરંગઝેબે કર્યું અને મૂર્તિઓની પૂજા કરી. પૂર્વના સભામંડપમાં આવેલા એક સ્તંભ ઉપર એક

---

* ટૉડનો " એનાલ્સ એન્ડ ઍન્ટીકવીઝ ઑફ રાજસ્થાન " પુ. ૧, પા ૨૯૮ (પ્રકાશકઃ-લહીરી અને કંપની, કલકત્તા, ૧૮૯૪)

લેખના મથાળે એક આકૃતિ છે જે આ મુગલ બાદશાહની છે એમ લોકો કહે છે. આ આકૃતિએ પોતાના બે હસ્ત જોડેલા છે, જે તે વખતની તેની નમ્રસ્થિતિ જણાવે છે. જોકે ભાંગેલાં કોતરકામો ઉપરથી મુસલમાનોનો જુલમ જણાઈ આવે છે તોપણ ઔરંગઝેબ જેવો ચુસ્ત મુસલમાન હિંદુઓની મૂર્તિઓને નમે એ માન્ય કરવું સરલ નથી. આ બાબત સાથે જાણવું જોઈએ કે આ દેવાલયમાં ત્રણ નાની મસ્જીદો છે જેમાંની બે આગળના મોખરેજ બે બાજુએ છે અને ત્રીજી એક બીજા માળમાં છે. પરંતુ એમ પણ કહેવાય છે કે તેણે ભાંગવાનું કાર્ય શરૂ કર્યું તે વખતે એકજ રાતમાં આ ત્રણ ઈદગાહો એવી બુદ્ધિથી બાંધવામાં આવી છે કે જેથી વધારે નુકસાન થતું અટકે. ઔરંગઝેબ અહીં આવ્યો કે નહિ એ નક્કી નથી પરંતુ એટલું તો ચોક્કસ છે કે મુસલમાનોએ મકાનને ઈજા કરી છે અને એ વાત ભાંગેલા 'પરિકરો' તથા તોરણો તથા દક્ષિણના સભામંડપના ઘુમ્મટો ઉપરથી જણાઈ આવે છે, અને આવી વધુ ઈજા થતી અટકાવવા માટે મસ્જીદ કરાવ્યા વિના છુટકો હતોજ નહિ તેથી તેમણે આ પ્રમાણે કર્યું હશે. અને રાજપુતાનામાં આ પ્રમાણે ઘણી વખત બનેલું છે. ત્રીજી વાત એ છે કે સ્તંભ ઉપરની આકૃતિ મુસલમાનનીજ છે એ નક્કી નથી, તે કદાચ ઉસમાપુરના બેમાંથી એક વાણીયાની હોય જેણે, નીચેના લેખમાં કહ્યા પ્રમાણે પૂર્વનો સભામંડપ સમરાવ્યો હતો.

ઉપર કહ્યા પ્રમાણે આ દેવાલય ચોમુખ દેવાલય છે. ચોમુખ એટલે ચાર આકૃતિઓ ચાર દિશાઓ તરફ મોં કરીને એક એકને પીઠ અડારીને એક બેસણી ઉપર બેસાડેલી હોય તેનો સમૂહ. મંદિરમાં આ મોટી આકૃતિઓ હોવાને લીધે દરેકના મોં તરફ એક, એમ ચારે બાજુએ દ્વારો છે. આ પ્રતિમાઓ ધોળા પથ્થરની બનેલી છે અને તે એકજ તીર્થંકર ઋષભનાથની છે. ઉપરના માળમાં પણ આવું એક મંદિર છે જેમાં ચાર દ્વારથી જઈ શકાય છે. નીચેના મંદિરને, જેમ બીજાં જૈન દેવાલયોમાં હોય છે તેમ દરેક દ્વારની આગળ ગૂઢમંડપ નથી પરંતુ એક નાનો મુખમંડપ છે. વળી, દરેક બાજુએ જરા નિમ્ન ભૂમિ ઉપર એક એક સભામંડપ છે જેમાં જવા માટે 'નાળ' અગર સીડી છે. આ નાળની બહાર એક એક ઉઘાડી કમાન છે અને ઉંચે એક "નાળમંડપ" છે. આ ઉઘાડી કમાણોમાં સીડી મારફતે જઈ શકાય છે પણ આવી સીડીઓમાં પશ્ચિમની સીડીને વધારે પગથીયાં છે અને તેથી તે બાજુનું દ્વાર મુખ્ય ગણાય છે.

મુખ્ય મંદિરના દરેક મુખમંડપની બાજુએ એક "માદર" અગર મોટું મંદિર છે, અને દરેક સભામંડપની સામે "ખુંટરા મન્દર" અગર નાનું મંદિર છે. આવું નામ આપવાનું કારણ એ છે કે સભામંડપોનાં મધ્ય બિંદુઓમાંથી દોરેલી લીટીઓથી બનેલા ખુણા અગર "નાસકો" ઉપર તે આવેલ છે. આ ચાર મંદિરોની આજુબાજુએ ચાર ઘુમ્મટોના સમૂહો છે જે લગભગ ૪૨૦ સ્તંભો ઉપર રહેલા છે. દરેક ચારના સમૂહની મધ્યના ઘુમ્મટો ત્રણ માળ ઉંચા છે અને એજ સમૂહના બીજા ઘુમ્મટોથી ઉંચા જાય છે. આવા મધ્યના ઘુમ્મટોમાંનો એક જે મુખ્યદ્વારની સામે છે તેને અંદર અને ઉપર એમ બેવડો ઘુમ્મટ છે જેનો આધાર ૧૬ સ્તંભો ઉપર રહેલો છે. મુખ્ય મંદિરની ચારે બાજુએ અનેક દેવકુલિકાઓ છે, જેમાં દરેકને પીરામીડના આકારનું છાપરું છે પણ આંતરો કરવા માટે ભીંત નથી. * તેમાં ૧૬ મા સૈકાના પૂર્વાર્ધમાં બનેલા લેખો છે જેમાં પાટણ, ખંભાત વિગેરે સ્થળોના જાત્રાળુઓ જેમાંના ઘણા ખરા ઓસવાળ છે તેમણે બંધાવેલી દેવકુલિકાઓ વિષેની હકીકત આવેલી છે.

રાણપુર દેવાલય નિહાળવાથી મગજ ઉપર જે અસર થાય તે સર જેમ્સ ફર્ગ્યુસને નીચે પ્રમાણે વર્ણવી છેઃ—

"આ સ્તંભોના વનનો અંદરનો ભાગ જોવાથી જે દેખાવ દૃષ્ટિગોચર થાય છે તે તેના એક મંડપના દૃશ્ય (લુડકટ નં. ૧૩૪) ઉપરથી જણાય છે; પરંતુ સ્તંભોની આવી ગોઠવણીથી અજવાળાના આડકતરા માર્ગને લીધે તથા અજવાળું આવવાનાં દ્વારોની રચનાને લીધે ગમે તેવા દૃશ્યમાં પણ એ ચિતાર બરાબર ઉતારી શકાય તેમ નથી. વળી, તીર્થંકરોની પ્રતિમાઓ વાળી દેવકુલિકાઓની સંખ્યા ઉપરથી પણ આશ્ચર્ય લાગે છે. મધ્યમાં આવેલાં બાર દેવ ગૃહો ઉપરાંત અંદરના ભાગની આજુ બાજુએ આવેલી ૮૬ દેવકુલિકાઓ છે અને તેમનાં મુખભાગો ઉપર કોતરકામ કાઢેલાં છે.

"રાણપુરના એ દેવાલયનો બાહ્ય દેખાવ વુડકટ નં. ૧૩૫ ઉપરથી જોઈ શકાય તેમ છે. આ દેવાલયનું ભોંયતળીયું ઉંચું હોવાને લીધે તથા મુખ્ય ઘુમ્મટોની વધારે ઉંચાઇને લીધે એક મહાન જૈન દેવાલયનો બરાબર દેખાવ

* "હીસ્ટરી ઑફ ઇંડીઅન ઍન્ડ ઇસ્ટર્ન આર્કીટેકચર" નામના પુસ્તકમાં ફરગ્યુસને પા. ૨૪૦ ઉપર આપેલો પ્લાન બરાબર નથી. અહીં આપેલો નકશો ખરો અને વિશ્વાસ રાખવા લાયક છે.

આપે છે કારણકે બીજાં જુનાં દેવાલયોમાં બાહ્ય ભાગ ઉપર કોતરકામનો અભાવ હોય છે (જુઓ પ્લેટો (a) અને (b)). આ દેવાલયમાં ઘણા અને નાના ભાગો પાડેલા છે તેથી શિલ્પવિદ્યાની ખરી શોભા તેમાં દેખાઈ આવે તેમ નથી; પરંતુ દરેક સ્તંભો એક એકથી જુદા છે તથા તે ઉત્તમ રીતે ગોઠવ્યા છે અને તેમના ઉપર ભિન્ન ભિન્ન ઉંચાઈના ઘુમ્મટો ગોઠવેલા છે:—આ બધા ઉપરથી મન ઉપર ઘણી સારી અસર થાય તેમ છે. ખરેખર, આવી સારી અસર કરે એવું તથા સ્તંભોની સુંદર ગોઠવણી વિષે સૂચના કરે એવું **હિંદુસ્તાનમાં બીજું એકપણ દેવાલય નથી.**

" ગોઠવણીની ઉત્તમતા ઉપરાંત બીજી જાણવા લાયક બાબત એ છે કે તેણે રોકેલી જગ્યા ૪૮૦૦૦ ચો. ફુ. એટલે કે મધ્યકાલીન યુરોપીય દેવળોના જેટલી છે અને કારીગરી તથા સુન્દરતામાં તો તેમના કરતાં ઘણી રીતે ચઢે તેમ છે. " ૧

આ દેવાલયના બાહ્ય ભાગમાં બે જુદી જાતના પથ્થરો વાપર્યા છે. બાંધણીઓ માટે સેવાડી નામનો પથ્થર તથા ભીંતો માટે સોનાણા નામનો પથ્થર વાપર્યો છે અને પ્રતિમાઓ સિવાય અંદર સર્વ ઠેકાણે આ બીજી જાતનો પથ્થર વાપરેલો છે. શિખર ઈંટોનું બાંધેલું છે. જ્યારે હું ત્યાં હતો ત્યારે અંદરની બાજુએ પુનરુદ્ધારનું કાર્ય ચાલતું હતું અને તે વખતે દર ગાડ દીઠ ૫ આના પ્રમાણે સોનાણા પથ્થર આવતા હતા. સોનાણાનો જાગીરદાર જે જાતે ચારણ હતો તેને આ બાબતની ખબર પડતાંજ પથ્થરનો ભાવ દર ગાડે રૂ. ૧-૪-૦ કરી દીધો; અને તેથી આનન્દજી કલ્યાણજીના એજન્ટને આ કામ કેટલાક વખત માટે પડતું મૂકવું પડ્યું.

આ ચૌમુખ દેવાલયમાં બીજાં દૃશ્યો પણ ઓછાં નથી. મુખ્ય મંદિરના ઉત્તર-પશ્ચિમ તરફના " મંડપ "માં સંમેતશિખરનું એક કોતરકામ છે, અને તેની સામેના 'મંડપ'માં એક અધુરૂં મૂકેલું અષ્ટાપદનું કોતરકામ છે. આમાં પહેલાની બહાર જમણી બાજુએ એક શિલા છે જેના ઉપર ગિરનાર અને શત્રુંજયની ટેકરીઓ કાઢેલી છે. તેની ડાબી બાજુએ એટલે કે ઉત્તરના નાલમંડપમાં એક સહસ્રકૂટનું કોતર કામ આવેલું છે. ઉપર કહેલા બીજા મંડપની બહાર નજીકમાં ૨૩ મા તીર્થંકર પાર્શ્વનાથનું વિચિત્ર કોતર કામવાળું બિંબ છે જેમાં તેમના મસ્તક ઉપર નાગની યુક્તિથી ગુંથેલી ફેણાઓ છે. પણ એમ કહેવાય છે કે આ શિલા બીજે સ્થળેથી લાવવામાં આવેલી

૧ " History of Indian & Estern Architecture " pp 241-2.

છે. એમ લાગે છે કે એ શિલા ત્રણ સ્થળેથી ભાંગેલી છે અને પાછળથી ચૂનાથી સાંધેલી છે. તેની નીચે સંવત્ ૧૯૦૩ (ઈ. સ. ૧૮૪૬) નો એક નાનો લેખ છે અને તેમાં કેવલગચ્છના કક્કસૂરિનું નામ આવે છે. આ છેલ્લા કોતરકામ શિવાયનાં બીજાં બધાં કોતરકામો ઘણાં ઉપયોગી છે જેમને દરેકને માટે જુદું જુદું વર્ણન આપવાની જરૂર છે અને તે ભવિષ્યને માટે રાખું છું.

(લેખનું ભાષાંતર.)

યુગાદીશ્વર શ્રીચતુર્મુખ જિનને નમસ્કાર થાઓ. વિક્રમ સંવતના ૧૪૯૬ મા વર્ષે શ્રીમેદપાટના રાજાધિરાજ શ્રી બપ્પ, ૧; શ્રી ગુહિલ, ૨; ભોજ, ૩; શીલ, ૪; કાલભોજ, ૫; ભર્તૃભટ, ૬; સિંહ ૭; મહાયક, ૮; શ્રીખુમ્માણ, જેણે પોતાની, પોતાના પુત્રની તથા સ્ત્રીની સોનાથી તુલા કરાવી હતી, ૯; પ્રખ્યાત અલ્લટ, ૧૦; નરવાહન, ૧૧; શક્તિકુમાર, ૧૨; શુચિવર્મન્, ૧૩; કીર્તિવર્મન્, ૧૪; યોગરાજ, ૧૫; વૈરટ, ૧૬; વંશપાલ, ૧૭; વૈરિસિંહ, ૧૮; વીરસિંહ, ૧૯; શ્રીઅરિસિંહ, ૨૦; ચોડસિંહ, ૨૧; વિક્રમસિંહ, ૨૨; રણસિંહ, ૨૩; ખેમસિંહ, ૨૪; સામંતસિંહ, ૨૫; કુમારસિંહ, ૨૬; મથનસિંહ, ૨૭; પદ્મસિંહ, ૨૮; જૈત્રસિંહ, ૨૯; તેજસ્વિસિંહ, ૩૦; સમરસિંહ, ૩૧; શ્રીભુવનસિંહ, બપ્પનો વંશજ અને શ્રીઅલ્લાવદ્દીન સુલ્તાન તથા ચાહુમાન રાજા શ્રીકીતૂક[1] નો જીતનાર ૩૨; (તેનો) પુત્ર શ્રીજયસિંહ, ૩૩; લક્ષ્મસિંહ, માલવાના રાજા ગોગાદેવ[2] નો જીતનાર, ૩૭; શ્રીખેતસિંહ, ૩૮; અતુલનીય, રાજા શ્રીલક્ષ, ૩૯; (તેનો) પુત્ર રાજા શ્રીમોકલ, જે સુવર્ણ તુલાદિ દાનપુણ્ય પરોપકારાદિ ગુણરૂપ કલ્પ વૃક્ષોને આશ્રય આપનાર નંદનવન જેવો હતો. ૪૦; તેના કુલકાનનમાં સિંહ સમાન રાણા શ્રીકુંભકર્ણ, ૪૧; જેણે સહેલાઇથી મહાન કિલ્લાઓ (જેવા કે) સારંગપુર, નાગપુર, ગાગરણ, નરાણક, અજયમેરુ, મંડોર, મંડલકર, બુંદી, ખાટૂ, ચાટસૂ, જાના અને બીજા જીતીને[3]

---

૧. એ કીતૂ તે કદાચ સોનગરા માલવદેવનો પુત્ર અને વણવીરનો ભાઇ કીતૂ હશે જેને માટે વિ. સં. ૧૩૬૪ નો એક લેખ છે.

૨—તવારીખ ફિરિશ્તાહમાં એમ કહેલું છે કે ગોગાદેવ (કોકદેવ)ને પણ અલ્લાઉદ્દીને જીત્યો હતો.

૩ આ કિલ્લાઓ નીચે પ્રમાણે ઓળખાવી શકાય: સારંગપુર તે સીંધીઆના તાબાના માળવાનું સારંગપુર; નાગપુર તે જોધપુર સ્ટેટના એજ નામના પ્રાંતનું મુખ્ય શહેર; ગાગરણ તે કોટા સ્ટેટનું ગાગ્રોન; નરાણક તે જોધપુરના રાજ્યનું નરાણા જે દાદુપંથીઓના ગુરૂનું સ્થાન; અજયમેરુ તે અજમેર; મંડોર તે જોધપુરની

પોતાનું પરાક્રમ દાખવ્યું હતું; જે ગજપતિની માફક, પોતાના, 'ભુજ' (હાથ, સૂંઢ)ના બળથી ઉન્નત થયો હતો અને જેણે ઘણાં " ભદ્રો " (શુભ ગુણો, એક જાતના હાથીઓ) મેળવ્યા હતા; જેણે ગરૂડની માફક સર્પ જેવા ઘણા મ્લેચ્છ રાજાઓનો ઘાણ કાઢ્યો હતો, જેના ચરણ કમળને જુદા જુદા દેશના રાજાઓની મસ્તકાવલી વંદન કરતી હતી અને જે આ રાજાઓની વિપક્ષતાને પોતાના હસ્તદંડથી વિખેરી નાંખતો હતો; જે પતિવ્રતા લક્ષ્મી (રાજ્યશ્રી, લક્ષ્મીદેવી) સાથે ગોવિંદની માફક આનંદ કરતો હતો; જેનો પ્રભાવ જે દુર્નીતિની ઝાડીને નષ્ટ કરવામાં અગ્નિનું કામ કરતો હતો, તે પ્રસરવાથી પશુઓનાં ટોળાં, એટલે કે, વિપક્ષ રાજાઓ નાશી જતા હતા; જેનો " હિંદુ સુલતાન " એવો ઇલ્કાબ ગુર્જરત્રા અને દીલ્હીના સૂલ્તાનોએ આપેલા રાજ્યછત્રથી સૂચિત થયો હતો; (જે) સુવર્ણસત્રનો આગાર હતો; જે ષડ્દર્શનધર્મનો આધાર હતો; તેના ચતુરંગ લશ્કર રૂપી નદીનો તે સાગર હતો; જે કીર્તિ, ધર્મ, પ્રજાપાલન, સત્ત્વાદિ ગુણોવડે શ્રીરામ, યુધિષ્ટર, આદિ રાજાઓનું અનુકરણ કરતો હતો;—આ મહારાજાના વિજયમાન રાજ્યમાં; પ્રાગ્વટ જ્ઞાતિના મુકુટમણિ સંઘપતિ માંગણના પુત્ર સંઘપતિ કુરપાલની સ્ત્રી કામલદેનો પુત્ર સંઘપતિ ધરણાક જે તેનો (રાજાનો) માનીતો હતો અને જે અર્હતોનો ચુસ્ત ભક્ત હતો;—જેનું શરીર વિનય, વિવેક, ધૈર્ય, ઔદાર્ય, શુભકર્મ, નિર્મલશીલ, આદિ અદ્‌ભુત ગુણ રૂપી જવાહીરથી ઝગઝગતું છે; જેણે શ્રીસુલતાન અહમ્મદનું ફરમાન લીધું હતું એવા સાધુ ગુણરાજ[1] સાથે આશ્ચર્યકારક દેવાલયોવાળા શ્રીશત્રુંજયાદિ યાત્રાનાં સ્થળોએ જેણે યાત્રા કરી હતી; અજાહરી, પિંડરવાટક, સાલેર[2] વિગેરે સ્થળોએ નવાં જૈન દેવાલયો (બંધાવીને) તથા જુનાં દેવાલયોનો જીર્ણોદ્ધાર કરીને, જૈનદેવોનાં પગલાંની

ઉત્તરમાં ૭ મૈલ દૂર આવેલું મરોર; મંડલકર તે કદાચ મેવારના મંડલગઢ પ્રાંતનું મુખ્ય શહેર; બૂદી તે હાલનું બુંદી; ખાટૂ તે મેવાડના નાગપુર પ્રાંતનું ખાટૂ અગર તો જૈપુરના શેખાવાટીમાં આવેલું ખાટુ; ચાટસૂ એ જૈપુર સ્ટેટનું ચાટસૂ અગર ચાસુ જે જયપુર–સવાઇ–મધોપુર લાઈનનું સ્ટેશન છે. જાના ઓળખી શકાય તેમ નથી.

૧ ગુણરાજ, સુલતાન અહમ્મદ અને ફરમાન વિષે જર્નલ, બોમ્બે, એ૦ સો૦ ના પુ. ૨૩, પા. ૪૨ માં " ચિતોરગઢ પ્રશસ્તિ " નામે મારો લેખ જુઓ.

૨ આ સ્થળો ઓળખવા માટે ઉપરની ટીકા જુઓ. વળી, પ્રોગ્રેસ રીપોર્ટ, વેસ્ટર્ન. સર્કલ, ૧૯૦૫–૬, પા. ૪૮–૪૯ જુઓ.

સ્થાપના કરીને, દુષ્કાળના સમયમાં અન્નક્ષેત્રો માંડીને ઘણા પરોપકારો જેણે કર્યા તથા જૈન સંઘનો ઘણો સત્કાર કર્યો હતો. આવા અનેક સદ્‌ગુણો રૂપી બહુમૂલ્ય કૃયાણાથી ભરેલું એવું જેનું જીવન રૂપી વાહન સંસાર સમુદ્રને તરવાને શક્તિમાન થયું હતું; પોતાની સ્ત્રી ધારલદેથી ઉત્પન્ન થએલા પુત્રો સંઘપતિ જાજ્ઞા, સં. જાવડા વિગેરે તથા તેના (ધરણાકના) મોટાભાઈ રત્ના અને તેની સ્ત્રી રત્નાદે તથા તેમના પુત્રો લાખા, મજા, સોના, સાલિગ સાથે; રાણા શ્રીકુંભકર્ણે પોતાના નામ ઉપરથી થએલ રાણપુરમાં, પોતાના હુકમથી ત્રૈલોક્યદીપક નામનું શ્રીયુગાદીશ્વર ઋષભનાથનું ચોમુખ દેવાલય બંધાવ્યું. સુવિહિતપુરન્દર ગચ્છાધિરાજ, પરમ ગુરૂ, શ્રીદેવસુંદરસૂરિ પટ્ટ પ્રભાકર, શ્રીબૃહત્તપાગચ્છના શ્રીસોમસુંદરસૂરિ જે શ્રીજગચ્ચન્દ્રસૂરિ અને શ્રીદેવેન્દ્રસૂરિના[૧] વંશમાં હતા તેમણે પ્રતિષ્ઠા કરી. આ દેવલય સૂત્રધાર દેપાકે બનાવ્યું છે. યાવચ્ચંદ્રદિવાકરૌ આ શ્રીચતુર્મુખ વિહાર રહો ! શુભં ભવતુ.

(૩૦૮-૯)

નં. ૩૦૮-૦૯ ના લેખોમાં જણાવ્યું છે કે-સંવત્ ૧૬૯૭ માં અમદાવાદની પાસે આવેલા ઉસમાપુરના રહેવાસી પ્રાગ્વાટજ્ઞાતિના સા. ખેતા અને નાયકે, જેમને અકબર બાદશાહે જગદ્‌ગુરૂનું વિરૂદ આપ્યું છે એવા શ્રીહીરવિજયસૂરિના સદુપદેશથી, રાણપુર નગરમાં, સં. ધરણાએ કરાવેલા ચતુર્મુખ વિહારમાંના પૂર્વદિશાવાળા દરવાજાના સમારકામ સારૂં ૪૮ સોના મહોરો આપી તથા તેજ દરવાજા પાસે મેઘનાદ નામનો એક મંડપ કરાવ્યો.

બાકીના લેખોમાં જણાવ્યું છે કે અમુક સાલમાં અમુક ગામના અમુક શ્રાવકોએ આ દેવકુલિકાઓ કરાવી છે. વિશેષ હકીકત નથી.

રાણપુરના આ મહાન્ મંદિરનું વિસ્તૃત વર્ણન ઉપર આપવામાં આવ્યું છે. આ મંદિરની પ્રતિષ્ઠા કરનાર સોમસુન્દરસૂરિના એક શિષ્ય નામે પંડિત પ્રતિષ્ઠાસોમે સંવત્ ૧૫૫૪ માં સોમસૌભાગ્ય નામનું કાવ્ય બનાવ્યું છે. જેમાં ઉક્ત આચાર્યનું વિસ્તારથી જીવનચરિત્ર વર્ણવામાં આવ્યું છે. એ કાવ્યના ૯ મા સર્ગમાં ધરણાકે કરાવેલા એ મંદિરનો પણ

---

૧ આ જૈન ગુરૂઓની યાદી માટે જુઓ ઈંડી૦ એન્ટી૦ પુ. ૧૧, પા. ૨૫૪-૨૫૬.

થોડોક ઉલ્લેખ કરેલો છે. શ્રીયુત ડી. આર. ભાંડારકરે લખેલા ઉપરિ લિખિત વર્ણનમાંની કશી પણ હકીકત જો કે એ કાવ્યમાં જોવામાં આવતી નથી, પરંતુ તેથી એ હકીકત અસત્ય છે એમ કાંઈ કહી શકાય નહિં. કારણ કે પ્રતિષ્ઠાસોમનો ઉદ્દેશ ધરણાકનું ચરિત વર્ણન કરવાનો નહતો. તેમણે તો પોતાના ગુરૂના ચરિત વર્ણન માટે એ કાવ્ય બનાવ્યું છે તેથી તેમાં તો તેટલીજ હકીકત આવી શકે, જેનો સોમસુન્દરસૂરિ સાથે ખાસ સંબંધ હોય. કાવ્યોક્ત કથન આ પ્રમાણે છેઃ-

"ધરણ સંઘપતિના બહુ આગ્રહથી, વિચરતા થકા સોમસુંદરસૂરિ એક વખતે રાણપુર નગરમાં પધાર્યા. ત્યાં તેઓ ધરણ સેઠની બનાવેલી વિશાલ પૌષધશાલામાં ઉતર્યા જેમાં ૮૪ તો ઉત્તમ પ્રકારના કાષ્ઠના સ્તંભો હતા અને જે અનેક પટ્ટશાલા (વ્યાખ્યાનશાલા) તથા અનેક ચોક અને ઓરડાઓથી સુશોભિત હતી.[૧] એક દિવસે સોમસુન્દરસૂરિએ વ્યાખ્યાનમાં જિનમંદિર અને જિનપ્રતિમા બનાવવાથી થતા સુકૃતનું વર્ણન કર્યું તે સાંભળી ધરણા સેઠે એક કૈલાશ ગિરિ જેવું ઉન્નત અને ઉજ્જવલ મંદિર બનાવવાની ઇચ્છા કરી. તેજ સમયે તેણે અનેક બુદ્ધિશાલી શિલ્પિઓ (સલાટો) ને બોલાવ્યા અને તેમની પાસે સિદ્ધપુરમાં આવેલા રાજવિહાર નામના શ્રેષ્ઠ મંદિર જેવું સજ્જનોની આંખને આનંદ આપનાર અનુપમ ચૈત્ય તૈયાર કરાવ્યું[૨] પ્રથમ ઘડેલા પાષાણોને યુક્તિપૂર્વક જડીને તેનો પીઠબંધ બંધાવ્યો. પછી તેના ઉપર ત્રણ માળો ચણાવી મધ્યમાં અનેક ઉચ્ચ મંડપો

---

१ चतुरधिकाशीतिमितैः स्तंभैरमितैः प्रकृष्टतरकाष्ठैः ।
निचिता च पट्टशालाचतुष्किकापवरकप्रवरा ॥
श्रीधरणनिर्मिता या पौषधशाला समस्त्यतिविशाला ।
तस्यां समवासार्षुः प्रहर्षतो गच्छनेतारः ॥

२-स तदेव सिद्धपुरराजविहारस्थवरविहारस्य ।
सदृशं सुदृशां च दृशां सुधाञ्जनं चैत्यमुच्चैस्त्यम् ॥
मेधानिधानशिल्पिभिरमण्डयत्खण्डितांहसि प्रवरे ।
दिवसे दिवसेऽथमहामहामहैर्भुवनमहनीयः ॥

બનાવ્યાં. નાના પ્રકારની પુતળીઓ વિગેરેના સુંદર કોતરકામ વડે અલંકૃત થએલા અને જેમને જોઈને લોકોના ચિત્ત ચમત્કૃત થાય એવા તે મૂલમંદિરને ૪. બાજુ ૪ ચંદ્ર જેવા ઉજ્જવળ 'ભદ્રપ્રાસાદો' બનાવ્યાં. આવી રીતે તૈયાર થએલું તે મંદિર સાક્ષાત્ નંદીશ્વર-તીર્થની સાથે સ્પર્દ્ધા કરતું હોય તેમ જણાતું હતું અને તેથી તેનું નામ 'ત્રિભુવનદીપક' આવું રાખવામાં આવ્યું. પછી તેમાં સૂર્યના બિંબ જેવાં તેજસ્વી એવા આદિનાથતીર્થંકરનાં ૪ બિંબોની સોમસુન્દરસૂરિના હાથે પવિત્ર પ્રતિષ્ઠા કરાવી.

દીન જનોના ઉદ્ધારક એવા ધરણાક શેઠે એ પ્રતિષ્ઠાના સમયે જે જે આશ્ચર્ય પમાડનારા મહોત્સવો કર્યા તે જોઈને કોણે વિસ્મય-પૂર્વક મસ્તક નહિં ધુણાવ્યું ? એ મહોત્સવ પછી સોમદેવ વાચકને તેણે આચાર્યપદ અપાવ્યું અને તેના માટે પણ બહુ દ્રવ્ય વ્યય કરીને એક તેવો જ બીજો મહોત્સવ કર્યો. "

મેહુ નામના એક યતિએ સંવત્ ૧૪૯૯ ના કાર્તિક માસમાં રાણકપુરના એ મંદિરનું એક સ્તવન બનાવ્યું છે તેમાં પણ સંક્ષેપમાં આ કાવ્ય પ્રમાણે જ વર્ણન કરેલું છે. એ સ્તવનમાં ધરણા (ધન્ના) સેઠનું મૂળ વાસસ્થાન તરીકે રાણપુર જ જણાવ્યું છે, અને તેનું વર્ણન આ પ્રમાણે આપે છે—

હીયડઉ હરષઇં મઝ ઉલ્લસીઉ,
રાણિગપુર દીઠઇં મન વસિઉ,
અણહલપુર[1] અહિનાણી.
ગઢમઢ મંદિર પોલ સુચંગે,
નિરમલ નીર વહઈ વચિ ગંગે[2],
પાપ પખાલસુ અંગે.

---

૧ આમાં રાણકપુરને અણહિલપુર (પાટણ)ની સાથે સરખાવ્યું છે તેથી જણાય છે કે એ સ્થાન મોટા નગર જેવું હશે. કોટીધજ વિવહારીઆના વસવાવાળો ઉલ્લેખ પણ એજ વાત સૂચવે છે.

૨ રાણકપુરની વચમાં એક નદી વહેતી હતી; તેઆજે પણ તેમજ વહે છે.

કૂયા વાવિ વાડી હટ્ટસાલા,
જિણહ ભવણ દીસઇં દેવાલા,
પૂજ રચઇં તિહાં બાલા.
વરણ અઢારઈ લોક સુવિચારી,
કોટીધજ વસઈ વિવહારી,
પુન્યવંત સુવિચારી.
તિહાં મુખિ સંઘવી ધરણઉ,
દાનિ પુણ્ય જગિ જસ વસ્તરણુ,
જિણહ ભવણિ ઉધરણઉ.

એ સ્તવનમાં આગળ જણાવે છે કે ધરણાકે ૫૦ મુખ્ય સલાટો બોલાવ્યા અને તેમને સુંદરમાં સુંદર મંદિર બાંધવા કહ્યું, ત્યારે તેમણે સિદ્ધપુરના ચઉમુખા મંદિરના બહુ વખાણ કર્યા અને દેપાકે કહ્યું કે હું શાસ્વત મંદિરના જેવા પ્રમાણનું અનુપમ મંદિર બનાવી આપીશ. તે પ્રમાણે શેઠે દેપાને તે કાર્ય સોંપ્યું. સંવત્ ૧૪૯૫ માં મોટો દુષ્કાળ પડયો તે વખતે ધરણાને તેના ભત્રીજાએ કહ્યું કે—

રલીયાઈતિ લખપતિ કુણિ ઘરિ,
કાકા હિવ કીજઈ જગડૂ પરિ,
જગડૂ કહીયઈ રાયાંસધાર,
આપણ પે દેસ્યાં લોક આધાર.

એટલે—આપણે ઘેર તો લક્ષ્મીની લીલા લ્હેર છે માટે હે કાકા હવે આપણે જગડૂશાહની માફક કરવું જોઇએ. જગડૂએ જ્યારે રાજાઓને આધાર આપ્યો હતો ત્યારે આપણે પ્રજાને આધાર આપીશું. એ પ્રમાણે ભત્રીજાના વચનથી શેઠે ખુલ્લા હાથે સત્રુકાર (દાનશાળા=સદાવ્રત) ખુલ્લુ મુક્યું.

વળી એ સ્તવનમાં જણાવે છે કે—એ મંદિરના મુખ્ય દેવગૃહની પશ્ચિમ બાજુના દ્વાર આગળ હમેશાં ખેલો થતા હતા. ઉત્તર બાજુનાદ્વાર આગળ સંઘજનો બેસતા હતા. પૂરવ દિશા તરફ વિંધ્યાચલ પર્વતની ભીંત આવેલી હતી અને દક્ષિણ દિશામાં મ્હોટી પૌષધશાલા હતી—જેમાં તપાગચ્છ નાયક સોમસુંદરસૂરિ રહેતા હતા.

વળી આગળ જણાવે છે કે—

ચ્યારઇ મહૂરત સામટાં એ લીધાં એકઈ વાર તુ;
પહિલઇ દેઉલ માંડીઉં એ બીજઈ સત્તૂકાર તુ;
પૌષધશાલા અતિ ભલી એ માંડીઅ દેઉલ પાસિ તુ,
ચતુથઉં મહૂરત ઘરતણુઉં એ મંડાવ્યા આવાસ તુ.

અર્થાત્—ધરણા સેઠે ચ્યાર કાર્યો એકજ મહૂર્તમાં પ્રારંભ્યાં હતાં. જેમાં પહેલું કાર્ય મંદિરવાળું, બીજું દાનશાળા ખુલ્લી મુકવાનું, ત્રીજું પૌષધશાળા બંધાવવાનું અને ચોથું પોતાના રહેવા માટે મહાલયો બંધાવવાનું હતું. મંદિરનું વર્ણન આ પ્રમાણે આપે છેઃ—

સેત્રુંજએ સિરિ ગિરનારો રાણિગપુર શ્રીધરણુવિહારો,
વંધ્યાચલ અધિકું ફલ લીજઈ, સફલ જન્મ શ્રીચઉમુખ કીજઇ;
દેવચ્છંદ તિહાં અવધારિ, શાસત જિણુવર જાણે ચ્યારિ,
વિહરમાણી બીઈ અવતારી, ચઉવીસ જિણુવર મૂરતિ સારી,
તિહિ જિણુબિંબ બાવનુ નિહાલુ, સયલ બિંબ બહુત્તરૂ જિણાલુ;
ફિરતી બિંબ નવિ જાણઉં પાર, તીરથ નંદિસર અવતાર.
વિવિધ રૂપ પૂતલીય અપાર, કોરણીએ અરબુદ અવતાર.
તોરણ થંભ પાર નવિ જાણું, એક જીભ કિમ કહીય વખાણઉં.

હસ્તિકુંડીના લેખો.

(૩૧૮)

આ ઉપયોગી શિલાલેખ, ' એપિગ્રાફિઆ ઇન્ડિકા ' ના ૧૦ મા ભાગમાં (પૃષ્ઠ ૧૭–૨૦) જોધપુર નિવાસી પંડિત રામકરણ દ્વારા પ્રકટ કરવામાં આવ્યો છે. લેખનું સ્થાન, તેનો ઇતિહાસ અને તેમાં આવેલી હકીકત સંબંધે ઉક્ત પંડિતજીએ જે વિવરણ આપેલું છે, તેનો સારાંશ આ પ્રમાણે છેઃ—

" આ લેખ ઉપર એક ન્હાનો નિબંધ મર્હુમ પ્રો. કિલહાર્ન સાહેબે લખ્યો હતો પરંતુ તે લેખ સંપૂર્ણ રીતે પ્રકટ કરવામાં

આવેલો ન હોવાથી, અને લેખની ઉપયોગિતા તરફ લક્ષ્ય કરતાં આ લેખ ફરીથી, મૂળ શિલાલેખની સાથે, જે હાલમાં જોધપુર મહારાજાની પરવાનગીથી અજમેરના સંગ્રહસ્થાન (મ્યુઝીયમ) માં મોકલી આપવામાં આવેલો છે, મેળવી, બની શકે ત્યાં સુધી એની પૂર્ણ અને શુદ્ધ નકલ તૈયાર કરવા માટે શ્રીયુત ડી. આર. ભાંડારકરે મ્હને લલચાવ્યો છે.

પ્રારંભમાં આ શિલાલેખ કૅપ્ટન બર્ટે, ઉદયપુર (મેવાડ) થી આબુ પર્વતની નજીકમાં આવેલા શીરોહી સહેર જતાં, રસ્તામાં, જોધપુર રાજ્યના વાલી પરગણા (ગોડવાડ પ્રાંત) ના બીજાપુર નામના ગ્રામથી બે માઇલ દૂર આવેલા એક જૈન મંદિરના અંદરના દરવાજા પાસેથી ખોળી કાઢયો હતો. પછી એ લેખ ત્યાંથી બીજાપુરના જૈન મહાજનની ધર્મશાલામાં લઈ જવામાં આવ્યો અને ત્યાંથી રાજ્યના ઐતિહાસિક શોધખોળ કરનાર અધિકાર-વિભાગમાં આણવામાં આવ્યો. ત્યાંથી છેવટે ઉપર જણાવ્યા પ્રમાણે અજમેરના સંગ્રહસ્થાનમાં મોકલી દેવામાં આવ્યો છે.

આ લેખની એકંદર ૩૨ પંક્તિઓ છે, અને લગભગ ૨ ફુટ ૮॥ ઇંચ પહોળી અને ૧ ફુટ ૪ ઇંચ ઉંચી એટલી જગ્યામાં એ લખાયલો છે. લેખ જો કે ઘણી સારી રીતે સચવાયલો છે તો પણ કાળની અસરના લીધે કેટલોક ભાગ ખવાઈ–ઘસાઈ ગએલો છે અને પહેલી અને બીજી પંક્તિઓ વધારે ખરાબ થએલી છે. તથા કેટલાક બીજા પણ અક્ષરો આમતેમ છેકાઇ ગએલા છે. અક્ષરોનો માપ સરાસરી $\frac{3}{8}$" છે, અને લિપિ નાગરી હોઇ પ્રો. કીલહોર્નના બતાવ્યા પ્રમાણે વિક્રમ સંવત્ ૧૦૮૦ ના વિગ્રહરાજના હર્ષલેખને મળતી છે. ૨૨ મી અને ૩૨ મી પંક્તિમાંના થોડાક ભાગ શિવાય બધો લેખ સંસ્કૃત પદ્યમાં છે.

ખરી રીતે જોતાં આ એકજ પત્થર ઉપર બે જુદા જુદા લેખો કોતરેલા છે. પહેલો લેખ જે ૪૦ પદ્યમાં પૂરો થયો છે, તે વિક્રમ

સંવત્ ૧૦૫૩ નો છે. અને બીજો જે ૨૧ પદ્યોમાં લખાએલો છે, તે વિ. સં. ૯૯૬ માં કોતરાએલો છે. પ્રથમ લેખની ૨૨ પંક્તિઓ છે અને બીજાની ૧૦ છે.

[એમ જણાય છે કે, મૂળ બંને લેખો જુદા જુદા કોતરવામાં આવેલા હશે પરંતુ તે જીર્ણ થઇ જવાથી અથવા તો બંનેને એક સાથે એકજ શિલામાં સંગ્રહી રાખવાની ઇચ્છાથી, પાછળથી કોઇએ આ લેખોની ફરી નકલ કરી છે. અસલ લેખ નથી. નહિ તો વિ. સં. ૧૦૫૩ ના નીચે ૯૯૬ નો લેખ કયાંથી હોઇ શકે.–સંગ્રાહક.]

પહેલા લેખની રચના, છેવટના કાવ્યમાં જણાવ્યા પ્રમાણે, સૂર્યાચાર્યે કરી છે. પ્રારંભના બે કાવ્યોમાં જિન–દેવની સ્તુતિ કરવામાં આવી છે. ૩ જા કાવ્યમાં રાજવંશનું વર્ણન છે. પરંતુ કમનસીબે તેનું નામ જતું રહ્યું છે. ૪ થા કાવ્યમાં રાજા હરિવર્મ્માનું અને ૫ મામાં વિદ્ગ્ધરાજાનું વર્ણન છે. વિદગ્ધરાજા માટે, આ શિલા લેખના બીજા ભાગમાં જણાવ્યું છે તે પ્રમાણે તે રાષ્ટ્રકૂટ (રાઠોડ) વંશીય હતો. ૬ ઠા પદ્યમાં, એમ ઉલ્લેખ છે કે એ વિદગ્ધરાજાએ વાસુદેવ નામના આચાર્યના ઉપદેશથી હસ્તિકુંડીમાં એક જૈનમંદિર બનાવ્યું હતું. ૭ મા શ્લોકમાં કથન છે કે, એ રાજાએ પોતાના શરીરના ભાર જેટલું સુવર્ણદાન કર્યું હતું અને તે દાનના બે ભાગો દેવને અર્પણ કર્યા હતા અને એક ભાગ આચાર્યને ભેટ આપ્યો હતો. (અર્થાત્ આચાર્યના કથન પ્રમાણે તેનો વ્યય કર્યો હતો.) ૮ મા પદ્યમાં જણાવ્યા પ્રમાણે વિદગ્ધરાજાની ગાદીએ મંમટ નામનો રાજા આવ્યો અને તેની ગાદિએ ધવલરાજ બેઠો. આ છેલ્લાના વિષયમાં લગભગ ૧૦ કાવ્યો લખવામાં આવ્યાં છે, જેમાં આના યશ અને શૌર્યાદિગુણો વર્ણવામાં આવ્યાં છે. ૧૦ મા શ્લોકમાં ઉલ્લેખ છે કે–જ્યારે મુંજરાજે મેદપાટ (મેવાડ) ના અઘાટ સ્થાન ઉપર ચઢાઇ કરી તેનો નાશ કર્યો અને ગુર્જરેશને નસાડયો ત્યારે તેમના સૈન્યને આ ધવલરાજે આશ્રય આપ્યો હતો. આ મુંજરાજ તે પ્રોફેસર કીલહોર્નના જણાવ્યા

પ્રમાણે માલવાનો સુપ્રસિદ્ધ વાક્પતિ મુંજ હોવો જોઇએ. કારણ કે તે વિ. સં. ૧૦૩૧ થી ૧૦૫૦ ની લગભગમાં વિદ્યમાન હતો. મેવાડના રાજાનું નામ જો કે સ્પષ્ટ રીતે આપેલું નથી પરંતુ તે વખતે ખુમાણ નામે ઓળખાતો રાજા રાજ્ય કરતો હોય તેમ જણાય છે. મેવાડનું અઘાટ તે હાલનું આહુડ જ છે અને તે ઉદયપુરના નવા સ્ટેશનની નજદીકમાં આવેલું છે. આ સ્થાનથીજ ગહિલોત રાજપૂતોની ઉત્પત્તિ છે અને તેઓ આહુડિઆના નામે પણ હજી ઓળખાય છે. તેમજ ગુજરાતના નૃપતિનું નામ પણ આપવામાં આવેલું નથી પરંતુ સમયના સામિપ્યથી જણાય છે કે તે ચૌલુક્યવંશનો પહેલો મુળરાજ હોવો સંભવે છે, કે જેનું વર્ણન આગળના ૧૨ મા કાવ્યમાં કરેલું છે. ૧૧ મા કાવ્યમાં, ધવલરાજાએ, મહેન્દ્ર નામના રાજાને, દુર્લભરાજના પરાભવથી બચાવ્યાનું જણાવ્યું છે. પ્રોફેસર કીલહોર્ન દુર્લભરાજને, વિ. સં. ૧૦૩૦ માં લખાએલા હર્ષશિલાલેખમાંના ચૌહાનરાજા વિગ્રહરાજનો ભાઈ જણાવે છે. બીજોલિયા અને કીનસરીઆ લેખોમાં પણ દુર્લભ-રાજનું નામ આવેલું છે. મહેન્દ્રરાજા પણ ઉક્ત પ્રોફેસરના મત મુજબ, નાડુલાના ચૌહાનોના લેખમાં જણાવ્યા પ્રમાણે લક્ષ્મણનો પૌત્ર અને વિગ્રહપાલનો પુત્ર થતો હતો.

૧૨ મા કાવ્યમાં જણાવવામાં આવ્યું છે કે જ્યારે મુલરાજે ધરણીવરાહ ઉપર ચઢાઈ કરી તેના રાજ્યનો નાશ કર્યો ત્યારે અનાશ્રિત એવા ધરણીવરાહને ધવલે આશ્રય આપી તેનું રક્ષણ કર્યું હતું. આમાં જણાવેલો મુલરાજ તે તો નિસ્સંદેહ રીતે ઉપર જણાવેલો ચૌલુક્ય મુલરાજજ છે. પરંતુ આ ધરણીવરાહ કોણ છે તે નિશ્ચિત કળી શકાતું નથી. કદાચિત્ પરમારવંશનો એ રાજા હશે અને તે દંતકથા પ્રમાણે તે નવકોટી મારવાડનો રાજાને હતો. આ નવકોટ તેના જુદા જુદા ભાઈઓ વચ્ચે વહેંચી લેવામાં આવ્યા હતા એવી હકીકત કેટલાક જુના હિન્દી કાવ્યોમાં જોવામાં આવે છે. ૧૩ થી ૧૮ સુધીના પદ્યોમાં, સામાન્ય રીતે ધવલના ગુણો વર્ણવામાં આવ્યા છે. ઐતિહાસિક હકીકત કાંઈ નથી. ૧૯ મા પદ્યમાં, તેણે વૃદ્ધાવસ્થા આવેલી જાણી

પોતાના પુત્ર બાલપ્રસાદને રાજ્યપાટ ઉપર બેસાડી પોતે સંસારથી મુક્ત થયો, એમ જણાવેલું છે. ૨૦-૨૧ કાવ્યો પણ સામાન્ય પ્રશંસા કરનારાં જ છે. ૨૨ મા શ્લોકમાં, એ રાજાની રાજધાનીનું નામ છે જે હસ્તિકુંડી (હથુંડી) ના નામે પ્રસિદ્ધ હતી. ૨૩ થી ૨૭ સુધીનાં કાવ્યોમાં એ નગરીનુંજ વર્ણન છે જે આલંકારિક હોઇ ઐતિહાસિક હકીકતથી રહિત છે.

૨૮ માં પદ્યમાં કથન છે કે, એ સમૃદ્ધ અને પ્રસિદ્ધ નગરીમાં શાંતિભદ્ર નામના એક પ્રભાવક આચાર્ય રહેતા હતા જેમનો મ્હોટા મ્હોટા નૃપતિઓ પણ ગૌરવ કરતા હતા. ૨૯ મો શ્લોક પણ એજ સૂરિની પ્રશંસાત્મક છે. ૩૦ માં કાવ્યમાં, શાંતિભદ્ર સૂરિને વાસુદેવ નામના આચાર્યની પદવી-ગાદી ઉપર પ્રતિષ્ઠિત થયેલા જણાવ્યા છે. આ વાસુદેવ તે, ઉપર ૬ ઠ્ઠા કાવ્યમાં જણાવેલા વિગ્રહરાજના ગુરૂ વાસુદેવજ છે. ૩૧-૩૨ માં કાવ્યોમાં શાંતિભદ્ર સૂરિની પ્રશંસાજ ચાલુ છે અને ૩૩ માં પદ્યમાં જણાવે છે કે, એ સૂરિના ઉપદેશથી, ત્યાંના ગોષ્ઠિ (ગોઠી-સંઘ) ઓએ પ્રથમ તીર્થંકર-ઋષભદેવના મંદિરનો પુનરૂદ્ધાર કર્યો. પછીના બે શ્લોકો એ મંદિરના આલંકારિક વર્ણન રૂપે લખાયલા છે. ૩૬-૩૭ માં કાવ્યમાંથી આપણને જણાય છે કે એ મંદિર પૂર્વે વિદગ્ધ રાજાએ બંધાવ્યું હતું અને તે જીર્ણ થઇ જવાના લીધે તેનો ઉદ્ધાર કરવામાં આવ્યો હતો. જ્યારે મંદિર ફરી તૈયાર થઇ ગયું ત્યારે સંવત્ ૧૦૫૩ ના માઘ સુદી ૧૩ ના દિવસે શાંતિસૂરિએ પ્રથમ તીર્થંકરની સુંદર મૂર્તિ પ્રતિષ્ઠિત-સ્થાપન કરી.

૩૮ માં પદ્યમાં, પૂર્વે વિદગ્ધરાજાએ પોતાના શરીરના ભાર પ્રમાણે સુવર્ણ તોલીને દાન કર્યું હતું તેનું સ્મરણ કરાવ્યું છે તથા ધવલરાજાએ પોતાના પુત્રની સાથે વિચાર કરીને અરઘટ્ટ સહિત પીપ્પલ નામનો કુવો મંદિરને ભેટ કર્યો હતો, તે જણાવ્યું છે. ૩૯ માં પદ્યમાં મંદિરની યાવચ્ચંદ્ર-દિવાકરૌ સુધી વિદ્યમાનતા માટે પ્રાર્થના કરવામાં આવી છે અને અંતિમ એટલે ૪૦ માં કાવ્યમાં, આ પ્રશસ્તિ કર્તા સૂરાચાર્યનું નામ અને પ્રશસ્તિની પ્રશંસા કરેલી છે.

આ પછી એક પંક્તિ ગદ્યમાં લખેલી છે અને તેમાં પ્રતિષ્ઠાની મિતિ વગેરે જણાવી છે. જેમકે, સંવત્ ૧૦૫૩ ના માઘ સુદી ૧૩ રવિવાર અને પુષ્ય નક્ષત્રના દિવસે—પ્રો. કીલહોર્નની ગણત્રી પ્રમાણે ઇ. સ. ૯૯૭ ના જાનુઆરી માસની ૨૪ મી તારીખે—ઋષભદેવની પ્રતિમાની પ્રતિષ્ઠા કરી તથા મંદિરના શિખર ઉપર ધ્વજારોપણ કર્યું. આ મૂળનાયક આદિનાથની પ્રતિમા, નાહુક, જિંદ, જસ, શંપ, પૂરભદ્ર અને ગોસ્રી નામના શ્રાવકોએ, કર્મબંધનના નાશને અર્થે અને સંસાર સમુદ્રથી પાર થવાના અર્થે પોતાના ન્યાયોપાર્જિત દ્રવ્ય વડે કરાવી છે. ”

❧ ❧ ❧ ❧

આના પછી બીજો લેખ પ્રારંભ થાય છે. આ લેખનાં એકંદર ૨૧ પદ્યો છે. આ લેખ ઉપરના લેખને મળતોજ છે. કારણ કે ઉપરના લેખમાં ઉક્ત મંદિર અને આચાર્યને રાજ્ય તરફથી જે ભેટો આપ્યાનું જણાવ્યું છે તેમનુંજ આ લેખમાં જરાક વધારે સ્પષ્ટીકરણ કરેલું જોવામાં આવે છે.

પહેલા શ્લોકમાં જૈન ધર્મની પ્રશંસા કરેલી છે. ૨ જા પદ્યમાં હરિવર્મ રાજાનું, ૩ જામાં વિદગ્ધ રાજાનું અને ૪ થામાં મંમટ રાજાનું વર્ણન છે. મંમટ રાજાએ પોતાના પિતાના દાનપત્રમાં પોતા તરફથી વળી કાંઇક વધારે ઉમેરો કરી, તેનું યથાવત્ પાલન કરવા માટે ફરી નવું શાસન (આજ્ઞાપત્ર) કાઢ્યું હતું. બલભદ્ર આચાર્યની આજ્ઞાથી–ઉપદેશથી વિદગ્ધરાજે હસ્તિકુંડીમાં એક મનોહર મંદિર બનાવ્યું હતું. તે મંદિરમાં નાનાદેશોમાંથી આવેલા લોકોને બોલાવીને તેણે આ પ્રમાણે શાસનપત્ર કરી આપ્યું હતું (૫–૭):—(૧) વેચવા માટે માલ ભરી લાવ–જાવ કરનારા દરેક વીસ પોઠિયા દીઠ ૧ રૂપિઓ; (૨) માલ ભરેલી આવતી–જતી દરેક ગાડા દીઠ ૧ રૂપિઓ; (૩) તેલની ઘાણી ઉપર દર ઘડા દીઠ એક કર્ષ; (૪) ભાટો પાસેથી પાન (નાગરવેલ) ની ૧૩ ચોલિકા; (૫) સટોરિઆ–જુગારિઓ

પાસેથી દર મનુષ્યે એક પેલ્લક; (૬) પ્રત્યેક અરઘટ્ટ (અરટ્ટ—કુવા) દીઠ ૪ શેર ગહું તથા જવ; (૭) પ્રત્યેક પેડ્ડા પ્રતિપાંચ પાંચ પળ; (૮) દર ભાર (૨૦૦૦ પળનો એક ભાર) ઉપર વિંશોપકા નામનો એક ચલણી શિક્કો. (૯) કપાસ, કાંસુ, કુંકુમ અને મંજીઠ વગેરે કરિયાણાની દરેક ચીજના દર ભાર દીઠ દશ દશ પળ; (૧૦) ગહું, જવ, મગ, મીઠું, રાળ આદિ જાતની ચીજોના પ્રત્યેક દ્રોણે એક માણક; ઇત્યાદિ. આ પ્રમાણે વિદગ્ધરાજાએ દાન તરીકે આપ્યું હતું તેમાંથી ⅔ ભાગ ભગવાન્ (મંદિર) માટે લઇ જવામાં આવતો અને ⅓ ભાગ આચાર્યના વિદ્યાધન તરીકે ખર્ચવામાં આવતો. (૮–૧૮) સંવત્ ૯૭૩ ના આષાઢ માસમાં આ પ્રમાણે વિદગ્ધરાજાએ શાસન-પત્ર કર્યું હતું અને સં. ૯૯૬ ના માઘ માસની વદી ૧૧ ના દિવસે મંમટરાજાએ ફરી તેનું સમર્થન કર્યું હતું. (૧૯–૨૦) અંતિમ પદ્યમાં જણાવેલું છે કે, આ જગત્માં જ્યાંસુધી પર્વત, પૃથ્વી, સૂર્ય, ભારતવર્ષ, ગંગા, સરસ્વતી, નક્ષત્ર, પાતાલ અને સાગર વિદ્યમાન રહે ત્યાંસુધી આ શાસનપત્ર કેશવસૂરિની સંતતિમાં ચાલતું રહો. અંતે ફરી ગદ્યમાં ૯૭૩ અને ૯૯૬ ની સાલો આપી સત્યયોગેશ્વર નામના સૂત્રધારે આ પ્રશસ્તિ કોતરી, એમ જણાવી લેખ સમાપ્ત કર્યો છે.

(૩૧૯—૩૨૨).

આ નંબરોવાળા લેખો હથુંડી (હસ્તિકુંડી) ગામથી ૧ માઇલ દૂર આવેલા મહાવીર–મંદિરમાંના જુદા જુદા સ્તંભો ઉપર કોતરેલા છે, અને મ્હને શ્રીયુત ડી. આર. ભાંડારકર એમ. એ. તરફથી મળેલા છે. એ સ્થાન ઘણા જુના કાલથી રાતા–મહાવીરના નામે પ્રસિદ્ધ છે. અને એક તીર્થ સ્થળ તરીકે ગણાય છે. ઉપરનો મ્હોટો શિલાલેખ પણ કર્નલ ટૉડને આજ મંદિરમાંની એક ભીંતમાંથી મળી આવ્યો હતો. ઉપરના લેખમાં જણાવ્યા પ્રમાણે આ સ્થળે મુખ્ય કરીને ઋષભદેવ–મંદિર હોવું જોઇએ પરંતુ વર્તમાનમાં તો મહાવીર–મંદિર વિદ્યમાન છે; અને એ મહાવીર–મંદિર પણ ઘણા

વર્ષોનું જુનું હોય તેમ આ નીચેના લેખો ઉપરથી સ્પષ્ટ જણાય છે. કારણ કે એ લેખોમાં એજ મંદિરનો મુખ્ય ઉલ્લેખ છે. આ વિષયમાં વિજયધર્મસૂરિ તરફથી પ્રકટ થયેલા ' ઐતિહાસિક રાસ-સંગ્રહ ' ના બીજા ભાગના પરિશિષ્ટ ' ઘ ' ની ટીપમાં કેટલીક હકીકત લખાયલી છે, તે અત્ર ઉપયોગી હોવાથી ટાંકવામાં આવે છે.

" વર્તમાનમાં આ ગામને હથુંડી કહેવામાં આવે છે. પહેલાં આ ગામ એક તીર્થ તરીકે મશહુર હતું. અહીંના મહાવીર સ્વામીનું નામ પ્રાચીન તીર્થમાળાઓમાં કેટલેક સ્થળે મળે છે. મુનિરાજ શીલવિજયજીએ પોતાની તીર્થમાળામાં લખ્યું છેઃ—

' રાતોવીર પુરી મન આસ. '

જિનતિલકસૂરિએ પોતાની તીર્થમાલામાં, મહાવીરનાં મંદિરો હોવામાં જે જે ગામોનાં નામ લીધાં છે, તેમાં હથુંડીનું નામ પણ લીધું છે. આથી સ્પષ્ટ જણાય છે કે અહિં મહાવીર સ્વામીનું મંદિર હતું. અત્યારે મહાવીરસ્વામીનું * મંદિર છે, પરંતુ તે ગામથી અડધો ગાઉ દૂર છે. સંભવ છે કે ગામની દિન પ્રતિદિન પડતીના લીધે આ મંદિર જંગલમાં પડી ગયું હશે.

બીજી તરફ આ શિલાલેખ ઉપર વિચાર કરતાં આ ગામમાં ઋષભદેવસ્વામીનું મંદિર હોવાનું જણાય છે પરંતુ વર્તમાનમાં નથી. શું ઋષભદેવસ્વામીનું મંદિર તેજ આ મહાવીરસ્વામીનું મંદિર તો નહિં હોય ? આની પુષ્ટિમાં એક બીજું પણ કારણ મળે છે. તે એકે પહેલ વહેલાં કેપ્ટન બર્ટને આ શિલાલેખ, આ (મહાવીરસ્વામીના) મંદિરની ભીંતમાંથી મળ્યો હતો, આથી એમ કલ્પના થઇ શકે કે, પહેલાં આ મંદિરમાં ઋષભદેવ ભગવાન હશે. અને પાછળથી મહા-

---

* તીર્થમાળા આદિમાં જણાવેલું મંદિર તે આજ મંદિર છે. બીજું નથી. કારણ કે નીચેના લેખોમાં, જે ચૌદમીશતાબ્દીના જેટલા જુના છે, એ મંદિરને સ્પષ્ટ રીતે ' રાતા-મહાવીર ' નું મંદિર જણાવેલું છે.—સંગ્રાહક.

વીરસ્વામી બિરાજમાન કર્યા હોય. કદાચિત્ એમ પણ હોઈ શકે કે આ મંદિર સિવાય બીજું એક મંદિર ઋષભદેવસ્વામીનું હોય, અને તે મંદિર પડી જતાં ત્હેમાંનો શિલા લેખ આ મંદિરમાં મુકવામાં આવ્યો હોય.

આ ઉહાપોહની સાથે લાવણ્યસમયનું વચન પણ સરખાવવું જરૂરનું છે. લાવણ્યસમય બલિભદ્ર (વાસુદેવસૂરિ) રાસની અંદર લખે છેઃ–

હસ્તિકુંડ એહવઉ અભિધાન સ્થાપિઉ ગચ્છપતિ પ્રગટ પ્રધાન.
મહાવીરકેરઇ પ્રાસાદિ વાજઈં ભૂંગલ ભેરીનાદિ.

અહિં મહાવીરનું મંદિર હોવાનું કહે છે. આમાં પણ લગાર વિચારવા જેવું છે. લાવણ્યસમયના આ વચનથી, બે કલ્પનાઓ થાય છે. યા તો લાવણ્યસમયે બીજા કોઈ પ્રાચીન ગ્રન્થ લેખના આધારે મહાવીરસ્વામીના મંદિરનું નામ લખ્યું હશે. અથવા તો ત્હેમના પોતાના સમયમાં મહાવીરસ્વામીનું મંદિર હોવાથી ત્હેનું નામ લીધું હશે.

ગમે તેમ, પણ અત્યારે લેખમાં વર્ણવેલાં ઋષભદેવસ્વામીની પ્રતિમાવાળું અહિં વર્તમાનમાં એકે મંદિર નથી. અને જે છે તે ગામથી અડધો ગાઉ દૂર રાતા મહાવીરનું મંદિર છે. ગામમાં શ્રાવકનું માત્ર એકજ ઘર છે.

પહેલાં અહિં રાઠોડોનું રાજ્ય હતું. ત્હેમાંના કેટલાક રાઠોડો જૈન થયા હતા, કે જેઓ હથુંડીયા કહેવાયા હતા. વાલી, સાદડી, સાંડેરાવ વિગેરે મારવાડનાં કોઈ કોઇ ગામોમાં આ હથુંડીયા શ્રાવકોની થોડી ઘણી વસ્તી જોવામાં આવે છે. વળી હસ્તિકુંડીના નામથી સ્થપાયેલા હસ્તિકુંડીગચ્છમાં થયેલા વાસુદેવાચાર્યે (ઉપરના લેખમાં વર્ણવેલ વાસુદેવાચાર્ય નહિં, પરંતુ ત્હેમની પાટપરંપરામાં થયેલ) સં. ૧૩૨૫ ના ફાલ્ગુન સુદિ ૮ ને ગુરૂવારે કરેલી પ્રતિષ્ઠાવાળી શ્રીઋષભદેવસ્વામીની મૂર્તિ ઉદેપુરના બાબેલાના મંદિરમાં છે. ”

૩૧૯ નંબરવાળો લેખ રાતામહાવીરના મંદિરના સભામંડપમાંના એક સ્તંભ ઉપર ૧૪ પંક્તિઓમાં કોતરેલો છે. સંવત્ ૧૩૩૫ ના શ્રાવણ વદિ ૧ ના દિવસે સમીપાટિ (સેવાડી) નામના ગામની મંડપિકા (માંડવી—જ્યાં આગળ જકાત વિગેરે ચુકવવામાં આવે છે) માં, ભાંપા હટઉ, ભાંવા પયરા, મહ૦ સજનઉ, મહં૦ ધીણા મહં૦ ધણસીનઉ અને ઠ૦ દેવસીહ આદિ પંચકુલે (પંચે) શ્રીરાતામહાવીરના નેચા માટે વર્ષદહાડે ૨૪ દ્રમ્મ આપવાનું ઠરાવ્યું છે, તેથી સમીપાટિની મંડપિકાવાળા દરેક પંચકુલે તે આપતા રહેવું; એમ જણાવવામાં આવેલું છે.

આજ લેખની નીચે ૬ પંક્તિમાં એક બીજો લેખ કોતરેલો છે, તેની મિતિ ૧૩૩૬ ની છે, અર્થાત્ ઉપરના લેખ પછી બીજી વર્ષે આ કોતરવામાં આવ્યો છે. આમાં જણાવેલું છે કે ઉપરના લેખમાં જે ૨૪ દ્રમ્મ આપવાનું ઠરાવ્યું છે તેમાં અરસિંહ નામના શેઠે, નાગ નામના શેઠના શ્રેય માટે ૧૨ દ્રમ્મનો વધારે ઉમેરો કર્યો અને એમ, દર વર્ષે ૩૬ દ્રમ્મ ઉક્ત મંદિર ખાતે આપવાનું સમિપાટીની મંડપિકામાંથી ઠરાવ્યું.

૩૨૦ નંબરનો લેખ પણ એજ સભામંડપના એક બીજા સ્તંભ ઉપર ખોદેલો છે. તેની ૨૧ પંક્તિઓ છે. હકીકત આ પ્રમાણે છે:— સંવત્ ૧૩૪૫ના પ્રથમ ભાદ્રવા વદિ ૯ શુક્રવારના દિવસે, નાડોલના (ચાહમાન) સામંતસિંહના રાજ્યકાલમાં, સમીપાટિના હાકેમ અને લલનાદિ પંચકુલે ઠરાવ કર્યો છે કે—સમિપાટિની મંડપિકામાં, સા. હેમાકે, હથુંડી ગામના શ્રી મહાવીર દેવના નેચા માટે દર વર્ષે ૨૪ દ્રમ્મ આપવાનું ઠરાવ્યું છે, તેથી તે પ્રમાણે આપતા રહેવું. ઠે (ઠ્ઠ) પણ વિજયે આ લખ્યું છે.

૩૨૧ નંબરનો લેખ, એજ મંદિરની પૂર્વ બાજુની પરસાલ નીચે કોતરેલો છે. સં. ૧૨૯૯ ના ચૈત્ર શુદી ૧૧ શુક્રવારના દિવસે, રત્નપ્રભ ઉપાધ્યાયના શિષ્ય પૂર્ણચંદ્ર ઉપાધ્યાયે બે આલક (ગોખલા) અને શિખરો કરાવ્યાં, એમ ઉલ્લેખ છે.

૩૨૨નો લેખ, અપૂર્ણ છે અને એજ મંદિરમાંના એક બીજા સ્તંભ ઉપર કોતરેલો છે.

સેવાડી ગામના લેખો.

નંબર ૩૨૩ થી ૩૩૦ સુધીના (૭) લેખો સેવાડી નામના ગામમાં છે. આ ગામ, મારવાડના જોધપુર રાજ્યના ગોડવાડ પ્રાંતમાં આવેલા બાલી જીલ્લાના મુખ્ય શહેર બાલી નગરથી અગ્નિકોણમાં પાંચ માઇલ દૂર આવેલું છે. આ લેખોની નકલો પણ શ્રીયુત ડી. આર. ભાંડારકર તરફથી જ મળેલી છે. આમાંના પ્રારંભના ૩ લેખો એપિગ્રાફિઆ ઇન્ડિકાના ૧૧ માં પુસ્તકમા, ઉકત ભાંડારકર મહાશય તરફથી જ " મારવાડના ચાહુમાનો " એ શીર્ષક નીચે જે વિસ્તૃત નિબંધ લખાયેલો છે તેમાં મુદ્રિત થયા છે. તેથી તેમનું વર્ણન તેમના શબ્દોમાં—ઇંગ્રેજીના અનુવાદ રૂપે આપવામાં આવે છે.

(૩૨૩).

સેવાડીમાં આવેલાં મહાવીર દેવાલયના અગ્રભાગમાં રહેલા ભોંયરાના દ્વારની બારસાખ ઉપર આ લેખ કોતરવામાં આવેલો છે. તે ઘણો જ જીર્ણ થઈ જવાના લીધે સરલતાથી વાંચી શકાય તેવો નથી. જ્યારે હું (શ્રીયુત ભાંડારકર) ત્યાં હાજર હતો ત્યારે પુનઃ તેમાં લાખ પૂરવામાં આવી હતી. પરંતુ તેનું કારણ મ્હારા જાણવામાં આવ્યું નથી. મ્હારા હાથે જ લીધેલી તેની નકલ ઉપરથી શકયતા પૂર્વક લગભગ પૂરેપૂરો લેખ હું વાંચી શકું છું. તે આઠ પંક્તિઓમાં લખાયેલો હોઇ ૨' ૧½" પહોળો અને ૪½" લાંબો છે. લિપિ નાગરી છે. व અક્ષર સ્પષ્ટ રીતે તેમાં જણાય છે. જેમ કે बलाधिपति (પંક્તિ ૧) वलाधिप: (પંક્તિ ૪) વિગેરે. પ્રારંભમાં ओं તથા અંતમાં મિતિ સિવાય આખો લેખ સંસ્કૃત પદ્યમાં લખેલો છે. પદ્યની સંખ્યા ૧૫ છે અને તે ક્રમથી અંકોવડે જણાવેલી છે. બીજી પંક્તિમાં વપરાએલો 'श्रियाधारो' પ્રયોગ ભાષાની દૃષ્ટિએ સ્ખલાયલો—અશુદ્ધ છે. કેટલેક ઠેકાણે व અને ब બંને ને માટે ब જ વાપરેલો દૃષ્ટિગોચર થાય

છે. સંયુક્તાક્ષરમાં ण ને બદલે न પણ વાપરેલો છે; જેમ કે, पुन्याविस्मित (પંક્તિ ૩), वितन्नंम् (પંક્તિ ૬) વિગેરે. શબ્દકોષ રચના વિષે બોલતાં મ્હારે કહેવું જોઈએ કે—સાતમી પંક્તિમાં આવેલો 'ખત્તક' શબ્દ ધ્યાન ખેંચે તેવો છે. જોધપુર રાજ્યના પાલી પ્રાંતના મુખ્ય શહેર પાલી ગામમાંના એક જૈનમંદિરમાંના એક લેખમાં આ શબ્દ વાપરેલો મેં જોયો હતો. વળી, આબુ ઉપરના લેખોમાં પણ આ શબ્દ આવેલો છે. જેમ કે ત્યાંના નંબર ૧ (Vol VIII P 213) ના લેખમાં આ શબ્દ આવેલો છે, જ્યાં તેનો અર્થ 'ગોખલો' એવો થાય છે, અને આ અર્થ અહિં પણ બંધબેસતો જ છે. વળી, બીજો એક શબ્દ જે 'ભુક્તિ' આવેલો છે તેનો અર્થ ફક્ત 'રાજ્યનો પ્રાંત' એવો ન થતાં 'અમુક ગામોનો સમૂહ અથવા જીલ્લો' એમ થાય છે. આ અનુસંધાનમાં એ પણ ધ્યાનમાં રાખવાનું છે કે પંક્તિ ૬ માં माघे त्र्यंबकसंप्राप्तौ એમ વિચિત્ર વાકય વાપરેલું છે. શબ્દશઃ તેનો અર્થ "ત્ર્યંબક (શિવ) ના આવવાથી માઘમાં" એમ થાય છે. અને મ્હને ખાત્રી છે કે તેનો ભાવાર્થ માઘ માસમાં આવનાર કૃષ્ણપક્ષની ચતુર્દશી કે જેને સર્વ લોકો શિવરાત્ર તરીકે માને છે તે છે.

લેખમાં, પ્રારંભે સોળમા તીર્થંકર શાંતિનાથની સ્તુતિ છે. બીજી કડીમાં અણહિલનું નામ આવે છે અને ત્રીજી કડીમાં તેના પુત્ર જીંદનું નામ છે. તથા તે નીતિશાસ્ત્રમાં નિપુણ અને ચાહુમાન વંશનો હતો એમ કહેવામાં આવ્યું છે. તેનો પુત્ર અશ્વરાજ અને અશ્વરાજને કટુકરાજ નામે પુત્ર થયો. (કડી ૪-૫) ૬ ઠ્ઠી કડીમાં એમ કથન છે કે, તેની જાગીરદારીમાં સમીપાટી (સેવાડી) નામે ગામ છે અને ત્યાં એક સ્વર્ગવિમાન જેવું ઉત્તમ મહાવીર દેવનું મંદિર છે. સાતમી કડીથી પછી આગળ એક ભિન્નવંશની યાદિ આવે છે. આ કડીમાં એમ કથન છે કે-કોઈ એક યશોદેવ કરીને પુરૂષ હતો કે જે સેનાનો સ્વામી (बलाधिप), શુદ્ધસ્વભાવવાળો, રાજાઓની સભામાં અગ્રભાગ લેનારો અને મહાજનો (વણિકો) ના સમૂહનો અગ્રેસર હતો. તે

સમાનચિત્તવાળો એવો યશોદેવ પોતાનાં સગાં-સહોદરો ઉપર, મિત્રો ઉપર તથા ષંડેરકગચ્છના સદ્‌ગુણી અનુયાયિઓ ઉપર કૃપા દર્શાવવામાં કદી પાછી પાની કરતો નહિ; એવી હકીકત આઠમી કડીમાં આવેલી છે. તેનો પુત્ર બાહુડ નામે થયો જે વિશ્વકર્માની માફક વિદ્વાનોની પરિષદ્‌માં ખ્યાતિ પામ્યો હતો. (કડી ૯) બાહુડનો પુત્ર થલ્લક હતો જે જૈન ધર્મનો અનુરાગી અને રાજાનો પ્રસાદપાત્ર હતો. (કડી ૧૦) પ્રતિવર્ષે માઘ માસમાં શિવરાત્રિના દિવસે કટુકરાજ પ્રસન્ન થઈને થલ્લકને ૮ દ્રમ્મ બક્ષિસ આપતો હતો, (કડી ૧૧-૧૨) તે એવી ઇચ્છાથી કે, તેનાથી, યશોદેવના બનાવેલા ‘ ખત્તક ’ (ગોખલા) માંના શાંતિનાથ દેવની પૂજા કરવામાં આવે. અને આ દાન યાવચ્ચંદ્રદિવાકરૌ સુધી ચાલતું રહે એવી ઇચ્છા ૧૩ મી કડીમાં પ્રદર્શિત કરવામાં આવી છે. ૧૪ મી કડીમાં જણાવ્યું છે કે-સમીપાટીના જિનાલયમાં એ શાંતિનાથનું બિંબ (પ્રતિમા) તેના (થલ્લકના) પિતામહે (યશોદેવે) કરાવ્યું છે. છેલ્લી કડીમાં, જો કોઈ મનુષ્ય આ દાન બંધ કરશે તો તેને મહાપાતક લાગશે, એમ સૂચવ્યું છે. અંતમાં સંવત્ ૧૧૭૨ (એટલે કે ઈ. સ. ૧૧૧૫) ની માત્ર સાલ આપી છે.

આ ઉપરથી (એક વાત) એમ વિદિત થાય છે કે, આ દાન આપનાર અશ્વરાજનો પુત્ર કટુકરાજ હતો. પરંતુ, તે વખતમાં એ રાજ્યકર્ત્તા હોય એમ ભાસતું નથી. કારણ કે તે રાજા છે, એમ એક પણ કડીમાં કહેલું નથી, અને આપણે ઉપર જોયું તેમ છઠ્ઠી કડીમાં શમીપાટી (સેવાડી) તેની ‘ ભુક્તિ ’ માં હતું. અહીં રાજ્ય શબ્દ કે જે આ પદ્યને ઠીક અનુકૂળ પડે તેવો છે તે, તેમજ તેના અર્થનો બીજો કોઇ પણ શબ્દ વાપરવામાં આવ્યો નથી. આ ઉપરથી એમ જણાય છે કે ઈ. સ. ૧૧૧૫ માં-જે આ લેખની મિતિ છે-તે યુવરાજ પદે હતો અને કેટલાક ગામોનો જાગીરી તરીકે ઉપભોગ કરતો હતો.

આલ્હણદેવના વિ. સં. ૧૨૧૮ ના નાડોલવાળા લેખમાંનો ષંડેરક સદ્ગચ્છ તથા આબુ ઉપરના લેખોમાંનો સંડેરકગચ્છ અને આ ષંડેરકગચ્છ એ બધાં એકજ છે એમાં સંશય જેવું નથી. ગોડવાડ પ્રાંતના બાલી જીલ્લાના મુખ્ય ગામ બાલીથી વાયવ્ય કોણમાં દશ માઇલને છેટે આવેલું સાંડેરાવ એજ સંદેર અથવા ષંડેરક છે. તે સ્થાને આવેલા મહાવીરના મંદિરમાંના એક લેખમાં પણ આ નામ વપરાએલું દૃષ્ટિગોચર થાય છે. મારવાડમાં આવેલા ગામોનાં નામો ઉપરથી પાડવામાં આવેલા જૈન લોકોના ગચ્છોના અનેક દાખલાઓમાંનો આ એક છે.

(૩૨૪)

આ લેખના વિષયમાં એજ પુસ્તકમાં નીચે પ્રમાણે લખવામાં આવેલું છે:—

જૈન મહાવીર–મંદિરના અગ્રભાગમાં આવેલા એક દેવગૃહની પાસે આ લેખ મળી આવે છે. જેના ઉપર આ લેખ કોતરેલો છે તેનું નામ સુરભિશિલા છે. કારણ કે તેના ઉપર એક સવત્સા ગાય અને બે બાજુએ સૂર્ય તથા ચંદ્ર સ્થાપન કરેલા છે. આ લેખ કેટલેક ઠેકાણે ખંડિત થએલો છે અને અક્ષરો પણ ઘણા જીર્ણ થઈ ગયેલાં છે. પ્રથમની ત્રણ પંક્તિ સિવાય તેની કાંઇ ઉપયોગિતા જણાતી નથી. અને આ ત્રણ પંક્તિઓ સ્પષ્ટ રીતે વાંચી શકાય છે. તેની મિતિ ' भाद्रपद सुदी ११ ' એમ છે. તે વખતે કટુકદેવ મહારાજાધિરાજ હતો અને નદ્ડૂલ (નાડોલ) માં રાજ્ય કરતો હતો. તથા યુવરાજ જયતસિંહ સમીપાટી (સેવાડી) ની અમલદારી કરતો હતો..........આ લેખની મિતિ ૩૧ તે, ચાલુક્યવંશના રાજા સિદ્ધરાજ જયસિંહે શરૂ કરેલી સિંહસંવત્‌ની હોવી જોઇએ. અને તે વિ. સ. ૧૨૦૦ અગર ઇ. સ. ૧૧૯૩ ની બરાબર થાય છે. એક બીજા લેખથી એમ સિદ્ધ થયું છે કે ગોડવાડનો પ્રાંત સિદ્ધરાજ જયસિંહના રાજ્યમાં આવેલો હતો તેથી આ ૩૧ મું વર્ષ સિંહસંવતનુંજ છે એમ નિશ્ચિતરીતે સિદ્ધ થાય છે.

(૩૨૫)

આ લેખ એજ મહાવીર–મંદિરના અગ્રભાગમાં આવેલા એક બીજા દેવાલયના દ્વારની બારસાખ ઉપર કોતરેલો છે. લેખ ત્રણ પંક્તિમાં લખાએલો હોઈ તેની પહોળાઈ ૩' ૯" અને લંબાઇ ૨૩/૪" છે. આ લેખ સારી સ્થિતિમાં છે અને તે નાગરી લિપિમાં લખાએલો છે. ङ ની નિશાની ધ્યાનમાં લેવા લાયક છે, જેમકે पद्राङा, छेछडीया વિગેરે, અને તે કીર્તિપાલના નાડોલવાળા તામ્રપત્ર લેખમાં પણ વપરાએલી છે. કેટલાક વર્ણો સ્પષ્ટરીતે કોતરેલા નથી, જેમ કે पद्राङाग्रामे માં म ની ડાબી બાજુની ઉપલી લીટી નથી અને તેથી તે અક્ષર न જેવો દેખાય છે. ब અને व ને બદલે એકલો व જ વાપરેલો છે. અંતિમ પ્રાર્થનાની કડી સિવાય સર્વલેખ સંસ્કૃત ગદ્યમાં લખાએલો છે. શબ્દ સમુચ્ચય સંબંધી નીચેના શબ્દો ધ્યાનમાં લેવા જેવા છેઃ—

जगती અને મહાસાહણીય (પંક્તિ–૧) તથા जव અને हारक (પંક્તિ–૨,). બીજા ઘણા લેખોમાં जगती નો અર્થ ભૂમિ કરવામાં આવે છે. મ્હારા મત પ્રમાણે તેને હિન્દીમાં ' જગહ ' અથવા ' જગ્યા ' (ગુજરાતીમાં) અને મરાઠીમાં ' જાગા ' કહેવાય છે તેજ આ ' જગતી ' છે*. साहणीय નો અર્થ દેશીભાષાના ' સાહણી ' (તબેલાનો ઉપરી) શબ્દના જેવો થાય છે. ' નાણા ' માં આવેલા નીલકંઠ મહાદેવના અંદરના બારણાની બાજુ ઉપર કોતરેલા લેખમાંના બે પરમારવંશના રજપુત રાજાઓને આ શબ્દ ઈલ્કાબ તરીકે લગાડેલો છે. આજ મંદિરમાંના એક બીજા લેખમાં जव અને हारक શબ્દો વપરાએલા છે. આ બન્ને શબ્દો ' અરહટ ' (અરઘટ્ટ) શબ્દની સાથે વાપરેલા છે. આ ઉપરથી એમ સૂચિત થાય છે કે जव અથવા जवा– નો

---

* ' જગતી ' નો ખરો અર્થ જૈનગ્રંથોમાં મુખ્ય મંદિરની આસપાસ (ચારે બાજુ) પ્રદક્ષિણા દેવાનો જે માર્ગ હોય છે; તે છે. મારવાડમાં આને ' ભમતી ' પણ કહે છે. કેટલીક જગ્યાએ ' ભ્રમણ માર્ગ ' પણ કહેવામાં આવે છે. **સંગ્રાહક.**

અર્થ ' જવના દાણા ' કરવાનો છે. હારક શબ્દનો અર્થ મરાઠી ' હારા ' (એક જાતની ટોપલી, જેનો ઉપયોગ દાણા માપવામાં થાય છે તે) થાય છે. આ હકીકતને..........(એક બીજા લેખથી) સબૂતી મળે છે.

આ લેખની મિતિ વિક્રમ સંવત્ ૧૧૯૭ ના ચૈત્રશુદી ૧ ની છે અને તે વખતે અશ્વરાજ મહારાજાધિરાજ હતો. કટુકરાજ યુવરાજની પદ્વી ઉપર હતો. તે પછી લેખમાં ઉબલરાકની આવેલી રકમ લખેલી છે. આ ઉબલરાક, ઉત્તિમરાજનો પુત્ર અને પૂઅવિનો પૌત્ર છે. આ પૂઅવિને મહાસાહણીયનો ઈલ્કાબ લગાડેલો છે. લેખમાં, એ વંશના બીજા પણ લોકોનાં નામો લખેલાં છે. શમીપાટીના મંદિરમાંની 'જગતી' માં આવેલા શ્રીધર્મનાથદેવની પૂજા માટે આ ભેટ આપવામાં આવી છે અને આ ભેટ મદ્રાહા, મેદ્રંચા, છેછડીઆ અને મદ્દડીગ્રામના દરેક કૂપ (અરહટ) માંના એક એક ' હારક ' જેટલા જવના દાણાની હતી.

શમીપાટી તે ખરેખર સેવાડિ જ છે જેનો ઉચ્ચાર સેંવાડી પણ કરવામાં આવે છે. અને નિર્વિવાદપણે કહેવું જોઇએ કે ધર્મનાથદેવ તે એજ દેવાલયમાં બેસાડેલા દેવ હશે જેના દ્વાર ઉપર આ લેખ કોતરેલો છે. વળી સેવાડિથી ચાર માઇલ આવેલું છેછલી તે જ છેછડિઆ હોવું જોઇએ. બીજા ગામોનો ચોક્કસ ભાસ લાગે તેમ નથી.

(૩૨૬).

આ લેખની મિતિ સં. ૧૨૧૩, ચૈત્ર વદિ ૮ ભોમ (મંગળ) વારની છે. નડુલ (નારોલ) માં દંડપતિ વૈજાક અને મહં. જશદેવ આદિ પંચકુલની સમક્ષ, ચાંડદેવ અને જસણાગે (કારકુનો) લખી આપ્યું કે—સીંવાડી (સેવાડી) ના રહેનાર વણિક્ (વાણિયા) મહણાના પુત્ર જિણલકે, મહાવીર દેવના મંદિરની જગતીમાં સ્થાપન કરેલા શ્રીપાર્શ્વનાથ દેવની પૂજા માટે, સમીપાટીની મંડપિકા (માંડવી) માં, પ્રતિ માસ એક, એમ બાર માસ માટે ૧૨

રૂપીઆ આપ્યા છે. તેમાં, પો. પાલ્હા, ગાં. માલાનિણિ, કુમારપાલ, રાજજોયણ, વડહરિચંદ્ર, કોહલ આદિ લોકો શાક્ષી થએલા છે. આવી હકીકત છે.

લેખના છેવટના ભાગમાં એક બીજો લેખ જોડેલો છે પરંતુ તે અપૂર્ણ છે. જેટલો ભાગ વિદ્યમાન છે તેમાં જણાય છે કે--પાદ્રાડા ગામના ઠક્કુર (ઠાકોર) આજડપુત્ર મોખપાલ અને સજણપાલે પાર્શ્વનાથ દેવ (ની પૂજાદિ) માટે પાડઉઆ (ગામ ?) ના અરહટ પ્રતિ ૧ 'જવાહર' આપ્યો. વિગેરે હકીકત જણાય છે.

(૩૨૭)

આ લેખ, સં. ૧૨૫૧ ના કાર્તિક સુદી ૧ રવિવારનો છે. આ (સેવાડિ ?)ગામના લોકોએ નારીએળ વિગેરેના મૂલ્યમાંથી અમુક ભાગ પોતાના ગુરૂ શ્રી શાલિભદ્રસૂરિની મૂર્તિની પૂજા માટે શ્રી સુમતિસૂરિને આપ્યું છે. એમ હકીકત છે.

(૩૨૮)

સંવત્ ૧૨૯૭ ની સાલમાં જ્યેષ્ઠ સુદિ ૨ ગુરૂવારના દિવસે, રાશહુંડ નામના ગામના વાસી સેહડ નામના ગૃહસ્થે પોતાની સ્ત્રી તથા બીજા કુટુંબના માણસો (કે જેમનાં નામો લેખમાં આપ્યાં છે) સાથે દેવકુલિકા કરાવી.

(૩૨૯)

સંવત્ ૧૧૯૮ ના આસોજ વદી ૧૩ રવિવારના દિવસે, અરિષ્ટનેમિની પૂર્વની બાજુમાં આવેલી અપવારિકા (ઓરડી) ની આગળ ભીંત અને દ્વારપત્ર (કમાડ) કરવા સંબંધી સઘળા શ્રાવકોએ મળીને નિષેધ કર્યો છે (?) પં૦ અશ્વદેવે આ લખ્યું છે.

(૩૩૦)

આ લેખમાં, સંવત્ ૧૩૨૧ ના ચૈત્ર વદિ ૧૫ સોમવારના દિવસે, મહારાજકુલ શ્રીચાચિગદેવે, કરહેડા ગામના શ્રી પાર્શ્વનાથની પૂજા

અર્થે સોમપર્વના ટાંકણે નાડોલની માંડવીમાં.........(કાંઇક) દાન આપ્યાનો ઉલ્લેખ છે.

આ લેખ, ગુરાં (ગોરજી) ધીરધીરાજજીના ઉપાશ્રયમાંથી મળી આવેલો છે એમ શ્રીયુત્ ભાંડારકરે નોટ કરી છે.

આમાં જણાવેલું કરેહડા સ્થાન, મેવાડના સાયરા જીલ્લામાં આવેલું છે અને એ સેવાડીથી તે ૮ કોસ (મારવાડના ગાઉ) દૂર છે. એ સ્થાન એક તીર્થસ્થળ તરીકે પ્રસિદ્ધ છે.

૩૨૬ થી આ ૩૩૦ સુધીના લેખો છપાયા નથી. શ્રીયુત્ ભાંડારકરની હસ્તલિખિત પ્રતિકૃતિ ઉપરથી અહિં મુદ્રિત કરવામાં આવ્યા છે. તેમના સ્થાનો લેખ સાથે ટીપેલાં ન હોવાથી અત્રે ઉલ્લેખ કરી શકાયો નથી.

નાડલાઇ ગામના લેખો.

ગોડવાડ પ્રાંતમાં આવેલા દેસુરી જીલ્લાના મુખ્ય શહેર દેસુરીથી વાયવ્ય કોણમાં ૮ માઇલ દૂર નાડલાઇ નામનું એક સાધારણ ગામ આવેલું છે. એ સ્થાન ગોડવાડ પ્રાંતના પાંચ મુખ્ય જૈન તીર્થોમાંનું એક છે. સમયસુંદરજી રચિત તીર્થમાળા સ્તવનમાં 'શ્રીનાડો-લાઇ જાદવો' આવા વાક્ય દ્વારા એ તીર્થનું નામ ગણાવ્યું છે. અને ત્યાં 'જાદવ' એટલે ૨૨ મા તીર્થંકર નેમિનાથનું ધામ જણાવ્યું છે. આ ગામમાં બધાં મળીને ૧૧ જૈનમંદિરો છે. જેમાં ૯ ગામની અંદર છે અને ૨ એ પર્વતો ઉપર છે. આ પર્વતોને લોકો શત્રુંજય અને ગિરનારના નામે ઓળખે છે. પં. શિવવિજય-જીના શિષ્ય શીલવિજયજી સ્વરચિત 'તીર્થમાલા' માં આ સ્થળે નવ મંદિર હોવાનું જણાવે છે. જેમ કે—

નડુલાઇ નવ મંદર સાર શ્રી સુપાસ પ્રભુ નેમકુમાર.

જુના લેખોમાં આ ગામના નડ્ડુલડાગિકા, નદ્દુલવતી, નડ્ડૂલાઇ,

વિગેરે જુદાં જુદાં નામો આપેલાં મળી આવે છે. 'વલ્લભપુર' એવું નામ પણ આનું આપવામાં આવેલું કહેવાય છે*.

ગામના દરવાજાની પાસે એક મંદિર આવેલું છે જે આદિનાથના નામે પ્રસિદ્ધ છે. આ મંદિર ઘણું જુનું જણાય છે અને લોકોમાં તેના વિષે અનેક ચમત્કારી વાતો કહેવાય છે જે આગળના એક લેખના અવલોકનમાં આપીશું. નંબર ૩૩૧ થી ૩૪૪ સુધીના લેખો, આજ ગામનાં જુદાં જુદાં મંદિરોમાં રહેલા છે અને તેમાંના, પ્રથમ પાંચ, એપિગ્રાફીઆ ઇન્ડિકાના ઉક્ત ભાગમાં શ્રીયુત ભાંડારકરે છપાવેલા છે અને બાકીના, (૩૩૬ મો લેખ છોડીને) તેમની હસ્તલિખિત નકલો ઉપરથી પ્રથમ જ અત્રે છપાવવામાં આવ્યા છે. તે છપાયલા લેખોનું વિવરણ પણ, સેવાડિના લેખો પ્રમાણે તેમના (ભાંડારકરના) જ શબ્દોમાં (અનુવાદ રૂપે) અત્રે આપવામાં આવે છે.

(૩૩૧)

આ લેખ, નાડલાઈના આદિનાથના મંદિરમાંથી મળી આવેલો છે. હાલમાં એ મંદિર આદિનાથનું કહેવાય છે પરંતુ બીજા લેખો ઉપરથી એમ જણાય છે કે પહેલાં તે મહાવીરનું મંદિર હતું. આજ મંદિરમાં આવેલા સભામંડપમાંના બે સ્તંભો ઉપર રહેલા ચોકઠામાં આ લેખ કોતરેલો છે. આ લેખની પંક્તિઓ સમાંતર આવેલી છે પણ ચોકઠાની બાજુઓથી વાંકી વળેલી છે અને પ્રથમ પંક્તિના કેટલાક છેલ્લા શબ્દો ચોકઠાની કોરની બહાર જવાને લીધે કપાઇ ગયા છે. આ ઉપરથી એમ સૂચિત થાય છે કે આ લેખની મિતિ પછી, આ સભામંડપ ફરીથી સમરાવવામાં આવ્યો હશે અને તેથી આ ચોકઠું સુવ્યવસ્થિત રીતે રહી શક્યું નથી. લેખની બધી પંક્તિઓ છ છે અને તેમણે ૧' ૫½" પહોળાઈ તથા ૪½" લંબાઇ જેટલી જગ્યા રોકી છે.

---

*જુઓ, ઐતિહાસિક રાસ સંગ્રહ, ભાગ બીજો, ૩૩માં પૃષ્ઠ ઉપર આપેલી નોટ.

લેખને કોતર્યા પહેલાં પત્થરને બરાબર સાફ કરેલો જણાતો નથી અને અક્ષરો પણ કાળજીપૂર્વક કોતરવામાં આવ્યા નથી. લેખની લિપિ નાગરી છે. સંસ્કૃત હસ્તલેખોમાં જેમ માલુમ પડે છે તેમ આમાં પણ य ને प ના જેવો લખેલો છે. વળી બીજી પંક્તિમાં આવેલા ' नदूलडागिका ' શબ્દમાંના ड નું રૂપ ધ્યાન ખેંચે તેવું છે, અને તે નં ૩ માં જોયું તેવુંજ છે. અંતના એક પદ્ય (જેનું છંદ બરાબર નથી) શિવાય આખો લેખ સંસ્કૃત ગદ્યમાં લખેલો છે. આખા લેખમાં એક ઠેકાણે (પંક્તિ–૫) व ના બદલે च કરેલો છે (व्रहम) અને અંત્ય વ્યંજનમાં उ ઉમેરેલો છે, (પંક્તિ–૫ માં यद् ના બદલે यदु) ગોડવાડમાં મળી આવતા ગુહીલોત રાજાઓના તામ્રપત્ર ઉપરના લેખોમાં આ પ્રમાણે જ કેટલાક શબ્દો મ્હેં જોયા છે. ત્રીજી પંક્તિમાં આવેલા ' પલ ' અને ' પલિકા ' શબ્દોનો અર્થ ' પ્રવાહી પદાર્થો માપવાનું એક જાતનું માપ ' એવો થાય છે. આ સંબંધી વિશેષ માહિતી Baruni Indica Vol. I P. 164 માંથી મળી આવશે. આ લેખમાં ટુંકા શબ્દો નીચે પ્રમાણે છેઃ–મં. (પંક્તિ ૩) रा. ને वि. (પંક્તિ ૪) ઓસવાલની એક જાતના નામ તરીકે मं. નો અર્થ ભંડારી થાય છે. रा. એટલે રાઉત જે राजपुत्रनो અપભ્રંશ છે અને રાજપુત જાગીરદારોનું એક નામ ' રાવત ' અને આ ' રાઉત ' બંને એકજ છે. वि० નું પૂર્ણરૂપ શું છે તે સમજાતું નથી. ત્રીજી પંક્તિમાં ' ઘાણુક ' શબ્દ વપરાયો છે. જેનો અર્થ ' ઘાણી ' (ઘાંચીની ઘાણી) થાય છે. આ શબ્દ લેખોમાં ઘણીવાર દૃષ્ટિગોચર થાય છે.

આ લેખની મિતિ સંવત ૧૧૮૯ માઘ સુદી ૫ છે. અને ચાહુમાન વંશના મહારાજાધિરાજ રાયપાલના પુત્રો રૂદ્રપાલ અને અમૃતપાલ તથા તેમની માતા માનલદેવીની, આ મંદિરમાં આપેલી ભેટનો ઉલ્લેખ કરેલો છે. દરેક ઘાણીમાંથી રાજાને મળતી અમુક પલિકાઓમાંથી બે પલિકાની આ ભેટ કરી હતી અને તે નદુલડાગિકા (નાડલાઇ) ના તથા બહારના જૈન જતીઓ માટે આપવામાં આવી હતી. આ ભેટમાં નીચે પ્રમાણે સાક્ષિઓ કરવામાં આવ્યા હતા.

સમસ્તગ્રામિણોનો મુખ્ય ભ૦ નાગસિવ, શ૦ ત્રિમટા, વિ. સિરિયા, વણિક પોસરિ અને લક્ષ્મણ. એમ જણાય છે કે આ ગામના પંચો હતા.

(૩૩૨)

આ લેખ નાડલાઇના નેમિનાથના દેવાલયમાંથી મળી આવ્યો છે. ત્યાંના લોકો આ નેમિનાથને ' જાદવજી ' ના નામે ઓળખે છે. આ મંદિર ગામથી અગ્નિકોણમાં આવેલી એક ટેકરી ઉપર છે. તેમાં, ૯½" પહોળા તથા ૧'-૧૧ ¾" લાંબા શિલાપટ્ટ ઉપર ૨૯ પંકિતમાં આ લેખ કોતરેલો છે. લેખની લિપિ નાગરી અને ભાષા સંસ્કૃત છે. માત્ર એકજ બાબત ધ્યાન આપવા લાયક છે અને તે ' मतुर्दत्तम् ' (પંકિત ૨૨) વાકય છે. વિરલ અથવા અજ્ઞાત શબ્દો નીચે પ્રમાણે છે:– ' भोक्तारि ' (પંકિત–૯) शेक (પંકિત ૧૧) आभाव्य (પંકિત ૧૨) ' ભોકતારિ 'નો શો અર્થ હશે તે સૂચિત થતો નથી. ' શેક ' નો અર્થ સંસ્કૃત ' શિકય ' થાય છે (જેનો અર્થ–એક વાંસની લાકડીના બે છેડાથી લટકાવેલા દોરડાના ગાળા, અને તેમાં ભરેલો બોજો પણ થાય) મ્હારા મત પ્રમાણે ' આભાવ્ય ' નો અર્થ ' આવક ' થાય છે. આ શબ્દ વિ. સં. ૧૨૦૨ ના માંગરોળના લેખમાંના બે ત્રણ વાકયોમાં વપરાએલો છે. વળી ભિન્નમાલના લેખ નં. ૧૨ ને ૧૫ માં પણ આ શબ્દ નજરે પડે છે. તેમજ પંકિત ૮ તથા ૨૧ માં આવેલો राउत શબ્દ ધ્યાન ખેંચે તેવો છે. તે ખરેખર ' રાજપુત્ર ' શબ્દનો અપભ્રંશ છે, અને તેનો અર્થ રાજપુત થાય છે; પણ અહિંઆં તે શબ્દ ' જાગીરદાર ' ના અર્થમાં વપરાએલો છે.

આ લેખની શરૂઆતમાં સર્વજ્ઞ નેમિનાથની સ્તુતિ કરવામાં આવી છે. તેની મિતિ વિ. સં. ૧૧૯૫ આશ્વિનવદિ ૧૫ ભોમવાર છે. તે વખતે મહારાજાધિરાજ રાયપાલદેવ નદુલડાગિકાનો સ્વામી હતો એમ ઉલ્લેખ છે. આગળ તેમાં જણાવેલું છે કે–શ્રી નેમિનાથના ધુપ, દીપ, નૈવેદ્ય, પુષ્પ અને પૂજા વિગેરે માટે રાઉત ઉધરણ (ગુહીલ વંશના) ના પુત્ર ઠક્કુર રાજદેવે પોતાના પુણ્યાર્થે નાડલાઇથી અગર

નાડલાઈ જતા બલદોના બોજ ઉપરના કરનો વિસમો ભાગ ભેટ તરીકે આપ્યો. પછી ભવિષ્યમાં થનાર રાજાઓને આ ભેટ ચાલુ રાખવા માટે વિનંતી કરવામાં આવી છે. પછી લેખકનું નામ જે પાસિલ છે તે આપેલું છે. તેના બાદ રાજદેવના હસ્તાક્ષર આવે છે. અહિં તેને રાઉત કહેલો છે. પછી જોશી હુદુપાના પુત્ર ગુગીની સાક્ષી છે. છેલ્લી ત્રણ પંક્તિઓ સ્પષ્ટ સમજાય તેવી નથી.

(૩૩૩)

આ લેખ નાડલાઈમાં આદિનાથના દેવાલયમાંથી મળી આવેલો છે. જે ચોકઠા ઉપર પ્રથમનો લેખ કોતરેલો છે તેની સામેની બાજુએ આ લેખ આવેલો છે. લેખ ૬ પંક્તિમાં લખેલો હોઈ ૧'-૯" પહોળો તથા ૪½" લાંબો છે. જ્યારે મ્હેં પ્રથમ આ લેખ જોયો ત્યારે ત્હેમાં પ્લાસ્તર ભરવામાં આવેલું હતું પછી અમારા વાંચવા માટે આ પ્લાસ્તરને દૂર કરવાની જરૂર પડી હતી ! લેખની લિપિ નાગરી છે અને ભાષા સંસ્કૃત છે. છેલી કડી પદ્યમાં છે પરંતુ તેનું ત્રીજું ચરણ નિયમ રહિત છે. બાકીનો બધો ભાગ ગદ્યરૂપે છે. તેમાં વ્દ ને બદલે જાુ વાપરેલો છે ત્રીજી પંક્તિમાં વલ અને પ્લાં એવા વિચિત્ર શબ્દો આવેલા છે વલ એ પલને બદલે ભૂલથી વાપરેલું લાગે છે અને પ્લાં એ પલિકા નું ટુંકું રૂપ છે. બીજી પંક્તિમાં પાઇલા શબ્દ વાપરેલો છે જેનો અર્થ એક જાતનું વજન થાય છે. નં. ૧૧ ના લેખમાં આ શબ્દ વપરાએલો છે. ચાલુક્યવંશના રાજા કર્ણદેવની સૂનકભેટમાં નીચે પ્રમાણે શબ્દો છે:- પાઇલા ૧૨ वहंति हल ४ इति हल चतुष्टय भूमि-અહિં પણ તે શબ્દનો એજ અર્થ થાય છે. લોકોને પૃછપરછ કરતાં મ્હને નીચે પ્રમાણે અર્થો મળ્યા છે:-

૪ પાઇલા=૧ પાયલી

૫ પાયલી=૧ માણા

૪ માણા=૧ સેઇ

૨ સેઇ=૧ મણ

'વિંશોપક' શબ્દ ધ્યાન ખેંચે તેવો છે. આ શબ્દ બીજા લેખોમાં પણ આવેલો છે. તે એક શિકો છે જેની કિંમત તે વખતમાં ચાલતા એક રૂપીઆના વીસમા ભાગ જેટલી થાય છે.

આ લેખની મિતિ વિ. સં. ૧૨૦૦ જ્યેષ્ઠ સુદિ ૫ ગુરૂવાર છે. તે વખતે મહારાજાધિરાજ રાયપાલદેવ રાજ્ય કરતો હતો. એમ જણાય છે કે, રાઉત રાજદેવ પોતાની માતાના માટે કરેલા રથયાત્રાના ઉત્સવમાં ત્યાં આવ્યો હતો, ત્યારે તેણે મહાજનો, ગ્રામલોકો અને પ્રાંતના લોકોની સમક્ષ, પોતાને મળતી પાઈલાની કિંમતમાંથી એક વિંશોપકના શિક્કાની તથા દરેક ઘાણીમાંથી મળતી તેલની પળમાંથી બે પલિકાની ભેટ કરી હતી.

(૩૩૪)

ઉપરનો લેખ જે ચોકઠા ઉપર કોતરેલો છે તેનાજ ઉપર આ લેખ પણ આવેલો છે. તે પાંચ પંક્તિઓમાં લખેલો છે અને ૧'૮½" પહોળો તથા ૪½" લાંબો છે. લિપિ નાગરી છે. અંતમાંની આશિર્વાદવાળી કડી શિવાય બાકીનો બધો ભાગ સંસ્કૃત ગદ્યમાં છે. ધ્યાનમાં લેવા લાયક બાબત આ છે કે, ર્ ની પછીનું વ્યંજન બેવડું કર્યું છે અને પાંચમી પંક્તિમાં यत्र ને બદલે जतु શબ્દ વાપરેલો છે. અજ્ઞાત અથવા વિરલ શબ્દોમાં એક 'દેશી' શબ્દ છે જે ત્રીજી લીટીમાં છે. તથા 'કિરાડઉઆ' અને 'ગાઢ' એવા બે શબ્દો ચોથી પંક્તિમાં છે 'ગાઢ' નો અર્થ ગાડું થાય છે. અને મ્હને ખબર મળી તે પ્રમાણે કહું છું કે, 'કિરાડઉઆ' એટલે 'કિરાડવા' અગર 'કિરાણા' છે જેનો અર્થ સુંદર, લવિંગ, કાલીમરી, પીપર વિગેરે કરીયાણું થાય છે. 'દેશી' શબ્દનો અર્થ સુસ્પષ્ટ નથી. તેનો 'મંડળ' એવો અર્થ હું કરવા લલચાઉં છું અને પ્રતિહાર ભોજદેવના પેહેલા લેખમાં તથા ચાહમાન વિગ્રહરાજના હર્ષલેખોમાં એજ અર્થમાં તે વપરાએલો છે. આ અર્થ અહિં સારી રીતે બંધ બેસતો છે. આ મંદિરના એક બીજા લેખમાં પણ આ શબ્દ, આજ અર્થમાં વાપરેલો છે. બીજો શબ્દ 'લગમાન' છે જેનો અર્થ–કર (લાગ)નું પ્રમાણ (માન) થાય છે.

લેખના પ્રારંભમાં ' સંવત્ ૧૨૦૨ આસો વદિ ૫ શુક્રવાર ' ની મિતિ આપેલી છે. તે વખતે રાયપાલદેવ મહારાજાધિરાજ હતો અને રાઉત રાજદેવ નડ્ડુલડાગિકા (નાડલાઈ)નો ઠાકુર હતો આ લેખનો હેતુ એવો છે કે અભિનવપુરી, બદારી અને નાડલાઈના વણજારકો (વણજારા)ની ' દેશી ' ની સમક્ષમાં રાજદેવે મહાવીરના દેવાલયના પૂજારી અને યતિઓના માટે બળદો ઉપર ભરીને લઈ જતા દરેક વીસ પાઈલા ઉપર બે રૂપીઆ તથા ' કિરાણા ' થી ભરેલા દરેક ગાડા ઉપર એક રૂપીઓ એમ બક્ષીસ આપી. ' બદારી ' કદાચ નાડલાઈની ઉત્તરમાં આઠ માઈલે આવેલું બોરલી હોઈ શકે. અભિનવપુરીની નિશાની મળી શકી નથી.

(૩૩૫)

આ લેખ, નાડુલાઈથી અગ્નિકોણમાં આવેલી ટેકરી ઉપરના નેમિનાથ ઉર્ફે ' જાદવાઈ 'ના દેવાલયમાં એક સ્તંભ ઉપર કોતરેલો છે. લેખની એકંદર ૧૬ પંક્તિઓ છે, અને તેની પહોળાઈ ૮" અને લંબાઈ ૧૨" છે. તે નાગરિલિપિમાં લખેલો હોઈ સંસ્કૃત ગદ્યમાં છે. ધ્યાનમાં લેવા લાયક બાબત એ છે કે–દરેક પંક્તિનો આરંભ ઉભી બે રેખાઓથી અંકિત છે. વિશેષમાં ર્ ની પછી આવેલા વ્યંજનો બેવડાએલાં છે. તથા બે વખત દ્ ના બદલે દ વાપરેલો છે, જેમ કે, શ્રીમદ્‌ના બદલે શ્રીમદ (પંક્તિ ૭) અને જગદ્‌ના બદલે જગદ (પંક્તિ ૧૫).

પ્રારંભમાં મિતિ આપી છે તે નીચે પ્રમાણે:—વિ. સં. ૧૪૪૩ ના કાતિક વદિ ૧૪ ને શુક્રવાર. તેની આગળ એમ કહેવામાં આવ્યું છે કે, ચાહુમાનવંશના મહારાજાધિરાજ વણવીર દેવના પુત્ર રાજા રણવીરદેવના રાજ્યમાં આ લેખ કરવામાં આવ્યો છે. બૃહદ્ગચ્છના આચાર્ય માનતુંગસૂરિની વંશપરંપરામાં થએલા ધર્મચંદ્રસૂરિના શિષ્ય વિનયચંદ્રસૂરિએ યદુવંશવિભૂષણ શ્રીનેમિનાથના આ મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો.

આ લેખ, પૂર્વોક્ત આદિનાથના મંદિરના રંગમંડપમાં ડાબી બાજુએ આવેલી ભીંતમાં એક થાંભલો છે તેના ઉપર કોતરેલો છે. આ લેખ ૯ ઇંચ પહોળી અને ૪ ફુટ ૮ ઇંચ લાંબી જેટલી જગ્યામાં લખાએલો છે. એની એકંદર ૫૬ પંક્તિઓ છે. લેખના મથાળે બે પાદ–આકૃતિઓ (પગલાં) કાઢેલી છે.

આ લેખમાં, મેવાડના રાજાઓની વંશાવલી આપેલી છે તેથી તેની ઉપયોગિતા જરા વધારે માનવામાં આવી છે, અને એજ કારણથી તે અત્યાર સુધીમાં ઘણાંક પુસ્તકો–રીપોર્ટો વિગેરેમાં છપાઈ યથેષ્ટ પ્રસિદ્ધિ પામી ચુકયો છે. લેખનો સાર–અર્થ આ પ્રમાણે છેઃ—

પ્રારંભમાં, યશોભદ્ર નામના આચાર્યના ચરણકમલને નમસ્કાર કરવામાં આવ્યો છે. પછી લેખની મિતિ આપી છે. જે ‘ સંવત્ ૧૫૯૭ ના વૈશાખ માસ, શુક્લપક્ષ ૬ સોમવાર અને પુનર્વસુ નક્ષત્ર ’ વાળી છે.

મિતિ પછી સંડેરક ગચ્છની આચાર્યપરંપરા આપવામાં આવી છે. તેમાં, પ્રથમ યશોભદ્ર નામના એક મહાપ્રતાપી આચાર્ય થઈ ગયા હતા, તેમનું પ્રશંસાત્મક વર્ણન છે. જણાવવામાં આવ્યું છે કે, તે આચાર્ય આ કલિકાલમાં સાક્ષાત્ ગૌતમગણધરનાજ બીજા અવતાર રૂપે હતા. બધી લબ્ધિઓના ધારક અને યુગપ્રધાન હતા. તેમણે અનેક વાદિઓને વાદમાં જીત્યા હતા. ઘણાક રાજાઓ તેમના ચરણમાં પોતાનું મસ્તક નમાવતા હતા. પંડેરકગચ્છના નાયક હતા. તેમની માતાનું નામ સુભદ્રા અને પિતાનું નામ યશોવીર હતું. તે યશોભદ્રસૂરિના શિષ્ય શાલિસૂરિ નામે આચાર્ય થયા. તેઓ ચાહુમાનવંશના હતા અને બદરી દેવીના પ્રસાદથી તેઓ સૂરિપદ પામ્યા હતા. એ શાલિસૂરિના શિષ્ય સુમતિસૂરિ; તેમના શિષ્ય શાંતિસૂરિ, તેમના ઇશ્વરસૂરિ, આવી રીતે અનેક આચાર્યો થયા. તેમાં ફરી એક શાલિસૂરિ થયા અને તેમના શિષ્ય સુમતિસૂરિ અને તેમના પુનઃ શાંતિસૂરિ થયા કે જેમના સમયમાં આ લેખ કોતરવામાં આવ્યો.

અહીંથી પછી મેવાડના રાજવંશની નામાવલી આપવામાં આવી છે. તેમાં પ્રથમ જણાવ્યું છે કે, શ્રીમેદપાટ (મેવાડ) દેશમાં, સૂર્યવંશીય મહારાજા શિલાદિત્યના વંશમાં પૂર્વે ગુહિદત્ત, રાઉલ, બપ્પ અને ખુમ્માણ નામના મ્હોટા રાજાઓ થઇ ગયા. તેમના વંશમાં પાછળથી રાણા હમીર, ખેતસીહ, લખમસીહ અને મોકલ થયા. મોકલ પછી રાણો કુંભકર્ણ થયો અને તેનો પુત્ર રાયમલ્લ થયો. આ રાયમલ્લ તે વખતે રાજ્ય કરતો હતો અને પુત્ર પૃથ્વીરાજ યુવરાજ પદ ભોગવતો હતો.

આના પછી લખવામાં આવ્યું છે કે—ઉકેશવંશ (ઓસવાલ જ્ઞાતિ) ના ભંડારી ગોત્રવાળા, રાઉલ લાખણના પુત્ર મંત્રી દૂદાના વંશમાં થએલા મયૂર નામના સેઠનો સાદૂલ નામે પુત્ર થયો. તેને સીહા અને સમદા નામના બે પુત્રો થયા. તેમણે, ઉપર જણાવેલા યુવરાજ પૃથ્વીરાજની આજ્ઞાથી કર્મસી, ધારા, લાખા આદિ પોતાના કૌટુંબિક બંધુઓની સાથે, નંદકુલવતી પુરી (નાડલાઇ) માં, સંવત્ ૯૬૪ ની સાલમાં યશોભદ્ર સૂરિએ મંત્રશક્તિદ્વારા લાવેલી અને પાછળથી, મં. સાયરે કરાવેલા દેવકુલિકાઆદિના ઉદ્ધારના લીધે તેના જ નામે પ્રસિદ્ધિ પામેલી 'સાયરવસતિ' માં, આદિનાથ તીર્થંકરની પ્રતિમા સ્થાપન કરી. તેની પ્રતિષ્ઠા, ઉપર જણાવેલા શાંતિસૂરિના શિષ્ય ઇશ્વરસૂરિએ—કે જેમનું બીજું નામ દેવસુંદર પણ હતું—કરી.

છેવટે જણાવ્યું છે કે—આ લઘુ પ્રશસ્તિ પણ એ ઇશ્વરસૂરિએજ લખી છે અને સૂત્રધાર સોમાએ કોતરી છે.

આ લેખમાં જણાવેલા પંડેરકગચ્છના આચાર્ય યશોભદ્રસૂરિના સંબંધમાં વિશેષ જાણવાની જિજ્ઞાસાવાળાએ વિજયધર્મસૂરિના નામે પ્રસિદ્ધ થએલ 'ઐતિહાસિક રાસસંગ્રહ' ભાગ ૨ જો, જોવો.

(૩૩૭)

આ લેખ, એજ મંદિરમાં મૂલ-નાયક તરીકે વિરાજિત આદિનાથની પ્રતિમા ઉપર લખેલો છે. મિતિ, સં૦ ૧૬૭૪ ના માઘ વદિ ૧, ગુરૂવાર;

ની છે. ઓસવાલ જ્ઞાતિના ભંડારી ગોત્રવાળા સાયર સેઠના વંશમાં થએલાં સંકર આદિ પુરૂષોએ, આ આદિનાથની પ્રતિમા કરાવી છે અને તપાગચ્છીય આચાર્ય વિજયદેવસૂરિએ તેની પ્રતિષ્ઠા કરી છે. એટલી હકીકત છે.

(૩૩૮-૩૯)

આ બંને નંબરો નીચે જે ન્હાના ન્હાના લેખો કે વાકયો આપેલાં છે, તે એજ મંદિરની આજુ બાજુ આવેલી દેવકુલિકાઓ ઉપર કોતરેલા છે. આ લેખો કે વાકયોમાં જણાવેલું છે કે–સં. ૧૫૬૮–૬૯ અને ૭૧ ના વર્ષોમાં તપાગચ્છની કુતબપુરા શાખાવાળા આચાર્ય ઇન્દ્રનંદિસૂરિ તથા તેમના શિષ્ય સૌભાગ્યનંદિસૂરિ અને પ્રમોદસુન્દરના ઉપદેશથી, ગુજરાતના, પાટણ, ચંપકદુર્ગ (ચાંપાનેર), વીરમગામ, મુંજિગપુર (મુંજપુર), સમી અને મહમદાબાદના સંઘોએ અમુક અમુક દેવકુલિકાઓનો જીર્ણોદ્ધાર કર્યો, તથા નવી કરાવી.

(૩૪૦)

નાડલાઈની પૂર્વ બાજુએ જે ટેકરી આવેલી છે તેના મૂળમાં, ગામની પાસેજ એક સુપાર્શ્વનાથનું મંદિર છે. તેના સભામંડપમાં મુનિસુવ્રત તીર્થંકરની એક પ્રતિમા સ્થાપિત છે તેના ઉપર, આ નં. ૩૪૦ વાળો લેખ કોતરેલો છે. લેખની ૪ લાઇનો છે અને તેમાં જણાવેલી હકીકત એટલીજ છે કે–મહારાજાધિરાજ અભયરાજ * ના રાજ્યમાં. સં. ૧૭૨૧ ની સાલમાં, પ્રાગ્વાટ (પોરવાડ) જ્ઞાતિના અને નાડલાઈના રહેવાસી સા૦ નાથાકે આ મુનિસુવ્રત તીર્થંકરનું બિંબ કરાવ્યું અને તેની પ્રતિષ્ઠા ભટ્ટારક વિજય [પ્રભ ?] સૂરિએ કરી.

(૩૪૧)

આ નાડલાઇ ગામની પૂર્વે એક જુના કિલ્લાનાં ખંડેરો પડયાં

* શ્રીયુત ડી. આર. ભાંડારકરના મતે આ અભયરાજ તે મેડતીયો અભરાજ છે જે નાડલાઇનો જાગીરદાર હતો.

છે. આ કિલ્લો સોનિગરા ચોહાણોએ બંધાવ્યો હતો એમ સંભળાય છે. આ કિલ્લાની ટેકરીને લોકો જેકલ કહે છે અને ત્યાંનો જૈન સમુદાય શત્રુંજય પર્વત જેટલીજ તેને તીર્થભૂત માને છે. આ કિલ્લાની અંદરજ એક આદિનાથનું મ્હોટું મંદિર છે અને તેમાં મૂલનાયક તરીકે વિરાજમાન પ્રતિમા ઉપર આ નં. ૩૪૧ નો લેખ કોતરેલો છે. લેખનો ભાવાર્થ આ પ્રમાણે છેઃ—

સં. ૧૬૮૬ ના વર્ષમાં, મહારાણા જગતસિંહજીના રાજ્યમાં, તપાગચ્છીય શ્રીવિજયદેવસૂરિના ઉપદેશથી નાડલાઈના જૈન સંઘે, જેખલ પર્વત ઉપર આવેલા જીર્ણ મંદિર, કે જે પૂર્વે સંપ્રતિ રાજાએ બંધાવ્યું હતું, તેનો પુનરુદ્ધાર કર્યો અને તેમાં ફરી આદિનાથની નવીન પ્રતિમા સ્થાપિત કરી. તેની પ્રતિષ્ઠા ઉક્ત વિજયદેવસૂરિએ જ, પોતાના વિજયપ્રભસૂરિ આદિ શિષ્ય પરિવાર સાથે રહીને, કરી છે.

(૩૪૨)

નાડલાઈ ગામની બહાર આવેલા પૂર્વોક્ત આદિનાથના મંદિરમાંના સભામંડપમાં, જ્યાં આગળ ૩૩૩-૪ નંબરના લેખો આવેલા છે ત્યાંજ, આ લેખ પણ કોતરેલો છે. લેખની ૬ પંક્તિઓ છે અને મિતિ સંવત્ ૧૨૦૦ ના કાર્તિક વદિ ૭ રવિવાર, ની છે. લેખમાંની હકીકત પણ ૩૩૩ નં. વાળા લેખના જેવી જ છે. અર્થાત્ મહારાજાધિરાજ-રાયપાલદેવના રાજ્યમાં, તેના જાગીરદાર ઠાકુર રાજદેવની સમક્ષ નાડલાઈના સમસ્ત મહાજનોએ મળીને દેવ શ્રીમહાવીરના મંદિર માટે, ઘી, તેલ, લવણ, ધાન્ય, કપાસ, લોહ, ગોળ, ખાંડ, હીંગ, મંજીઠ આદિ વ્યાપારની દરેક ચીજમાંથી અમુક પ્રમાણ ભેટ આપવું એવું ઠરાવ્યું છે.

(૩૪૩)

આ લેખ પણ, એ જ જગ્યાએ કોતરેલો છે. મિતિ સં. ૧૧૮૭ ના ફાલ્ગુન સુદિ ૧૪ ગુરુવાર, ની છે. એમાં જણાવ્યું છે કે—ષંડેરક ગચ્છના દેશી ચૈત્યમાં સ્થિત શ્રીમહાવીરદેવની પૂજાર્થે, મોરકરા ગામની

દરેક ઘાણીમાંથી નિકલતા તેલનો ½ ભાગ, ચાહુમાણ (ચોહાણ) પાપચરાના પુત્ર વિંશરાકે બક્ષીસ તરીકે આપ્યો છે. ઇત્યાદિ.

(૩૪૪)

આ લેખ, એજ મંદિરના રંગમંડપમાં પેસતાં ડાબા હાથ તરફ કોતરેલો દષ્ટિએ પડે છે.

તપાગચ્છના યતિ માણિક્યવિજયના શિષ્ય જિતવિજયના શિષ્ય કુશલવિજયના ઉપદેશથી, સં. ૧૭૯૫ ના વૈશાખ માસમાં, ઉકેશ જ્ઞાતિના વોહરાગોત્રવાળા સાહ. ઠાકરસીના પુત્ર લાલાએ, સોનાનો કળશ કરાવ્યો તથા સતરભેદી પૂજા ભણાવી વિગેરે હકીકત છે.

આ આદિનાથના મંદિર વિષયમાં, એ પ્રદેશમાં એક ચમત્કારિક દંતકથા ચાલે છે. એ દંતકથા, આર્કિઑલૉજીકલના વેસ્ટર્ન સર્કલના સન ૧૯૦૫-૦૬ ના પ્રોગ્રેસ રિપોર્ટમાં, શ્રીયુત ડી. આર. ભાંડારકરે પણ નોંધેલી છે તેથી વાચકોના જ્ઞાનની ખાતર, ઉક્ત રિપોર્ટમાંથી તેટલો ભાગ અત્ર આપવામાં આવે છે. એ ઉપર જણાવેલા આદિનાથના મંદિરની થોડેક છેટે બ્રાહ્મણોનું એક તપેશ્વર મહાદેવના નામે મંદિર છે, તે મંદિર અને આ આદિનાથના મંદિરનો દંતકથામાં પરસ્પર સંબંધ કહેવાય છે તેથી તે બંને મંદિરોની નોંધ એક સાથે જ લેતાં શ્રીયુત ભાંડારકર લખે છે કે—

" તપેશ્વર અને આદીશ્વરનાં બે દેવાલયો વિષે કહેતાં જણાવવું જોઇએ કે, તપેશ્વરનું દેવાલય બ્રાહ્મણી છે. તે પૂર્વાભિમુખ છે. તેમાં મધ્યભાગમાં મુખ્ય મંદિર છે અને તેની આજુ બાજુ ગોળ ફરતો પ્રદક્ષિણા માર્ગ છે. મંદિરને મંડપ અને કમાનો છે. મંડપની આસપાસ બીજી દેવકુલિકાઓ બાંધેલી છે. આ દેવકુલિકાઓમાંથી ઉત્તર દક્ષિણ બાજુની દેવકુલિકાઓમાં સૂર્ય અને ગણપતિની મૂર્તિઓ છે.

બીજું દેવાલય આદીશ્વરનું—જૈન દેવાલય છે. આ બે દેવાલયો વિષે દંતકથા ચાલે છે કે—એક વખતે એક જૈન યતિ શૈવ ગોસાંઈની

વચ્ચે મંત્ર પ્રયોગમાં પરસ્પરની કુશળતા વિષે વાદ-વિવાદ થયો. તેઓએ પોતાની શક્તિ દેખાડવા માટે, દક્ષિણ મારવાડના મલ્લાણીના ખેડમાંથી બંને જણાએ પોતપોતાના મતના આ મંદિરો, મંત્ર બલથી આકાશમાં ઉડાડયાં અને એવી પ્રતિજ્ઞા કરી કે સૂર્યોદય પહેલાં નાડલાઇ પહોંચીને તેની ટેકરી ઉપર, જે પ્રથમ પોતાનું મંદિર સ્થાપન કરશે, તેની જીત થએલી ગણાશે. બંને જણાએ ત્યાંથી મંદિરો એક સાથે ઉડાડયાં પરંતુ શૈવ ગોસાંઇ, જૈન યતિની આગળ નિકળ્યો અને નાડલાઇની ટેકરી પાસે આવી ઉપર ચઢવા જતો હતો તેટલામાં જૈન યતિએ મંત્રવિદ્યાથી કુકડાનો અવાજ કર્યો. તેથી ગોસાંઈ વિચારમાં પડયો અને સૂર્યોદય થયો કે શું તે જોવા મંડયો એટલામાં જૈન યતિનું મંદિર પણ તેની બરાબર આવી પહોંચ્યું અને સૂર્યોદય થઇ જવાના લીધે બંને જણાએ ટેકરીની નીચે જ પોત પોતાના મંદિરો સ્થાપન કર્યાં. આ દંતકથાને લગતી એક કડી પણ ત્યાંના લોકો વારંવાર બોલ્યાં કરે છે તે આ પ્રમાણે--

संवत दश दहोत्तरो वदिया चोरासी वाद ।
खेडनगर थी लाविया नाडलाई प्रासाद ॥ "

આ દંતકથામાં જણાવેલી જૈન યતિ સંબંધી હકીકત તે ષંડેરક ગચ્છના યશોભદ્રસૂરિને ઉદ્દેશીને છે. 'સોહમકુલરત્નપટ્ટાવલિ' નો લેખક પણ આ હકીકતનું સૂચન કરે છે અને તેણે પણ આ કડી આપેલી છે. પરંતુ તેની આપેલી કડીમાં ઉત્તરાર્દ્ધ, આ કડી કરતાં જુદો છે. તે લખે છે કે--

वल्लभीपुरथी आणियो ऋषभदेव प्रासाद ।

પરંતુ, યશોભદ્રસૂરિના રાસ લખનાર કવિ લાવણ્યવિજય આ હકીકત આપતા નથી જ્યારે તેમના ચમત્કારોની બીજી ઘણી હકીકતો આપે છે. તથાપી લાવણ્યસમયના સમયમાં એ માન્યતા તો અવશ્ય પ્રચલિત હતી કે, આ મંદિર યશોભદ્રસૂરિ પોતાની મંત્રશક્તિથી બીજે ઠેકાણેથી ઉપાડીને લાવ્યા હતા; કારણ કે, ઉપર ૩૩૯ નંબરવાળા

લેખમાં, જે સં. ૧૫૯૭ માં લખવામાં આવ્યો છે, સ્પષ્ટ જણાવ્યું છે કે, સં. ૯૬૪ માં, આ મંદિર શ્રીયશોભદ્રસૂરિ મંત્રશક્તિથી અહિં લાવ્યા હતા.

આ દંતકથા કે માન્યતાની સાથે આજે આપણને કાંઈ સંબંધ નથી. આપણે તો આટલું કહી શકીએ કે વિક્રમના બારમા સૈકાથી તો આ મંદિર વિદ્યમાન હોવાના પુરાવાઓ આપણને મળે છે. સૌથી જુનો લેખ (નં. ૩૪૩) છે તેની મિતિ ૧૧૮૭ ની છે, તેથી તે તારીખની પહેલાં કોઈ પણ વખતે એ મંદિરની સ્થાપના ત્યાં થઇ છે એ નિર્વિવાદ છે. વિશેષમાં એ પણ જાણવા જેવું છે કે હાલમાં એ મંદિર આદિનાથના નામે પ્રસિદ્ધ છે, પરંતુ તે વખતે મહાવીરના નામે પ્રસિદ્ધ હતું. કારણ કે રાયપાલ રાજાના વખતના જે લેખો, એના સભામંડપમાં કોતરેલા છે તે બધામાં આને 'મહાવીર ચૈત્ય' તરીકે જ ઉલ્લેખેલો છે. પાછળથી જ્યારે મંત્રી સાયરે જીર્ણોદ્ધાર કર્યો હશે ત્યારે તેણે મહાવીરદેવના સ્થાને આદિનાથની સ્થાપના કરી હશે. પરંતુ નં. ૩૩૮–૯ વાળા લેખો ઉપરથી એમ જણાય છે કે સાયરનો કરાવેલો ઉદ્ધાર પૂર્ણતાએ પહોંચ્યો લાગતો નથી અને તેથીજ ગુજરાતના ચાંપાનેર, મહમદાબાદ, વીરમગામ, પાટણ, સમી અને ...પુર આદિ ગામોના જુદા જુદા સંઘોએ તેની પૂર્ણતા કરી છે. એજ સમયમાં સાયરના પુત્રોએ, ૩૩૬ મા લેખમાં જણાવ્યા પ્રમાણે, મંદિરમાં આદિનાથની પ્રતિમા સ્થાપન કરી. પરંતુ ૩૩૭ નંબર-લેખ ઉપરથી જણાય છે કે એ પ્રતિમા પણ લાંબા સમય સુધી રહી શકી નથી અને તેથી લગભગ પોણા સૈકા જેટલા કાલ ...રી તેમનાજ વંશજોએ સં. ૧૬૭૪ માં પુનઃ આદિનાથની ...તેમા પ્રતિષ્ઠિત કરી. આ લેખોથી એ પણ જાણવા જેવું છે ...ંદિરના આવી રીતે ત્રણે વખતે થએલા સ્મારકામમાં મુખ્ય ...કજ વંશના લોકોએ ભાગ ભજવ્યો છે તેથી એમ અનુમા-...એ મંદિરસાથે એ વંશનો ખાસ સંબંધ હોવો જોઇએ.

મંત્રી સાયર ભંડારીગોત્રનો હતો. લેખમાં જણાવ્યા પ્રમાણે રાવલ લાખણની સંતતિમાં તે થએલો હતો. મારવાડના ભંડારીઓ આજે પણ પોતાને રાઉલ લાખણની સંતતિ માને છે અને કહે છે કે અમને યશોભદ્રસૂરિએ જૈન કર્યા છે. આ રાઉલ લાખણ નિ:શંક રીતે નાડોલનો ચોહાણ હતો. યશોભદ્રસૂરિના મુખ્ય શિષ્ય શાલિસૂરિને પણ ચાહુમાન વંશના શ્રૃંગાર–સ્વરૂપ લખ્યા છે તેથી ચાહુમાનોનો અને ષંડેરકગચ્છનો પરસ્પર વિશેષ સંબંધ હતો એમ જણાય છે. સંભવ છે કે એજ ચાહુમાનો પાછળથી ભંડારી કહેવાયા હોય. અસ્તુ.

(૩૪૫)

આ નંબરવાળો લેખ મારવાડ રાજ્યના છેક દક્ષિણ ભાગમાં આવેલા રત્નપુર નામના એક ગામમાં આવેલો છે. થોડાં વર્ષો પહેલાં, ભાવનગર રાજ્ય તરફથી પ્રકટ થએલા " પ્રાકૃત અને સંસ્કૃત લેખોનો સંગ્રહ " નામના પુસ્તકમાંથી આનો અમે ઉતારો કરેલો છે.

વાસ્તવિક રીતે જોતાં આ કાંઇ ખાસ જૈન લેખ નથી. કારણકે પ્રથમ તો એ શિવના મંદિરમાં કોતરેલો છે અને બીજું એની લેખનપદ્ધતિ પણ તદનુકૂળ છે. પરંતુ આ સંગ્રહમાં એને સ્થાન આપવાનું કારણ એ છે કે એક તો આમાં સુપ્રસિદ્ધ જૈન નૃપતિ કુમારપાળનું નામ છે અને બીજું, જેમના પ્રયત્નથી આ લેખમાં આવેલી જીવહિંસા પ્રતિબંધક આજ્ઞા કરવામાં આવી છે તેઓ જૈન હતા. ત્રીજું, જૈનોનીજ લાગણી ઉલ્લસિત કરવા માટે આમાં જાહેર કરેલું ફરમાન કાઢવામાં આવ્યું છે. આના પછીનો લેખ પણ એજ પ્રકારનો છે.

લેખનો ભાવાર્થ આ પ્રમાણે છે:—

મહારાજાધિરાજ, પરમભટ્ટારક, પરમેશ્વર, પાર્વતીપતિલબ્ધ પ્રૌઢપ્રતાપ શ્રી કુમારપાળદેવના રાજ્ય સમયે, મહારાજભૂપાલ શ્રી રાયપાલદેવની હકુમતમાં આવેલા રત્નપુર નામના સ્થાનના

માલિક પૂનપાક્ષદેવની મહારાણી શ્રી ગિરિજાદેવિએ સંસારની અસારતાનો વિચાર કરી, પ્રાણિઓને અભયદાન (જીવિતદાન) આપવું એ મહાદાન છે એમ સમજી, નગરનિવાસી સમસ્ત બ્રાહ્મણો, આચાર્યો (પૂજારીઓ ?) મહાજનો, તંબોલિઓ વિગેરે પ્રજાજનોને બોલાવી તેમની સમક્ષ આ પ્રકારે શાસન (ફરમાન) પત્ર કર્યું કે, (આજ) અમાવસ્યાના પર્વ દિવસે, સ્નાન કરી, દેવતા અને પિતરોને તર્પણ આપી તથા નગર દેવતાને (પૂજાદિ વડે) પ્રસન્ન કરી, આ જન્મ તેમજ પરજન્મમાં પુણ્યફળ પ્રાપ્ત કરવા તથા યશ વધારવાની અભિલાષાથી, પ્રાણિઓને અભયદાન દેવા માટે આ શાસન પ્રકટ કર્યું છે કે દરેક માસની એકાદશી, ચતુર્દશી અને અમાવસ્યા-કૃષ્ણ અને શુક્લ પક્ષ એમ બંને પક્ષની આ તિથિઓ-ના દિવસે કોઇએ, કોઇ પણ પ્રકારની જીવહિંસા, અમારી જમીન-સીમામાં ન કરવી. અમારી સંતતિમાં થનાર દરેક મનુષ્યે તથા અમારા પ્રધાન, સેનાના અમલદાર, પુરોહિત અને સઘળા જાગીરદારોએ, આ આજ્ઞાનું પાલન કરવું-કરાવવું. જે કોઈ આનો ભંગ કરે તેને દંડ કરવો. અમાવસ્યાના દિવસે ગામના કુંભારોએ પોતાના વાસણો પકાવવા માટે પણ નિભાડો સળગાવવો નહિં. જો કોઇ મનુષ્ય આ દિવસોમાં બેદરકાર થઇ જીવહિંસા કરશે તો તેને ૪ દ્રમનો દંડ થશે નાડોલના રહેવાસી પોરવાડ જાતિના શુભંકર નામના ધાર્મિક સુશ્રાવકના પુ અને સાલિગ નામના બે પુત્રોએ જીવદયાતત્પર થઈ પ્રાણિના હિતાર્થે (અમને) વિનંતિ કરીને આ શાસન પ્રકટ કર્યું છે.

છેલ્લી પંક્તિમાં, કટારનું ચિત્ર આપી, પૂનપાક્ષદેવના સહિ (હસ્તાક્ષર) કરવામાં આવી છે. તથા પારિ૦ (પારિખ=પરીક્ષક) ધરના પુત્ર ઠ૦ (ઠક્કુર) જસપાલે પ્રમાણ કર્યું છે; એમ લખ્યું છે.

(૩૪૬)

આ લેખ, એપિગ્રાફિઆ ઇન્ડિકાના ૧૧ મા ભાગમાં પ્રસિદ્ધ

થયો છે, અને એનું વર્ણન તથા વિવેચન શ્રી દેવદત્ત રા. ભાંડારકરે નીચે પ્રમાણે આપ્યું છેઃ—

કિરાડુના ખંડેરોમાં આવેલા એક શૈવ મંદિરમાંથી આ લેખ મળી આવ્યો છે. જોધપુર રાજ્યમાંના મલ્લાણી જીલ્લાના મુખ્ય શહેર બાહડમેરથી વાયવ્ય કોણમાં સોળ માઇલને છેટે હાથમા ગામ પાસે આ કિરાડુ ગામ આવેલું છે. ભાવનગર રાજ્ય તરફથી પ્રકાશિત " પ્રાકૃત અને સંસ્કૃત લેખોનો સંગ્રહ " નામના પુસ્તકના ૧૭૨ પૃષ્ઠ ઉપર આ લેખ ઇંગ્રેજી અનુવાદ સાથે છપાએલો છે. પરંતુ ઉક્ત પુસ્તકમાં આવેલા બીજા લેખોની માફક આ લેખ પણ બેદરકાર રીતેજ મુદ્રિત થએલો છે.

આ લેખ ૨૧ પંક્તિમાં લખાએલો હોઇ ૧' ૫½ " પહોળો તથા ૧' ૨" લાંબો છે. સત્તરમી લીટી સુધીમાં પત્થરનો વચલો ભાગ ખરાબ થઇ ગયો છે, છતાં પણ મુદ્દાની બાબતો ઘણા ભાગે જળવાઇ રહી છે તેથી એકંદર રીતે લેખ સ્પષ્ટજ છે લેખની લીપિ નાગરી છે અને ભાષા સંસ્કૃત ગદ્ય છે. જાણવા જેવી બાબત એ છે કે ર અક્ષર પછી આવેલો અક્ષર બેવડો કરેલો છે. તથા ਥ ને બદલે વ વાપરેલો છે; માત્ર એક ઠેકાણે તેમ નથી, (જુઓ, लंघ–પંક્તિ ૨). તેરમી પંક્તિમાં ' अमारी रुद्दा ' એવા શબ્દો વાપરેલા છે અને તે જો કે જૈન ધર્મશાસ્ત્રોમાં અજ્ઞાત નથી. તો પણ સાધારણ સંસ્કૃત સાહિત્યથી તે બાહ્ય છે. તેનો અર્થ ' અહિંસા પાલન ' એ થાય છે.

લેખ ઉપર આરંભમાંજ ' સંવત્ ૧૨૦૯ માઘ વદિ ૧૪ શનિ ' એ પ્રમાણે મિતિ આપેલી છે. તે વખતે કુમ (મા) રપાળ ચક્રવર્તી રાજા હતો અને શાસન પત્રો તથા જાહેરનામાઓ પ્રકટ કરવાનું કાર્ય મહાદેવ કરીને કરતો હતો. પંક્તિ ૪–૬ માં કુમારપાલના ખંડિયા રાજા–મહારાજા શ્રી આલણદેવ-નું નામ છે. જૈન કુમારપાલની મહેરબાનીથી કિરાતકૂપ, લાટહૃદ અને શિવા તેને બક્ષીસમાં મળ્યાં

હતાં. એ ત્રણે ગામોમાં, ઉપર જણાવેલા દિવસે-જે શિવરાત્રિનો દિવસ હતો-તે. રાજાએ, પ્રાણિઓને જીવિતદાન આપવું તે મહાન્ દાન છે એમ સમજી, પુણ્ય તથા યશઃકીર્તિનો અભિલાષી થઇ, મહાજનો, તાંબુલિકો અને બીજા સમસ્ત ગ્રામ જનોને, દરેક માસની સુદિ તથા વદિ પક્ષની અષ્ટમી, એકાદશી અને ચતુર્દશીના દિવસે, કોઇ પણ પ્રકારના જીવને ન મારવા આજ્ઞા કરી. જે મનુષ્યો આ આજ્ઞાની અવજ્ઞા કરે અને કોઇપણ પ્રાણિને મારે-મરાવે તેને સખત શિક્ષા કરવાનું ફરમાન કાઢયું. બ્રાહ્મણો, ધર્મગુરૂઓ (પુરોહિતો) અમાત્યો અને બીજા બધા પ્રજાજનોને એક સરખી રીતે આ શાસનનું પાલન કરવાનું ફરમાવ્યું. વિશેષમાં કહેલું છે કે જો કોઇ આ હુકમનો ભંગ કરશે તેને પાંચ દ્રમ્મનો દંડ થશે, પરંતુ તે જો રાજાનો સેવક હશે તો એક દ્રમ્મ જ દંડ થશે.

પછી મહારાજા આલણદેવના હસ્તાક્ષર છે અને તેને 'મહારાજપુત્ર' કેલ્હણ અને ગજસિંહનું અનુમોદન આપ્યું છે. સાંધિવિગ્રહિક ખેલાદિત્યે આ હુકમ લખ્યો છે. પછી જણાવવામાં આવ્યું છે કે નાડોલના રહેવાસી પોરવાડ જાતિના શુભંકર શ્રાવકના પુત્રો નામે પૂતિગ અને શાલિગે, કૃપાપૂર્ણ થઇ, રાજાને વિનંતિ કરી, પ્રાણિઓને અભયદાન અપાવનારૂં આ શાસન જાહેર કરાવ્યું છે. છેવટે આ લેખ કોતરનારનું નામ છે કે જે ભાઇલ કરીને હતું.

આ લેખમાં જણાવેલાં સ્થાનોમાંથી કિરાતકૂપ તે તો આ કિરાડુ જ હોવું જોઇએ કે જ્યાંથી આ લેખ મળી આવ્યો છે વિ. સં. ૧૨૩૫ ના ચાલુક્ય રાજા ભીમદેવના સમયના એક લેખમાં (જે આજ મંદિરમાં સ્થિત છે) આ સ્થળ વિષે બે વાર ઉલ્લેખ કરવામાં આવ્યો છે. લાટહ્રદ તે ભિન્નમાલના લેખ નં. ૧૧ અને ૧૨ માં આવતું લાટહૃદ તથા ચાચિગદેવના સુધા ટેકરીવાળા લેખમાં આવતું રાટહૃદ હોવું જોઈએ. જ્યારે પ્રો. કીલ્હોર્ને નં. ૧૨ નો લેખ પ્રકાશિત કર્યો ત્યારે આ અને તે બંને સ્થાન એક જ છે એમ પૂરવાર કરી શક્યા

ન્હોતા, પરંતુ જોધપુરના મુંશી દેવીપ્રસાદની સૂચના પ્રમાણે લાટહ્રદ, રાટહ્રદ અને રાડધડા એ બધાં એક જ છે અને મારવાડના મલ્લાણી જીલ્લામાંના નગરગુઢાની આસપાસની જમીનનું તે નામ છે. ત્રીજું નામ શિવા છે. પરંતુ કમનશીબે તે સંપૂર્ણ રીતે જળવાએલું નથી તેથી આખું નામ શું છે તે ખાત્રીપૂર્વક કહી શકાતું નથી. પણ હું ધારૂં છું કે હાલના ' શિઓ ' ને મળતું કાંઇક નામ તે હોવું જોઇએ. આ ' શિઓ ' એક પુરાતન શહેર છે અને વર્તમાનમાં પણ કાંઇક મથક જેવું આગળ પડતું સ્થળ હોઇ તે જીલ્લાનું મુખ્ય શહેર છે.

(૩૪૭)

આ લેખ પણ ઉપર્યુક્ત પુસ્તકમાંથી જ ઉતારવામાં આવ્યો છે અને એનું વિવેચન શ્રીભાંડારકરે નીચે પ્રમાણે આપ્યું છે:—

બાલીગામથી અગ્નિકોણમાં પાંચ માઇલ દૂર આવેલા લાલરાઇના જૈન મંદિરોના ખંડેરોમાંથી આ લેખ ઉપલબ્ધ થયો છે. આની ૧૮ પંક્તિઓ છે અને ૧૦½" પહોળો તથા ૧' ૨¾" લાંબો છે. આઠમી પંક્તિ સુધી તો લેખ સુસ્થિત છે અને પછીની બે પંક્તિઓમાંના માત્ર પ્રારંભના એક બે અક્ષરો જતા રહ્યા છે. પણ ૧૧ થી ૧૮ પંક્તિઓ સુધીનો જમણી બાજુનો અર્ધો ભાગ બિલકુલ જતો રહ્યો છે. લેખની લીપિ નાગરી છે. આખા લેખમાં ઙ અક્ષર કાંઇક વિચિત્ર રીતે કાઢેલો છે. તેની ડાબી બાજુએ દોરીના ગાળા જેવું દેખાય છે. સોળમી પંક્તિ સુધી સંસ્કૃત ગદ્ય છે અને છેલ્લી બે લીટિઓમાં પદ્યની એક અખ્યાત પંક્તિનો થોડોક ભાગ છે જેમાં આશીર્વાદ આપેલું જણાય છે. ર ની પછીનો વ્યંજન બેવડાએલો છે અને વ તથા વ ને ઠેકાણે એકલો વ જ વાપરેલો છે. નીચેના શબ્દો ધ્યાન ખેંચે તેવા છે:— ' उरहारि, ' ' गूजर [तृ] ' ' हार [क] (પંક્તિ ૮) અને जवा (પંક્તિ ૯). ઉરાહારીનો અર્થ મ્હને એમ લાગે છે કે ' અરઘટ ' જેવો ગરગડીવાળો કુવો હશે. ખરી રીતે ગોડવાડ પ્રાંતમાં મ્હેં આવા ઘણા કુવાઓ જોએલા છે કે જેમનાં વિચિત્ર નામો આપેલાં છે.

ગૂजरत्र એ ગુજરત્રા (ગુજરાત) હોવો જોઇએ. નં. ૩ માં સૂચવ્યા પ્રમાણે ' हारक ' નો અર્થ એક જાતનું માપ થાય છે. અને जवा નો અર્થ તો જવ (ધાન્ય) થાય છે એ સ્પષ્ટ જ છે.

આ લેખની મિતિ સંવત્ ૧૨૩૩ જ્યેષ્ટ વદિ ૧૩ ગુરૂવારની છે અને નડૂલમાં રાજ્ય કરતા મહારાજાધિરાજ શ્રી કેલ્હણદેવના વખતમાં આ લેખ કરવામાં આવ્યો છે. આગળ એમ વર્ણન કર્યું છે કે સિનાણયના અધિપતિ (' ભોક્તૃ ') રાજપુત્ર લાખણપાલ્હ (લ) તથા રાજપુત્ર અભયપાલ, તેમજ નાડોલના તામ્રપત્રમાંનું દાન કરનાર અને કેલ્હણના ન્હાના ભાઇ કીર્તિપાલના પુત્રો તથા રાણી મહિબલદેવી, એ બધા મળીને શાંતિનાથદેવનો ઉત્સવ ઉજવવાને માટે ગ્રામ્યપંચ (' पंचकुल ') ની સમક્ષ એક ભેટ અર્પણ કરી કે-ભડિયાઉવ ગામના ઉરહારી (ગરગડીવાળા કુવા) થી ઉપજતા (પાકતા) જવનો એક હારક (' गुज़रात्रा ' ના દેશમાં વપરાતું માપ) હમેશાં આપવામાં આવશે. સાક્ષિઓનાં નામો જતાં રહ્યાં છે.

આ લેખમાં જણાવેલું સિનાણવ તે જેને નં. ૧૬ માં સંનાણક કહ્યું છે તે તથા નં. ૧૪ માં વર્ણવેલું સોનાણા, એકજ હોવું જોઇએ. ભડિયાઉવ પણ નં. ૧૬ માં આવેલું છે અને તે લાલરાઇથી નૈઋત્ય કોણમાં પાંચ માઇલને છેટે આવેલું બડવા (બરવા) છે. સમીપાટી જે ૧૩ મી પંકિતમાં આવેલું છે તે સેવાડિ છે એમ ઉપરના લેખોમાં જણાવેલુંજ છે. ગુજરાત્રા નં. ૧૬ માં આવેલું છે અને તે ભોજદેવ પ્રથમના પ્રતિહારવાળા દોલતપુરા લેખમાં વર્ણવેલો ગુર્જરાત્ર હોવો જોઇએ કે જે હાલના પર્બતસાર, મરોટ અને ડીડવાણાના મુલકમાં છે. નડૂલ એ નાડોલ જાણવું જોઇએ.

(૩૪૮)

આ લેખ પણ ઉકત પુસ્તકમાંથીજ લીધેલો છે અને એનું વર્ણન પણ ત્યાંથીજ અનુવાદિત કરી નીચે આપવામાં આવે છે:—

નં. ૧૭ ના (ઉપરવાળા) લેખની માફક આ લેખ પણ લાલરાઇમાં આવેલા જૈન મંદિરના ખંડેરોમાંથી હસ્તગત થયો છે. તેની તેર પંક્તિઓ હોઇ, ૮⅞" પહોળો તથા ૧૧⅞" લાંબો છે. તે નાગરી લીપિમાં લખેલો છે. પંક્તિ ૧૦ માં આવેલા તયા શબ્દ પછીની બધી પંક્તિઓ પાછળથી ઉમેરેલી છે અને ન્હાના કદના અક્ષરોમાં કોતરેલી છે. ૩ અક્ષરનું વિચિત્ર સ્વરૂપ,-જેના વિષે ઉપર કહેવામાં આવ્યું છે તે-આમાં પણ વિદ્યમાન છે. આખો લેખ સંસ્કૃત ગદ્યમાં છે. ત્રણ વાર ज ने બદલે य વાપરેલો છે (પંક્તિ ૧, ૨ અને ૬) નિમ્નલિખિત શબ્દો ધ્યાન ખેંચે તેવા છેઃ—(૧) હ઼ાર (પંક્તિ ૫-૬ અને ૧૨) શબ્દ 'હળ' ના અર્થમાં નહિં વપરાતાં 'ખેડુત' ના અર્થમાં વપરાયો છે; (૨) સેo (પંક્તિ ૭) જે 'સેઇ' શબ્દને માટે વપરાયો છે તેનો અર્થ મ્હારા નં. ૧૦ ના લેખમાં આપેલા વિવેચન પ્રમાણે 'એક જાતનું વજન' થાય છે.

આ લેખની મિતિ 'સંવત્ ૧૨૩૩ વૈશાખ વદિ ૩' છે અને તેમાં નંનાણક (જુઓ નં. ૧૫) ના 'ભોક્તૃ' લાખણદેવ તથા અભયપાલ વિષે ઉલ્લેખ કરેલો છે. ત્યારબાદ લખવામાં આવ્યું છે કે ગૂજરીજાત્રાના ઉત્સવ નિમિત્તે, પુણ્ય પ્રાપ્ત કરવાની અભિલાષાથી, લીંવડા, આસધર વિગેરે ખેડુતોએ શાંતિનાથ [ના દેવાલય] ને ખાડીસરના ખેત્રમાંથી જવના ૪ સેઇ અર્પણ કર્યા. પછી તાજા કલમમાં ઉમેરવામાં આવ્યું છુ કે-આસધર, સીરોધ્યિ આદિ સમસ્ત ખેડુતોએ વિલ્હ (નામના મનુષ્યના) પુણ્યાર્થે, ભડિયાઉઅ (બાડવા) ના અરઘટ્ટ (ગરગડીવાળા કુવા) માંથી જવનો એક 'હરેયુ' (હારક ?) તેજ કાર્યને માટે, અર્પણ કર્યો.

(૩૪૯)

એ નંબર વાળો લેખ તથા આ પંક્તિઓ નીચે આપેલું એનું વર્ણન ઉપર જણાવેલા પુસ્તકમાંથી જ ઉતારવામાં આવ્યા છે. વર્ણન આ પ્રમાણે છેઃ—

આ લેખ બાલીથી વાયવ્ય કોણમાં દસ માઇલ દૂર આવેલા સાંડેરાવ નામના ગામમાંના મહાવીર મંદિરના સભામંડપમાં ઉંચે ચોરસામાં કોતરેલો મળી આવ્યો છે. તેની ૪ જ લાઇનો છે. તે પહોળાઇમાં ૩'૧૧" અને લંબાઇમાં ૩½" છે. નાગરી લીપિમાં લખેલો છે. આખો લેખ સંસ્કૃત ગદ્યમાં છે. નવીન શબ્દો નીચે પ્રમાણેનાં છેઃ– 'कल्याणिक' અગર 'कल्याणक' (પંક્તિ ૧ અને ૩) 'युगंवरी' અને 'हाएल' (પંક્તિ, ૨ અને ૪) અને 'तलराभाव्य' (પં. ૨). 'કલ્યાણિક' શબ્દ જૈનનાં ધર્મશાસ્ત્રોમાં જ મળી આવે છે. જે પવિત્ર દિવસોમાં તીર્થંકરોના (૧) ચ્યવન (ગર્ભાધાન) (૨) જન્મ, (૩) દીક્ષા, (૪) કેવલજ્ઞાન, અને (૫) નિર્વાણ (મોક્ષ) થાય તે દિવસોને કલ્યાણિક કહેવામાં આવે છે. ડૉક્ટર લ્યુડર્સે પ્રકટ કરેલા આબુના લેખોમાંના નં. ૨ માં આ શબ્દ આવે છે. દેલવાડાના તેજપાલના દેવાલયના ફરતા મંદિરોના દ્વારો ઉપર જે જે તીર્થંકરના નામે તે મંદિરો અર્પણ કરવામાં આવ્યાં છે તેમના પાંચ કલ્યાણિકો ત્યાં આપેલાં છે. 'युगंवरी' અને हाएल નો નિશ્ચિત અર્થ મને માલૂમ નથી; પરંતુ હું અનુમાન કરી શકું છું કે 'હાએલ' તે હળને બદલે વપરાયો હશે અને 'યુગંધરી' એ જવારનું નામ છે. 'તલારાભાવ્ય' નો અર્થ પણ નક્કી નથી. આ શબ્દ ભાવનગર રાજ્ય તરફથી પ્રકાશિત 'પ્રાકૃત અને સંસ્કૃત લેખ સંગ્રહ' નામના પુસ્તકના ૧૫૯ મા પૃષ્ઠ ઉપર આવેલો છે અને ત્યાં 'તલારાનું મહેસૂલ' એવો તેનો અર્થ કરેલો છે; પરંતુ તે અર્થ સંબંધવાળો લાગતો નથી. વળી ભાવનગરના 'પ્રાચીન શોધ સંગ્રહ' ના ભાગ ૧ ના પાંચમા પૃષ્ઠ ઉપર આ લેખ આપ્યો છે અને ૯ મે પાને તેનું ગુજરાતી ભાષાંતર છે, તે આ પ્રમાણે–'ખુશકી જકાતની ઉપજ'. એજ પુસ્તકમાં પાછળ આપેલા અંગ્રેજી અનુવાદમાં એમ લખ્યું છે કે–તલારા એ હાલનું તલાદરા (ગામ) છે. વળી, વીએના ઓરિએન્ટલ જર્નલ, ૧૯૦૭, પૃષ્ઠ ૧૪૩ મે, એમ. જીજરે પ્રકાશિત કરેલા ચીરવા–લેખમાં આ શબ્દ 'તલાર' અગર 'તલારક'

એ પ્રમાણે વપરાએલો છે, અને તેનો અર્થ ' પુરાધ્યક્ષ ' અથવા નગર રક્ષક એવો થાય છે, એ સિદ્ધ કરવાને હેમચંદ્ર તથા ત્રિવિક્રમ (ના કોષ) ના પ્રમાણોનાં અવતરણો આપ્યાં છે. આ ઉપરથી એમ જણાય છે કે કોટવાળ અગર ' સીટી મેજીસ્ટ્રેટ ' ના દરજ્જાની આ જગ્યા હશે. પરંતુ કેટલીક વખત લેખોમાં ' ગામનાં પરાં ' ના અર્થમાં ' તલ ' શબ્દ વપરાય છે, તેથી શહેરમાં જેમ કોટવાળ હોય તેમ પરાંમાં તલાર હોઇ શકે.

આ લેખની મિતિ સંવત્ ૧૨૨૧ માઘ વદિ ૨ શુક્રવાર હોઇ કેલ્હણદેવ રાજાના સમયમાં તે બનેલો છે. તેમાં કહેલું છે કે ચૈત્ર સુદિ ૧૩ નો કલ્યાણિક [જે મહાવીરનો જન્મોત્સવ દિવસ છે અને હાલમાં કેટલાક વર્ષોથી જૈનસમાજમાં ઠેકાણે ઠેકાણે એ દિવસે ' મહાવીર જયંતી ' ઉજવાય છે–સંગ્રાહક.] ઉજવવા માટે કેલ્હણ-દેવ રાજાની મા આનલદેવિએ સંડેરક ગચ્છના [મંદિરના] મૂળ-નાયક મહાવીર દેવને, રાજાના પોતાના ઉપભોગમાંથી યુગંધરી એટલે જવારનો એક ' હાએલ ' (એક હળથી એક દિવસમાં ખેડી શકાય તેટલી જમીનમાં પેદા થએલો) અર્પણ કર્યો. તથા એજ કલ્યાણિક અર્થે તલારાની આવકમાંથી રાષ્ટ્રકૂટો–પાતૂ અને કેલ્હણ તથા તેમના ભત્રિજાઓ ઉત્તમસિંહ, સૂદ્રગ, કાલ્હણ, આહડ, આસલ, અણુતિગ વિગેરેએ એક દ્રમ્મ આપ્યો. તેવીજ રીતે ચૈત્ર સુદિ ૧૩ ના દિવસે કલ્યાણક ઉજવવા માટે, રથકારો–ધનપાલ, સૂરપાલ, જોપાલ, સિગડા, અસિયપાલ, જીસહડ, દેલ્હણ વિગેરે જે બધા સંડેરકનાજ રહિવાસી હતા તેઓએ યુગંધરીનો એક ' હાએલ ' ભેટ કર્યો.

નાડોલના તામ્રપત્રોમાં વર્ણવેલી કેલ્હણના પિતા આલ્હણની સ્ત્રી આન્નલદેવી તે આ લેખમાંની કેલ્હણદેવની માતા જ હોવી જોઇએ. આ છેલ્લા લેખમાં તેને રાષ્ટ્રૌડવંશના સહુલની કન્યા તરીકે ઓળ-ખાવી છે. રાષ્ટ્રૌડ એ રાષ્ટ્રકૂટજ છે. અને પાતૂ વિગેરે જે ઉપર જણાવ્યા છે તે રાષ્ટ્રકૂટો તેના પિતાનાં સગાં હશે એમ જણાય છે.

(૩૫૦)

આ લેખ અને નીચેનું વર્ણન પણ ઉક્ત પુસ્તકમાંથીજ ઉદ્ધૃત છે. વર્ણન આ પ્રમાણે—

ઉપરના લેખની માફક આ લેખ પણ સાંડેરાવમાંથી મળી આવ્યો છે અને તેજ મહાવીરના દેવાલયના સભા મંડપમાંના એક સ્તંભ ઉપર કોતરેલો છે. તે ૧૦ પંક્તિમાં લખાએલો હોઈ પહોળાઇમાં ૧' ૩½" અને લંબાઇમાં ૮" છે. પ્રથમની ૪ પંક્તિઓ સારી સ્થિતિમાં છે અને સારી રીતે વાંચી શકાય તેમ છે. પરંતુ બાકીનો ભાગ એટલો બધો જીર્ણ થઈ ગયો છે, કે જેથી ખાત્રીપૂર્વક સમજી શકાય તેમ નથી. તેની લીપિ નાગરી છે અને ભાષા સંસ્કૃત ગદ્ય છે. ર પછીનો વ્યંજન બેવડાએલો છે, તે ધ્યાન ખેંચવા લાયક છે. 'द्राएला' (પં. ૮) તથા 'सारा' (પં. ૯) આ બે શબ્દો વિચારવા જેવા છે. આબુના લેખોમાંના નં. ૨ માં આ ('सा।') શબ્દ આવેલો છે અને ત્યાં પ્રો૦ લ્યુડર્સે તેનો અર્થ 'કાળજી-સંભાળ' એવો કરેલો છે.

પ્રથમની પંક્તિમાં જુદીજ બાબત આવે છે. લખેલું છે કે-પોતાની માતાના સ્મરણાર્થે થાંથાના પુત્રો રાલ્હા અને પાલ્હાએ આ ભેટ અર્પણ કરી છે. (લેખમાં स्तंभकः प्रदत्तः આવો ઉલ્લેખ છે તેનો ભાવાર્થ 'સ્તંભ (થાંભલો) બનાવી આપ્યો' એમ થાય છે. બીજી કોઇ ભેટનો ઉલ્લેખ નથી.—સંગ્રાહક.) બીજી પંક્તિમાં મિતિ છે:—'સંવત્ ૧૨૩૯ કાર્તિક વદિ ૨ બુધવાર.' નાડૂલના મહારાજાધિરાજ શ્રી કેલ્હણદેવના વખતમાં આ લેખ થએલો છે. આગળ ઉપર એમ જણાવ્યું છે કે-થાંથાનો પુત્ર રાલ્હાક અને તેનો ભાઇ પાલ્હા તથા પાલ્હાના પુત્રો સોઢા, સુભકર, રામદેવ આદિએ મળીને પોતાનું પ્રસિદ્ધ ઘર, રાણી જાલ્હણદેવીની જાગીર ('ભુક્તિ') માં આવેલા સાંડેરક (સાંડેરાવ) માંના દેવ શ્રી પાર્શ્વનાથને અર્પણ કર્યું છે. રાલ્હાના ઘરમાં રહેતા મનુષ્યોએ આ દેવને વર્ષે વર્ષે ૪ દ્રાએલા ચઢાવવા.

૯-૧૦ પંક્તિઓનો સંબંધ પ્રથમની પંક્તિઓ સાથે હોય એમ લાગે છે, અને તેમાં કહેવામાં આવ્યું છે કે-માતા ધારમતીના પુણ્યાર્થે સંવત્ ૧૨૯૬ ના જ્યેષ્ઠ સુદિ ૧૩ ને શનિવારે આ સ્તંભને સમરાવવામાં આવ્યો હતો ધારમતીને અહિં માતા તરીકે લખી છે તેથી સમજાય છે કે તે રાલ્હા અને પાલ્હાની જનની હશે.

જાલોર કિલ્લાના લેખો.

મારવાડ દેશના દક્ષિણ ભાગમાં જાલોર નામનું એક શહેર અને જીલ્લાનું મુખ્ય મથક છે. મારવાડની રાજધાની જોધપુરથી ૮૦ માઇલ દૂર અને સુકડી નદીના કાંઠે તે નગર વસેલું છે. જૂના લેખો અને ગ્રંથોમાં આ નગરનું જાબાલીપુર એવું નામ મળી આવે છે. સુપ્રસિદ્ધ શ્વેતામ્બર આચાર્ય જિનેશ્વરસૂરિએ વિ. સં. ૧૦૮૦ માં હરિભદ્રાચાર્ય વિરચિત 'અષ્ટક સંગ્રહ' નામના ગ્રંથ ઉપર પોતે રચેલી વિદ્વત્તા ભરેલી ટીકાનું સમાપન આજ નગરમાં કર્યું હતું. બીજા પણ અનેક ગ્રંથોમાં આનું નામ મળી આવે છે. આ ઉપરથી જણાય છે કે પ્રાચીન કાળમાં આ સ્થાન જૈનસંસ્કૃતિ અને જાહોજલાલી ભરેલું હતું. રાજકીય ઇતિહાસ ઉપર દ્રષ્ટિપાત કરતાં જણાય છે કે પ્રથમ ત્યાં પરમારોનું રાજ્ય હતું. જાલોરમાંથી મળી આવતા લેખોમાં સૌથી જુનો લેખ 'સં. ૧૧૭૪ આષાઢ સુદિ ૫ ભૌમે' ની મિતિનો છે અને તેમાં રાજકર્તા તરીકે વીસલ નામના પરમારનો ઉલ્લેખ છે. આ લેખમાં વીસલના પહેલાંના ૬ રાજાઓનાં નામો આપેલાં છે. દરેક રાજાના ૨૦ વર્ષ, આ પ્રમાણે ગણિએ તો એકંદર ૧૨૦ વર્ષ પૂર્વે-અર્થાત વિ. સં. ૧૦૫૪ (ઈ. સ. ૯૯૭) થી ત્યાં એ વંશ રાજ્ય કરતો હતો એમ માની શકાય. પરમારો પછી ત્યાં ચાહમાનો (ચોહાણો) નો અધિકાર થયો. એ લોકોના અધિકારની શરૂઆત ક્યારથી થાય છે તે હજી ચોક્કસ જણાયું નથી પરંતુ સુન્ધા ટેકરીના લેખમાં જણાવ્યા પ્રમાણે કીર્તિપાલ ચોહાણે નાડોલથી-પોતાની રાજધાની જાલોરમાં આણી હતી. બીજા પ્રમાણો

ઉપરથી જણાય છે કે કીર્તિપાલે વિ. સં. ૧૨૩૬ થી ૩૯ સુધી રાજ્ય કર્યું હોવું જોઇએ. તેના પુત્ર સમરસિંહે જાલોરની સમીપમાં આવેલા કનકાચલ અથવા સુવર્ણગિરિ નામના પહાડ ઉપર મજબૂત કિલ્લો બંધાવ્યો. છેવટે કાન્હડદેવના વખતમાં દિલ્હીના સુલ્તાન અલ્લાઉદ્દીન ખીલજીએ જાલોર ઉપર ચઢાઇ કરી વિ. સં. ૧૩૬૮ માં ત્યાં પોતાની હકૂમત જાહેર કરી. ત્યાર બાદ ત્યાં મુસલમાનોનોજ લાંબા સમય સુધી અધિકાર રહ્યો. હાલમાં જોધપુરના રાઠોડોના વિશાલ રાજ્યનું માત્ર તે એક જીલ્લાનું ઠેકાણું ગણાય છે.

જાલોર ગામમાં એક મ્હોટી કબર આવેલી છે જેનો હાલમાં તોપખાના તરીકે ઉપયોગ થાય છે. આ કબરનો ઘાટ અજમેરમાં આવેલી સુપ્રસિદ્ધ કબર કે જેને ત્યાંના લોકો ‘ अढाइ दिन का झोंपडा ’ કહે છે તેના જેવો છે. આ કબર મ્હોટા ભાગે જૈનમંદિરો ભાંગી તેમના સામાનથી બંધાવવામાં આવી છે એમ એની બાંધણી અને સ્તંભો ઉપર આવેલા જુદા જુદા લેખો ઉપરથી જણાય છે. હિંદુઓના મંદિરના અવશેષો પણ થોડા ઘણા માલમ પડે છે તેથી તેમનો પણ આનાં માટે ભોગ લેવાયલો અવશ્ય છે.

શ્રીયુત ડી. આર. ભાંડારકરના ઉલ્લેખ પ્રમાણે (જુઓ, આર્કિઓલૉજીકલ વેસ્ટર્ન સર્કલ પ્રોગ્રેસ રીપોર્ટ, સન ૧૯૦૫–૬) “ આ કબર ઓછામાં ઓછા ચાર દેવાલયોની સામગ્રીવડે બનાવવામાં આવી છે જેમાંનું એક તો સિંધુરાજેશ્વર નામનું હિંદુ મંદિર છે અને બીજા ત્રણ આદિનાથ, પાર્શ્વનાથ અને મહાવીર નામના જૈન મંદિરો છે. આમાંનું પાર્શ્વનાથનું મંદિર તો કિલ્લા ઉપર હતું. ”

(૩૫૧)

આ નંબરવાળો લેખ ઉપર વર્ણવેલી કબરની પરસાળના એક ખૂણામાં આવેલા સ્તંભો ઉપરના એક ઉપર એક રહેલા એમ બે

ચોરસામાં કોતરેલો મળી આવ્યો છે. કબર બાંધતી વખતે બરોબર ગોઠવવા સારૂં પત્થરનો એક તરફનો થોડોક ભાગ કાપી ન્હાંખવાથી લેખની દરેક લીટીનો પ્રારંભનો કેટલોક અંશ ખંડિત થઇ ગયો છે. લેખનું વર્ણન શ્રીયુત ભાંડારકર નીચે પ્રમાણે કરે છે. ×

ઉપરના ચોરસામાં ૩ લીટી છે અને લેખ ૮' ૨½" પહોળો તથા ૪" લાંબો છે. નીચેના ચોરસામાં ચાર લીટી છે અને તે ૮' ૫" પહોળો તથા ૫" લાંબો છે. જો કે આ લેખો બે જુદા જુદા ચોરસા ઉપર કોતરેલા છે તો પણ ખરી રીતે એકજ બાબત તેમાં વર્ણવેલી છે. જેટલો ભાગ વિદ્યમાન છે તે સારી સ્થિતિમાં છે. કોઇક કોઇક અક્ષરમાં ચૂનો ભરાઇ ગયો છે પરંતુ વાંચતા વિશેષ હરકત પડે તેમ નથી, તે નાગરી લિપિમાં લખાએલો છે. રાજપુતાનાના બીજા જૂના લેખોની માફક ख અક્ષરને બદલે બે સ્થાને ष કોતરાએલો છે. व અને च માં ભેદ પાડવા માટે चना વચલા ગાળામાં એક ઝીણું ટપકું કરેલું છે. ભાષા સંસ્કૃત છે અને કેટલોક ભાગ ગદ્યમાં અને કેટલોક પદ્યમાં છે. પદ્યના સૂચન માટે અંકો કરેલાં છે અને તેમની સંખ્યા સાત છે. પૂર્વેના र् પછીનો द અક્ષર બેવડો કરેલો છે. પ્રથમ પંક્તિમાં क्रम શબ્દનો પ્રયોગ કરેલો છે જેનો અર્થ પ્રસ્તુતમાં ' ચરણ=પગ ' એવો થાય છે. બીજો શબ્દ तस्कर (પં. ૨) છે જેનો અર્થ ' બહારવટીયા =ઠગ ' એવો થાય છે.

આ લેખની આરંભમાં નાભેય એટલે પ્રથમ તીર્થંકર ઋષભદેવની સ્તવના છે (પં. ૧). પછી, ગદ્યમાં મહારાજા કીર્તિપાલદેવના પુત્ર મહારાજ સમરસિંહદેવનો ઉલ્લેખ છે. આ કીર્તિપાલદેવ ' ચાહુમાન-વંશરૂપી આકાશમાં ચંદ્રસમાન ' મહારાજા અણહિલના વંશોત્પન્ન મહારાજા આલ્હણનો પુત્ર હતો. ત્યાર પછી રાજપુત્ર અને રાજ્યહિત-ચિંતક જોજલનું નામ છે અને તેને પીલ્વાહિક પ્રાંતના સઘળા તસ્કર એટલે બહારવટિઆઓનો તિરસ્કારક જણાવ્યો છે. ત્યાર બાદ બે પદ્ય

× એપિગ્રાફિઆ ઇન્ડિકા, પુ ૧૧, પૃ. ૫૨.

છે જેમાં એકમાં સમરસિંહદેવના વખાણ કર્યાં છે અને બીજામાં તેના મામા જોજલનું સૂચન છે. કીશનગઢ સ્ટેટની સરહદ ઉપર આવેલા જોધપુર રાજ્યના પરબતસાર પ્રાંતનું પાલવા એજ પાલ્વાહિકા હોવું જોઇએ અને હાલમાં ત્યાં વસતા 'બાવરી' લોકો તેજ તસ્કરો હશે. આના પછી ગદ્ય આવે છે (પં. ૪–૫). સ્તુતિપદ્ય તથા અંતિમપદ્ય ઉપરથી એમ જણાય છે કે જે મંડપમાં પહેલાં આ લેખ કોતરવામાં આવ્યો હશે, અને જે પ્રથમ તીર્થંકરના મંદિરમાં આવેલો હશે, તે મંડપના વિષયમાં લખે છે કે—' આ મંડપ શ્રીમાલવંશના શેઠ યશોદેવનો પુત્ર શેઠ યશોવીર જે એક પરમશ્રાવક હતો તેણે કરાવ્યો હતો. આ કાર્યમાં તેના ભાઇ યશોરાજ અને જગધર તથા બીજા સકલ ગોષ્ઠિકો (શ્રાવકો) તેના સાથી હતા. એ યશોવીર ચંદ્રગચ્છના આચાર્ય શ્રી ચંદ્રસૂરિના શિષ્ય પૂર્ણભદ્રસૂરિનો પૂર્ણ ભક્ત હતો. આ મંડપ બંધાયાની મિતિ ' વિ. સં. ૧૨૩૯ ના વૈશાખ શુદ્દી ૫ ગુરૂવાર ' છે. પછી ૪ થી ૭ સુધીના પદ્યોમાં મંડપની પ્રશંસા છે. છેવટે જણાવ્યું છે કે પૂર્ણભદ્રસૂરિએ આની (પ્રશસ્તિ–લેખની) રચના કરી છે.

(૩૫૨)

ઉપર જણાવેલી કબરની મેહરાબ ઉપર આવેલા માળમાંના એક ઉંચા ચોરસા ઉપર આ નંબરવાળો લેખ કોતરેલો દૃષ્ટિગોચર થાય છે. લેખ ૬ પંક્તિમાં લખેલો છે અને તેનો માપ પહોળાઇમાં ૨' ૮½" અને લંબાઇમાં ૫½" છે. લિપી નાગરી અને ભાષા સંસ્કૃત ગદ્ય છે. વ ને વ વચ્ચે ભેદ ન પાડતાં સર્વત્ર વ જ કરવામાં આવ્યો છે. ર પછીનો ળ બેવડાએલો છે. લેખની હકીકત આ પ્રમાણે છે—

સં. ૧૨૨૧ ની સાલમાં, જાવાલિપુર (જાલોર) ના કાંચનગિરિ ગઢ ઉપર, આચાર્ય શ્રી હેમચંદ્રે પ્રતિબોધ આપેલા ગુર્જર મહારાજા પરમાર્હંત શ્રીકુમારપાલ ચૌલુક્યે 'કુવર વિહાર' નામનું મંદિર બંધાવ્યું હતું અને જેમાં પાર્શ્વનાથ દેવની મૂળનાયક તરીકે સ્થાપના કરી હતી. મંદિર, બૃહદ્ગચ્છના વાદીન્દ્ર દેવાચાર્યના પક્ષ–સમુદાયને એવી

ઇચ્છાથી સમર્પણ કર્યું કે મંદિરમાં શાસ્ત્રોક્ત રીતિએ હમેશાં પ્રવૃત્તિ થતી રહે.

પછી, સં. ૧૨૪૨ ની સાલમાં, આ દેશના અધિપતિ ચાહમાન (ચોહાણ) શ્રી સમરસિંહ દેવની આજ્ઞાથી ભાં. (ભાંડાગારી–ભંડારી) પાસૂના પુત્ર ભાં. યશોવીરે એ મંદિરનો સમુદ્ધાર કર્યો.

ત્યાર બાદ, સં. ૧૨૫૬ માં જેઠ સુદી ૧૧ ના દિવસે રાજાની આજ્ઞાથીજ શ્રીદેવાચાર્યના શિષ્ય પૂર્ણદેવસૂરિએ પાર્શ્વનાથદેવના તોરણ આદિની પ્રતિષ્ઠા કરી. શિખરના ઉપર સુવર્ણમય ધ્વજાદંડની સ્થાપના કરી અને તેમાં ધ્વજારોપણ કર્યું.

પછી, સં. ૧૨૬૮ માં દીપોત્સવ એટલે દીવાળીના દિવસે, નવીન તૈયાર થએલા પ્રેક્ષામંડપની (જ્યાં આગળ બેસીને લોકો મંદિરમાં થતી ક્રિયાઓ તથા પૂજાઓ વિગેરે જોઇ શકે, તેની), પૂર્ણદેવસૂરિના શિષ્ય રામચંદ્રસૂરિએ, સુવર્ણમય કળસની સ્થાપના સાથે પ્રતિષ્ઠા કરી.

આ લેખ કેટલીક બાબતો ઉપર વિશેષ પ્રકાશ પાડે છે જેમનો ઉલ્લેખ કરવો અત્ર ઉપયોગી થઇ પડશે. ઐતિહાસિક દૃષ્ટિએ વધારે ધ્યાન ખેંચવા લાયક હકીકત એ છે કે મૂલ પ્રથમ આ મંદિર ગુજરાતના પ્રતાપી અને પ્રસિદ્ધ નૃપતિ કુમારપાલે બંધાવ્યું હતું. કુમારપાલના ચરિતવર્ણન સંબંધી લખાયેલા અનેક ગ્રંથોમાં એવા ઉલ્લેખો છે કે તેણે ઠેકાણે ઠેકાણે પોતાના નામના–'કુમારવિહાર' એવા નામે–જૈન મંદિરો બંધાવ્યા હતાં. જો કે આ ઉલ્લેખોની સત્યતામાં શંકા લાવવાનું જરાએ પણ કારણ નથી છતાં પણ કેટલાકો તરફથી આવી શંકા કરવામાં આવે છે અને ગ્રંથોક્ત ઉલ્લેખ સિવાય બીજા આવા અસંદિગ્ધ પ્રમાણ તરીકે ગણાતા શિલાલેખના ટેકાની પણ ઉક્ત કથનમાં આવશ્યકતા જણાવી, તે ન મળવાથી, ચરિતવર્ણિત હકીકત માટે શંકિત નજરે જોવા–લખવાની પ્રવૃત્તિ જણાઇ આવે છે આવી પ્રવૃત્તિનો પ્રતીકાર આ લેખથી થઇ જાય છે. બીજું, કેટલ

વિદ્વાનો, કુમારપાલને જૈનો જે 'પરમાર્હત' તરીકે સર્વત્ર લખે છે તેમાં પણ ધર્માનુરાગનો અતિરેક થયો ગણી ગ્રંથોકત વર્ણનોને અતિશયોકિતના આકારમાં મૂકે છે. પરંતુ, આ લેખથી તેમના વિચારોનો પણ પ્રતિવાદ થઇ જાય છે. ગુર્જર સાહિત્યાકાશના પ્રકાશમાન્ નક્ષત્ર અને મ્હારા વૃદ્ધ સુહૃદ્ શ્રીયુત કે. હ. ધ્રુવ જેવા પુરાતત્ત્વનું તલસ્પર્શી જ્ઞાન ધરાવનાર વિશેષજ્ઞે પણ 'પ્રિયદર્શના' ની પ્રસ્તાવનામાં "જૈનધર્મીઓ પ્રત્યે સદ્ભાવ બતાવનાર પરમ માહેશ્વર કુમારપાલ સોલંકીને જૈન બંધુઓ પરમ આર્હત માને છે" (પ્રથમાવૃતિ પૃ. ૭૨) એમ વિચાર પ્રદર્શિત કર્યો છે અને પોતાના કથનના સમર્થનાર્થે, પાદટીકામાં, Epigraphia Indica II, 422, Chitorgadh fragmentary Inscription; Bhavnagar Inscriptions p. 112, p p 205–207 નું સૂચન કરે છે. * આ સૂચવેલા લેખોમાં કુમારપાલને 'ઉમાપતિવરલબ્ધ' વિગેરેના મહેશ્વરાનુયાયીને શોભે તેવા વિશેષણો હોવાથી મ્હારા એ વિદ્વાન મિત્ર ઉકત મત બાંધવા પ્રેરાયા છે. પરંતુ ખુદ હેમચંદ્રાચાર્યના પોતાના રચેલા ગ્રંથોથી લઇ આજ પર્યંત લખાએલા અગણિત ગ્રંથો-નિબંધો કુમારપાલને પરમાર્હત તરીકે જણાવેલા ઉલ્લેખોની વિશાલ સેના સાથે આ લેખ અગ્રસર થઇ તેમના અભિપ્રાયને બાધકર્તા થાય છે. આ ઠેકાણે વાચકોને સહજ શંકા થશે કે ત્યારે શું કુમારપાલને જે લેખોમાં શિવભકતને શોભે વા વિશેષણો આપવામાં આવ્યાં છે, તે લેખો ખોટા છે? મ્હારા પ્રામાણિક વિચાર પ્રમાણે તે લેખો ખોટા નથી પરંતુ ખરા છે; પણ નો ખુલાસો આમ થાય છે—એક તો તે લેખો કુમારપાલે પૂર્ણ રીતે ધર્મ સ્વીકાર્યો ન હતો તે સમયના છે, × તેથી તે વખતે તેવા

---

* છેલ્લા બે લેખો આ સંગ્રહમાં પણ ૩૪૫–૪૬ નંબર નીચે આપેલા છે.

× ચિત્તોડગઢનો લેખ સંવત્ ૧૨૦૭ માં લખાયો છે. બીજા બે લેખો જે રવાડના છે તેમાં એકની મિતિ સં. ૧૨૦૯ ની છે. બીજાની મિતિ નથી આપી તુ બન્નેના કારણ અને ઉદ્દેશ ઐકયને લીધે બીજો પણ એજ સમયના લગમાં થએલો હોવો જોઇએ. કુમારપાલે જૈનધર્મનો પૂર્ણતયા (શ્રાવકના ૧૨ ગ્રહણપૂર્વક) સ્વીકાર સં. ૧૨૧૬ માં કર્યો એમ જિનમંડનના પ્રબંધમાં છે.

વિશેષણો લગાડાય તે યથાર્થ જ છે, કારણ કે પ્રથમાવસ્થામાં તે નૃપતિ શૈવજ હતો. બીજું મુખ્ય કારણ એ છે કે ‘ ઉમાપતિ વરલબ્ધ ’ આદિ બિરૂદો એકલા કુમારપાલનેજ લગાડવામાં આવ્યા છે એમ નથી પરંતુ એ બિરૂદોતો ચૌલુક્યોના કુલક્રમાગત આવેલા હોય તેમ જણાય છે. કારણ કે એ વંશના બીજા પણ રાજાઓને ઉક્ત બિરૂદો લગાડેલા બીજા બીજા લેખોમાં સ્પષ્ટ જોવાય છે. આ કારણને લઇને કુમારપાલને, પરમ આર્હત થયાં છતાં, એ કુલક્રમાગત ઉતરી આવેલા વિશેષણોનો ત્યાગ કરવાનું કાંઇ કારણ નથી. જૈનધર્મના મુખ્ય સિદ્ધાંતોને બાધકર્તા ન થાય તેવી કોઇ પણ પ્રકારની કુલ–મર્યાદાનું ઉલ્લંઘન કરવા કે વિધાન કરવા સંબંધી વિચારો શ્રમણ ભગવાન મહાવીરે ઉપદેશ્યા નથી. વીતરાગ થયા છતાં એ મહાનિર્ગ્રંથ પોતાને ‘ ज्ञातपुत्र ’ ના સ્વકુલસૂચક વિશેષણથી હમેશાં પ્રકટ કરતા હતા ! આ સંબંધમાં વિશેષ અન્યત્ર લખવા ઇચ્છા છે. ‡

કુમારપાલે, આ લેખમાં વર્ણવેલા મંદિરને, શાસ્ત્રોક્ત વિધિએ તેનું પ્રવર્તન ચાલે તેટલા માટે, વાદીન્દ્રદેવાચાર્યના સમુદાયને સમર્પણ કર્યું, એવું જે કથન આ લેખમાં છે તે પણ ખાસ ધ્યાન ખેંચે તેવું છે. કુમારપાલના સમયમાં તેમજ તેના પૂર્વે ઘણા લાંબા સમયથી શ્વેતામ્બર–સંપ્રદાયમાં ચૈત્યવાસી યતિવર્ગનો ઘણો જોર જામેલો હતો. તે યતિઓએ જૈનમંદિરોને, મધ્યકાલના બૌદ્ધ વિહારો–મઠોને જેવા આકાર–પ્રકારમાં ફેરવી દીધાં હતાં. રાજા–મહારાજાઓ સત્તાધારી શ્રાવકો–મહાજનો તરફથી મંદિરોના નિભાવ ખર્ચે ગામોનાં ગામો આપવામાં આવતા તેમની સઘળી વ્યવસ્થા એ ચૈત્યવાસી યતિવર્ગ કરતો અને જમીનની ઉપજનો ઉપભોગ પણ વર્ગ સ્વેચ્છાપૂર્વક કરતો હતો. જૈન આચારને નહિં છાજે રીતભાતો પણ એ ચૈત્યાલયોમાં ચાલતી હતી. આવી પરિસ્થિ

‡ ગાયકવાડ્સ ઓરિએન્ટલ સીરીઝમાં છપાતા, સોમપ્રભાચાર્યરચિત કુમારપાલ પ્રતિબોધની પ્રસ્તાવના જોવી.

પરિણામે ધીરે ધીરે જૈન ધર્મ પણ બૌદ્ધ ધર્મની માફક નિર્વાણ દશાને પ્રાપ્ત થશે કે શું એવો ભય કેટલાક વિદ્વાન્ અને વિચારવાન્ યતિવર્ગને ઉત્પન્ન થયો અને તેમણે પોતાની નિર્બળતાનો ત્યાગ કરી શુદ્ધ જૈનાચારનો સ્વીકાર કર્યો. આ લેખમાં વર્ણવેલા વાદી-દેવસૂરિનો યતિસમૂહ પણ તેવોજ શુદ્ધાચારી હતો. જેમ જેમ આવા શુદ્ધાચારીયોની સંખ્યા વધતી ગઈ, અને તેઓ ચૈત્યવાસિયોની શિથિલતા-આચારહીનતાનો પ્રકટપણે વિરોધ કરતા ગયા તેમ તેમ બંને વર્ગોમાં પરસ્પર ભેદભાવની વૃદ્ધિ થવા લાગી અને પરિણામે વાદ-વિવાદની વૃદ્ધિ થઈ શત્રુભાવ જણાવા લાગ્યો. ચૈત્યવાસિયો કે જેમની સંખ્યા અને સમાજમાં લાગવગ ઘણી પ્રબળ હતી તેઓ, આ નવીન ઉત્પન્ન થએલા વિરોધી વર્ગનો દરેક રીતે બહિષ્કાર કરતા-કરાવતા, પોતાની સત્તા નીચે રહેલા જૈન મંદિરોમાં તેમને પ્રવેશતા અટકાવતા અને વધારે જોર ચાલતું ત્યાં ગામમાં પણ રહેવા માટે કનડતા. સિદ્ધરાજ અને કુમારપાલના રાજ્યકાલમાં આ સ્થિતિમાં ઘણોક ફેરફાર થઇ ગયો હતો, તો પણ કેટલાક જૂના અને પ્રધાન મંદિરોમાં હજી પણ તેવી જ સ્થિતિ ચાલતી હતી. આજ કારણને લઈને કુમારપાલે પોતાના બંધાવેલા આ જાવાલિપુરના 'કુંવર વિહાર' નામના મંદિરને શુદ્ધાચારી [illegible]ચાર્યના સમુદાયને સમર્પણ કર્યું હોય તેમ જણાય છે, કે જેથી [illegible]તરાગભાવ પ્રાપ્ત કરવા-કરાવા માટે બંધાયેલા એ દેવસ્થાનનો [illegible]ં મંદિરોની માફક જાગીર તરીકે ઉપભોગ ન થાય અને તે [illegible]રા આચારહીનતાને ઉત્તેજન ન મળે. ભાવુક યતિવર્ગને, ચૈત્યવા-[illegible]ની સત્તા નીચે રહેલા મંદિરોમાં દેવદર્શન જવા માટે જે હરકતો કનડગતો થતી; તે દૂર કરવા માટે, તે વખતે નવીન ચૈત્યો [illegible] ઠેકાણે તૈયાર થતા હતા, અને તેમને 'વિધિચૈત્ય' કહેવામાં [illegible] હતાં. આ લેખમાં વર્ણવેલું 'કુમારવિહાર' ચૈત્ય પણ તેમાંનું [illegible] ગણવું જોઇએ.

લેખના બીજા ભાગમાં જણાવેલો ભાં. પાસૂનો પુત્ર ભાં. યશોવીર, [illegible]તે જાલોરના જૈન સમાજનો એક મુખ્ય શ્રીમાન અને રાજમાન્ય

શહેરી હોય તેમ જણાય છે. તેણે એક યુગાદિદેવ (આદિનાથ)નું ચૈત્ય બંધાવ્યું હતું અને તેના યાત્રોત્સવ નિમિત્તે ખેલવા માટે, ઉપર્યુક્ત વાદિ દેવસૂરિના પ્રશિષ્ય અને જયપ્રભસૂરિના શિષ્ય કવિ રામભદ્રે પ્રબુદ્ધ રૌહિણેય નામના એક સુન્દર નાટકની રચના કરી હતી. એ નાટકની શરૂઆતમાં (નાંદી બાદ, પારિપાર્શ્વના પ્રવેશ થયા પછી) સૂત્રાધારના મ્હોંઢેથી, રામભદ્ર યશોવીરની નીચે આપ્યા પ્રમાણે પ્રશંસા કરાવે છે—

सूत्राधार—श्री चाहमानासमानलक्ष्मीपतिपृथुलवक्षस्थलकौस्तुभायमाननिरुपमानगुणगणप्रकर्षौ श्री जैनशासनसमभ्युन्नतिविहितासपत्नप्रयत्नोत्कर्षौ प्रोद्दामदानवैभवोद्धविष्णुकीर्तिकेतकीप्रवलपरिमलोल्लासवासिताशेषदिगन्तरालौ किं वेत्सि श्रीमद्यशोवीर-श्रीअजयपालौ ?

यौ मालतीविचकिलोज्ज्वलपुष्पदन्तौ
श्रीपार्श्वचन्द्रकुलपुस्करपुष्पदन्तौ ।
राजप्रियौ सततसर्वजनीनचित्तौ
कस्तौ न वेत्ति भुवनाद्भुतवृत्तचित्तौ ॥

આ અવતરણ ઉપરથી જણાય છે કે યશોવીરને તેના જે ગુણવાન્ અજયપાલ નામે લઘુ ભાઈ પણ હતો. આ બંને ભાઈયો પે રાજ્યકર્તા ચાહમાન (જે આ લેખમાં જણાવ્યા પ્રમાણે સમરસિ નામે હતો) ના અત્યંત પ્રીતિપાત્ર, સર્વજનના હિતચિંતક ધર્મની ઉન્નતિના અભિલાષી અને મ્હોટા દાનેશ્વરી હતા.

આ પ્રસ્તુત લેખ સંગ્રહમાંથી, જાલોર નિવાસી અને સમકાલીન જ એવા ત્રણ નામાંક્તિ યશોવીર મળી આવે છે; ખાસ નોંધ લેવા લાયક બાબત લાગે છે. આ ત્રણમાંથી, એ લેખની ઉપર આવેલા લેખ (નં. ૩૫૧) માં જણાવેલો શ્રીમાલ વિભૂષણ સેઠ યશોદેવનો પુત્ર યશોવીર, બીજો આ ચાલુ

જણાવેલો ભાં. પાસૂનો પુત્ર યશોવીર, અને ત્રીજો લેખ નં. ૧૦૮-૯ આદિમાં જણાવેલો મંત્રી ઉદયસિંહનો પુત્ર અને 'કવિબંન્ધુ' ની પદવી ધરાવનાર મંત્રી યશોવીર. જેમાં આ છેલ્લો તો ઘણું કરીને, આ લેખમાં જણાવેલા ચાહુમાન રાજા સમરસિંહની ગાદિએ આવનાર ઉદયસિંહનો મંત્રી હતો અને ગુર્જર મહામાત્ય વસ્તુપાલનો ખાસ મિત્ર હતો.

(૩૫૩)

આ લેખ પણ એજ તોપખાનાની પશ્ચિમ બાજુએ આવેલી પ-રસાળના એક સ્તંભ ઉપર કોતરેલો મળી આવ્યો છે. શ્રીયુત ડી. આર. ભાંડારકર આનું વર્ણન આ પ્રમાણે આપે છે. *

આ લેખ ૨૭ પંક્તિમાં લખાએલો છે. તેની પહોળાઈ ૪$\frac{3}{4}$" તથા લાંબાઇ ૧' ૮" છે. લીપી નાગરી છે. ख् ને બદલે ष् ખોદેલો છે. આખો લેખ ગદ્યમાં છે. ઘણાં ઠેકાણે व ને બદલે ब વાપર્યો છે અને र् પછી આવેલા અક્ષરને બેવડો કર્યો છે. જેમકે सुवर्णगिरौ (પં. ૩) બે શબ્દો ધ્યાન ખેંચે તેવા છેઃ એકતો 'નિશ્રાનિક્ષેપહટ્ટ' (પં. ૨૨-૨૩) જેનો અર્થ નક્કી થાય તેમ નથી; અને બીજો શબ્દ 'ભાટક' (પં. ૨૪) જેનો અર્થ અહીં 'ભાડું' થતો હોય એમ લાગે છે. 'નિશ્રાનિક્ષેપ' નો અર્થ અમારા મત પ્રમાણે નીચે મુજબ ; 'હટ્ટ' નો અર્થ 'બજારમાં આવેલું મકાન' હોવો જોઇએ; શ્રા' એટલે 'નિસાર' જેનો અર્થ મારવાડમાં 'પરગામ જતો -માલની નિકાસ' થાય છે. તેમજ પરગામથી આવતા માલને 'પસાર' કહે છે. તેથી હવે એવો અર્થ કરી શકાય કે 'બજારનો ભાગ કે જ્યાં બહારગામ જતા માલનો જથ્થો કરવામાં આવે.'

ખની મિતિ પ્રારંભમાં આપ્યા પ્રમાણે 'સંવત્ ૧૩૫૩ ના વદિ ૫ ને સોમવાર' છે. તેના પછી સુવર્ણગિરિમાં રાજ્ય-મહારાજ કુલ સામંતસિંહ તથા તેમના ચરણકમલની સેવા

* એપિગ્રાફિઆ ઇન્ડિકાઃ પુઃ ૧૧; પૃ૦ ૬૦.

કરતા અને 'રાજ્યધુરા' ને ધારણ કરતા કાન્હડદેવનું નામ આપ્યું છે. સુવર્ણગિરિ એ ઉપરના લેખમાં જણાવેલો કનકાચલ જ છે અને તે જાલોરની કિલ્લાની ટેકરીનું નામ છે તે પ્રસિદ્ધ જ છે. કાન્હડદેવ તે સામંતસિંહનો પુત્ર હતો. [અને જાલોરનો છેલ્લો સ્વતંત્ર રજપૂત રાજા હતો. સુલ્તાન અલ્લાઉદ્દીન ખીલજીએ સંવત્ ૧૩૬૬ વા ૬૮ માં જાલોર ઉપર ચઢાઈ કરી તેમાં આ અને એનો પુત્ર વીરમદેવ બંને માર્યા ગયા અને એની સાથે જાલોરના ચૌહાણ રાજ્યની પણ સમાપ્તિ થઇ. પદ્મનાભ કવિનો રચેલો 'કાન્હડદે પ્રબંધ' નામનો જે ગુજરાતી રાસો રા. રા. શ્રી ડાહ્યાભાઇ પી. દેરાસરિએ વિદ્વત્તા ભરેલી સુંદર રીતે છપાવીને પ્રકટ કર્યો છે તેમાં આના સંબંધી સવિસ્તર હકીકત આપેલી છે.—સંગ્રાહક.]

કોઈક નરપતિ નામના ગ્રહસ્થે પોતાની સ્ત્રી નાયકદેવીના પુણ્યાર્થે, બજારમાં આવેલું પોતાનું મકાન કે જેમાં પરગામ જતા માલનો સંગ્રહ કરવામાં આવતો હતો તે ધર્મદાય તરીકે ભેટ આપ્યું, અને તેનું જે ભાડું આવે તેનાથી દર વર્ષે પાર્શ્વનાથના દેવાલયમાં, તેના ગોષ્ઠિકો (શ્રાવકો) એ પંચમીનો બલિ કરવો' [બલિ એટલે પૂજા આદિ ભણાવવામાં આવે તે;] એ બાબત જણાવવા માટે આ લેખ કરવામાં આવ્યો છે. આ ભેટ આપવામાં, ભેટકર્તાના કુટુંબીઓ તથા સુવર્ણગિરિમાં જ રહેતો કોઇક સંઘપતિ ગુણધર પણ તેનો સાથી હતો. લેખમાં ભેટકર્તાના કુટુંબીઓનાં નામો અને વંશવૃક્ષ પણ આપ્યું છે. ઠાકુર આમ્બડનો પુત્ર ઠાકુર જસ અને તેનો પુત્ર સોની મહણસીંહ એ નરપતિનો પિતા થાય. મહણસીંહને બે પત્નિઓ હતી. (૧) માલ્હણિ અને (૨) તિહુણા. પહેલી પત્નીથી તેને રત્નસીંહ, ણાખો, માલ્હણ અને ગજસીંહ નામે પુત્રો થયા; અને બીજી થી નરપતિ, જયતા અને વિજયપાલ પુત્રો થયા. આ બધા પુત્રો 'સોની' ના ઉપનામથી ઓળખાતા હતા. નરપતિને બે સ્ત્રીઓ હતીઃ (૧) નાયકદેવી, ને (૨) જાસ્કુણદેવી. પહેલી સ્ત્રીથી થયેલ

પુત્રોનાં જ આ ઠેકાણે નામો આપ્યાં છે. તે આ પ્રમાણે–લખમીધર, ભુવણપાલ અને સુહડપાલ. આ ઉપરથી તેમજ આ લેખ નાયકદેવીના જ સ્મરણાર્થે કોતરાવેલો હોવાથી, એમ સૂચિત થાય છે કે આ દાન કરતી વેળા નાયકદેવી મૃત્યુ પામી હતી અને તેના બદલે નરપતિ જાલ્હણદેવીને નવી જ પરણ્યો હતો અને તે વખતે તેનાથી તેને કોઇ પુત્ર થયો ન હતો. તેથી આ ભેટ વખતે તેની બીજી સ્ત્રી તથા પહેલી-ના પુત્રોએ સાથ આપ્યો હતો.

જાણવા જેવી બાબત એ છે કે નરપતિ અને તેના ભાઈઓ વિગેરે 'સોની' કહેવાતા હતા. 'સોની' નો અર્થ આ ઠેકાણે 'ઘરેણાં ઘડનાર' થઇ શકે નહિ. કારણ કે તેના પિતા અને પિતામહને ઠાકુર કહ્યા છે. મારવાડમાં ઓસવાલ, સરાવગી અને મહેસરી એવી વાણિયાઓની ત્રણ પ્રસિદ્ધ જ્ઞાતિઓમાં આ 'સોની' નામની 'અડક' વાળી એક પ્રખ્યાત જાત મળી આવે છે. મહેસરી જૈન નહિ હોવાને લીધે તેમને અહિં ઉલ્લેખવાની આપણને જરૂર નથી. જો કે સરાવગી જૈનો છે છતાં મારવાડના દક્ષિણ ભાગમાં તેઓ મળી આવતા નથી. આથી એમ જણાય છે કે નરપતિ વિગેરે ઓસવાલ સોની હશે. એમ કહેવાય છે કે મહેસરીઓની મૂળ જાત (નખ) 'સોનીગરા' હતી. જેમ એ ૦ મહેસરીને લાગુ પડે છે તેમ બીજા સોનીઓને પણ લાગુ પડે જ. એમ પણ હોઇ શકવા સંભવ છે કે–મુસલમાનોના ત્રાસથી લોક રજપુતો જૈન બનીને વાણિયામાં ભળી ગયા છે તેમાંથી જ કિ જાતનું નામ 'સોનીગરા' હશે. ચોહાણની એક જાતિનું નામ સોનીગરા છે અને તેવું નામ 'જાલોરના આ કિલ્લા સુવર્ણગિરિ નાગિરિ) ઉપર વસવાથી જ પડયું છે. જો કે અત્યારે તો આ બો સ્તંભ 'તોપખાના' માં આવેલો છે પરંતુ પ્રથમ તે કિલ્લા । કોઈક મંદિરમાં આવેલો હોવો જોઇએ. નરપતિ જો કે ઓસ-સોની હશે પરંતુ મૂળ તે સોનીગરા (ચૌહાણ) હશે. મહણ-જ પ્રથમ ઓસવાલ થયો હશે કારણ કે તેને જ 'સોની'

લખવામાં આવ્યો છે. તેના પિતા અને પિતામહ ઠાકુર તરીકે લખાયા છે તેથી તેઓ રજપુત જ હશે.

(૩૫૪ થી ૩૫૯)

આ નંબરો નીચે આપેલા લેખો જાલોરના કિલ્લામાં વર્તમાનમાં જે જૈનમંદિરો વિદ્યમાન છે તેમની અંદર રહેલી પ્રતિમાઓ ઉપર કોતરેલા છે. બધા લેખો સં. ૧૬૮૧ થી ૮૪ સુધીના છે, અને તપાગચ્છના આચાર્ય વિજયદેવસૂરિના આદેશ-ઉપદેશથી એ મંદિરોની પ્રતિષ્ઠા વિગેરે થઇ હોય એમ એ લેખો ઉપરથી જણાય છે. આ મંદિરો અને લેખો સંબંધી થોડુંક વર્ણન શ્રી ડી. આર. ભાંડારકર નીચે પ્રમાણે આપે છે.*

જાલોરનો કિલ્લો લગભગ ૮૦૦ યાર્ડ લાંબો અને ૪૦૦ યાર્ડ પહોળો છે. આગળ પાછળના મેદાનથી ૧૨૦૦ ફીટ લાંબી એવી એક ટેકરી ઉપર તે આવેલો છે. ત્યાંથી આખું શહેર દેખાય છે અને ટેકરીના ઉત્તર તરફના ઢોળાવ ઉપર આ ગામ વસેલું છે. આ ગઢને ૪ દ્વારો છેઃ--સૂરજપોળ, ધ્રુપોળ, ચાંદપોળ અને લોહુપોળ. ગઢ ઉપર જાણવા જોવા લાયક ફક્ત બે જૈનમંદિરો અને એક કબર છે. એક જૈન દેવાલય ચૌમુખ છે અને તેને બે માળ છે. પ્રથમ માળમાં આદિનાથ, સુપાર્શ્વનાથ, અજિતનાથ અને શ્રેયાંસદેવ એમ ચારે બાજુ ચાર જિનની પ્રતિમાઓ પ્રસ્થાપિત છે. આ પ્રતિમાઓ ઉ- કોતરેલા છે અને તેમાં પણ ઉપર પ્રમાણે નામો આપેલાં દે માળ ઉપરની ફક્ત ત્રણ પ્રતિમાઓ ઉપર લેખો છે જેમનાર છે કે તે મૂર્તિઓ સુવિધિનાથ, અરનાથ અને સંભવનાથ સર્વ પ્રતિમાઓ વિ. સં. ૧૬૮૩ માં જયમલ્લ તથા તેની િ અને સોહાગદે બેસાડેલી છે.

પશ્ચિમના દ્વાર આગળ ખૂણામાં એક મનુષ્ય પ્રમાણ પિત છે જે કુંથુનાથતીર્થંકરની છે. તેના ઉપરના લેખની

* આર્કિઓલૉજીકલ વેસ્ટર્ન સર્કલ; પ્રોગ્રેસ રીપોર્ટ, ર

વત્ ૧૬૮૪ વર્ષે માઘ સુદી ૧૦ સોમે ' છે. આ પ્રતિમા મેડતા (શહેર) ના એક ઓસવાલ નામે સામીદાસે કરાવી અને વિજય-દેવસૂરિના હાથે તેની સ્થાપના થઇ, એમ એ લેખમાં જણાવ્યું છે.

બીજા જૈનમંદિરમાં ત્રણ તીર્થંકરોની મ્હોટી મૂર્તિઓ છે. દરેક ઉપર લાંબો લેખ કોતરેલો છે જે વાંચતા જણાય છે કે મધ્યસ્થિત મૂર્તિ મહાવીરની છે અને તેની જમણી બાજુએ ચંદ્રપ્રભની તથા ડાબી બાજુએ કુંથુનાથની છે. આ પ્રતિમાઓ વૃદ્ધશાખાના અને મુણો-ત્રગોત્રના એક ઓસવાલ નામે જયમલ્લજીએ કરાવી હતી. આ લેખો-ની મિતિ 'સંવત્ ૧૬૮૧ વર્ષે પ્રથચૈત્ર વદિ ૫ ગુરૂવાર ' ની છે, અને તે રાઠોડવંશીય સૂરસિંહજીના ઉત્તરાધિકારી મહારાજા શ્રી ગજ-સિંહજીના રાજ્યસમયમાં થએલા છે. નાડોલવાળી મ્હારી વિગતમાં જણાવ્યા પ્રમાણે ગજસિંહ તે રાજા સૂરનો પુત્ર તથા વારસ અને જોધ-પુરનો રાજા હતો. આ જયમલ્લજી તે સાહુજેસા અને તેની સ્ત્રી નામે જયવંતદેનો પુત્ર હતો. તેને બે સ્ત્રીયો હતીઃ-સરૂપદે અને સોહાગદે. પહેલી સ્ત્રીથી તેને નૈણસી, સુંદરદાસ અને આસકર્ણ નામે પુત્રો થયા. બીજી સ્ત્રીથી જયમલ્લ થયો. આ પુત્રોમાંથી નૈણસી ઘણો જ પ્રખ્યાત થયો. મારવાડનો સૌથી વિશેષ પ્રખ્યાત ઇતિહાસ જે માત્ર મારવાડ માટે જ નહિ પણ મેવાડ તથા રાજપુતાનાનાં બીજાં રાજ્યો માટે પણ ઘણો ઉપયોગી છે, તે ઈતિહાસ તેણે રચ્યો છે. તેનું નામ " મૂતાં નૈણસીજીરી ખ્યાત " છે. લેખોના આગળના ભાગમાં જણાવેલું છે કે-આ મૂર્તિઓ તેણે પોતાના ભાઈ જયરાજ તથા પુત્ર-પૌત્રોના શ્રેયાર્થે, સુવર્ણગિરિના મ્હોટા ગઢ ઉપર આવેલા કુમારવિહાર નામે મહાવીરના મંદિરમાં સ્થાપન કરી હતી, જેમને વિજયદેવ સૂરિની આજ્ઞાથી પંડિત જયસાગર ગણિએ પ્રતિષ્ઠિત કરી. ગૂઢમં-ડપમાં બે બાજુએ બે દેવગૃહો છે જેમાંના એકમાં સંવત્ ૧૬૮૩ વર્ષે આષાઢ વદિ ૪ ગુરૌ ' ને દિવસે જયમલ્લજીએ ધર્મનાથની પ્રતિમા બેસાડી. બીજા દેવગૃહની મૂર્તિ ઉપર પણ એજ મિતિનો લેખ છે. પરંતુ તેમાં તેના સ્થાપકનું નામ આપેલું નથી.

આ દેવાલયનો જે જૂનો ભાગ છે તે માત્ર બહારની ભીંતો રૂપે છે. તે ભીંતો સોલંકી વખતની છે. અને લેખોમાં જણાવ્યા પ્રમાણે કુમારપાલની કરાવેલી હોવી જોઇએ. ઉપર જોયા પ્રમાણે 'તોપખાના' ના એક લેખમાં* પણ કુમારપાલના દેવાલય વિષે ઉલ્લેખ છે. જે આજ દેવાલય હોવું જોઇએ. તે લેખમાં લખ્યા મુજબ, તે વખતે આ દેવાલય મૂળ પાર્શ્વનાથના નામનું હતું. પાછળથી એ દેવાલયનો નાશ કરવામાં આવ્યો અને આની સામગ્રીવડે નીચેની કબર બાંધવામાં આવી. પાછળથી આ જયમલ્લજીએ એનો પુનરૂદ્ધાર કર્યો અને મૂળનાયક તરીકે મહાવીરની મૂર્તિ સ્થાપન કરી.

(૩૬૦)

જાલોર ગામની બહાર સંડેલાવ નામનું એક મ્હોટું તલાવ છે. અને જેનું પાણી આખું ગામ પીએ છે, તેના કિનારે ચામુંડામાતાનું એક મંદિર આવેલું છે. આ મંદિરને લગતીજ એક ઝુંપડી છે અને તેમાં એક મૂર્તિ છે જેને ત્યાંના લોકો 'ચોસઠ જોગિણી' કહે છે, તેના ઉપર આ નંબરવાળો લેખ કોતરેલો છે. લેખમાં જણાવ્યું છે કે, સંવત ૧૧૭૫ ના વૈશાખ વદિ ૧ ને શનિવારના દિવસે જાવાલિપુરના ચૈત્યમાં કોઈ વીરક પુત્રે સુવિધિનાથના ખત્તકનું દ્વાર ધર્માર્થે કરાવી આપ્યું. આ કાર્યમાં તેને તેની સ્ત્રી નામે જિનમતિએ પ્રોત્સાહન આપ્યું હતું. આ ઉપરથી જણાય છે કે તે એક જૈન મૂર્તિ છે, પરંતુ શ્રી ભાંડારકરના લખવા પ્રમાણે હાલમાં હિંદુઓ 'ચોસઠ જોગિણી' ના નામે તેની પૂજા કરે છે.

(૩૬૧)

આ લેખ, 'તોપખાના'માંજ એક ઠેકાણે કોતરેલો મળી આવ્યો છે. સં. ૧૨૯૪ માં, શ્રીમાલી જાતિના કોઈ વીજાક નામના શ્રાવકે પોતાના પિતા ઝાંપાના શ્રેયાર્થે જાવાલિપુરના શ્રી મહાવીર ચૈત્યમાં કરોટિ (?) કરાવી, એવી હકીકત આપેલી છે.

---

* જુઓ, લેખ નંબર ૩૫૨ અને તેનું અવલોકન.

(૩૬૨)

આ લેખ માટે, મી. ભાંડારકરે નીચે પ્રમાણે નોંધ આપી છે—
ઝનાના ગેલેરીનો એક લેખ જેની મિતિ 'સાવત્ ૧૩૨૦ વર્ષે માઘ સુદિ ૧ સોમે' છે, તેમાં એવું લખાએલું છે કે, નાણુકગચ્છને અંગે આવેલા ચંદનવિહાર નામના દેવાલયના મહાવીર દેવની પૂજા માટે, ક્ષિમ્બરાયેશ્વરના દેવાલયના મુખ્ય પૂજક ભટ્ટારક રાવલ લક્ષ્મીધરે ૧૦૦ દ્રમ્મની બક્ષીસ કરી.

(૩૬૩)

આ લેખ પણ ઝનાના ગેલેરીમાં આવેલો છે. એની મિતિ સં. '૧૩૨૩ વર્ષે માર્ગશીર્ષ સુદિ ૫ બુધે' છે અને તે ચાહમાન રાજા ચાચિગદેવના વખતનો છે. તેમાં એમ કહેવામાં આવ્યું છે કે નરપતિ નામે તેલિયા ઓસવાલે ચંદનવિહારના મહાવીરના ભંડારમાં ૫૦ દ્રમ્મ આપ્યા. તેનો વ્યાજ, જે અર્ધો દ્રમ્મ થાય છે, તેના વડે દર માસે, એ નરપતિએજ કરાવેલી જિનયુગલની પ્રતિમાની પૂજા ભણાવવાનું ઠરાવવામાં આવ્યું છે. એ ચંદનવિહારના મુખ્ય અધિષ્ઠાતા તે નાણુકગચ્છના ધનેશ્વરસૂરિ હતા.

નાડોલના લેખો.

ગોડવાડ પ્રાંતમાં નાડોલ પણ એક પ્રસિદ્ધ સ્થાન ગણાય છે અને મારવાડનાં પંચતીર્થીમાંનું તે એક તીર્થ સ્થાન મનાય છે. જૂના સમયમાં તે ચૌહાણોનું પાટનગર હતું. એ ગામમાં પદ્મ પ્રભુના નામનું એક મંદિર ઘણુંજ વિશાલ, ભવ્ય અને જોવા લાયક છે.

(૩૬૪-૬૫)

એ મંદિરના ગૂઢમંડપમાં બે બાજુએ નેમિનાથ અને શાંતિનાથની કાયોત્સર્ગસ્થ બે પ્રતિમાઓ છે તેમના ઉપર આ લેખો કોતરેલા છે. લેખોની મિતિ સં. ૧૨૧૫ વૈશાખ શુદિ ૧૦ ભૌમવારની છે. વીસાડા

નામના સ્થાનમાં આવેલા મહાવીર દેવના ચૈત્યમાં, દેમ્હાજ, ધરણા, જસચંદ્ર, જસદેવ, જસધવલ અને જસપાલ નામના શ્રાવકોએ આ પ્રતિમાઓ બનાવીને બૃહદ્ગચ્છના આચાર્ય મુનિચંદ્રસૂરિના પ્રશિષ્ય, દેવસૂરિના શિષ્ય પદ્મચંદ્ર ગણિના હાથે પ્રતિષ્ઠિત કરાવી, એમ આ લેખનો ભાવાર્થ છે. આ લેખમાં પતિષ્ઠાતાના નામ સાથે 'પાણિનીય' શબ્દ લગાડવામાં આવ્યો છે તેથી જણાય છે કે-તેઓ પાણિની રચિત વ્યાકરણ શાસ્ત્રના મ્હોટા અભ્યાસી હશે. મૂળ આ પ્રતિમાઓ વીસાડા નામના સ્થાનમાં બેસાડેલી હતી એમ લેખ કહે છે તેથી જણાય છે કે પાછળથી કોઈ વખતે આ મંદિરમાં તેમને આણવામાં આવી છે.

(૩૬૬-૬૭)

આ બંને લેખો, એજ મંદિરના મૂળ ગભારામાં મુખ્ય વેદિ ઉપર જે ત્રણ પ્રતિમાઓ પ્રતિષ્ઠિત છે તેમાંની બે ઉપર કોતરેલા જોવામાં આવે છે. ૩૬૭ નંબર વાળો લેખ, મધ્યસ્થાને વિરાજિત મૂલ નાયક પદ્મપ્રભુની પ્રતિમા ઉપરનો છે. લેખોક્ત હકીકત આ પ્રમાણે છે:—

સં. ૧૬૮૬ ના પ્રથમ આષાઢ માસની વદી ૫ શુક્રવારના દિવસે, મહારાજાધિરાજ ગજસિંહનો રાજ્ય કારભાર ચલાવનાર મંત્રી જયમલ્લજીએ આ પ્રતિમાઓ બનાવી અને તપાગચ્છના આચાર્ય હીરવિજયસૂરિના ગાદીધર આચાર્ય વિજયસેનસૂરિના શિષ્ય અને જહાંગીર બાદશાહે જેમને 'મહાતપા' નું બિરૂદ આપ્યું હતું, તે શ્રી વિજયદેવસૂરિએ, પોતાના પટ્ટધર આચાર્ય વિજયસિંહ આદિ શિષ્ય પરિવાર સાથે, તે મૂર્તિઓની પ્રતિષ્ઠા કરી. આ પ્રતિષ્ઠા કાર્ય જાલોરમાં થયું હતું. ત્યાંથી એ મૂર્તિઓ લાવીને નાડોલના આ રાય-વિહાર નામના મંદિરમાં, રાણા જગત્સિંહજીના રાજ્ય વખતે સ્થાપન કરવામાં આવી.

ગોડવાડ પ્રાંત કે જેમાં આ નાડોલ, નાડલાઇ વિગેરે જૈનતીર્થ સ્થાનો આવેલાં છે તે, પહેલાં મેવાડ રાજ્યના તાબામાં હતો અને

તેથીજ આ લેખોમાં મેવાડના રાણા જગતસિંહના રાજ્યનું નામ આપવામાં આવ્યું છે. પ્રતિષ્ઠા કરાવનાર મં. જયમલ્લજી મારવાડ રાજ્યનો મંત્રી અને જોધપુરનો રહેવાસી હતો. હાલમાં તો તે પ્રાંત પણ મારવાડ રાજ્યના તાબામાં જ છે. ઉપર જાલોરવાળા નં. ૩૫૪ આદિ લેખોમાં જણાવેલો સા. જયમલ્લજી અને આ મંત્રી જયમલ્લ બંને એક જ છે.

(૩૬૮)

આ લેખ પણ ઉકત મંદિરમાંજ આવેલી એક પ્રતિમા ઉપર લખેલો મળી આવ્યો છે. ભાવાર્થઃ—

સં. ૧૪૮૫ ના વૈશાખ શુદિ ૩ બુધવારના દિવસે પ્રાગ્વાટ (પોરવાડ) જાતિના દોસી સુલાનામના શ્રાવકે પોતાના પિતા દો. મહિપાના શ્રેયાર્થે સુવિધિનાથનું આ બિંબ કરાવ્યું જેની પ્રતિષ્ઠા તપાગચ્છના સોમસુંદરસૂરિએ કરી.

(૩૬૯)

આ લેખની હકીકત શ્રીભાંડારકરે આ પ્રમાણે આપી છે [1]:—

દેસુરીથી ઇશાન કોણમાં ૧૫ માઇલ દૂર આવેલા કોટ સોલંકીયા નામના ગામમાંથી આ લેખ હસ્તગત થયો છે. જીર્ણ થઇ ગએલા એક જૈન મંદિરના સ્તંભ ઉપર આ લેખ કોતરેલો છે. જોધપુરના મુન્સફ મુન્સી દેવીપ્રસાદે આપેલી બે અંકૃતિઓ ઉપરથી આ લેખ છાપવામાં આવ્યો છે.

આ લેખ આઠ પંકિતનો છે અને ૧૧" પહોળો ૫½" લાંબો છે. લિપિ નાગરી છે અને ભાષા સંસ્કૃત છે. તથા છેલ્લા એક પદ્ય સિવાય આખો લેખ ગદ્યમાં છે. ધ્યાનમાં લેવા લાયક બાબત એ છે કે आचन्द्रार्कं (પં. ૬) માં र् પછીનો વ્યંજન બેવડાએલો છે.

૧ એપિગ્રાફિઆ ઇન્ડિકા પુ. ૧૧, પૃ. ૬૨.

આ લેખની મિતિ ' ૧૩૯૪ ચૈત્ર શુદિ ૧૩ શુક્રવાર ' છે. અને તે મહારાજાધિરાજ શ્રીવણવીર દેવના રાજ્ય વખતે લખેલો છે. આગળ જણાવવામાં આવ્યું છે કે આસલપુરમાં આવેલા પાર્શ્વનાથ-દેવના મંદિરની ધ્વજા ચઢાવવાના વખતે, રાઉત માલ્હણના વંશમાં ઉત્પન્ન થએલા રાઉત સોમાના પૌત્ર અને રાઉત ખાંખી અને તેની સ્ત્રી જાખલદેવિના પુત્ર રાઉત મૂલરાજે, રાઉત બાલા, રાઉતહાથા તથા કુમર લૂંભા અને નીણાની સમક્ષ, પોતાના માતાપિતાના પુણ્યાર્થે વાડી સહિત એક ઢિકુઆઉ બક્ષીસ કર્યું.

ઢિકુઆઉ અરહટ્ટ વાળા કુવાને કહેવામાં આવે છે. કોટસોલંકિઆના એક બીજા લેખમાં પણ આસલપુરનું નામ આપેલું છે તેથી જણાય છે કે તે આ સ્થળનું પુરાતન નામ હશે.

(૩૭૦)

આ લેખ પણ ઉપર્યુક્ત મંદિરમાંથીજ મળી આવ્યો છે. શ્રી ભાંડારકરે પોતાના હાથની લખેલી જે નકલ મને મોકલી આપી હતી તેના ઉપરથી આ છપાવવામાં આવ્યો છે. લેખોક્ત હકીકત આ પ્રમાણે છેઃ—

સં. ૧૪૭૫ ના આષાઢ સુદિ ૩ અને સોમવારના દિવસે આસલપુર કિલ્લામાંના પાર્શ્વનાથના મંદિરના બાલાણા [1] મંડપનો જીર્ણોદ્ધાર, ઉપકેશવંશના લિગાગોત્રવાળા........એ પોતાના આત્માના પુણ્યાર્થે કરાવ્યો. આ કાર્યમાં સકળ સંઘ અને માંડણ ઠાકુર સાક્ષીભૂત છે. આ વખતે રાણા લાષા (ખા) રાજ્ય કરતો હતો અને ઠાકુર માંડણ પ્રધાનપણું કરતો હતો.

લેખમાં, ઉદ્ધારકર્તાએ પોતાની વંશાવળી અને કુટુંબના મનુષ્યો નાં નામો આપ્યાં છે પરંતુ કર્તૃકારક સૂચક વિભક્તિનો પ્રત્યય છેવટે

---

૧ ' બાલાણા ' શબ્દ માટે જુઓ પૃષ્ટ ૧૦૩ માં ' બલાનક ' શબ્દ ઉપર આપેલી નોંધ. બલાનક એ બાલાણાનુંજ સંસ્કૃત રૂપ છે.

માત્ર 'સહિત' શબ્દની સાથે જ જોડેલો હોવાથી આ નામોમાંથી ઉદ્ધારકર્તા કોણ છે તે નિર્ણિત થતું નથી.

(૩૭૧)

આ લેખનું વર્ણન શ્રી ભાંડારકર નીચે પ્રમાણે આપે છે:[1]—

આ લેખ જુના અથવા જુના બાહડમેરમાંથી પ્રાપ્ત થયો છે. આ ગામ જોધપુર સ્ટેટના મલ્લાણી પ્રાંતમાં આવેલું છે અને મુખ્ય શહેર બાહડમેરથી વાયવ્ય કોણમાં ગાર માઇલ છેટે છે. ત્યાંના એક જૈન મંદિર કે જે હાલમાં જીર્ણ અવસ્થામાં છે તેના દરવાજાના એક સ્તંભ ઉપર આ લેખ કોતરેલો છે. તે ૧૦ પંક્તિમાં લખાએલો છે અને ૧૧૨/૪" પહોળો તથા ૭૩/૪" લાંબો છે. લિપિ નાગરી અને ભાષા સંસ્કૃત છે. અંતમાં આપેલા આશીર્વાદાત્મક પદ્ય સિવાય બાકીનો બધો ભાગ ગદ્યમાં આપેલો છે. એમાં વ અને વ ને બદલે એકલો વ જ વાપરેલો છે. ત્રીજી પંક્તિમાં શ્રી શબ્દની પછી ૨ (બેનો અંક) મૂકેલો છે જે માત્ર 'શ્રી' શબ્દનું પુનરાવર્તન (બે વાર વાંચવાનું) સૂચવે છે. અજ્ઞાત શબ્દોમાં માત્ર બે છે; એક 'પાઇલા' અને બીજો 'ભીમ પ્રિય વિંશોપક' (પં. ૭) 'પાઇલા' અને 'વિંશોપક' આગળ સમજાવેલા છે અને 'ભીમપ્રિય' એ એક વિંશોપક શિક્કાનું નામ છે. ત્રીજો એક શબ્દ 'લાગ' (પં. ૮) છે જેનો અર્થ 'કર=વેરો' થાય છે.

આરંભમાં 'સંવત્ ૧૪૫૨ વૈશાખ સુદિ ૪' એ પ્રમાણે મિતિ આપી છે. ઉકત દિવસે મહારાજકુલ શ્રી સામંતસિંહદેવના રાજ્ય કારભારમાં જોડાએલા મંત્રી વીરાસેલ, વેલાઉલ, ભંડારી મિગલ વિગેરેએ મળીને બાહડમેરમાં આવેલા આદિનાથના દેવાલયમાં સંસ્થિત વિઘ્નમર્દન નામના ક્ષેત્રપાલ તથા ચાઉંડ (ચામુંડ?) નામના દેવરાજને ભક્તિ પૂર્વક એક ભેટ કરી. આ ભેટમાં, દસ ઉંટ અને ૨૦ બળદો (માલથી ભરેલા) નું જે ટોળું બહારગામ જાય અથવા ત્યાંથી આવે તેની

[1] એપિગ્રાફિઆ ઇન્ડિકા પુ. ૧૨, પૃ૦ ૫૯.

પાસેથી એક 'પાઈલા' કર રૂપે લેવાનો હુકમ કરવામાં આવ્યો હતો. 'પાઈલા' ન આપે તો તેના બદલે દસ ભીમપ્રિય વિંશોપક લેવા. આ ભેટ ઉક્ત બંને દેવોને સરખે ભાગે વહેંચી દેવી એટલે સમાન ભાગે તેનો બંને દેવોની પૂજા યાદિ માટે ઉપયોગ કરવો. આ 'લાગો' એટલે કર ગામના મહાજનો (વ્યાપારિઓ) એ સ્વીકાર કર્યો હતો.

આ લેખમાં જણાવેલું 'બાહુડમેરૂ' તે 'બાડમેર' જ છે પરંતુ હાલમાં બાડમેરના નામથી જે સ્થળ પ્રખ્યાત છે તે નહિ; કારણ કે તે નવીન વસેલું છે. પુરાતન બાડમેર તો તે જ છે કે જ્યાંથી આ લેખ મળી આવ્યો છે.

(૩૭૨)

આ લેખ, શ્રીયુત ભાંડારકરની નોટ ઉપરથી લેવામાં આવ્યો છે. એનું સ્થાન નોટ ઉપર લખેલું ન હોવાથી જાણી શકાયું નથી.

સં. ૧૫૦૮ ના વૈ. વ. ૧૩ ના દિવસે પ્રાગ્વાટ જ્ઞાતિના કોઈ સં. સાડૂલે ચતુર્વિંશતિ પ્રતિમાઓ કરાવતાં આ શીતલ નાથની પ્રતિમા કે જેના ઉપર પ્રસ્તુત લેખ કોતરેલો છે તે પણ તેણે કરાવી (?). તેની પ્રતિષ્ઠા, તપાગચ્છના આચાર્ય સોમસુંદરસૂરિના પટ્ટધર રત્નશેખર-સૂરિએ કરી. લેખના પાછળના ભાગમાં શત્રુંજય, દેવકુલપાટક નગર, અર્બુદગિરિ; ચંપકમેરૂ, ચિત્રકૂટ, જાઉરનગર, કાયદ્ર, નાગહ્રદ, ઓસવાલ, નાગપુર, કુંભલગઢ, દેવકુલપાટક, અને શ્રીકુંડ....વિગેરે ગામો–સ્થળોનાં નામો આપ્યાં છે અને દરેક નામની અંતે ૨ (બેનો અંક) કરેલો છે. તેનો શો હેતુ છે તે બરાબર સ્પષ્ટ થતો નથી. કદાચ એમ અનુમાન કરી શકાય કે તેણે આવી અનેક પ્રતિમાઓ કરાવી હશે જેમાંની બબ્બે ઉલ્લિખિત સ્થળે મોકલવામાં આવી હશે.

ચતુર્વિંશતિ પ્રતિમા તેને કહે છે કે જે એકજ પાષણમાં ચોવીસે તીર્થંકરની મૂર્તિઓ કોતરી કાઢેલી હોય. ધાતુની બનાવેલી આવી

મૂર્તિઓ તો પ્રાયઃ દરેક સાધારણ જૈનમંદિરમાંથી મળી આવે છે જેને લોકો 'ચોવીસી' કહે છે.

(૩૭૩-૭૪)

મારવાડ રાજ્યના જાલોર અને બાલી પ્રાંતની સરહદ ઉપર એક કોરટા નામનું ગામ આવેલું છે. આ ગામ પ્રાચીન કાલમાં વધારે આબાદ હશે એમ ત્યાંના ખંડેરો વિગેરે જોતાં જણાય છે. લેખોમાં આનું નામ કોરંટક મળી આવે છે. આ ગામના નામ ઉપરથી એક ગચ્છ પણ જૂના જમાનામાં પ્રસિદ્ધ હતો. એ કોરંટક ગચ્છનું નામ આ સંગ્રહમાંના આબુ વિગેરે ઘણાક સ્થળોનાં લેખોમાં દૃષ્ટિગોચર થાય છે. હાલમાં તો એ ગામ તદ્દન ન્હાનું સરખું છે. ત્યાં આગળ ત્રણ જૈમંદિરો છે જેમાંનું એક ગામમાં છે અને બે ગામ બહાર જંગલમાં છે. ગામનું મંદિર શાંતિનાથ તીર્થંકરનું છે. તેના મંડપમાં આવેલા બે સ્તંભો ઉપર આ બંને નંબરોના લેખો કોતરેલા છે. પ્રથમના લેખમાં જણાવેલું છે કે યશશ્ચંદ્ર ઉપાધ્યાયના શિષ્ય પદ્મચંદ્ર ઉપાધ્યાયે પોતાની માતા સૂરિના શ્રેયાર્થે આ સ્તંભ કરાવી આપ્યો. બીજો લેખ પણ આવીજ હકીકતવાળો છે. તેમાં કુકુભાચાર્યના શિષ્ય ભટ્ટારક થૂલભદ્રે પોતાની ચેહણી નામની માતાના પુણ્યાર્થે આ સ્તંભ કરાવી આપ્યો, એમ ઉલ્લેખ છે.

(૩૭૫-૭૬)

આ બે લેખો, ઉક્ત કોરટા ગામની બહાર આવેલા મંદિરમાંના છે જેને લોકો ઋષભદેવનું મંદિર કહે છે. એ મંદિરની અંદર બે મ્હોટી પ્રતિમાઓ છે જેમના ઉપર આ લેખો કોતરેલા છે. બંનેની મિતિ 'સંવત્ ૧૧૪૩ વૈશાખ સુદિ ૩ બૃહસ્પતિ વાર' ની છે. આ મિતિ સિવાયનો પહેલો ભાગ પદ્ય રૂપે છે અને તે બે અનુષ્ટુભ શ્લોકોનો બનેલો છે. કોઈ જેદુક નામના શ્રાવકે વીરનાથ—મહાવીર તિર્થંકરની પ્રતિમા કરાવી અને જેની પ્રતિષ્ઠા આજિતદેવસૂરિના શિષ્ય વિજયસિંહસૂરિએ કરી, આટલી હકીકત આ લેખમાં છે.

બીજા લેખનો ઘણો ખરો ભાગ જતો રહ્યો છે. મિતિ સિવાય, કર્કટવંશ અને શાંતિનાથનું બિંબ આ બે વાક્યો જ અવશિષ્ટ છે.

આ (પહેલા) લેખમાં જણાવેલા આચાર્ય અજિતદેવ અને તેમના શિષ્ય વિજયસિંહ તે ઉપર ૨૮૯ નંબરવાળા લેખ અને અવલોકનમાં જણાવેલા અજિતદેવ–વિજયસિંહ (ગુરૂ–શિષ્ય) બંને એકજ છે કે ભિન્ન છે તે એક શંકાગ્રસ્ત પ્રશ્ન થઇ પડયું છે. કારણ કે ઉક્ત ઉપરના લેખની મિતિ જ્યારે સં. ૧૨૦૬ છે ત્યારે આની ૧૧૪૩ છે. આ પ્રમાણે તો બંને લેખોની વચ્ચે ૬૩ વર્ષ જેટલો લાંબો સમય છે કે જે એક વ્યક્તિને તેટલા સમય સુધી આચાર્યપદ ઉપર અધિષ્ઠિત રહેવા માટે અસંભવ જેવું જણાય. નામ સામ્ય ઉપરથી તો બંને લેખોવાળા એકજ હોય એમ વિશેપ સંભવિત જણાય છે. તેથી મારા વિચાર પ્રમાણે આ પ્રસ્તુત લેખવાળી સાલ જે ૧૧૪૩ ની છે તે વાંચવામાં અથવા તો પછી કોતરવામાં ભૂલ થઇ છે અને સં. ૧૧૮૩ કે તેનીજ આસપાસના બીજા કોઈ ૧૦ વર્ષ પહેલાં–પછીની આ સાલ હોવી જોઇએ. જૂની જૈન લિપિમાં ૮ અને ૪ ને સરખા વાંચવાં કે કોતરવાની ભ્રાંતિ થવી ઘણી સહજ છે. કારણ કે બંનેના આકારમાં લખનારાઓની અમુક વળણના લીધે કેટલીક વખતે ઘણીજ સમતા આવી જાય છે.

અથવા તો સાલ ખરી હોય અને ભ્રાંતિ ત્યાં થઇ હોય કે જ્યાં આગળ 'श्रीमन्तोऽजित' આ વાક્ય આવેલું છે. કારણ કે લેખમાં સુચવ્યા પ્રમાણે તેટલા અક્ષરો ઘસાઈ ગયા છે તેથી સ્પષ્ટ વાંચી શકાતા નથી. આ કારણને લઇને અજિતદેવના ઠેકાણે અભયદેવ કે એવુંજ બીજું કોઇ નામ પણ હોઈ શકે.

આ લેખો પણ શ્રી ભાંડારકરની નોટ ઉપરથીજ ઉતારવામાં આવ્યા છે.

કેકિંદનો શિલાલેખ.

(૩૭૭)

મારવાડરાજ્યના મેડતા નામના પ્રસિદ્ધ શહેરથી નૈઋત્યકોણમાં ૧૪ માઇલને છેટે કેકિંદ નામનું ગામ આવેલું છે. એ ગામમાં પાર્શ્વનાથનું મંદિર છે તેની અંદરના સભામંડપમાં એક સ્તંભ ઉપર આ નંબરવાળો લેખ કોતરેલો છે. મૂળ આ મંદિર ૧૩ મી શતાબ્દીના પૂર્વે બંધાવેલું હોય એમ આ લેખ પછીના નંબરવાળા લેખ ઉપરથી જણાય છે. પ્રસ્તુત લેખમાં વર્ણવ્યા પ્રમાણે નાપાએ તો ફક્ત આ મંદિરનો મૂળ મંડપ અને બંને બાજુની બે ચોકીઓજ નવીન બંધાવી છે. જૂના લેખમાં આ સ્થાનનું સંસ્કૃત નામ ' કિષ્કિંધા ' આપ્યું છે. શ્રીયુત ભાંડારકરે મોકલી આપેલી પ્રતિકૃતિ (રબીંગ) ઉપરથી આ લેખ મુદ્રિત કરવામાં આવ્યો છે.

આ લેખ ૪૨ પંક્તિઓમાં લખાએલો હોઇ ૧' ૧" પહોળો અને ૧' ૫" લાંબો છે. પ્રારંભના બે વાક્યો સિવાય સમગ્ર લેખ પદ્યમાં છે. ભાષા સંસ્કૃત અને લિપિ દેવનાગરી ઘણીજ સુંદર મરોડવાળી છે. લેખની હકીકત આ પ્રમાણે છેઃ—

પ્રારંભના ૮ પદ્યોમાં યુગાદિદેવ આદિનાથની સ્તવના કરેલી છે. ૯ માં કાવ્યથી તે ૨૨ માં કાવ્યસુધી રાજ્યકર્તા રાઠોડવંશીય નૃપતિયોનું વર્ણન આપ્યું છે, જેમાં સૌથી પ્રથમ રાજાધિરાજા મલ્લદેવનું નામ આપ્યું છે (પદ્ય ૯). આ મલ્લદેવ તે જેને સાધારણ રીતે લોકો માલદેવ કહે છે, તે છે. પછી મલ્લદેવની ગાદિએ આવનાર ઉદયસિંહનું વર્ણન આપવામાં આવ્યું છે. જણાવ્યું છે કે અકબર બાદશાહના વખતમાં, આ ઉદયસિંહ સઘળા રાજાઓમાં વૃદ્ધ હોવાથી બાદશાહે તેને વૃદ્ધરાજ (મોટા રાજાનું) નું બિરૂદ આપ્યું હતું (પદ્ય ૧૨). આના પછી તેના ઉત્તરાધિકારી સૂરસિંહરાજાનું વર્ણન આપ્યું છે. લખવામાં આવ્યું છે કે વર્તમાન સમયમાં, બધા હિંદુરાજાઓમાં

ન્યાયપૂર્વક રાજ્યનું પાલન કરવાથી આ રાજા રામચંદ્ર જેવો છે (પદ્ય ૧૯). જિનદેવની અર્ચા-પૂજા માટે આ રાજા હુકુમ અને ભૂતાદિનું દાન કરે છે, પોતાના દેશમાં અમારીની ઉદ્‌ઘોષણા (જીવ દયા માટે ઢંઢેરો) કરાવે છે અને આચામ્લાદિ (જૈનધર્મમાં પ્રસિદ્ધ) તપો કરાવે છે (પદ્ય ૨૦). આના રાજ્યમાં ક્યાંએ ચોરી, જુગાર, શિકાર, મદ્યપાન અને નિઃસંતતિવાળાનું ધનાપહરણ આદિ થતું નથી (પદ્ય ૨૧). આનો પુત્ર ગજસિંહ નામા કુમાર યુવરાજ પદને ધારણ કરે છે.(પદ્ય ૨૨). પછીના ત્રણ પદ્યોમાં જણાવવામાં આવ્યું છે કે ઓસવાલવંશના ઉચિતવાલગોત્ર (હાલમાં જેને ઓસ્તવાલ કહે છે) માં જગા નામનો ધનાઢ્ય અને ધર્મિષ્ટ પુરૂષ થયો જેણે ૩૨ વર્ષ જેટલી મધ્યમ વયમાં જ યોધપુર (જોધપુર) નગરમાં આચાર્યના હાથે ચતુર્થ (બ્રહ્મચર્ય) વ્રત લીધું હતું (પ. ૨૩-૫). તેને નાથા નામે પુત્ર થયો જે પુણ્યાત્મા અને દાતા હતો. 'નાથ[1]' ની સભામાં તેણે માન પ્રાપ્ત કર્યું હતું. તે નાથાને ગુર્જરદે નામની સુશીલ, રૂપવતી, ઘરકાર્યમાં પ્રવીણ અને દેવ ગુરૂમાં ભક્તિ રાખનારી સ્ત્રી હતી, અને જેણે નાપા નામના પુત્રરત્નને જન્મ આપ્યું હતું. (પદ્ય ૨૭-૨૮) નાપાએ એવાં અનેક સુકૃત્યો કર્યાં હતાં કે જેથી તેની સર્વત્ર પ્રસિદ્ધ થઈ હતી. (પ. ૨૯) એ નાપાને નવલાદે નામની પત્ની હતી અને તેને પાંચ પુત્રો હતા. પુત્રોનાં તથા તેમની પત્નીયો અને તેમના પુત્રોનાં નામોનું કોષ્ટક આ પ્રમાણે છે. (પદ્ય ૩૧-૪).

---

૧ 'નાથ' એ એક પ્રકારના ધર્મગુરૂઓ છે. જોધપુરના તેઓ રાજગુરૂ ગણાય છે અને તેમની ગાદિને રાજ્ય તરફથી એક મ્હોટી જાગીર બક્ષીસ કરેલી છે. તેમનો ઠાઠ એક મ્હોટા જાગીરદારને છાજે તેવો હોય છે.

નાપા—(સ્ત્રી નવલાદે).

- આસા (સ્ત્રી–સરૂપદેવી)
  - વીરમદાસ
  - જીવરાજ
- અમૃત (મૈલિકદે)
  - મનોહર
  - વર્દ્ધમાન
- સુધર્મસિંહ (સ્ત્રી–ધારલદે)
- ઉદય (સ્ત્રી–ઉછરંગદે)
- સાહૂલ

આ પછી કહેવામાં આવ્યું છે કે—આ બધા પરિવાર સાથે નાપાએ સં. ૧૬૫૯ માં શત્રુંજય અને ગિરનારની અને તથા પુનઃ સંવત્ ૧૬૬૪ માં આર્બુદગિરિ (આબુ), રાણપુર, નારદપુરી, (નાડોલ), અને શિવપુરી (શિરોહી)ના પ્રદેશની યાત્રા કરી. (પદ્ય ૩૫–૬). સં. ૧૬૬૬ ના ફાલ્ગુન શુકલપક્ષની તૃતીયાના દિવસે નાપા અને તેની પત્ની બંને જણાએ ચતુર્થવ્રતનો સ્વીકાર કર્યો. તે વખતે ઘણુંક રૂપાનાણું દાનમાં આપ્યું (પદ્ય. ૩૭). પોતાના ન્યાયોપાર્જિત દ્રવ્યનો સદ્વ્યય કરી શુભ ફલ પ્રાપ્ત કરવાની અભિલાષાવાળા એ નાપાએ સંવત્ ૧૬૬૫ મા મૂલ મંડપ બનાવ્યો અને એની બંને બાજુએ બે ચતુષ્કિકા (ચોકિ)ઓ બનાવી. આ બાંધકામ કરનાર મુખ્ય સૂત્રધાર (સલાટ) તોડર નામે હતો (પદ્ય. ૩૯–૪૦). આ પછીના પદ્યોમાં પ્રતિષ્ઠા કરનારનું વર્ણન આપવામાં આવ્યું છે, તેમાં જણાવ્યું છે કે, તપાગચ્છના આચાર્ય વિજયસેનસૂરિના પટ્ટધર અને ઉચિતવાલ ગોત્રના ભૂષણરૂપ આચાર્ય વિજયદેવસૂરિની આજ્ઞાથી વાચક લબ્ધિસાગર નામના વિદ્વાને આ જિનાલયને પ્રતિષ્ઠિત કર્યું (પદ્ય ૪૧–૪૪). પંડિત શ્રીત્રિજયકુશલવિબુધના શિષ્ય નામે ઉદયરૂચિએ આ પ્રશસ્તિની રચના કરી, સહજસાગર વિદ્વાનના શિષ્ય જયસાગરે શિલા ઉપર લખી અને તોડર સૂત્રધારે તેને કોતરી આપી; એમ અંતે જણાવી પ્રશસ્તિ પૂર્ણ થાય છે.

ઉપર જાલોરના લેખોમાં (નં ૩૫૪)ના પ્રતિષ્ઠા કરનાર જયસાગર અને આ પ્રશસ્તિ લખનાર (બનાવનાર નહિ) જયસાગર બંને એકજ છે, એમ સહજ જણાય છે. ત્યાંનાજ એક લેખ (નં ૩૫૬) માં સૂત્રધાર તોડરાનું પણ નામ આવે છે, જે આ પ્રસ્તુત લેખમાં જણાવેલો તોડરજ હોવા સંભવ છે. ઉપરના એ લેખમાં લખ્યા પ્રમાણે તોડરા અને તેના બીજા સાથિઓએ એક મૂર્તિ કરાવી હતી (કે જેના ઉપર ઉક્ત લેખ કોતરેલો છે) જેની પ્રતિષ્ઠા સં. ૧૬૮૩ માં સ્વયંવિજયદેવસૂરિએ કરી હતી. આ ઉપરથી એમ જણાય છે કે આ સૂત્રધારો પણ જૈનધર્મ પાળતા હોવા જોઇએ.

પ્રતિષ્ઠા કરનાર વાચક લબ્ધિસાગર તે સુપ્રસિદ્ધ ઉપાધ્યાય ધર્મસાગરજીના શિષ્ય અને સાગરગચ્છના સ્થાપક આચાર્ય રાજસાગર* (કે જેમનું સાધુ અવસ્થાનું નામ મુક્તિસાગર હતું)ના ગુરૂ હતા.

(૩૭૮)

આ લેખ, ઉપરના લેખવાળા મંદિરમાંજ મૂલ ગર્ભાગારમાં આવેલી ચરણચોકી અથવા વેદિકા ઉપર કોતરેલો છે. લેખ અપૂર્ણ અને ખંડિત છે. કોઇ ધાંધલ નામના શ્રાવકે સંવત્ ૧૨૩૦ ના આષાઢ શુદિ ૯ ના દિવસે આનંદસૂરિના ઉપદેશથી કાંઈક કરાવ્યું (ઘણું કરીને પરિકરનો ઉલ્લેખ છે) તેની નોંધ આ લેખમાં લેવામાં આવેલી છે. આ ઉપરથી જણાય છે કે, આ મંદિર ૧૨૩૦ કરતાં પણ જૂનું હોવું જોઇએ. લેખમાં સ્થાનનું નામ 'કિષ્કિંધ' આપ્યું છે જે હાલમાંના 'કેકિંદ'નુંજ સંસ્કૃત રૂપાંતર છે. સાથે આ મંદિરને 'વિધિચૈત્ય' જણાવ્યું છે તેથી જણાય છે કે, ચૈત્યવાસિયોની વિરૂદ્ધ પક્ષવાળાઓ તરફથી તે બંધાવવામાં આવેલું હશે. 'વિધિચૈત્ય'ના ખુલાસા માટે ઉપર નંબર ૩૫૨ વાળા લેખાવલોકનમાં આપેલું વિવેચન જોવું.

---

* રાજસાગરસૂરિના સંબંધમાં વિશેષ જાણવા માટે, જુઓ. મ્હારૂં 'जैन ऐतिहासिक गुर्जर काव्यसंचय' નામનું પુસ્તક.

વૈરાટ નગરનો શિલા લેખ.

રાજપૂતાનાના જયપુર રાજ્યમાં એક વૈરાટ યા બૈરાટ નામનું ગામ આવેલું છે. શ્રીયુત ડી. આર. ભાંડારકર પોતાના એક × રીપોર્ટમાં આ સ્થાન સંબંધી સંક્ષિપ્ત ઇતિહાસ આપતાં જણાવે છે કે—

મત્સ્ય દેશના રાજાનું વિરાટ નગર, જેમાં પાંચ પાંડવો ગુપ્ત વેશમાં રહ્યા હતા, તે અને આ બૈરાટ બંને એકજ છે એમ સામાન્યરીતે માનવામાં આવે છે. દક્ષિણ ભારતમાં પણ આ નામના બે સ્થળો આવેલાં છે જેમાં એક તો ધારવાડ પ્રાંતમાંનું હાંગલ નામનું ગામ છે કે જેને કાદંબવંશના લેખોમાં વિરાટ નગર લખેલું છે. બીજું કાઠિયાવાડની નજીકમાં આવેલું અમદાબાદ જીલ્લાનું ધોળકા ગામ છે. આ ધોળકા તથા વિજય નામના ગુહિલોત રાજાએ મૂળ વિરાટ નામના ગામને વિજયપુર નામ આપીને નવું બંધાવેલું તે ગામ, એ બે એકજ છે. અને આ કારણને લઇને કનિંગહામ જે બૈરાટ અને વિજયપુરને એકજ માને છે તે ભૂલ છે. પરંતુ આટલું તો નક્કી જ છે કે મહાભારતનું વિરાટ નગર અને આ પ્રસ્તુત બૈરાટ બંને એકજ છે. કારણ કે 'વિરાટ' નામને એ 'બૈરાટ' શબ્દ સૂચવે છે, નહિં કે હાંગલ અને ધોળકા શબ્દો. બૈરાટની આજુબાજુના પ્રદેશને હજી પણ લોકો મત્સ્યદેશ કહે છે. વિશેષમાં, પાંડવોના રહેવાસથી પવિત્ર થએલી જગ્યાઓ, કે જેમનાં વર્ણનો મહાભારતના વિરાટ પર્વમાં આપેલાં છે, તેમને હજી પણ અહિંના લોકો બતાવ્યાં કરે છે. ઉદાહરણ તરીકેઃ—જેમાં ભીમ રહેતો હતો તે 'ભીમકી ડુંગરી,' કીચકના મહેલની ટેકરી, અર્જુને બાણ મારીને પાતાળમાંથી કાઢેલી બાણગંગા, કૌરવોનાં પગલાં તથા તેમણે ચોરેલા ઢોરોનાં પગલાં ઇત્યાદિ. આ રીતે જોતાં બૈરાટજ વિરાટનગરની સાથે સંબંધ ધરાવે છે. તેમજ બૈરાટમાંથી ઘણી પુરાણી વસ્તુઓ પણ નિકળતી જોવામાં આવે છે.

× આર્કિઓલૉજીકલ સર્વે, વેસ્ટર્ન સર્કલ; પ્રોગ્રેસ રીપોર્ટ, ૧૯૧૦.

તથા, બૈરાટ અને યવન ચંગ (Yuan Chwang) નું પો-લી-એ-તા-લો-(Po-li-ye-to-lo.) કે જેના રાજા એ ચીના મુસાફરના કથન મુજબ ફ્રીશે (Pei-she) અગર બૈસ (Bais) રાજપુત જાતિના હતા, તે, બંને એકજ છે એમ પણ કેટ-લાકેનું માનવું છે. મહમદ ગઝનીનો સમકાલીન અલબિરૂની (ઇ. સ. ૯૩૦-૧૦૩૧) નરાના (Narana) અથવા બઝનહ (Bazanah) ને ગુજરાતની રાજધાની લખે છે. તેણે વિસ્તારથી આપેલા વર્ણન ઉપરથી એમ જણાય છે કે બૈરાટ રાજધાની નારાયણપુરની સાથે એકતા ધરાવે છે. આ ઉપરથી એમ પણ સિદ્ધ થાય છે કે બૈરાટની આસપાસનો પ્રદેશ કોઇ વખતે ગુજરાતમાં ગણાતો હશે અને એ વાત અસંભવિત પણ નથી. કારણ કે એક વખતે આ પ્રદેશ ગુર્જર-પ્રતી-હારોના, તથા પાછળથી બડગુજરો, કે જેમની સંખ્યા હાલમાં પણ ત્યાં ઘણી જોવામાં આવે છે તેમના, તાબામાં હતો.

પુરાણ વસ્તુ શોધકને જોવા લાયક એવી ત્રણ વસ્તુઓ અહિં જણાય છેઃ—(૧) પાર્શ્વનાથનું મંદિર, (૨) બીજક પહાડ, અને (૩) ભીમકી ડુંગરી. પાર્શ્વનાથનું મંદિર હાલમાં દિગંબર જૈનો, કે જેમને ઉત્તર રાજપુતાનામાં ‘ સરાવગી ’ કહેવામાં આવે છે, તેમની સ્વાધીનતામાં છે. પરંતુ એ નિર્વિવાદ રીતે કહી શકાય છે કે મૂળ એ મંદિર શ્વેતાંબરોની માલિકીનું હતું. દેવાલયની નજીક કંપાઉંડની ભીંતમાં એક લેખવાળી શિલા જડેલી છે તેના અવલોકનથી આ કથન સત્ય ઠરે છે. એ લેખની મિતિ શક સંવત ૧૫૦૯=ઇ. સ. ૧૫૮૭ ની છે. તે વખતે અકબર બાદશાહ રાજ્ય કરતો હતો અને હીરવિ-જયસૂરિ આચાર્ય હતા. અકબરે બૈરાટમાં ઇંદ્રરાજ નામનો એક અધિકારી નીમ્યો હતો જેના તાબામાં બૈરાટનો દ્રંગ * એટલે જંગલો

* ‘ દ્રંગ ’ નો અર્થ અહિં લેખકે ‘ જંગલ ’ (Forest) કર્યો છે તે વિચિત્ર લાગે છે. ‘ દ્રંગ ’ નો પ્રસિદ્ધ અર્થ તો ‘ પુર=નગર ’ થાય છે અને તેજ અહિં બંધ બેસતો લાગે છે.—સંગ્રાહક.

હતા. તે જાતે શ્રીમાલી વાણિઓ હતો, અને રાકમણ તેનું ગોત્ર હતું. લેખમાં પહેલાં એમ પણ લખવામાં આવ્યું છે કે અકબરના વજીર ટોડરમલે પહેલાં તેના તાબામાં ગામો સોંપ્યાં હતાં.

તે ઇંદ્રરાજે આ દેવાલય બંધાવ્યું અને તેનું નામ ' મહોદય પ્રસાદ ' અથવા ' ઇંદ્રવિહાર ' એવું રાખ્યું. (પોતાના નામ ઉપરથી આ બીજું નામ પાડયું હોય તેમ લાગે છે).... (ઇત્યાદિ).

ઉપર આપેલાં શ્રીયુત ભાંડારકરના વર્ણનથી આ લેખનું સ્થળ વિગેરે સ્પષ્ટ જણાઈ આવે છે. હવે લેખોકત હકીકતનું કાંઇક વિશેષ સ્પષ્ટીકરણ જોઈએ:—

આ લેખ ૧' ૭½" લાંબી અને ૧' ૪½" પહોળી શિલા ઉપર ૪૦ પંક્તિઓમાં કોતરાએલો છે. ભાષા સંસ્કૃત ગદ્ય છે. જમણી બાજુ તરફ પત્થરનો ઉપરનો ભાગ તુટી જવાથી તેમજ ડાવી બાજુએ નીચેનો ભાગ પણ ખરી જવાથી ઘણીક લાઇનો અપૂર્ણજ હાથ લાગી છે. તોપણ જેટલો ભાગ અક્ષત છે તેના ઉપરથી લેખનો સાર ભાગ સારી પેઠે સમજી શકાય છે.

પ્રથમ પંક્તિમાંના જતા રહેલા ભાગમાં મિતિના માટે વિક્રમ સંવત આપેલો હતો જે બીજી પંક્તિમાં શરૂઆતમાં આપેલા ૧૫૦૯ ના શક સંવત ઉપરથી, ૧૬૪૪ હોય તેમ નિશ્ચિત જણાય છે. (શક સંવત્માં ૧૩૫ ઉમેરવાથી વિક્રમ સંવત્ આવે છે તે હિસાબે; ૧૫૦૯+૧૩૫=૧૬૪૪; ઇ. સ. ૧૫૮૭)

ત્રીજી પંક્તિથી ૧૦ મી પંક્તિ સુધી, અકબર બાદશાહ, કે જેના રાજ્યમાં આ લેખ અને એમાં વર્ણવેલું મંદિર તૈયાર થયું હતું તેની પ્રશંસા આપેલી છે. એ પ્રશંસામાં, હીરવિજયસૂરિની મુલાખાત લઇ તેમના મનને સંતુષ્ટ કરવા માટે જીવરક્ષા સંબંધી જે ફરમાનો તેણે બહાર પડયા હતા તેમનો પણ ખાસ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. નવમી પંક્તિમાં વિદ્યમાન રહેલા પાઠ ઉપરથી જણાય છે કે

અકબર બાદશાહે વર્ષ ભરમાં બધા મળી ૧૦૬ (षडधिकशतदिन) દિવસ જીવહિંસા નહિં કરવા માટે ફરમાન કર્યું હતું. એ ૧૦૬ દિવસમાંથી ૪૦ દિવસ તો બાદશાહના જન્મમાસ સંબંધી હતા અને ૪૮ સાલ ભરના બધા રવિવારના દિવસો હતા. બાકી રહેલા દિવસોમાં જૈન ધર્મના પર્યુષણ પર્વના દિવસો (કે જે બીજા અનેક લેખો પ્રમાણે ૧૨ ની સંખ્યાવાળા હતા) વિગેરે હતા. તેના પછી ' વઇરાટ નગર ' નો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. બારમી પંક્તિના પ્રારંભમાં લખ્યા પ્રમાણે એ વઇરાટ નગરમાં તાંબા અને ગેરૂ આદિની અનેક ખાણો હતી. આ કથનને અબુલ-ફજલની આઇન-એ-અકબરીનો પણ ટેકો મળે છે. તેમાં પણ બૈરાટમાં તાંબાની અનેક ખાણો હોવાનું લખેલું છે. શ્રીયુત ભાંડારકરના લખવા પ્રમાણે ' આ ગામ તથા એની આસપાસની જગ્યાઓ હુજી સુધી ધાતુના કચરાથી ઢંકાએલી છે. '

આ કથન પછી મંદિર નિર્માતાની વંશાવળી આપી છે જે ખંડિત થઇ જવાના લીધે પૂરી જાણી શકાતા નથી. પરંતુ એટલું સ્પષ્ટ જણાય છે કે તેની જ્ઞાતિ શ્રીમાલી અને ગોત્ર રાંકયાણ હતું. તેમજ તેના પૂર્વજોમાં પ્રથમ પ્રસિદ્ધ પુરૂષ સં. નાલ્હા નામે થયો. ન્હાલા પછીના એક બે નામો જતાં રહ્યાં છે જે ઘણું કરીને તેની સ્ત્રી અને પુત્રનાં હશે. ચૌદમી પંક્તિની આદિમાં એક દેલ્હી નામેની સ્ત્રીનું નામ વંચાય છે. પછીની વંશાવલી આ પ્રમાણે છેઃ—તેનો પુત્ર સં. ઇસર-સ્ત્રી ઝબકુ; તેમનો પુત્ર સં. રતનપાલ-સ્ત્રી મેદાઇ; તેમનો પુત્ર સં. દેવદત્ત-સ્ત્રી ધમ્મૂ, તેમનો સં. ભારમલ થયો. આ ભારમલને બાદશાહે કાંઇક આપ્યું જેનો ઉલ્લેખ ૧૩ મી પંક્તિના નષ્ટભાગમાં કરેલો હતો. ૧૪ મી પંક્તિના પ્રારંભ પ્રમાણે જણાય છે કે ટોડરમલે તેને સારા માનપૂર્વક ઘણા ગામોનો કારભાર કરનાર એક મોટો અધિકારી બનાવ્યો હતો. તે પછી, એ સં. ભારમલનો પુત્ર ઇન્દ્રરાજ અને તેના કુટુંબનાં નામો આપ્યાં છે, જે આ પ્રમાણે છેઃ—

સં. ભારમલ–સ્ત્રી....

- ઇંદ્રિરાજ. (સ્ત્રીયો બે–જયવંતી, દમા.)
  - સં. ચતુર્ભુજ.
  - સં. ધુહડમલ્લ
- સં. અજયરાજ (સ્ત્રી....રીનાં ૨ નગીનાં),
  - સં. વિમલદાસ
- સં. સ્વામીદાસ. સ્ત્રી....કાં.
  - સં. જગજીવન, સ્ત્રી મોતાં.
    - સં. કચરા,

આના પછી (પં. ૧૮ થી) જણાવવામાં આવે છે કે–વઇરાટ નગરનો અધિકાર ભોગવતા ઇન્દ્રરાજે પોતાના ઉક્ત કુટુંબ સાથે કલ્યાણાર્થે ઘણું ધન ખર્ચીને ઇન્દ્રવિહાર ઉર્ફે મહોદયપ્રાસાદ નામનું મંદિર બનાવ્યું, જેમાં મૂલનાયક તરીકે વિમલનાથ તીર્થંકરની પ્રતિમા સ્થાપિત કરી. એ મંદિરમાં બીજી પણ અનેક પ્રતિમાઓ સ્થાપન કરવામાં આવી. જેમાંની આ મુખ્ય હતીઃ—પોતાના પિતાના નામથી પાષાણમય પાર્શ્વનાથની મૂર્તિ, ખાસ પોતાના નામથી પિત્તલમય ચંદ્રપ્રભની મૂર્તિ અને ભાઇ અજયરાજના નામથી ઋષભદેવની મૂર્તિ.

આ પછી લેખમાં, પ્રતિષ્ઠા કરનાર આચાર્ય 'હીરવિજસૂરિનું' વર્ણન આપ્યું છે, જેમાં એ આચાર્યે પોતાના જીવનમાં જે જે વિશેષ યા મહાન્ કાર્યો કર્યાં તેમનો સંક્ષિપ્ત રીતે ઉલ્લેખ કરેલો છે. એ ઉલ્લેખમાં અકબર બાદશાહ સાથેની મુલાકાતનું પણ સૂચન છે જ. ૩૧ થી તે ૩૮ સુધીની પંક્તિઓમાં, એ મહાન્ આચાર્યના શિષ્ય મહોપાધ્યાય કલ્યાણવિજયની પ્રસંશા છે કે જેમના હાથે આ પ્રતિષ્ઠા કાર્ય કરાવવામાં આવ્યું. છેવટે આ પ્રશસ્તિ બનાવનાર પં. લાભવિજય ગણિ, લખનાર પં. સોમકુશલ ગણિ અને ભઇરવ પુત્ર મસરફ ભગત્ મહવાલ (જે ઘણું કરીને કોતરનાર હશે) નું નામ આપી લેખ પૂર્ણ કરવામાં આવ્યો છે.

હીરવિજયસૂરિના જીવનવૃત્તાંત સંબંધી લખાએલા પ્રાયઃ દરેક ગ્રંથમાં વઇરાટના આ ઇન્દ્રરાજનું નામ તથા તેણે કરેલા પ્રતિષ્ઠા મહોત્સવનો ઉલ્લેખ કરેલો છે. તેમાંથી પ્રસ્તુતમાં ઉપયુકત જણાતી હકીકત અહીં આપેલી ઉપયોગી થઇ પડશે.

પંડિત દેવવિમલગણિ રચિત हीरसौभाग्य महाकाव्यના અવલોકનથી જણાય છે કે—ઉકત આચાર્યવર્ય અકબર બાદશાહની મુલાકાત લઇ આગરાથી પાછા ગુજરાત તરફ આવતાં રસ્તામાં નાગોર (જોધપુર રાજ્યમાં) ચાતુર્માસ (સંવત્ ૧૬૪૩) રહ્યા. ચોમાસું ઉતર્યા બાદ ત્યાંથી વિહાર કરીને પિંપાઢ નામના ગામમાં આવ્યા. ત્યાં વઇરાટથી ઇન્દ્રરાજના પ્રધાન–પુરૂષો આવ્યા અને આચાર્યજીને વઇરાટ આવીને ઇન્દ્રરાજે નવીન બંધાવેલા જિનમંદિરની પ્રતિષ્ઠા કરવા વિજ્ઞપ્તિ કરી.[1] સૂરિએ પોતે તો વઇરાટ આવવા ના કહી પરંતુ પોતાના પ્રભાવિક શિષ્ય નામે મહોપાધ્યાય કલ્યાણવિજયજીને ત્યાં જવાની આજ્ઞા કરી. તે મુજબ ઉપાધ્યાય પોતાના શિષ્ય પરિવાર સાથે પિંપાઢથી વિહાર કરી વઇરાટ ગયા અને ત્યાં ઇન્દ્રરાજના આ મંદિરની પ્રતિષ્ઠા કરી. આ પ્રતિષ્ઠા મહોત્સવ ઇન્દ્રરાજે ઘણા ઠાઠપૂવક કર્યો. હાથી, ઘોડા, કપડાં, ઘરેણાં, ભોજન અને ચાંદી સોનાના શિક્કાઓનાં દાન કરી અર્થીજનોનું દારિદ્રય દૂર કર્યું. એકંદર આ કાર્યમાં ઇન્દ્રરાજે ૪૦ હજાર રૂપિઆનો ખર્ચ કર્યો.[2]

---

१ ग्रामाश्वद्विपताम्रखान्यधिपतिः सामन्तबद्योऽजनि
श्रीमालान्वयभारमल्लतनयः श्रीइन्द्रराजस्तदा ।
आह्वातुं सुगुरून्स्वकीयसचिवास्तेनाथ संप्रेपिताः
प्रासादे निजकारिते भगवतां मूर्तिप्रतिष्ठाकृते ॥ २१४–६१ ।

२–रत्नस्वर्णसुवर्णकोपलमयार्चाप्रतिष्ठाक्षणे
हस्त्यश्वांशुकभूषणाशनमुखानेकप्रकारैस्तदा ।
भोजेनेव पुनर्गृहीतवपुषा विश्वार्थिदौस्थ्यच्छिदे
चत्वारिंशदनेन रूपकसहस्राणि व्ययीचक्रिरे ॥

हीरसौभाग्य; १४–२६३ ।

હીરવિજયસૂરિના પટ્ટધર આચાર્ય વિજયસેનનો પરમભક્ત ખંભાત નિવાસી કવિ ઋષભદાસ પણ 'હીરસૂરિરાસ'માં આ પ્રસંગ માટે ઉપર પ્રમાણેજ વર્ણન આપે છે.[1]

મહોપાધ્યાય કલ્યાણવિજયના શિષ્ય જયવિજયે સંવત્ ૧૬૫૫ માં 'કલ્યાણવિજયરાસ' રચ્યો છે (આ વખતે કલ્યાણવિજય વિદ્યમાનજ હતા એ ધ્યાનમાં રાખવા લાયક છે), તેમાં પણ આ પ્રતિષ્ઠાકાર્યની વિસ્તારથી નોંધ લેવામાં આવી છે.[2]

આ પ્રશસ્તિની રચના કરનાર પં. લાભવિજય ગણિ તે કલ્યાણવિજય ઉપાધ્યાયના એક પ્રમુખ વિદ્વાન્ શિષ્ય હતા, અને સુપ્રસિદ્ધ જૈન તાર્કિક અને મહાન્ લેખક યશોવિજય ઉપાધ્યાયના ગુરૂ પં. ન્યાયવિજયના ગુરૂ હતા.

રાજગૃહનો શિલાલેખ.

(૩૮૦)

પૂર્વદેશમાં આવેલા સુપ્રસિદ્ધ પ્રાચીન સ્થાન રાજગૃહથી ઉત્તર દિશામાં ૧૨ માઇલ છેટેના બિહાર નામના કસ્બામાંથી આ લેખ મળી આવ્યો છે. મૂળ આ લેખ બે શિલાઓ ઉપર કોતરેલો છે જેમાંની બીજી તો ત્યાંના મથિયાન લોકોના જૈન મંદિરની ભીંતમાં જડેલી છે અને પહેલી બાબુ ધન્નુલાલજી સુચંતિના ઘરે હાલમાં રહેલી છે. કલકત્તાવાળા જૈન વિદ્વાન્ બાબુ પૂરણચંદ નાહાર M. A. B. L. આ લેખ પ્રકાશમાં આણ્યો છે. અને "જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ હેરલ્ડ'ના તંત્રી શ્રીયુત મોહનલાલ દલીચંદ B. A. LL. B. દ્વારા મળેલી લેખની છાપ (રબીંગ) ઉપરથી અત્ર છપાવવામાં

---

૧. દે. લા. જૈન પુસ્તકોદ્ધાર ફંડ, તરફથી પ્રકાશિત 'હીરવિજયસૂરિરાસ' પૃષ્ઠ ૧૫૨.

૨. અધ્યાત્મ જ્ઞાનપ્રસારક મંડલ દ્વારા મુદ્રિત 'જૈન રાસમાલા ભાગ ૧ 'કલ્યાણવિજયરાસ' પૃ. ૨૩૪–૫.

આવ્યો છે.[૨] આ લેખના બાહ્યવર્ણન માટે ઉક્ત એલા પ્રાયઃ દરેક જણાવે છે:—

કરેલા પ્રતિષ્ઠા

" આ લેખની બંને શિલાઓ શ્યામ રંગની છે એત જણાતી સમાન માપની છે. બંનેની પહોળાઈ ૧૦ ઇંચ અને લંબાઈ ૨ ફીટ ૧૦ ઇંચ અને બીજીની ૨ ફીટ ૮ ઇંચ જેટલી છે. ઊંડનથી લગભગ અર્ધા ઇંચ જેટલા મ્હોટા છે. પહેલી શિલામાં ૧૬ લાઈનો છે તથા ઉપર ડાબી બાજુએ ૨૦ પાંખડિઓનું કમળ કોતરેલું છે. બીજી શિલામાં ૧૭ પંક્તિઓ કોતરેલી છે. આનો ઉપર નીચેનો કેટલોક ભાગ ખંડિત થઇ ગયો છે. "

અસલમાં આ લેખ રાજગૃહના પાર્શ્વનાથના મંદિરનો છે પરંતુ પાછળથી એ મંદિરમાંથી કાઢી લઈ ઉપર જણાવ્યા પ્રમાણે બિહારમાં લાવવામાં આવ્યો છે. આ લેખ ત્યાંથી કોણ (ક્યારે અને કયા કારણે) લાવ્યો તે જાણી શકાયું નથી.

ઉપર લખ્યા પ્રમાણે આખા લેખની એકંદર ૩૩ પંક્તિઓ છે. જેમાં ચોથી પંક્તિનો ઉત્તરાર્ધ, પાંચમી પંક્તિ પૂરી અને ૬ ઠી પંક્તિનો પૂર્વાર્દ્ધ; તથા છેવટની ૩ા પંક્તિઓ એટલો ભાગ ગદ્યરૂપે લખાએલો છે અને બાકી બધો પદ્યમાં છે. પદ્યની સંખ્યા ૩૮ છે. અને ક્રમથી તત્સૂચક અંકો મૂકેલા છે. નીચે પ્રમાણેની હકીકત એ લેખમાં સમાએલી છે.

પ્રથમના પદ્યમાં, જેમના માટે એ મંદિર બનાવવામાં આવ્યું, તે પાર્શ્વનાથ તીર્થંકરની સ્તુતિ કરેલી છે. આ પછીના ત્રણ શ્લોકોમાં રાજગૃહ નગરનું વર્ણન આપ્યું છે. તેમાં લખવામાં આવ્યું છે કે- આ તેજ રાજગૃહ નગર છે કે જ્યાં પૂર્વે મુનિસુવ્રત (૨૦ મા) તીર્થંકરના જન્મ, દીક્ષા અને કેવલ એવાં ત્રણ કલ્યાણકો થયાં હતાં,

---

૧ ' જૈન શ્વેતાંબર કો. હેરલ્ડ ' નવેંબર ૧૯૧૬ માં તથા બાબુજીએ પ્રકટ કરેલા ' जैनलेखसंग्रह ' માં પણ આ લેખ મૂળમાત્ર પ્રકટ થઈ ચુકયો છે.

૨ હેરલ્ડ પૃષ્ઠ ૩૭૬.

હીરવિજયસૂરિ નામનો ચક્રવર્તી, રામ બલદેવ, લક્ષ્મણ વાસુદેવ, નિવાસી કવિ * પ્રતિવાસુદેવ આદિ મ્હોટા સમ્રાટો થયા હતા. શ્રેણિક ઉપર પ્રમાણે મહાવીરદેવ પાસે જ્યાં જૈનધર્મનું શ્રવણ કર્યું હતું. જૈન-
...થી શોભતા એવા વિપુલ અને વૈભાર નામના બે પર્વતો જેની
મા અને પશ્ચિમમાં શોભી રહ્યા છે. આવા મહત્ત્વવાળા આ તીર્થની
'કૃત્ય
પ્રશંસા કોણ નહિ કરે ?

પછીના ગદ્યભાગમાં, તે વખતના રાજ્યકર્તા અને રાજગૃહના અધિકારીનાં નામ આપ્યાં છે. તેમાં, સાહિપેરોજ તો સુરત્રાણ (બાદશાહ) અને તેનો નીમેલો મલિકવયો * નામનો મગધનો મંડલેશ્વર (સૂબો), તથા ણાસદુરદીન નામનો ત્યાંનો કોઇ સ્થાનિક અધિકારી હતો. * જાણવા જેવી બાબત એ છે કે આ છેલ્લા મનુષ્યે પ્રસ્તુત કાર્યમાં (મંદિર બંધાવવામાં) ખાસ સાહાય્ય આપ્યું હતું.

આ કથન પછી આપેલા પાંચમા શ્લોકથી ૧૩ મા સુધીમાં મંદિર નિર્માતાના વંશ અને કુટુંબનું વર્ણન આપ્યું છે. મંત્રી દલીયના વંશમાં સહજપાલ નામે એક પ્રખ્યાત પુરૂષ થયો. તેનો પુત્ર તિહુણપાલ, અને તિહુણપાલનો રાહા નામે પુત્ર થયો. આ રાહાનો પુત્ર ઠક્કુર મંડન થયો. તેને થિરદેવી નામે સુશીલ ગૃહિણી હતી. આ મંડનને નીચે પ્રમાણે પાંચ પુત્રો અને પૌત્રો વિગેરે થયાં.

---

* આ સાહિપેરોજ તે તુગ્લખવંશનો દિલ્લીનો ફિરોજશાહ બાદશાહ છે. તે ઈ. સ. ૧૩૫૧ માં ગાદિએ આવ્યો હતો અને એકંદર ૩૭ વર્ષ રાજ્ય કરી ૧૩૮૮ ઈ. સ. માં મૃત્યુ પામ્યો હતો. તવારિખોમાં જણાવ્યા પ્રમાણે તો બંગાલ અને બિહાર ઉપર તેને પૂર્ણ કાબુ થયો હોય તેમ જણાતું નથ (જુઓ ગો. સ. સરદેસાઈ રચિત ' हिंदुस्थानचा अर्वाचीन इतिहास, भाग १ ला ' પૃ. ૧૬૩-૪) પરંતુ આ લેખ—કે જેની મિતિ ઈ. સ. ૧૩૫૫ (વિ. સં. ૧૪૧૨+૫૭)ની છે,—પ્રમાણે તો તેની તે વખતે બિહાર ઉપર સત્તા જામેલ હતી એમ સ્પષ્ટ જણાય છે. મલિકવયો અને ણાસદુરદીન (નસીરૂદ્દીન ?)ના નામો તવારિખોમાં જડી આવતાં નથી.